ચોથી શ્રેણી

પુસ્તકઃ ૩

ગુરુવાર, ૨૮મી ફેબ્રુઆરી, ૨૦૧૩.
ફાલ્ગુન ૯, ૧૯૩૪ શાકે

થી

મંગળવાર તા.૫મી માર્ચ, ૨૦૧૩
ફાલ્ગુન૧૪,૧૯૩૪ શાકે

# ગુજરાત વિધાનસભા

## ચર્ચાઓ

## સત્તાવાર અહેવાલ
## તેરમી ગુજરાત વિધાનસભા
## પ્રથમ અધિવેશન

ગુજરાત વિધાનસભાના અધિકાર હેઠળ પ્રકાશિત
ગુજરાત વિધાનસભા સચિવાલય
ગાંધીનગર

**પુસ્તક.૩)** **ચોથી શ્રેણી**

**વિષય અ નુ ક્ર મ ણિ કા** **પાના નંબર**


**તા. ૨૮મી ફેબ્રુઆરી, ૨૦૧૩ / ફાલ્ગુન ૯, ૧૯૩૪ શાકે**

| | | |
|---|---|---|
| તારાંકિત પ્રશ્નો | ૧ | ૧૫ |
| અતારાંકિત પ્રશ્નો | ૧૬ | ૫૯ |
| પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ) | ૬૦ | ૭૫ |
| બિનસરકારી સંકલ્પો | ૭૬ | ૯૬ |

**તા. ૧લી માર્ચ, ૨૦૧૩ / ફાલ્ગુન ૧૦, ૧૯૩૪ શાકે**

| | | |
|---|---|---|
| તારાંકિત પ્રશ્નો | ૯૭ | ૧૧૧ |
| અતારાંકિત પ્રશ્નો | ૧૧૨ | ૧૬૦ |
| તાકીદની જાહેર અગત્યની બાબત (નિયમ – ૧૧૬) | ૧૬૧ | ૧૬૪ |
| પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન(બીજો અને છેલ્લો દિવસ) | ૧૬૫ | ૧૮૬ |

**તા. ૪થી માર્ચ, ૨૦૧૩ / ફાલ્ગુન ૧૩, ૧૯૩૪ શાકે**

| | | |
|---|---|---|
| તારાંકિત પ્રશ્નો | ૧૮૭ | ૨૦૨ |
| અતારાંકિત પ્રશ્નો | ૨૦૩ | ૨૬૪ |
| અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા (પ્રથમ દિવસ) | ૨૬૫ | ૩૦૨ |

**તા. ૫મી માર્ચ, ૨૦૧૩ / ફાલ્ગુન૧૪,૧૯૩૪ શાકે**

| | | |
|---|---|---|
| તારાંકિત પ્રશ્નો | ૩૦૩ | ૩૧૯ |
| અતારાંકિત પ્રશ્નો | ૩૨૦ | ૩૭૯ |
| ગુજરાત(પૂરક) વિનિયોગ વિધેયક, ૨૦૧૩. | ૩૮૦ | ૩૮૪ |
| અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા (બીજો દિવસ) | ૩૮૫ | ૪૧૫ |

**ગુજરાત વિધાનસભા.**
**ગુરુવાર, તા. ૨૮મી ફેબ્રુઆરી, ૨૦૧૩.**
**ફાલ્ગુન ૯, ૧૯૩૪ શાકે**
**સભાગૃહ બપોરના ૧૨-૦૦ કલાકે મળ્યુ**
**અધ્યક્ષ શ્રી વજુભાઇ વાળા, અધ્યક્ષસ્થાને.**

# તારાંકિત પ્રશ્નો

**સોનગઢ આર.ટી.ઓ. ચેક પોસ્ટની આવક**

* ૧૫૨૬ **શ્રી નરોત્તમભાઇ પટેલ(ઉધના) : માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સને ૨૦૧૨માં સોનગઢ આર.ટી.ઓ. ચેક પોસ્ટની તા. ૩૧-૧૨-૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલી આવક થઈ, | (૧) રૂા. ૪૯.૭૮ કરોડની આવક થઈ. |
| (૨) ૨૦૧૧ની આવકના પ્રમાણમાં કેટલો વધારો/ઘટાડો થયો, અને | (૨) આવકમાં રૂા. ૦૧.૬૬ કરોડનો ઘટાડો થયો. |
| (૩) જો, આવકમાં ઘટાડો થયો હોય તો તેના કારણો શા છે? | (૩) ઓવરલોડ વહન કરતા વાહનો સામે કડક પગલાં લેવાના પરીણામે ઓવરલોડ વાહનોનું પ્રમાણ ઘટવાથી માંડવાળ ફીમાં ઘટાડો થવાથી. |

શ્રી નરોત્તમભાઇ ત્રિ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, એક તો જે સોનગઢ આર.ટી.ઓ. ચેક પોસ્ટ ઉપરની આવક બાબતનો મારા પ્રશ્નનો જવાબ આપ્યો છે, એમાં ઓવરલોડ વહન કરતા વાહનો સામે કડક પગલાં લેવાનાં કારણે આ આવકનું પ્રમાણ બતાવ્યું છે, હું આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે, ગુજરાત રાજય અને મહારાષ્ટ્ર રાજયમાં જે ઓવરલોડ છે. બાજુમાં સોનગઢની બાજુમાં બે કિલોમિટરે એનો ટોલ ટેક્સ આવે છે, ત્યારે માનનીય અધ્યક્ષશ્રી, મારે એ જાણવું છે કે, ગુજરાત રાજય અને મહારાષ્ટ્ર રાજયમાં ઓવરલોડ અંગે માંડવાળ, એમાં શું તફાવત છે? બીજુ, મારે એ પણ જાણવું છે કે, જયારે સોનગઢની બાજુમાં જ નવાપુરા ચેક પોસ્ટ છે, તો એમાં તેની નજીક આવેલા મહારાષ્ટ્ર અને ગુજરાતની બન્નેની ટોલ ટેક્સ ઉપર પાંચ વર્ષની આવકનો કેટલો તફાવત છે ?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ગયા વખતે મારા રાઉન્ડમાં જયારે માનનીય સભ્યશ્રીએ, અત્યારે માનનીય શ્રી નરોત્તમભાઇએ જે પ્રશ્ન પૂછ્યો છે એવો પ્રશ્ન પૂછાયો ત્યારે મેં એમ કહ્યું હતું કે, બાજુના રાજયની માહિતી અત્યારે મારી પાસે નથી. કારણ કે, એ મહારાષ્ટ્ર રાજયને લગતી હતી, પણ સ્વાભાવિક રીતે મને પણ થોડો ઇન્ટરેસ્ટ થયો કે, બન્ને રાજયોની ચેક પોસ્ટ એક જ રોડ ઉપર આવી હોય, બન્ને ચેક પોસ્ટ ઉપરથી એક જ પ્રકારના વાહનો સતત પસાર થતા હોય તો રાજયના હિતમાં એનું કમ્પેરીઝન કરીને આપણે જોવું જોઇએ. માનનીય અધ્યક્ષશ્રી, એ પછી અમારા અધિકારીશ્રીઓને કહી અને મહારાષ્ટ્રની આપણા રાજયને લગતી જે ચેકપોસ્ટો છે એની આવકના આંકડા મંગાવ્યા. જેનો પ્રશ્ન માનનીય શ્રી નરોત્તમભાઇએ અત્યારે પૂછ્યો છે. માનનીય અધ્યક્ષશ્રી, મારે જણાવવું છે કે, સોનગઢ ચેક પોસ્ટ ઉપર ગુજરાત રાજયની ચેક પોસ્ટની આવક ૨૦૦૭-૦૮માં ૫૩,૨૫,૦૦,૦૦૦/-રૂપિયા હતી, એની સામે નવાપુરા ચેક પોસ્ટ જે મહારાષ્ટ્ર સરકારની છે એની આવક ફક્ત ૭,૧૭,૦૦,૦૦૦/- રૂપિયા હતી. એવી રીતે ૨૦૦૮-૦૯માં ગુજરાતની સોનગઢની ચેક પોસ્ટની આવક ૭૪,૭૬,૦૦,૦૦૦/- રૂપિયા હતી, એની સામે મહારાષ્ટ્રની નવાપુરાની ૭,૪૫,૦૦,૦૦૦/- રૂપિયા હતી. ૨૦૦૯-૧૦માં આપણી આવક ૫૫ કરોડ (આ તકે વિરોધપક્ષના દંડકશ્રી બલવંતસિંહ રાજપૂત ઉભા થઇ કાંઇક બોલતાં) (અંતરાય)

અધ્યક્ષશ્રી : છેલ્લી આવક કહી દો (અંતરાય)

શ્રી નીતિનભાઇ ર. પટેલ : સાહેબ, એમણે પૂછ્યું છે.

અધ્યક્ષશ્રી : પૂછ્યું હોય તો ભલે, બીજા રાજયની કેટલી આવક છે એ આપણે કહેવાની જરૂર નથી પણ છતાંય તમે સરખામણી કરી છે, છેલ્લા બે વર્ષનું કહી દો.(અંતરાય)

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ૨૦૧૦–૧૧માં ગુજરાતની સોનગઢની આવક ૫૭,૮૩,૦૦,૦૦૦/– હતી, જયારે મહારાષ્ટ્રની ૧૪,૮૦,૦૦૦/– રૂપિયા હતી. ૨૦૧૧–૧૨માં ગુજરાતની સોનગઢની આવક ૫૨,૮૦,૦૦,૦૦૦/– રૂપિયા હતી જયારે મહારાષ્ટ્રની ૧૩,૪૪,૦૦,૦૦૦/– રૂપિયા હતી. માનનીય અધ્યક્ષશ્રી, એમણે બીજો પ્રશ્ન પૂછ્યો છે, એમાં મારે કહેવાનું છે કે, સરકારની પારદર્શક નીતિ, સરકારનો યોગ્ય વહીવટ અને સતત ફોલોઅપના કારણે મહારાષ્ટ્રની આવક આપણા કરતાં અનેકગણી ઓછી છે. એ જ બોર્ડર ઉપર એ જ વાહન ગુજરાતમાં આવે તો કરોડો રૂપિયાની વધારાની આવક થાય છે એટલે ક્યાં ખોટું થાય છે એ આ પ્રશ્ન ઉપરથી દેખાઇ આવે છે.

શ્રી પ્રભુભાઇ ના. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, સોનગઢની ચેક પોસ્ટ ઉપર છેલ્લા બે વર્ષમાં ભ્રષ્ટાચારની કોઇ ફરિયાદો મળેલ છે કે કેમ અને ફરિયાદો મળી હોય તો એનું શું કરવામાં આવ્યું છે? અને સોનગઢ ચેક પોસ્ટ ઉપર જે અધિકારીઓ, એ.આર.ટી.ઓ. કે આર.ટી.ઓ. ફરજ બજાવે છે તો આ અધિકારીઓ સાગબારા ચેક પોસ્ટ પરની પણ જવાબદારી અદા કરે છે કે કેમ, અને બે ચેક પોસ્ટની વચ્ચેનું અંતર કેટલું છે?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આ ફકત આવકનો પ્રશ્ન છે એટલે આ બધા પ્રશ્નો આમાંથી ઉપસ્થિત થતા નથી. (અંતરાય)

અધ્યક્ષશ્રી : આવક ઘટે એના કારણો કીધા એમણે, એટલે કાંઇ ભ્રષ્ટાચાર હોય તો આવક ઘટે કે નહીં એનો કોઇ સવાલ નથી.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપે કહ્યું એટલે કહું છું કે કોઇપણ વસ્તુની કમ્પેરીઝન થાય તો ખબર પડે કે આપણે વ્યવહારિક છીએ કે સાચા છીએ કે નથી. બીજા રાજયના આ જ વાહનો મહારાષ્ટ્રમાં આવે છે. મહારાષ્ટ્રની બોર્ડરથી આપણી ચેકપોસ્ટ બંને ચેક પોસ્ટ વચ્ચે ફકત ર–૩ કિલોમીટરનું અંતર છે. ત્રણ કિલોમીટર દૂર મહારાષ્ટ્રમાં કે જયાં કોંગ્રેસનું શાસન છે એની આવક અને ગુજરાતમાં જયાં નરેન્દ્રભાઇની ભા.જ.પ.ની છે એની આવકની સરખામણી કરો તો કયાં ભ્રષ્ટાચાર છે એ ખબર પડી જશે.

શ્રી ઇશ્વરભાઇ ર. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે ચેકપોસ્ટોનું કોમ્પ્યુટરાઇઝેશન કરવામાં ગુજરાત સર્વ પ્રથમ હતું હવે આ ચેકપોસ્ટોને વધુ આધુનિક બનાવવા માટે કોઇ આયોજન કરેલ છે કે કેમ?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીનો પ્રશ્ન ખૂબ અગત્યનો છે.

અધ્યક્ષશ્રી : બધાના અગત્યના જ હોય છે.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : બધા જ અગત્યના છે સાહેબ. આ ગૃહ જ અગત્યનું છે.

અધ્યક્ષશ્રી : હવે જવાબ કેવો છે એ જોઇએ.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ફકત વાતો કરવાથી વહીવટ ચાલતો નથી એના માટે અમલીકરણ કરવું પડે. ચેક પોસ્ટો વધારવા માટે મેં અગાઉના પ્રશ્નમાં જે આંકડા આપ્યા કે કરોડો રૂપિયા મહારાષ્ટ્રની બોર્ડર કરતાં આપણે આગળ છીએ. કેવી રીતે આગળ છીએ અને શા માટે આગળ છીએ તો ગુજરાત સરકારના મારા અગાઉના માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રીએ ખૂબ કુશળતાપૂર્વક આયોજન કરી ગુજરાત રાજયની તમામ ચેક પોસ્ટો પર ઇલેકટ્રોનિક વે બ્રીજ લગાડયા. જે મહારાષ્ટ્રની બોર્ડર ઉપર હમણાં સુધી લગાડયા નહોતા. હવે આપણું જોઇને એમણે લગાડયા એટલે આપણા વે બ્રીજ ઉપર વાહન આવે એટલે ખબર પડે કે આટલું ઓવર લોડ છે એટલે આપણે એની પેનલ્ટી લઇએ. મહારાષ્ટ્ર બોર્ડર ઉપર મેન્યુઅલી હોય, એટલે એ લોકો આવક ગુમાવતા હતા, એટલે પહેલું તો જે આપણે વ્યવસ્થા કરી આધુનિક સાધનોની. આપણે લગાવેલા ઇલેકટ્રોનિક વે બ્રીજ એની કોમ્પ્યુટરાઇઝ સ્લીપ નીકળે, એટલે બીજો કોઇ ફેરફાર કે બીજુ કંઇ કરવાનો પ્રશ્ન ન રહે. આ સિવાય ઓનલાઇન પદ્ધતિ અને

અન્ય વ્યવસ્થાઓ આપણે જે વિકસાવી છે એનું ફોલોઅપ, સુપરવિઝન આપણે કરી શકીએ છીએ. એના લીધે રાજયની આવક વધી છે.

શ્રી સી. કે. રાઉલજી : માનનીય અધ્યક્ષશ્રી, સવાલ પૂછવા બદલ હું નરોત્તમભાઇને ધન્યવાદ આપું છું કે એમણે રાજયની ચિંતા કરી છે. આ રાજયમાં ઉત્તરોત્તર દેવું વધતું જાય છે અને આવક ઘટતી જાય છે એટલે આ પ્રશ્ન ખૂબ મહત્વનો છે. (અંતરાય)

શ્રી નીતિનભાઇ ર. પટેલ : સાહેબ, હવે કહોને કે બધા અગત્યના જ હોય છે. (અંતરાય)

અધ્યક્ષશ્રી : એક મિનિટ, આમાં આવક ઘટે એ જ સારું, એનો અર્થ કે વધુ સ્ટ્રીક છે.

શ્રી સી. કે. રાઉલજી : માનનીય અધ્યક્ષશ્રી, ૧,૮૬,૦૦,૦૦૦/- જેટલો આવકમાં ઘટાડો થયો, તો આવકમાં ઘટાડો માંડવાળ રકમ કરવાથી એકલું નહીં પણ મહેકમ ઓછું હોવાના કારણે આવકમાં ઘટાડો થયો છે કે કેમ?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મહેકમ એ અલગ વિષય છે પણ આપણે આધુનિક પદ્ધતિનો ઉપયોગ કરીને આવક વધારી છે. હજુ મારી માનનીય સભ્યોને રાજયના હિતમાં વિનંતી છે કે તમે મહારાષ્ટ્રની આવક જોડે આપણી આવક સરખાવો અને એમાં કંઇ ખોટું થતું હોય તો અટકાવવા માટે મને સજેશન કરો.

અધ્યક્ષશ્રી : મહેકમના કારણે આવક ઓછી થાય છે? હા કે ના જવાબ આપો.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : મહેકમના કારણે સુપરવિઝન કદાચ ઓછું થાય પણ આવક અન્વયે એના ઉપર કોઇ અસર થતી નથી.

**રાજયમાં મહાનગરપાલિકાઓની કાર્યરત ખોરાક પ્રયોગશાળાઓને સહાય**

* ૧૫૯૭ **શ્રી રાજેશભાઇ ના. ચુડાસમા(માંગરોળ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૧૨ની સ્થિતિએ કેટલી મહાનગરપાલિકાઓની ખોરાક પ્રયોગશાળા કાર્યરત છે, અને | (૧) ત્રણ મહાનગરપાલિકા અમદાવાદ, વડોદરા, સુરત. |
| (૨) રાજ્ય સરકારે આ પ્રયોગશાળાને અદ્યતન કરવા માટે તા. ૩૧-૧૨-૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી રકમની સહાય આપી ? | (૨) રૂા. ૭૫.૦૦ લાખ |

શ્રી રાજેશભાઇ ના. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, રાજયમાં મહા નગરપાલિકાની કાર્યરત દરેક ખોરાક પ્રયોગશાળાને કેટલી કેટલી સહાય આપવામાં આવેલ છે? અને આ ગ્રાન્ટ આપવા માટેના કોઇ ધારાધોરણ છે? અને આ ગ્રાન્ટ મહા નગરપાલિકાના હવાલે કયારે મૂકેલ છે?

શ્રી પરબતભાઇ સ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, રાજયમાં તા. ૩૧-૧૨-૧૨ ની સ્થિતિએ અમદાવાદ મહા નગરપાલિકા, વડોદરા મહા નગરપાલિકા અને સુરત મહા નગરપાલિકા આ ત્રણે ત્રણ પ્રયોગશાળાઓ કાર્યરત છે. અમદાવાદ, વડોદરા અને સુરત આ ત્રણે મહા નગરપાલિકાઓને ૨૫-૨૫ લાખ રૂપિયાની સહાય આપવામાં આવેલી છે. આ માટે કોઇ ધારા ધોરણ નકકી કરેલા નથી પણ આ નગરપાલિકાઓને જયારે ભારત સરકારે આ કાયદાના કડક અમલીકરણનું કીધુ. એના માટે એન.એ.બી.એલ. સર્ટિફિકેટ મેળવવાની કાર્યવાહી કરવા માટે અને માન્યતા પ્રાપ્ત કરી એના માટેના સાધન સામગ્રી ખરીદવા માટે આ ગ્રાન્ટ આપવામાં આવે છે અને આ ગ્રાન્ટ ૧૬-૩-૧૨ ના રોજ ત્રણેય મહા નગરપાલિકાઓને આપેલ છે.

શ્રી અરવિંદભાઇ કે. લાડાણી : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે દરેક પ્રયોગશાળાને આ સહાય કયા હેતુસર આપવામાં આવે છે? આપેલ સહાયમાંથી પ્રયોગશાળામાં કેટલો ખર્ચ કરેલ છે? બાકી રહેલ સહાય વાપરવાનું આયોજન શું છે?

શ્રી પરબતભાઇ સ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આ સહાય જેમ પહેલા મેં કહ્યું તેમ એન.એ.બી.એલ. સર્ટિફિકેટ પ્રયોગશાળામાં જરૂરી સાધન સામગ્રી ખરીદવા માટે આપવામાં આવે છે. સાથે સાથે આ સહાયમાંથી સુરત મહા નગરપાલિકાએ ૧૪.૫૦ લાખ રૂપિયાનો ખર્ચ કર્યો છે. અને હાલની પ્રયોગશાળાના બિલ્ડીંગમાં સમારકામ કરવાનું હોવાથી ઓછો ખર્ચ થયેલ છે. અમદાવાદ મહા નગરપાલિકા છે તે ૩,૧૧,૯૫૨ રૂપિયાનો ખર્ચ કરેલ છે. પ્રયોગશાળાનું નવું બિલ્ડીંગ જુદી જગ્યાએ ઉભું કરવામાં આવેલ હોવાથી સાધન સામગ્રી વસાવેલ નથી, તેથી ઓછો ખર્ચ થયેલ છે. વડોદરા મહા નગરપાલિકાએ હજુ સુધી કોઇ ખર્ચ કરેલ નથી. કારણ કે વડોદરા મહા નગરપાલિકા પ્રયોગશાળાનું નવું મકાન જુદી જગ્યાએ બાંધી રહેલ છે, જેથી કરીને આ ખર્ચ થયેલ નથી. ચાલુ નાણાકીય વર્ષમાં આ ખર્ચ પૂરું કરવાની જોગવાઇ છે.

શ્રી નિરંજન પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આ ત્રણેય પ્રયોગશાળા એક જ લાઇનમાં છે. અમદાવાદ, વડોદરા અને સુરત. કાઠિયાવાડ અને કચ્છમાં છે નહિ, ત્યાં અગત્યના ભેળસેળના પ્રયોગો બહુ ચાલી રહ્યા છે, તો આ પ્રયોગશાળા ત્યાં બનાવવા માગો છો કે કેમ?

શ્રી પરબતભાઇ સ. પટેલ : માનનીય સભ્યશ્રીના ધ્યાન ઉપર મૂકું. કચ્છમાં અમારી ભૂજ પ્રયોગશાળા ઓલરેડી ચાલુ છે. એન.એ.બી.એલ. સર્ટિફિકેટ ધરાવે છે. સાથે સાથે રાજકોટમાં પ્રયોગશાળા ચાલુ છે. પણ તેને એન.એ.બી.એલ. સર્ટિફિકેટ મેળવવાનું બાકી છે, અત્યારે રાજકોટ, ભૂજમાં પ્રયોગશાળા ચાલુ છે.

અધ્યક્ષશ્રી : બીજી મહા નગરપાલિકામાં કરવા માગો છો કે કેમ?

શ્રી પરબતભાઇ સ. પટેલ : અત્યારે માત્ર રાજ્યમાં ૩ જગ્યાએ છે. જેમ મેં કહ્યું તેમ વડોદરા, સુરત અને અમદાવાદમા નગરપાલિકામાં ચાલુ છે. સાથે સાથે બાકીની બધી જગ્યાએ, તમામ મહા નગરપાલિકામાં હજુ જરૂરિયાત હોય તેવુ દેખાતું નથી. જે સરકારી પ્રયોગશાળા છે તેમાં વડોદરા, ભૂજ અને રાજકોટ. આ પ્રયોગશાળામાં, બાકીની બધી મહા નગરપાલિકામાં નમૂનાની ચકાસણી માટે ભૂજ અને વડોદરા અને રાજકોટમાં આવે છે.

શ્રી જેઠાભાઇ દા. સોલંકી : માનનીય અધ્યક્ષશ્રી, હું જાણવા માગું છું કે રાજ્યની બાકી રહેલ મહા નગરપાલિકામાં ખોરાક પ્રયોગશાળા છે? બીજો પ્રશ્ન આ મહા નગરપાલિકાના ફૂડ સેફ્ટી ઓફિસર દ્વારા લેવામાં આવતા ખોરાકના નમૂના ચકાસણી માટે કયાં મોકલવામાં આવે છે.

શ્રી પરબતભાઇ સ. પટેલ : આમાં અગાઉ જણાવ્યું કે અત્યારે બીજી મહા નગરપાલિકામાં આ પ્રયોગશાળા નથી. રાજ્યની બાકી રહેલ મહા નગરપાલિકા પાસે જે ખોરાક પ્રયોગશાળાઓ નથી, ત્યાં ફૂડ સેફ્ટી ઓફિસર દ્વારા લેવામાં આવતા ખોરાકના નમૂના ચકાસણી માટે ભૂજ, વડોદરા, રાજકોટ ખાતે મોકલવામાં આવે છે. આ ત્રણેય રાજ્ય સરકારની પ્રયોગશાળા છે.

### આણંદ જિલ્લામાં સિવિલ હોસ્પિટલ, પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર અને સામૂહિક આરોગ્ય કેન્દ્રમાં મંજૂર થયેલ મહેકમ

* ૧૫૬૭ **શ્રી અમીત ચાવડા(આંકલાવ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા. ૩૧–૧૨–૧૨ની સ્થિતિએ આણંદ જિલ્લામાં કાર્યરત સિવિલ હોસ્પિટલ, સામૂહિક આરોગ્ય કેન્દ્રો અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ કેટલું છે, | (૧) તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ આણંદ જિલ્લામાં કાર્યરત સિવિલ હોસ્પિટલ, સામૂહિક આરોગ્ય કેન્દ્રો અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમની વિગત સંલગ્ન *પત્રક–૧, *પત્રક–૨ અને *પત્રક–૩ મુજબનું છે. |
| (૨) ઉક્ત સ્થિતિએ સંવર્ગવાર કેટલી જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે, અને | (૨) સંવર્ગવાર ખાલી જગ્યાઓની વિગત સંલગ્ન *પત્રક–૪, *પત્રક–૫ અને *પત્રક–૬ મુજબ છે. |

એચબી–૭૨૫–૧

(૩) આ ખાલી જગ્યાઓ ભરવા રાજ્ય સરકારે શી કાર્યવાહી કરી ?

(૩) સા.આ. કેન્દ્રોની વર્ગ–૧ અને વર્ગ–૨ની જગ્યાઓ ભરવા દર મંગળવારે વોક ઈન ઈન્ટરવ્યુનું આયોજન કરવામાં આવે છે જેમાં યોગ્ય લાયકાત ધરાવતા ઉમેદવારો ઉપલબ્ધ થાય તેમ ખાલી જગ્યાઓ ઉપર નિમણુંક આપવામાં આવે છે તેમજ રાજ્યની મેડીકલ કોલેજો તરફથી બોન્ડેડ ઉમેદવારોની યાદી મળે, ખાલી જગ્યા ઉપર નિમણૂંક કરવામાં આવે છે.

આ ઉપરાંત વર્ગ–૩ની ખાલી જગ્યાઓ સીધી ભરતી/બઢતીના ઉમેદવારો ઉપલબ્ધ થાય તેમ ભરવામાં આવે છે. વર્ગ–૩ની પેરામેડીકલ સંવર્ગની અને વર્ગ–૪ની ખાલી જગ્યાઓ પર આઉટસોર્સથી પણ કામગીરી લેવામાં આવે છે.

**(*પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)**

**શ્રી અમિત અ. ચાવડા** : માનનીય અધ્યક્ષશ્રી, જે રીતે જવાબના પત્રકમાં આપ્યું છે, તે જોતાં લાગે છે કે સરકાર ગરીબ લોકો માટે બિલકુલ સંવેદનહીન છે. ૧૯૯૭–૯૮ થી આણંદ જિલ્લો અલગ બન્યા પછી ૧૪ વર્ષનો સમય થયો હોવા છતાં જિલ્લામાં સિવિલ હોસ્પિટલની સગવડ નથી. જે હોસ્પિટલોને સિવિલ હોસ્પિટલનો દરજ્જો આપવામાં આવેલ છે, તેમાં મોટા ભાગના ડોક્ટરોની જગ્યાઓ ખાલી છે. પત્રક મને એકલાને મળ્યું છે. થોડીક વાત કહેવા માગુ છું કે મુખ્ય જિલ્લા તબીબી અધિકારીની જગ્યા ૨૦૧૧ થી ખાલી છે. ફિઝિશીયનની જગ્યા ૨૦૦૪થી ખાલી છે, રેડીયોલોજીસ્ટની જગ્યા ૨૦૦૩થી ખાલી છે, ઓર્થો.સર્જનની જગ્યા ૨૦૦૮થી ખાલી છે, બાળ રોગ નિષ્ણાતની જગ્યા ૨૦૦૮થી ખાલી છે. ઈ.એન.ટી., સાઈકીયાટ્રીક, માઇક્રોબાયોલોજીસ્ટ, ડેન્ટલ સર્જન અને સાઈકોલોજીસ્ટ આ તમામ જગ્યાઓ ૨૦૧૦થી ખાલી છે. જિલ્લા કક્ષાની સિવિલ હોસ્પિટલનો દરજ્જો ધરાવતી આ હોસ્પિટલમાં મોટા ભાગની ડોકટરોની જગ્યાઓ ખાલી છે તેના કારણે ખાનગી હોસ્પિટલોમાં મોંઘી સારવાર લેવા ગરીબ લોકોને જવું પડે છે. જવાબમાં એવું આપ્યું છે કે મેડિકલ કોલેજના તબીબો બહાર પડે છે, તે મળ્યેથી આ જગ્યાઓ ભરવામાં આવશે. કયારે જગ્યાઓ ભરવામાં આવશે અને છેલ્લા ત્રણ વર્ષમાં આપણને આવા કોઈ બોન્ડેડ કે મેડિકલ કોલેજમાંથી બહાર પડેલા વિદ્યાર્થીઓ મળ્યા છે કે કેમ?

અધ્યક્ષશ્રી : બસ, બસ એકમાં જ તમે ત્રણ મિનિટ લીધી.

શ્રી પરબતભાઇ સ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ જે કહ્યું છે તેમાં ચોકકસ સ્પેશ્યાલિસ્ટોની જગ્યાઓ ભરવાની બાકી છે. મારે ગૃહના ધ્યાન ઉપર મૂકવુ છે ૧૯૬૦માં માત્ર ત્રણ મેડિકલ કોલેજો ૨૮૦ બેઠકો સાથે હતી. ૨૦૦૦ સુધીમાં ૪૦ વર્ષના ગાળામાં... (અંતરાય) સાહેબ હું ગૃહનું ધ્યાન દોરવા માગું છું. ૪૦ વર્ષના ગાળામાં માત્ર ૬ મેડિકલ કોલેજો ૮૪૫ બેઠકો સાથે કુલ ૧૧૨૫ બેઠકો થઈ. છેલ્લા બાર વર્ષમાં દસ મેડિકલ કોલેજોમાં ૧૮૦૫ બેઠકોના વધારા સાથે ૨૯૩૦ બેઠકો થયેલ છે. આ હકીકત બની છે ત્યારે આપના મારફત ગૃહનું ધ્યાન દોરવા માગું છું..

અધ્યક્ષશ્રી : અત્યારે આ જગ્યાઓ ભરવા માગો છો કે નહીં, તે કયારે પૂરાશે?

શ્રી પરબતભાઇ સ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, બોન્ડેડની વાત કરી પણ જેટલું બને ત્યાં સુધી મૂકીએ છીએ. છતાં તે લોકો રાજીનામુ આપીને જતા રહે છે. આમાં ક્રમાનુસાર રેડીયોલોજીસ્ટ સિવાયની જગ્યાઓ તો જેમ ડોકટરો ઉપલબ્ધ થાય તેમ ભર્યે રાખીશું.

શ્રી નિરંજન પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે આ ગરીબ લોકોની સેવાની જગ્યા છે. મારા મત વિસ્તાર, મારા ગામમાં જ આ સિવિલ હોસ્પિટલ આવેલી છે. વારંવાર રજૂઆત કરવા છતાં એનેસ્થેટીસ્ટ હોય ત્યાં સર્જન ન હોય અને સર્જન હોય ત્યાં એનેસ્થેટીસ્ટ ન

હોય. જિલ્લાની મોટામાં મોટી હોસ્પિટલ છે. વહેલામાં વહેલી તકે આ ડોકટરોની ભરતી કરો. ગરીબોને પ્રાઈવેટ દવાખાનામાં જવાને કારણે બહુ આર્થિક નુકસાન થઇ રહ્યું છે. પ્રાઈવેટ ડોકટરો ફાવી ગયા છે.

અધ્યક્ષશ્રી : વહેલામાં વહેલી તકે ભરતી કરવાનું સૂચન છે.

શ્રી પરબતભાઇ સ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત ધ્યાન દોરવા માગું છું કે સમગ્ર રાજયમાં દવાની વાત છે. આ પેટલાદની જે સિવિલ હોસ્પિટલ છે. તેમાં ૭૦૭૦૫ દર્દીઓ, રાજયના આણંદ જિલ્લાના જે ૧૧ સી.એચ.સી. છે તેમાં ૩,૭૮,૫૦૨ દર્દીઓ, સાથે સાથે પી.એચ.સી.માં ૫,૦૩,૭૮૪ આમ કુલ જિલ્લાના ૯,૫૩,૧૧૧ લાભાર્થીઓને આ બધા ડોકટરો મારફત સેવા આપેલી છે.

શ્રી હીરાભાઇ હ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે, આખા રાજયમાં ડોકટરોની અછત..

અધ્યક્ષશ્રી : આખા રાજયનું નહીં, આના પૂરતું મર્યાદિત રાખો. સીધો પ્રશ્ન પૂછો.

શ્રી હીરાભાઇ હ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આ ડોકટરોના ઇન્ટરવ્યુ લેવા છતાં, ઓર્ડર આપવા છતાં તે હાજર નથી થતા તે માટે માનનીય મંત્રીશ્રીએ કોઇ સંશોધન કર્યુ છે ખરું? શા માટે ડોકટરો પોતાની ડયૂટી ઉપર હાજર થતા નથી?

શ્રી પરબતભાઇ સ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આમાં સંશોધન કરવાનો વિષય નથી. પહેલાં એમ.બી.બી.એસ. થાય એટલે બોન્ડેડ ડોકટરો નોકરીમાં જોડાઇ જતા હતા. અત્યારે બધાને એવું છે કે પી.જી. કરવું છે. ગરીબ ઘરનો વિદ્યાર્થી પણ પી.જી. કરવા માટે જાય છે. રાજય સરકાર એના માટે એવું વિચારે કે જે બોન્ડની રકમ છે, બોન્ડેડ છે તેને હાજર કરવા માટે જણાવે છે.

શ્રી દેવુસિંહ જે. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે આણંદ જિલ્લામાં કુલ કેટલા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર અને કેટલા સામૂહિક આરોગ્ય કેન્દ્ર છે? અને તે આરોગ્ય કેન્દ્રો માટે સ્ટાફની પેટર્ન શું છે?

શ્રી પરબતભાઇ સ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આણંદ જિલ્લામાં ૧૧ સામૂહિક આરોગ્ય કેન્દ્રો અને ૪૬ પ્રાથિમક આરોગ્ય કેન્દ્રો આવેલા છે. સાથે સાથે જે વિગત પૂછી છે કે તેની સ્ટાફની પેટર્ન શું છે. તો સામૂહિક આરોગ્ય કેન્દ્રો માટે અધિક્ષક વર્ગ-૧ કે જેમાં સર્જન પણ હોય, ગાયનેકોલોજીસ્ટ અથવા ફીજીશીયન્સ, તબીબી અધિકારી વર્ગ-૨ની ૩ જગ્યા, એકસ-રે ટેકનીશીયન વર્ગ-૩ની ૧જગ્યા, લેબોરેટરી ટેકનીશીયન્સ વર્ગ-૩ની ૧ જગ્યા, જુનિયર ફાર્માસિસ્ટ વર્ગ-૩ની ૧ જગ્યા, સ્ટાફ નર્સ વર્ગ-૩ની ૭ જગ્યા, હેડ કલાર્ક વર્ગ-૩ની ૧ જગ્યા, સિનિયર કલાર્ક વર્ગ-૩ની ૧ જગ્યા, ડ્રાઇવર વર્ગ-૩ની ૧ જગ્યા, ડ્રેસર વર્ગ-૪ની ૧ જગ્યા, પટાવાળા વર્ગ-૪ની ૧ જગ્યા, વોર્ડબોય વર્ગ-૪ની ૨ જગ્યા, આયા વર્ગ-૪ની ૧ જગ્યા (અંતરાય) માનનીય સભ્યશ્રીએ માહિતી માગી છે એટલે કહું છું.

શ્રી નટવરસિંહ કુ. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હોસ્પિટલોમાં ડોકટરોની જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે, એ કયારે ભરવાના છો? આ જીવનજરૂરી છે, રોગના નિષ્ણાતોની જગ્યાઓ ખાલી રહે, એ બરાબર ન કહેવાય. આ જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે અને કયારે ભરશો? મોટી મોટી વાતો કરો છો પણ આ તો આરોગ્યની વાત છે તો આ જગ્યાઓ કયારે ભરશો?

શ્રી પરબતભાઇ સ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મેં એ જ કહ્યું કે મોટી મોટી વાતો અમે નથી કરતા, આ રાજયના માનનીય મુખ્ય મંત્રીશ્રીની આગેવાની નીચે દસ વર્ષમાં ૧૮૦૦ જેટલી (અંતરાય) વાતો નથી, જે હકીકત છે એ જ કહું છું

### ભૂજ આર.ટી.ઓ. કચેરીની આવક

* ૧૫૨૯ **શ્રી તારાચંદ જ. છેડા(માંડવી) : માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) સને ૨૦૧૨માં ભૂજ આર.ટી.ઓ. કચેરીની કેટલી આવક થઇ, | (૧) રૂ।. ૧૪૫.૬૫ કરોડની આવક થઈ. |

| | |
|---|---|
| (૨) ૨૦૧૧ના વર્ષની આવકના પ્રમાણમાં કેટલો વધારો/ઘટાડો થયો, અને | (૨) આવકમાં રૂા. ૦૮.૫૦ કરોડનો વધારો થયો. |
| (૩) જો, આવકમાં ઘટાડો થયો હોય તો તેના કારણો શા છે? | (૩) આવકમાં વધારો થયેલ હોઈ, પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

શ્રી તારાચંદ જ. છેડા : માનનીય અધ્યક્ષશ્રી, હું આપશ્રી દ્વારા માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, ગુડ્સ વાહનોના ઓવરલોડથી વેપારીઓ અથવા ટ્રાન્સપોર્ટરોને જે તકલીફ પડે છે, તે નિવારવા માટે ઓવરલોડ અંગે રાજય સરકાર કોઇ વિચારણા કરવા માગે છે કે કેમ, અને મારો બીજો પ્રશ્ન એ છે કે, ગાંધીધામની અંદર જે આર.ટી.ઓ. કચેરી આવેલી છે એ આર.ટી.ઓ. કચેરીને અપગ્રેડ કરવા માગો છો કે નહીં અને મુંદ્રાની અંદર નવી આર.ટી.ઓ. કચેરી શરૂ કરવા માગો છો કે નહીં?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ જે બે પ્રશ્ન કર્યા એમાં ગાંધીધામની આર.ટી.ઓ. કચેરીને અપગ્રેડ ન કરતાં મુંદ્રા ખાતે નવી કચેરી ચાલુ કરવાની એમની રજૂઆત છે, આ વિષય સાહેબ, અત્યારે પ્રશ્નમાં નથી છતાં પણ એમની લાગણી છે તો અભ્યાસ કરાવી લઇશ, અને કામકાજનું ભારણ, આવકનું ધોરણ, વાહનોની સંખ્યા વગેરે રીતે જો યોગ્ય બેસતું હશે, નોર્મસમાં આવતું હશે તો વિચારણા કરીશું.

શ્રી રમેશભાઇ વ. મહેશ્વરી : માનનીય અધ્યક્ષશ્રી, અન્ય રાજયો કરતાં ગુજરાત રાજયમાં લોકોની સુવિધા માટે આર. ટી. ઓ. કચેરીમાં નવિનીકરણ અને કોમ્પ્યુટરાઇઝેશન માટે જે પગલાં લેવાયાં છે તે બદલ અભિનંદન છે, પરંતુ આ બાબતે...

અધ્યક્ષશ્રી : અભિનંદન નહીં, સીધો સવાલ જ પૂછો.

શ્રી રમેશભાઇ વ. મહેશ્વરી : હા, સાહેબ, તો આ બાબતે રાષ્ટ્રીય કક્ષાએ કોઇ નોંધ લેવામાં આવી છે કે કેમ?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, રાષ્ટ્રીય કક્ષાએ તો ઘણી નોંધ આ સરકારની દરેક વિભાગોની કામગીરી માટે લેવાયેલ છે, અને આમાં પણ નોંધ લેવાઇ છે અને ભારત સરકારના વિવિધ એવોર્ડો એક તો કામગીરી સરળ બનાવવા, આધુનિકીકરણ કરવા, કોમ્પ્યુટરાઇઝેશન કરવા, અને લાયસન્સો સ્માર્ટ કાર્ડ ટાઇપના આપવા બાબતના વિવિધ એવોર્ડો રાજય સરકારને મળ્યા છે.

શ્રી છબિલભાઇ ના. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મારો માનનીય મંત્રીશ્રીને આપશ્રી મારફતે સવાલ છે કે, ભૂજની આર.ટી. ઓ. કચેરીમાં મહેકમ કેટલું હોવું જોઇએ અને અત્યારે ઘટ કેટલી છે?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, બે રીતે આવક વધારો થાય છે, એક તો ફોલોઓપ અને દેખરેખ રિવ્યુ અને બીજુ, આધુનિકીકરણ અને સરળતા અને ત્રીજું રાજયની સમૃદ્ધિ જે સતત વધતી જાય છે એને કારણે વાહનોની સંખ્યા વધતી જાય છે, એનું રજીસ્ટ્રેશન અને એનો ટેક્સ એ રાજય સરકારને મળે છે. (અંતરાય) આપ ધીરજ રાખજો કહું છું, માનનીય અધ્યક્ષશ્રી, આર. ટી. ઓ. કચેરી, ભૂજમાં કુલ ૪૦ જગ્યાઓ મંજૂર થયેલી છે એમાંથી ૨૪ જગ્યાઓ ભરેલી છે. એને બદલે આપણે હવે કોમ્પ્યુટરાઇઝેશન ઓનલાઇન સિસ્ટમ વિક્સાવી ઓછા કર્મચારીએ વધુ સારું કામ થાય એનો પ્રયત્ન આપણે કરીએ છીએ.

શ્રી વાસણભાઇ ગો. આહિર : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી હું જાણવા માગુ છું કે, આર.ટી.ઓ. બાબતમાં અગાઉના વર્ષોમાં જે સ્થિતિ હતી એમાં આખા હિન્દુસ્તાનમાં ઓવરલોડ બાબતમાં નામદાર સુપ્રીમ કોર્ટે ૧૧૩ અને ૧૧૪ ની જે કલમ આપી છે એમાં હું માનુ છું તેમ સમગ્ર દેશમાં પહેલા નંબરે અમલ કરનારું આપણું આ રાજય છે અને એને કારણે આપણી આવકમાં ખૂબ જ વધારો થયો છે એટલા માટે રાજયના પ્રજાવત્સલ મુખ્યમંત્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબને ખૂબ ખૂબ અભિનંદન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આર.ટી.ઓ. કચેરીમાં અત્યારે જે વધારાની સવલત રૂપે આર.સી. બૂક, ડ્રાઈવીંગ લાયસન્સ સ્પીડ પોસ્ટથી વિતરણ કરવામાં આવે છે એમાં કેટલો વધારાનો ચાર્જ લેવામાં આવે છે?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપણને બધાને ખ્યાલ છે કે અગાઉ લાયસન્સ લેવા માટે સ્થળ ઉપર જવું પડે, ચોપડી આપે કલાકો સુધી એની રાહ જોવી પડે. માનનીય અધ્યક્ષશ્રી, આપણે હવે એમાં સુધારા કર્યા છે. એમાં ડ્રાઈવીંગ લાયસન્સની અરજી કર્યેથી એનું ટેસ્ટીંગ કર્યેથી અરજદારને સ્પીડ પોસ્ટ દ્વારા સ્માર્ટ કાર્ડ ટાઇપનું લાયસન્સ ઘરે બેઠા મોકલી આપવામાં આવે છે. અન્ય જે બાબતો છે એમાં ટેક્સ ભરવાની વગેરે બાબતોમાં પણ આપણે કોમ્પ્યુટરાઈઝેશન અને અન્ય બાબતોમાં પણ ઓનલાઇન પદ્ધતિ દાખલ કરી છે તેથી વાહન ચાલકો, વાહન માલિકો, ટ્રન્સપોર્ટરો વગેરે બધાની સુવિધામાં વધારો થયો છે અને પદ્ધતિ સરળ બની છે.

**સુરત જિલ્લામાં પેન્શનરોની સંખ્યા**

* ૧૬૦૧ **શ્રી ઈશ્વરભાઇ ર. પરમાર(બારડોલી) : માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સુરત જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૧૨ની સ્થિતિએ પેન્શનરોની કુલ સંખ્યા કેટલી છે, | (૧) ૧૮૪૬૨ |
| (૨) ઉક્ત પેન્શનરો પૈકી કેટલા પેન્શનરો તિજોરી કચેરી દ્વારા પેન્શન મેળવે છે, | (૨) શૂન્ય |
| (૩) કેટલા પેન્શનરો બેંક મારફતે પેન્શન મેળવે છે, અને | (૩) ૧૮૪૬૨ |
| (૪) કેટલા પેન્શનરો મનીઓર્ડરથી પેન્શન મેળવે છે ? | (૪) શૂન્ય |

શ્રી ઈશ્વરભાઇ ર. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે, રાજયના પેન્શનરોની કુલ સંખ્યા કેટલી? અને બીજો પ્રશ્ન છે કે રાજયના પેન્શનરોનો વાર્ષિક ખર્ચ કેટલો?

અધ્યક્ષશ્રી : રાજયની નહીં, સુરત પૂરતી મર્યાદિત રાખો તમે. આખા રાજયનું પૂછશો તો પછી બધા પેટા પ્રશ્ન આવશે એમાંથી.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મારી પાસે માહિતી છે એ તો આપી દઉં. હશે તે માહિતી આપીશ. વિરોધ પક્ષના સભ્યો પૂછશે અને માહિતી હશે તો ચોક્કસ આપીશ.

માનનીય અધ્યક્ષશ્રી, આ કલ્યાણકારી રાજ્ય છે અને કલ્યાણકારી રાજયની એક મોટી જવાબદારી જે રાજય સરકારના નિવૃત્ત કર્મચારીઓ હોય એમને પેન્શન આપવાનું કામ એ રાજય સરકારની એક ફરજ છે, એક જવાબદારી છે. રાજયમાં જે કર્મચારીઓ-અધિકારીઓ નિવૃત્ત થઇ જાય, એમને સમયસર નિયમિત પેન્શન મળતું થઇ જાય એ પણ રાજયની એક કામગીરી જ છે. માનનીય અધ્યક્ષશ્રી, રાજયમાં અત્યારે કુલ ૩,૮૧,૨૭૫ પેન્શનરો છે જેમાં સુરત જિલ્લામાં ૩,૭૨૫ પેન્શનર છે. બીજુ આખા રાજયમાં આ ૩,૮૧,૨૭૫ કર્મચારીઓને દર વર્ષે નિયમિત રીતે વિવિધ પ્રકારના ભથ્થા વગેરે ઉમેરી ૬,૭૦૦ કરોડની રકમનું પેન્શન કર્મચારીઓને ઘરે બેઠા મળી જાય એવી વ્યવસ્થા આપણા રાજયમાં અમલમાં છે.

શ્રી પુંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ જે કર્મચારીઓ નિવૃત્ત થાય એમને નિયમિત રીતે પેન્શન આપવામાં આવે છે એવી વાત કરી છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારે માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવું છે કે જે કર્મચારીઓ નિવૃત્ત થઇ ગયા છે અને એના પેન્શન મંજૂર નથી થયા તો રાજયની અંદર આવા નિવૃત્ત થયેલા કર્મચારીઓના પેન્શન મંજૂર થવા અંગેના પ્રશ્નો કેટલા પડતર છે એ જાણવું છે?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : આપણી પ્રણાલી પ્રમાણે દરેક કર્મચારી, અધિકારીની એમની નિવૃત્તિવયના ૨૪ માસ એટલે કે બે વરસ પહેલાં કર્મચારી/અધિકારીએ પોતે પોતાના પેન્શનના કાગળો તૈયાર કરવાના હોય છે અને એ કચેરીના જે વડા હોય એ વડાને એમણે મોકલી આપવાના હોય છે, ત્યારબાદ જિલ્લા પંચાયતના કર્મચારી અને મહેકમ હોય તો લોકલ ફંડ દ્વારા એની કાર્યવાહી કરવામાં આવે છે. રાજય સરકારના અને ગ્રાન્ટ ઇન એઇડ શાળાઓ, કોલેજો હોય એના જે કર્મચારી–અધિકારી–શિક્ષકો હોય એની પેન્શનની કાર્યવાહી પેન્શન નિયામક દ્વારા કરવામાં આવે છે, આ નમૂના આવ્યા પછી એની ચકાસણી કરવામાં આવે છે, જે કર્મચારી સામે કોઇ તપાસ પડતર ન હોય, જે કર્મચારી સામે કોઇ ફોજદારી ગુન્હો ના નોંધાયો હોય (અંતરાય) કેમ પડતર છે એના મૂળ માં તો તમે જાઓ, સાહેબ નિયમો એવા છે કે જે કર્મચારી સામે તપાસ ચાલતી હોય એમનું આખરી પેન્શન ફાઇનલ કરવામાં આવતું નથી. એમને હંગામી પેન્શન ચૂકવવામાં આવે છે અને રાજયની પેન્શન નિયામકની કચેરીમાં દર વરસે લગભગ ૧૮૦૦૦ જેટલા રાજયમાંથી જે પેન્શનરો નિવૃત્ત થાય એની ફાઇલો આખરી મંજૂરી માટે મોકલવામાં આવે છે અને લગભગ બધી માહિતી યોગ્ય હોય અને કોઇ તપાસ ન ચાલતી હોય, કોઇ પોલીસ કેસ ન થયો હોય, તો ટૂંકામાં ટૂંકા સમયમાં આ પેન્શન મંજૂર કરવામાં આવે છે.

શ્રી મહેન્દ્રસિંહ ક. બારૈયા : હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પુછવા માગું છું કે, જે પેન્શનરો ગુજરાત રાજયના છે એમને છઠ્ઠા પગાર પંચના એરિયર્સના બાકી નાણાં છે એ ક્યારે ચૂકવવામાં આવશે અને કેટલા હપ્તામાં ચૂકવવામાં આવ્યા?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : એમની પાસે કઇ માહિતી છે એનો મને ખ્યાલ નથી પરંતુ દરેક કર્મચારીને છઠ્ઠા પગારપંચ પ્રમાણે અને વધેલું મોંઘવારી ભથ્થું હોય તો એના સહિતનું સુઓ–મોટો. આ માહિતી ગૃહના સભ્યોની જાણકારી માટે આપવા માગું છું કે અગાઉ વરસો પહેલાં કર્મચારીને પોતે જાતે કરવું પડતું હતું, બેન્કોમાં જાતે જવું પડતું હતું, પહેલાં તો પોતે જીવીત છે એ બતાવવા માટે દર વરસે પેન્શન કચેરીમાં જવું પડતું હતું. એ બધામાં સુધારો કરી, સરળીકરણ કરી કોઇ વૃદ્ધ હોય, અશક્ત હોય, બિમાર હોય તો એવા કર્મચારીના ઘરે જઇને પણ એમની જીવીત હોવાની ખરાઇ કરીને પેન્શન આપવામાં આવે છે, કોઇપણ પ્રકારના ભથ્થાં વધ્યા હોય તો એ પણ ઉમેરીને એને પેન્શન આપવામાં આવે છે. બેન્ક દ્વારા એમના ખાતામાં જમા થઇ જાય એ પ્રમાણેની પેન્શન વ્યવસ્થા આપણે ગોઠવી છે, કોઇપણ કર્મચારીને કોઇપણ તકલીફ ના પડે, કારણ કે આપણે જાણીએ છીએ કે કોઇ વૃદ્ધ હોય, અશક્ત હોય, એવા લોકોને પેન્શન માટે ધક્કા ન ખાવા પડે એ માટે સરળીકરણ કર્યું છે અને કોઇ તકલીફ હોય તો મારું વ્યક્તિગત ધ્યાન દોરજો.

શ્રી મહેન્દ્રસિંહ ક. બારૈયા : છઠ્ઠા પગાર પંચના એરિયર્સના બાકી નાણાં છે એ બાબતે માનનીય મંત્રીશ્રી પાસે જવાબ માગું છું. છઠ્ઠા પગાર પંચની એરિયર્સની તફાવતની રકમના જે નાણાં જમા છે એ હપ્તા કેટલા ચૂકવ્યા?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું ચકાસણી કરી લઇશ.

**વડોદરા ખોરાક અને ઔષધ પ્રયોગશાળા દ્વારા દવાના ચકાસેલ નમૂનાઓ**

* ૧૬૧૦ **શ્રી મધુભાઇ બા. શ્રીવાસ્તવ(વાઘોડિયા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વડોદરા ખોરાક અને ઔષધ પ્રયોગશાળા દ્વારા દવાના કેટલા નમૂનાઓ ચકાસવામાં આવ્યા, | (૧) ૧૧,૯૯૨ |
| (૨) કેટલા નમૂનાઓ નાપાસ જાહેર થયા, અને | (૨) ૮૩૩ |
| (૩) નાપાસ થયેલ નમૂનાઓ બાબતે શા પગલાં લેવામાં આવ્યા ? | (૩) (૧) નાપાસ થયેલ નમુનાઓ બાબતે SMS સીસ્ટમ દ્વારા ઉત્પાદક, રીટેલર, હોલસેલર તથા સી.એમ.એસ.ઓ. ને વેચાણ/વિતરણ બંધ કરવા અને આવી દવા પરત ખેંચવા મેસેજ કરવામાં આવે છે. |

(૨) નાપાસ થયેલ નમુનાઓના ઉત્પાદકો સામે ઔષધ અને સૌંદર્ય પ્રસાધન ધારો અને તે અન્વયેના નિયમો હેઠળ કાર્યવાહી કરવામાં આવે છે.

(૩) મધ્યસ્થ ઔષધ ભંડાર તંત્ર (C.M.S.O.) અને કામદાર રાજ્ય વિમા યોજના (E.S.I.S.) ના નમુનાઓના કિસ્સામાં પરિણામની જાણ C.M.S.O. અને E.S.I.S. ને કરવામાં આવે છે. જેથી તેઓ નાપાસ થયેલ નમુનાનું વિતરણ ન કરે અને એજન્સી સામે જરૂરી કાર્યવાહી હાથ ધરે.

**શ્રી મધુભાઈ શ્રીવાસ્તવ** : માનનીય અધ્યક્ષશ્રી,અપ્રમાણિત દવાઓનો વપરાશ તાત્કાલિક અટકે તે માટે સરકારે શું પગલાં લીધા? બીજો પ્રશ્ન વડોદરાની પ્રયોગશાળામાં કયા કયા પ્રકારની દવાઓના નમૂનાઓની ચકાસણી કરવામાં આવે છે? જે ૮૩૩ જેટલા નમૂના નામંજૂર થયાં છે એ કયા કારણે થયાં છે?

શ્રી પરબતભાઇ સ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, કેન્દ્ર સરકારના Ministry of Administrative Reforms and Public Grievance વિભાગ દ્વારા ગુજરાત સરકારના web base online software xln-xtended licensing & Laboratory Node of Sales ને સુવર્ણચંદ્રક તથા પ્રમાણપત્રથી બિરદાવવામાં આવેલ હતું જે રાજય માટે ગૌરવની વાત છે, માનનીય સભ્યશ્રીએ અપ્રમાણિત દવાઓનો વપરાશ તાત્કાલિક અટકાવવા માટે શું વ્યવસ્થા કર્યાનું પૂછ્યું છે ત્યારે જણાવું કે તમામ કેમિસ્ટોને તેઓના મોબાઇલ પર અપ્રમાણિત દવાઓની વિગતો જણાવી તેનું વેચાણ તાત્કાલિક અસરથી બંધ કરવા અને પોતાની પાસેનો જથ્થો જે તે ઉત્પાદકને પરત મોકલી આપવા જણાવવામાં આવેલ છે, આ પ્રકારની એસ.એમ.એસ. સુવિધા શરૂ કરનાર ગુજરાત રાજ્ય સમગ્ર દેશમાં પ્રથમ રાજ્ય છે, આવી દવાઓનું વિતરણ અટકે તે માટે સતર્કતા દાખવવા તંત્રના તમામ તાંત્રિક અધિકારીઓને તથા અન્ય રાજ્યોના ડ્રગ્સ કન્ટ્રોલરને પણ આ એસ.એમ.એસ. મોકલવામાં આવેલ છે. સાથે સાથે એમણે બીજો પ્રશ્ન પૂછ્યો કે પ્રયોગશાળા દ્વારા કયા કયા પ્રકારની દવાઓની ચકાસણી કરવામાં આવે છે, તો વડોદરા પ્રયોગશાળા દ્વારા આયુર્વેદિક, હોમિયોપેથિક અને એલોપેથી દવાઓની ટેબલેટ, કેપ્સ્યુલ્સ, સીરપ, ઓઇન્ટમેન્ટ, ઇંજેક્શન, સર્જિકલ આઇટિમ, કોન્ડમ, ટ્રાન્સ્ફ્યુઝન સેટ જેવી વિવિધ પ્રકારની દવાઓના નમૂનાઓની ચકાસણી કરવામાં આવે છે. વડોદરા પ્રયોગશાળામાં દવાની ચકાસણી માટે નીચે મુજબના વિભાગો આવેલાં છે. pharmacology department, immunology department, pharmachemistry department, pharmacology માં આયુર્વેદિક તથા સર્જીકલ આઇટમોના નમૂનાઓની માઇક્રોસ્કોપી ટેસ્ટીંગ કરવામાં આવે છે.

શ્રી યોગેશ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, વડોદરા મહા નગરપાલિકા દ્વારા ૯૬૩ ખોરાકના નમૂના લીધા છે. તેમાં ૮૧ સેમ્પલ નાપાસ થયા. આ નાપાસ થયેલા નમૂનાઓ ઉપર કાર્યવાહી કરવા માટે ડેપ્યુટી કમિશ્નર, ગાંધીનગરથી તેની પરવાનગી આપવામાં આવે છે. ફકત ૧૦ કેસમાં જ પરવાનગી મળી છે. તો આ સત્તા વડોદરા મહા નગરપાલિકાને આપવા માગો છો કે કેમ? અને બીજુ સાહેબ આ પ્રશ્નમાં ૮૩૩ નમૂના જે જાહેર થયા છે તેમાંથી કેટલા ઉપર કાર્યવાહી કરવામાં આવી?

શ્રી પરબતભાઇ સ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, જે તેમણે મહા નગરપાલિકાને સત્તા આપવાની વાત કરી છે તો રાજય સરકાર જે અધિકારીઓની નિમણૂક કરે છે તે મુજબ જ સાહેબ, અત્યારે કાર્યવાહી

કરવામાં આવે છે. સાથે સાથે જે નમૂનાઓ તેમાં પાસ થાય છે અને જે રદ થયા તેની સત્તા નિયમોનુસારની કાર્યવાહી કરવા માટે તંત્રને જે તે વખતે જાણ કરી છે.

**ગાંધીનગર જિલ્લામાં વાણિજિયક વેરાની આવક**

* ૧૫૪૨ **શ્રી અશોકકુમાર ર. પટેલ(ગાંધીનગર ઉત્તર) : માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સને વર્ષ ૨૦૧૧–૧૨ના વર્ષ દરમ્યાન ગાંધીનગર જિલ્લામાં વાણિજિયક વેરાની કેટલી આવક રાજ્ય સરકારને મળી, | (૧) રૂા. ૯૫૭.૨૫ કરોડ. |
| (૨) નાણાકીય વર્ષ ૨૦૧૦–૧૧ના પ્રમાણમાં કેટલો વધારો થયેલ છે, અને | (૨) રૂા. ૩૦૯.૭૩ કરોડનો વધારો થયેલ છે. |
| (૩) જો, ઘટાડો થયેલ હોય તો તેના શાં કારણો છે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

શ્રી અશોકકુમાર ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માંગુ છું કે, ગાંધીનગર જિલ્લાની વર્ષ ૨૦૦૯–૧૦ થી ૨૦૧૩ સુધીની સમયની કુલ આવક કેટલી થઇ ? અને તેમાં બીજો પ્રશ્ન છે કે વધુ વેરો ભરતાં ગાંધીનગર જિલ્લાના પાંચ એકમો કયા કયા છે ?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, રાજયની આવક વધવાના જે અનેક કારણો છે તેમાં વાયબ્રન્ટ ગુજરાત હોય, કૃષિ મહોત્સવ હોય કે અન્ય વ્યવસ્થા હોય, ગામડાંથી માંડી શહેર સુધી અનેક સર્વિસ સેકટરનો વિકાસ થયો હોય તેના કારણે રાજયની આવક સતત વધતી જાય છે અને વધેલી આવકનો પ્રજાકીય કામોમાં, વિકાસના કામોમાં ઉપયોગ કરવો એ આ સરકારની નેમ છે. એ પ્રમાણે રાજયનો જે ગ્રોથ છે તે સતત વધે છે. તેમાં ગાંધીનગરની અમારી વેટની ઓફિસ છે એમાં અમે જવાબમાં જ આપ્યું છે કે ૯૫૭.૨૫ કરોડની જે ૨૦૧૧–૧૨ની આવક હતી તેમાં ગયા વર્ષ કરતાં ૩૦૯.૭૩ કરોડનો એટલે કે લગભગ ૪૭.૮૩ ટકાનો વધારો થયો છે અને રાજયમાં વિવિધ જગ્યાએથી જે ઉદ્યોગ ધંધા, કંપનીઓ વગેરેનું ટર્ન ઓવર વધવાના કારણે આપણી આવક સતત વધતી જાય છે.

શ્રી બળદેવજી ચં. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માંગુ છું કે, કલોલ તાલુકાના કુલ કેટલા ઉદ્યોગ ગૃહો પાસે વેચાણ વેરાની રકમ બાકી છે? સૌથી વધારે કયા ઉદ્યોગ ગૃહ પાસે બાકી છે? અને તેને વસૂલ કરવા માટે આપ શું કાર્યવાહી કરવા માગો છો?

અધ્યક્ષશ્રી : કોઇ તાલુકાની માહિતી હોય તો, આ તો જિલ્લાનો સવાલ છે આખો.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : આમાં સાહેબ વધારાની માહિતી છે બાકીની માહિતી તેમણે અલગ નથી માગી. પ્રશ્નમાં નથી આવતુ સાહેબ.

શ્રી બળદેવજી ચં. ઠાકોર : કલોલ તાલુકો ગાંધીનગર જિલ્લામાં આવ્યો છે. હમણાં મંત્રીશ્રી આખા રાજયની માહિતી આપતા હતા.

અધ્યક્ષશ્રી : આ જિલ્લા પૂરતું હોય.

શ્રી બળદેવજી ચં. ઠાકોર : હું વાણિજય વેરાની વાત કરું છું, બીજી કોઇ વાત નથી કરતો સાહેબ. પ્રશ્નની જ વાત કરું છું અને તેમની પાસે જવાબ ના હોય તો હું આપું. મારી પાસે છે જવાબ. હું કહું છું કલોલ તાલુકાની અંદર કેટલા ઉદ્યોગ ગૃહો પાસે કુલ કેટલી વેરાની રકમ બાકી છે?

અધ્યક્ષશ્રી : પણ તે આમાં ના આવે. આખા જિલ્લાની આવક કેટલી છે, કેટલો વધારો થયો છે. હવે તેમાં કયા કયા તાલુકાની કેટલી કેટલી આવક થઇ અને કયા કયા તાલુકામાં કેટલુ કેટલુ બાકી છે તે પ્રશ્ન જો આમાં હોત ને, તો ચોક્કસ કહેવાત. એમાં આ નથી બળદેવજીભાઇ.

શ્રી બળદેવજી ચં. ઠાકોર : કલોલ તાલુકાના કેટલા ઉદ્યોગ ગૃહોનો વેચાણ વેરો બાકી છે ? અને સૌથી વધારે વેચાણ વેરો..

અધ્યક્ષશ્રી : તેના પાંચ તાલુકા હોય તો પાંચે પાંચ તાલુકાના કેટલા બાકી છે, કોની પાસે કેટલી રકમ બાકી છે , રકમ બાકી રહેવાના કારણો શું છે, વસૂલાત શું કરી, બધી ડિટેઇલ ન હોય. આ જિલ્લાનો જનરલ પ્રશ્ન છે.

શ્રી બળદેવજી ચં. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, આ જિલ્લાની જ વાત છે. કલોલ તાલુકો ગાંધીનગર જિલ્લામાં જ આવેલો છે.

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી, કલોલ તાલુકામાં કોની પાસે કેટલી કેટલી રકમ બાકી છે તેની માહિતી ટેબલ પર મૂકી દેજો. માનનીય બળદેવજી, આપને મળી જશે.

શ્રી બળદેવજી ચં. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, ૨૧મી ફેબ્રુઆરીના રોજ માનનીય મંત્રીશ્રીએ જ જવાબ આપેલો છે કે ૯૪ ઉદ્યોગગૃહો પાસે ૫૧૪૨ લાખ રૂપિયા બાકી છે અને એક જ ઉદ્યોગગૃહ પાસે ૩૭૬૭ લાખ રૂપિયા બાકી છે.

અધ્યક્ષશ્રી : એક ઉદ્યોગગૃહ પાસે કેટલી બાકી છે, તે આમાં જનરલ સવાલમાંથી ન આવે, માનનીય શંભુજી.

શ્રી શંભુજી ચે. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું એ જાણવા માગું છું કે ગાંધીનગર જિલ્લામાં વર્ષ ૨૦૧૦–૧૧ દરમિયાન તથા વર્ષ ૨૦૧૧–૧૨ દરમિયાન કેટલા વેપારીઓએ નોંધણી નંબર મેળવેલ છે?

અધ્યક્ષશ્રી : આમાં એ ન આવે, નોંધણી નંબર મેળવેલ છે કે કેમ કેટલાએ મેળવેલ છે, કેટલા નામંજૂર કર્યા છે અને કારણો શું છે એ બધુ આમાં ન આવે. આ તો જનરલ પ્રશ્ન આવક માટેનો છે.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : ગુજરાત રાજયમાં મોટા ભાગે આપણી આવક વધી રહી છે. ગાંધીનગરમાં પણ આવક વધી છે. પરંતુ પછી જે રીફંડ લેવાની સીસ્ટમ છે તેના દિવસો ફિકસ કરેલા છે, તેમ છતાં તેમાં ઘણો વધારે સમય લાગે છે. તો તેના માટે રાજય સરકાર જેમ બીજા પાસેથી ૧૮ ટકા વ્યાજ વસૂલ કરે છે તે રીતે આમાં પણ ૧૮ ટકા વ્યાજ આપવા માગે છે કે કેમ?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આ આવક અંગેનો પ્રશ્ન છે. પરંતુ એમનું સૂચન છે.

અધ્યક્ષશ્રી : આ કાયદામાં છે?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : કાયદામાં છે.

અધ્યક્ષશ્રી : કાયદો સુધારવો પડે. પ્રશ્ન ક્રમાંક ૮.

**સિધ્ધપુર તાલુકાના દેથળી ખાતે નવી સરકારી હોમિયોપેથી કોલેજ સંલગ્ન હોસ્પિટલ સ્થાપવા બાબત**

* ૧૫૮૫ **શ્રી રણછોડભાઇ મ. દેસાઇ(પાટણ) : માનનીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પાટણ જિલ્લાના સિધ્ધપુર તાલુકાના દેથળી ખાતે નવી સરકારી હોમિયોપેથી કોલેજ સંલગ્ન હોસ્પિટલ સ્થાપવાની રાજ્ય સરકારે કોઈ યોજના કરેલ છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા, તોઆ યોજનાની વિગતો શી છે, અને | (૨) રાજ્ય સરકાર ધ્વારા વર્ષ–૨૦૧૦–૧૧માં મું. દેથળી, તા. સિધ્ધપુર, જિ. પાટણ ખાતે નવી સરકારી હોમિયોપેથી કોલેજ શરૂ કરવા નિર્ણય થયેલ છે. મહેસુલ વિભાગ ધ્વારા ૧૯.૭૫ એકર જમીન ફાળવવામાં આવેલ છે. હાલ બાંધકામ ચાલુ છે. |
| (૩) તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તે પાછળ અંદાજિત કેટલો ખર્ચ થયેલ છે ? | (૩) છેલ્લા બે વર્ષમાં અંદાજીત રૂા. ૧૨.૭૫ કરોડ ખર્ચ થયેલ છે. |

શ્રી રણછોડભાઇ મ. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે ગુજરાત રાજયમાં કુલ કેટલી સરકારી ગ્રાન્ટેડ હોમિયોપેથી કોલેજો છે અને સ્વનિર્ભર હોમિયોપેથી કોલેજો

કેટલી છે? રાજ્ય સરકાર દ્વારા સરકારી હોમિયોપેથી કોલેજ તેમજ સંલગ્ન હોસ્પિટલ શરૂ કરવાનો નિર્ણય ક્યારે કરવામાં આવ્યો છે?

શ્રી પરબતભાઇ સ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજયમાં અત્યાર સુધી એક પણ સરકારી હોમિયોપેથી કોલેજ નહોતી. વર્ષ ૨૦૧૦–૧૧માં પાટણ જિલ્લાના સિધ્ધપુર તાલુકાના દેથળી ખાતે સૌ પ્રથમ હોમિયોપેથી સરકારી હોસ્પિટલ શરૂ કરવાનો નિર્ણય રાજય સરકારે કરેલો છે. આ સિવાય રાજયમાં કુલ ૧૬ હોમિયોપેથી કોલેજો આવેલી છે. એમાંથી ૪ ગ્રાન્ટ–ઇન–એઇડ છે અને ૧૨ સ્વનિર્ભર કોલેજ આવેલી છે. માનનીય સભ્યશ્રીએ માહિતી માગી છે, એમાં સહાયિત અનુદાનથી ચાલતી હોમિયોપેથી કોલેજો છે, એમાં ગુજરાત હોમિયોપેથી મેડીકલ કોલેજ, સાવલી, જિલ્લો વડોદરા, જે સર્વ પ્રથમ હતી. શ્રીમતી એ. જે. ચાવલા હોમિયોપેથી મેડીકલ કોલેજ મહેસાણા, ડો. વી.એચ. દવે હોમિયોપેથી મેડીકલ કોલેજ, આણંદ, અને આણંદ હોમિયોપેથી મેડિકલ કોલેજ આણંદ, આ ૪ ગ્રાન્ટ–ઇન–એઇડ છે બાકીની ૧૨ સ્વ નિર્ભર છે. એમાં એક સુરત, બીજી વડોદરા ખાતે છે. નામ આપતો નથી. કારણ કે લાંબો જવાબ થશે.

અધ્યક્ષશ્રી : એક મિનીટ, માનનીય નાગરભાઇ.

શ્રી નાગરજી હ. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, આપશ્રીના માધ્યમથી હું એ જાણવા માગું છું કે દેથળી ખાતેની સરકારી હોમિયોપેથી કોલેજ તેમજ તેને સંલગ્ન હોસ્પિટલમાં કઇ કઇ સુવિધાઓ ઉપલબ્ધ થનાર છે?

શ્રી પરબતભાઇ સ. પટેલ : આ સરકારી હોમિયોપેથી કોલેજ શરૂ થનાર છે એમાં ૧૦૦ સીટ સ્નાતક વિદ્યાર્થીઓ માટે અને સાથે સાથે કોલેજ અને હોસ્પિટલમાં ૫૦ પથારી અને સ્પેશ્યલ રૂમની સુવિધા ઉપલબ્ધ થનાર છે. જેમાં હોમિયોપેથીમાં મેડીસીન, સર્જરી, ગાયનેક વગેરે વિભાગોનું આયોજન કરેલ છે.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : હમણાં માનનીય મંત્રીશ્રી કહેતા હતા, એ અંગે મારે ટૂંકમાં કહેવું છે. હોસ્પિટલ ફેઇઝ–૧નું સરકારે ઉદ્ઘઘાટન કર્યુ, અને જો ઉદ્ઘઘાટન કર્યુ હોય તો આપણું મહેકમ કેટલું છે અને આજની તારીખમાં ત્યાં સ્ટાફ કેટલો છે?

શ્રી પરબતભાઇ સ. પટેલ : હજી બાંધકામ જ ચાલુ છે. આ શરૂ કરવા માટેની મંજૂરી લેવાની છે, એની કાર્યવાહી અત્યારે ચાલુ છે.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : પૂર્વ મંત્રીશ્રીએ ધામધૂમથી ઉદ્ઘઘાટન કર્યું હતું. ઉદ્ઘઘાટન થયા પછી ત્યાં સ્ટાફ નથી, આ ફકત ચૂંટણીલક્ષી ઉદ્ઘઘાટન કરવામાં આવ્યું હતું.

શ્રી પરબતભાઇ સ. પટેલ : અત્યારે કોલેજ બિલ્ડિંગ અને હોસ્પિટલના મકાનનું બાંધકામ ચાલી રહ્યું છે અને કોલેજ મંજૂરી લીધા પછી શરૂ થશે.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : આ સારુ કામ છે.

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી, કોલેજ અને હોસ્પિટલ ચાલુ થયા છે કે કેમ?

શ્રી પરબતભાઇ સ. પટેલ : હોમિયોપેથી કોલેજ પણ શરૂ કરવાની છે અત્યારે બાંધકામની કાર્યવાહી શરૂ કરેલ છે.

અધ્યક્ષશ્રી : નવી કોલેજ શરૂ કરે છે.

શ્રી જસાભાઇ ભા. બારડ : કોલેજના ઉદ્ઘઘાટન કર્યા પછી આજે ઓ.પી.ડી. વિભાગ શરૂ કર્યો છે કે કેમ? અત્યારે સ્ટાફ હશે તો કામ ચાલુ હશે ને? ઓ.પી.ડી. ચાલુ છે કે કેમ?

શ્રી પરબતભાઇ સ. પટેલ : સન ૨૦૧૧ થી હોસ્પિટલ અને કોલેજના બાંધકામની કાર્યવાહી શરૂ કરેલી છે. કોલેજની શરૂઆત હવે કરવાના છીએ એનું નવું બિલ્ડિંગ બંધાઇ રહ્યું છે અને કામ પૂર્ણતાના આરે છે.

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી, જૂની હોસ્પિટલ ચાલુ છે?

શ્રી પરબતભાઇ સ. પટેલ : નવી જ કોલેજ શરૂ કરવાની છે.

તા. ૨૮મી ફેબ્રુઆરી, ૨૦૧૩
તારાંકિત પ્રશ્નો

**શામળાજી આર.ટી.ઓ. ચેક પોસ્ટની આવક**

* ૧૫૩૫ **શ્રી શંકરભાઇ લ. પટેલ(વાવ) : માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) શામળાજી આર.ટી.ઓ. ચેકપોસ્ટને સને ૨૦૧૨માં તા. ૩૧–૧૨–૧૨ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલી આવક થઈ, | (૧) રૂા. ૫૮.૧૭ કરોડની આવક થઈ. |
| (૨) સન ૨૦૧૧ના વર્ષના પ્રમાણમાં આવકમાં કેટલો વધારો/ઘટાડો થયો, અને | (૨) આવકમાં રૂા. ૦૧.૬૪ કરોડનો વધારો થયો. |
| (૩) જો, આવકમાં ઘટાડો થયો હોય તો તેના કારણો શા છે? | (૩) આવકમાં વધારો થયેલ હોઈ, પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

શ્રી શંકરભાઇ લ. પટેલ : શામળાજી ચેકપોસ્ટ ઉપર ૫૮.૧૭ કરોડની આવક થઇ અને સન ૨૦૧૧ના વર્ષની સરખામણીએ વર્ષ ૨૦૧૨માં એક જ વરસમાં આવકમાં ૧.૬૪ કરોડનો વધારો થયો છે. મારો પ્રશ્ન એ છે કે દસ વર્ષ પહેલા જે આવક હતી એની જગ્યાએ અત્યારે આવકમાં ધરખમ વધારો થવાને લીધે વિકાસના કામો સારી રીતે થઇ રહ્યા છે એ અભિનંદનીય છે. મારે મંત્રીશ્રી પાસેથી એ જાણવું છે કે આ વધારો કઇ રીતે થયો એમાં ટેકનોલોજીનો ઉપયોગ શું શું કર્યો? આ શામળાજી ચેક પોસ્ટ નજીક રાજસ્થાનની બોર્ડર આવેલી છે ત્યાં રતનપુર ચેક પોસ્ટ આવેલી છે. આ બંનેની સરખામણી, એમની અને આપણી આવકમાં શું વધારો ઘટાડો થયો છે એ મારે જાણવું છે. ત્રીજો મારો પ્રશ્ન એ છે કે શામળાજી ચેક પોસ્ટ રાજસ્થાનની રતનપુર ચેક પોસ્ટ ની બાજુમાં છે. માંડવાળ સ્કિમ છે ઓવરલોડ માટેની તો એની ફીમાં તફાવત શું છે એ મારે જાણવું છે?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, અગાઉ જે પ્રમાણે મેં ભીલાડ ચેક પોસ્ટના પ્રશ્નના જવાબમાં વિગત આપી તે પ્રમાણે માનનીય શંકરભાઇએ જે બાબત પૂછી છે, આ ચેક પોસ્ટ ઉપર પણ આપણી આવકમાં વધારો થયો છે. તેમાં તેમણે જે કહ્યું કે શું સુવિધા અને વ્યવસ્થા ઉભી કરી, તો તેમાં આપણે ઘણાં વર્ષ પહેલાં કોમ્પ્યુટરાઇઝ ઇલેકટ્રોનિક વે–બ્રિજ નાખેલો છે. અન્ય વ્યવસ્થા પણ આપણે ઉપલબ્ધ કરી છે. બીજુ, મેં અગાઉ મહારાષ્ટ્રના આંકડા કમ્પેરીઝન માટે નજીકની ચેકપોસ્ટના મેળવ્યા હતા. એવી રીતે શામળાજી ચેકપોસ્ટ જે રાજસ્થાન સરહદ ઉપર છે તેની બાજુમાં રાજસ્થાનની જે રતનપુર ચેકપોસ્ટ છે તેની પણ વિગત મેળવી. જેથી રાજયમાં આપણને ખ્યાલ આવે કે આપણી કોઇ કામગીરીમાં કચાશ હોય તો તેમાં સુધારો કરી શકીએ, તો મને નવાઇ પણ લાગી અને દુઃખ પણ થયું અને બીજી રીતે આનંદ પણ થયો કે મહારાષ્ટ્રમાં પણ કોંગ્રેસની સરકારમાં આવક ઓછી છે અને રાજસ્થાનમાં કોંગ્રેસની સરકારમાં આ આવક ઓછી છે.

અધ્યક્ષશ્રી : કમ્પેરીઝન કંઇ નહી..

શ્રી નીતિનભાઇ ર. પટેલ : સાહેબ, હું આંકડા આપી દઉં. શામળાજી ચેકપોસ્ટ ઉપર ૨૦૦૭–૦૮માં ૬૦ કરોડ ૯૩ લાખ, રાજસ્થાનની રતનપુર ઉપર ૨૪ કરોડ ૮૧ લાખ, ૨૦૦૮–૦૯માં ૬૧ કરોડ ૧૪ લાખ, રાજસ્થાનની ૨૩ કરોડ ૭૩ લાખ, ૨૦૦૯–૧૦માં ગુજરાતની ૫૪ કરોડ ૪૭ લાખ, રાજસ્થાનની ૨૩ કરોડ ૧૫ લાખ. ૨૦૧૦–૧૧માં ગુજરાતની ૫૭ કરોડ ૦૮ લાખ, રાજસ્થાનની ૨૭ કરોડ ૨૬ લાખ અને છેલ્લા વર્ષમાં ગુજરાતની ૫૬ કરોડ ૮૧ લાખ અને રાજસ્થાનની ૨૮ કરોડ એટલે આપણાં કરતા અડધી આવક એ જ બોર્ડર, એ જ રસ્તો, એ જ વાહન હોવા છતાં આપણી આવક રાજસ્થાન કરતા આ બોર્ડર ઉપર વધુ છે.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, મારે માનનીય મંત્રીશ્રીને અભિનંદન આપવા છે. આ શામળાજી ચેકપોસ્ટ ઉપર ૧.૬૪ કરોડનો વધારો થયો, જયારે પ્રશ્ન–૧માં સોનગઢમાં ઘટાડો થયો. ઓવરલોડ કરતા વાહન ઉપર કડક પગલાં લેવામાં આવતા હોવાથી ત્યાં ઘટાડો થયો હતો, અહીં આવકમાં

વધારો થયો છે એટલે મારે આપના મારફત માનનીય મંત્રીશ્રીને પૂછવું છે કે અહીંયા જે વાહનો આવે છે એ ઓવરલોડ દારૂની ખેપ ભરીને આવે છે?

અધ્યક્ષશ્રી : એ સવાલ નથી. એ પ્રશ્ન નીકળી જશે. શું ભરીને આવે છે એ નહીં, આવકનું જ પૂછો. તેમાં દારૂ ભરે, સોનુ ભરે, ચાંદી ભરે, રેતી ભરે એનો સવાલ નથી.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, અહીંયા દારૂની ઓવરલોડ બોટલો ભરીને આવે એટલે વધારો થયો છે?

અધ્યક્ષશ્રી : એ કંઇ નહીં. બેસો. કંઇ જવાબ આપવાની જરૂર નથી. માનનીય જોષીયારા.

ડો. અનિલ જોષીયારા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ ગયા વખતે આ જ ગૃહમાં જવાબ આપેલો કે મોટા ભાગની ચેકપોસ્ટ ઉપર આવક ઘટી છે અને એનું કારણ એ છે કે જે કોમ્પ્યુટરાઇઝ્ડ વેઇંગ મશીન છે એ જૂના થઇ ગયા છે. એ વેલ્ડીંગ કરી કરીને ચલાવે છે એના લીધે એની આવક ઘટી છે અને બીજો સ્ટાફનો પ્રોબ્લેમ છે, તો મંત્રીશ્રી અહીં જે આવક વધી છે એવું બતાવે છે તો ખરેખર પોતાનો રેકોર્ડ ચેક કરે. મારી વિનંતી છે. ખરેખર આવક ઘટી છે અને મોટા ભાગની આવક મેં આપને પણ વાત કરી હતી કે બહાર જતી રહે છે તો સરકારને રેવન્યુ મળે તેના માટે આપના શું પ્રયત્નો રહેશે અને આ વેઇંગ મશીનો કયારે બદલવા માગો છો? એ મારો પ્રશ્ન છે.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, વિરોધપક્ષના માનનીય સભ્યશ્રીઓ ખૂબ હોંશિયાર છે. ખૂબ જાણકાર છે એટલે રાજસ્થાનની અને આપણી કમ્પેરીઝનથી હું એમ માનું છું, એટલું તો સમજયા હશે કે રાજસ્થાન કરતા ડબલ આવક આપણી છે, એને પણ આપણે વધારવી છે. હજુ કોઇ નાની–મોટી ચૂક હોય, કોઇ લૂપહોલ્સ હોય, સહેજ પણ છટકબારી આપણે રહેવા દેવા માગતા નથી. જયાં કાંટા જૂના થઇ ગયા છે, શકય ઉપયોગ કરીને તેનું વજન પ્લસ–માઇનસ થાય છે ત્યાં જરૂરિયાત પ્રમાણે આપણે વે–બ્રિજ પણ બદલીશું અને રાજયની તિજોરીમાં આવક જમા થાય એવું કરીશું. માનનીય અધ્યક્ષશ્રી, પરેશભાઇએ જે દારૂની વાત કરી હતી આ તો કલ્યાણકારી રાજય છે. દારૂની છૂટ તો તમારા રાજસ્થાનમાં છે. ત્યાં દારૂની હેરફેર થાય છે. અમારા ગુજરાતમાં નથી થતી.

**એન.એ. બી.એલ. ધરાવતી ખોરાક અને ઔષધ નિયમન તંત્રની પ્રયોગશાળાઓ**

* ૧૫૯૨ **શ્રીમતી મનીષા રા. વકીલ(વડોદરા શહેર) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ રાજયની ખોરાક અને ઔષધ નિયમન તંત્રની કેટલી પ્રયોગશાળાઓ એન.એ.બી.એલ ધરાવે છે, અને | (૧) ૨ (બે) |
| (૨) બાકીની પ્રયોગશાળાઓ માટે એન.એ.બી.એલ. પ્રમાણપત્ર મેળવવા શી કાર્યવાહી કરવામાં આવેલ છે? | (૨) બાકીની પ્રયોગશાળાના નવા મકાનોનું બાંધકામ ચાલુમાં હોઈ હાલ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

શ્રીમતી મનિષા રા. વકીલ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે, એન.એ.બી.એલ. એટલે શું અને એ કઇ એજન્સી દ્વારા આપવામાં આવે છે?

શ્રી પરબતભાઇ સ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, એન.એ.બી.એલ. એટલે નેશનલ એક્રેડીટેશન બોર્ડ ફોર ટેસ્ટીંગ એન્ડ કેલીબરેશન લેબોરેટરી. એન.એ.બી.એલ. ડિપાર્ટમેન્ટ ઓફ સાયન્સ એન્ડ ટેકનોલોજી, ન્યૂ દિલ્હી દ્વારા આપવામાં આવે છે.

શ્રી આત્મારામ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, એન.એ.બી.એલ. પ્રમાણપત્ર મેળવવાના ધારા ધોરણો શું છે અને કુલ કેટલી પ્રયોગશાળાઓને તે મળેલ છે અને આગામી વર્ષમાં નવી કેટલી પ્રયોગશાળાઓનું બાંધકામ કરવાનું આયોજન છે?

શ્રી પરબતભાઇ સ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, એન.એ.બી.એલ. સર્ટિફિકેટ મેળવવા માટે ભારત સરકારના ડિપાર્ટમેન્ટ ઓફ સાયન્સ એન્ડ ટેકનોલોજીની નવી દિલ્હી ખાતે ઓફિસ છે. ત્યાં અરજી કરવાની

હોય છે અને એના ધારા–ધોરણો પ્રમાણે પ્રમાણપત્ર મળે છે. એ મેળવવા માટે આપણે રજૂઆત કરેલ હતી અને ભુજ અને વડોદરા એમ બે પ્રયોગશાળાઓને આ પ્રમાણપત્ર મળેલ છે. એમાં વડોદરાની પ્રયોગશાળા સમગ્ર દેશમાં પ્રથમ છે. રાજકોટની પ્રયોગશાળાને એન.એ.બી.એલ.નું પ્રમાણપત્ર મળે તે માટેની કાર્યવાહી ચાલુ છે. ત્રણ મહા નગરપાલિકાઓ વડોદરા, સુરત અને અમદાવાદ આ પ્રયોગશાળાઓને પ્રમાણપત્ર મળે એ માટેની કાર્યવાહી ચાલુ છે. રાજકોટ માટેની બધી જ તૈયારીઓ થઇ રહી છે. એમાં ખૂટતી માહિતી માંગવામાં આવી છે. માનનીય સભ્યશ્રીની જાણ ખાતર એ માહિતી આપું. રાજકોટ ખાતે ખોરાક અને ઔષધ નિયમન તંત્રની પ્રાદેશિક કચેરી છે. જે માહિતી આપવાની છે, એમાં એન.એ.બી.એલ.ની ગાઇડલાઇન, આઇ.એસ.ઓ, આઇયુસી, ૧૭૦૨૫, ૨૦૦૫ મુજબ ક્વોલિટી મેનેજર અને ટેકનિકલ મેનેજરની નિમણૂક કરવામાં આવી છે અને ક્વોલિટી એન્ડ સેફ્ટી મેન્યુઅલ તૈયાર કરી દેવામાં આવ્યા છે. વર્ષ ૨૦૧૧–૨૦૧૨માં ઇન્ટરનલ એન્ડ ઇન્ટ્રા લેબોરેટરી ખોલી હતી..

અધ્યક્ષશ્રી : બસ બસ હવે, જેટલી માહિતી માગી હોય એટલી આપોને.

શ્રી સી. કે. રાઉલજી : માનનીય અધ્યક્ષશ્રી, મારે મંત્રીશ્રી પાસેથી એ જાણવું છે કે, બાકીની પ્રયોગશાળાઓ માટે નવા મકાનો ક્યા જિલ્લામાં શરૂ થઇ રહ્યા છે? આ એન.એ.બી.એલ. પ્રમાણપત્ર મેળવવા માટે નવા મકાનો બંધાય એના માટે એમાં જોગવાઇ કરવામાં આવી છે?

શ્રી પરબતભાઇ સ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ભારત સરકારે ૨૦૦૬માં કાયદો બનાવ્યો. આપણે તા.૫–૮–૨૦૧૧થી અહીંયાં એનું ઇમ્પ્લીમેન્ટેશન શરૂ કર્યું. આપણી ત્રણ મહા નગરપાલિકાઓ વડોદરા, સુરત અને અમદાવાદમાં તેની કાર્યવાહી ચાલુ છે અને ગુજરાત સરકારનું બિલ્ડીંગ છે એ રાજકોટમાં પૂર્ણતાના આરે છે. નવા બિલ્ડીંગો થઇ જાય પછી એમાં એન.એ.બી.એલ.ની કાર્યવાહી શરૂ કરવામાં આવશે.

**જામનગર જિલ્લામાં વાણિજ્યિક વેરાની આવક**

* ૧૫૩૯ **શ્રી ચીમનભાઇ ધ. શાપરીયા(જામજોધપુર) : માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સને વર્ષ ૨૦૧૧–૧૨ના વર્ષ દરમ્યાન જામનગર જિલ્લામાં વાણિજ્યિક વેરાની કેટલી આવક રાજ્ય સરકારને મળી, | (૧) રૂ. ૩૫૮૮.૭૫ કરોડ. |
| (૨) નાણાકીય વર્ષ ૨૦૧૦–૧૧ના પ્રમાણમાં કેટલો વધારો થયેલ છે, અને | (૨) રૂ. ૭૮૯.૧૪ કરોડનો વધારો થયેલ છે. |
| (૩) જો ઘટાડો થયેલ હોય તો શાં કારણો છે? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

શ્રી ચીમનભાઇ ધ. સાપરીયા : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે, જામનગર જિલ્લામાં ૨૦૦૯–૧૦થી તા. ૩૧–૧૨–૨૦૧૨ સુધીમાં વેરાની આવક કેટલી થઇ? જામનગર જિલ્લામાં સૌથી વધારે વેરો ભરતા ક્યા એકમો છે?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતના જામનગર જિલ્લામાં ઘણા ઉદ્યોગો આવેલા છે. એમાં આપણે જાણીએ છીએ તે પ્રમાણે રિલાયન્સ, એસ્સાર વગેરે જેવા આંતરરાષ્ટ્રીય કક્ષાના પેટ્રો પ્રોડક્ટનું ઉત્પાદન કરનાર ઓઇલની રિફાઇનરીઓ આવેલી છે. એના કારણે સ્વાભાવિક છે કે, ત્યાંની કચેરીમાં આવકનું પ્રમાણ વધારે છે.

અધ્યક્ષશ્રી : **પ્રશ્નોત્તરીનો સમય પૂરો થાય છે.**

# અતારાંકિત પ્રશ્નો
# (તારાંકિતમાંથી ફેરવવામાં આવેલ)

**વાણિજ્યિક વેરા સંદર્ભમાં વેપારી વર્ગની સુવિધા માટે અમલમાં મુકેલ પધ્ધતિ**

* ૧૫૪૮ **શ્રી રાકેશ શાહ(એલિસબ્રીજ) : માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|

(૧) રાજ્યમાં તા. ૩૧-૧૨-૨૦૧૨ની સ્થિતિએ વાણિજ્યિક વેરા વિભાગમાં વેપારી વર્ગની સુવિધા માટે આધુનિકરણ તથા ઈન્ફોર્મેશન ટેકનોલોજીની કોઈ પદ્ધતિ અમલમાં મૂકવામાં આવેલ છે કે કેમ, અને

(૧) જી, હા.

(૨) જો હા, તો કઈ કઈ પદ્ધતિ અમલમાં મૂકેલ છે ?

(૨) ગુજરાત રાજ્યમાં મૂલ્ય વર્ધિત વેરા (VAT) ના કાયદાની મુખ્ય કામગીરીનું કોમ્પ્યુટરાઈઝેશન કરવામાં આવેલ છે. તે માટે VATIS (વેલ્યુ એડેડ ટેક્ષ ઈન્ફોર્મેશન સિસ્ટમસ) અમલમાં મૂકવામાં આવેલ છે. જે અંતર્ગત વેપારી વર્ગને નીચે મુજબની e-Services પૂરી પાડવામાં આવે છે.

(૧) ઈ-રજીસ્ટ્રેશન
(૨) ઈ-રીટર્ન
(૩) ઈ-પેમેન્ટ
(૪) ઓન લાઈન સીએસટી ફોર્મ્સ (સી/એફ/એચ)
(૫) ઈન્ફોર્મ ઈ-વે બિલ્સ (૪૦૨-૪૦૩ ફોર્મ્સ)
(૬) ઈ-રીફંડ
(૭) રીફંડ ચૂકવણી ઈલેક્ટ્રોનીકલી
(૮) એમ-ઈન્ફોર્મ તથા એમ-નિવારણ

--------

**મીઠાઈ, ફરસાણની ગુણવત્તા ચકાસવા લીધેલ પગલાં**

* ૧૫૮૮ **શ્રી દુષ્યંતભાઇ ર. પટેલ(ભરૂચ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં સને ૨૦૧૨ના વર્ષમાં જુદા જુદા તહેવારો દરમ્યાન મળતી મીઠાઈ અને ફરસાણની ગુણવત્તા ચકાસવા તંત્ર દ્વારા શા પગલાં લેવામાં આવ્યા, અને

(૨) આ બાબતે જાહેર જનતાની ફરીયાદ નિવારવા માટે સરકાર દ્વારા શી વ્યવસ્થા કરવામાં આવી છે?

**જવાબ**

(૧) મીઠાઈ, ફરસાણ વિગેરેની ગુણવત્તા ચકાસવા સ્પોટ ટેસ્ટીંગ કીટ વિકસાવવામાં આવેલ છે, તથા ટેસ્ટીંગ વાન પણ શરૂ કરવામાં આવેલ છે. આ કીટ તથા ટેસ્ટીંગ વાનની મદદથી વર્ષ ૨૦૧૨ના વર્ષ દરમ્યાન તહેવારોમાં મીઠાઈ તથા ફરસાણની ગુણવત્તા બાબતે ૨૦૪૦ નમૂનાઓની ચકાસણી કરવામાં આવી.

(૨) જાહેર જનતાની ફરીયાદ નિવારણ માટે ટોલ ફ્રી નંબર- ૧૮૦૦ ૨૩૩ ૫૫૦૦ તથા http/gujhealth.gov.in વેબસાઈટ શરૂ કરવામાં આવેલ છે.

---------

**અમરેલી જિલ્લામાં નકલી દૂધ બનાવવા અને વેચવાના નોંધાયેલ કિસ્સા**

* ૧૭૧૮ **શ્રી પરેશ ધાનાણી(અમરેલી) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૨૦૧૩ની સ્થિતિએ અમરેલી જિલ્લામાં છેલ્લા બે વર્ષ દરમ્યાન નકલી દૂધ બનાવવા તથા વેચવાના કેટલા કિસ્સા નોંધાયા,

(૨) આ અંગે કોઈ ફરિયાદ નોંધાયેલ છે કે કેમ,

(૩) જો હા, તો તેની વિગત શી છે,

(૪) આ અંગે સરકાર દ્વારા શા પગલાં ભરવામાં આવ્યા?

**જવાબ**

(૧) તા.૩૧-૧-૨૦૧૩ની સ્થિતિએ અમરેલી જિલ્લામાં છેલ્લા બે વર્ષ દરમ્યાન નકલી દૂધ બનાવવા તથા વેચવાનો કિસ્સો નોંધાયેલ નથી.

(૨), (૩) અને (૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

તા. ૨૮મી ફેબ્રુઆરી, ૨૦૧૩
અતારાંકિત પ્રશ્નો

---------

**અમદાવાદ આર.ટી.ઓ. કચેરીની આવક**

* ૧૫૩૬ **શ્રી બાબુભાઇ જ. પટેલ(દસક્રોઇ) :માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) સને ૨૦૧૨માં, અમદાવાદ જિલ્લા ખાતે આર.ટી.ઓ. કચેરીને છેલ્લા એક વર્ષમાં કેટલી આવક થઇ,

(૧)

| કચેરીનું નામ | થયેલ આવક રૂપિયા કરોડમાં |
|---|---|
| અમદાવાદ આર.ટી.ઓ. | ૩૨૦.૨૦ |
| અમદાવાદ (પૂર્વ) એ. આર.ટી.ઓ. | ૫૮.૪૨ |
| **કુલ :–** | **૩૭૮.૬૨** |

(૨) ૨૦૧૧ના વર્ષની આવકના પ્રમાણમાં આવકમાં કેટલો વધારો/ઘટાડો થયો, અને

(૨) ગત વર્ષની આવકના પ્રમાણમાં આવકમાં એકંદરે નીચે મુજબ વધારો થયો.

| કચેરીનું નામ | રૂપિયા કરોડમાં |
|---|---|
| અમદાવાદ આર.ટી.ઓ. | (–)૧૩.૫૯ |
| અમદાવાદ (પૂર્વ) એ. આર.ટી.ઓ. | (+)૩૬.૫૯ |
| **કુલ :–** | (+)**૨૩.૦૦** |

(૩) જો, આવકમાં ઘટાડો થયો હોય તો તેના કારણો શાં છે?

(૩) આવકમાં એકંદરે વધારો થયેલ હોઈ, પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

એચબી–૭૨૫–૨ **એસ.ટી. નિગમ પાસેથી વાહન રોડ ટેક્ષ કે અન્ય રીતે આપેલ રકમની વસુલાત**

* ૧૭૧૪ **શ્રી પુંજાભાઇ ભી. વંશ(ઉના) : માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા. ૩૧–૧૨–૧૨ ની સ્થિતિએ રાજ્ય સરકાર તરફથી એસ.ટી. નિગમ પાસેથી વાહન રોડ ટેક્સ કે અન્ય રીતે આપેલ કેટલી રકમ પરત લેવાની થાય છે, અને

(૧)

* નિગમને વાહન રોડ ટેક્ષ પેટે કોઈ રકમ સરકારશ્રી તરફથી ફાળવવામાં આવતી નથી.

* સરકારશ્રી તરફથી એસ.ટી. નિગમ પાસે તા. ૩૧–૧૨–૧૨ની સ્થિતિએ નીચે મુજબની રકમ પરત લેવાની થાય છે.

| ક્રમ | વિગત | રકમ રૂ. કરોડમાં |
|---|---|---|
| ૧ | લોન | ૩૭૬.૪૨ |
| ૨ | લોન ઉપરનું વ્યાજ | ૧૯૭.૧૩ |
| ૩ | ઉતારૂ વેરો | ૭૦૬.૮૭ |
| ૪ | મોટર વાહન કર | ૨૬.૩૦ |
| | **કુલ** | **૧૩૦૬.૭૨** |

(૨) તે અન્વયે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં એસ.ટી. નિગમ તરફથી કેટલી રકમ સરકારને આપી?

(૨) રૂ. ૩૨૭.૭૦ કરોડ સરકારશ્રીને પરત કરેલ છે.

---------

### સુરત જિલ્લામાં પેન્શનરોની સંખ્યા

(૧) (૧) ખાદ્ય પદાર્થોમાં થતી ભેળસેળ અંગે જાહેર જનતાની જાગૃતિ માટે વર્તમાનપત્રમાં જાહેર ખબર આપવામાં આવેલ છે. (૨) ''સ્વજાગૃતિથી આરોગ્યની રક્ષા'' નામે પ્રાથમિક પરીક્ષણ કીટ તૈયાર કરી વિતરણ શરૂ કરવામાં આવ્યું, (૩) રીટેલ કાઉન્ટરો ઉપર બેનરો મૂકી આ કીટનો મહત્તમ ઉપયોગ કરવામાં આવેલ છે. (૪) સ્થળ પર ટેસ્ટીંગ કરી શકાય તે માટે મોબાઈલવાન અને એક્ઝીબીશનવાન શરૂ કરેલ છે, (૫) સુરક્ષિત અને આરોગ્યપ્રદ આહાર અને ખાનપાનની રીત પ્રદર્શિત કરવા એક એક્ઝીબીશનવાન રાખેલ છે. જેના દ્વારા રાજ્યમાં જુદા જુદા ૫૭ સ્થળોએ સેમીનાર યોજવામાં આવ્યા.

(૨) રૂા. ૮૧.૪૦ લાખ.

(૩) રૂા. ૪૯.૧૨ લાખ.

તા. ૨૮મી ફેબ્રુઆરી, ૨૦૧૩

અતારાંકિત પ્રશ્નો

---------

## સુરેન્દ્રનગર જિલ્લામાં વાણિજિયક વેરાની આવક

૧૫૪૬ **શ્રી શામજીભાઇ ભી. ચૌહાણ(ચોટીલા) : માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) નાણાકીય વર્ષ ૨૦૧૧–૧૨ દરમ્યાન સુરેન્દ્રનગર જિલ્લામાં વાણિજિયક વેરાની કેટલી આવક રાજ્ય સરકારને મળી, | (૧) રૂ.૧૧૩.૮૭ કરોડ. |
| (૨) આ વર્ષમાં કેટલી રકમ વસુલ કરવાની બાકી છે, અને | (૨) રૂ.૧૦.૩૦ કરોડ. |
| (૩) આ બાકી રકમ વસૂલ કરવા સરકારે ક્યા પ્રકારના પગલાં લીધાં ? | (૩) બાકી વસુલાતવાળા કેસોમાં સંબંધિત કાયદા અન્વયે પગલાં લેવામાં આવેલ છે. |

---------

## સાબરકાંઠા જિલ્લામાં શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ હેઠળ આપેલ સારવાર

૧૮૧૩ **શ્રી અશ્વિન કોટવાલ(ખેડબ્રહમા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૨ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સાબરકાંઠા જિલ્લામાં ખેડબ્રહ્મા, વિજયનગર, ભિલોડા અને મેઘરજ તાલુકામાં શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ હેઠળ તાલુકાવાર કેટલા બાળકોને ક્યા ક્યા રોગો માટે સારવાર આપવામાં આવી, અને | (૧) તા.૩૧–૧૨–૨૦૧૨ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સાબરકાંઠા જિલ્લામાં ખેડબ્રહ્મા, વિજયનગર, ભિલોડા અને મેઘરજ તાલુકામાં શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ હેઠળ તાલુકાવાર કુલ–૪૭૯૫૭ બાળકોને સારવાર આપવામાં આવી, તાલુકાવાર રોગોની સારવારની વિગત દર્શાવતું **પત્રક–અ** આ સાથે સામેલ છે. |
| (૨) તે પૈકી કેટલા બાળકોને રેફરલ અને તજજ્ઞ સારવાર આપવામાં આવી ? | (૨) તાલુકાવાર બાળકોને આપવામાં આવેલ રેફરલ અને તજજ્ઞ સારવારની માહિતી સંલગ્ન **પત્રક–બ** મુજબની છે. |

**પત્રક – અ**

**પત્રક – અ**

| વર્ષ | તાલુકાનું નામ | પાંડુરોગ | આંત્રકૃમિ | દાંતની તકલીફ | આંખની તકલીફ | કાન–નાક–ગળાની તકલીફ | પેટની તકલીફ | ચામડીના રોગ | શરીરની સ્થૂળતા | તમાકુનું સેવન | માનસીક તણાવ | જાતીય રોગો | શ્વસનતંત્રના રોગ | ચેતાતંત્રના રોગ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૨૦૧૦–૨૦૧૧ | ખેડબ્રહ્મા | ૧૬૪૭ | ૧૮૯૪ | ૨૩૫ | ૩૫૨ | ૨૨૮ | ૧૦૦ | ૫૦૫ | ૪૩ | ૨૫૬ | ૦ | ૪ | ૬૫ | ૧૬ |
| | વિજયનગર | ૧૪૪૨ | ૧૩૭૬ | ૧૧૫ | ૧૧૮ | ૧૩૫ | ૨૦૮ | ૧૫૪ | ૬૮ | ૪૩ | ૧૫ | ૧૦ | ૨૬૪ | ૨૭ |
| | ભિલોડા | ૭૫૨ | ૧૦૬૮ | ૩૨૮ | ૩૭૫ | ૧૬૧ | ૬૦ | ૧૬૯ | ૦ | ૪ | ૨૪ | ૩ | ૧૪૪ | ૧ |
| | મેઘરજ | ૨૦૩૨ | ૧૭૮૯ | ૫૨૮ | ૨૭૯ | ૩૫૪ | ૩૧૪ | ૪૪૯ | ૨૬ | ૧૩ | ૦ | ૦ | ૩૯ | ૦ |
| **કુલઃ** | **૫૮૭૩** | **૬૧૨૭** | **૧૨૦૬** | **૧૧૨૪** | **૮૭૮** | **૬૮૨** | **૧૨૭૭** | **૧૩૭** | **૩૧૬** | **૩૯** | **૧૭** | **૫૧૨** | **૪૪** | |
| ૨૦૧૧–૨૦૧૨ (૩૧–૧૨–૧૨ અંતિત) | ખેડબ્રહ્મા | ૨૮૦૮ | ૨૩૦૩ | ૫૫૩ | ૪૫૬ | ૩૧૯ | ૨૮૦ | ૪૯૧ | ૨૭ | ૦ | ૦ | ૧ | ૫૫ | ૭ |
| | વિજયનગર | ૧૯૨૪ | ૧૮૯૦ | ૧૦૩ | ૧૧૪ | ૧૦૭ | ૧૪૨ | ૧૨૮ | ૦ | ૧૪ | ૦ | ૦ | ૦ | ૩ |
| | ભિલોડા | ૨૭૨૦ | ૨૯૭૦ | ૯૦૦ | ૨૫૪ | ૩૭૮ | ૩૦૨ | ૪૫૧ | ૦ | ૩૫ | ૦ | ૦ | ૧૪ | ૦ |
| | મેઘરજ | ૧૩૧૪ | ૧૩૩૪ | ૩૨૮ | ૧૯૭ | ૨૦૮ | ૧૯૭ | ૨૯૭ | ૧૪ | ૧૧ | ૪ | ૦ | ૩૭ | ૦ |
| **કુલઃ** | **૮૭૬૬** | **૮૪૯૭** | **૧૮૮૪** | **૧૦૨૧** | **૧૦૧૨** | **૯૨૧** | **૧૩૬૭** | **૪૧** | **૬૦** | **૪** | **૧** | **૧૦૬** | **૧૦** | |
| **બે વર્ષનું કુલઃ** | **૧૪૬૩૯** | **૧૪૬૨૪** | **૩૦૯૦** | **૨૧૪૫** | **૧૮૯૦** | **૧૬૦૩** | **૨૬૪૪** | **૧૭૮** | **૩૭૬** | **૪૩** | **૧૮** | **૬૧૮** | **૫૪** | |

| વર્ષ | તાલુકાનું નામ | અસ્થિતંત્રના રોગ | વિકલાંગતા | અન્ય | હૃદય | કીડની | કેન્સર | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|
| ૨૦૧૦–૨૦૧૧ | ખેડબ્રહ્મા | ૫ | ૨૧ | ૧૪૩૬ | ૯ | ૨ | ૧ | ૬૮૧૯ |
| | વિજયનગર | ૪૧ | ૩૮ | ૫૫ | ૫ | ૦ | ૦ | ૪૧૧૪ |
| | ભિલોડા | ૧૫ | ૩૨ | ૧૭૩ | ૧૬ | ૧ | ૨ | ૩૩૨૮ |
| | મેઘરજ | ૫ | ૯ | ૨૭૪ | ૭ | ૨ | ૬ | ૬૧૨૬ |
| **કુલઃ** | **૬૬** | **૧૦૦** | **૧૯૩૮** | **૩૭** | **૫** | **૯** | **૨૦૩૮૭** | |
| ૨૦૧૧–૨૦૧૨ (૩૧–૧૨–૧૨ અંતિત) | ખેડબ્રહ્મા | ૧૩ | ૨૩ | ૨૨૭૪ | ૧૦ | ૩ | ૧ | ૯૬૨૪ |
| | વિજયનગર | ૫ | ૩ | ૦ | ૨ | ૧ | ૦ | ૪૪૩૬ |
| | ભિલોડા | ૧ | ૪ | ૯૧૪ | ૧૪ | ૦ | ૧ | ૮૯૫૮ |
| | મેઘરજ | ૨ | ૧૩ | ૫૮૮ | ૩ | ૨ | ૩ | ૪૫૫૨ |
| **કુલઃ** | **૨૧** | **૪૩** | **૩૭૭૬** | **૨૯** | **૬** | **૫** | **૨૭૫૭૦** | |
| **બે વર્ષનું કુલઃ** | **૮૭** | **૧૪૩** | **૫૭૧૪** | **૬૬** | **૧૧** | **૧૪** | **૪૭૯૫૭** | |

**ત્રક – બ**

| | | | | રેફરલ સારવાર | | | | | | | તજજ્ઞ સારવાર | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| **વર્ષ** | **તાલુકાનું નામ** | **સંદર્ભ સેવા પાત્ર બાળકો** | **સંદર્ભસેવા આપેલ બાળકો** | **બાળરોગ નિષ્ણાંત દ્વારા** | **આંખ રોગ નિષ્ણાંત દ્વારા** | **દાંત રોગ નિષ્ણાંત દ્વારા** | **ચામડીના રોગના નિષ્ણાંત દ્વારા** | **કાન, નાક, ગળાના નિષ્ણાંત દ્વારા** | **અન્ય** | **કુલ** | **હૃદય** | **કીડની** | **કેન્સર** | **કુલ** |
| ૨૦૧૦–૨૦૧૧ | ખેડબ્રહ્મા | ૫૫૧ | ૪૦૩ | ૧૯૯ | ૨૯ | ૧૧૫ | ૧૧ | ૨૨ | ૨૭ | ૪૦૩ | ૯ | ૨ | ૧ | ૧૨ |
| | વિજયનગર | ૧૦૭૭ | ૯૭૯ | ૩૩૬ | ૨૭૨ | ૧૫૮ | ૫૪ | ૫૩ | ૧૦૬ | ૯૭૯ | ૫ | ૦ | ૦ | ૫ |
| | ભિલોડા | ૨૫૩ | ૧૪૦ | ૨૭ | ૧૭ | ૧૬ | ૧૭ | ૧૮ | ૪૫ | ૧૪૦ | ૧૬ | ૧ | ૨ | ૧૯ |
| | મેઘરજ | ૨૬૦ | ૧૩૧ | ૮૨ | ૨૩ | ૧૦ | ૪ | ૮ | ૪ | ૧૩૧ | ૭ | ૨ | ૬ | ૧૫ |
| | **કુલઃ** | **૨૧૪૧** | **૧૬૫૩** | **૬૪૪** | **૩૪૧** | **૨૯૯** | **૮૬** | **૧૦૧** | **૧૮૨** | **૧૬૫૩** | **૩૭** | **૫** | **૯** | **૫૧** |
| ૨૦૧૧–૨૦૧૨ (તા.૩૧–૧૨–૧૨ અંતિત) | ખેડબ્રહ્મા | ૩૭૯ | ૩૭૯ | ૫૧ | ૧૧૯ | ૧ | ૩ | ૫૮ | ૧૪૭ | ૩૭૯ | ૧૦ | ૩ | ૧ | ૧૪ |
| | વિજયનગર | ૨૦૧ | ૨૦૧ | ૬૭ | ૪૭ | ૧૦ | ૩ | ૬ | ૬૮ | ૨૦૧ | ૨ | ૧ | ૦ | ૩ |
| | ભિલોડા | ૬૫૨ | ૬૫૨ | ૧૦૭ | ૨૫૨ | ૯૮ | ૬૬ | ૬૫ | ૬૪ | ૬૫૨ | ૧૪ | ૦ | ૧ | ૧૫ |
| | મેઘરજ | ૧૭૦ | ૧૭૦ | ૩૧ | ૩૪ | ૭ | ૨ | ૧૦ | ૮૬ | ૧૭૦ | ૩ | ૨ | ૩ | ૮ |
| | **કુલઃ** | **૧૪૦૨** | **૧૪૦૨** | **૨૫૬** | **૪૫૨** | **૧૧૬** | **૭૪** | **૧૩૯** | **૩૬૫** | **૧૪૦૨** | **૨૯** | **૬** | **૫** | **૪૦** |
| | **બે વર્ષનું કુલઃ** | **૩૫૪૩** | **૩૦૫૫** | **૯૦૦** | **૭૯૩** | **૪૧૫** | **૧૬૦** | **૨૪૦** | **૫૪૭** | **૩૦૫૫** | **૬૬** | **૧૧** | **૧૪** | **૯૧** |

---------

**બનાસકાંઠા જિલ્લામાં મિશન બલમ સુખમ યોજના હેઠળ આપેલ સહાય**

૧૪૭૪ **શ્રી મણીલાલ જે. વાઘેલા(વડગામ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) રાજ્યમાં ‘‘મિશન બલમ સુખમ’’ યોજનાનો અમલ ક્યારથી કરવામાં આવેલ છે, | (૧) તા.૩૦–૮–૨૦૧૨ થી. |

(૨) આ યોજના અન્વયે કુપોષણ અટકાવવા અને નિવારવા શાં પગલાં લેવામાં આવે છે,

(૨) મિશન બલમ સુખમ કુપોષણના અટકાવમાં નીચે મુજબ કાર્ય કરે છેઃ–

- જનસમુદાયમાં પોષણને લગતા કાર્યક્રમો જેવા કે મમતા દિવસ, રસીકરણ, આરોગ્ય અને સ્વચ્છતાને લગતા કાર્યક્રમોને પ્રોત્સાહન આપી જાગૃતિ લાવવી.
- ગ્રામ સંજીવની સમિતી દ્વારા સગર્ભા અને ધાત્રી માતાઓ અને નવજાત શીશુ અને બાળકોના પોષણની પદ્ધતિ અંગે જાગૃતિ લાવવી.
- મિશન અંતર્ગત કુપોષિત બાળકોની સારવાર માટે ત્રિસ્તરીય સારવાર શૃંખલા (બાલ શક્તિ કેન્દ્ર, બાલ સેવા કેન્દ્ર, બાલ સંજીવની કેન્દ્ર) વિકસાવવામાં આવેલ છે. જે અંતર્ગત,
  ૧. આંગણવાડી કક્ષાએ બાલ શક્તિમ કેન્દ્રમાં બાળકોને ૩૦ દિવસ સુધી દિવસમાં પાંચ વખત પોષણ યુક્ત આહાર તેમજ સુક્ષ્મ પોષક તત્વો આપવામાં આવે છે.
  ૨. તાલુકા કક્ષાએ બાલ સેવા કેન્દ્ર પર તબીબી સારવારની જરૂરિયાતવાળા બાળકોને તેમજ
  ૩. જિલ્લા કક્ષાએ બાલ સંજીવની કેન્દ્ર પર સઘન તબીબી સારવારની જરૂરિયાતવાળા બાળકોની ડોક્ટર, સ્પેશ્યાલિસ્ટ અને નર્સ દ્વારા સારવાર કરવામાં આવે છે. તેમજ ૬ થી ૮ વખત પોષણયુક્ત આહાર આપવામાં આવે છે.
- મિશન બલમ સુખમ અંતર્ગત આવરી લેવામાં આવેલ કસ્તુરબા પોષણ સહાય યોજનામાં ગરીબી રેખા હેઠળની સગર્ભાઓને પોષણ સુધારવા માટે ત્રણ તબક્કામાં રૂ.૨૧૦૦/– ની નાણાકીય સહાય આપવામાં આવે છે.

(૩) આ યોજના અન્વયે બનાસકાંઠા જિલ્લામાં તા.૩૧–૧૨–૧૨ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલા લોકોને મદદ/સહાય કરવામાં આવેલ છે,

(૩) આ યોજના અન્વયે બનાસકાંઠા જિલ્લામાં તા.૩૧–૧૨–૧૨ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં નીચે મુજબ લાભાર્થીઓને લાભ આપેલ છે.

૧. બાલ શક્તિમ કેન્દ્રો ખાતે–૧૬૬ બાળકો

૨. બાલ સેવા કેન્દ્રો ખાતે–૩૬૬ બાળકો

૩. બાળ સંજીવની કેન્દ્રો ખાતે–૪૨ બાળકો

કસ્તુરબા પોષણ સહાય યોજના અંતર્ગત કુલ ૧૫,૦૮૦ લાભાર્થીઓને સહાય આપવામાં આવેલ છે.

(૪) તે ક્યા ક્યા પ્રકારની મદદ/સહાય પૂરી પાડવામાં આવેલ છે, અને

(૪) આ મિશન અંતર્ગત આંગનવાડી કક્ષાએ બાલ શક્તિમ કેન્દ્ર પર પ્રતિ દિવસ પ્રતિ બાળક માટે તેના આહાર અને દવાઓ માટે રૂા. ૩૦/– આપવામાં આવે છે.

- તાલુકા કક્ષાએ બાલ સેવા કેન્દ્ર તેમજ જિલ્લા કક્ષાએ બાલ સંજીવની કેન્દ્ર પર પ્રતિ દિવસ પ્રતિ બાળક માટે આહાર અને દવાઓ માટે રૂા.૧૦૦/– તેમજ બાળકની માતાને દૈનિક ભથ્થા પેટે રૂા.૧૦૦/– આપવામાં આવે છે.
- આ ઉપરાંત,
  કસ્તુરબા પોષણ સહાય યોજના અંતર્ગત લાભાર્થીને નીચે મુજબના ૩ તબક્કામાં કુલ રૂા.૨,૧૦૦/– ની સહાય આપવામાં આવે છે.

(૧) સગર્ભાવસ્થામાં પ્રથમ ત્રીમાસિક ગાળામાં મમતા દિવસે નોંધણી કરાવવાથી રૂા.૭૦૦/– ની સહાય,
(૨) સરકારી દવાખાનામાં અથવા ચિરંજીવી યોજના અંતર્ગત પ્રસુતિના પ્રથમ અઠવાડિયામાં રૂા.૭૦૦/– ની સહાય, તથા
(૩) બાળકના જન્મ બાદ ૯ મહિના પછી અને બાર મહિના પહેલા મમતા દિવસે ઓરીની રસી સાથે વીટામીન એ આપ્યા બાદ અને સંપૂર્ણ રસીકરણ પૂર્ણ થયા બાદ બાકીના રૂા.૭૦૦/– ની સહાય આપવામાં આવે છે.

(૫) તે પાછળ કુલ કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

(૫) કુલ રૂા.૧,૨૪,૯૯,૦૪૦/– (રૂપિયા એક કરોડ ચોવીસ લાખ નવ્વાણુ હજાર ચાલીસ પુરા).

---------

**રાજકોટ જિલ્લામાં પેન્શનરોની સંખ્યા**

૧૬૦૬ **શ્રી મોહનભાઇ ક. કુંડારીયા(ટંકારા) : માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) રાજકોટ જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૨ ની સ્થિતિએ પેન્શનરોની કુલ સંખ્યા કેટલી છે, | (૧) ૨૫,૭૯૦. |
| (૨) ઉક્ત પેન્શનરો પૈકી કેટલા પેન્શનરો તિજોરી કચેરી દ્વારા પેન્શન મેળવે છે, | (૨) શૂન્ય. |
| (૩) કેટલા પેન્શનરો બેંક મારફતે પેન્શન મેળવે છે, અને | (૩) ૨૫,૭૯૦. |
| (૪) કેટલા પેન્શનરો મનીઓર્ડરથી પેન્શન મેળવે છે? | (૪) શૂન્ય. |

---------

**વાણિજિયક વેરાના કાયદાના અમલ માટે ખાતાના અધિકારીઓ/કર્મચારીઓને આપેલ તાલીમ**

૧૬૭૧ **શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર(હાલોલ) : માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) રાજ્યમાં તા.૩૧–૦૧–૨૦૧૩ ની સ્થિતિએ વાણિજિયક વેરા કાયદાના વ્યવસ્થિત અમલ માટે ખાતાના અધિકારીઓ/કર્મચારીઓને તાલીમ માટે કોઇ વ્યવસ્થા છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ક્યા પ્રકારની તાલીમ આપવામાં આવે છે, અને | (૨) ગુજરાત મૂલ્ય વર્ધિત વેરા કાયદામાંની જોગવાઇઓ અને તેને લગતા નિયમો તેમજ કોમ્પ્યુટર મોડ્યુલ્સ અંગેની તાલીમ આપવામાં આવે છે. |

(૩) વાણિજ્યિક વેરાના કાયદાના અમલ બાદ કુલ કેટલા અધિકારીઓ/કર્મચારીઓને તાલીમ આપવામાં આવેલ છે ?

(૩) ગુજરાત મૂલ્ય વર્ધિત વેરા કાયદાના અમલ બાદ તા.૧-૪-૨૦૦૬ થી તા.૩૧-૧-૨૦૧૩ સુધીમાં ૫૭૦૬ અધિકારીઓ/કર્મચારીઓને ગુજરાત મૂલ્ય વર્ધિત વેરા કાયદા અંગેની અને ૨૫૨૦ અધિકારીઓ/ કર્મચારીઓને કોમ્પ્યુટર મોડ્યુલ્સ અંગેની વિભિન્ન તબક્કે તાલીમ આપવામાં આવેલ છે.

---------

**સેફ ફૂડ સ્ટ્રીટ ફુડઝોન માટે પસંદગી કરવા બાબત**

૧૬૦૦ **શ્રી જગદીશભાઇ ઇ. પંચાલ(નિકોલ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તાજેતરમાં કેન્દ્ર સરકાર દ્વારા સેફ સ્ટ્રીટ ફુડ ઝોન માટે ગુજરાતમાંથી અમદાવાદની પસંદગી કરવામાં આવેલ છે, શું આ હકીકત સાચી છે,

(૧) હા, જી.

(૨) જો હા, તો ક્યારે પસંદગી કરવામાં આવી, અને

(૨) તા.૨૬-૧૧-૧૨ ના રોજ.

(૩) આ માટે રાજ્ય સરકાર દ્વારા કઇ કઇ સ્ટ્રીટ પસંદ કરવામાં આવી છે ?

(૩) બાબત વિચારણા હેઠળ છે.

---------

**રાષ્ટ્રીય ગ્રામીણ આરોગ્ય મિશન હેઠળ કેન્દ્ર સરકાર તરફથી રાજ્ય સરકારને મળેલ સહાય**

૧૫૬૮ **શ્રી અમીત ચાવડા(આંકલાવ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૨ ની સ્થિતિએ રાષ્ટ્રીય ગ્રામીણ આરોગ્ય મિશન હેઠળ છેલ્લા બે વર્ષમાં રાજ્ય સરકારને કેન્દ્ર સરકાર તરફથી વર્ષવાર કેટલી સહાય મળી છે, અને

(૧) તા.૩૧-૧૨-૨૦૧૨ ની સ્થિતિએ રાષ્ટ્રીય ગ્રામીણ આરોગ્ય મિશન હેઠળ છેલ્લા બે વર્ષમાં રાજ્ય સરકારને કેન્દ્ર સરકાર તરફથી વર્ષવાર નીચે મુજબ સહાય (ગ્રાન્ટ) મળી છે.

| **વર્ષ** | **મળેલ સહાય (રૂપિયા કરોડમાં)** |
|---|---|
| ૨૦૧૧-૧૨ | રૂ. ૬૧૪.૦૪ |
| ૨૦૧૨-૧૩ (તા.૩૧-૧૨-૨૦૧૨ ની સ્થિતિએ) | રૂ. ૪૮૧.૩૪ |

(૨) ઉક્ત સ્થિતિએ આણંદ જિલ્લામાં ક્યા ક્યા કામોમાં કેટલી રકમ ખર્ચ કરવામાં આવી ?

(૨) **પત્રક-અ** મુજબ.

**પત્રક-અ**

| **યોજના** | **વર્ષ** | **કુલ** |
|---|---|---|
| આરસીએચ (પ્રજનન અને બાળ આરોગ્ય) | (૦૧-૦૪-૧૧ થી ૩૧-૦૩-૧૨)<br>(૦૧-૦૪-૧૨ થી ૩૧-૧૨- | રૂ. ૩,૮૦,૫૨,૦૬૮<br>રૂ. ૪,૦૨,૬૯,૫૯૪ |

| યોજના | વર્ષ | કુલ |
|---|---|---|
| | ૧૨) | |
| એનઆરએચએમ (રાષ્ટ્રીય ગ્રામીણ સ્વાસ્થ્ય અભિયાન) | (૦૧–૦૪–૧૧ થી ૩૧–૦૩–૧૨)<br>(૦૧–૦૪–૧૨ થી ૩૧–૧૨–૧૨) | રૂ. ૮,૬૬,૫૫,૭૭૩<br>રૂ. ૩,૧૭,૮૭,૪૭૦ |
| ઇમ્યુનાઇઝેશન (રસીકરણ) | (૦૧–૦૪–૧૧ થી ૩૧–૦૩–૧૨)<br>(૦૧–૦૪–૧૨ થી ૩૧–૧૨–૧૨) | રૂ. ૨૯,૭૬,૭૩૩<br>રૂ. ૩૫,૯૯,૬૩૦ |
| પે એન્ડ એલાઉન્સીસ (પગાર ભથ્થા) | (૦૧–૦૪–૧૧ થી ૩૧–૦૩–૧૨)<br>(૦૧–૦૪–૧૨ થી ૩૧–૧૨–૧૨) | રૂ. ૮,૯૦,૯૩,૪૧૧<br>રૂ. ૬,૯૪,૩૬,૪૧૭ |
| | **કુલઃ** | **રૂ. ૩૬,૧૮,૭૧,૦૯૬** |

---------

**પેટ્રોલ, ડીઝલ અને રાસાયણિક ખાતરમાંથી વેટની આવક**

૧૭૧૯ **શ્રી પરેશ ધાનાણી(અમરેલી) : માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં તા.૩૧–૧–૨૦૧૨ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પેટ્રોલ, ડીઝલ, સીએનજી, પીએનજી, એલપીજી અને રાસાયણિક ખાતર ઉપર કેટલો વેટ અને સેસ વર્ષવાર લેવામાં આવેલ છે, અને

(૨) તે અન્વયે વર્ષવાર રાજ્ય સરકારને કુલ કેટલી આવક થઇ ?

**જવાબ**

(૧)

| વિગત | વેરાનો દર |
|---|---|
| પેટ્રોલ | ૨૩% + ૨% સેસ |
| ડીઝલ | ૨૧% + ૩% સેસ |
| સીએનજી | ૧૨.૫૦% + ૨.૫% વધારાનો વેરો |
| પીએનજી | ૧૨.૫૦% + ૨.૫% વધારાનો વેરો |
| એલપીજી (ઇન્ડ્રસ્ટ્રીયલ) | ૧૨.૫૦% + ૨.૫% વધારાનો વેરો |
| એલપીજી (ડોમેસ્ટીક) | માફી |
| રાસાયણિક ખાતર | પ્રથમ તબક્કે ૪% + ૧% વધારાનો વેરો |
| રાસાયણિક ખાતર (પુનઃ વેચાણ) | માફી આપવામાં આવેલ છે. |

(૨) (રૂા. કરોડમાં)

| વિગત | ૨૦૧૧ | ૨૦૧૨ |
|---|---|---|
| પેટ્રોલ | ૧૩૨૯.૧૧ | ૧૭૫૬.૨૮ |
| ડીઝલ | ૩૪૮૮.૭૫ | ૩૬૩૩.૧૬ |
| સીએનજી | ૧૬૭.૭૭ | ૧૫૮.૬૦ |
| પીએનજી | ૩૧૪.૯૯ | ૭૮૧.૯૮ |
| એલપીજી (ઇન્ડસ્ટ્રીયલ) | ૨૧.૫૫ | ૨૨.૦૬ |

| | | |
|---|---|---|
| રાસાયણિક ખાતર | ૬૬.૦૦ | ૧૦૩.૦૪ |

---------

**રાજ્ય સરકારે એસ.ટી. નિગમને નવી બસો ખરીદવા આપેલ રકમ**

૧૭૧૫ **શ્રી પુંજાભાઇ ભી. વંશ(ઉના) : માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૧૨ ની સ્થિતિએ રાજ્ય સરકારે ગુજરાત રાજ્યના માર્ગવાહન વ્યવહાર નિગમને છેલ્લા બે વર્ષમાં એસ.ટી.ની નવી બસો ખરીદવા કેટલી રકમ ફાળવી, અને

(૨) તે અન્વયે કેટલી બસો ખરીદવામાં આવી ?

**જવાબ**

(૧)

| વર્ષ | ફાળવેલ લોન રકમ રૂ. કરોડમાં |
|---|---|
| ૨૦૧૧–૧૨ | ૪૪૦.૦૦ |
| ૨૦૧૨–૧૩ | ૨૯૦.૦૦ |

(૨)

| વર્ષ | ખરીદવામાં આવેલ નવી બસોની સંખ્યા |
|---|---|
| ૨૦૧૧–૧૨ | ૨૫૯૭ |
| ૨૦૧૨–૧૩ | ૧૬૧૫ નવી બસો ખરીદવાની કાર્યવાહી પ્રગતિમાં છે |

---------

**જામનગરની જી.જી. હોસ્પિટલમાં આવતાં દર્દીઓને સીટી સ્કેન અને એમ.આર.આઇ. કરવા માટે ખાનગી કંપનીઓને કોન્ટ્રાકટ આપવા બાબત**

૧૨૩૨ **શ્રી ધર્મેન્દ્રસિંહ મે. જાડેજા(જામનગર ઉત્તર) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૨ ની સ્થિતિમાં જામનગર ખાતે આવેલ જી.જી. હોસ્પિટલમાં આવતાં દર્દીઓને સીટીસ્કેન તથા એમ.આર.આઇ. કરવા માટે ખાનગી કંપનીઓને કોન્ટ્રાકટ આપેલ છે કે કેમ,

(૨) જો હા, તો કોન્ટ્રાકટ કઇ સાલથી આપવામાં આવેલ છે,

(૩) જી.જી. હોસ્પિટલમાં દર્દીઓને સીટી સ્કેન કરવાની અને એમ.આર.આઇ. કરવાની કામગીરી સરકારી ડોક્ટરો કરે છે કે કેમ, અને

(૪) જો હા, તો સરકારી ડોક્ટરોએ આ કામગીરી કરવાના કારણો શાં છે ?

**જવાબ**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૨ ની સ્થિતિમાં જામનગર ખાતે આવેલ જી.જી. હોસ્પિટલમાં આવતાં દર્દીઓને સીટી સ્કેન કરવા માટે ખાનગી કંપની સાથે કરાર કરવામાં આવેલ છે.

(૨) તા.૨૬–૫–૨૦૦૮ થી કરાર કરવામાં આવેલ છે.

(૩) જી.જી. હોસ્પિટલમાં દર્દીઓને એમ.આર.આઇ. કરવાની કામગીરી સરકારી ડોક્ટરો કરે છે તેમજ સીટી સ્કેનના રીપોર્ટીંગની કામગીરી સરકારી ડોક્ટરો રોટેશનથી કરે છે.

(૪) સરકારી ડોક્ટરો આ કામગીરી થયેલ કરાર મુજબ શૈક્ષણિક હેતુસર કરે છે.

---------

**કલોલ સામુહિક કેન્દ્ર ખાતે દર્દીઓને પડતી મુશ્કેલીઓની મળેલ ફરીયાદો**

૧૭૦૧ **શ્રી બળદેવજી ચં. ઠાકોર(કલોલ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કલોલ સામૂહિક આરોગ્ય કેન્દ્ર ખાતે દર્દીઓને પડતી હાલાકી અન્વયે સરકારને કેટલી ફરિયાદો મળી,

(૨) મળેલ ફરિયાદો અન્વયે સરકારે શાં પગલાં લીધા ?

**જવાબ**

(૧) કલોલ ખાતે આરોગ્ય વિભાગ હસ્તકનું સામુહિક આરોગ્ય કેન્દ્ર કાર્યરત નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

ફાલ્ગુન ૯, ૧૯૩૪ શાકે
અતારાંકિત પ્રશ્નો

## સિધ્ધપુરમાં નર્સીંગ, હોમીયોપેથી અને આયુર્વેદિક કોલેજના કામોમાં થયેલ ભ્રષ્ટાચાર

૬૨ **શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત(સિધ્ધપુર) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ સિધ્ધપુરમાં આવેલ નર્સીંગ, હોમીયોપેથી અને આયુર્વેદિક કોલેજના કામો કયા કયા કોન્ટ્રાકટરોને આપવામાં આવેલ છે, અને

(૨) કેટલા ખર્ચે અને ક્યારે પૂર્ણ કરવાનું આયોજ ન છે?

**જવાબ**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ સિધ્ધપુરમાં આવેલ નર્સીંગ કોલેજ, સ્કૂલ, એ.એન.એમ. સ્કૂલ અને હોસ્ટેલના કામો મેસર્સ કટીરા કન્સ્ટ્રકશન લી., ભૂજને આપવામાં આવેલ છે, મુ. દેથળી, તા. સિધ્ધપુર ખાતે હોમિયોપેથી કોલેજનું કામ યશનંદ એન્જીનીયર્સ એન્ડ કોન્ટ્રાકટર, અમદાવાદને આપેલ છે તથા આયુર્વેદિક હોસ્પિટલ શરૂ કરવાનું આયોજન કરેલ છે જેનું કામ કયુબ કન્સ્ટ્રકશન એન્જિનીયરીંગ લી., વડોદરાને આપેલ છે.

(૨) સિધ્ધપુરમાં આવેલ નર્સીંગ કોલેજ સ્કૂલ, એ.એન.એમ. સ્કૂલ અને હોસ્ટેલના સમગ્ર કામો રૂ. ૩૪,૬૨,૧૫,૮૭૬ના અંદાજીત ખર્ચે મે, ૨૦૧૩ના અંત સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે જ્યારે હોમિયોપેથી કોલેજના કામો રૂ. ૧૦૭.૧૧ કરોડના અંદાજીત ખર્ચે તા. ૦૧/૦૨/૨૦૧૪ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે. તથા આયુર્વેદિક હોસ્પિટલનો અંદાજીત ખર્ચ રૂ. ૨૦.૧૨ કરોડ થનાર છે જે મે–૨૦૧૩ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે.

---------

## દાહોદ જિલ્લામાં આરોગ્યલક્ષી ચકાસણી હેઠળ બાળકોને આપેલ સારવાર

૧૧૧૮ **શ્રીમતી ચંદ્રીકાબેન છ. બારીયા(ગરબાડા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ દાહોદ જિલ્લામાં છેલ્લા એક વર્ષમાં આરોગ્યલક્ષી ચકાસણી હેઠળ તાલુકાવાર કેટલા બાળકોને કયા કયા રોગો માટે સારવાર આપવામાં આવી, અને

(૨) તેમાંથી ખામીયુક્તવાળા બાળકોને સારવાર માટે શી વ્યવસ્થા કરવામાં આવી ?

**જવાબ**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ દાહોદ જિલ્લામાં છેલ્લા એક વર્ષમાં આરોગ્યલક્ષી ચકાસણી હેઠળ કુલ ૫૨૧૭૩ બાળકોને સારવાર આપવામાં આવી. તાલુકાવાર કેટલા બાળકોને કયા કયા રોગો માટે સારવાર આપવામાં આવી છે તેની વિગત દર્શાવતું **પત્રક–અ** આ સાથે સામેલ છે.

(૨) સામાન્ય બિમારીમાં બાળકોને સ્થળ પર સારવાર અને દવાઓ આપવામાં આવી, તેમજ ખામીવાળા બાળકોને તજજ્ઞ તબીબો દ્વારા આરોગ્ય કેન્દ્ર/જિલ્લા કક્ષાની હોસ્પિટલમાં સારવાર આપવામાં આવી. આ પૈકી જેઓને વધુ ગંભીર રોગ જેવા કે હૃદય, કિડની, કેન્સર જેવી બિમારીઓ જણાઈ આવી તેઓને યુ.એન. મહેતા ઈન્સ્ટીટયુટ ઓફ કાર્ડીયોલોજી, કીડની ઈન્સ્ટીટયુટ તેમજ એમ.પી.શાહ કેન્સર હોસ્પિટલ, અમદાવાદ ખાતે સારવાર આપવામાં આવી.

**પત્રક–અ**

| વર્ષ | તાલુકાનું નામ | સારવાર આપેલ બાળકોની સંખ્યા | તબીબી સારવાર | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | પાડુરોગ | આત્રકૃમી | દાંતની તકલીફ | આંખની તકલીફ | કાન,નાક, ગળાની તકલીફ | પેટની તકલીફ | ચામડીના રોગ | શરીરની સ્થુળતા | તમાકુનું સેવન | માનસીક તણાવ | જાતીય રોગો | શ્વસનતંત્ર ના રોગો | |
| [illegible] | દાહોદ | ૫૯૭૮ | ૫૬૧ | ૬૭૦ | ૧૪૦ | ૨૭૨ | ૨૦૦ | ૧૯૬ | ૧૯૪ | ૦ | ૦ | ૦ | ૦ | ૪૮ | |

| | | | | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | **ગરબાડા** | ૧૧૪૯૧ | ૮૯૪ | ૧૪૬૫ | ૨૬૬ | ૩૧૬ | ૧૨૧ | ૧૪૩ | ૨૩૨ | ૪ | ૬૧ | ૬ | ૦ | ૩૫ | ૧૨ | | |
| | **ઝાલોદ** | ૧૫૪૬૦ | ૩૨૧૯ | ૨૯૦૫ | ૪૮૦ | ૧૮૨ | ૩૧૭ | ૧૫૦૦ | ૨૩૪૯ | ૨૫ | ૫૫ | ૦ | ૦ | ૧૫ | ૦ | | |
| | **ફતેપુરા** | ૪૩૭૦ | ૮૬૪ | ૧૨૪૦ | ૧૬૩ | ૨૫૨ | ૨૦૭ | ૩૨૦ | ૫૧૪ | ૦ | ૭૨ | ૨ | ૦ | ૩૬૪ | ૬ | | |
| | **લીમખેડા** | ૫૫૬૯ | ૧૪૪૯ | ૧૮૩૪ | ૨૬૦ | ૨૮૨ | ૧૮૯ | ૧૮૬ | ૩૭૮ | ૧૦ | ૦ | ૦ | ૦ | ૩ | ૨ | | |
| | **ધાનપુર** | ૨૮૩૧ | ૫૨૭ | ૫૦૭ | ૧૫૮ | ૧૬૦ | ૨૯૪ | ૨૯૩ | ૨૬૮ | ૦ | ૪૮ | ૦ | ૦ | ૩૫ | ૨ | | |
| | **દે.બારીયા** | ૬૪૭૪ | ૭૦૭ | ૯૧૫ | ૪૭ | ૩૪ | ૯૫ | ૮૪ | ૧૨૪ | ૦ | ૪૪ | ૦ | ૦ | ૧૬ | ૩ | | |
| | કુલ | **૫૨૧૭૩** | **૮૨૨૧** | **૯૫૩૬** | **૧૫૧૪** | **૧૪૯૮** | **૧૪૨૩** | **૨૭૨૨** | **૪૦૫૯** | **૩૯** | **૨૮૦** | **૮** | **૦** | **૫૧૬** | **૨૯** | | |

---------

**રાજકોટ પ્રાદેશિક વાહન વ્યવહારની કચેરીમાં મંજૂર થયેલ મહેકમ**

૧૭૦૬ **શ્રી ભોળાભાઇ ગોહેલ(જસદણ) : માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ રાજકોટ પ્રાદેશિક વાહન વ્યવહારની કચેરીમાં મંજૂર થયેલ સંવર્ગવાર મહેકમ કેટલું છે,

(૨) તે સામે કેટલી જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે, અને

**જવાબ**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ રાજકોટ પ્રાદેશિક વાહન વ્યવહાર કચેરીમાં મંજૂર થયેલ સંવર્ગવાર મહેકમ નીચે પ્રમાણે છે.

| **ક્રમ** | **સંવર્ગનું નામ** | **મંજૂર થયેલ મહેકમ** |
|---|---|---|
| ૧ | પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારી | ૦૧ |
| ૨ | સહાયક પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારી | ૦૩ |
| ૩ | મોટર વાહન પ્રોસીક્યુટર | ૦૧ |
| ૪ | મામલતદાર | ૦૧ |
| ૫ | હિસાબી અધિકારી | ૦૧ |
| ૬ | મોટર વાહન નિરીક્ષક | ૦૬ |
| ૭ | સહાયક મોટર વાહન નિરીક્ષક | ૦૯ |
| ૮ | જન સંપર્ક અધિકારી | ૦૨ |
| ૯ | હેડ કલાર્ક | ૦૫ |
| ૧૦ | સીનીયર કલાર્ક/સબ એકાઉન્ટન્ટ | ૧૩ |
| ૧૧ | જુનીયર કલાર્ક | ૩૬ |
| ૧૨ | કલાર્ક કમ ટાઇપીસ્ટ | ૦૪ |
| ૧૩ | ટાઇપીસ્ટ | ૦૧ |
| ૧૪ | હિસાબનીશ | ૦૧ |
| ૧૫ | સબ ઓડીટર | ૦૨ |
| ૧૬ | સંશોધન મદદનીશ | ૦૧ |
| ૧૭ | આંકડા મદદનીશ | ૦૨ |
| ૧૮ | સર્કલ ઓફીસર | ૦૧ |
| ૧૯ | ડ્રાઈવર | ૦૧ |
| ૨૦ | નાયક | ૦૧ |
| ૨૧ | પટાવાળા | ૧૧ |
| ૨૨ | ચોકીદાર | ૦૧ |
| | **કુલઃ–** | **૧૦૪** |

(૨) આ જગ્યાઓ સંવર્ગવાર કેટલા સમયથી ખાલી છે તેની વિગતો નીચે પ્રમાણે છે.

| **સંવર્ગનું નામ** | **ખાલી જગ્યાની સંખ્યા** | **ખાલી જગ્યાઓ પડયા તારીખ** |
|---|---|---|
| પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારી | ૦૧ | તા.૩૧/૮/૦૯ |
| સહાયક પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારી | ૦૩ | તા.૧/૦૨/૦૨ ૧૮/૪/૦૨, ૨૮/૨/૯૯ |

| | | |
|---|---|---|
| મામલતદાર | ૦૧ | તા.૧૦/૯/૧૨ |
| મોટર વાહન નિરીક્ષક | ૦૩ | તા.૨૭/૨/૦૮ ૩૦/૯/૦૮, ૩૧/૮/૧૨ |
| સહાયક મોટર વાહન નિરીક્ષક | ૦૯ | તા.૧૮/૧/૧૦, ૫/૧૧/૧૦, ૫/૧૧/૧૧ ૬–જગ્યા તા.૧૦/૫/૧૦ થી |
| હેડ કલાર્ક | ૦૧ | તા.૩૧/૧૨/૧૨ |
| જુનીયર કલાર્ક | ૧૦ | ૪–જગ્યા ૩૧/૭/૧૦. ૩૦/૬/૧૧, ૧૨/૭/૧૧, ૨૫/૭/૧૧, ૩૧/૮/૧૨, ૧/૧૦/૧૨, ૮/૧૧/૧૨ |
| સબ ઓડીટર | ૦૧ | તા.૩૧/૧૦/૧૨ |
| આંકડા મદદનીશ | ૦૨ | તા.૨૧/૩/૦૧, ૧૩/૬/૦૨ |
| પટાવાળા | ૦૩ | તા.૩૦/૧૧/૦૮ ૩૧/૧૨/૧૧, ૨૯/૨/૧૨ |
| ચોકીદાર | ૦૧ | ૬/૨/૧૧ |
| કુલઃ– | ૩૫ | |

(૩) આ ખાલી જગ્યાઓ કેટલા સમયમાં ભરવામાં આવશે ?

(૩) આ ખાલી જગ્યાઓ ભરવા અંગેની કાર્યવાહી ચાલી રહેલ છે.

---------

એચબી–૭૨૫–૧૧

**જૂનાગઢ જિલ્લામાં આર.ટી.ઓ. દ્વારા વાહન ચાલકોને આપેલ લાયસન્સ**

૧૨૮૦ **શ્રી જસાભાઈ ભા. બારડ(સોમનાથ) : માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) વર્ષ–૨૦૧૧ અને વર્ષ–૨૦૧૨માં જૂનાગઢ જિલ્લામાં આર.ટી.ઓ. તંત્ર દ્વારા કુલ કેટલા વાહનચાલકોને ડ્રાઈવીંગ લાયસન્સ કાઢી આપવામાં આવ્યા,

(૨) ડ્રાઈવીંગ લાયસન્સ/રજીસ્ટ્રેશન બુક લાંબા સમય સુધી જળવાઈ રહે તે માટે શા સુધારા કરવામાં આવ્યા છે, અને

(૩) વાહન નોંધણી અને લાયસન્સોનું રેકર્ડ આર.ટી.ઓ. કચેરીમાં યોગ્ય રીતે જળવાઈ રહે તે માટે શાં પગલાં લેવામાં આવ્યા છે ?

**જવાબ**

(૧)

| **વર્ષ** | **આપેલ ડ્રાઈવીંગ લાયસન્સ (સંખ્યામાં)** |
|---|---|
| ૨૦૧૧ | ૩૮૩૩૫ |
| ૨૦૧૨ | ૫૩૮૮૯ |

(૨) ડ્રાઈવીંગ લાયસન્સ/રજીસ્ટ્રેશન બુક લાંબા સમય સુધી જળવાઈ રહે તે માટે સ્માર્ટ કાર્ડ સ્વરૂપે આપવા અંગેના સુધારા કરવામાં આવ્યા.

(૩) વાહન નોંધણી અને લાયસન્સોનું રેકર્ડ આર.ટી.ઓ. કચેરીમાં યોગ્ય રીતે જળવાઈ રહે તે માટે ઈન્ફર્મેશન અને ટેકનોલોજી અંતર્ગત કોમ્પ્યુટરાઈઝેશન સીસ્ટમ વિકસાવીને સર્વરમાં રાખવા અંગેના પગલાં લેવામાં આવ્યા છે.

---------

**ખેડા જિલ્લામાં આર.ટી.ઓ. કચેરીમાં મંજૂર થયેલ મહેકમ**

૧૭૦૯ **શ્રી નટવરસિંહ કુ. ઠાકોર(મહુધા) : માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ ખેડા જિલ્લામાં આર.ટી.ઓ. કચેરીમાં સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ કેટલું છે,

**જવાબ**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ ખેડા જિલ્લામાં પ્રાદેશિક વાહન વ્યવહાર કચેરીમાં સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ નીચે પ્રમાણે છે.

| **ક્રમ** | **સંવર્ગનું નામ** | **મંજૂર થયેલ મહેકમ** |
|---|---|---|
| ૧ | પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારી | ૦૧ |
| ૨ | સહાયક પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારી | ૦૧ |
| ૩ | મોટર વાહન પ્રોસીક્યુટર | ૦૧ |
| ૪ | મોટર વાહન નિરીક્ષક | ૦૨ |
| ૫ | સહાયક મોટર વાહન નિરીક્ષક | ૦૪ |
| ૬ | જન સંપર્ક અધિકારી | ૦૧ |
| ૭ | હેડ કલાર્ક | ૦૨ |

| | | |
|---|---|---|
| ૮ | સીનીયર કલાર્ક/સબ એકાઉન્ટન્ટ | ૦૭ |
| ૯ | જુનીયર કલાર્ક | ૨૧ |
| ૧૦ | ટાઈપીસ્ટ | ૦૧ |
| ૧૧ | સ્ટેનો ગ્રેડ-૩ | ૦૧ |
| ૧૨ | હિસાબનીશ | ૦૧ |
| ૧૩ | સબ ઓડીટર | ૦૧ |
| ૧૪ | આંકડા મદદનીશ | ૦૧ |
| ૧૫ | સર્કલ ઓફીસર | ૦૧ |
| ૧૬ | ડ્રાઈવર | ૦૧ |
| ૧૭ | પટાવાળા | ૦૩ |
| | **કુલઃ-** | **૫૦** |

(૨) તે અન્વયે કેટલી જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે, અને

(૨) આ જગ્યાઓ સંવર્ગવાર કેટલા સમયથી ખાલી છે તેની વિગતો નીચે પ્રમાણે છે.

| **સંવર્ગનું નામ** | **ખાલી જગ્યાની સંખ્યા** | **ખાલી જગ્યાઓ પડ્યા તારીખ** |
|---|---|---|
| સહાયક પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારી | ૦૧ | તા.૩૦/૬/૧૨ |
| મોટર વાહન પ્રોસીક્યુટર | ૦૧ | તા.૫/૨/૦૩ |
| મોટર વાહન નિરીક્ષક | ૦૧ | તા.૧/૧૧/૧૦ |
| સહાયક મોટર વાહન નિરીક્ષક | ૦૪ | તા.૮/૧૧/૧૦<br>૩ જગ્યા તા.૧૦/૫/૧૦ |
| જુનીયર કલાર્ક | ૦૫ | તા.૩૦/૬/૧૦<br>તા.૩૧/૮/૧૦<br>તા.૨૮/૨/૧૧<br>તા.૩૧/૭/૧૨<br>તા.૩૧/૧૨/૧૨ |
| ટાઈપીસ્ટ | ૦૧ | તા.૧૩/૭/૧૧ |
| હિસાબનીશ | ૦૧ | તા.૩૧/૫/૧૦ |
| સબ ઓડીટર | ૦૧ | તા.૩૧/૧૨/૦૯ |
| આંકડા મદદનીશ | ૦૧ | તા.૧૦/૫/૦૬ |
| ડ્રાઈવર | ૦૧ | તા.૧/૧૧/૧૧ |
| **કુલઃ-** | **૧૭** | |

(૩) આ ખાલી જગ્યાઓ કેટલા સમયમાં ભરવાનું આયોજન છે ?

(૩) આ ખાલી જગ્યાઓ ભરવા અંગેની કાર્યવાહી ચાલુમાં છે.

---------

**શામળાજી સામૂહિક આરોગ્ય કેન્દ્ર ખાનગી સંસ્થાને આપવા બાબત**

૧૨૦૯ **શ્રી અનિલ જોષિયારા(ભિલોડા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૨ની સ્થિતિએ સાબરકાંઠા જિલ્લાના ભિલોડા તાલુકાના આદિવાસી વિસ્તારમાં શામળાજી ખાતે આવેલ સામૂહિક આરોગ્ય કેન્દ્રના તમામ મહેકમ અને દવાઓનો ખર્ચ સરકાર ભોગવતી હોવા છતાં આ સેન્ટરને ખાનગી સંસ્થાને આપવાનાં કારણો શા છે, અને

(૧) સામૂહિક આરોગ્ય કેન્દ્ર શામળાજીનો વહીવટ ખાનગી સંસ્થાને સરકારે નક્કી કરેલ શરતોએ પબ્લિક પ્રાઈવેટ પાર્ટનરશીપ હેઠળ સંસ્થાઓને વહીવટ સોંપવાની સરકારની નીતિ અન્વયે સોંપવામાં આવેલ છે.

(૨) આરોગ્ય વિભાગના અધિકારીઓ દ્વારા દર્દીઓની સારવાર બાબતે અને સંસ્થાના સંચાલન બાબતે તા.૩૧-૧૨-૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલી વખત નિરીક્ષણ કરવામાં આવ્યું ?

(૨) સામૂહિક આરોગ્ય કેન્દ્ર શામળાજી જિ. સાબરકાંઠા ખાતે તા. ૩૧-૧૨-૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આરોગ્ય વિભાગના અધિકારીશ્રીઓ દ્વારા લેવામાં આવેલ નિરીક્ષણ મુલાકાતની વિગત દર્શાવતું **પત્રક-૧** આ

સાથે સામેલ છે.

**પત્રક–૧**

| ક્રમ | અધિકારીશ્રીની મુલાકાતની વિગત | મુલાકાતની તારીખ | રીમાર્કસ |
|---|---|---|---|
| ૧ | ડૉ. બી. બચાણી, ડેપ્યુટી ડાયરેક્ટર જનરલશ્રી, ભારત સરકારશ્રી, રૂરલ હેલ્થ મિનિસ્ટરી | ૨૬/૩/૧૧ | |
| ૨ | ડૉ. તપસ્વી પુવાર, એમસીએચ કન્સલ્ટન્ટશ્રી, યુનિસેફ, ગુજરાત | ૨૧/૭/૨૦૧૧ | |
| ૩ | ડૉ. પી. કે. તનેજા, કમિશ્નરશ્રી, આરોગ્ય સેવાઓ, ગાંધીનગર | ૦૬/૦૮/૨૦૧૧ | |
| ૪ | ડૉ. પી. વી. દવે, અધિક નિયામકશ્રી, આરોગ્ય સેવાઓ, ગાંધીનગર | ૦૬/૦૮/૨૦૧૧ | |
| ૫ | ડૉ. કે. બી. પટેલ વિભાગીય નાયબ નિયામકશ્રી, આરોગ્ય અને તબીબી સેવાઓ, ગાંધીનગર | ૦૬/૦૮/૨૦૧૧ | |
| ૬ | ડૉ. એસ. કે. મકવાણા, આર.સી.એચ.ઓ.શ્રી જિલ્લા પંચાયત, સાબરકાંઠા | ૦૬/૦૮/૨૦૧૧ | |
| ૭ | ડૉ. એ. જે. વૈષ્ણવ, તાલુકા વિકાસ અધિકારીશ્રી, ભિલોડા | ૦૬/૦૮/૨૦૧૧ | |
| ૮ | ડૉ. ગૌતમ એલ. શર્મા, સ્ટેટ પી.ઓ.એફ.આર.યુ. | ૨૨/૧૧/૨૦૧૧ | |
| ૯ | ડૉ. પ્રકાશ વાઘેલા, આસી. ડાયરેક્ટરશ્રી, ફેમીલી વેલ્ફેર, ગાંધીનગર | ૧૬/૧૨/૨૦૧૧ | |
| ૧૦ | ડૉ. જયંત ઉપેરીયા, સી.ડી.એમ.ઓ.શ્રી જનરલ હોસ્પીટલ, હિંમતનગર, જિ. સાબરકાંઠા | ૩૧/૦૮/૨૦૧૨ | |

---------

**તબીબી શિક્ષણ પુરૂ કર્યા બાદ નિયત સેવા મર્યાદાનો ભંગ કરી વિદેશ ગયેલ ડોકટરો**

૩૨ **શ્રી રાઘવજી હં. પટેલ(જામનગર ગ્રામ્ય) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ૨૦૧૧ અને ૨૦૧૨ના વર્ષમાં રાજ્યમાંથી કેટલા ડોકટરો તબીબી શિક્ષણ પુરુ કર્યા બાદ નિયત સેવા મર્યાદાનો ભંગ કરી વિદેશ ગયા, | (૧) ૨૦૧૧ અને ૨૦૧૨ના વર્ષમાં રાજ્યમાંથી કુલ ૧૯૩ ડોકટરો તબીબી શિક્ષણ પુરુ કર્યા બાદ નિયત સેવા મર્યાદાનો ભંગ કરી વિદેશ ગયા. |
| (૨) આ ડોકટરોના અભ્યાસ માટે રાજ્ય સરકારને તબીબી શિક્ષણ માટે કેટલો ખર્ચ થયો, અને | (૨) દરેક ડોકટરના અભ્યાસ માટે રાજ્ય સરકારને તબીબી શિક્ષણ માટે અંદાજીત રૂ. ૧૨,૦૦,૦૦૦/– જેટલો ખર્ચ થાય છે. આમ ઉક્ત ૧૯૩ ડોકટરોના અભ્યાસ માટે રાજ્ય સરકારને તબીબી શિક્ષણ માટે કુલ ખર્ચ રૂા. ૨૩,૧૬,૦૦,૦૦૦/– અંદાજે ગણી શકાય. |
| (૩) આવા ડોકટરો પાસેની બોન્ડની કેટલી રકમ વસુલ કરવામાં આવી ? | (૩) આ ડોકટરો પાસેથી બોન્ડની કુલ રકમ રૂ. ૧૯,૭૦,૦૦૦/– વસુલ કરવામાં આવી. |

---------

**પેન્શનરોના પડતર કેસો અને નિકાલ**

૧૦૧ **શ્રી મોહનસિંહ છો. રાઠવા(છોટાઉદેપુર) : માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ નિયામક પેન્શન અને પ્રોવિડન્ટની કચેરીમાં પેન્શનરોના કેટલા કેસો છેલ્લા ત્રણ વર્ષમાં આવેલા છે, | (૧) કુલ – ૪૦,૩૧૫. |
| (૨) તે પૈકી કેટલા કેસો ઉક્ત સ્થિતિએ પડતર છે, | (૨) ૪૫૧. |
| (૩) તેના કારણો શા છે, અને | (૩) ચકાસણીની પ્રક્રિયાના કારણે. |
| (૪) પડતર કેસોનો નિકાલ કેટલા સમયમાં થશે ? | (૪) તા. ૦૫–૦૨–૨૦૧૩ની સ્થિતિએ તે પૈકી એકપણ કેસ પડતર નથી. |

---------

તા. ૨૮મી ફેબ્રુઆરી, ૨૦૧૩
અતારાંકિત પ્રશ્નો

**અમદાવાદ જિલ્લામાં રાજ્ય સરકાર દ્વારા આયોજીત કાર્યક્રમોમાં એસ.ટી. બસોની ફાળવણી**

૯૨૬ **શ્રી તેજશ્રીબેન દિ. પટેલ(વિરમગામ) : માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર અમદાવાદ જિલ્લામાં રાજ્ય સરકારના આયોજીત કયાં કયાં કાર્યક્રમોમાં કેટલી એસ.ટી. બસોની ફાળવણી કરવામાં આવી,

(૨) તે પૈકી કયા કયા કાર્યક્રમવાર કેટલુ ભાડું વસુલવામાં આવ્યું,

(૩) કેટલું ભાડું વસુલવાનું બાકી છે અને

(૪) બાકી ભાડું કયાં સુધીમાં વસુલવામાં આવશે ?

**જવાબ**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ અમદાવાદ જિલ્લામાં રાજ્ય સરકારના આયોજીત કાર્યક્રમોમાં છેલ્લા બે વર્ષમાં વર્ષવાર નીચે મુજબ એસ.ટી. બસોની ફાળવણી કરવામાં આવી,

**વર્ષ ૨૦૧૧**

| | |
|---|---|
| ગરીબ કલ્યાણ મેળા– | ૪૮૦ |
| ઈન્ક્રીએટ ઈન્ડેક્ષ બી– | ६४ |
| કુલ– | ૫૪૪ |

**વર્ષ ૨૦૧૨**

| | | |
|---|---|---|
| માતા યશોદા એવોર્ડ વિતરણ | – | ૧૦ |
| સદભાવના મિશન | – | ૩૮૬ |
| સ્વામી વિવેકાનંદ રોજગાર સપ્તાહ | – | ૧૧૫ |
| ગરીબ કલ્યાણ મેળા | – | ૬૭૫ |
| સરપંચશ્રીઓનું મહાસંમેલન | – | ૧૨ |
| ગ્રામ પંચાયત મંત્રીશ્રીઓની કાર્યશિબીર | – | ૦૯ |
| **કુલ** | – | **૧૨૦૭** |

(૨) તે પૈકી નીચે મુજબના કાર્યક્રમોમાં ભાડુ વસુલ કરવામાં આવ્યું.

| | | | |
|---|---|---|---|
| (૧) | ગરીબ કલ્યાણ મેળા | રૂ।. | ૫૦૨૬૦૮૦/– |
| (૨) | માતા યશોદા એવોર્ડ વિતરણ | રૂ।. | ૧૦૯૫૧૮/– |
| (૩) | સરપંચશ્રીઓનું મહાસંમેલન | રૂ।. | ૭૭૦૦૦/– |
| (૪) | ગ્રામ પંચાયત મંત્રીશ્રીઓની કાર્યશિબીર | રૂ।. | ૬૩૦૦૦/– |

(૩) રૂ।. ૯૩૫૮૦૫૦/–.

(૪) વસુલાતની કાર્યવાહી પ્રગતિમાં છે, રાજ્યમાં ચૂંટણી આચાર સંહિતા અમલમાં હોવાથી જે તે વખતે ચૂકવણી થયેલ નથી.

---------

**કચ્છ જિલ્લાની સિવિલ હોસ્પિટલ અદાણી કંપનીને આપવા બાબત**

૧૫૭૬ **શ્રી મહમદજાવી અ. પીરઝાદા(વાંકાનેર) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ કચ્છ જિલ્લાની સિવિલ હોસ્પિટલ (જી. કે. જનરલ હોસ્પિટલ) અદાણી કુ. ને આપવાનાં રાજ્ય સરકારના નિર્ણય સામે કચ્છ જિલ્લામાં આંદોલન થયા તે હકીકત સાચી છે,

(૨) કચ્છ જિલ્લાનાં લોકોના વિરોધ બાદ સરકારે નિર્ણયમાં શા શા ફેરફાર કર્યા, અને

(૩) ઉક્ત સ્થિતિએ આ બાબત ક્યા ક્યા તબક્કે છે?

**જવાબ**

(૧) કચ્છ જિલ્લાની સિવિલ હોસ્પિટલ (જી. કે. જનરલ હોસ્પિટલ) અદાણી કુ. ને આપવાનાં રાજ્ય સરકારના સૈધ્ધાંતિક નિર્ણય સામે કચ્છ જિલ્લામાં આંદોલન થયા હોય તેવી માહિતી નથી.

(૨) લાગુ પડતું નથી.

(૩) વહીવટી પ્રક્રિયાઓ આખરી કરવાના તબક્કે છે.

---------

**નિયામકશ્રી, પેન્શન અને પ્રોવિડન્ટ ફંડની કચેરીમાં પેન્શનના પડતર કેસો**

૧૮૧૨ **શ્રી અશ્વિન કોટવાલ(ખેડબ્રહમા) : માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ નિયામકશ્રી, પેન્શન અને પ્રોવિડન્ટ ફંડની કચેરીનાં પેન્શન કેસો પડતર છે,

**જવાબ**

(૧) ૪૫૧.

(૨) આ કેસો કેટલા સમયથી પડતર છે,

(૩) પડતર રહેવાનાં શા કારણો છે, અને

(૪) ક્યાં સુધીમાં નિકાલ કરવામાં આવશે?

(૨) આ કેસો સપ્ટેમ્બર ૨૦૧૨થી પડતર હતાં.

(૩) ચકાસણીની પ્રક્રિયાના કારણે.

(૪) હાલમાં તે પૈકી એકપણ કેસ પડતર નથી.

---------

**ચિરંજીવી યોજના હેઠળ પ્રસુતા બહેનોને આપેલ સહાય**

૧૪૭૫ **શ્રી મણીલાલ જે. વાઘેલા(વડગામ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) બનાસકાંઠા જિલ્લામાં તા. ૩૧-૧૨-૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વનબંધુ કલ્યાણ યોજના અન્વયે ચિરંજીવી યોજના હેઠળ કુલ કેટલી પ્રસુતા બહેનોને પ્રસુતિ સંબંધી સેવાઓ વિના મૂલ્યે આપવામાં આવી, અને

(૨) તે પાછળ કુલ કેટલો ખર્ચ કરવામાં આવ્યો?

**જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વનબંધુ કલ્યાણ યોજના અન્વયે ચિરંજીવી યોજના હેઠળ કુલઃ ૨,૨૭૧ પ્રસુતા બહેનોને પ્રસુતિ સબંધી સેવાઓ વિના મૂલ્યે આપવામાં આવી.

(૨) કુલ રૂા. ૬૩,૪૭,૪૪૫/-નો ખર્ચ કરવામાં આવેલ છે.

---------

**આણંદ જિલ્લામાં સંપૂર્ણ સુવિધાવાળી સિવિલ હોસ્પિટલ બનાવવા બાબત**

૧૫૬૯ **શ્રી અમીત ચાવડા(આંકલાવ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૧૨ની સ્થિતિએ આણંદ જિલ્લામાં સિવિલ હોસ્પિટલ સંપૂર્ણ સુવિધાવાળી નથી તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો સિવિલ હોસ્પિટલ બનાવવા શી કાર્યવાહી થયેલ છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ તેની માટે કેટલી જમીન અને ગ્રાન્ટ ફાળવવામાં આવેલ છે?

**જવાબ**

(૧) હા, જી.

(૨) આણંદ ખાતે જિલ્લા કક્ષાની સિવિલ હોસ્પિટલના બાંધકામ માટે જમીન સંપાદન કરવામાં આવી છે.

(૩) ઉક્ત સ્થિતિએ સિવિલ હોસ્પિટલનું મકાન બનાવવા મોજે, બાકરોલ, તા. આણંદની હે. ૧૨-૦૦-૦૦ પ્ર.આરે. વાળી જમીન ફાળવવામાં આવેલ છે. આ કામ માટે
રૂા. ૭.૨૦ કરોડની ગ્રાન્ટ ફાળવવામાં આવેલ છે.

એચબી-૭૨૫-૧૨

---------

**પાટણ જિલ્લામાં વાગડોદમાં જનરલ હોસ્પિટલ બનાવવા બાબત**

૧૪૫૪ **શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત(સિધ્ધપુર) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૨ની સ્થિતિએ પાટણ જિલ્લામાં આવેલ વાગડોદમાં જનરલ હોસ્પિટલ બનાવવાની કાર્યવાહી ક્યા તબક્કામાં છે,

(૨) કામ ક્યારે પૂર્ણ થશે, અને

(૩) તેનો અંદાજિત ખર્ચ કેટલો?

**જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૨ની સ્થિતિએ પાટણ જિલ્લામાં આવેલ વાગડોદમાં જનરલ હોસ્પિટલ બનાવવાનું આયોજન કરવામાં આવેલ નથી.

(૨) અને (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**દાહોદ જિલ્લામાં બનાવટી ઘી ના વેચાણ માટે પાડેલા દરોડા**

૧૬૩૬ **શ્રીમતી ચંદ્રીકાબેન છ. બારીયા(ગરબાડા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૧૨ ની સ્થિતિએ દાહોદ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર દેશી ઘી માં બનાવટ કરી વેચાણ કરી આમ જનતાના સ્વાસ્થ્યને

**જવાબ**

(૧) દાહોદ જિલ્લામાં તા. ૩૧-૧૨-૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નીચે મુજબ તાલુકાવાર દેશી ઘી માં બનાવટ કરી વેચાણ કરી પ્રથમ દ્રષ્ટિએ શંકાસ્પદ જણાતાં દરોડા પાડવામાં આવેલ છે.

નુકસાન કરતા કેટલા એકમો વેપારીઓ ઉપર દરોડા પાડી કેટલી રકમનો બનાવટી ઘીનો જથ્થો પકડવામાં આવ્યો, અને

| ક્રમ | તાલુકો | સંખ્યા |
|---|---|---|
| ૧ | દાહોદ | ૩૮ |
| ૨ | ઝાલોદ | ૪ |
| ૩ | ફતેપુરા | ૧ |
| ૪ | દેવગઢ બારીયા | ૧ |
| | **કુલઃ** | **૪૪** જે લેબૉરેટરીમાં પાસ થયેલ છે. આથી ઘી નો જથ્થો પકડવામાં આવેલ નથી. |

(૨) તે અન્વયે પકડાયેલ આરોપીઓ સામે કઇ કલમો લગાવી ગુન્હા દાખલ કરવામાં આવ્યા?

(૨) ખંડ-૧માં જણાવ્યા પ્રમાણે જેઓની પાસેથી ઘી ના નમૂના લીધેલ તેઓ આરોપી ઠરતા ન હોઇ તેમની સામે કોઇ ગુનો દાખલ કરેલ નથી.

---------

**જસદણ-વીંછીયા સામૂહિક આરોગ્ય કેન્દ્રમાં સેટ અપ મુજબ ભરાયેલ જગ્યાઓ**

૧૭૦૭ **શ્રી ભોળાભાઇ ગોહેલ(જસદણ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૨ની સ્થિતિએ રાજકોટ જિલ્લાના જસદણ-વીંછીયા સામૂહિક આરોગ્ય કેન્દ્રમાં મેડીકલ પેરા મેડીકલ સ્ટાફની કેટલી જગ્યાઓ ભરાયેલ છે,

(૧)

| | મેડીકલ | પેરામેડીકલ |
|---|---|---|
| જસદણ | ૪ | ૫ |
| વીંછીયા | ૨ | ૭ |

(૨) સેટઅપ મુજબ કેટલી જગ્યાઓ ભરાયેલ છે, અને

(૨) સામૂહિક આરોગ્ય કેન્દ્ર જસદણમાં કુલ-૧૯ તથા વીંછીયામાં કુલ-૧૬ જગ્યાઓ ભરાયેલ છે.

(૩) ખાલી જગ્યાઓ કેટલા સમયમાં ભરવામાં આવશે?

(૩) સરકારશ્રીના ભરતીના ધારા-ધોરણ મુજબ યોગ્ય લાયકાત અને અનુભવ ધરાવતાં ઉમેદવારો ઉપલબ્ધ થયેથી.

---------

**જામનગર જિલ્લા લોકલ ફંડની કચેરીમાં પેન્શનના પડતર કેસો**

૧૦૮૦ **શ્રી રાઘવજી હં. પટેલ(જામનગર ગ્રામ્ય) : માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) જામનગર જિલ્લામાં કેટલાં પેન્શન કેસો તા. ૩૧-૧૨-૨૦૧૨ની સ્થિતિએ નિર્ણય થવા માટે જિલ્લા લોકલ ફંડ કચેરીમાં પડતર છે,

(૧) ૨૯.

(૨) આ કેસો કેટલા સમયથી પડતર છે,

(૨) ૧૦ દિવસ.

(૩) કેસો પડતર રહેવાના શા કારણો છે, અને

(૩) ચકાસણી પ્રક્રિયાના કારણે.

(૪) તમામ કેસોનો ક્યાં સુધીમાં નિકાલ કરવામાં આવશે?

(૪) તા. ૨૧-૦૧-૨૦૧૩ની સ્થિતિએ કોઇ કેસ પડતર નથી.

---------

**કેન્દ્ર સરકાર તરફથી મળેલ લોનની રકમ અને ચૂકવેલ વ્યાજ**

૧૦૨ **શ્રી મોહનસિંહ છો. રાઠવા(છોટાઉદેપુર) : માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૧૨ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં કેન્દ્ર સરકાર તરફથી રાજ્ય સરકારને લોન પેટે કેટલી રકમ મળી છે, અને

(૧) (રૂા. કરોડમાં)

| નાણાંકીય વર્ષ | મળેલ લોન |
|---|---|
| ૨૦૦૯-૧૦ | ૮૬.૨૫ |
| ૨૦૧૦-૧૧ | ૧૫૯.૨૩ |

| | |
|---|---|
| ૨૦૧૧-૧૨ | ૧૮૭.૮૭ |

(૨) આ લોનનું વર્ષવાર કેટલું વ્યાજ ચૂકવ્યું છે?

(૨) (રૂા. લાખમાં)

| નાણાંકીય વર્ષ | ઉપરોક્ત મળેલ લોન પેટે વ્યાજની ચૂકવણી |
|---|---|
| ૨૦૦૯-૧૦ | ૮.૪૧ |
| ૨૦૧૦-૧૧ | ૬.૨૮ |
| ૨૦૧૧-૧૨ | ૧૪.૪૬ |

---------

**રાજ્યના બજેટમાં વિકાસલક્ષી અને વહીવટલક્ષી ખર્ચ**

૧૫૭૫ **શ્રી મહમદજાવી અ. પીરઝાદા(વાંકાનેર) : માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

સને ૨૦૧૦-૧૧ અને સને ૨૦૧૧-૧૨ના વર્ષમાં રાજ્યના બજેટમાં વિકાસલક્ષી ખર્ચ કેટલો અને વહીવટલક્ષી ખર્ચ કેટલો થયો છે?

**જવાબ**

| વર્ષ | વિકાસલક્ષી ખર્ચ (રૂા. કરોડમાં) | વહીવટલક્ષી ખર્ચ (રૂા. કરોડમાં) |
|---|---|---|
| ૨૦૧૦-૧૧ | ૪૮૨૭૯.૬૫ | ૨૩૧૬૪.૧૫ |
| ૨૦૧૧-૧૨ (સુ.અં.) | ૫૪૦૮૩.૦૩ | ૨૫૮૬૧.૩૯ |

---------

# પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ)

## ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ

શ્રી નીતિનભાઇ ર. પટેલ ( નાણામંત્રીશ્રી) : •માનનીય અધ્યક્ષશ્રી, હું વીજળી શકિત પરિયોજના સેવાને લગતી ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂ. ૩,૦૬,૦૦,૦૦,૦૦૦/- ની પૂરક માગણી ક્રમાંકઃ ૧૩ રજૂ કરૂ છું.

**પૂરક માગણી ક્રમાંકઃ ૧૩ રજૂ થાય છે.**

શ્રી મોહનસિંહ છો. રાઠવા : માનનીય અધ્યક્ષશ્રી હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧ રજૂ કરૂ છું.

**કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧ રજૂ કરવામાં આવી.**

શ્રી બળદેવજી ચં. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૨ રજૂ કરૂ છું.

**કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૨ રજૂ કરવામાં આવી.**

શ્રી જસાભાઇ ભા. બારડ : માનનીય અધ્યક્ષશ્રી હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૩ રજૂ કરૂ છું.

**કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૩ રજૂ કરવામાં આવી.**

## ગૃહ વિભાગ

• પહેલા દિવસની માગણીઓ રજૂ કરવામાં આવી તે પહેલા નાણામંત્રીશ્રીએ વર્ષ ૨૦૧૨-૧૩ના વર્ષ માટેની અનુદાન માટેની બધી માગણીઓની ગુજરાત વિધાનસભાએ વિચારણા કરવા બાબતની રાજયપાલશ્રીની સિફારસ વાંચી સંભળાવી.

શ્રી નીતિનભાઇ ર. પટેલ ( નાણામંત્રીશ્રી) ઃ માનનીય અધ્યક્ષશ્રી, હું જેલ સેવા અંગેની ગૃહ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂ.૧૧,૪૦,૭૨,૦૦૦/-ની પૂરક માગણી ક્રમાંકઃ ૪૪ રજૂ કરૂ છું.

**પૂરક માગણી ક્રમાંકઃ ૪૪ રજૂ કરવામાં આવી.**

શ્રી જોઇતાભાઇ ક. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૪ રજૂ કરૂ છું.

**કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૪ રજૂ કરવામાં આવી.**

શ્રી રાઘવજીભાઇ હં. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૫ રજૂ કરૂ છું.

**કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૫ રજૂ કરવામાં આવી.**

શ્રી રાજેન્દ્રસિંહ ર. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૬ રજૂ કરૂ છું.

**કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૬ રજૂ કરવામાં આવી.**

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૭ રજૂ કરૂ છું.

**કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૭ રજૂ કરવામાં આવી.**

શ્રી નટવરસિંહ કુ. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૮ રજૂ કરૂ છું.

**કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૮ રજૂ કરવામાં આવી.**

શ્રી અશ્વિન કોટવાલ : માનનીય અધ્યક્ષશ્રી હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૯ રજૂ કરૂ છું.

**કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૯ રજૂ કરવામાં આવી.**

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧૦ રજૂ કરૂ છું.

**કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧૦ રજૂ કરવામાં આવી.**

## શ્રમ અને રોજગાર વિભાગ
## માગણી ક્રમાંકઃ ૫૭

શ્રી નીતિનભાઇ ર. પટેલ ( નાણામંત્રીશ્રી) ઃમાનનીય અધ્યક્ષશ્રી, હું શ્રમ અને રોજગાર સેવાને લગતી શ્રમ અને રોજગાર વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂ. ૨,૦૭,૧૪,૦૦૦/-ની પૂરક માગણી ક્રમાંકઃ ૫૭ રજૂ કરૂ છું.

**પૂરક માગણી ક્રમાંકઃ ૫૭ રજૂ કરવામાં આવી.**

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ૧૧ રજૂ કરૂ છું.

**કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧૧ રજૂ કરવામાં આવી.**

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧૨ રજૂ કરૂ છું.

**કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧૨ રજૂ કરવામાં આવી.**

## બંદરો અને વાહન વ્યવહાર વિભાગ

શ્રી નીતિનભાઇ ર. પટેલ ( નાણામંત્રીશ્રી) ઃ માનનીય અધ્યક્ષશ્રી, હું પરિવહન સેવાને લગતી બંદરો અને વાહનવ્યવહાર વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂ.૯૯,૧૮,૦૦,૦૦૦/-ની પૂરક માગણી ક્રમાંકઃ ૭૪ રજૂ કરૂ છું.

**પૂરક માગણી ક્રમાંકઃ ૭૪ રજૂ કરવામાં આવી.**

શ્રીમતી ચંદ્રિકાબેન છ. બારીયા : માનનીય અધ્યક્ષશ્રી હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧૩ રજૂ કરૂ છું.

**કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧૩ રજૂ કરવામાં આવી.**

ડો. અનિલ જોષીયારા : માનનીય અધ્યક્ષશ્રી હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ૧૪ રજૂ કરૂ છું.

**કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧૪ રજૂ કરવામાં આવી.**

## આદિજાતિ વિકાસ વિભાગ
## માગણી ક્રમાંકઃ૯૩

શ્રી નીતિનભાઇ ર. પટેલ ( નાણામંત્રીશ્રી) ઃ માનનીય અધ્યક્ષશ્રી,, હું અનુસૂચિત આદિજાતિઓનું કલ્યાણ સેવાને લગતી આદિજાતિ વિકાસ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂ. ૨૩,૬૨,૨૮,૦૦૦/-ની પૂરક માગણી ક્રમાંકઃ ૯૩ રજૂ કરૂ છું.

**પૂરક માગણી ક્રમાંક ૯૩ રજૂ કરવામાં આવી.**

શ્રી મહેન્દ્રસિંહ શં. વાઘેલા : માનનીય અધ્યક્ષશ્રી હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ૧૫ રજૂ કરૂ છું.

**કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧૫ રજૂ કરવામાં આવી.**

**સન ૨૦૧૨-૨૦૧૩ના વર્ષ માટેની પૂરક માગણીઓ પૈકી ગુરૂવાર, તા. ૨૮-૨-૨૦૧૩ (પહેલા દિવસ)ના રોજ ચર્ચા અને મતદાન માટે લેવાનાર માગણીઓ ઉપરની કાપદરખાસ્તોની એકત્રિત યાદી.**

| અ.નં | મુખ્ય સદર અને સંદર્ભ | કાપ દરખાસ્ત | વિષય | પ્રભારી સભ્યશ્રી |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| **ઉર્જા અને પેટ્રોકેમકિલ્ટ વિભાગ માગણી નં. ૧૩** | | | | |
| ૧. | ૨૮૦૧-વીજળી શકિત<br>૮૦-સામાન્ય<br>૧૦૧-વિદ્યુત.... સહાય<br>૦૪-ગ્રામ .... સહાયકી<br>રૂ. ૨,૨૨,૦૦,૦૦,૦૦૦<br>પા.નં. ૧૫ | ૧૦૦ | સેવાભાવી સસ્થાઓના વારીગૃહને સતવરે વીજ જોડાણ આપવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી મોહનસિંહ રાઠવા (મગળભાઇ ગાવિત) |
| ૨. | -- " -- | ૧૦૦ | ગ્રામ પંચાયતોના વારીગૃહોને સમયસર અને પૂરતી વિજળી પૂરી પાડવામાં ત્રની નિષ્ફળતા. | શ્રી બળદેવજી ઠાકોર (પ્રહલાદભાઇ પટેલ) |
| ૩. | ૨૮૦૧-વીજળી શકિત<br>૮૦-સામાન્ય<br>૮૦૦-અન્યખર્ચ<br>૧૫-જીઇઆરસી કૃષિ...<br>સહાય<br>રૂ. ૮૪,૦૦,૦૦,૦૦૦<br>પા.નં. ૧૫ | ૧૦૦ | કૃષિ ક્ષેત્રે સબસીડી/વળતર માટે ગુજરાત ઉર્જા વિકાસ નિગમને રજૂ કરેલ દાવાઓ અંગે પૂરતી ચકાસણી કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી જશાભાઇ બારડ (મહમદ જાવીદ પીરઝાદા) |

| | | | | |
|---|---|---|---|---|
| **ગૃહ વિભાગ**<br>**માગણી નં. ૪૪** | | | | |
| ૪. | ૨૦૫૬–જેલ<br>૦૦૧–નિર્દેશ અને વહીવટ<br>૦૧–MEP જેલ મહાનિર્દેશક<br>રૂ. ૨૯,૪૨,૦૦૦<br>પા.નં. ૬૨ | ૧૦૦ | જેલમાં કેદીઓ વચ્ચે વારંવાર થતા મારામારીના બનાવો અટકાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી જોઇતાભાઇ પટેલ<br>(ભોળાભાઇ ગોહેલ) |
| ૫. | —— " —— | ૧૦૦ | કેદીઓને મળવા આવતા મુલાકાતીઓની પૂરતી ચકાસણી કરી જેલમાં થતી ગેરકાનૂની પ્રવૃત્તિઓ નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી રાઘવજી પટેલ<br>(વજેસિંગભાઇ પણદા) |
| ૬. | —— " —— | ૧૦૦ | કેદીઓને અપાતી બહારની ટીફીન વ્યવસ્થાની પૂરતી ચકાસણીના અભાવે કારે મોબાઇલ અને અન્ય પ્રતિબંધિત વસ્તુઓ કેદીઓ સુધી પહોંચતી અટકાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી રાજેન્દ્રસિંહ ચાવડા<br>(હીરાભાઇ પટેલ) |
| ૭. | ૨૦૫૬–જેલ<br>૦૦૧–નિર્દેશ અને વહીવટ<br>૦૧–MEP જેલ મહાનિર્દેશક<br>રૂ. ૨૯,૪૨,૦૦૦<br>પા.નં. ૬૨ | ૧૦૦ | જેલ મહાનિરીક્ષકની કામગીરીને સબળ બનાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી પરેશ ધાનાણી<br>(મહેશકુમાર પટેલ) |
| ૮. | ૨૦૫૬–જેલ<br>૧૦૧–જેલ<br>૦૧–MEP ૧૭ સેન્ટ્રલ જેલ<br>રૂ. ૭,૮૯,૪૩,૦૦૦<br>પા.નં. ૬૨ | ૧૦૦ | સેન્ટ્રલ જેલમાં ખૂંખાર કેદીઓને એક સાથે ભેગા રાખવાની પધ્ધતિ દૂર કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી નટવરસિંહ ઠાકોર<br>(પ્રવિણભાઇ રાઠોડ) |
| ૯. | —— " —— | ૧૦૦ | સેન્ટ્રલ જેલમાં સીસીટીવી કેમેરાઓ બંધ હોવાના કારણે ગુનાહીત પ્રવૃત્તિઓ પકડવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી અશ્વિન કોટવાલ<br>(પુનમભાઇ પરમાર અને છબીલભાઇ પટેલ) |
| ૧૦. | —— " —— | ૧૦૦ | નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી શૈલેષ પરમાર<br>(અમીત ચાવડા) |
| **શ્રમ અને રોજગાર વિભાગ**<br>**માગણી નં ૫૭** | | | | |
| ૧૧. | ૨૨૩૦–શ્રમ અને રોજગાર<br>૦૧–શ્રમ<br>૦૩–એલબીઆર–૧૨<br>કારખાનાના… મહેમ<br>રૂ. ૪,૫૩,૦૦૦<br>પા.નં. ૮૨ | ૧૦૦ | કારખાનાના મુખ્ય નિરીક્ષકની કચેરીના મહેકમની ઘટ પૂરી કરી તેની કામગીરીને સંગીન બનાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી પરેશ ધાનાણી<br>(રાઘવજી પટેલ) |
| ૧૨. | ૨૨૩૦–શ્રમ અને રોજગાર<br>૦૩–તાલીમ<br>૦૦૩–કારીગરો…. તાલીમ<br>૦૫–ઇએમપી–૨ ઔદ્યોગિક તાલીમ કેન્દ્રો<br>રૂ. ૧,૬૬,૮૬,૦૦૦ | ૧૦૦ | ઔદ્યોગિક તાલીમ કેન્દ્રોમાં પૂરતું મહેકમ તથા તાલીમાર્થીઓ માટે પૂરતી સવલતો પૂરી પાડવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી બલવંતસિંહ રાજપૂત<br>(વજેસિંગભાઇ પણદા) |

| | | | | |
|---|---|---|---|---|
| | પા.નં. ૮૩ | | | |
| | **બંદરો અને વાહન વ્યવહાર વિભાગ**<br>**માગણી નં. ૭૪** | | | |
| ૧૩. | ૩૦૫૫–માર્ગ પરીવહન<br>૧૯૦–જાહેર.... સહાય<br>૮૦૦–અન્ય ખર્ચ<br>૦૨–ગુજરાત.... સહાય<br>રૂ. ૯૯,૦૦,૦૦,૦૦૦<br>પા.નં. ૧૮૩ | ૧૦૦ | નિયમિત રૂટની એસ.ટી. બસો વારંવાર સરકારી કાર્યક્રમોમાં ફાળવી દેવાતા વિદ્યાર્થી આલમને પકતી હાડમારી નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રીમતી ચંદ્રિકાબેન બારીયા<br>(રમેશભાઇ ચાવડા) |
| ૧૪. | __ " __ | ૧૦૦ | આર્થિક રીતે ખર્ચાળ માર્ગો અને વિદ્યાર્થી બસ ભાડા રાહત વગેરેને કારણે થતી ખોટ પેટે માતબર સહાય આપવા છતાં બસોની પૂરતી સવલતો આપવામાં તંત્રની નિષ્ફળતા. | ડૉ. અનિલભાઇ જોષિયારા<br>(ગેંદાલભાઇ ડામોર) |
| | **આદિજાતિ વિકાસ વિભાગ**<br>**માગણી નં. ૭૪** | | | |
| ૧૫. | ૨૨૨૫–અનુસૂચિત કલ્યાણ<br>૦૨–અનુસૂચિત....કલ્યાણ<br>૨૭૭–શિક્ષણ<br>૩૫–બી.સી.કે.૩૧૧<br>અનુસૂચિત...શિષ્યવૃત્તિ<br>રૂ. ૧૧,૪૯,૮૩,૦૦૦<br>પા.નં. ૨૫૦ | ૧૦૦ | અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓને એસ.એસ.સી. પછી શિષ્યવૃત્તિ આપવામાં થતો વ્યાપક વિલંબ નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી મહેન્દ્રસિંહ વાઘેલા<br>(મિતેશભાઇ ગરાસિયા) |

**અધ્યક્ષશ્રી :** પૂરક માગણીઓ પર સભાગૃહમાં ચર્ચા કરવા માટે બે દિવસ ફાળવવામાં આવ્યા છે. આ ચર્ચા દરમિયાન માનનીય સભ્યશ્રીઓએ ચર્ચાની મર્યાદાઓનો ખ્યાલ રાખવો જરૂરી છે. આ વિશે ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ ૨૩૪(૩) તરફ માનનીય સભ્યશ્રીઓનું હું ધ્યાન દોરું છું. આ જોગવાઇ મુજબ પૂરક માગણીઓ ઉપર ચર્ચા કરતી વખતે મૂળ ગ્રાન્ટને લગતી નીતિ પર ચર્ચા ન કરતાં જે બાબતોને લગતી પૂરક માગણીઓ હોય તે બાબતો પૂરતી જ ચર્ચા મર્યાદિત રાખવી જોઇએ. નવી સેવાઓ બાબતે ધ્યાન દોરવાનું કે તે અંગેની અનુસૂચિ માનનીય સભ્યશ્રીઓને પૂરી પાડવામાં આવી છે. નવી સેવાઓને લગતી માગણીઓના સંબંધમાં નીતિનો પ્રશ્ન ઉપસ્થિત કરી શકાય. પરંતુ આ પ્રશ્ન જે બાબત ઉપર સભાગૃહનો મત લેવાનો છે તે બાબત પૂરતી મર્યાદિત રાખવી જોઇએ. માનનીય સભ્યશ્રીઓ તેમના મંતવ્યો રજૂ કરતી વખતે આ મુદ્દાઓ ખાસ ધ્યાનમાં રાખશે એવી હું આશા રાખું છું.

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત(સિદ્ધપુર) :** માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે ૫૭૨૮ કરોડ રૂપિયાની ૧૦૬ માગણીઓ લઇને આવ્યા છે, એમાં રૂ. ૪૦૨૭ કરોડ મહેસૂલી ખર્ચના છે અને ૧૭૦૦ કરોડ રૂપિયા મૂડી ખર્ચના છે એટલે આખા બજેટ પર ૫.૭૦ ટકા જેટલો વધારો થતો હોય ત્યારે સ્પષ્ટપણે દેખાઇ આવે છે કે ગુજરાત સરકારમાં જ્યારે પણ બજેટ રજૂ થાય ત્યારે બજેટમાં કદાચ એક–બે ટકાનો ફરક પડે તો બરાબર છે, પણ આટલો બધો ફરક પડતો હોય ત્યારે મને લાગે કે આ ગુજરાત સરકારનો વહીવટ ક્યા પ્રકારનો છે એ આ પૂરક માગણીઓ પરથી સ્પષ્ટ દેખાઇ આવે છે. ખાસ કરીને જ્યારે ઉર્જા માટે માગણી લઇને આવ્યા છે ત્યારે મારે કહેવું છે કે પૂરક માગણીઓમાં ૩૦૬ કરોડ ઉર્જા માટેના લઇને આવ્યા છે. ખાસ કરીને એમાં બતાવ્યું છે કે ૧૮,૫૦૦ ગ્રામ પંચાયતો માટે અને ખેતી માટેની વીજળીના ભાવ વધારા માટે ૮૪ કરોડ રૂપિયા છે. મારે સરકારનું ધ્યાન દોરવું છે કે ઉર્જા વિભાગ એક બાજુ એમ કહેતા હોય કે ખેતી માટે વીજળીનો ભાવ વધારો, પણ કેટલાય સમયથી ખેડૂતોને છેલ્લા દસ વર્ષથી અન્યાય થઇ રહ્યો છે. આજે કહી શકાય કે ખેડૂતો માટે ૮૪ કરોડનો ભાવ વધારો લઇને આવ્યા છે ત્યારે કહેવું છે કે જ્યારે કોંગ્રેસના ચૂંટણી ઢંઢેરામાં અમે

વાત કરી હતી કે અમે ડાર્કઝોન ઉઠાવીશું અને કેટલીય મિટિંગો થઇ અને આ સરકારને એમ લાગ્યું ત્યારે ખેડૂતો માટે (અંતરાય) આ ૮૪ કરોડ લાવ્યા છે એના ઉપર જ બોલું છું. ભાવ વધારાની વાત છે. (અંતરાય)

**શ્રી નીતિનભાઇ ર. પટેલ :** માનનીય અધ્યક્ષશ્રી, સ્પષ્ટતા માટે જણાવું કે આ વધારાની માગણીઓ છે. માનનીય બલવંતસિંહજી, દંડકશ્રી એમ કહે છે કે ભાવ વધારો લઇને આવ્યા છે. આ ભાવ વધારાની દરખાસ્ત નથી. બજેટ કરતા વધુ ખર્ચ થયો એ મંજૂર કરાવવા આવ્યા છીએ.

**અધ્યક્ષશ્રી :** વીજળીના ભાવ વધારાની વાત છે. ઉર્જા ઉપરની માગણીઓ છે.

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત :** હું એ જ વાત કરું છું કે માનનીય મંત્રીશ્રીને ખ્યાલ નહીં હોય પણ મને ખ્યાલ છે કે,૮૪ કરોડ રૂપિયાની સરકારે ખેડૂતોને સબસિડી આપવાની છે અને ૧૮૫૦૦ ગામડા માટેના ૨૨૨ કરોડ રૂપિયા. હું ફિગર સાથે બોલું છું અને એની લાઇનમાં જ બોલીશ, એટલે માનનીય મંત્રીશ્રી એવું ના સમજે કે બીજાને ખ્યાલ ના આવે.

અધ્યક્ષશ્રી : આખા હાઉસને સમજાવી દો ને. મંત્રીશ્રી સમજી જાશે. તમારું પ્રવચન ચાલુ રાખો.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : ૮૪ કરોડ રૂપિયા જે સબસિડી આપવાની વાત કરું છું કે આ સરકાર એકબાજુ ખેડૂતોને સબસિડી આપવાની વાત કરે એ ક્યારે કરે? મારે જે કહેવાની વાત છે એ અનુસંધાનમાં છે કે સરકાર એકબાજુ ડાર્કઝોન નથી ઉઠાવતી અને જ્યારે ઉઠાવે ત્યારે કેટલાય ટાઇમથી આજે આમાં ખેડૂતો માટે વીજળી બાકી છે. ૫૭ ગામોની અંદર ડાર્કઝોન હતો. સબસિડી આપવાની વાત થઇ પણ ડાર્કઝોનમાં પાંચ લાખ લોકોની એપ્લીકેશન પેન્ડિંગ હતી. સરકારે ૮૪ કરોડ રૂપિયા શેમાં વાપર્યા તેનો એકચ્યુઅલ ખ્યાલ નથી. ભાઇ તમે સબસિડી શેમાં આપી? ટપક પદ્ધતિથી માંડીને ડાર્કઝોનમાં વાપર્યા હશે પણ આજે વાસ્તવિક પરિસ્થિતિ એ છે કે ૧૯૯૨, ૧૯૯૪, ૧૯૯૫ની અંદર જે લોકોએ આની એપ્લીકેશન કરી હતી એ એપ્લીકેશનવાળાને આજે પણ વીજળી મળતી નથી. મારે દુઃખ સાથે એવું કહેવું પડે કે વીજળી ખેડૂતોને ના અપાય પણ ટાટાને ૨૨૦ કે.વી.ના એક અને ૬૬ કે.વી.ના બે મોટા ટ્રાન્સફોર્મર્સ આ સરકારે આપી દીધા. એક બાજુ ખેડૂતોને સબસિડી આપવાની વાત કરે પણ સબસિડીમાં કદાચ મોટો વધારો કર્યો હોત તો પણ ક્યા પ્રકારની સબસિડી આપતા હશે? એ આ પૂરક માગણીઓ લઇને આવવાની અંદરની જે પદ્ધતિ છે ૮૪ કરોડ રૂપિયા સબસિડી આપી. આજે પણ હું એમ કહું છું કે આ સરકાર ખેડૂતો માટેની સબસિડી વધારવા માટે ક્યારે પણ આવે તો અમે એમની સાથે છીએ. ખેડૂતો માટેની પૂરક માગણીઓ લઇને સરકાર આવી છે પણ હકીકતમાં આ પૂરક માગણી એ કયા પ્રકારની છે એ તો જ્યારે આનું સંશોધન કરવામાં આવે ત્યારે આપણને ખ્યાલ આવે કે ૮૪ કરોડ રૂપિયા શેમાં વાપર્યા છે. આ પ્રકારની પૂરક માગણી લઇને આવે છે એના ઉપરથી સ્પષ્ટપણે દેખાય છે કે આ સરકાર ક્યા પ્રકારનો વહીવટ કરે છે? એટલે આ પૂરક માગણીઓ ખરેખર સરકારશ્રી પહેલા જો બજેટમાં લાવી હોત તો લોકોને થાત કે આટલું બજેટ વધી ગયું હોત પણ આ પ્રકારે નહિ લાવવું જોઇએ. ખરેખર સરકારે આ બાબતે કાળજી રાખવી જોઇએ.

શ્રી ભુષણ અ. ભટ્ટ(જમાલપુર-ખાડીયા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી જે પૂરક માગણીઓ લઇને આવ્યા છે. પૂરક માગણી ક્રમાંક-૪૪ જેલ વિભાગની એમાં ૧૧,૪૦,૭૨,૦૦૦/-ની માગણી લઇને આવ્યાં છે એના ઉપર વાત કરવા માગ છું.

માનનીય અધ્યક્ષશ્રી, આપણા રાજ્યની અંદર કેટલાક વિભાગ વિકાસ માટેના હોય છે અને કેટલાક વિભાગ જે સેવા માટે હોય છે એમાંનો એક વિભાગ જેલ, એ પણ સેવાનો વિભાગ છે. એમ કહીએ. આ રાજ્યની અંદર હાલમાં જોવા જઇએ તો પચ્ચીસેક જેલ આવેલી છે અને એ જેલની અંદર લગભગ ૧૨૫૦૦ની ક્ષમતાવાળી જેલની અંદર હાલમાં ૧૧૫૦૦ જેટલા કેદીઓ, બંદીવાન ભાઇઓ એની ક્ષમતા પ્રમાણે જેલોની અંદર છે. આ જેલની અંદર એના આધુનીકરણની બાબત હોય કે જેલને સુવિધા પૂરી પાડવાની બાબત હોય એ સુવિધા પૂરી પાડવાની બાબતની અંદર છેલ્લા બે વર્ષની અંદર રાજય સરકારે લગભગ ૨૬૫.૩૩ લાખ જેટલી માતબર રકમનો ખર્ચો કરીને જેલોની અંદર સુવિધા ઊભી કરવાનું કામ કર્યુ છે. એ તિહાર જેલમાં કોઇ મંત્રી હોય કે એને રહેવા માટે સોફા-કમ-બેડ આપવો હોય. એવી સુવિધા અહીંયા કોઇ રાજયની જેલની અંદર, આખા રાજયમાં પૂરી પાડવામાં નથી આવી. ત્યાં ફર્નિચર પૂરું પાડવામાં આવે, ત્યાં પાટ પૂરી

પાડવામાં આવે. હું એની વાત કરવા નથી માગતો પણ મારી વાત એટલી જ છે કે, રાજયની જેલોની અંદર બંદીવાન ભાઇઓ માટે હાઇ માસ્ક વોલ અને સમગ્ર ગુજરાતની બધી જ જેલોની અંદર એને ઇલેક્ટ્રીક ડી.સી.લાઇટ, વાયર લગાવવાનું કામ આ રાજય સરકારે કર્યું છે. પહેલો પ્રયોગ ગુજરાતની જેલની અંદર કર્યો એ, ભદ્ર કોર્ટથી સાબરમતી સેન્ટ્રલ જેલની અંદર લાઇવ કોર્ટ ચાલે, ઓનલાઇન કોર્ટ ચાલે અને એ પ્રયોગ સફળ થતાં એ સફળ પ્રયોગને આજે રાજય સરકારે સમગ્ર ગુજરાતમાં લઇ જવાનો પ્રયત્ન કર્યો.

માનનીય અધ્યક્ષશ્રી, મારે એ વાત કહેવાની કે, જે જેલની અંદર સુવિધા આપવાની વાતની સાથે જેલના બંદીવાન ભાઇઓ માટે પણ આ રાજય સરકારે અનેક પ્રયત્નો કર્યા છે, છેલ્લા પાંચ વર્ષની અંદર. એની અંદર કોમ્પ્યુટર તાલીમ હોય, મહિલાઓ માટે સીલાઇ કામની તાલીમ હોય, (અંતરાય) એ તો બધી વાત, મેં તો તમને કીધુ ને કે, આ તુલના કરવા બેસીશું તો આખું સપ્તાહ નિકળી જશે. તિહાડ જેલના તમારા મંત્રીઓને આપેલી સુવિધાઓને અને અહીંની સુવિધાની તુલના કરવા બેસીશું તો પણ ઓછું પડશે ભાઇ. જેલની અંદર મહિલાઓ માટે જ્વેલરી અને સોફ્ટ ટોઇઝ બનાવવા સ્વરોજગારી મેળવી શકે એના માટે, ઇટાલીયન લેસ બનાવવાની પણ આ જેલની અંદર શરૂઆત થઇ. હિરો હોન્ડાના એક કોર્ષની અંદર, મોટર સાયકલ રિપેરીંગના એક કોર્ષની અંદર પ્રમાણપત્ર માટે જેલના કેદી ભાઇઓ માટે વ્યવસ્થા થઇ છે. (સમયસૂચક ઘંટડી) જેલની અંદર જેલના કેદીઓ માટેની જે અનેક સુવિધાઓ કરવામાં આવી છે, પણ આનંદ એ બાબતનો થાય કે, નિરંતર શિક્ષણની અંદર ચિત્ર સ્પર્ધાઓ હોય, શિક્ષણ સ્પર્ધા હોય, ઓપન યુનિવર્સિટી હોય, આંબેડકર યુનિવર્સિટી હોય આ બધાનો ઉપયોગ એ રાજયની જેલની અંદર કરવામાં આવ્યો છે.

માનનીય મંત્રીશ્રી જે પૂરક માગણીઓ લઇને આવ્યા છે એ માગણીઓમાં હું તમને એમ કહું કે, સ્વરોજગારીની વાત કરતાં કરતાં જેલમાં છાપકામ હોય, વણાટ કામ હોય, કેમીકલ હોય, ભજીયાની દુકાન હોય અને પેટ્રોલ પંપની શરૂઆત આ રાજયની અંદર થવાની હોય, આવી શરૂઆત આ રાજયમાં થવાની હોય, માનનીય અધ્યક્ષશ્રી, જે માગણીઓ લઇને આવ્યા છે, આનંદ એ બાબતનો થાય કે, માનનીય મંત્રીશ્રી જે માગણીઓ લઇને આવ્યા છે (સમયસૂચક ઘંટડી) એક મિનિટ સાહેબ.

અધ્યક્ષશ્રી : ના, ના. હું તમને એક મિનિટ પહેલાં કહું છું. શ્રી અનિલભાઇ જોષીયારા.

ડો. અનિલ જોષીયારા(ભિલોડા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી આદિજાતિ વિભાગ માટે જે પૂરક માગણીઓ લઇને આવ્યા છે એમાં મારા વિચારો રજૂ કરવા માટે ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, એમની જે માગણીઓ છે એ ર૬ કરોડ, ૬ર લાખ, ર૮ હજાર એમાં મુખ્યત્વે આશ્રમશાળાના જે અધિકારીઓ છે, આશ્રમશાળાના જે શિક્ષકો છે એમના છઠ્ઠા પગાર પંચના અમલ માટે છે અને વિદ્યાર્થીઓનો જે નિભાવણી ખર્ચ વધ્યો છે એના માટે છે. સાહેબ, આદિવાસી વિસ્તારમાં લગભગ ૪૫૩ જેટલી આશ્રમશાળાઓ ચાલે છે. સાહેબ, છેલ્લા ઘણાં સમયથી આ આશ્રમશાળામાં ર૦૦૭થી લગભગ ભરતી થઇ નથી એટલે મોટાભાગની આશ્રમશાળામાં એક થી બે જ શિક્ષકો છે અને ચારસો જેટલા શિક્ષકોની જગ્યાઓ ખાલી છે. દોઢસો જેટલા શિક્ષકો અત્યારે જિલ્લા પંચાયતમાં ગયા એટલે મોટાભાગની આદિવાસી વિસ્તારની આશ્રમશાળાઓ શિક્ષકો વગરની છે એવી પરિસ્થિતિ થઇ છે. સાહેબ, એના માટે આપણી પાસે પૂરતું બજેટ હતું ૯૭,૯૩,૧ર,૦૦૦/-નું બજેટ હતું જ સાહેબ. કયા સંજોગોમાં વધારાની માગણી લાવવાની એમને જરૂર પડી? સાથે સાથે નિભાવ ખર્ચ માટે બાયોમેટ્રિક સિસ્ટમથી છોકરાઓની હાજરી નક્કી કરવામાં આવે છે. હવે ગામડાઓમાં અત્યારે બાયોમેટ્રિક સિસ્ટમ ત્યાં ચાલતી જ નથી. ત્યાં લાઇટની સગવડ પણ અપૂરતી છે. સાહેબ, ઘણી વખત લાઇટ જતી રહે છે. અને આ બાયોમેટ્રિક સિસ્ટમમાં જે હાજરી થાય છે એ વેબ સાઇટ પર જોઇને ખબર પડે છે કે, ત્યાં કેટલી હાજરી કે, કેટલા સ્ટુડન્ટ છે. પણ આ હાજરી સાહેબ, સાચી નથી આવતી એના લીધે સંચાલકોને અત્યારે પૂરા પૈસા મળી શકતા નથી. મારી તો વિનંતી છે સાહેબ, કે આટલી બધી તમે જે માગણી વધારાની લઇને આવ્યા છો એ મને લાગે છે કે અયોગ્ય છે. સાથે સાથે જે પોસ્ટ મેટ્રિક સ્કોલરશીપમાં સાહેબ, એ વધારો જે કરવામાં આવ્યો છે વિદ્યાર્થીઓ માટે, એ પોસ્ટ મેટ્રિક સ્કોલરશીપ સેન્ટ્રલ ગવર્નમેન્ટે વધારી છે કે સ્ટેટ ગવર્નમેન્ટે? એનો કોઇ પરિપત્ર અમને મળ્યો નથી અને આ

વધારો કયારે કરવામાં આવ્યો અને કયા સંજોગોમાં અને જો વધારો કર્યો હોય તો એનો પરિપત્ર અમને મળવો જોઇતો હતો. પરિપત્ર જો અમને મળ્યો હોત તો અમને ખ્યાલ આવત એટલે આ જે પૂરક માગણીઓ છે એને હું સમર્થન આપતો નથી.

મારે પરિવહનની વાત કરવી છે. પરિવહનમાં ૯૯,૧૮,૦૦,૦૦૦/- ની માગણી લઇને આવ્યા છે. છેલ્લા ઘણા વખતથી પછાત વિસ્તારોમાં બસોની સંખ્યા ઘટતી જાય છે. પહેલા જે બસોની સંખ્યા હતી ૨૦૦૦માં, જયારે આ મુખ્યમંત્રી બેઠા, ત્યારે ૮૫૭૩ બસો ડેઇલી દોડતી હતી. આજે ઘટતી ઘટતી ૬૬૬૦ જેટલી બસો રહી છે. આજે ગામડાંઓમાં જે બહેનો છે. સરકાર તો એમ કહે છે કે બહેનોને મફત પાસ પણ બસ આવે તો ને? હાથ ઉંચો કરો અને બસ ઉભી રહેશે પણ હાથો ઉંચો કરતા રહી ગયા બસ આવી નહીં. આ જે માગણી છે એ માગણી શાના માટે સરકાર લઇને આવી રહી છે પી.ટી.સી.માં ભણતી બહેનો, મુખ્યમંત્રીશ્રી એમ કહે છે કે હું ભીખ માગું છું મારી દીકરીઓને ભણાવવા માટે, પણ મારે એમ કહેવું છે કે પી.ટી.સી.માં ભણતી છોકરીઓને પાસ તો આપો. મારી પણ રજૂઆત છે. આજે ઘણીબધી છોકરીઓ ગામડાંઓમાંથી પી.ટી.સી. કોલેજમાં આવી શકતી નથી અને એમણે ભણવાનું છોડી દીધું છે એટલા માટે કે રોજના સો રૂપિયા પોસાતા નથી. સરકારને ચિંતા કરવાની જરૂર છે. સરકારે આ નવ્વાણુ કરોડ રૂપિયા વધાર્યા છે એનું એક માત્ર કારણ એ છે કે મુખ્યમંત્રીના જે પ્રોગ્રામો છે, મુખ્યમંત્રીના એકેએક પ્રોગ્રામમાં સાતસોથી આઠસો બસો હોય છે. મોટાભાગના માણસો, શાળામાં જતા બાળકો અને કર્મચારીઓ બધા બસ સ્ટેન્ડે ઉભા રહે છે અને આ બધી બસો જતી હોય છે મુખ્યમંત્રીના પ્રોગ્રામમાં અને આ જે ભારણ છે એનો ભાર પ્રજાને શા માટે વેઠવો પડે? એટલા માટે હું સ્વીકારતો નથી.

છેલ્લે જે અઢાર લાખ રૂપિયા છે એ કમિશનર ઓફિસ છે દિલ્હી ભવન, એના માટેના છે. એમાં ઓલરેડી આપણી પાસે આડત્રીસ લાખ પડેલા છે. જો એમને વાહનની જરૂર હોય તો બજેટમાં માગણી લાવી શકે છે. પૂરક માગણીની કયાં જરૂર છે? આટલી વાત કરીને હું સમર્થન આપ્યા વગર મારી વાત પૂરી કરું છું.

શ્રી દુષ્યંતભાઇ ર. પટેલ(ભરૂચ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે ઉર્જા વિભાગની પૂરક માગણીઓ લઇને આવ્યા છે એમાં હું મારા વિચારો રજૂ કરું છું. હું ધ્યાન દોરવા માગું છું ૧૯૬૦ થી ૨૦૦૦ ની સાલ તરફ. એ વખતનું ગુજરાત અને એ વખતના ગુજરાતનું ઉર્જા ક્ષેત્ર. વીજ માંગ અને પુરવઠા વચ્ચે અંતર, ગામડાંઓમાં છ થી આઠ કલાકનો વીજ કાપ, શહેરી વિસ્તારમાં વીજ કાપ અને અપૂરતા વોલ્ટેજ, અનેક વીજ વિક્ષેપો અને અસંખ્ય ફરિયાદો. આ બાર વર્ષની અંદર જયારથી માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી મુખ્યમંત્રી બન્યા ત્યારથી પંચામૃત શકિત લાવીને એમાં ઉર્જા શકિતનો સમાવેશ કર્યો.

માનનીય અધ્યક્ષશ્રી, મારે આપનું ધ્યાન દોરવું છે અને સામે બેઠેલા મારા મિત્રોનું પણ ધ્યાન દોરવું છે. ૪૦ વર્ષની અંદર ૭૯૫૦ મેગાવોટ વીજળી પેદા થતી હતી ૧૯૬૦ થી ૨૦૦૦ સુધીમાં અને ૨૦૦૦ થી ૨૦૧૨ ની અંદર ૮૯૦૨ મેગાવોટ વીજળી આ રાજયની અંદર પેદા થઇ છે. આજે ૨૦૧૨માં જયારે તુલના કરીએ ત્યારે વીજ કાપથી મુકત દેશનું એક માત્ર રાજય, વીજ ઉત્પાદન ક્ષેત્રે સ્વનિર્ભર રાજય. ગામડાંઓમાં અને શહેરમાં સતત થ્રી ફેઝ વીજ લાઇન અને વધુ કાર્યક્ષમ અને ઝડપી ગ્રાહક લક્ષી સેવાઓ. આ સાત વર્ષની અંદર સૌથી નોંધનીય બાબત એ છે કે આ રાજયની સરકારને ૫૮ જેટલા નેશનલ અને ઇન્ટરનેશનલ એવોર્ડ મળ્યા છે. વર્ષ ૨૦૦૦ના અંતે રાજયની વીજ ક્ષમતા ૮૩૬૬ મેગાવોટ હતી, જયારે આજે ૨૦૧૨ ની અંદર રાજયની સ્થાપિત વીજ ક્ષમતા ૨૧૦૪૨ મેગાવોટ છે. માત્ર ૧૨ વર્ષની અંદર એકસો બાવન ટકાનો વધારો. સમગ્ર દેશની અંદર જો કોઇએ સૌર ઉર્જા નીતિની પહેલ કરી હોય તો એ આ ગુજરાત રાજય છે. (અંતરાય) આ દેશની અંદર કેનાલ રૂફ ટોપથી વીજળી પેદા કરવાનું જો કોઇએ કામ કર્યું હોય તો એ આ રાજયની સરકારે કર્યું છે. મારે ધ્યાન દોરવું છે કે અહીં બેઠેલા મિત્રો, ૧૯૬૦ થી ૨૦૦૦ સુધી ૪૦ વર્ષમાં માત્ર ૬૪૨ સબસ્ટેશનો સ્થાપ્યાં હતાં. ૨૦૦૦ થી ૨૦૧૨ માં ૧૨ વર્ષમાં ૫૯૦ સબસ્ટેશનો સ્થાપ્યાં છે. આવનારાં ૫ વર્ષમાં ૬૦૦ નવાં સબસ્ટેશનો કાર્યાન્વિત થશે. આદિવાસી વિસ્તારની વાત કરું તો વર્ષ ૧૯૬૦માં આદિવાસી વિસ્તારમાં એક પણ સબસ્ટેશન નહોતાં. ૧૯૬૦ થી ૨૦૦૦ની સાલ સુધીમાં ૪૦ વર્ષમાં માત્ર ૭૫ સબસ્ટેશનો આદિવાસી વિસ્તારમાં હતાં. ગરીબોની વાતો કરે છે. આ હાથ આમ આદમીકે સાથ. આ કયો

હાથ? રેકર્ડ ઉપરની વાત છે. કદાચ ૨૦૦૦ થી ૨૦૧૨ માં છેલ્લાં ૧૨ વર્ષમાં ૮૦ સબસ્ટેશનો આદિવાસી વિસ્તારમાં સ્થાપવામાં આવ્યાં છે. આવનારાં વર્ષમાં હજુ સબસ્ટેશનો મૂકવાનાં છે. ૧૯૯૦ થી ૨૦૧૦ એમ ૧૦ વર્ષમાં ૨૦,૦૦૦ કૂવાનું વીજળીકરણ આદિવાસી વિસ્તારમાં કરવામાં આવ્યું છે. ૨૦૦૦ થી ૨૦૧૨ દરમ્યાન ૯૨૦૦૦ કૂવાઓનું વીજળીકરણ આ રાજયની સરકારે કર્યુ છે. સાગરખેડૂ વિસ્તારની વાત કરું તો દરિયાકાંઠા વિસ્તારમાં ૪૦ વર્ષમાં ૧૧૨ સબસ્ટેશનો સ્થાપ્યાં હતાં. છેલ્લાં ૧૨ વર્ષમાં સાગરખેડૂ વિસ્તારમાં ૧૦૨ સબસ્ટેશનો સ્થાપવામાં આવ્યાં છે. આવતાં વર્ષની અંદર ૧૪ બીજાં નવાં સબસ્ટેશનો જેમ મેં કહ્યું તેમ આપણા મુખ્યમંત્રીશ્રી વિઝન અને મિશન સાથે કામ કરે છે. ૨૦૧૭ માં ૫૪ નવાં સબસ્ટેશનો સાગરખેડૂ વિસ્તારમાં સ્થાપવા જઇ રહ્યાં છે. દરિયાકાંઠા વિસ્તારમાં કયારેય ન બદલાયેલા. હું આ વિસ્તારમાંથી આવું છું. અગરિયા ખૂબ છે. ત્યાં આગળ સોલ્ટનો પ્રશ્ન...

શ્રી બાવકુભાઇ ના. ઉંધાડ(લાઠી) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે પૂરક ખર્ચનું પત્રક જે ૨૦૧૨-૧૩ લઇને આવ્યા છે, એમાં મારા વિચારો રજૂ કરવા માટે ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી ૫,૭૨૭ કરોડ ૬૬ લાખનું પૂરક બજેટ લઇને આવ્યા છે. આ પૂરક બજેટની બૂકમાં પાનાં નં. ૫૮ ઉપર લખ્યું છે કે કે.જી.બેઝિનની કામગીરી તથા જી.એસ.પી.સી. ની નાણાકીય સ્થિતિને સદ્ધર કરવા માટે ગયા વર્ષે ૨૦૦ કરોડ રૂપિયા ફાળવ્યા હતા. પાછા આ વર્ષે બીજા ૩૦૦ કરોડ રૂપિયા ફાળવ્યા.(અંતરાય) મોહનભાઇ, *(xxxxxx)

અધ્યક્ષશ્રી :અંદરો અંદર વાત નહિ. આ બધા શબ્દો રેકર્ડ ઉપરથી કાઢી નાખું છું. ફકત જેલ ઉપર બોલો. જે બોલવું હોય તે. જેલ માટેની માગણી છે. અંદરો અંદર જવાબ નહિ. કોઇને ટાઇમ નહિ મળે. ઉર્જા ઉપર બોલો, ગૃહ ઉપર બોલો, શ્રમ અને રોજગાર ઉપર બોલો.

શ્રી બાવકુભાઇ ના. ઉંધાડ : ઉર્જા અને પેટ્રોકેમિકલ્સની ૨૫ મી ફેબ્રુઆરીએ પ્રશ્ન ક્રમાંક નં. ૪૬ માં જવાબ આપ્યો છે કે..

અધ્યક્ષશ્રી : એના જવાબ નહિ. આમાં જે માગણી છે. આ પૂરક માગણીમાં વીજળી, જેલ, શ્રમ અને રોજગાર વિભાગ ઉપર બોલો.

શ્રી બાવકુભાઇ ના. ઉંધાડ : કે.જી. બેઝિન ઉપર કોઇ ખર્ચ કરવામાં આવ્યો નથી. હમણાં વાત થઇ કે જેલ વિભાગ, ગૃહ વિભાગ એ સેવાનો વિભાગ છે. તો જી.એસ.પી. સી. એ સેવાનો કે કમાવવાનો વિભાગ છે. એમાં ૫૦૦ કરોડ રૂપિયા આપવાના આ કોર્પોરેશનની અંદર બાકી બીજા બધા..

અધ્યક્ષશ્રી : કોર્પોરેશનનો સવાલ નથી. આ સરકારના ખર્ચ માટેની વાત છે. જેલના ખર્ચ માટેની વાત છે. આમાં માગણી છે. ૧૩, ૪૪, ૫૭, ૭૪ અને ૯૩ એના ઉપર છૂટથી બોલવાની છૂટ છે.

શ્રી બાવકુભાઇ ના. ઉંધાડ : ૩૦૦ કરોડ રૂપિયા ખર્ચ કરવામાં આવ્યો છે. આપ જે વાત કરો છો, જેલની. જેલની વાત થઇ સુરંગની. જેલની અંદર વધારાનો ખર્ચ કરવાની, ગૃહમાં વધારાનો ખર્ચ કરવાની માગણી આવી. જેલની અંદર આ ખૂંખાર કેદીઓને સાચવવા માટે કેમેરાની વ્યવસ્થાઓ. તેમાં ઝામરો છે કે નહીં, ઝામરો કેટલી વખત બંધ થઇ જાય છે. સીમકાર્ડ આવી જાય, મોબાઇલ આવી જાય, પૂરતો સ્ટાફ નથી. આ રાજયની અંદર જયારે કાયદો વ્યવસ્થાની આ પરિસ્થિતિ છે ત્યારે ૨૦૦૧ થી ૨૦૧૧ સુધીમાં જુદા જુદા આઇ.પી.સી. પ્રમાણે ૧૨ લાખ ૫૫ હજાર ૬૪૪ ગુના બન્યા છે. તમારી સરકાર બહુ સારી છે. વ્યવસ્થા સારી ચલાવે છે. તો આટલા બધા ગુના શા માટે બન્યા છે? ૨૦૦૧ થી ૨૦૧૧માં ૧૨ હજાર ૬૪૯ ખૂન થાય. ૫૫૬૦ ખૂનના બનાવો...

અધ્યક્ષશ્રી : માનનીય બાવકુભાઇ આ ગૃહ વિભાગનું નથી. ગૃહ વિભાગની માગણી ત્યારે ડીટેઇલમાં કહેજો. જેલ વિશે જે કહેવું હોય તે કહો.

શ્રી બાવકુભાઇ ના. ઉંધાડ : માનનીય અધ્યક્ષશ્રી, મારી પહેલાંના સભ્યશ્રી દુષ્યંતભાઇ જે બોલ્યા તે બધું બજેટ ઉપર હતું? હું પૂરક માગણી ઉપર જ બોલું છું. કાયદો વ્યવસ્થાની પરિસ્થિતિ ખરાબ થઇ છે.

---

* આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

આટલા મોટા ખર્ચા થાય છે. વી.આઇ.પી.ઓ માટે ગાડીઓ લેવાના, ઝામરો લેવાના પૈસા વપરાય છે. આ રાજયની અંદર સ્ત્રીઓ અને છોકરીઓના ૧૧ હજાર ૩૯૧ ગુના નોંધાયા. ૧૩૫૨૬ અપહરણના બનાવો નોંધાયા છે. આ પૂરક માગણીઓ લઇને આવ્યા છે ત્યારે આ રાજયની જનતાની ચિંતા કરવાને બદલે વી.આઇ.પી.ઓ માટે ગાડી લેવાની, વી.આઇ.પી.ઓ માટે ત્રણ ત્રણ ઝામરો લેવાના. રાજયની અંદર બાળ હત્યાઓ થાય, બ્રહ્મ હત્યાઓ થાય, સ્ત્રી હત્યાઓ થાય, ચોરી, લૂંટફાટ થાય ત્યારે આ પૂરક માગણી સાથે હું સંમત થતો નથી.

શ્રી વાસણભાઇ ગો. આહિર(અંજાર) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી નાણાં વિભાગ જે પૂરક ખર્ચની ચર્ચા કરવા માટે આજે ૯૯.૧૮ કરોડ રૂપિયાની માગણી લઇને આવ્યા છે તેને હું સમર્થન આપવા માટે આ ગૃહ સમક્ષ ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજયની અંદર વાહન વ્યવહાર નિગમ દ્વારા, એસ.ટી. દ્વારા આ સંચાલિત સેવાનો લાભ રાજયના મુખ્યત્વે ગરીબ અને મધ્યમ વર્ગના લોકોને મળતો હોય છે. આ રાજયના મોટા ભાગના ગામડાઓમાં બસની સુવિધા પૂરી પાડવામાં આવે છે. સરેરાશ ટ્રાફિક ઓછો મળવાને કારણે નિગમને ખોટ જતી હતી. પરંતુ સામાજિક સેવાના ભાગરૂપે આ બસ સેવા ચલાવવા માટે, ઉપરાંત ભણતા વિદ્યાર્થીઓને ૮૨ ટકા સુધીનું કન્સેશન રાજય દ્વારા આપવામાં આવે છે. રાજયના દુર્ગમ વિસ્તારોમાં કન્યાઓને શિક્ષણ આપવા માટેની રાજયની જે નીતિ છે તેના અનુસંધાને વિદ્યાર્થીઓને બસ ભાડામાં ૮૨ ટકા સુધીનું કન્સેશન આપવામાં આવે છે અને આ ગ્રામીણ કન્યાઓને ફ્રી પાસની સેવા આપવામાં આવે છે. આ વિકલાંગો માટે પણ બસ ભાડામાં ફ્રી પાસ આપવામાં આવે છે. આ નિગમ દ્વારા પૂરી પડાતી ઉપરોકત સેવાઓ માટે નિગમને જતી ખોટ રાજય સરકાર દ્વારા પ્રતિ વર્ષ સરભર કરી આપવામાં આવે છે. ચાલુ વર્ષે આ માટે ૫૦૧ કરોડ રૂપિયાની વ્યવસ્થા કરવામાં આવેલી છે. ૨૦૧૨-૧૩માં મંજૂર થયેલ ખર્ચ પર્યાપ્ત ન જણાતાં આ પૂરક માગણી રજૂ કરવાના કારણોમાં મુખ્યત્વે નિગમના કર્મચારીઓનો પગાર અને....

અધ્યક્ષશ્રી : માનનીય વાસણભાઇ વાંચવાનું નહીં. જે કહેવાનું હોય તે કહો.

શ્રી વાસણભાઇ ગો. આહિર : માનનીય અધ્યક્ષશ્રી, મેઇન બાબત એ છે કે આમાં નિગમનો વધારાનો ખર્ચ થયેલ હોવાના કારણે અને દર બે મહિને કેન્દ્ર સરકારના કારણે ડીઝલમાં ભાવ વધારો થાય છે. તેના કારણે સામાન્ય માણસ કમરતોડ બોજો આવવાને કારણે આ પૂરક માગણીઓ રાજય દ્વારા માગણી કરવામાં આવે છે. ગુજરાત વિકાસના ક્ષેત્રે હરણફાળ પ્રગતિ ભરી રહ્યું છે ત્યારે આ વિકાસની સાથે સાથે લોકોની અપેક્ષાઓ અને જરૂરિયાતો પણ ખૂબ વધી છે અને તેના માટે આ રાજય સરકાર અને વાહન વ્યવહાર મંત્રીશ્રી ખૂબ ચિંતિત છે. તેનું આપને પ્રમાણ આપું કે ૨૦૦૨માં માત્ર ૫૨ લાખની જે આવક હતી તે વધીને ૨૦૧૨માં ૧૫૨ કરોડ રૂપિયાની આ કરવામાં આવી છે. માનનીય અધ્યક્ષશ્રી, આમાં વધુને વધુ આધુનિક ટેકનોલોજીનો પણ ઉપયોગ થાય એને માટે આ રાજય સરકાર દ્વારા અનેક પગલાં લેવામાં આવ્યાં છે. કોમ્પ્યુટરાઇઝેશન, સ્માર્ટ કાર્ડ ટાઇપના લાયસન્સ આપવામાં આવે છે, આજ સુધી ૧૩૦ લાખ સ્માર્ટ કાર્ડ આપવામાં આવ્યાં છે. રાજય સરકારે આર.ટી.ઓ.નું સંપૂર્ણ કાયાકલ્પ કરવાનો જે નિર્ણય કર્યો છે એને હું આવકારું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ જે સ્વર્ણિમ ગુજરાતની સાથે સ્વર્ણિમ આર.ટી.ઓ.નો પણ મંત્ર આપ્યો છે, અને આ બધી આર.ટી.ઓ. કચેરીઓનું કોમ્પ્યુટરાઇઝેશન કરી લાયસન્સ માટે ઓનલાઇન અરજી કરવા માટેની આખા દેશમાં સૌ પ્રથમ જો કોઇએ પહેલ કરી હોય તો એ આ રાજય સરકાર દ્વારા કરવામાં આવી છે. સાત નવી આર.ટી.ઓ. કચેરી નિર્માણ કરવાનો આ રાજય સરકારે નિર્ણય લીધો છે અને નવી આર.ટી.ઓ. કચેરીઓનું આધુનિકીકરણ તેમજ નવીનીકરણ જે થઇ રહ્યું છે એને હું ખૂબ ખૂબ અભિનંદન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આર.ટી.ઓ.ની સમગ્ર માળખાની કાર્ય પદ્ધતિમાં ખૂબ બદલાવ લાવવાનો આ રાજય સરકારે પ્રયાસ કર્યો છે, લર્નિંગ લાયસન્સ, પાકુ લાયસન્સ અને આખા દેશમાં બેવડી પદ્ધતિ છે એના માટે પણ આ સરકારે એ દિશામાં પહેલ કરી છે, એક સાથે બધી પ્રક્રિયા ભેગી કરી અને લોકોને સરળતાથી

લાયસન્સ મળે તો સમગ્ર દેશમાં પહેલ કરનાર આ ગુજરાત રાજય પહેલું છે. આ જે માગણીઓ લઇને માનનીય મંત્રીશ્રી આવ્યા છે એને હું સમર્થન આપું છું.

અધ્યક્ષશ્રી : હવે આવતી વખતે ખ્યાલ રાખજો, વાંચવાનું નહીં, વાંચન કર્યા સિવાય બોલવાનું.

શ્રી રામસિંહ પ્ર. પરમાર(ઠાસરા) : માનનીય અધ્યક્ષશ્રી, પૂરક માગણી નંબર ૫૭– શ્રમ અને રોજગાર, રાજય સરકારે બજેટમાં કરેલા ખર્ચની માગણી પ્રમાણે ૪૧૪.૮૮ કરોડ, ૨.૭ કરોડ, ૪૧૬.૯૫ કરોડ, માનનીય અધ્યક્ષશ્રી, બજેટમાં જે જોગવાઇ કરી છે એ પૂરેપૂરી જોગવાઇ હોવાના કારણે ખર્ચમાં પણ ૦.૫૦ ટકાનો વધારો થયો છે, છતાં ચાલુ વર્ષના અંદાજપત્રના ખર્ચને પહોંચી વળવા માટે મોંઘવારી ભથ્થામાં વધારો, રજાના રોકડમાં રૂપાંતરની ચૂકવણી, મેડીકલ અને ટ્રાન્સપોર્ટ ભથ્થામાં વધારો, કચેરી ખર્ચમાં થયેલા વધારાના કારણે ૩ કરોડ ૩ લાખ ૩૭ હજારની જરૂરિયાત રહી છે, છતાં મંજૂર થયેલું જે અનુદાન છે એમાં એક કરોડ અગિયાર લાખ, ત્રેવીસ હજારની બચત ઉપલબ્ધ રહેશે છતાં પણ ૨.૦૭ કરોડની જે પૂરક માગણીઓ લઇને આવ્યા છે એ કેમ માગણી કરવી પડી એ મારા મગજમાં બરાબર ઉતરતું નથી.

માનનીય અધ્યક્ષશ્રી, જે માગણી લઇને આવ્યા છે એમાં કારખાના મુખ્ય નિરીક્ષક મહેકમ માટે ૪.૫૩ લાખ ફાળવ્યા, અસંગઠિત મજૂરોના રક્ષણ માટે ૩૧.૬૩, ઔદ્યોગિક તાલીમ કેન્દ્રો માટે ૧.૬૭ કરોડની જે એમણે ફાળવણી કરેલી છે. માનનીય અધ્યક્ષશ્રી, હું કહી શકું કે, કારખાના મુખ્ય નિરીક્ષકો માટેની જે રકમ ફાળવી, અસંગઠિત મજૂરો માટે જે રકમ ફાળવી છે એના માટે મારે કહેવું પડે કે અસંગઠિત મજૂરો જે છે, જે ફોરેસ્ટમાં કામ કરતા હોય, બાંધકામની અંદર કામ કરતા હોય, એ અસંગઠિત મજૂરોને ખરેખર જે વેતન મળવું જોઇએ એ લઘુત્તમ વેતન મળતું નથી એને કારણે દિવસે દિવસે આની અંદર રોજગારીના પ્રશ્નો વધતા જાય છે. એમનું કોઇ સંગઠન નથી, સંગઠન ન હોવાના કારણે એમને પૂરેપૂરો લાભ મળતો નથી એને કારણે એમને અસંતોષ થાય છે, ઔદ્યોગિક તાલીમ કેન્દ્રો જો રોજગારીની બાબતમાં આપણે વિચાર કરીએ તો સામેવાળા મિત્રો દર વખતે એમ કહે છે કે ભારતમાં બેરોજગારીનો દર ૩.૮૦ ટકાનો છે અને ગુજરાતમાં ફક્ત એક ટકાનો બેરોજગારીનો આંકડો બતાવે છે, માનનીય અધ્યક્ષશ્રી, આવા •(xxxxxx) જે આંકડા બતાવે છે.

અધ્યક્ષશ્રી: (xxxxxx) શબ્દો કાઢી નાખો.

શ્રી રામસિંહ પ્ર. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, એ શબ્દો કાઢી નાખો, વાંધો નહીં, માનનીય અધ્યક્ષશ્રી, રોજગારની જો વાત કરીએ તો મારે કહેવું જોઇએ કે રોજગારના જે આંકડા છે , સરકારના જે આંકડા છે, એ ચોપડીના જ આંકડા હું બોલીશ. ૨૦૧૦–૧૧માં ૪.૧૧ લાખ વ્યક્તિઓની નોંધણી કરવામાં આવી છે, એમાં ફક્ત ૨.૩૦ લાખ વ્યક્તિઓને રોજગારી પૂરી પાડી છે. ૨૦૧૧–૧૨માં ૩.૯૫ લાખ વ્યક્તિઓની નોંધણી કરવામાં આવી, એમાં ૨.૨૭ લાખ વ્યક્તિઓને રોજગારી પૂરી પાડવામાં આવી. ૨૦૧૨–૧૩ની વાત કરીએ તો ૨.૨૩ લાખ વ્યક્તિઓની નોંધણી કરવામાં આવી, એમાંથી ફક્ત ૧.૫ લાખ વ્યક્તિઓને રોજગારી પૂરી પાડવામાં આવી છે. ૨૦૧૨ના રોજ ૮.૭૯ લાખ રોજગાર વાંચ્છુઓની નોંધણી કરી છે, જે પૈકી ૬૪ લાખ અશિક્ષિત અને ૮.૧૫ લાખ શિક્ષિત બેરોજગારો છે, જેમાં શિક્ષિત બેરોજગારો પૈકી ૨.૧૭ લાખ એસ.એસ.સી. પાસ છે, ૦.૩૧ લાખ ડિપ્લોમા હોલ્ડર છે, ૨.૭૩ લાખ ઈન્ટર, ૨.૩૩ લાખ સ્નાતકો, ૦.૧૧ લાખ ઈજનેર અને ૦.૫૦ લાખ અનુસ્નાતકોની સંખ્યા છે. માનનીય અધ્યક્ષશ્રી, આ સરકારના આંકડા રોજગાર કચેરીની અંદર નોંધાયેલા છે દર વર્ષે એમાં વધારો થતો જાય છે. આપણે વાતો કરીએ છીએ, ચૂંટણીઓ આવે ત્યારે શિક્ષિત બેરોજગારોના મેળાઓ કરીએ, મોટી મીટિંગો કરીને આપણે એમને વચન આપતા હોઇએ છીએ કે અમે તમને રોજગારી આપીશું. ભરતી મેળા થાય, ઔદ્યોગિક તાલીમની અંદર, આઇ.ટી.આઇ.ની અંદર બાળકોને તાલીમ આપવામાં આવે, આઇ.ટી.આઇ. થયા પછી નોકરી શોધે

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર રેકર્ડમાંથી દૂર કરવામાં આવ્યા.

અને નોકરી શોધે એટલે આપણે ભરતી મેળાઓ કરાવીએ અને ભરતી મેળાની અંદર જે કારખાનાવાળા છે એમને જરૂર પડે એ પ્રમાણે વિદ્યાર્થીઓની પસંદગી કરતા હોય છે. ભરતી મેળાઓની અંદર જે શિક્ષિત બેરોજગારો આવે છે એમાંથી એપ્રેન્ટીસ લેવામાં આવે છે. એપ્રેન્ટીસ એ નોકરી નથી, એ તાલીમ છે અને તાલીમ આપ્યા પછી એને છૂટા કરી દેવામાં આવે છે એને રોજગારી કેવી રીતે કહી શકાય? એમાં જયારે ટ્રેનર તરીકે લેવામાં આવે તો વર્ષ–બે વર્ષની ટ્રેનીંગ આપીને એને છૂટા કરી દેવામાં આવે છે તો એને કેવી રીતે રોજગારી આપી કહી શકાય, કેવી રીતે એને નોકરી મળી છે એમ કહી શકાય? માનનીય અધ્યક્ષશ્રી, સરકારશ્રી જે આંકડા બતાવે છે અને જે વાસ્તવિકતા છે એની અંદર તફાવત છે ત્યારે ખરેખર માનનીય મંત્રીશ્રી જે પૂરક માગણી લઇને આવ્યા છે તેને હું સ્વીકારતો નથી અને એનો હું વિરોધ કરું છું.

શ્રી જીતેન્દ્ર સુખડીયા(સયાજીગંજ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી જે શ્રમ અને રોજગાર વિભાગ માટે થઇને ૨,૦૭,૧૪,૦૦૦ ની પૂરક માગણી લઇને આવ્યા છે, એને હું મારું સમર્થન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, વિપક્ષના મિત્રોએ જે કાપ દરખાસ્ત મૂકી છે તેમાં જે મુદ્દા લીધા છે કે, મુખ્ય નિરીક્ષકશ્રીની કચેરીના મહેકમની ઘટ પૂરી કરીને એની કામગીરીને સંગીન બનાવવામાં તંત્રની નિષ્ફળતા તથા ઔદ્યોગિક તાલીમ કેન્દ્રોમાં પૂરતું મહેકમ. હું ફકત આ વિષય જ કેટલીક બાબતો ગૃહના ધ્યાન પર લાવવા માગુ છું.

માનનીય અધ્યક્ષશ્રી, ભારતમાં બેરોજગારીનો દર ૩.૮ ટકા છે ત્યારે ગુજરાતમાં ફકત ૧ ટકો છે. આ એનું પ્રમાણ છે કે ગુજરાતમાં વ્યાપક પ્રમાણમાં રોજગારી આપવા માટે થઇને ગુજરાત અગ્ર ક્રમે છેલ્લા કેટલાક વર્ષોથી રહ્યું છે. ૨૦૦૨ના વર્ષથી સતત પ્રથમ નંબરે છીએ. આપણે એ ધ્યાને લેવું પડે અને રાજયમાં છેલ્લા એક વર્ષમાં સ્વામી વિવેકાનંદ રોજગાર કચેરીના ભરતી મેળાઓ તથા અન્ય રીતે બિન સરકારી એકમોમાં કુલ મળીને ૨.૩૧ લાખ જેટલા યુવાનોને રોજગારી આપવામાં આવી છે. મારે બીજી પણ એક વાત જણાવવી છે કે જે તાલીમ કેન્દ્રોની એમણે જે વાત કરી છે ત્યારે મારે કહેવું છે કે, રાજયના યુવા ધનને ગ્રામ્ય કક્ષાએ તાલીમની સુવિધા પહોંચાડવાના હેતુથી ૩૩૫ જેટલા કૌશલ્યવર્ધક તાલીમ કેન્દ્રોનો વધારો કરવામાં આવ્યો છે અને જેના માધ્યમથી છેલ્લા ત્રણ વરસમાં ૬.૩૫ લાખ યુવાનોને તાલીમ આપવામાં આવેલી. એથી પણ આગળ વધીને અમારી સરકારે આ તાલીમ કેન્દ્રોના સુપિરિયર ટેકનોલોજીના નવા અભ્યાસક્રમો જે ટેકનોલોજીના નવા સુધારા આવ્યા છે એને અનુલક્ષીને અને ઉદ્યોગકારોની માંગને અનુસરીને તાલીમબદ્ધ યુવાધન એમને મળે તે હેતુથી સી.એન.જી., સોલાર સેકટર, કેમિકલ સેકટર વગેરે સેકટર માટેના અભ્યાસક્રમો નવેસરથી શરૂ કરવામાં આવ્યા છે. રાજયની તમામ જિલ્લા રોજગાર કચેરીઓનું આધુનિકીકરણ કરવામાં આવ્યું છે અને આઇ.એસ.ઓ.૯૦૦૧ અને ૨૦૦૦ ના પ્રમાણપત્રથી આ કચેરીઓ કામ કરતી થઇ ગઇ છે એ તમે જયારે તંત્રની નિષ્ફળતાની વાત કરો છો તો એટલી તમે નોંધ લેશો. તમામ રોજગાર કચેરીઓનું સંપૂર્ણપણે કોમ્પ્યુટરાઇઝેશન કરવામાં આવ્યું છે.

રાજયમાં આવેલ કુલ ૩૯,૦૬૦ જેટલા કારખાનાઓમાં ૧૪.૬૦ લાખ શ્રમજીવીઓની સુરક્ષા માટે એ જવાબદારી કારખાનેદારની છે પરંતુ અમારું કારખાનાના નિરીક્ષકશ્રીનું તંત્ર જે રીતે કાર્યાન્વિત થયેલ છે અને જે સજાગતાથી કામગીરી કરી રહેલ છે એ કારખાના નિરીક્ષકો તથા ટેકનિકલ નિષ્ણાતો દ્વારા સઘન કામગીરી કરવામાં આવે છે. અકસ્માતો રોકવા માટે શ્રમિકોની વ્યાપક પ્રમાણમાં તાલીમ શિબિરો પણ યોજવામાં આવે છે અને આવી કેટલીક શિબિરોમાં હું પણ ગયો છું. એનું મને જ્ઞાન છે, એટલે આ વિગતો દર્શાવી રહ્યો છું. રાજયમાં ૩૯૦ જેટલા અતિ જોખમી કેમિકલ કારખાના આવેલા છે આ તમામ કારખાનાઓમાં ઇમરજન્સીને પહોંચી વળવા માટે એક અલગ તંત્ર ઉભું કરવામાં આવ્યું છે. રાજયના કેટલાક યુવાન ભાઇઓ ગેરંટરના અભાવે આર્થિક સહાય મેળવી શકતા નહોતા. રાજયના માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇના ધ્યાન પર આ વિગત આવતા એમણે તાત્કાલિક અસરથી એવી જાહેરાત કરી કે સરકાર પોતે આવા યુવાનોને રોજગારી આપવાના નિમિત્તે ગેરંટર બનશે.આ રીતે સમગ્ર રાજયમાં કામદાર ક્ષેત્રે, શ્રમજીવી ક્ષેત્રે એક ઉજ્જવળ કામગીરી સરકારના શ્રમ વિભાગ દ્વારા કરવામાં આવી છે, એની આખા હિંદુસ્તાનમાં પ્રશંસા થઇ રહી છે, રોજગારી

આપવામાં પણ ૨૦૦૨ના વરસથી આપણે સતત પ્રથમ નંબરે રહ્યા છીએ, એટલે આ જે પૂરક માંગણીઓ છે એ હું તો કહુ છું કે ઓછી છે પૂરક માંગણીઓ, હજી વધારે રકમ આમાં ખર્ચવી જોઇએ, એટલે આ જે પૂરક માંગણીઓ રજૂ થઇ છે એને હું મારું સમર્થન આપું છું.

શ્રી માનસિંહ કો. ચૌહાણ(બાલાસિનોર) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી બંદરો અને વાહન વ્યવહાર માગણી નંબર–૭૪ લઇને આવ્યા છે એમાં હું મારા વિચારો વ્યક્ત કરું છું.

રાજય સરકારે બજેટમાં ખર્ચ માગણી ૬૨૮.૮૩ કરોડ અને પૂરક માગણી ૯૯.૧૮ કરોડની કરી છે, આમ કુલ ૭૨૮.૧ કરોડની માગણીઓ લઇને આવ્યા છે, આમાં ખરેખર ૧૦૦ ટકાનો વધારો થયો છે, આ ૯૯ કરોડની જે માગણીઓ માનનીય મંત્રીશ્રી લઇને આવ્યા છે, એમાં એમણે બતાવ્યું છે કે, રાજયમાં પરિવહન નિગમ આર્થિક રીતે ખર્ચાળ માર્ગો પર અને વિદ્યાર્થીઓને જે રાહત દરે એટલે કે કન્સેશન પાસ જે આપવામાં આવે છે એના કારણે જ આ ૯૯ કરોડ રૂપિયાની માગણી લઇને આવ્યા છે. આજે ગામડાંઓમાં જે બસ રૂટો રદ થયાં છે. ૧૯૯૭માં ૯૦૦૦ જેટલી એસ.ટી. બસો આ રાજયમાં ફરતી હતી આજે ફકત ૬૬૦૦ બસ આ રાજયમાં ગામડાઓમાં સેવા આપવા માટે ફરે છે, બસ સેવાનો અભિગમ એવો છે કે, ગામડાના મુસાફરો, વિદ્યાર્થીઓ શહેર તરફ જાય, સ્કૂલ કોલેજમાં વિદ્યાર્થીઓ જાય એના માટે નહિ નફો, નહિ નુકસાનના ધોરણે આ એસ.ટી. નિગમ બસ ચલાવે છે, અહીંયા કહેવામાં આવ્યું કે, આદિવાસી વિસ્તારોમાં ૫૦૦ જેટલા બસ રૂટોની માગણી કરેલી અને એમાં ફકત ૫૦ રૂટ વધારવામાં આવ્યા છે, આજે પણ આપણે જોઇશું તો ગામડાંઓમાં દરેક રસ્તા ઉપર ક્યાંકને ક્યાંક એસ.ટી. ખોટવાયેલી પડેલી હોય છે, રસ્તામાં મુસાફરો હેરાન થાય છે.

અહીંયા એસ.ટી.માં આપણે છેલ્લાં પાંચ વરસમાં જોયું કે આ એસ.ટી. બસનો ઉપયોગ સરકાર ગરીબ કલ્યાણ મેળાઓમાં કરે છે. એના કારણે ગામડાંઓમાંથી જે વિદ્યાર્થીઓ સ્કૂલ, કોલેજોમાં જતા હોય એ રસ્તા ઉપર રહી જતાં હોય છે, એમને ખબર પણ ના હોય કે આજે ગરીબ કલ્યાણ મેળો છે ત્યાં એસ.ટી. બસ જવાની છે, આજે વિદ્યાર્થીઓને શાળા કોલેજ જવાનું પણ ખૂબ મુશ્કેલ બન્યું છે, અહીંયા મેં જોયું છે કે મારા મત વિસ્તારની અંદર વિદ્યાર્થીઓને બસ ના આવવાથી રેંકડામાં બેસીને પરીક્ષા આપવા માટે વીરપુર ખાતે સ્કૂલ ગયા હતા અને એમાં ગયા વરસે અકસ્માત થયો હતો. આવી રીતે વિદ્યાર્થીઓને મુશ્કેલી અનુભવવી પડે છે. સરકારે જે ૯૯ કરોડ રૂપિયાની પૂરક માગણી કરી છે એમાં એસ.ટી. બસ નવી વધારે તો બરાબર છે પણ જે બસો છે એને ખરેખર રિપ્લેસ કરવામાં આવે છે અને નવી બસો ખરીદવામાં આવતી નથી. ૧૯૯૭માં ૬૦૦૦૦ જેટલા કર્મચારીઓ એસ.ટી. નિગમમાં ફરજ બજાવતા હતા. આજે લગભગ ૪૦૦૦૦ જેટલા કર્મચારીઓ આ એસ.ટી. નિગમમાં ફરજ બજાવે છે, કન્ડકટરો અને ડ્રાઇવરો નહિ હોવાના લીધે ઘણી વખત સેંકડો, હજ્જારો રૂટ આ રાજયની અંદર એસ.ટી. બસના બંધ કરી દેવામાં આવે છે અને આજે ગામડાઓમાં દિવસમાં ૧૦ વખત જે એસ.ટી. બસ જતી હતી એટલા ટાઇમ હતા, આજે ગામડાની અંદર ફકત બે જ ટાઇમ એસ.ટી. બસ જાય છે. એનું કારણ શું છે? માનનીય અધ્યક્ષશ્રી, તેનું કારણ પણ સરકારે ખરેખર જોવું જોઇએ. જે ડ્રાઇવર,કંડકટરોની ભરતી થવી જોઇએ તે થતી નથી. અને તેના ભાગરૂપે આજે ગામડાંની અંદર જે સેવા આપવી હોય, મુસાફરોને અથવા ખેડૂતોને શહેરમાં પોતાના માલનું વેચાણ કરવા માટે જવું હોય તો એ જઇ શકતાં નથી.

માનનીય અધ્યક્ષશ્રી, એ જ રીતે આજે આપણે જોઇશું તો રાજયની અંદર જે ડ્રાઇવર કંડકટરોની ભરતી થવી જોઇએ તે થઇ નથી. અને તેના ભાગરૂપે આપણે જોઇએ તો રાજયમાં જે પેરેલલ ખાનગી ટ્રાન્સપોર્ટરો છે અને ખુલ્લેઆમ આખા ગુજરાતની અંદર ખાનગી ટ્રાન્સપોર્ટરો પોતાના વાહનો ચલાવે છે. મેં પણ મારી રીતે અભ્યાસ કર્યો કે કેમ આ ખાનગી વાહનો ચાલતા હશે. તો આજે રાજયની અંદર ઘણાં બેરોજગાર એવા યુવાનો છે.

અધ્યક્ષશ્રી : એક મિનિટ છે.

શ્રી માનસિંહ કો. ચૌહાણ : કે જેઓ રોજી માટે આવુ વાહન ખરીદતાં હોય છે અને દિવસ દરમિયાન જે કંઇ કમાણી મળે તેમાંથી તેનો નિભાવ કરે છે. આમાં આપણે જોઇશું તો ખાનગી ટ્રાન્સપોર્ટરોમાં તેને મહિને

પોલીસને હપ્તા આપવા પડે છે. પૅરેલલ જો આ વાહન–વ્યવહાર ચાલતો હોય તો એમાં સરકારે ખરેખર ધ્યાન દોરવું જોઇએ કે આ જે ખાનગી વાહનો ચાલે છે તેને સરકારે રેગ્યુલરાઇઝ કરવા જોઇએ. જેથી પોલીસ કે અન્ય આવા હપ્તા લઇ જતાં હોય તેના કરતાં સરકારમાં રેવન્યુ આવે, સરકારમાં આવક વધે તેના માટે આવા જે ખાનગી ટ્રાન્સપોર્ટરો છે તેમને લાયસન્સ આપી અથવા જે તેમની પ્રોસેસ કરવાની હોય તે કરીને ખરેખર તેને રેગ્યુલરાઇઝ કરવા જોઇએ કે જેથી સરકારમાં તેની આવક વધે. માનનીય અધ્યક્ષશ્રી, આવા ખાનગી વાહનોની અંદર જે ગામડાંના મુસાફરો છે તેમને બસ ના મળતાં ગમે તેમ ભટકવું પડતું હોય છે અને તેનાથી ઘણી વખત ઘણાં બધા પ્રશ્નો ઉપસ્થિત થતાં હોય છે.

શ્રી મોતીલાલ પૂ. વસાવા(ડેડીયાપાડા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી જે પૂરક માગણીઓ લઇને આવ્યાં છે તેમાં આદિજાતિ વિભાગની માગણી ક્રમાંકઃ૯૩ને મારું સમર્થન આપવા માટે અહીંયા ઉપસ્થિત થયો છું. આજે આદિવાસી વિસ્તારમાં જયાં સુધી એ સમાજને પાયાનું શિક્ષણ નહીં મળશે ત્યાં સુધી સરકારની કોઇપણ યોજના આપણે લાગુ કરીશું પણ જયાં સુધી આ સમાજમાં શિક્ષણ નહીં આવે ત્યાં સુધી તે યોજના આપણી નકામી નીવડશે.

માનનીય અધ્યક્ષશ્રી, કોંગ્રેસના મિત્રો આદિવાસી સમાજને સારું શિક્ષણ મળે, સારી સુવિધા મળે અને તેમની સારી જિંદગી બને તે કોંગ્રેસના કેટલાક મિત્રોને ગમતું નથી અને કમનસીબી છે કે આમાં પણ કાપ દરખાસ્ત લાવ્યા છે (અંતરાય) આદિવાસીની દીકરી (અંતરાય) તમે કાપ દરખાસ્ત લાવ્યા છો એટલે મેં કહ્યું કે તેમને ગમ્યું નથી. અમારી સરકાર અમારા આદિવાસી સમાજ માટે જે વિકાસ કાર્ય કરી રહી છે તે આ લોકોને ગમ્યું નથી. આદિવાસીઓની દિશા સુધરે તે નથી ગમતું. (અંતરાય) બે બાબતોની અંદર

અધ્યક્ષશ્રી : આ ગમ્યું નથી તે બિન સંસદીય શબ્દ નથી.

શ્રી મોતીલાલ પૂ. વસાવા : હું કોઇ વ્યકિતની વાત નથી કરતો. તમને નથી ગમતું એટલે કાપ દરખાસ્ત તમે લાવ્યાં છો. માનનીય નાણામંત્રીશ્રીએ આખા ગુજરાતની અંદર સેલ્ફ ફાયનાન્સ કોલેજની અંદર સારા સારા, નોકરીવાળા છોકરાઓ ભણવા જાય, સારા ખેડૂતના દીકરાઓ ભણવા જાય, સારા ઉદ્યોગપતિઓના દીકરાઓ ભણવા જાય. અમારા આદિવાસી દીકરા–દીકરીઓને પણ સેલ્ફ ફાયનાન્સમાં ભણવાની લાલસા જાગેલી અને કેમ જાગેલી સાહેબ? કે આ શાળા પ્રવેશોત્સવ જયારે મુખ્યમંત્રીશ્રીએ ચાલુ કર્યો અને તેના લીધે શિક્ષણની ભૂખ વધી. અને આ ભૂખને લીધે આજે અમારા આદિવાસી દીકરા–દીકરીઓ આ સેલ્ફ ફાયનાન્સમાં જાય છે. સાહેબ, સરકારે ચિંતા કરી કે આદિવાસીનો દીકરો ભણવા જશે, દીકરી ભણવા જશે તેની ફી કોણ ભરશે? તેને જમીન વેચવી પડશે અને મજૂરીએ જવું પડશે. સાહેબ, સરકારે ચિંતા કરી કે તેને જમીન વેચવી ના પડે, મજૂરીએ જવું ના પડે સરકાર બેઠી છે તમારી ટયુશન ફી અને હોસ્ટેલ ફી ભરશે. માનનીય અધ્યક્ષશ્રી, હું આ મિત્રોને કહું છું કે તમે તમારા વિસ્તારમાં પ્રચાર કરો અને અમારા આદિવાસી દીકરા–દીકરીઓને આ યોજનાનો લાભ અપાવો. આના માટે માનનીય મંત્રીશ્રી જે પૂરક માગણીઓ લઇને આવ્યા છે અને આ જે કંઇ રકમ છે તે રકમ ભારત સરકારની નથી, ગુજરાત સરકારની વનબંધુ કલ્યાણ યોજનામાંથી આ સેલ્ફ ફાયનાન્સમાં ભણવાના છે અને આ યોજના ભારત સરકારની નથી. અમારી દીકરીઓ આ સેલ્ફ ફાયનાન્સમાં સારું ભણે, સારું શિક્ષણ મેળવે તેના માટેની આ વ્યવસ્થા અમારી સરકારે કરી છે.

બીજી માગણી છે એ આશ્રમ શાળામાં જે નાના બાળકો દાખલ થાય છે તે બાળકોને ખૂબ સારું શિક્ષણ મળે, સારા સંસ્કાર મળે, સારા શિક્ષકો ભણાવે તેના માટેના ખર્ચ માટે માનનીય નાણા મંત્રીશ્રી પૂરક માગણી લઇને આવ્યા છે. કોંગ્રેસના રાજમાં ૨૫૦ થી ૩૦૦ રૂપિયા હતા તે આજે ૧૦૦૦ રૂપિયા અમારી સરકારમાં કરી આપવામાં આવેલા છે. હું એક દાખલો આપું કે એક ગરૂડનું બચ્ચું હતું.....

અધ્યક્ષશ્રી : માનનીય મોતીભાઇ, વારતા કરવાનું બંધ છે, કોઇ ઉદાહરણ નહીં, નહીંતર પછી બધા વારતા કરશે. તમે વિષય ઉપર જ આવો.

શ્રી મોતીલાલ પૂ. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, આજે આ સરકારે વિચાર કર્યો અને આદિવાસી વિસ્તારની દીકરીઓ અંગ્રેજી માધ્યમમાં ભણી શકે તે માટે સૌ પ્રથમવાર ગુજરાતમાં આદિવાસી વિસ્તારમાં

૧૮ પ્રાથમિક શાળાઓ અંગ્રેજી માધ્યમની ચાલુ થવાની છે. તમે કલ્પના કરો કે આ છોકરીઓ અંગ્રેજી માધ્યમમાં ભણશે તો આ દેશ અને રાજયનું ભવિષ્ય કેવું બનશે? એ વિચારવાની જરૂર છે. હું આ માગણીઓને સમર્થન આપીને મારી વાત પૂરી કરું છું.

અધ્યક્ષશ્રી : માનનીય નીતિનભાઇ, આપની પાસે અડધો કલાક છે.

શ્રી નીતિનભાઇ ર. પટેલ (નાણા મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, ગયા વર્ષે જે બજેટ રજૂ થયું હતું એમાં જે ખર્ચના અંદાજો પ્લાન અને નોન પ્લાનમાં બન્યા હતા તેના કરતા ખરેખર વધુ ખર્ચ થયો છે તેના અંગેની પૂરક માગણીઓ લઇને હું આ સન્માનનીય સભાગૃહ સમક્ષ આવ્યો છું. આજે જે પૂરક માગણીઓ છે એમાં કુલ પ પૂરક માગણીઓ છે અને તેની કુલ રકમ ૪૪ર કરોડ, ર૮ લાખ ૧૪ હજાર જેવી છે. એમાં વિવિધ વિભાગો જેવા કે ઉર્જા વિભાગ, ગૃહ વિભાગ, શ્રમ અને રોજગાર વિભાગ, બંદરો અને વાહન વ્યવહાર વિભાગ, અને આદિજાતિ વિભાગની માગણીઓ છે. આ પૂરક માગણીઓ ઉપર આ સભાગૃહના ૧૦ માનનીય સભ્યશ્રીઓએ પોત પોતાના વિચારો રજૂ કરેલા છે. પ્રથમ તો માનનીય સભ્યશ્રીના ધ્યાન ઉપર હું એ મૂકવા માગું છું કે સરકાર પૂરક માગણીઓ એટલા માટે લાવતી હોય છે કે નકકી કરેલા અંદાજો કરતા પણ સરકારની સેવાઓનો લાભ, સરકારની યોજનાઓનો લાભ અનેક ગણા વધારે લોકોએ લીધો અને તેના કારણે નકકી કરેલા અંદાજો કરતા ખર્ચમાં વધારો થયો, અને તેથી તે અંગેની માગણીઓ લઇને હું આજે ઉપસ્થિત થયો છું.

વિરોધપક્ષના દંડક શ્રી બલવંતસિંહભાઇએ ખેડૂતોના ટયુબવેલ માટે વીજળી કનેકશનની વાત કરી, કમનસીબે એમણે ઉદ્યોગોને પણ એમાં જોડી લીધા હતા. પણ જો એમણે પૂરતો અભ્યાસ કર્યો હોત, આ હું એટલા માટે કહું છું કે એમણે કહ્યું છે કે હું અભ્યાસ કરું છું એટલે કહું છું, બાકી અભ્યાસ ન કરતા હોય તો ન કહું, પણ ઉદ્યોગોને વીજળી આપવાની કોઇ બાબત આમાં આવતી નથી, દેશમાં આ એક સરકાર એવી છે કે ખેડૂતોને વીજળીના બિલ પેટે મોટા પ્રમાણમાં દર વર્ષે, લગભગ અંદાજે ર૫૦૦ કરોડ રૂપિયા જેટલી રકમની સબસિડી આપે છે. મારે નહિ કહેવું જોઇએ કે ભૂતકાળમાં ખેડૂતોને આના માટે સંઘર્ષ કરવો પડ્યો હતો અને એ વખતે ખેડૂતોએ આંદોલન કર્યા અને એ આંદોલન ઉપર અહીંયા અત્યારે વિરોધ કરનારા અને કાપદરખાસ્તો લાવનાર કોંગ્રેસના મિત્રો છે એમની સરકાર હતી. એમની સરકારે ગોળીઓ ચલાવી હતી અને અનેક ખેડૂતોએ શહીદ થવું પડ્યું હતું એની સામે(અંતરાય) એમણે ટીકાઓ કરી છે, એમણે ટાટાનું નામ લીધું હોય ત્યારે યાદ દેવડાવીશ. બળવંતસિંહભાઇએ વાત કરી કે ઉદ્યોગપતિઓને વીજળી કનેકશન આપ્યા, ટાટાને વીજળી કનેકશન આપ્યું. આમાં ટાટા કયાંય નથી, આમાં ફકત ખેડૂતોની સબસિડીની વાત છે એટલા માટે હું એમને યાદ દેવડાવું છું. (અંતરાય)

અધ્યક્ષશ્રી : બજેટ ઉપરની ચર્ચામાં થોડી છૂટછાટ હોય.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : કોની સામે કામ લેવાનું છે એટલા પૂરતો થોડો પરચો આપું છું. ખેડૂતોના વીજ કનેકશનો સતત વધતા જાય છે. એને નવા કનેકશનો અપાય એના ઉપર જે સબસિડી રાજય સરકાર આપે છે એ સબસિડીમાં વધારો કરવા માટે આ પૂરક માગણી રજૂ કરી છે.

એવી જ રીતે ગ્રામ પંચાયતોના વારિગૃહો, વોટર વર્કસ એના વીજળી બિલ પણ સરકારે માફ કરેલા છે. ગામડાંની અંદર ૨૦૦૭–૦૮માં ર૪૦૪૮ વારિગૃહો હતા જે સન ૨૦૧૧–૧૨માં વધીને ૩૧ હજાર થયા છે. કોઇ ગામ મોટું થાય, વસતિ વધે, નવા ટયૂબવેલો મંજૂર થાય, ગામોને પાણી આપવાનું વધે તો એની સબસિડીમાં વધારો થાય અને એના પેટે ફકત ખેડૂતોના જ વીજ કનેકશનો સિંચાઇ માટેના અને વારિગૃહના વીજ કનેકશનોની સબસિડી એના કનેકશનોની સંખ્યા વધવાના કારણે જે સબસિડી ચૂકવીએ છીએ એ સબસિડી માટેની આ વધારાની રકમ માટે પૂરક માગણી લઇને આવ્યો છું. માનનીય સભ્યશ્રીએ ખૂબ સાચી વાત કરી કે સબસિડી વધે એટલે ખેડૂતોના હિત તરીકે તમારે આવકારવું જોઇએ પણ મને દુઃખ એ છે કે તમે એમાં પણ કાપ દરખાસ્તો લાવ્યા છો. ખેડૂતોનો વિરોધ કરવાની તમારી પરંપરા છે એ પરંપરા આ કાપ દરખાસ્તો ખેડૂતો માટે પણ રજૂ કરીને ચાલુ રાખી છે.

બીજી મારી માગણી ગૃહ વિભાગની છે. એમાં જે જેલના કેદીઓ છે, હજારો કેદીઓ જેલમાં હોય છે જેઓને વિવિધ પ્રકારના ગુનાઓ માટે નામદાર કોર્ટ તરફથી સજા થઇ હોય, એમાં કાચા કામના કેદીઓ પણ હોય છે. રાજયની અંદર જેલમાં બે–ત્રણ પ્રકારના કેદીઓનું વર્ગીકરણ કરવામાં આવે છે. ખૂંખાર ગુનેગારો, દેશદ્રોહી ગુનેગારો, આતંકવાદી ગુનેગારો છે અને એની સામે કોઇ આવેશમાં આવીને ગુનો કરી નાખે, બે ખેડૂત હોય એક વાડમાં થોરીયા રોપવાની બાબતમાંથી ઝઘડો થાય અને કોઇ કોઇને મારે અને સજા થાય, કોઇ અકસ્માત થયો હોય એને સજા થઇ હોય, કોઇ સમાજીક ગુનો થયો હોય એને સજા થઇ હોય, એવી સજા પામેલા કેદીઓ જેલમાં પોતાનો હુન્નર શીખે,સ્કીલ્ડ થાય, અભણ હોય તો એ ભણે અને નાની મોટી રોજગારી ઉભી કરીને એની આવકમાં ટેકો કરીને એમને પ્રવૃત્તિ આપીને અસામાજીક તત્વોથી દૂર રાખીને એમને સારી પ્રવૃત્તિ તરફ વાળવા અને સજા પૂરી કરીને જયારે જેલની બહાર જાય ત્યારે દુનિયાથી એમનો નાતો કપાઇ ગયો હોય એવા સંજોગોમાં એમની રોજગારી જળવાઇ રહે, એમના પરિવારને મદદરૂપ થાય એટલા માટે કેદીઓને જુદા જુદા પ્રકારની રાજય સરકાર તરફથી તાલીમ આપવામાં આવે છે. વણાટકામની તાલીમ આપીએ છીએ, કોમ્પ્યુટરની તાલીમ પણ આપીએ છીએ. ઉચ્ચ કક્ષાની ટેકનોલોજી પણ શીખવીએ છીએ. રસોઇના સાધનો વગેરે, અમદાવાદની સાબરમતી જેલના ભજીયા વખણાય છે એમાં હવે અમે નાસ્તો બનાવવાનુ પણ ચાલુ કર્યું છે, એનો કાચો માલ લઇએ છીએ એની કિંમતમાં વધારો થયો છે. એમાં કેમ વધારો થયો એ કહેવાની જરૂર છે. કેન્દ્ર સરકાર મોંઘવારી નાથવામાં નિષ્ફળ ગઇ એના લીધે દેશમાં સતત ચીજવસ્તુઓના ભાવમાં વધારો થઇ રહ્યો છે. મોંઘવારી વધવાના કારણે અમારા અંદાજો ખોટા પડ્યા. તેલ વપરાય, ઘી વપરાય, ગોળ, વપરાય, ખાંડ વપરાય, લોટ વપરાય આ બધું કેન્દ્ર સરકાર જે નિષ્ફળ ગઇ, સતત ભાવ વધારો થયો, એના કારણે કેદીઓની રોજગારી માટે અમે જે સાધનો ઉભા કરીએ છીએ એમાં પણ અમારે આ પૂરક માગણી લાવવી પડી છે. જો કેન્દ્ર સરકારે આ મોંઘવારી નાથી હોત તો કદાચ અમારે આ પૂરક માગણી ન લાવવી પડી હોત.

માનનીય અધ્યક્ષશ્રી, ત્રીજું, શ્રમ અને રોજગાર વિભાગ. તેમાં પણ અમારા માનનીય સભ્યશ્રીઓએ ખૂબ સારી વાત કરી છે કે ગુજરાતમાં રોજગારી વધે, લોકોને હુન્નર, સ્કીલ, તાલીમ વધે તેના માટે અમારી સરકાર સતત કામ કરી રહી છે. ભારત સરકારે એવોર્ડ આપ્યા છે કે દેશમાં સૌથી વધુ રોજગારી આપતું રાજય જો કોઇ હોય તો એ ગુજરાત છે એ વારંવાર પ્રસ્થાપિત થઇ ચૂક્યું છે. જે સભ્યશ્રીને આનું ભારત સરકારનું ગુજરાત સરકારને મળેલું સર્ટિફીકેટ જોવું હોય તો એમને જોવા માટે પધારવા મારી વિનંતી છે. તમે જૂઓ તો તમને ખ્યાલ આવે કે ગુજરાત સરકાર રોજગારી માટે એવોર્ડ લાવી છે. આમાં જુદી જુદી તાલીમ આપવા માટે અમે જે વ્યવસ્થા ઉભી કરી છે તેના કારણે આ પૂરક માગણી અમારે લાવવી પડી છે. એમાં અમે નવા આઇ.ટી.આઇ. શરૂ કર્યા છે. નવા સેન્ટરો ચાલુ કર્યા. એ પછી જે નવા કર્મચારીઓ આવ્યા, તાલીમાર્થીઓને શિક્ષણ આપવા માટે અમે જે નવું મહેકમ રાખ્યું એમનો પણ પગાર ભથ્થાનો ખર્ચ જે વધારે થયો એ વધારાની પણ આમાં જોગવાઇ કરી છે અને એના કારણે ઔદ્યોગિક તાલીમ, અન્ય પ્રકારની વ્યાવસાયિક તાલીમ આપવાનું સરકારે જે કામ કર્યું છે, જેના કારણે યુવાનો પોતે સ્વાવલંબી થઇ શકે, પોતે રોજગારી મેળવી શકે એવું કામ અમે જે કર્યું છે એના કારણે હજારો યુવાનોને પોતાને સ્વાવલંબી બનવાની તક, પગભર થવાની તક ઉભી થઇ છે. તેનો લાભ પણ આપણે આપ્યો છે.

માનનીય અધ્યક્ષશ્રી, બંદરો અને વાહનવ્યવહાર વિભાગ માટે પણ અમે ૯૯ કરોડ રૂપિયાની પૂરક માગણી લાવ્યા છીએ. જે પ્રમાણે અમારી વ્યવસ્થા વધતી જાય છે, આપણે જાણીએ છીએ, ગુજરાતમાં શિક્ષણ વધ્યું. અમારા સભ્યશ્રીઓએ કહ્યું, આદિવાસી હોય, બક્ષી પંચ હોય, દલિત સમાજ હોય, ગામડાંની બહેનો હોય. પહેલાં નહોતા ભણતા, કારણ કે ભૂતકાળની સરકારોએ શિક્ષણની વ્યવસ્થા નહોતી કરી. તાલીમની વ્યવસ્થા નહોતી કરી, રોજગારીની વ્યવસ્થા નહોતી કરી એના કારણે વિદ્યાર્થીઓ બસમાં આવતા જ નહોતા. નહોતા આવતા એટલે એના કન્સેશન પાસ ઓછા કાઢવા પડતા હતા. શિક્ષણનું પ્રમાણ નહોતું. અક્ષરજ્ઞાન નહોતું, હવે જયારે અમે કન્યા કેળવણી અને અન્ય વ્યવસ્થાઓ ઉભી કરી છે, ગામેગામ આઠમું

ધોરણ ચાલુ થયું, હાઇસ્કૂલો ચાલુ થઇ, કોલેજો ચાલુ થઇ, તાલીમ કેન્દ્રો ચાલુ થયા. એના કારણે સ્વાભાવિક છે કે વિદ્યાર્થીઓના કન્સેશન પાસની પણ સંખ્યા વધી. એ કન્સેશન વિદ્યાર્થીઓને સરકાર આપે છે. એવી રીતે ગામડાંની દીકરીઓને તાલુકા મથક ઉપર ભણવા જવું હોય તો પણ આખા રાજયની અંદર અમારા મુખ્યમંત્રીશ્રીએ, કોંગ્રેસની સરકાર વિદ્યાર્થીનીઓ પાસે પાસ ફી લેતી હતી. અમારી ભાજપની સરકારે દીકરીઓને કોલેજમાં ભણવા જવું હોય, ઉચ્ચ અભ્યાસ કરવા જવું હોય તો બિલકુલ માફી આપી છે. એના માટે આ કન્સેશન..

અધ્યક્ષશ્રી : એક મિનિટ, નીતિનભાઇ,..

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : આજની પૂરક માગણીઓ ઉપર વિપક્ષના નેતાને માત્ર ૨૫ મિનિટ અને અહીં ૩૦ મિનિટ મંત્રીશ્રી..

અધ્યક્ષશ્રી : બન્નેનો પ્રૉરેટા પ્રમાણે ટાઇમ આપ્યો છે. બધાને ટાઇમ આપ્યો.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : હું આપનું ધ્યાન દોરું છું. અમે જયારે બોલતા હોઇએ ત્યારે પહેલી બેંચના માનનીય મંત્રીશ્રીઓ કહેતા હોય છે. તમે આના ઉપર બોલો. આ પૂરક માગણીઓ ઉપર બોલાઇ રહ્યું છે? (અંતરાય)

અધ્યક્ષશ્રી : તમારે પૂરક માગણીઓનો જવાબ આપવાનો છે? એક મિનિટ. પૂરક માગણીની અંદર તમારું કંઇ પૂરક ઉમેરો નહીં. જે કંઇ માગણી છે અને બોલ્યા છે, તેના ઉપર જવાબ આપો અને માગણી ઉપર બોલો.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : હું એ જ કહું છું. તેમની સ્ટ્રેટેજી મને ખબર છે સમય બગાડવાની.

અધ્યક્ષશ્રી : પૂરું બોલવું જ એવું નથી. તમને એમ લાગે કે મેં જવાબ આપી દીધો છે. એટલે પૂરું કરી દેજો. અડધો કલાક જ બોલવું જોઇએ એવું નથી.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, બધા સભ્યશ્રીઓને મારે જણાવવું છે કે, ૯૯ કરોડ રૂપિયા વિદ્યાર્થીઓના કન્સેશન પાસ માટે છે અને એસ.ટી. જે ગામડાઓના રૂટ ઉપર ખોટ કરે છે એમાં આ સરકાર સહાય કરે છે. (અંતરાય) લાખો વિદ્યાર્થીઓ એસ.ટી.ના કન્સેશન પાસનો લાભ લે છે. શ્રી માનસિંહભાઇએ નવી બસો માટે કહ્યું. મને જણાવતાં આનંદ થાય છે કે, અગાઉના બજેટમાં નાણામંત્રીશ્રી હતા, તેમણે પણ એસ.ટી.ને નવી બસો આપવા માટેની જોગવાઇ કરી છે. છેલ્લા ૩-૪-૫ વર્ષમાં લગભગ ૫૦૦૦ નવી બસો આપી છે. જેના માટે રાજ્ય સરકારે એસટીને ગ્રાન્ટ આપી છે, લોન આપી છે. એસટીમાં ડ્રાઇવરો અને કંડકટરોની ભરતી કરી છે, અને એ રીતે એમને મદદરૂપ થઇએ છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, અમારા સભ્યશ્રી મોતીભાઇએ ખૂબ સારું કહ્યું. અમારા આદિવાસી સમાજ, દલિત સમાજ અને બક્ષીપંચ સમાજને કેટલાક લોકો ફક્ત મતબેંક તરીકે જોતા હતા. તેઓ ભણે-ગણે નહીં, આગળ આવે નહીં, અભણ રહે અને સુખી થાય નહીં. અન્ય પક્ષની સરકારો તેમને માનવ તરીકે નહોતી જોતી, માનવતાની રીતે કે ભારતીય નાગરિકની રીતે જોતા નહોતા. ભારતીય નાગરિકની રીતે પાંચ વર્ષે એકવાર આવે અને મત માગી જાય અને તેઓ મત આપી જાય. એટલે તેઓ અભણ હોય તો સારું. તેઓ કોઇ પ્રશ્નો પૂછે નહીં. આની અંદર અમારી સરકારે આદિજાતિ વિકાસ વિભાગે એમાં શું કર્યું? (અંતરાય) શ્રી જોષીયારા, તમે પણ મંત્રી રહ્યા છો, તમારે પણ જવાબ આપવો પડે. અમારી સરકારે જે કામ કર્યું છે એ જણાવું. આદિજાતિના વિદ્યાર્થીઓ છે, જેમના પિતાની વાર્ષિક આવક રૂપિયા બે લાખ કરતાં વધુ હોય અને ભારત સરકારની કોઇ યોજનાનો લાભ મળતો ન હોય, (અંતરાય)પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ તો મફત છે. આ તો ઉચ્ચ અભ્યાસની વાત છે. આ તો હોસ્ટેલમાં દિકરો કે દિકરી રહે તો રૂ.૧૨૦૦/- અને હોસ્ટેલમાં મદદ રૂ.૫૨૦/-, રૂ.૫૫૦/- અને રૂ.૫૭૦/- એ પ્રમાણેના સ્લેબ પાડ્યા છે. ભૂતકાળમાં તે વખતની સરકારોએ પ્રાથમિક શિક્ષણ પણ મફત નહોતું આપ્યું. અમે ડોક્ટરો બનાવીએ છીએ, એન્જિનિયરો બનાવીએ છીએ, હોસ્ટેલમાં રાખીએ છીએ અને એના માટે આ બજેટમાં ગ્રાન્ટ ફાળવી છે. એના માટે પૂરક બજેટ હું લાવ્યો છું એ મંજૂર કરવા સૌને વિનંતી છે.

અધ્યક્ષશ્રી : એક મિનિટ, ઘણું બોલવાનું બાકી છે, હજુ ચાર દિવસ જનરલ ચર્ચા કરવાની છે. પ્રશ્ન પૂછવો છે? આમ તો કોઇ પ્રશ્ન ન હોય પણ પૂછી લ્યો.

ડો. અનિલ જોષીયારા :માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી એમ કહે છે કે, અમે બહેનોને મફત પાસ આપીએ છીએ. કોંગ્રેસ ૮૩.૫ ટકા સુધીના પૈસા આપીને પાસ આપતી હતી એના પૈસા સરકાર ભરતી હતી. આ સરકારે...

અધ્યક્ષશ્રી : મફત કેળવણી આપવાનું બંધારણમાં છે..

ડો. અનિલ જોષીયારા : આ પાસ માટે છે, ૧૭.૫ ટકા જ આ સરકારે કર્યા છે. આ ખોટો રેકર્ડ છે. મફત આપતા નથી..

અધ્યક્ષશ્રી : હવે ગઇ સરકારનું પૂરું કરો, ભૂલી જાઓ.

**કાપદરખાસ્ત ક્રમાંક–૧થી ૧૫ મત માટે મૂકવામાં આવી અને નામંજૂર કરવામાં આવી.**

**પૂરક માગણી ક્રમાંક– ૧૩, ૪૪, ૫૭, ૭૪ અને ૯૩ મત માટે મૂકવામાં આવી અને મંજૂર કરવામાં આવી.**

**(વિરામ બપોરના ૨.૧૫થી ૩.૧૫)**

**અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને.**

## બિનસરકારી સંકલ્પો

નર્મદાનું પાણી યુદ્ધના ધોરણે પૂરું પાડવા બાબત.

શ્રી મહેન્દ્રસિંહ ક. બારૈયા(પ્રાંતિજ) : માનનીય અધ્યક્ષશ્રી, હું મારો સંકલ્પ રજૂ કરું છું કે,

'' રાજયમાં ચાલુ વર્ષે અપૂરતા વરસાદના કારણે સૌરાષ્ટ્ર–કચ્છ અને ઉત્તર ગુજરાતના વિસ્તારોમાં પીવાના પાણીની ગંભીર સમસ્યા ઉભી થઇ છે અને એટલું જ નહીં, પશુધન તથા ખેતી માટે પણ મોટી સમસ્યા પેદા થઇ છે. ઘાસચારાના અભાવે પશુધનનું હિજરત થઇ રહ્યું છે. પીવાના પાણીની અછતના કારણે ઉકત વિસ્તારોમાં આઠ દિવસે એકવાર પાણી મળે છે અને તેના લીધે સત્તાધીશો અને જનતા વચ્ચે ઘર્ષણના બનાવો પણ બને છે. તેથી આ વિસ્તારોમાં નર્મદાનું પાણી યુદ્ધના ધોરણે પૂરું પાડવા અને આગામી ઉનાળામાં પાણીની ગંભીર સમસ્યા પેદા થતી નિવારવા જરૂરી આયોજન કરવા આ સભાગૃહ રાજય સરકારને અનુરોધ કરે છે. ''

**સંકલ્પ રજૂ કરવામાં આવ્યો.**

શ્રી મહેન્દ્રસિંહ ક. બારૈયા : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજયમાં જુલાઇ અને ઓગસ્ટ મહિનામાં સમગ્ર કચ્છ, ઉત્તર ગુજરાત, અને સૌરાષ્ટ્રમાં જે અપૂરતો વરસાદ પડયો એના કારણે આ વિસ્તારોમાં દુષ્કાળની પરિસ્થિતિ ઉભી થઇ અને આ દુષ્કાળની પરિસ્થિતિ ઉભી થવાના કારણે ખેડૂતોએ પોતાના મોંઘા બિયારણો અને માવજત કરીને જે ખેતીનો પાક વાવ્યો હતો એ પાક નિષ્ફળ જવાના કારણે ઘણા ખેડૂતોએ સૌરાષ્ટ્ર અને કચ્છમાં આત્મહત્યા કરી હોય તેવા બનાવો પણ બનવા પામેલા. આ બનાવો બનવાના કારણે ખેડૂતોને ખૂબ જ આર્થિક નુકસાન પણ વેઠવું પડતું હોય છે. અછતના કારણે ખેડૂતો દેવાદાર પણ બનેલા છે. આ સમગ્ર અછતની જે પરિસ્થિતિ ઉભી થઇ એને જો સરકાર નિવારવાનું કામ કરી શકી હોત તો એક માત્ર નર્મદા યોજનાથી જ આ કામ આપણે પૂર્ણ કરી શકયા હોત. માનનીય અધ્યક્ષશ્રી જો નર્મદા યોજના સમયસર, સમયબદ્ધ એના કાર્યક્રમ મુજબ જો પૂરી કરી હોત તો આજે સમગ્ર કચ્છ, સૌરાષ્ટ્ર, ઉત્તર ગુજરાત સુધી આપણે પાણી પહોંચાડી શકયા હોત. આજે મારે કહેવું જોઇએ કે હજી પણ ૫૬,૭૪૧ કિલોમિટરની નર્મદાની પાઇપલાઇનનું કામકાજ બાકી છે. આજે પણ સરકાર શાખાઓ, પ્રશાખાઓ અને ઢાળીયાઓનું કામ પણ કરી શકી નથી એના કારણે આ અછતને આપણે નિવારી શકયા નથી. ૨૦૦૬માં નર્મદા યોજનાનું કામ ૧૨૧.૯૨ મિટરની ઉંચાઇએ પહોંચેલું છે અને ૨૦૦૬ પછી ગુજરાત સરકારે કોઇપણ જાતનું નર્મદાની

શાખાઓ, પ્રશાખાઓનું કામકાજ ન કર્યુ એના કારણે આજે આ પરિસ્થિતિ ઉભી થઇ છે. અને સમગ્ર કચ્છ, સૌરાષ્ટ્ર અને ઉત્તર ગુજરાતમાં પીવાના પાણીની તંગી ઉભી થઇ છે. નર્મદાનું પાણી હોય કે ભૂગર્ભનું પાણી હોય એ પણ ખેડૂતોને સાત–આઠ દિવસે આજે મળતું નથી.

સૌરાષ્ટ્ર અને કચ્છ સિવાય પણ ઉત્તર ગુજરાતમાં ભયંકર પરિસ્થિતિ ઉભી થઇ છે. ઉત્તર ગુજરાતમાં પણ ખાસ કરીને વાત કરૂં તો મારા સાબરકાંઠા જિલ્લામાંથી નર્મદાની બે બે પાઇપલાઇનો પસાર થવા છતાં અહીંયા માનનીય મંત્રીશ્રી બેઠા છે, મારે વાત કરવી છે કે બે બે પાઇપલાઇનો પસાર થવા છતાં પણ આજુબાજુના કોઇ તળાવો ભરવામાં નથી આવતા. બે બે, ત્રણ–ત્રણ કિલોમિટરની રેન્જમાં જે તળાવો છે એ આજુબાજુના તમામ તળાવોમાં જો પાણી નાખવામાં આવ્યું હોત તો આજે આપણે એ અછતમાંથી નીકળી શકયા હોત. આ સમગ્ર પાઇપલાઇન છે એનું કામકાજ સમયસર કરવામાં આવતું નથી અને રાજ્ય સરકારે જે એક કિલોમિટરની મર્યાદા રાખી છે એ મર્યાદાના કારણે તળાવોમાં પાણી ભરાતા નથી. જો આ મર્યાદા વધારી ૩–૪ કિલોમિટર કરવામાં આવે તો અમારા સાબરકાંઠા જિલ્લાને નંદનવન બનાવી શકાય તેમ છે. આથી આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી અને આ ગૃહ સમક્ષ આ વાત રજૂ કરું છું.

નર્મદા યોજનાની વાત કરું તો હમણાં બજેટમાં માઝુમ–વાત્રક–મેશ્વો માટે પાઇપલાઇન કરવાની જાહેરાત થઇ. અગાઉના બજેટમાં આ માટે નાણાકીય જોગવાઇ કરી હતી તેમ છતાં સરકારે કંઇ કામકાજ કર્યું નહી. એના કારણે આજે આ ત્રણેય ડેમો ખાલીખમ હોવાના કારણે સમગ્ર સાબરકાંઠામાં અછતની પરિસ્થિતિને અમે પહોંચી વળી શકતા નથી. લોકો પાણી માટે પોકારો પાડે છે. જો આ માઝુમ–વાત્રક–મેશ્વો જળાશયો માટે પાઇપલાઇન થઇ ગઇ હોત અને થોડે દૂર ૩૦ કિલોમિટર હાથમતિ–ગુહાઇ જળાશયો આવેલા છે એમાં પાણી નાખ્યું હોત તો અશોકભાઇ, તમારા ગાંધીનગર સુધી પાણી આવી શકે તેમ છે. એટલે મારી માગણી છે કે ગુહાઇ અને હાથમતિમાં પાણી નાખવું જોઇએ. માનનીય મંત્રીશ્રીને મારી વિનંતી છે કે આ પાણી ૩૦ કિલોમિટરની મર્યાદામાં આવે છે અને છેક ગાંધીનગર સુધી પાણી આવી શકે તેમ છે.

આજે મારે આ ગૃહમાં વાત કરવી છે કે હજારો કરોડો રૂપિયાની જે સુજલામ્–સુફલામ્ યોજના બની હતી તેમાં કડાણા અને નર્મદાના પાણી પાઇપલાઇનથી નાખવામાં આવે છે. આ યોજના જે જગ્યાએથી ક્રોસ કરે છે એમાં મારા નેશનલ હાઇ–વે પરના પ્રાંતિજ મત વિસ્તારના આઝાદી પહેલાના બનેલા કરોલ–લીંબલા ડેમો છે એમાં પાણી નાખવામાં આવતું નથી. એના કારણે પ્રાંતિજ તાલુકાના તમામ ગામડાંઓ સૂકા ભઠ્ઠ પડ્યા છે. આ બન્ને ડેમો કે જેમાં એટલું બધું પાણી સંગ્રહ થઇ શકે એમ છે એમાં પાણી નાખવામાં આવતું નથી. બીજુ કાંઇ ન કહેતા એટલું ચોક્કસ કહીશ કે ભા.જ.પ.ની સરકાર વાઇબ્રન્ટ સમિટ કરે અને આ સરકાર એમાં વ્યસ્ત રહે અને જેમ રોમ ભડકે બળતું હોય અને નીરો ફીડલ વગાડે એમ આ શાસન ચાલે છે.

**શ્રી મોહનભાઇ ક. કુંડારિયા(ટંકારા) :** માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મહેન્દ્રસિંહ જે સંકલ્પ લઇને આવ્યા છે એમાં હું મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ સંકલ્પ લાવવાની એટલા માટે જરૂર નથી કે આ ગૃહના નેતા આદરણીય નરેન્દ્રભાઇ મોદી સાહેબે અગાઉથી પ્લાનિંગ કરીને કેબિનેટની સબ કમિટી બનાવી દીધી છે. એના અધ્યક્ષ આદરણીય નાણામંત્રીશ્રી નીતિનભાઇ છે. સૌરાષ્ટ્રમાં પાણીની પરિસ્થિતિના નિરાકરણ માટે અમારા પાણી પુરવઠાના બન્ને મંત્રીશ્રીઓએ સૌરાષ્ટ્રના એકેએક જિલ્લામાં જઇને પાણી પુરવઠાના અધિકારીઓ અને તમામ વિભાગોના અધિકારીઓ સાથે લાયઝનીંગ અને મિટિંગો કરીને અગાઉથી પ્લાનિંગ કરવા માટે જે પ્રયત્નો કર્યા એમાં ખાસ કરીને હમણાં મહેન્દ્રસિંહ વાત કરી રહ્યા હતા કે સૌરાષ્ટ્રમાં ખેડૂતો આપઘાત કરી રહ્યા છે. ઢોર માટે પીવાના પાણી અને ઘાસચારાની સગવડતા નથી. એ વાત સાચી છે કે કોંગ્રેસના સમયની એ વાત કરી રહ્યા હતા. એક વખત આખા ગુજરાતમાં વાત પ્રચલિત છે કે અમારા રફાળેશ્વરમાં જ્યારે કેટલ કેમ્પ કરવામાં આવ્યો હતો અને ગાયોના મોઢામાંથી ઘાસ ખાઇ જનારી આ કોંગ્રેસને આ અંગે બોલવાનો કોઇ અધિકાર નથી. કોંગ્રેસને આ ગુજરાતની ખરા અર્થમાં ચિંતા હોય અને સૌરાષ્ટ્રને પાણી આપવાની એમના મનમાં ખેવના હોય તો આ કેન્દ્ર સરકાર દ્વારા દરેક રાજ્યને પાણી પુરવઠાની યોજનાઓ પૂર્ણ કરવા માટે જે ગ્રાન્ટ ફાળવવામાં આવે ત્યારે મારે એની વાત કરવાની છે. ગુજરાતે ગયા વર્ષની અંદર ૨૫૦૦ કરોડ રૂપિયા ફાળવ્યાં

હતા ત્યારે કેન્દ્ર સરકારે જે ગુજરાતને પાણી પુરવઠાની યોજનાના કામ પૂર્ણ કરવા માટે ૫૩૭ કરોડ ફાળવ્યાં હતા અને આપ્યા ૫૧૧ કરોડ. મહારાષ્ટ્રમાં ફાળવ્યા હતા કેટલા? ૭૮૩ કરોડ. મહારાષ્ટ્રનું પાણી પુરવઠાનું બજેટ કેટલું? ૬૦૯ કરોડ. રાજસ્થાનનું પાણી પુરવઠાનું બજેટ કેટલું? ૭૬૯ કરોડ અને કેન્દ્રએ ફાળવ્યાં કેટલા? ૧૩૪૦ કરોડ, એના બજેટ કરતા ડબલ રૂપિયા અન્ય રાજ્યોને ફાળવ્યાં. ગુજરાતનું ૨૫૦૦ કરોડનું બજેટ હોવા છતાં ફાળવ્યાં હતા ૫૩૭ કરોડ અને આપ્યાં ૫૧૧ કરોડ. આ તમામ રાજ્યોની યોજનામાં તમે પછી એમ કહો કે પૂરક બજેટ શેનું લાવ્યાં?

માનનીય અધ્યક્ષશ્રી, હમણાં પૂરક માગણી ચાલતી હતી ત્યારે એમ કહેતા હતા કે પૂરક માગણી શેના માટે? જ્યારે કેન્દ્રએ ૫૩૭ કરોડ રૂપિયા ગુજરાત સરકારને ફાળવ્યાં હતા. પાણી પુરવઠાની યોજના પૂર્ણ કરવા માટે ૧૦૬% કામ કર્યુ. ૫૫૦ કરોડ રૂપિયાના કામો કર્યા. ફાળવ્યાં હતા ૫૧૧ કરોડ, એ ઘટાડો છે ને એના માટે પૂરક માગણી લઇને આવવી પડે છે. ખાસ કરીને સૌરાષ્ટ્રની ચિંતા તમને ખરા અર્થમાં હોય તો ગુજરાતના મુખ્યમંત્રીએ આ નર્મદા માટે ઉપવાસ ઉપર ઊતરવું પડ્યું હતું. સેફુદીન સોઝ કહેતા હતા એટલે સોઝના પાપે આપણે અહીંયા ઉપવાસ ઉપર બેસવું પડ્યું હતું. ખરા અર્થમાં જો ગામડાની અંદર, (અંતરાય) આપણે એક કહેવત છે કે, 'ગાડા મોર સીધુઓ ના હોય' જ્યાં સુધી ગાડું ના ચાલે ત્યાં સુધી સીધુઓ ના હોય તો જ્યાં સુધી ડેમ પૂરો ના થાય ત્યાં સુધી કેનાલને પૂરી કરીને શું કરવાની?

માનનીય અધ્યક્ષશ્રી, જ્યારે કેન્દ્ર સરકાર દરવાજા ચડાવવાની મંજૂરી આપે એનું કામ પૂરું કરવામાં આવે તો બે થી અઢી વર્ષ લાગે. એટલા સમયમાં કેનાલના કામ પણ પૂર્ણ થઇ જાય. ખરા અર્થમાં ગુજરાત અને સૌરાષ્ટ્રની ચિંતા તમારા હૈયામાં હોય તો કેન્દ્ર પાસે રજૂઆત કરે કે આ દરવાજા ચડાવવાની મંજૂરી આપે. ખાસ કરીને સૌરાષ્ટ્રની અંદર પાણી પૂરું પહોંચાડવા માટે ધ્રાગધ્રા બ્રાન્ચ કેનાલનું કામ યુદ્ધના ધોરણે પૂરું કર્યુ. મોરબી તાલુકાના સાદુકા ગામ પાસે આના ઉપર પંપિંગ સ્ટેશન યુદ્ધના ધોરણે ૧ વર્ષમાં પાઇપલાઇનનું કામ પૂર્ણ થાય એ ૧ મહિનામાં ભારતીય જનતા પાર્ટીની સરકારે પૂરું કર્યુ છે. ખાસ કરીને સૌરાષ્ટ્રના તમામ વિસ્તારોને પૂરું પાણી મળે એના માટે આગોતરું આયોજન કરવામાં આવ્યું હતું. અત્યારે ઢાંકીથી કેનાલ દ્વારા પાણી માળિયા લઇ જવામાં આવે. માળિયાથી પાઇપ લાઇન કચ્છમાં જાય, રાજકોટ, જામનગર જાય અને કેનાલની અંદર પાણી હોય તો સ્વાભાવિક છે કે પાણીની ચોરી કરવાના છે. ભવિષ્યમાં આ તકલીફ ના પડે એટલા માટે ઢાંકીથી માળિયા હોય કે ઢાંકીથી રતનપર હોય આમાં બે બે જણા માથે ઊભા રહે એટલી મોટી પાઇપો નાંખી છે.

માનનીય અધ્યક્ષશ્રી, બોલવું સહેલું છે. આપણે કહીએ કે મારા ગુજરાતની પાંચ કરોડની જનતા મારી હાઇકમાન્ડ છે એ કહે તેમ મારે કરવાનું? ટિકિટ માટે રાહ જોઇને બેઠાં હતાં કે ક્યારે ફોન આવે અને ફોર્મ ભરવા જવાનું. આ સ્થિતિ તમારી છે મિત્રો. ખાસ કરીને જેમ મહાભારતના યુદ્ધની અંદર જ્યારે કૃષ્ણ ભગવાનને જરાસંઘે ૯૯ ગાળો દીધી ત્યાં સુધી એણે સહન કર્યુ હતું પણ જ્યારે ૧૦૦મી ગાળ દીધી ત્યારે કૃષ્ણ ભગવાને એના કટકે કટકા કરી નાંખ્યાં હતા, તો લિમિટ હોવી જોઇએ. ૨૦૧૪ સુધી આ અન્યાયના કારણે કોંગ્રેસના કટકા કરીને પાકિસ્તાન અને બાંગ્લાદેશ મોકલી દેવાના છે. અને આ ગુજરાતની જનતા તમારી રાહ જોઇને બેઠી છે. કોઇ પણ બિલને ખોટી રીતે મારી મચકોડીને અને ગુજરાતની જનતાને ગેરમાર્ગે દોરવા સિવાય તમારું બીજુ કોઇ કામ નથી. સૌરાષ્ટ્રની પાણીની ચિંતા માટે મહેન્દ્રસિંહજી જે સંકલ્પ લઇને આવ્યા છે એનું ગુજરાત સરકારનું આગોતરું આયોજન છે અને આ પ્લાનિંગના કારણે સૌરાષ્ટ્રની અંદર પાણીની તકલીફ નથી પડવાની એનો મને સો ટકા વિશ્વાસ છે. ખાસ કરીને આ સૌરાષ્ટ્રની અંદર કે ગુજરાતમાં બલ્ક લાઇનના ૨,૫૦૦ કિલોમિટરના કામો પૂર્ણ કર્યા છે ત્યાંથી આગળ જઇએ તો ૧ લાખ, ૨૧ હજાર કિલોમીટરના જુથ યોજનાના પાઇપ લાઇનોના કામો પૂર્ણ કરવામાં આવ્યા છે. મને યાદ છે, માનનીય અધ્યક્ષશ્રી, ૧૯૯૫માં જયારે અમે ધારાસભ્ય તરીકે ચૂંટાઇને આવ્યા ત્યારે મોરબીમાં એક પાણી પુરવઠાની યોજના હતી (સમયસૂચક ઘંટડી) એ અમારી જુથ યોજના હતી, એક સરપંચે મને ફોન કર્યો કે, સાહેબ જો જરાક વાલ્વ વધારે ખોલવામાં આવે તો અમારા ગામને પાણી મળે. તો મેં પાણી પુરવઠાવાળાને વિનંતી કરી કે, ભાઇ, આ ખરડાવાળી લાઇનનો વાલ્વ વધારે ખોલને. તો એણે એક આંટો વાલ્વ વધારે ખોલ્યો તો લાઇન

ઉભી થઇ ગઇ. આ તમારી સ્થિતિ હતી. જે આ સંકલ્પ લઇને આવ્યા છે, એની કાંઇ જરૂર નથી. આ પાણી પુરવઠા અધિકારીઓ તમામ કામો કરી રહયા છે.

શ્રી છબિલભાઇ ના. પટેલ(અબડાસા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી મહેન્દ્રસિંહ જે સંકલ્પ લઇને આવ્યા છે એમાં હું મારો સુર પૂરાવું છું.

માનનીય અધ્યક્ષશ્રી, અત્યારે જે પાણી વગર દુષ્કાળ જેવી પરિસ્થિતિ થઇ ગઇ છે કચ્છમાં. પહેલાંની સરકારો કોંગ્રેસની હતી. દુષ્કાળ એ વખતે પણ પડતા. હમણાં પણ છે, તો પરિસ્થિતિ એવી છે, એ વખતે માનનીય અમરસિંહભાઇએ સૌરાષ્ટ્ર–કચ્છમાં રેલવેથી પાણી પહોંચાડ્યું હતું (અંતરાય) અને આજે પરિસ્થિતિ એવી છે આ વર્ષે જે વરસાદ થોડો પડ્યો (અંતરાય)

અધ્યક્ષશ્રી : ભાઇ, રેલવેથી પહોંચાડ્યું હોય કે, પ્લેનથી પહોંચાડ્યું હોય, તમને કાંઇ વાંધો છે ? એ ગયા દિવસો બધા, અત્યારનું કરોને, અત્યારે કેવી રીતે પાણી મળે છે એ મૂળ સમસ્યા છે.

શ્રી છબિલભાઇ ના. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હમણાં આ વર્ષે વરસાદ થોડો મોડો પડ્યો, મોડો પડ્યો એના કારણે પેલી દુષ્કાળની પરિસ્થિતિ જાહેર કરી. તે વખતે જયારે દુષ્કાળ પડતા ત્યારે દુષ્કાળ પૂરો થઇ જાય તો પણ અઠવાડિયા સુધી ખેડૂત જે ગાય રાખતો હોય એના ઘરમાંથી એના દાણા, એને ખાવા મળતું. પણ આ સરકારની પરિસ્થિતિમાં દુષ્કાળ, વાદળ ઘેરાય હજી વીજળી થાય, એના પહેલાં કહે કે, દુષ્કાળ બંધ. અરે, વરસાદ પડવા દો, બીજને ઉગવા દો, બીજ ઉગે એટલે ચૌપગાના મોઢાંમાં આવે પણ એ પરિસ્થિતિ પહેલાં જ આ દુષ્કાળની જાહેરાત બંધ કરી દે. એટલે મારે અધ્યક્ષશ્રી, એ કહેવું છે કે, હમણાં પણ પરિસ્થિતિ એવી છે કે, આ સરકાર જયારે વોટ લેવા હોય ત્યારે એમ કહે કે, ગૌ–માતા ઝીંદાબાદ, ગૌ–માતા ઝીંદાબાદ અને હવે અત્યારે કચ્છમાં હમણાંની પરિસ્થિતિ એવી છે કે, ગૌ–માતા પથ્થરને જીભથી ચાટે છે. આ પરિસ્થિતિ એટલા માટે થઇ છે કે આ જે આપણે માપદંડ નક્કી કર્યો છે કે, ૧૨૫ મિલીમિટર વરસાદ પડે એટલે દુષ્કાળ બંધ કરી દેવો (અંતરાય) તો મારે એ કહેવું છે કે, ૧૨૫ આ માપદંડમાં ( સમયસૂચક ઘંટડી)

અધ્યક્ષશ્રી : એક મિનિટ, બધાને બોલવા દો, શાંતિથી સાંભળો.

શ્રી છબિલભાઇ ના. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મારે એટલું જ કહેવું છે કે, આ ૧૨૫ મિલીમિટર વરસાદ પડી જાય, એકધારો પડી જાય, એક જ દિવસમાં પડી જાય તો આ માપદંડ ના હોવો જોઇએ. બે ટેકનિશીયન રાખીને જોવડાવો કે, ભાઇ વરસાદ પડ્યો અને ઘાસ ઉગ્યું કે નહીં ? ત્યારે જ દુષ્કાળ બંધ કરવો જોઇએ. માનનીય શ્રી મોહનભાઇ હમણાં જે કહેતા હતા કે, લાઇન, જયારે વરસાદમાં ઉભી થઇ ગઇ, પણ અત્યારે કચ્છમાં પરિસ્થિતિ એવી છે કે, પોતે જે નોકરી કરતો હોય એ અધિકારી, પોતાને પંદર – વીસ હજાર જે પગાર મળતો હોય પણ લાઇન–મેન તરીકે એ ત્રણ હજાર રૂપિયાનો બીજો એક માણસ રાખે. હવે એને ખબર નથી હોતી કે લાઇન કેટલી ખોલવી અને કેટલી ના ખોલવી અને એના કારણે લાઇન તૂટી જવાના કેટલાય બનાવો બને છે અને ફોન અમને આવે છે. આ સરકારમાં આ પરિસ્થિતિ છે.માનનીય અધ્યક્ષશ્રી, આની અંદર સંસ્થાઓ પણ એવી છે કચ્છની અંદર, સૌરાષ્ટ્રની અંદર કે દુષ્કાળ પડે એટલે સ્વૈચ્છિક સંસ્થાઓ મુંબઇથી આવે અને એ લોકો અહીંયા નિરણ કેન્દ્રો ચાલુ કરી દે છે પણ નિરણ કેન્દ્રો ચાલુ કરી દીધા પછી એ નિરણ કેન્દ્રવાળાને જો સહાય આપવાની હોય તો સ્વૈચ્છિક સંસ્થાઓવાળાને ઉપવાસ કરવા પડે. હમણા એક મનજીબાપુ નામની ભેખધારી વ્યકિત, એણે ત્રણ દિવસના સળંગ ઉપવાસ કર્યા એના પછી એને એનો હપ્તો ચુકવવામાં આવ્યો, એટલે મારે એ કહેવું છે કે હજી પણ આ દુષ્કાળની પરિસ્થિતિ નિવારવી હોય તો આ જે ચેકડેમો થાય છે એ ચેકડેમ એવા કેટલાય છે. લેખિતમાં પણ ફરિયાદ કરી છે કે એક ચોમાસુ પૂરું થયું એટલે ચેકડેમને શોધવા નીકળવું પડે એટલે એવી પરિસ્થિતિની અંદર મહેન્દ્રસિંહ જે સંકલ્પ લઇને આવ્યા છે.

અધ્યક્ષશ્રી : એને ટેકો આપો છો ને સંકલ્પને?

શ્રી છબિલભાઇ ના. પટેલ : હા. સંકલ્પને ટેકો આપું છું.

શ્રી તારાચંદ જ. છેડા(માંડવી) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મહેન્દ્રસિંહભાઇ જે સંકલ્પ લઇને આવ્યા છે એ સંકલ્પમાં હું મારી બે વાત કહેવા માગું છું. ભાઇશ્રી છબિલદાસભાઇ કચ્છના જ ધારાસભ્યશ્રી છે

અને એમણે કોંગ્રેસના પરંપરાગત દુષ્કાળની વાત કરી અને ત્યારે કાયમી દુષ્કાળ પડતા જ હતા. આ તો નસીબવાળા છીએ કે દસ વર્ષથી માનનીય મુખ્યમંત્રીશ્રી અને આ ભા.જ.પ.ની સરકાર આવી છે એટલે આ વખતે દુષ્કાળ બંધ થયા અને હમણા જરા દુષ્કાળ પડવાની શરૂઆત થઇ એમાં તો કોંગ્રેસવાળા ગેલમાં આવી ગયા કે હવે નરેન્દ્રભાઇ હાથમાં આવ્યા. ત્યાં તો વળી ભગવાને ફુલ વરસાદ આપી દીધો અને એમની બધી જ આશાઓ ઉપર પાણી ફરી ગયું. (અંતરાય)

અધ્યક્ષશ્રી : એક મિનિટ નીતિનભાઇ,

શ્રી તારાચંદ જ. છેડા : પાણી એ પરમાત્માનો પ્રસાદ છે. (અંતરાય)

અધ્યક્ષશ્રી : અંદરોઅંદર ન બોલો. એ તરફ કે આ તરફ. જે માનનીય સભ્ય બોલે એને સાંભળો. તમારી વાતનો કોઇ અંત આવશે નહીં. એવું મહેરબાની કરીને મૂકી દો.

શ્રી તારાચંદ જ. છેડા : માનનીય અધ્યક્ષશ્રી, પાણી એ પરમાત્માનો પ્રસાદ છે. નર્મદાનું પાણી એ પાણી નહીં પરંતુ પારસ છે. આ વાત રાજયના મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇએ કરી છે અને એ સાર્થક પણ કરી છે. છબિલભાઇને ખબર છે કે પચાસ વર્ષ પહેલા આ જ કચ્છમાં, સો વર્ષ કે બસ્સો વર્ષ પહેલા આ જ કચ્છમાં પણ શું કામ માણસો હિજરત કરતા હતા? માણસોને પીવા પાણી નહોતું, લાઇટ નહોતી, ખેતી કરવા માટે ખેડૂત પાસે પાણી નહોતું. પરિણામ એ આવ્યું કે કચ્છની જેટલી વસ્તી હતી એ કચ્છની બહાર જવા લાગી અને કચ્છ એ સ્મશાન જેવું બની ગયું. ભારતીય જનતા પાર્ટીની સરકાર આવી અને નરેન્દ્રભાઇ આવ્યા અને જે વિકાસના કામો અને તેમાં પણ ખાસ કરીને જે ચેકડેમોની વાત થઇ, માનનીય છબિલદાસભાઇએ કીધું કે ચેકડેમો બોગસ બન્યા છે. હું આપના દ્વારા આ વિધાનસભાના ગૃહમાંથી કહેવા માગું છું કે ચેકડેમ કેવા બન્યા છે. મુંદ્રા તાલુકાનું કણજરા ગામ છે. એ કણજરા ગામની અંદર ત્રણ ચેકડેમ બન્યા અને એ ત્રણ ચેકડેમ બનવાથી આજથી પાંચ વર્ષ પહેલા જે પાંચ ગાડી કપાસની થતી હતી આગલા વર્ષે ૧૦૫ ગાડી કપાસની આ કણજરા ગામે થઇ અને આ જે પાણીનો સ્ટોરેજ અને પાણીના ચાર્જીંગનું કામ થયું એના લીધે દુકાળ પડે તો પણ દુષ્કાળ નડે નહીં એવી પરિસ્થિતિનું જયારે કચ્છમાં નિર્માણ થયું છે. માણસો નર્મદાની પરિક્રમા કરવા જાય છે પણ મારા કચ્છમાં તો માં નર્મદા પોતે પરિક્રમા કરે છે. આખાય કચ્છમાં પોતે પરિક્રમા કરે છે. નારાયણ સરોવરથી નલિયા અને જયાં રાષ્ટ્રની સુરક્ષા માટે રાત દિવસ ઝઝુમતો આ દેશનો સૈનિક, એ સૈનિકના ટેન્ટ સુધી પણ આ નર્મદાનું પાણી પહોંચાડવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે.પાણી ૧૦૦ ટકા પહોંચે છે એવું કહેતો નથી. હજું પણ ઘણી ખામીઓ છે, એને દૂર કરવા માટેના પણ આ રાજય સરકારના પ્રમાણિક પ્રયાસો છે. જ્યારે વરસાદ ખેંચાય ત્યારે સ્વાભાવિક છે કે ખેડૂતોને ખુલ્લી નહેરોમાંથી પાણી કાઢવા માટેની લાલચ થાય. ધાંગધ્રા, માળિયા અને હળવદ માટે ખુલ્લી નહેરની પાણીની યોજના છે એની બદલીમાં ભાઇશ્રી મોહનભાઇ કહેતા હતા નેનો ગાડી નીકળી જાય, એટલી પાઇપલાઇનનાં કામ ચાલે છે. એના કારણે આજે સમસ્યા પૂરી થઇ છે. એ સમસ્યા છે, એ પણ હલ થઇ જશે, જે અત્યારે નર્મદાનાં કેનાલનાં કામ ચાલુ છે. મારું માનનીય મંત્રીશ્રીને સૂચન છે, નાનુભાઇને વાત કરી હતી કે કેનાલનો સરવે થયો છે. દરિયાકિનારા ઉપર ગાંધીધામ, માંડવી, મુંન્દ્રા, લાયઝા સુધી એ દરિયા કિનારા ઉપર સરવે થયા છે, ત્યાં મોટું ઔદ્યોગીકરણ થવાને કારણે એ કેનાલ થોડી આગળ લઇ આવવામાં આવે તો મોટામાં મોટો ફાયદો થશે. મને કહેતા આનંદ થાય છે

અધ્યક્ષશ્રી : હવે આનંદ થઇ ગયો. શું બાકી રહ્યું પછી?

શ્રી તારાચંદ જ. છેડા : કે જે દુષ્કાળની વાત કરવામાં આવી છે. કચ્છના એકાદ-બે તાલુકામાં પરિસ્થિતિ થોડી ગંભીર છે એમાં કોઇ શંકાને સ્થાન નથી. પણ આ રાજ્યની સરકાર એટલી સંવેદનશીલ છે. દુષ્કાળ પડ્યો છે, એની ખબર પડતા રાજ્યના મુખ્યમંત્રી પોતે કચ્છમાં આવ્યા અને સાથે જે ૫-૧૦ રૂપિયાના ધોરણે સબસિડી આપવામાં આવતી હતી, તેના બદલે ૨૫ રૂપિયા સબસિડી કરી આપી.

અધ્યક્ષશ્રી : પૂરું થયું શ્રીમતી વર્ષાબેન.

શ્રીમતી વર્ષાબેન ન. દોશી(વઢવાણ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી મહેન્દ્રસિંહ બારૈયા સંકલ્પ લઇને આવ્યા છે, તેમાં મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, રાજ્યમાં ચાલુ વર્ષે અપૂરતો વરસાદ પડ્યો છે, તે માટે સમસ્યા સર્જાવાની છે, તેની ચિંતા સભ્યશ્રી કરી રહ્યા છે. એમને મારે કહેવાનું છે કે તરસ લાગે ત્યારે ખાડો ખોદે તે આ સરકાર નથી. તમારા સમયમાં હતું. સમગ્ર દેશની અંદર અપૂરતા વરસાદને કારણે સૌરાષ્ટ્ર, કચ્છને મુશ્કેલી નથી પડી. તેનું જો મુખ્ય કારણ હોય તો નર્મદા યોજના, પાણી પુરવઠા માટે મુખ્ય સ્ત્રોત બની છે. વર્ષોથી સૌરાષ્ટ્રમાં રહીએ છીએ. સૌરાષ્ટ્ર, કચ્છના પાણીની સમસ્યા નિવારવા આ કેનાલનાં કામ શરૂ થયાં અને હવે પૂર્ણ થવાના તબક્કે છે, ત્યારે મારે આ ગૃહને કહેવું છે કે જે માણસે ગુલામીની વ્યથા ભોગવી હોય તેને આઝાદીનો આનંદ શું છે તે ખબર પડે, જેણે ભૂખમરો વેઠ્યો હોય તેને રોટલીનું મૂલ્ય સમજાતું હોય. એમ વર્ષો સુધી સૌરાષ્ટ્ર, કચ્છે પાણીની સમસ્યાની પીડા ભોગવી છે, ત્યારે આજે મુખ્યમંત્રીશ્રી દ્વારા સમસ્યા નિવારવા માટે કેનાલનાં કામ થયાં છે, તેનાં કારણે પાણી મળતા સૌરાષ્ટ્ર, કચ્છના જીવનની અંદર જોશ અને ઉમંગ આવ્યો છે અને પ્રાણ પૂરાયા છે. દેશનું નહિ, પણ વિશ્વ કક્ષાનું સૌથી મોટું પમ્પિંગ સ્ટેશન મારાં જિલ્લામાં આવેલ છે. તેમાં આ પમ્પિંગ સ્ટેશન જોઇએ તો ખબર પડે કે મુખ્યમંત્રીશ્રીએ કેવડું મોટું પાણીની વ્યવસ્થા માટેનું અભૂતપૂર્વ કામ કર્યું છે. સાચું કહેવાયું છે કે ખુરશી સાચવવા માટે જે કામ કરે એને રાજકારણી કહેવાય. પેઢીની પેઢી યાદ કરે તેવું કામ જો કોઇ કરે તેને રાજપુરુષ કહેવાય. આ પેઢીની પેઢી યાદ કરે તેવું સારું કામ કરનાર મુખ્યમંત્રીશ્રી સાબિત થયાં છે. ટૂંક સમયમાં કેનાલનાં કામ પૂર્ણ થશે, ત્યારે સૌરાષ્ટ્ર કચ્છ માટે દુષ્કાળ કે કમોસમી વરસાદની વ્યથા ભૂતકાળ બની જવાની છે. આ કેનાલનાં કામ માટે જે પણ જમીન સંપાદન કરવાની હતી, ત્યારે અનેક અવરોધો વચ્ચે રાજયના મહેસૂલ મંત્રીશ્રીના અધ્યક્ષપણા નીચે કમિટી બની અને જમીન સંપાદન કરવામાં આવી. માનનીય અધ્યક્ષશ્રી, જંત્રીના ભાવ પ્રમાણે તેમાં ખેડૂતોને ભાવ આપવામાં આવ્યા. ઘણા ખેડૂતોએ સામેથી આ જમીન આપી. આ રીતે જમીન સંપાદનના કામ થતાં આજે સૌરાષ્ટ્ર અને કચ્છના પાણી માટે રાજય સરકારે કરોડો રૂપિયાની ફાળવણી કરી છે. આવતા દિવસોમાં પીવાના પાણી અને સિંચાઇની વ્યવસ્થા ઉપલબ્ધ કરાવી અછતને પણ અવસરમાં પલટાવવાનો આ રાજય સરકારે એક ભગીરથ પ્રયત્ન કર્યો છે.

અપૂરતો વરસાદ થયો અને તેની અમે રજૂઆત કરવા માટે માનનીય નીતિનભાઇ પટેલ સાહેબ પાસે આવ્યા ત્યારે એકપણ ક્ષણનો વિલંબ કર્યા વગર કેનાલની અંદર પાણી વહેવડાવવાનો નિર્ધાર રાજય સરકાર તરફથી થયો, પશુધનને બચાવવા માટે અને સિંચાઇ માટે પાણી વહેવડાવવાનું નક્કી થયું. મને બરાબર એ દિવસ યાદ છે. માનનીય મંત્રીશ્રી આવવાના હતા ત્યારે જે દિવસે પાણી વહેવડાવવાનું નક્કી થયું તે દિવસે રક્ષાબંધન હતી. અમારા માનનીય મંત્રીશ્રીએ અમને રક્ષાબંધનના દિવસે પાણી આપ્યું. તમે રક્ષાબંધનના દિવસે બહેનોને શું આપ્યું હતું? સામેના મિત્રોને મારે પૂછવું છે ખોટા વચનો, ગરીબ બહેનોને ઘરના ઘરના વચનો આપ્યા હતા. આ સરકારે આખી જિંદગી યાદ રહે તે પ્રકારે પાણી વહેવડાવવાનું કામ કરીને અમારા ખેડૂતોને અભૂતપુર્વ બળ આપ્યું છે. આ પાણી વહેવડાવવાના કારણે અમારા વિસ્તારના તળાવો, ચેકડેમો અને બધું ભરી દેવામાં આવ્યું અને તેના કારણે સિંચાઇ થઇ. ખેડૂતોની અંદર ઘાસચારો ઉગાડવાની એક હિંમત આવી. મારે તો ત્યાં સુધી કહેવું છે કે કેનાલની બાજુમાં જે પડતર જમીન હતી તેની અંદર પણ માનનીય મુખ્યમંત્રીશ્રીએ અપીલ કરી અને ઘાસચારો ઉગાડવાની સંમતિ આપી. આ ઘાસચારો એટલો થયો કે અમારા ખેડૂતોએ આ ઘાસચારામાંથી પોતાને જોઇતો ઘાસચારો રાખીને વધારાનું જે ઘાસ હતું, જે જુવાર ઉગી હતી તે બધી પોતાના ખર્ચે, સ્વખર્ચે ટેમ્પા અને ટ્રેકટરોની અંદર મહાજનને, પાંજળાપોળોને અર્પણ કર્યું. આ એક મોટું કામ ખેડૂતોએ કર્યુ હતું. જમીન અને પાણીને એવો તે મેળ થઇ ગયો કે ઓછા ખર્ચે જીરૂ પકવવાનું અમારા સુરેન્દ્રનગર જિલ્લાની અંદર વાવેતર થયું અને મારે આ ગૃહને જણાવવું છે કે આ નર્મદાનું નીર મળતાં આજે ગુજરાતની અંદર નંબર વન, વિક્રમજનક જીરૂ અમારા સુરેન્દ્રનગર જિલ્લામાં ઉગવાનું છે. આ પ્રમાણે એરંડા અને કપાસનું પણ વાવેતર થયું. એક વખતનો નિરાશ થઇ ગયેલો ખેડૂત કેનાલો તૈયાર થઇ જતાં અને તેમાં પાણી વહેવડાવવાથી તે પાછો બેઠો થયો. તે વખતના સમયની અંદર મારે એક ખેડૂતનો ફોન આવ્યો હતો કે બેન તમને મારો અવાજ સંભળાય છે ને? મેં કહ્યું હા ભાઇ તારા મશીનનો અવાજ મને સંભળાય છે.

મને કહે કે બેન આ મશીનનો અવાજ નથી આ મારું હૃદય ધબકે છે. આ મુખ્યમંત્રીશ્રીએ આ પાણી વહેવડાવીને અમારા જીવનની અંદર ઉજાસ પાથરવાનું કામ કર્યુ છે.

પહેલાં એવી કહેવત હતી કે દીકરીને બંદૂકે દેવાય પણ ધંધુકે ન દેવાય. કોંગ્રેસના સમયમાં આવી કહેવતો પડી ગઇ હતી. પરંતુ આ સરકારે કામ કરીને, નહેરોના પાણી દ્વારા સિંચાઇ વ્યવસ્થા કરીને, પીવાનું પાણી પહોંચાડવાનો જે ભગીરથ પ્રયત્ન કર્યો છે તેથી તે કહેવત પણ બદલાઇ ગઇ છે. હમણાં અમારા સભ્યશ્રી કહેતા હતા કે અમરસિંહભાઇના સમયમાં ગાંધીનગરથી પાણી ટ્રેન દ્વારા મોકલતા હતા. આવો અત્યારે સુરેન્દ્રનગરમાં અમારો ધોળીધજા ડેમ જુઓ, બે કાંઠે પાણી વહી રહ્યું છે. જોઇએ તો પાણી અમે ત્યાં પહોંચાડી શકીએ તેમ છીએ. અમારો વડોદ ડેમ, બ્રાહ્મણી ડેમ, ચેકડેમો, તળાવો આજે ભરપુર પાણીથી ભરેલા છે. એટલા માટે માનનીય મહેન્દ્રસિંહભાઇ જે સંકલ્પ લઇને આવ્યા છે ત્યારે તેમને કહેવું છે કે રસોઇ તો તૈયાર જ છે, થાળી ખખડાવવાનું બંધ કરો. આ કામ તો સરકારે કરી જ લીધું છે. હવે તમારે રોડાં નાંખવાના નથી. તમારા સમયમાં વિચારોની તંગી હતી, પૈસાની તંગી હતી.

શ્રી રાઘવજીભાઇ હં. પટેલ(જામનગર (ગ્રામ્ય)) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી મહેન્દ્રસિંહ બારૈયા સૌરાષ્ટ્ર, કચ્છ અને ઉત્તર ગુજરાતમાં ચાલુ વર્ષે ઉભી થયેલ પીવાના પાણીની તકલીફ બાબત તાત્કાલિક આયોજન કરીને પગલાં લેવા બાબતનો એક સંકલ્પ લઇને આવ્યા છે ત્યારે હું તેને સમર્થન આપવા માટે ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મોહનભાઇ બહુ જુસ્સાભેર બોલ્યા. હું બરાબર ધ્યાનથી સાંભળતો હતો. તે કહેતા કે અમારા પ્રધાનો જિલ્લે જિલ્લે ગયા, જાત માહિતી મેળવી અને પરિસ્થિતિના ઉકેલ માટે ઝડપી કાર્યવાહી કરી. માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મોહનભાઇને કહેવા માગું છું કે, માનનીય મોહનભાઇ, તમારા પ્રધાનો આવ્યા, એ હું સ્વીકારું છું, પણ આવીને માત્ર અધિકારીઓને મળીને ચાલ્યા ગયા, પ્રજાના પ્રતિનિધિઓને બોલાવ્યા નહીં. સાહેબ, ભૂતકાળનો આપણો શિરસ્તો છે કે જ્યારે પણ આવી કોઇ પરિસ્થિતિ હોય ત્યારે પ્રજાના પ્રતિનિધિઓને બોલાવીને તેમની સાથે ચર્ચા થાય, પ્રશ્નો ઉકેલવાની દિશામાં વાતચીત થાય અને જરૂરી કાર્યવાહી માટેના નિર્ણય થાય પણ માનનીય અધ્યક્ષશ્રી, અહીંથી બે પ્રધાનો આવ્યા, અધિકારીઓને મળી ગયા, બીજા કોઇને મળ્યા હોય તો મને ખબર નથી અને માનનીય મંત્રીશ્રી બાબુભાઇએ તો નિવેદન કર્યુ કે સૌરાષ્ટ્રમાં પાણીની તકલીફ નથી. સાહેબ, સૌરાષ્ટ્ર અને કચ્છમાં અપૂરતા અને વરસાદના અભાવે પીવાના પાણીની જે ગંભીર સ્થિતિ ઉભી થઇ છે એના માટે હું સ્પષ્ટ કહેવા માગું છું કે, આ સરકાર અને સરકારી તંત્ર એના ઉકેલ માટે તદ્દન બેદરકાર છે, ભૂતકાળમાં ચોમાસુ પુરું થાય એટલે તરત જ ચોમાસાના આધાર ઉપર કયાં કયાં પીવાના પાણીની તકલીફ પડે એમ છે એના માટે પ્રજાના પ્રતિનિધિઓ સાથે બેસીને જિલ્લાનું સરકારી તંત્ર આખા વર્ષમાં પાણીની તકલીફ ના પડે એના માટેનું આયોજન કરતું હતું, પણ અત્યારે તો સરકારી તંત્ર પ્રજાના પ્રતિનિધિઓ સાથે કયાંય બેસતું પણ નથી એમના સૂચનો લેતા પણ નથી, અને પરિણામ એ આવે છે કે, અધિકારીઓ એમની રીતે પ્લાન બનાવીને સરકારને મોકલી દે, અને માનનીય બાબુભાઇ જેવા મંત્રીશ્રીઓ એમ કહી દે કે, સૌરાષ્ટ્રમાં પીવાના પાણીની તકલીફ નથી, એ માત્રને માત્ર અધિકારીઓના અહેવાલના આધારે, ત્યારે હું માનનીય મંત્રીશ્રીને કહેવા માગું છું કારણ કે, માનનીય મંત્રીશ્રી અમારા સૌરાષ્ટ્રના છે ગામડાની અને સૌરાષ્ટ્રની સ્થિતિને સારી રીતે જાણે છે અને ખબર છે કે સૌરાષ્ટ્રમાં ડેમોમાં કયાંય પાણી નથી, કૂવાના તળમાં પાણી ડૂકી ગયા છે, અને અંદરથી ખારા પાણી નીકળે છે, એટલે અમારે સૌરાષ્ટ્રમાં પીવાના પાણી માટે માત્રને માત્ર જો કોઇ કાયમી વિકલ્પ હોય તો નર્મદા યોજના દ્વારા જે પાણી આવે છે, એ પાણીનું યોગ્ય વિતરણ કરવામાં આવે, એના માટેનું યોગ્ય નેટવર્ક ગોઠવવામાં આવે તો જ અમને કાયમી ધોરણે પીવાનું પાણી મળી શકે,

માનનીય અધ્યક્ષશ્રી, હું કહેવા માગું છું કે, મારા જિલ્લામાં નર્મદા યોજનાની પાઇપલાઇન આવી છે પણ મહિનામાં પંદર દિવસ અમારા જોડિયા તાલુકામાં નર્મદા યોજનાની પાઇપમાં પાણી ઓછું આવવાના કારણે પંદર પંદર દિવસ ગામડાઓને પાણી મળતું નથી, જામનગર સીટીની ૯૨ એમએલટીની જરૂરિયાત સામે માત્ર ચાલીસ કે પચાસ એમએલટી પાણી મળે છે સાહેબ, અમારા સિકકામાં વીસ વીસ દિવસે પાણી

મળે છે, જોડિયામાં બાર બાર દિવસે પાણી મળે છે, જામનગર તાલુકામાં મોટા ભાગની પાણી પુરવઠા યોજનાઓ ડેમ આધારિત હતી એ બંધ પડી ગઇ છે, સરકારે નર્મદા આધારિત પાઇપલાઇનો ગોઠવી છે પણ કયાંય પાઇપલાઇનો કામ કરતી નથી અને એનું પરિણામ એ છે કે, પચાસ ટકા જેટલાં ગામડાંમાં આજે પણ પીવાના પાણીની ભયંકર સ્થિતિ છે. આના ઉકેલ માટે ન તો સરકારી તંત્ર અમને કયારેય બોલાવે છે, ન તો અમારી પાસે કોઇ સૂચનો માગે છે, ન તો કોઇ અમારી ફરિયાદો સાંભળે છે, સાહેબ, હમણાં જિલ્લા ફરિયાદ સમિતિની મિટિંગ આગલા શનિવારે થઇ ત્યારે મેં, એક ગામમાં જે પીવાનું પાણી આપે છે પાઇપલાઇન દ્વારા, એ પાણીનો નમૂનો મેં તંત્રને આપ્યો, અને મેં કહ્યું કે, આ પાણી પીવાથી લોકોને રોગ ન થાય તો શું થાય? કહેવાની વાત એ છે કે, સરકારી તંત્ર પીવાની પાણીની તકલીફના ઉકેલ માટે સદંતર બેદરકાર છે. સાહેબ,નથી તો અમારા જિલ્લામાં બોર માટેની જરૂરી મશીનરી, અમારા જિલ્લામાં ટેન્કરો શરૂ કરવાની વાત હોય, રજૂઆત કરીએ, મહિને મહિને ટેન્કરો શરૂ થાય અને એમાંય એમ કહેવામાં આવે કે, સોર્સ સરપંચ ગોતી આવે, અને એ પણ પાંચ કિલોમીટરની અંદર જ સોર્સ ગોતે, તો સાહેબ, જયાં પાણી જ ન હોય ત્યારે સરપંચ કયાંથી સોર્સ ગોતી આવે,અને જયાં સુધી સરપંચ સોર્સ ગોતી ન દે ત્યાં સુધી ટેન્કર શરૂ ન થાય, આવી મારા જિલ્લાની સ્થિતિ છે અને એટલા માટે હું માનનીય મંત્રીશ્રીને કહેવા માગું છું કે, અમારા જિલ્લા, ખાસ કરીને જામનગર જિલ્લાની પીવાના પાણીની જે ગંભીર સ્થિતિ છે એ સ્થિતિનો પૂરેપૂરો અભ્યાસ કરે અને પ્રજાના પ્રતિનિધિઓ પાસેથી પ્રશ્નો મેળવી અને એના ઉકેલ માટેની જરૂરી કાર્યવાહી કરે અને લોકોને સમયસર અને વ્યવસ્થિત પાણી મળી રહે એના માટેની કાર્યવાહી કરે અને એના માટે માનનીય મહેન્દ્રસિંહ બારૈયા સમયસર આ સરકારને ધ્યાન દોરવા માટેનો આ સંકલ્પ લઇને આવ્યા છે. સંકલ્પ સમયસર છે અને જરૂરી છે, અને ગુજરાતના સૌરાષ્ટ્ર, કચ્છ અને ઉત્તર ગુજરાત લોકોને જયાં જયાં પીવાના પાણીની ચાલુ વર્ષે તકલીફ ઉભી થઇ છે.એના ઉકેલ માટે જરૂરી આયોજન આ સરકાર તાત્કાલિક કરે અને લોકોને કયાંય પીવાના પાણીની તકલીફ ન પડે અને લોકોને નિયમિત રીતે પીવાનું પાણી મળી રહે એટલા માટે ભાઇશ્રી મહેન્દ્રસિંહભાઇ બારૈયાના સંકલ્પને હું સમર્થન આપું છું અને સન્માનીય સભાગૃહને વિનંતી કરું છું કે આ સંકલ્પને બધા સભ્યશ્રીઓ સમર્થન આપે અને સંકલ્પને આ ગૃહમાં પસાર કરે જેના પરિણામે સરકારે સૌરાષ્ટ્ર, કચ્છ અને ઉત્તર ગુજરાતની પીવાના પાણીની સ્થિતિ અંગે તાત્કાલિક પગલાં લેવાની ફરજ પડે. આટલી વાત કરીને હું મારી વાત પૂરી કરી છું.

શ્રી શ્રી ઋષિકેશ ગ. પટેલ (વિસનગર) : માનનીય અધ્યક્ષશ્રી, કોંગ્રેસ પક્ષના સભ્યશ્રી મહેન્દ્રસિંહ બારૈયા જે પ્રસ્તાવ લઇને આવ્યા છે તેમાં હું મારા વિચારો વ્યકત કરવા હું ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, કદાચ ૧૯૯૫ પહેલા આ સદનમાં આ પ્રસ્તાવ લઇને કોઇ વિપક્ષના સભ્ય આવ્યા હોત તો એ પ્રસ્તુત હતું પરંતુ ૧૯૯૫ થી ૨૦૦૦ સુધીમાં છત હોય કે અછત હોય, વરસાદ વધારે હોય કે ઓછો હોય, સંજોગો અનુકૂળ હોય કે પ્રતિકૂળ હોય, શિયાળો હોય કે ઉનાળો હોય આ સમગ્ર રાજયની અંદર આદરણીય નરેન્દ્રભાઇ મોદીની સરકારમાં પીવાના પાણીની વાત હોય કે ખેતીના પાણીની વાત હોય આજે ક્યાંય આખા ગુજરાતમાં ઉત્તર ગુજરાત હોય, કચ્છ હોય કે સૌરાષ્ટ્ર–કાઠીયાવાડ હોય ત્યાં વરસાદ ઓછો આવે તો પણ કોઇ મુશ્કેલી અનુભવવી પડે નહીં એવી સ્થિતિનું નિર્માણ થયું છે. મારે યાદ કરાવવું છે હમણા છબિલભાઇ કહેતા હતા કે, અમરસિંહભાઇ ચૌધરી જ્યારે મુખ્યમંત્રી હતા ત્યારે અછતની સ્થિતિમાં ટ્રેનમાં પાણી પહોંચાડતા હતા. અત્યારે મારે કહેવું છે કે એ જ અમરસિંહભાઇના ગામમાં આદરણીય નરેન્દ્રભાઇએ પાણીની ટાંકી બનાવી છે અને ઘરે ઘરે નળથી પાણી આવે એવી પરિસ્થિતિ પેદા કરી છે. મારા ઉત્તર ગુજરાતમાં સામાન્ય રીતે બીજા જિલ્લાઓ કરતા વરસાદ ઓછો પડે છે. સતત ભૂગર્ભ જળ પીવાના પાણી માટે અને ખેતી માટે ઉંડેથી ખેંચાતા રહ્યા પરિણામે જેમ જેમ પાણી ઉંડેથી ખેંચાતા ગયા તેમ તેમ પાણીમાં ક્ષારનું પ્રમાણ અને ફલોરાઇડનું પ્રમાણ વધતું ગયું પરિણામે એમાં અમારા ઉત્તર ગુજરાતમાં અને તેમાંય ખાસ કરીને મહેસાણા જિલ્લામાં ફલોરાઇડ વધવાના કારણે ફલોરોસીસ નામનો રોગ થતો હતો અને કાચી ઉંમરની અંદર યુવાનો વૃધ્ધ બની જતા, અકાળે એ કમરથી વળી જતા અને હાડકાઓનું લચીલાપણું ખતમ થઇ જતું અને ક્યાંક નાનો મોટો અકસ્માત થાય તો હાડકું ભાંગી જાય એવો ફલોરોસીસ નામનો ભયંકર

રોગ પાણીના કારણે થતો હતો. ત્યારે પરિસ્થિતિ એ હતી કે, ૧૯૯૬ પહેલા જયારે ચોમાસું નિષ્ફળ જાય અને પીવાના પાણીની સમસ્યા ઉભી થાય ત્યારે ટેમ્પરરી ઉપાયો ટ્રેનો મોકલવી, પાણીના ટેન્કરો મોકલવા જેવી પરિસ્થિતિ ઉભી થતી હતી. ટેન્કરો મોકલવાની વાત આ રાજયની અંદર લગભગ ખતમ થઇ ગઇ છે. ૧૯૯૮ થી ૯૯% ગામોમાં ચકલી ખોલો અને નળ આવે એવી પરિસ્થિતિનું નિર્માણ થયું છે ત્યારે અહીંથી કહેવામાં આવે છે કે, કચ્છની અંદર કાઠીયાવાડની અંદર પીવાના પાણીની તકલીફ છે ઘાંસની તકલીફ છે.

આ સરકાર સતત છેલ્લા બાર વરસથી કોઇપણ પરિસ્થિતિનો ઉદ્ભભવ થાય એ પહેલા ચિંતા કરવાવાળી સરકાર છે અને કહેવામાં આવ્યું કે, ખેડૂતો આપઘાત કરે છે ત્યારે મારે આ સભ્યશ્રીઓને કહેવું છે કે, ૧૯૯૫ પહેલાના કોંગ્રેસના શાસન વખતના પેપરો જો ઉથલાવશો તો કેટલા આપઘાત થયા એ તમને જોવા મળશે. કેવળ આપઘાત થયા એવા આક્ષેપો કરવા એ જુદી વાત છે પરંતુ જ્યારે લોકોના હિત માટે કામ કરવું હોય ત્યારે મારે અવશ્ય કહેવું પડશે કે આ સરકાર અને વિઝનરી મુખ્યમંત્રી આદરણીય શ્રી નરેન્દ્રભાઇના કારણે રાજયની અંદર પડનારી મુશ્કેલીઓ પેદા થાય એ પહેલા એ પરિસ્થિતિનું સમાધાન કરવામાં આવે છે. મારે કહેવું છે કે, ધરોઇમાં પાઇપલાઇન દ્વારા નર્મદાના પાણી નાંખવાની યોજના બની છે. આજે બે પાઇપલાઇન કાર્યાન્વિત થઇ ગઇ છે. ધરોઇથી નીચેના વાસમાં ત્યાં મોટો પ્યોરિફિકેશન પ્લાન્ટ બનાવી મિનરલ જેવું પાણી અમારા સમગ્ર મહેસાણા જિલ્લાની અંદર એમાંથી આપવામાં આવે છે. હવે એમાં હું એ વાત ઉપર પણ આવું છું કે કેટલા ગામોને પાણી મળે છે, મારે એ કહેવું છે કે જ્યારે આ પ્યોરિફિકેશન દ્વારા મિનરલ જેવું પાણી ઘરે ઘરે પહોંચતું થતું હોય અને વાસમો જેવી સંસ્થા આખા દેશનો એવોર્ડ લઇ જતી હોય અને અત્યારે આ પાણીની વિતરણ વ્યવસ્થા ગામના લોકો સંભાળે છે. પાણી સરકાર પહોંચાડે અને પાણી ઘરે ઘરે નળ સુધી લઇ જવાનું કામ વાસમો દ્વારા થતું હોય એવા વખતે મારે કહેવું છે કે ભાઇશ્રી જે પ્રસ્તાવ લઇને આવ્યા છે એ કદાચ અપ્રસ્તુત બને એવો છે. (અંતરાય) મારા વિસ્તારની અંદર કેટલા ગામોમાં પાણી મળે છે એ જ વાત પર હું આવું છું, મહેસાણા શહેર અને નાગલપુર વિસ્તારની અંદર પશ્ચિમ ભાગના વિસ્તારમાં ડેડિયાસણ, પાંચોટ અને રામોસણા ગામોની હદમાં ખૂબ વિકાસ થયો છે. મહેસાણા શહેરથી હાઇવે બાયપાસ કરી નવા હાઇવેની કામગીરી હાથ ધરાનાર હોઇ પશ્ચિમ ભાગના વિસ્તારની અંદર હજી જ્યાં વધુ વિકાસની સંભાવના છે. હવે મહેસાણા શહેર પણ એટલું બધું મોટું થતું જાય છે અને મોટું થશે એમ સમજીને પાણીની વ્યવસ્થા આ સરકાર કરી રહી છે. રૂપિયા ૧૭ કરોડના ખર્ચે આ વિસ્તારની અંદર નીતિનભાઇ પાણી મંત્રી હતા ત્યારે એક આખી યોજના મંજૂર કરી છે. મહેન્દ્રસિંહ બાપુ, આપ મહેસાણાથી આવો છો, ત્યારે મહેસાણા જિલ્લામાં ૫૯૩ ગામો છે અને એ બધાજ ગામોનો સમાવેશ પૂર્ણ થયેલ જૂથ પાણી પુરવઠા યોજનામાં થઇ ગયો છે. જિલ્લામાં પાંચ સ્વતંત્ર પાણી પુરવઠા યોજનાઓ છે. મારે એટલું જ કહેવું છે કે, મહેસાણા જિલ્લામાં ચાહે નર્મદા કે ચાહે ધરોઇ ડેમનું પાણી હોય, એ તમામ જગ્યાએ શુદ્ધ પાણી મળતું થયું છે ત્યારે આ પ્રસ્તાવ અપ્રસ્તુત છે.

શ્રીબાબુભાઇ બોખીરીયા (નર્મદા અને જળસંપત્તિ વિકાસ મંત્રીશ્રી)ઃ માનનીય અધ્યક્ષશ્રી, આદરણીય સભ્યશ્રી બારૈયાએ કહ્યું કે પાક નિષ્ફળ જવાના લીધે ખેડૂતો આત્મહત્યા કરે છે. મારે જણાવવું છે કે, ૧૯૯૦ના દસકાની અંદર જે કૃષિ વિકાસ દર હતો એ માઇનસ ૨.૯ ટકા હતો. આજે કૃષિ વિકાસ દર ૧૦.૬૭ ટકા જેટલો થયો છે એ અમારા માનનીય મુખ્યમંત્રીશ્રીની દીર્ઘદષ્ટિને લીધે થયો છે ખેતીની જે આવક આજથી દસ વરસ પહેલાં વાર્ષિક ૯૦૦૦ કરોડ હતી એ વધીને આજે ૧ લાખ ૧૧ હજાર કરોડ જેટલી ખેતીની આવક થઇ છે એટલે ખેડૂતોને આત્મહત્યા કરવી પડે એવી પરિસ્થિતિ નથી. આ જે નવી સરકાર બની છે એને આજે ૬૮ દિવસ થયાં છે. એ ૬૮ દિવસમાં ખેડૂતોએ આત્મહત્યા કરી એવું છાપામાં ક્યાંય કોઇએ વાંચ્યું નહિ હોય. ચુંટણી પહેલાં આવતું હતું એનું કારણ એ છે કે ખેડૂતો આત્મહત્યા કરતા એના કારણો અલગ હતા પણ વિપક્ષના મિત્રો ત્યાં જાય લખાણમાં સહી કરાવી આવે, લાખ રૂપિયાની લાલચ આપે અને બીજે દિવસે છાપામાં આવે. કારણકે હવે એનો કોઇ સ્વાર્થ રહેતો નથી. હવે કોઇ અંગત કારણસર જો કોઇ આવો બનાવ બને તો એને લાખ રૂપિયા આપવા નથી જતાં અને ખોટા લખાણમાં સહીઓ નથી થતી એટલે આત્મહત્યાઓ બંધ થઇ ગયેલ છે. માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ સુજલામ્-સુફલામ્ની વાત કરી કડાણા ડેમ

તો વરસોથી બંધાઇ ગયો છે. અગાઉની વિપક્ષની સરકારને યાદ ન આવ્યું કે આપણે સુજલામ્–સુફલામ્ જેવી કોઇ યોજના બનાવીએ. આ તો માનનીય મુખ્યમંત્રીશ્રીને યાદ આવ્યું કે આ ખેડૂતોને સુખી કરવા હોય તો આ યોજના કરવી જરૂરી છે, એને લીધે ૨૦૧૨ની અંદર કડાણા ડેમની અંદરથી આજે ૩૩૨ કિલોમીટર દૂર આવેલા બનાસકાંઠા જિલ્લાના રાહ ગામ સુધી આ સુજલામ્–સુફલામ્ કેનાલ થઇ છે. અને એના લીધે ૭૦ હજાર હેકટર વિસ્તારને સિંચાઇ અને રિચાર્જનો ફાયદો મળ્યો છે અત્યારે કેનાલથી એક કિલોમીટર સુધીનો ડેમ અને ચેકડેમ ભરતા હતા એના બદલે ૨ કિલોમીટર સુધી ભરવાનો પણ નિર્ણય કર્યો છે. એના સિવાય પણ અત્યારે નર્મદા દ્બારા જ્યાં પાણી આપવામાં આવે છે એના થકી પણ ૧,૬૮,૫૦૦ એકર જેટલો પિયત વિસ્તારમાં વધારો થયો છે.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય છબિલભાઇએ કહ્યું કે કચ્છમાં ગાયો પથરાં ચાટે છે. માનનીય અધ્યક્ષશ્રી, મને ખ્યાલ છે કે જયારે નબળું વર્ષ હોય, અપૂરતો વરસાદ થયો હોય ત્યારે અમારો પોરબંદર વિસ્તાર સમુદ્રની નજીક છે. તળના પાણી ખારાં થઇ જાય અને ટેન્કરો પણ જયાં જતાં ના હોય, ત્યાં તેના કૂવાનું ખારું પાણી છે તે ઢોરને પીવડાવતાં. ખારા પાણીની અંદર ગોળ ભેળવીને તે પાણી તેને પીવડાવતાં. આ ગોળ ભેળવેલું પાણી ઢોરને મીઠું લાગે એટલે તે ઢોર પી તો જતું પણ પછી પરિસ્થિતિ એ થતી કે છ માસમાં તે ઢોર મરી જતું આવી પરિસ્થિતિ તમારા રાજયમાં હતી.

માનનીય અધ્યક્ષશ્રી, આજે જયારે અમે તો કચ્છમાં પણ ઢોરને ટેન્કરો દ્બારા  પાણી આપ્યું છે અને ત્યાં ખારાની પણ કોઇ અસર નથી એવી પરિસ્થિતિ આ રાજય સરકારે આગોતરું આયોજન કરીને નિર્માણ કરેલી છે. માનનીય રાઘવજીભાઇએ વાત કરી કે ટેન્કરો મંજૂર નથી થતાં. અછતવાળા બધા વિસ્તારની અંદર ગ્રામ્ય વિસ્તાર અને શહેરી વિસ્તાર કે જયાં પાણી પૂરતું મળે છે ત્યાં પણ આગોતરું આયોજન કરીને બધાની અંદર ટેન્કરોના ભાવ મંગાવીને આપણે તૈયાર રાખ્યાં છે. અકસ્માતે પણ પાણી કયાંય ના પહોંચે તો આપણે બીજા દિવસે આપી શકીએ આવી વ્યવસ્થા છે તે રાજય સરકારે આજે કરી લીધેલી છે. જે અમે જિલ્લામાં ગયા ત્યારે રાઘવજીભાઇએ કહ્યું કે પ્રજાના પ્રતિનિધિઓએ અમને કોઇ જાણ નહોતી કરી કે અમને કોઇએ સાંભળ્યા નહીં. રાઘવજીભાઇ મારા મિત્ર જેવા છે હજુ અત્યાર સુધીમાં રાઘવજીભાઇનો મને એક પણ ફોન નથી આવ્યો કે મારા ગામડામાં પાણી મળતું નથી. (અંતરાય) વિપક્ષના મિત્રોનો જયારે પણ ફોન આવ્યો હશેને ત્યારે....

અધ્યક્ષશ્રી : આ સવાલ માત્ર રાઘવજીભાઇનો નથી. સૌરાષ્ટ્ર, કચ્છ અને ઉત્તર ગુજરાત ત્રણેયની સમસ્યા હલ કરવા માટેનો સંકલ્પ છે.

શ્રી બાબુભાઇ ભી. બોખીરીયા : માનનીય અધ્યક્ષશ્રી, તેમણે અવલોકન કર્યુ તો મારે તેને જવાબ તો આપવો પડેને ? આજે જે રીતે વિપક્ષના મિત્રોએ કહ્યું. એ પરિસ્થિતિ અછતગ્રસ્ત અથવા ગુજરાતમાં નથી. મારે સન્માનીય સભ્યોને જણાવવાનું છે કે આખા રાજયની અંદર કયારેય પણ પાણીની પરિસ્થિતિ ના બગડે એટલા માટે રાજય સરકારે અગાઉથી આયોજન કર્યુ છે અને નર્મદા ડેમ આધારિત પાણી ૧૭ જિલ્લાઓને મળે અમરેલી,ભાવનગર, જુનાગઢ, પોરબંદર, જામનગર, કચ્છ, રાજકોટ, સુરેન્દ્રનગર, પંચમહાલ, સાબરકાંઠા, બનાસકાંઠા, મહેસાણા, ગાંધીનગર, પાટણ, નર્મદા અને ખેડા. આ યોજના દ્બારા  અત્યાર સુધીમાં ૯૬૩૩ ગામો અને ૧૩૧ શહેરી વિસ્તારોને આવરી લેવાયેલ છે. આ માટે ૩૨૫૦ કિલોમીટરની જે પાઇપ લાઇન નાખવાનું  આયોજન કરવામાં આવ્યું હતું તેની અંદર ૨૫૫૬ કિલોમીટરની બલ્ક પાઇપ લાઇન પૂરી કરી છે. આના સિવાય આંતરિક જે પાણીનું વિતરણ કરવાનું થાય તેના માટે ૧,૨૦, ૯૬૯ કિલોમીટરની પાઇપ લાઇનનું  નેટવર્ક પણ બિછાવેલું છે અને પાણીની કોઇ સમસ્યા ઉભી થાય એવી પરિસ્થિતિ નથી. કુલ ૧૨૩ યોજનાઓ મંજૂર થઇ હતી તેમાંથી ૮૫ યોજનાઓ પૂર્ણ થઇ ગઇ છે, ૨૮ યોજનાઓ પ્રગતિ હેઠળ છે અને દસ યોજનાઓ આયોજન હેઠળ છે. આવતાં સમયની અંદર તે પણ પૂરી થશે. ચાલુ વર્ષે અપૂરતા વરસાદને લીધે સૌરાષ્ટ્ર અને કચ્છ વિસ્તારના સ્થાનિક સોર્સમાંથી પાણીની ઉપલબ્ધિ ઘટતાં નર્મદાના પાણીમાંથી જે અગાઉ ૮૦ કરોડ લીટર મળતું તેની જગ્યાએ આજે ૧૧૦ કરોડ લીટર જેટલું પાણી આપીએ છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, આપણે સવારે સ્નાન કરીએ ત્યારે આપણે નદીઓનું આહ્વાન કરતાં કે અમે નાહીએ એમાં ગંગાજી આવે, જમનાજી આવે, નર્મદાજી આવે. આજે સૌરાષ્ટ્રના ગામડાંઓની અંદર પરિસ્થિતિ

એ ઉભી થઇ છે કે, તમે જયારે સવારે નહાવા જાવ ત્યારે તમને નર્મદાનું પાણી મળે છે. અમે ભાવનગર જિલ્લાની અંદર અત્યારે ૨૫૦ એમ.એલ.ડી. નર્મદાનું પાણી આપીએ છીએ. અમરેલી જિલ્લામાં ૧૦૦ એમ.એલ.ડી., જુનાગઢ જિલ્લામાં ૧૦૦ એમ.એલ.ડી., પોરબંદર જિલ્લામાં ૫૦ એમ.એલ.ડી., રાજકોટ જિલ્લામાં ૪૧૦ એમ.એલ.ડી., જામનગર જિલ્લામાં ૨૦૦ એમ.એલ.ડી. અને સુરેન્દ્રનગર જિલ્લામાં સરેરાશ ૧૫૦ એમ.એલ.ડી. જેટલું પાણી આપવામાં આવે છે.

માનનીય અધ્યક્ષશ્રી, આના સિવાય પણ રાજય સરકારે જે તાત્કાલિક પગલાં ભર્યા છે તેમાં ૩૦ કરોડના ખર્ચે ધ્રાંગધ્રા બ્રાન્ચ કેનાલ સાદુલકાથી મોરબી હેડવર્કસ સુધીની પાઇપ લાઇન અને નવું પમ્પીંગ સ્ટેશન બનાવવાનું કામ સામાન્ય રીતે બાર મહિનામાં પૂર્ણ થાય તે માત્ર બે જ મહિનામાં પૂર્ણ કર્યુ છે. આ અભૂતપૂર્વ કામગીરીને કારણે સૌરાષ્ટ્ર અને કચ્છને નર્મદાના મળતા પાણીના જથ્થામાં ૧૫ થી ૧૬ કરોડ લીટર જેટલો જંગી વધારો થયો છે. આના સિવાય ખેડૂતોને ભવિષ્યમાં પણ તકલીફ ન પડે તેના માટે ‘સૌ’ ની જે યોજના કરી છે એટલે આવતા દિવસોમાં તેનાથી ૧૧૫ જેટલા ડેમો પણ ભરાશે. આ સિવાય પણ જયારે અછતની પરિસ્થિતિ નિર્માણ થઇ ત્યારે રાજય સરકારે આની શરૂઆતમાં જ ૧૦–૮–૨૦૧૨ ના ઠરાવથી ૧૭ જિલ્લાના ૧૩૨ તાલુકાઓમાં અછત જાહેર કરી પ્રતિ કિલોએ રૂપિયા ૨ ના રાહત દરે ઘાસ વિતરણ, ગૌશાળા, પાંજરાપોળ તથા કેટલ કેમ્પોના પશુઓ માટે પ્રતિ દિન ૨૫ રૂપિયાની દૈનિક સહાય, આવા ઉદાર પગલા અને ઘાસ વિતરણ માટે પણ સબસિડીની વ્યવસ્થા કરી હતી. આ સિવાય પણ જયારે અપૂરતો વરસાદ થયો ત્યારે ચાલુ વર્ષે ખૂબ જ ઓછો અને પાછોતરો વરસાદ થતા અછતની પરિસ્થિતિ ઉભી થયેલી હતી, ગુજરાત રાજયમાં સામાન્ય રીતે ૮ લાખ હેકટર જેટલા વિસ્તારમાં ઘાસ ચારાનું વાવેતર થાય છે જેમાં ચાલુ વર્ષે વરસાદ ખૂબ મોડો, છુટોછવાયો અને ઓછો થવાથી રાજયના પશુ ધનનું પોષણ કરવા, તેમને ટકાવી રાખવા ઘાસ ચારા વાવેતરને પ્રોત્સાહન આપવા માટે પૂરતા ઘાસચારાની ઉપલબ્ધિની વ્યવસ્થા કરવી ખૂબ જ જરૂરી હતી. જે વિસ્તારમાં ઘાસચારા પાકના વાવેતરની શકયતા હોય તેવા વિસ્તારમાં ઘાસચારાનું વધુમાં વધુ ઉત્પાદન લઇ આ વિકટ પરિસ્થિતિનો સામનો કરવા રાજય સરકારે તાકીદે આગોતરું આયોજન કરી કન્ટીજન્સી પ્લાનના ભાગ રૂપે ઘાસચારાનું ઉત્પાદન વધારવા માટે સરકારશ્રીના કૃષિ અને સહકાર વિભાગના તારીખ ૯–૮–૨૦૧૨ના ઠરાવથી યોજના દાખલ કરી અને ખેડૂતો જો ઘાસચારાનું વાવેતર કરે તો એને ૨૦૦૦ની સહાય અને બિયારણની પણ વ્યવસ્થા કરેલી હતી. એટલે મારે માનનીય સભ્ય શ્રી બારૈયાજીને જણાવવાનું છે કે અપૂરતા વરસાદ માટે સરકાર સતત ચિંતીત છે પશુઓને ઘાસચારાની અને પીવાના પાણીની તકલીફ ન પડે તેના માટે ચિંતીત છે એટલે આપે જે ચિંતા દર્શાવી છે તે માટે સરકાર પણ તેની ચિંતા કરે છે. તેથી માનનીય સભ્યશ્રીને વિનંતી કરું છું કે પોતાનો સંકલ્પ તેઓ પાછો ખેંચી લે.

અધ્યક્ષશ્રી : માનનીય સભ્યશ્રી, તમને માનનીય મંત્રીશ્રી ખાતરી આપે છે કે પાણીની વ્યવસ્થા થઇ જશે, ઘાસની વ્યવસ્થા થઇ જશે. સંકલ્પ પાછો ખેંચો છો?

શ્રી મહેન્દ્રસિંહ ક. બારૈયા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી દ્વારા મારા સંકલ્પ ઉપર જે વાત કરવામાં આવી છે તેનાથી મને સંતોષ નથી તેથી હું મારો સંકલ્પ પાછો ખેંચતો નથી.

**પ્રશ્ન મત પર મૂકવામાં આવ્યો અને નામંજૂર કરવામાં આવ્યો.**

### વિધાનસભાગૃહે પસાર કરેલ વિધેયકોને ચોકકસ સમય મર્યાદામાં અનુમતિ મળવા બાબત

**શ્રી રમેશભાઇ વ. મહેશ્વરી(ગાંધીધામ) :** માનનીય અધ્યક્ષશ્રી, કલ્યાણ રાજયના અભિગમને ધ્યાનમાં રાખીને રાજય નીતિના માર્ગદર્શક સિદ્ધાંતોના અમલીકરણ માટે રાજય સરકાર કાયદાકીય જોગવાઇઓ સહિત અનેક પગલાં લે છે.

લોકશાહી શાસન વ્યવસ્થામાં લોકોનું હિત સર્વોપરી હોય છે. કલ્યાણ રાજયનો હેતુ બર લાવવા લોકોની સુખાકારી માટે રાજય સરકાર વિધાનસભા ગૃહમાં વૈધાનિક જોગવાઇ મુજબ વિધેયકો લાવે છે. પ્રજાના ચૂંટાયેલા પ્રતિનિધિઓ તેની ઉપર વિસ્તૃત ચર્ચા વિચારણા કરી તેમાં સૂચનો કરે છે અને ગૃહ દ્વારા વિધેયક પસાર થાય છે, જેનો અમલ થઇ શકે, લોકો જે તે કાયદાનું પાલન કરે અને તેનું ઉલ્લંઘન ન કરે તે

કાયદાના શાસનનો મૂળ પાયો છે. ગુજરાતની ૬ કરોડની પ્રજાની સુખાકારીને ઘ્યાનમાં લઇને છેલ્લાં કેટલાંક વર્ષો દરમિયાન વિધાનસભા ગૃહે અનેક વિધેયકો પસાર કરેલાં છે.

ભારતીય સંવિધાનમાં રાજય અને કેન્દ્ર વચ્ચે ધારાકીય સત્તાની વહેંચણીની જોગવાઇ કરાયેલ છે. આ બંધારણીય જોગવાઇના આધારે કલ્યાણ રાજયના ઉદ્દેશોને બર લાવવા માટે રાજય કાયદાકીય જોગવાઇઓ સાથે વિધાનસભા ગૃહ સમક્ષ વિધેયકો રજૂ કરી પસાર કરાવે છે.

વિધાનસભાએ પસાર કરેલા વિધેયકોને નામદાર રાજયપાલ કે યથાપ્રસંગે રાષ્ટ્રપતિની અનુમતિ મળે ત્યારબાદ તે કાયદાનું સ્વરૂપ ધારણ કરે છે. રાજયપાલના સંદેશાના અનુસંધાને વિધાનસભા ગૃહે કેટલાંક વિધેયકો પુનઃ વિચારણા કરી પસાર કરેલ છે અને અનુમતિ અર્થે મોકલી આપેલ છે. વિધાનસભાએ પસાર કરેલ આવા વિધેયકોને રાષ્ટ્રપતિશ્રી કે યથાપ્રસંગે રાજયપાલશ્રીની સમયસર મંજૂરી મળતી નથી. આના કારણે રાજયના વૈધાનિક અધિકારોની પણ ઉપેક્ષા થઇ રહી છે.

વિકાસની હરણફાળ ભરી રહેલ રાજયની પ્રજાની સુખાકારી અને કલ્યાણ માટે કાયદાકીય જોગવાઇઓ ખૂબ મહત્વની તેમજ લાંબાગાળાની અસર કરનારી છે. પ્રજા કલ્યાણને લગતાં વિધેયકો જયારે વિધાનસભા ગૃહ પસાર કરે અને સમયસર તેને સત્તાધિશોની અનુમતિ ન મળે ત્યારે પ્રજાની આકાંક્ષાઓને પાર પાડી શકાતી નથી.

તાજેતરના વર્ષોમાં સખાવતી ટ્રસ્ટોની જમીન, આરોગ્ય અને શિક્ષણ ક્ષેત્રે ઉપયોગી થઇ શકે તે માટે જમીનના કાયદામાં સુધારા, શિક્ષણ ક્ષેત્રે સુધારા માટે ટ્રીબ્યુનલને લગતા કાયદાનું એકીકરણ તેમજ ટેકનોલોજી રીસર્ચ અને મેનેજમેન્ટ ઇન્સ્ટીટયૂટની સ્થાપનાને લગતું વિધેયક તથા સ્થાનિક સત્તામંડળોમાં મહિલાઓની અનામત તથા ફરજિયાત મતદાન જેવા મહત્વના વિષયને લગતા વિધેયકો સભાગૃહે પસાર કરેલ હોવા છતાં આવા વિધેયકોને સમયસર અનુમતિ ન મળવાને કારણે પ્રજાહિતના કાર્યોમાં વિલંબ થાય છે અને ભારતીય બંધારણનો કલ્યાણ રાજયનો મૂળભૂત હેતુ બર આવતો નથી.

સંવિધાન અને રાજય વિધાન મંડળને સુવાંગ રીતે પ્રાપ્ત એવા રાજયની યાદીના વિષયો ઉપર જયારે સભાગૃહ વિધેયક પસાર કરે ત્યારે આવા વિધેયકોને લાંબા સમય માટે અનુમતિની રાહ જોવી પડે તે દુઃખદ અને અન્યાયી બાબત છે. રાજય અને કેન્દ્રના સંબંધો અંગે વિચારણા કરવા નિમાયેલ સરકારીયા કમિશને પણ વિધેયકોને રાષ્ટ્રપતિ કે રાજયપાલની મંજૂરી મળવા બાબતે ચોક્કસ સમયમર્યાદા નક્કી કરવા ભલામણ કરેલ છે પરંતુ આ બાબતે કેન્દ્ર સરકારે યોગ્ય પ્રતિભાવ દર્શાવેલ નથી.

આમ, લોકશાહી રીતે ચૂંટાયેલી પ્રજાકીય પીઠબળ ધરાવતી રાજય સરકાર લોકાભિમુખ વહીવટ દ્વારા સુવ્યવસ્થિત શાસન માટે અનેકવિધ પગલાં લઇ સભાગૃહમાં વિધેયક પસાર કરે ત્યારે તેને સમયસર અનુમતિ મળી રહે તે કોઇપણ રાજયની પ્રજાના હિતમાં છે. આ સંજોગોમાં વિધાનસભા ગૃહે પસાર કરેલ વિધેયકોને ચોક્કસ સમયમર્યાદામાં અનુમતિ મળી રહે તે માટે કેન્દ્ર સરકાર સમક્ષ અસરકારક રજૂઆત કરવા આ સભાગૃહ રાજય સરકારને અનુરોધ કરે છે.

**સંકલ્પ રજૂ કરવામાં આવ્યો.**

**શ્રી રમેશભાઇ મહેશ્વરીઃ** માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીની આગેવાની હેઠળ રાજયમાં સતત ત્રીજીવાર ભારતીય જનતા પાર્ટીની સરકાર રચાઇ છે ત્યારે લોકોની સુખાકારી માટે લોકપ્રિય સરકાર લોકોના પ્રશ્નોને ઘ્યાનમાં લઇને વિધાનસભામાં વિવિધ કાયદાઓ પસાર કરે. આ વિધેયકો પસાર કર્યા પછી રાજયના લોકો માટે આ વિધાનસભા રાજયપાલ પાસે વિધેયકો મૂકે છે. આ વિધેયકો કેવા છે કે રાજયની સુરક્ષા માટે રાજયના હિત માટે આ ગુજરાતની વિધાનસભાની અંદર એક ગુજકોકનો કાયદો પસાર કર્યો. એવો જ મહારાષ્ટ્ર સરકારે મકોકાનો કાયદો પસાર કર્યો. આ બંને કાયદાઓ, બંનેના નિયમો,બન્ને રાજયોની કલમો એકજ નિયમની હતી. પરંતુ મકોકા કાયદાને મંજૂરી મળી અને ગુજરાતના ગુજકોકને નામંજૂરી મળી.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતની સુરક્ષાની આપણે વાત કરીએ કે ગુજરાતમાં આતંકવાદને દૂર કરવાની વાત કરીએ, જેવી રીતે મકોકાનો કાયદો પસાર થયો અને મંજૂરી મળી છે એવી રીતે ગુજકોકને મંજૂરી

મળવી જોઇએ. રાજય સરકાર ગુજરાતના વિદ્યાર્થીઓ માટે શિક્ષણનું વિધેયક પસાર કરે, સખાવતી ટ્રસ્ટોની જમીનનો કાયદો પસાર કરે, મહિલાઓ માટે ૫૦ ટકા અનામતનું વિધેયક પસાર કરે અને ફરજીયાત મતદાનનો પણ કાયદો પસાર કરે. આ બધી ગુજરાતના હિતની જ વાતો છે. છતાં પણ આ ગુજરાતને સતત અન્યાય થઇ રહ્યો છે. હું આજે આ સંકલ્પ લઇને આવ્યો છું એ સંકલ્પમાં બધા જ મુદ્દા આવરી લીધા છે. તેને અનુમોદન મળે એવી હું આપના દ્વારા વિનંતી કરું છું.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત(સિદ્ધપુર) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી રમેશભાઇ જે સંકલ્પ લઇને આવ્યા છે, જેમાં બંધારણ ઉપર તરાપ મારવાનો આ સંકલ્પ જયારે વિધાનસભામાં લઇને આવ્યા હોય અને જેમણે આ બંધારણ બનાવ્યું, ૫૦ વર્ષ પહેલાં ડો. આંબેડકર સાહેબે આ બંધારણના નિયમો બનાવ્યા છે અને જે નિયમો બનાવ્યા તેના ઉપર આ દેશની પરંપરા ચાલતી હોય ત્યારે આજે દુઃખ સાથે કહેવું પડે કે બહુમતીના જોરે આતંકવાદીઓ મારવા ન આવતા હોય તો પણ એમ કહેવામાં આવે, માત્ર પોલિટિકલ બાબતમાં એમ કહેવામાં આવે કે કાયદો એવો બનાવીને માત્ર મતના રાજકારણ માટે ગમે તેવા વ્યક્તિઓને પૂરી દેવાની વાત કરીને કાયદો જયારે બનાવવામાં આવતો હોય અને વિધાનસભામાં જયારે બહુમતીથી પસાર કરવામાં આવે ત્યારે સરકારના સભ્યશ્રીઓ..(અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી, મને પ્રોટેકશન આપો. જયારે એમ કહેવામાં આવે કે અહીં બનાવેલા કાયદા, એ રાજયપાલશ્રી મંજૂર નથી કરતા. શું બહુમતીના જોરે એવો કાયદો બનાવી શકાય? કે માત્રને માત્ર આજે આપણે જોઇ શકીએ છીએ (અંતરાય) તમે બોલ્યા છો એ જ હું બોલું છું.

અધ્યક્ષશ્રી : આ સંકલ્પ, કાયદો મંજૂર કરો કે ન કરો તે નથી, આનો નિર્ણય તાત્કાલિક કરો. નામંજૂર કરીને પણ મોકલી શકે છે. મંજૂર કરીને પણ મોકલી શકે છે. પણ તાત્કાલિક આનો જવાબ આપે. જે કરવું હોય એ. ના કરવાનો પણ અધિકાર છે, હા કરવાનો પણ અધિકાર છે.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : એ જ વાત કરી રહ્યો છું. કાયદો હંમેશા એ રીતે બને કે આજે નહીં, પણ ભૂતકાળમાં અનેક સરકારોએ એવા કાયદા બનાવ્યા..(અંતરાય)

અધ્યક્ષશ્રી : કાયદાના ઈન્ગ્રેડીયન્ટ સાથે નિસ્બત નથી. કાયદો નામંજૂર કરી દે. પાછો મોકલાવી દે. ઉપર મોકલાવી દે, પણ નિર્ણય તાત્કાલિક લે એટલો જ આશય છે ને તમારો. આમાં લખ્યું છે એ.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : મારી વાત સાંભળો. આમાં જે લખ્યું છે અને જે પ્રમાણેની વાત થઇ છે કે સરકારશ્રી અહીંથી જે બિલો મોકલે એ રાજયપાલ જોયા વગર સીધેસીધી સહી કરી દે... (અંતરાય)

અધ્યક્ષશ્રી : ના, ના, એવું નથી. એવી માગણી નથી..(અંતરાય) તેમને બોલી લેવા દો. પછી જવાબ આપજો.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : એટલે માનનીય અધ્યક્ષશ્રી, મારું કહેવાનું એ છે કે (અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી, બોલવા પણ નથી દેતા.. (અંતરાય)

અધ્યક્ષશ્રી : એમને બોલવા દો. તમે બેસો.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, ગુજકોકનું જે સંકલ્પમાં નહોતું ત્યાં મેં હમણાં આપનું ધ્યાન દોર્યું, સાહેબ, આ સંકલ્પમાં નથી લખ્યું, જ્યારે ગુજકોકની વાત કરી, અમે સભ્ય તરીકે હતા, ગુજકોકનો કાયદો આ ગુજરાત સરકારે કઇ રીતે અને ક્યા સંજોગોમાં બનાવ્યો છે અમે સારી રીતે જાણતા હતા.

અધ્યક્ષશ્રી : સાંભળો તમે, જવાબ આપવાનો બધાને મોકો મળવાનો છે. તમારા કહેવાથી પાસ કે નાપાસ થશે? એમને બોલવાનો હક્ક છે અને તમારે એની અંદર જવાબ આપવાનો છે. શાંતિ રાખો. બેસો જેઠાભાઇ..

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : આ જે સંકલ્પ લઇને આવ્યા છે એની આ વાત છે અને એ જ કહેવા જઇ રહ્યો છું. ગુજકોકનો કાયદો એક એવો કાયદો હતો કે, માત્રને માત્ર એકતરફી લોકોને પૂરી દેવા અને એનું પરિણામ શું આવ્યું? ૩૦-૩૦ અધિકારીઓ આજે જેલમાં છે.(અતંરાય)

અધ્યક્ષશ્રી :ભાઇ, હવે તમે બેસો, શાંતિ રાખો, બધા અહીંથી જ બોલો છો. કોઇ પોઇન્ટ ઓફ ઓર્ડર નથી.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : મારે બીજુ ધ્યાન એ દોરવું છે કે, સરકારીયા કમિશનની વાત કરી,૧૯૮૮ની અંદર એન.ડી.એ.ની સરકાર હતી ત્યારે તેમણે આ કાયદો મંજૂર કર્યો નહોતો. અહીંથી મોકલેલ હતો તો પણ મંજૂર થયો નહોતો. માનનીય સભ્યશ્રીઓનું ધ્યાન દોરવું છે કે, ગુજરાતમાં અનેક કાયદાઓ બનાવ્યા, પ્રજાકીય હિતમાં કાયદાઓ બન્યા હોય અને બધા સભ્યશ્રીઓએ તેમાં સંમતિ આપી હોય તો જ કાયદાઓ બન્યા હોય અને વિરોધ કર્યો હોય તો એ કાયદો બની શકે નહીં. એમણે જે ચાર કાયદાઓ શિક્ષણના, ટ્રીબ્યુનલના બનાવ્યા છે. એવા પ્રકારના બનાવવામાં આવતા હતા કે જેનાથી મોટા મોટા બિલ્ડરોને ફાયદો થાય. ભૂતકાળમાં રાજ્યપાલશ્રીએ બિલ પાછું મોકલ્યું છે. રાજ્યપાલશ્રીઓ કેમ પાછું મોકલતા હતા? એની વાત કરું છું. કાયદાથી વિકટ પરિસ્થિતિનું નિર્માણ થતું હોય અને આ એકતરફી બનાવવામાં આવ્યું છે. એવું રાજ્યપાલશ્રીને લાગ્યું હોય તો તેઓ સભ્યશ્રીઓની વિચારણા માટે પાછું મોકલે છે. એનાથી માત્ર થોડાક લોકોને ફાયદો થાય એનાથી વધારે લોકોને ફાયદો ન થાય અને એવી સિસ્ટમ પેદા થતી હોય છે એટલે પરત કરતા હોય છે. સરમુખત્યારશાહી જેવો સંકલ્પ સભ્યશ્રી લાવ્યા છે જે રાજયપાલશ્રીના હક્ક ઉપર તરાપ સમાન છે. આટલા વર્ષોથી જે બંધારણ ચાલ્યું આવે છે ત્યારે તેમને હું વિનંતી કરું છું કે, તેઓ વહેલામાં વહેલી તકે આ સંકલ્પ પાછો ખેંચી લે. હું આ સંકલ્પનો સખ્તપણે વિરોધ કરું છું.

શ્રી રજનીકાન્ત મો. પટેલ(અસારવા) : માનનીય અધ્યક્ષશ્રી, આ સન્માનનીય સભાગૃહના સભ્યશ્રી રમેશભાઇ મહેશ્વરી જે સંકલ્પ લઇને આવ્યા છે એને ટેકો આપવા માટે હું ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, ભારતના બંધારણની કોંગ્રેસ પક્ષના દંડકશ્રીએ વાત કરી. મારે એમને જણાવવું છે કે, ભારતના બંધારણના ઘડવૈયા ડો. બાબાસાહેબ આંબેડકરે કોંગ્રેસની સરકારમાંથી રાજીનામું શા માટે આપેલું. એ એટલા માટે આપેલ કે, એમના જે પ્રગતિશીલ વિચારો હતા એને કોંગ્રેસ સ્વીકારી શકી નહોતી, એટલા માટે એમને રાજીનામું આપવાની ફરજ પડી હતી. કોંગ્રેસના સભ્યશ્રીઓને ડો.બાબાસાહેબ આંબેડકરના નામનો ઉલ્લેખ કરવાનો અધિકાર નથી. આ દેશની અંદર જે બંધારણ બનાવવામાં આવ્યું છે, એ બંધારણ ભારતરત્ન ડો. બાબાસાહેબ આંબેડકરે બનાવેલું અને દુનિયાના જે બંધારણો છે એ પૈકીનું શ્રેષ્ઠ બંધારણ આને ગણવામાં આવેલું છે અને એ બંધારણની જે યોજના છે જેનો મૂળભૂત સિદ્ધાંત એ છે કે ફેડરલ સ્ટ્રકચર , જેની અંદર કેન્દ્ર સરકાર છે, રાજય સરકાર છે, અને હવે પંચાયતી રાજ અને લોકલ સેલ્ફ ગવર્મેન્ટની સરકારો પણ છે. એની વહેંચણીને ધ્યાનમાં લઇને આપણે આ દેશનું સંચાલન કરવાનું હોય છે. આર્ટીકલ ર૪પ (૧) નીચે જે ફેડરલ સ્ટ્રકચરના ભાગરુપે લેજીસ્લેશન કરવા માટેની સત્તાઓ પાર્લામેન્ટને અને આપણી વિધાનસભાઓને આપવામાં આવેલી છે. વિધાનસભા, રાજયની જે યાદી છે એવા ૬૬ જેટલા વિષયો ઉપર કાયદા ઘડી શકે. એવી જ રીતે પાર્લામેન્ટ ૯૭ જેટલા વિષયો જે યુનિયન લિસ્ટમાં આવે છે એના વિષય ઉપર કાયદા ઘડી શકે. સાથે સાથે યુનિયન લિસ્ટ અને સ્ટેટ લિસ્ટની સાથે concurrent લિસ્ટ મૂકવામાં આવ્યું છે. જેની અંદર ૪૭ વિષય ઉપર પાર્લામેન્ટ પણ કાયદા કરી શકે અને વિધાનસભા પણ જે તે રાજયની કરી શકે છે. પ્રશ્ન એ છે કે બંધારણના આર્ટીકલ ર૪પ (૧) નીચે જયારે આ ગૃહને સત્તા મળી હોય કે પોતે સ્ટેટ લિસ્ટના જે સબજેકટ છે અને કોન્કરન્ટ લિસ્ટના જે સબજેકટ છે એની ઉપર જયારે કાયદા બનાવવાની સત્તા મળી હોય અને આપના માર્ગદર્શન નીચે ગૃહના નેતા અને અધ્યક્ષશ્રીના માર્ગદર્શન નીચે જયારે બહુમતિથી કોઇ બિલ પસાર કરવામાં આવે અને એ બિલને જયારે સમયસર મંજૂરી ના મળે એના કારણે જે ઉદ્વેશથી બિલ લાવવામાં આવતું હોય છે એ ઉદ્વેશ બર આવતો નથી.

આ દેશની અંદર મને લાગે છે કે આપણું જે ફેડરલ સ્ટ્રકચર છે એના ઉપર દિનપ્રતિદિન કેન્દ્ર સરકાર એને ખતમ કરવા માટેના પ્રયાસો કરી રહી છે અને જે વિલંબ કરવામાં આવી રહ્યો છે એનું કારણ પણ કદાચ વિધાનસભાએ પસાર કરેલા જે કાયદાઓ છે, બિલો છે એને સમયસર મંજૂરી ના આપી, લોકકલ્યાણ માટે મુખ્યમંત્રીશ્રી પોતે જે પ્રયત્ન કરી રહ્યા છે એમાં અડચણ ઉભી કરવાનો એક પ્રયાસ થતો હોય એવું લાગે છે.

ગુજરાત સંગઠિત ગુના નિયંત્રણ વિધેયકની વાત કરી. મારે જણાવવું છે કે આ કાયદો, આ બિલ જે આ વિધાનસભાએ પોતે ૨૬-૬-૨૦૦૩ના રોજ પસાર કરેલું, પછી એને પુનઃવિચારણા ૨-૬-૨૦૦૪ના રોજ કરેલી અને એની ફરી પુનઃવિચારણા ૨૮-૭-૨૦૦૯ના રોજ કરવામાં આવી. આજે નવ વર્ષ કરતા પણ વધારે સમય પછી આ બિલ નામંજૂર કરવામાં આવ્યું છે. બહુ દુઃખની વાત છે. ગુનાઓ હવે સામાન્ય માણસો કરતા નથી, ગુનાઓ સંગઠિત રીતે કરવામાં આવે છે અને એ સંગઠિત ગુનાઓ કરનારા લોકો ત્રાસવાદીઓ સાથે સંકળાયેલા હોય છે. એ લોકો પાસે આ દેશની જે જયુડીશીયલ સિસ્ટમ છે અથવા હયાત કાયદાઓ છે એ હયાત કાયદાઓથી એનું નિયંત્રણ કરવું શકય નથી અને એટલા જ માટે ગુજકોકનું બિલ આ સન્માનનીય ગૃહે પસાર કરેલું હતું. આજે છાપામાં છે કે મુકેશ અંબાણી ગુજરાતમાં ઇન્વેસ્ટમેંટ ન કરે એના માટે ધમકી આપવામાં આવી છે. હવે આવા ધમકી આપનારા ત્રાસવાદીઓને નિયંત્રણ કરવા માટે, ભારત માતાની સુરક્ષા માટે, એની અખંડિતતા જાળવવા માટે આજે વિશેષ કાયદાની જરૂર પડતી હોય છે. દુઃખ સાથે મારે કહેવું પડે છે કે નવ-નવ વર્ષ સુધી તમે વિચારણા કરવા માટે સમય લો? કોઇ સમય મર્યાદા તો હોવી જોઇએ ને? આજે આ ગૃહની અંદરના સભ્યો છે એ પોતાની બુદ્ધિમત્તા પ્રમાણે યોગ્ય ચર્ચા કરીને જયારે કોઇ બિલ પસાર કરે છે, આપે બહુ સાચું કહ્યું કે હા પાડો કે ના પાડો પણ સમયસર તમે હા કે ના પાડો, તમે ઇનડેફીનેટલી આવા બિલોને અટકાવી ના શકો.

મારે બીજુ જણાવવાનું છે કે આજનો જમાનો આધુનિક જમાનો છે. આ દેશનો વિકાસ, જ્યાં સુધી મહિલાઓને આપણે રાજ્યસત્તામાં ભાગીદાર નહીં બનાવીએ ત્યાં સુધી આપણે વિકાસ નહીં કરી શકીએ. આ વાત અમારા મુખ્યમંત્રીશ્રી પોતે અમલ કરવા માગે છે અને એના ભાગરૂપે ગુજરાત સ્થાનિક સત્તામંડળ સુધારા વિધેયક ૨૦૦૯ રજૂ કરવામાં આવ્યું. આ સન્માનનીય ગૃહે પોતે એને પસાર કર્યું. ત્રણ વર્ષથી પણ વધારે સમય થઇ ગયો છે. આ બિલના કારણે હાલમાં જે ૩૩ ટકા અનામત છે એ ૫૦ ટકા થવાની છે. આજે દુઃખની વાત છે કે મહિલાઓની સહ-ભાગીદારિતા વધારવા માટેનું બિલ હોય અને જેનાથી ગુજરાતની મહિલાઓ પોતે શાસન વ્યવસ્થામાં જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત, મ્યુનિસિપાલિટીઓમાં, કોર્પોરેશનોમાં, ગ્રામ પંચાયતોમાં લાખોની સંખ્યામાં બહેનો પોતે આ ગવર્નન્સના ભાગીદાર બનવાની હોય એવા બિલમાં પણ તમે વિલંબ કરો અને ત્રણ ત્રણ વર્ષ સુધી એને મંજૂરી ન મળે એ ખૂબ દુઃખની બાબત છે.

ઇન્સ્ટિટ્યૂટ ઓફ ઇન્ફ્રાસ્ટ્રકચર ટેકનોલોજી રિસર્ચ એન્ડ મેનેજમેન્ટ વિધેયક ૨૦૧૨. આજનો જમાનો આધુનિકતાનો છે. આજનો જમાનો સાયન્સ એન્ડ ટેકનોલોજીનો છે. એટલે આ યુનિવર્સિટી કક્ષાની સંસ્થા જે પોતે ઇન્ફ્રાસ્ટ્રકચરનો અભ્યાસ ટેકનોલોજી રિસર્ચ મેનેજમેન્ટ માટે ૨ હજારથી પણ વધારે વિદ્યાર્થીઓને જ્ઞાન આપવા માટેનો પ્રયાસ કરે છે એવી યુનિવર્સિટીના બિલને પણ પડતર રાખવામાં આવ્યું છે. એક વર્ષથી વધારે સમયથી આ પડતર રાખવામાં આવ્યું છે. સવાલ એ છે કે તમે કાયદાના શાસનમાં માનો છો કે નહીં? કાયદાના શાસન નીચે બંધારણીય વ્યવસ્થાના ભાગરૂપે આ વિધાનસભાને કાયદો ઘડવા માટેના અધિકારો મળ્યા છે. એના માટેના વિષયો નક્કી કરવામાં આવ્યા છે અને લોકહિતમાં, જન કલ્યાણ માટે છેલ્લામાં છેલ્લા માણસને યોજનાનો લાભ મળે એવું અમારા મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીનું સ્વપ્ન છે અને એને ચરિતાર્થ કરવા માટે જ્યારે આ ગૃહ કોશિશ કરે અને એના ભાગરૂપે જ્યારે બિલ લાવે અને બિલ ન ગમતું હોય, મારે કહેવું છે કે સરકારિયા કમિશને પણ કહ્યું છે કે કોઇપણ બિલ જ્યારે વિધાનસભા પસાર કરે ત્યારે ગવર્નરશ્રી હોય, પ્રેસિડેન્ટ હોય જે કોઇ હોય તે રાજકીય મતભેદના કારણે અટકાવી ન શકે. આ સરકારિયા કમિશનની ભલામણ છે. એ કહે છે કે જ્યારે ગવર્નર પાસે બિલ આવે અને એમને લાગે કે પ્રેસિડેન્ટને મોકલવું છે તો ભલામણ કરી વહેલામાં વહેલી તકે એક મહિનામાં મોકલી દેવું જોઇએ. પ્રેસિડેન્ટ માટે પણ ભલામણ એવી કરવામાં આવી છે કે ઇન્ડેફીનિટલી જેમ અફજલ ગુરુને તમે ફાંસી ઉપર લટકાવવા માટે આટલો સમય લીધો એ પ્રમાણે બેસી ન રહેવાય.

**શ્રી સી. કે. રાઉલજી :** માનનીય અધ્યક્ષશ્રી, દર વખતે ગવર્નરશ્રી અને રાષ્ટ્રપતિની વાત કરે છે. ટીકાની વાત છે.

**અધ્યક્ષશ્રી :** ટીકા નથી કરતા. સરકારિયા કમિશનની વાત કરે છે. (અંતરાય) તમે બેસી જાઓ, ભૂષણભાઇ તમે બેસો, પોઇન્ટ ઓફ ઓર્ડરનો તમારે જવાબ દેવાનો છે? તમે બધા શા માટે ઉભા થયા છો? કોઇની ટીકા નથી કરી. તમારું પ્રવચન ચાલુ રાખો. રાષ્ટ્રપતિની કે એવી ટીકા કરશે તો હું તરત જ ધ્યાન દોરીશ.

**શ્રી રજનીકાન્ત મો. પટેલ :** આ દેશનું આપણે શું કરવા માગીએ છીએ? આ દેશમાં લોકશાહી બચાવવા માગીએ છીએ કે નહીં? આ દેશના બંધારણનું રક્ષણ કરવા માગીએ છીએ કે નહીં? આ દેશનું સમવાય તંત્ર, ફેડરલ સ્ટ્રકચર છે, સુપ્રીમ કોર્ટના જજમેન્ટો છે કે તમે બંધારણમાં સુધારો કરી શકો પણ એવો બંધારણીય સુધારો ન કરી શકો કે જેના કારણે Basic features of Constitution cannot be altered. આ સુપ્રીમ કોર્ટનો ચૂકાદો છે. બંધારણે પોતે આ ગૃહને અધિકારો આપ્યા છે અને આ સન્માનનીય ગૃહ જ્યારે વિચારણા કરીને કોઇપણ બિલ રજૂ કરે અને પાસ કરે ત્યારે અમે એમ નથી કહેતા કે તમે મંજૂર કરો. તમે મંજૂર કરી શકો, નામંજૂર કરી શકો, યોગ્ય લાગે તો પ્રેસિડેન્ટને મોકલી શકો. તમે મેસેજ સાથે પરત કરી શકો. જે ડિસિસન મેકિંગ પ્રોસેસ છે એના માટે સમય નિશ્ચિત કરવો ખૂબ જરૂરી છે અને એટલાજ માટે મારી વિનંતી છે કે, આ વિધાનસભા ગૃહના બધા સભ્યો એના માટે ભલામણ કરે.

શ્રી જસાભાઇ ભા. બારડ(સોમનાથ) : માનનીય અધ્યક્ષશ્રી, રમેશભાઇ મહેશ્વરી જે બિનસરકારી સંકલ્પ ક્રમાંક–૩ લઇને આવ્યાં છે એમાં મારા વિચારો રજૂ કરવા માટે ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, હમણાં જ પટેલભાઇ, માનનીય સદસ્યશ્રીએ સરકારી નાતે નહિ પણ અત્યારે ધારાસભ્ય તરીકે ઘણી વાત કરી ત્યારે મારે આપને પહેલી વાત એ કરવી છે કે એન.ડી.એ.ના શાસનમાં આ ગુજકોકનો કાયદો કેટલી વખત પાછો આવ્યો? એ એક સવાલ છે. આ ગુજરાતના સંસદસભ્ય અને દેશના પૂર્વ ગૃહમંત્રી જ્યારે સત્તા ઉપર હતા, એન.ડી.એ.નું શાસન હતું ત્યારે આ ગુજકોકનો કાયદો પાસ થયા વિના ફરી પાછો આવ્યો છે. માનનીય સભ્યશ્રીએ ઘણી સારી વાત કરી કે, વિધાનસભા ગૃહ પસાર કરેલા વિધેયકને જ્યારે અનુમતિ આપવા માટે જ્યારે આ દેશનું બંધારણ આખા વિશ્વની અંદર વખણાય છે. ડો.ભીમરાવ આંબેડકરને આજે વિશ્વના લોકો જુદી રીતે જૂએ છે. આવું વિશ્વમાં લોકશાહીનું અદભૂત બંધારણ આપ્યું છે ત્યારે મારે કહેવું છે કે આ ગુજકોકનો કાયદો કે જળસંપત્તિ વ્યવસ્થાપનનો કાયદો કે કોઇપણ વિધેયક જ્યારે રજૂ કરવામાં આવે ત્યારે એની બંધારણીય સત્તામાં કોઇપણ મૂળભૂત ફેરફાર નથી થતોને? અને જો થાય તો આ દેશના બંધારણમાં સવાલ ઊભો કરવાનો અધિકાર કોઇપણને આપવામાં નથી આવ્યો.

માનનીય અધ્યક્ષશ્રી, મારે આપના દ્વારા વાત કરવી છે કે રાજ્યપાલ કે રાષ્ટ્રપતિ આ બંધારણમાં વિલંબથી જે બિલ પરત કરે ત્યારે એના બંધારણીય રીતે જે સંદર્ભમાં કોઇપણ અડચણ, મુશ્કેલી કે બંધારણને ફેરફાર થતા કાંઇ નુકસાન નથી થાતું અને જ્યારે થાય તેવી પરિસ્થિતિ હોય ત્યારે પરત કરે છે. આ સભાગૃહમાં પરમદિવસે જ પાણી, સિંચાઇ અને વ્યવસ્થાપનનું બિલ હમણાં જ આવ્યું. ઘણો વિરોધ થયો છે અને બહુમતિના જોરે આ વિધાનસભામાં જે ધાર્યુ હશે એ થવાનું જ છે એમાં બેમત નથી, તો મારે આપના દ્વારા સ્પષ્ટતા કરવી છે કે પીવાના પાણીનું અર્થઘટન તમે જે કર્યુ હોય, તે પણ અમને આ બિલમાં જે ક્ષતિઓ, જે મુશ્કેલીઓ હતી એ અમે રજૂ કરી છે અને રાજ્યપાલ કે રાષ્ટ્રપતિ ત્યાં બિલ તમે મોકલશો પણ જ્યાં મૂળભૂત અધિકારો, આ ૬ કરોડની જનતાના પોતાના અધિકારો, લોકશાહી પ્રમાણે જે સુપ્રત થયા છે એમાં કાંઇ અડચણરૂપ ના થાય એ ચોક્કસતાથી રાજ્યપાલ અને રાષ્ટ્રપતિ જોતા હોય છે. રાજકીય તારણ કાઢવું, માની લો કે આ જે લોકશાહી છે અને ફરજિયાત મતદાનની વાત આવી. એ વિધેયક પાસ થઇ ગયું છે, પણ આ લોકશાહીને અનુરૂપ છે સાહેબ? હું આપને કહેવા માગુ છું કે, ફરજિયાત મતદાન કરવું એ લોકશાહીને બિલકુલ અનુરૂપ નથી નથી ને નથી, અને એ બિલ નાપાસ થાય અને જે બિલ પાસ થાય છે. (અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી, મારે આપના દ્વારા કહેવું છે કે, જે કાયદા, કાનૂન, બંધારણ અને ધારાસભા, લોકસભામાં બંધારણીય અધિકારો અને બિલો અને જે લાવવાનો અધિકાર વિધાનસભાના સભ્યોને પણ છે, બધાને છે પણ ભારત દેશનું જે બંધારણ છે અને ધારાકીય જે સત્તાઓ આપી છે. એ સત્તાની મર્યાદામાં આ જો

બિલ લાવ્યા હોત તો ચોક્કસપણે એને સમર્થન આપત. સભ્યશ્રી રમેશભાઇ જે સંકલ્પ લાવ્યા એમાં હું મારો વિરોધ વ્યકત કરું છું.

શ્રી છત્રસિંહ પૂં. મોરી(જંબુસર) : માનનીય અધ્યક્ષશ્રી, ગૃહના સભ્ય શ્રી રમેશભાઈ મહેશ્વરી આ સન્નમાનીય ગૃહની અંદર જે સંકલ્પ લઇને આવ્યા છે એ સંકલ્પનો ઉદ્ધેશ પણ આ લોકશાહીના રક્ષણ માટે, આ લોકશાહીની સામે થતા અન્યાય અને કેટલી વખત રાજયપાલશ્રી અને રાષ્ટ્રપતિશ્રી દ્ધારા આ જે બિલો અહીંયાથી મંજૂર થઇને જાય છે એમાં જે અસહકારની ભાવનાઓ કેટલીક વાર અંદરથી આવતી હોય છે. કારણ વગર એટલો બધો સમય મૂકી રાખે છે. એના કારણે આ દેશની પ્રજાને જે '' સર્વે ભવન્તુ સુખીનઃ સર્વે સન્તુ નિરામયા'' ની જે સંસ્કૃતિના લોકો રહે છે, એ લોકોના રક્ષણ માટે ડો.બાબાસાહેબ આંબેડકરે એમ પણ કહ્યું છે કે, આ લોકશાહીના રક્ષણ માટે, લોકશાહી કેવી હોવી જોઇએ? તો લોકશાહી એવી હોવી જોઇએ કે, ઓફ ધ પીપલ, બાય ધ પીપલ અને ફોર ધ પીપલ. શ્રી આંબેડકર સાહેબે આ વાત કરી હતી. મારા મિત્રોને મારે એ વાત કરવી છે કે, જયારે અહીંયા વિધેયક પસાર થતું હોય અને એ વિધેયક વખતે અનેક બાબતોની ચર્ચા થાય છે, સંપૂર્ણ ચર્ચા થાય છે, એના સુચનો લેવામાં આવે છે અને એ સુચનો પછી રાજયપાલશ્રી અને રાષ્ટ્રપતિશ્રી પાસે જાય છે અને કદાચ એમને સુસંગત ન લાગે, આ બિલો ઉપર તો એની અંદર આ સન્નમાનીય ગૃહને વેળાસર જો મોકલે તો એના સુધારા સાથે સન્નમાનીય ગૃહ ફરીથી, નવેસરથી બીજી વખત પણ એને પસાર કરવાનો અધિકાર આ લોકશાહીમાં છે. એવું નથી કે, એક વાર બિલ પસાર થઇ ગયું અને બીજી વાર પસાર કરવું એ શરમજનક બાબત છે. લોકશાહીમાં ત્રણ-ત્રણ વખત બિલો પસાર કરવાને પ્રાધાન્ય આપ્યું છે આ લોકશાહીમાં અને એટલા માટે જ જયારે આ બિલોની ડીલેની જે બાબત છે, એ કારણ વગર બિલો જોયા પછી જે ખરેખર લોકશાહીને, પ્રજાના હીતના બિલો છે એ બિલોને મંજૂર કરવામાં જયારે ડીલે થાય છે ત્યારે માનનીય અધ્યક્ષશ્રી, હમણાં સભ્યશ્રી, મને એક વાત એ પણ કરતા હતા કે, તમારી સરકારના ત્રીસ-ત્રીસ જણા ચૂંટાયેલા લોકો જેલમાં છે. મિત્રો આ કોઇ કાયદાના આધારે નથી લઇ ગયા તમે જેલમાં. ચૂંટણી પહેલાં, ચૂંટણીના આધાર ઉપર, ચૂંટણી જીતવા માટે રીતસરની તમે એની યોજના બનાવી હતી અને સી.બી.આઇ.ને તમે આખા રાજયનું તંત્ર બનાવી દીધું હતું અને એના આધારે આ લોકો, આજે પણ તમારા લીધે હેરાન થાય છે અને એટલા માટે માનનીય અધ્યક્ષશ્રી, મારે એમનું ધ્યાન પણ દોરવું છે કે, તમે જો એવી વાત કરતા હોવ તો નાના અને ગરીબ કેટલાય એવા કાયદાઓ લોકો માટેના છે કે, જેને પ્રજા આજે પણ ઇચ્છે છે. હું એક દાખલો તમારી સામે મૂકીશ કે, ગુજરાતનું નાણાકીય સંસ્થાઓમાં થાપણદારોના હીતનું રક્ષણનું વિધેયક-૨૦૦૪માં લાવવામાં આવ્યું હતું. એમાં મધ્યમ અને ગરીબ વર્ગના લોકોની જે મૂડી છે એ એકત્ર કરીને એના રક્ષણ માટે ( સમયસૂચક ઘંટડી) એનું આ રાજય સરકાર રક્ષણ કરવા માટે વિધેયક લઇ આવી હતી. એમાં બીજો કોઇ ઉદેશ્ય હતો જ નહીં અને છતાં વિના કારણે ચાર મહિના સુધી આ વિધેયક આજે પણ પેન્ડીંગમાં છે.અહીંયા Institute of Infrastructure and Technology Research Management ની વાત કરતા હતા. આર.એમ. પટેલે બહુ સારી વાત કરી કે આજના યુગની અંદર, ટેકનોલોજીના જમાનાની અંદર આવા બિલો, બીજા કોઇ રાજયની અંદર આવી આધુનિક યુનિવર્સિટી નથી. આ એક જે એવું રાજય છે કે જયાં આધુનિક યુનિવર્સિટી, પંડિત દીન દયાળ યુનિવર્સિટી, ધર્મસિંહ દેસાઇના ઇન્ફ્રાસ્ટ્રકચર માટેની આ યુનિવર્સિટી હતી. અનેક લોકો માટે અહીંયા ઇજનેરો, સ્નાતક, અનુસ્નાતક એમના માટેનું આ વિધેયક હતું. કોઇ રાજકીય રંગ તો હતો જ નહીં અને છતાંય આવી બાબતોને ધ્યાનમાં રાખીને આ વિધેયક કોઇને કોઇ કારણોસર રાષ્ટ્રપતિ કે રાજયપાલ પાસે રહે છે ત્યારે આ બિલ લઇને જે આવ્યા છે, હું માનું છું કે સભાગૃહે વિચાર કરવો જોઇએ. અનુમતિ આપીને હું મારી વાત પૂરી કરું છું.

શ્રી રામસિંહ પ્ર. પરમાર(ઠાસરા) : માનનીય અધ્યક્ષશ્રી, હું આનો વિરોધ કરવા માટે ઉભો થયો છું. કોઇપણ રાજયનો વહીવટ એ બંધારણના નિયમ પ્રમાણે ચાલતો હોય છે. રાજયની અંદર રાજયપાલશ્રી જયારે એમને સત્તા મળી છે ત્યારે એ સત્તા અને નીતિ નિયમના અધિકાર પ્રમાણે હંમેશા વહીવટ કરવાનો

નિયમ છે. અહીંયા એવું કહેવામાં આવે છે કે વિધેયકને સમયસર અનુમતિ ન મળવાને કારણે પ્રજા હિતના કાર્યોમાં વિલંબ થાય છે. ગૃહની અંદર કોઈપણ જયારે વિધેયક લાવે ત્યારે એની અંદર પક્ષ અને વિરોધ પક્ષની ચર્ચાઓ પણ થતી હોય છે. વિરોધ પક્ષ એમાં કેટલાક સૂચન પણ કરતા હોય છે, એનો વિરોધ કરતા હોય છે છતાં બહુમતીના કારણે એ વિધેયક પસાર કરીને જયારે રાજયપાલશ્રીને મંજૂરી માટે મોકલવામાં આવે છે ત્યારે રાજયપાલશ્રી એનો પૂરેપૂરો અભ્યાસ કરે, અભ્યાસ કર્યા પછી એમ લાગે કે આ બિલને કારણે, આ કાયદાને કારણે પ્રજાની અંદર શું અસરો થવાની છે એનો પૂરેપૂરો અભ્યાસ કર્યા પછી એને પસાર કરે છે.

ટ્રસ્ટોનું જયારે બિલ લાવ્યા, એની અંદર ખૂબ ચર્ચા થઈ હતી. વિરોધ પક્ષવાળાએ પણ એનો વિરોધ કર્યો હતો, ના પાડી હતી છતાંપણ તમે પસાર કર્યું. એ બિલ પાછું આવતા પહેલા આ સત્તાધારી પક્ષવાળાએ એ બિલ કેમ પાછું ખેંચવું પડયું? પ્રજાની અંદર બરાબર વિરોધ થયો, મહારાજો અને સંતોએ બરાબર વિરોધ કર્યો, બરાબર લાગવગ કરી અને નાછૂટકે એ બિલ એમને પાછું ખેંચવું પડયું. એવું ઉતાવળને કારણે કોઈ બિલ પસાર ન થાય એના માટે રાજયપાલશ્રી હંમેશા પૂરેપૂરી કાળજી રાખે છે. બહુમતીનો અર્થ એવો નથી કે ગમે તેવો કાયદો બનાવી દેવો અને એ કાયદાનો અમલ પ્રજા ઉપર ઠોકી બેસાડવો. અહીંયા વાત કરી કે ફરજીયાત મતદાન, લોકશાહીની અંદર કેવી રીતે ફરજીયાત મતદાન હોઈ શકે? એની અંદર નિયમો એવા લાવ્યા હતા કે મતદાન ન કરે તો બીજી વખત એમના મતદાનનો અધિકાર પણ નીકળી જાય એવો જયારે કાયદો લઈને આવતા હોય છે ત્યારે એની અંદર પણ રાજયપાલશ્રી પૂરેપૂરો વિચાર કરતા હોય છે. શિક્ષણની દ્રષ્ટિએ જયારે મહિલાઓનો કાયદો લાવ્યા ત્યારે ખરેખર ભેગો લાવવાનો હતો જુદો લઈ આવ્યા. અનામતની બાબતમાં પણ કહી શકું કે તાલુકા, જિલ્લા પંચાયતની અંદર એ કાયદો કોણ લાવ્યું હતું, કયાંથી આવ્યો હતો, કેમ પસાર થયો? હું માનું છું ત્યાં સુધી ખરેખર જે કાયદાનું સ્વરૂપ આપવું જોઈએ એ કાયદાના સ્વરૂપ પ્રમાણે જ રાજયપાલશ્રીએ એનો અમલ કરતા હોય છે.

જે સંકલ્પ લઈને આવ્યા છે એ સંકલ્પ ખોટો વિચાર લઈને આવ્યા છે. રાજયપાલશ્રીને તમે દબાણ નહીં કરી શકો. હું માનું છું ત્યાં સુધી સૂચનો કરીને પાછું તમે મોકલી શકો છો. રાજયપાલશ્રીને લાગે તો ફરી વિચારણા કરવા માટે વિધાનસભાની અંદર પાછું મોકલશે. એમાં કયું ખોટું થઈ ગયું? થોડું વહેલું મોડું થાય તો પ્રજાની અંદર કયો ઉહાપોહ થાય છે? હું માનું છું ત્યાં સુધી જયારે કાયદો બનાવવાનો હોય ત્યારે એનો પૂરેપૂરો વિચાર કરીને એને કાયદાનું સ્વરૂપ આપવું જોઈએ, બહુમતીના જોરે નહીં. પ્રજાની અંદર શું અસર થવાની છે? એના પ્રત્યાઘાતો શું પડવાના છે? લાંબેગાળે એની શું અસર પડવાની છે એનો પૂરેપૂરો ખ્યાલ કરીને રાજયપાલશ્રી એની ઉપર અનુમોદનની મહોર મારતા હોય છે. બહુમતીના સભ્યો જયારે કહે ત્યારે કાયદો ના બની જાય. વિરોધ પક્ષ હંમેશા સૂચન કરે છે. સૂચનનો તો તમારે અમલ કરવો નથી. તમારે ધ્યાનમાં લેવું નથી. તમે એક તરફી બનાવીને મોકલી આપો છો અને આશા એવી રાખો છો કે એની ઉપર મહોર મારીને કાયદો મંજૂર કરી નાખે એ કોઈ દિવસ થઈ શકવાનું નથી. દેશના બંધારણની અંદર જે નીતિ નિયમો બનાવ્યા છે એ નીતિ નિયમ પ્રમાણે રાજય ચાલતું હોય છે. એક તરફી કહેવાથી રાજય નથીચાલતું. અમે ભલે વિરોધ પક્ષમાં બેઠા હોઈએ.અમારી ફરજ થાય છે કે તમે ભૂલ કરતા હોય, ઉતાવળ કરતા હોય તો રોકવાનો અમારો અધિકાર છે. અધિકાર તરીકે અમે સૂચનો કરીએ છીએ. તેનો ખરેખર તમારે પણ અમલ કરવો જોઈએ. જે સંકલ્પ લઈને આવ્યા છે તેનો હું વિરોધ કરું છું.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા( કાયદો અને ન્યાય તંત્ર મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી રમેશભાઈ મહેશ્વરી જે સંકલ્પ લઈને આવ્યા છે અને એમના સંકલ્પમાં પહેલું વાક્ય વાપર્યુ છે કે કલ્યાણ રાજયના અભિગમને ધ્યાનમાં રાખીને રાજયનીતિના માર્ગદર્શક સિદ્ધાંતોના અમલીકરણ માટે રાજય સરકાર કાયદાકીય જોગવાઈઓ સહિત અનેક પગલાં લે છે. બંધારણની રૂએ આપણને મળેલી સત્તાના આધાર ઉપર આ વિધાનનો ઉલ્લેખ કર્યો છે. ભારતના બંધારણની ૭મી અનુસૂચિમાં રાજ્યો અને કેન્દ્ર વચ્ચે ધારાકીય સત્તાઓ અને એની વહેંચણી કરવા માટેની વિશેષ સૂચિ દર્શાવી છે. રાજ્યોના વિષયોના કાયદા રાજ્યો ઘડે અને આવા વિષયોના કેન્દ્રના રાજ્યોના વિષયોના સંદર્ભમાં કાયદો ઘડવા માટેનો અધિકાર નથી.

રાજયો અને કેન્દ્રની વચ્ચે કોન્કરેન્ટ લિસ્ટ હોય છે અને આ કોન્કરેટ લિસ્ટ પ્રમાણે કાયદાઓ ઘડાતા હોય છે. સરકાર પોતાની લોક કલ્યાણકારી યોજનાઓના સંદર્ભમાં આ ધારાસભા સમક્ષ કાયદા લઇને આવે એની ચર્ચા વિચારણા થાય એમાં સુધારો સૂચવે, બહુમતિએ થાય, સર્વાનુમતે થાય. આ કાયદા નથી હોતા, પરંતુ આમાં પ્રજાની આકાંક્ષાનું પ્રતિબિંબ આની અંદર દ્રષ્ટીગોચર થતું હોય છે. આવા કાયદાઓ આપણે ઉપર મોકલીએ, એ કાયદામાં મંજૂરી મળે, પરત મોકલે અથવા એમાં અક્ષમ્ય વિલંબ પણ થાય છે.

આપણે ગઇકાલે ઇમ્પેક્ટ ફીનો કાયદો આ સન્માનનીય સભાગૃહમાં પસાર કર્યો. જે એવો કાયદો હતો નાના બાંધકામવાળાએ એક દીવાલ વધારે ચણી હોય, એને કારણે સમસ્યા ન થાય એના હિતનું રક્ષણ કરવા માટેનો હતો. સિંચાઇ પાણીવાળો કાયદો થયો. હમણા કેનાલના માધ્યમથી કચ્છના અબડાસા સુધી કે વેરાવળથી સોમનાથ સુધી પાણી પહોંચાડવામાં રસ્તામાં કોઇ પાણી ચોરી ન લે તે માટેનો છે. એક વખતના વડાપ્રધાન કહેતા હતા કે હું રૂપિયો મોકલું છું. વચ્ચે ૮૫ પૈસા ખવાઇ જાય છે. આ ગુજરાતની નરેન્દ્રભાઇ મોદીની સરકાર વચ્ચેની કોઇ ચોરીને ચલાવવા માગતી નથી. એના માટેનો કાયદો લાવ્યા છે. આ ગુજરાતની નરેન્દ્રભાઇ મોદીની સરકાર એને પ્રજાના કલ્યાણકારી કામ કરવા માટેની ઇચ્છા છે. ૨૦૦૨ ની અંદર ગુજરાતમાં નરેન્દ્રભાઇ મોદીનું શાસન આવ્યું. ૨૦૦૭ માં નરેન્દ્રભાઇ મોદીનું શાસન આવ્યું, ૨૦૧૨ માં પણ ગુજરાતની અંદર નરેન્દ્રભાઇ મોદીનું શાસન આવ્યું. હું આ વાતનો એટલા માટે ઉલ્લેખ કરવા માગું છું કે આ ગુજરાતની સરકારને કેન્દ્રની કોઇપણ એજન્સીની સાડાબારી નથી. તમે ગમે તે એજન્સીનો ઉપયોગ કરો, પણ ગુજરાતની પ્રજાના કરેલ કલ્યાણ, વિકાસના કારણે આજે ગુજરાતની પ્રજા ભારતીય જનતા પાર્ટીને મત આપે છે. આપણે ફેડરલ સ્ટ્રકચરનો કન્સેપ્ટ સ્વીકાર્યો છે અને આ ફેડરલ સ્ટ્રકચરના કન્સેપ્ટ માટે સરકારીયા કમિશને ભલામણો કરી. મુન્શી કમિશને ભલામણો કરી અને ત્યારબાદ ઇન્ટર સ્ટેટ મિનિસ્ટ્રિયલ કાઉન્સિલ થઇ ગયું. એમાં આખા દેશના મુખ્યમંત્રીશ્રીઓએ રજૂઆતો કરી. એમાં અમારા કાયદાને મંજૂર કરવા માટે ઝડપથી મંજૂર કરો. ગુજરાતના મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીએ આની અંદર રજૂઆત કરી હતી. આટલા વખત છતા કેટલાક કાયદા છેક રાષ્ટ્રપતિ ભવન સુધી પહોંચે પછી એમાં કલેરિફિકેશન માગે. કલેરિફિકેશન પણ ઇનપીસીસ માગે. આપણી લાગણી છે કે કાયદાના સંદર્ભાં સમસ્યા હોય તો એક સાથે માગે તો આપણે સ્પષ્ટતા કરી શકીએ.

બંધારણના અનુચ્છેદ ૨૦૦ માં બિલોની મંજૂરી અંગે જે જોગવાઇઓ કરવામાં આવી છે. હમણા કહેતા હતા કે બંધારણ ઉપર તરાપ મારવામાં આવી છે.માનનીય અધ્યક્ષશ્રી, હું જે બંધારણમાં લખેલા વાક્યો છે તે કહેવા માગું છું. અંદર લખ્યું છે "Provided that the Governor may as soon as possible after the presentation to Him of the bill for assent " માનનીય અધ્યક્ષશ્રી, આ પ્રમાણેનું કોઇપણ બિલ મંજૂર કરવા માટે રાજયપાલશ્રી સમક્ષ જાય, જો પોતે મંજૂર કરવા ન માગતા હોય તો સંદેશ સાથે સમયસર પરત મોકલવું જોઇએ. આ બધા જ પ્રકારની વેદના અને વ્યથા તે આ માનનીય રમેશભાઇના સંકલ્પની અંદર છે.

ગુજરાતની સરકાર એ સૌના સાથ અને સૌના વિકાસના મંત્ર સાથે કામ કરવાવાળી સરકાર છે. આ સરકાર જયારે કાયદા બનાવતી હોય છે ત્યારે કોઇના તૃષ્ટિકરણ માટે કાયદા નથી બનાવતી. પરંતુ લોક કલ્યાણકારી ભાવના માટે કાયદા બનાવે છે. આ સરકારે કોઇ શાહબાનુને તેના ભરણપોષણ માટે બંધારણમાં છેડછાડ કરીને તેમની કેન્દ્રની સરકારે કાયદો બનાવ્યો હતો, આ સરકારે એવો કોઇ કાયદો આજ સુધીમાં બનાવ્યો નથી. માનનીય અધ્યક્ષશ્રી, લોક કલ્યાણના કેવા કાયદાઓ, સૌરભભાઇ ઉદ્યોગમંત્રી તરીકે કાયદો લઇને આવે. એસઆઇઆરનો કાયદો. શેના માટે? ઉદ્યોગો માટેનો કાયદો. શેના માટે? એ ઉદ્યોગના માધ્યમથી રોજગારી વધે, ગુજરાતના બેકાર યુવાનોને રોજગારી મળે એટલા માટે આ કાયદો હતો. રાજયની સલામતી માટેનો ગુજકોકનો કાયદો. ખાનગી સંસ્થાઓ દ્વારા જયારે ફી નિયમન જેવું નહોતું, સામાન્ય મધ્યમ વર્ગના લોકોનું શોષણ થતું હતું. તેના ફીના નીતિ–નિયમ નિર્ધારણ કરવા માટેનો કાયદો. ગૌ હત્યા પ્રતિબંધના કડક અમલ માટેનો કાયદો. આવા અનેક કાયદાઓ આ સન્માનનીય સભાગૃહે પસાર કર્યા છે. હું એક કાયદાની વાત કરવા માગું છું. ઇન્સ્ટિટયૂટ ઓફ ઇન્ફ્રાસ્ટ્રકચર ટેકનોલોજી રિસર્ચ એન્ડ મેનેજમેન્ટ. આ

સન્માનનીય સભાગૃહે આ કાયદાને પસાર કર્યો. મણિનગરની અંદર ઇન્સ્ટિટયૂટ તૈયાર છે. બે હજાર છોકરાને એડમિશન આપી શકાય. આજ સુધીમાં કાયદો પસાર નહીં થવાના કારણે ગયા જુનમાં પ્રવેશ ન આપી શકયા, આ જુનમાં પણ પ્રવેશ નહીં આપી શકીએ. ગુજરાતની અંદર દેશ અને દુનિયાના ઉદ્યોગપતિઓ આવે છે, બે હજાર જેટલા યુવાનોની કારકીર્દિ રોળવા માટેનો કાર્યક્રમ કર્યો છે. ૭૦ કરોડ રૂપિયાનો ખર્ચ કર્યો છે. જો આ કાયદો પસાર થઇને મંજૂરી મળી હોત તો આજે બે હજાર એન્જિનિયરો ગુજરાતની અંદર આવા ટેકનોક્રેટસ આપણે પૂરા પાડત. એક સામાન્ય પરિવારના લોકોને રોજગારી મળત. એક લોકાયુકતના એમેન્ડમેન્ટનો કાયદો આવ્યો. એ કાયદો એટલા માટે ઝડપથી મંજૂર કરાવવો હતો કે આ કાયદો પસાર થાય તો કેન્દ્રના ૧૩મા નાણાં પંચના સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓને ૫૦૦ કરોડ રૂપિયા મળવાના હતા. આ ૫૦૦ કરોડ રૂપિયા ગુજરાતને મળે તો કેટલી હોસ્પિટલ બનાવી શકાય, કેટલા રસ્તા બનાવી શકાય, કેટલા શૈક્ષણિક ધામો બનાવી શકાય, પણ માત્રને માત્ર નરેન્દ્ર મોદીનું ગુજરાત છે, ગુજરાતને અન્યાય કરવો છે, સીધી રીતે પ્રજામાં પરાસ્ત નથી કરતા એટલા માટે કાયદાઓ રોકી ગુજરાતની પ્રજાને હેરાન પરેશાન કરવા માટેનું કામ કરે છે.

ગુજકોકનો કાયદો. ગુજરાતને ૧૬૦૦ કિલોમીટરનો.. (અંતરાય) નીતિનભાઇ હું જવાબ આપી દઉં છું. ગુજરાતને ૧૬૦૦ કિલોમીટર લાંબો દરિયાકિનારો. ગુજરાત સમૃદ્ધ ગુજરાત છે. કોઇ આતંકવાદી ગુજરાતની ધરતી ઉપર આવીને નિર્દોષ નાગરિકોના રક્તથી ગુજરાતની ધરાને ભીંજવા માટે આવે, એ આતંકવાદી સામે કઇ ભાષામાં વાત કરવી જોઇએ. મહારાષ્ટ્રમાં મકોકાનો કાયદો છે. શા માટે ગુજરાતમાં ગુજકોકનો કાયદો નથી આપતા? કેવી રીતનો અન્યાય કરે છે? હું સિવિલ હોસ્પિટલના ટ્રોમા સેન્ટરમાં બ્લાસ્ટ થયો ત્યારે હું હાજર હતો. આ આતંકવાદીઓની ગોળીઓમાં કોઇનું નામ નથી હોતું. તેના માટે તો કેવી રીતે શાંતિ, સલામતિને તહસ નહસ કરવી છે. ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્રભાઇ મોદીની પ્રબળ રાજકીય ઇચ્છાશક્તિના આધાર ઉપર ગુજરાતની છ કરોડની પ્રજાની શાંતિ અને સલામતી માટે આ ગુજકોકનો કાયદો બન્યો તેને આજ દિવસ સુધી પરવાનગી નથી આપવામાં આવી. સ્થાનિક સત્તા મંડળનો કાયદો, તેમાં કહેવામાં આવ્યું કે અમારી સરકાર મહિલા સશક્તિકરણ માટે કામ કરે છે.

માનનીય અધ્યક્ષશ્રી, એમાં કહેવામાં આવ્યું કે, અમારી સરકાર મહિલા સશક્તિકરણ માટે કામ કરે છે, અમારી સરકારે બેટી વધાવો, બેટી બચાવો, ચિરંજીવી યોજના, મિશન મંગલમ જેવા અનેક કામ કર્યા, હવે અમારી સરકાર ઇચ્છે છે કે, મહિલાને પુરુષ સમોવડી ગણીને મહિલાઓને સત્તાની અંદર પચાસ ટકા જેટલી ભાગીદારી આપવી જોઇએ, આજ દિવસ સુધી એ કાયદાના સંદર્ભમાં બે વર્ષનો ગાળો ગયો, બે વર્ષનો, હજી સુધી એને મંજૂરી આપવામાં નથી આવી. ગુજરાતમાં લઠ્ઠાકાંડ થયો અને એ લઠ્ઠાકાંડને કારણે કેટલાય ગરીબ – નિર્દોષ લોકોના જાન ગયા, આ સરકારે કટિબદ્ધતા દર્શાવી કે અમે ગુજરાતની અંદર લઠ્ઠા જેવો દારૂ ઉત્પાદન કરવા સામે અમે કડકમાં કડક, આકરામાં આકરા પગલાં લઇશું, પરંતુ એ આખા કાયદાને ૨૧ મહિના સુધી મંજૂરી ન આપવામાં આવી. અમારી સરકાર દારૂબંધી માટે કડકમાં કડક કાયદાના અમલ માટે પ્રયાસ કરે છે, ગુજરાતની અંદર કેટલાક વિસ્તારો એવા હોય છે કે, એમાંથી હિંદુ વિસ્તાર પોતાનો છોડીને બીજે રહેવા જતો રહ્યો, અને ધીમે ધીમે બીજા સમુદ્બાયમાં વધારો થાય, માનનીય અધ્યક્ષશ્રી, અમે માનીએ છીએ કે, આ ગુજરાતની અંદર હિંદુ અને મુસ્લિમ સાથે રહેવા જોઇએ, સદ્ ભાવનાપૂર્વક રહેવા જોઇએ પરંતુ કેટલાક લોકોએ પોતાના મેલા ઇરાદાઓ બર લાવવા માટે, એની સામે ગુજરાતમાં અશાંત વિસ્તાર ધારો, છ માસ જેટલા લાંબા સમય સુધી આ બિલની અંદર મંજૂરી ન મળી.

માનનીય સભ્યશ્રી નટવરસિંહ, પેલા ટૂકડા ધારાની વાત કરું છું, એ તો સાંભળો, વર્ષોથી મંજૂર હતી, આ ટૂકડા ધારો ગુજરાતની સરકારે અહીંયાથી આ સન્માનનીય સભાગૃહના સભ્યશ્રીઓએ પાસ કર્યો હતો, ૨૧–૨૧ મહિનાના વિલંબ બાદ આ કાયદાને તમારા દ્વારા મંજૂરી આપવામાં આવી, સાચા અર્થમાં રાજયની કલ્યાણની ભાવનાને મુર્તિમંત કરવા માટે આ ગુજરાતની સરકારે અનેક કાયદાઓ પસાર કર્યા, અને ગુજરાતની સરકાર જયારે વિકાસની નવી ક્ષિતિજો કરતી જાય છે ત્યારે માત્રને માત્ર નરેન્દ્રભાઇ મોદીની નીતિ નથી ગળતી, નરેન્દ્રભાઇ મોદીને તમે પ્રજામાં સીધી રીતે જીતી નથી શકતા, એટલા માટે તમારે આવા

સંવૈધાનિક પદોનો ઉપયોગ કરીને તમે માત્ર ગુજરાતને અન્યાય નથી કરતા, ગુજરાતની સાડા છ કરોડ પ્રજાને તમે અન્યાય કરી રહ્યાં છો, આવા સંજોગોમાં આજે ચૂંટાયેલી આ સરકાર, ચૂંટાયેલા ધારાસભ્યશ્રીઓ, અને ધારાસભ્યશ્રીઓ પોતાના રાજયના વિકાસ માટે, રાજયના કલ્યાણ માટે જે કાયદાઓ લઇને આવે, આ સન્માનનીય સભાગૃહની અંદર એની વિષદ ચર્ચા થતી હોય છે અને આ વિષદ ચર્ચા પછી અહીંયાં બેઠેલા આપણા સૌની લાગણી હોય છે કે આપણે આપણા મતક્ષેત્રનો વિકાસ કરીએ, આપણા ગુજરાતનો વિકાસ કરીએ, પરંતુ માત્રને માત્ર રાજકીય દ્રષ્ટિકોણના આધાર ઉપર ગુજરાત સરકારના કાયદાઓને રોકવા માટેના • (xxxxxx) જેનો ૨૦૧૨ની ચૂંટણીમાં ગુજરાતની પ્રજાએ તમને જવાબ આપી દીધો છે, આગામી દિવસોની અંદર આપણે સૌ કેન્દ્રની સરકારને અનુરોધ કરીએ કે સરકારીયા કમિશનની, પંછી કમિટીની, ઇન્ટર મિનિસ્ટર સ્ટેટ કાઉન્સિલના અહેવાલોની, માનનીય અધ્યક્ષશ્રી, આ બધાના સૂચનોની અમલવારી કરીને માનનીય રાજયપાલ જેવા સંવૈધાનિક જેવા પદો પર બેઠેલા વ્યક્તિઓએ આ કાયદાનો રાજયના વિકાસ માટે ઝડપથી એનું અમલીકરણ કરીને આ રાજયની કલ્યાણકારી ભાવના છે, એ કલ્યાણકારી ભાવનાને મુર્તિમંત કરવા માટે રાજયની અપેક્ષાને સાર્થક બનાવે એવો આજના પ્રસંગે માનનીય રમેશભાઇ મહેશ્વરી જે સંકલ્પ લાવ્યા છે એ સંકલ્પને મારું સમર્થન આપું છું.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો**

**અધ્યક્ષશ્રી :** પ્રસ્તાવનો સ્વીકાર કરવામાં આવે છે.

**સભાગૃહનું કામકાજ સાંજના ૫.૧૦ વાગ્યે પૂરું થતાં સભાગૃહ અધ્યક્ષશ્રીના આદેશાનુસાર શુક્રવાર તા.૧–૩–૨૦૧૩ના રોજ સવારના ૮.૩૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહ્યું.**

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા.

**ગુજરાત વિધાનસભા**
**શુક્રવાર, તા. ૧લી માર્ચ, ૨૦૧૩**
**ફાલ્ગુન ૧૦, ૧૯૩૪ શાકે**
**સભાગૃહ સવારના ૮–૩૦ વાગ્યે મળ્યું**
**અધ્યક્ષશ્રી વજુભાઇ વાળા અધ્યક્ષસ્થાને.**

## તારાંકિત પ્રશ્નો

આણંદ જિલ્લામાં રેવન્યુ ઇન્સ્પેકશન કમિશ્નર દ્વારા કચેરીઓની તપાસ કરવા બાબત.

*૧૮૪૩ શ્રી અમિત અ. ચાવડા(આંકલાવ) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કેઃ

**પ્રશ્ન**

(૧)આણંદ જિલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રેવન્યુ ઇન્સ્પેકશન કમિશ્નર દ્વારા કઇ કઇ કચેરીની કેટલીવાર તપાસ કરવામાં આવી,

(૨)તપાસણી દરમિયાન કઇ કઇ બાબતોની તપાસ કરવામાં આવી,

(૩)કઇ કઇ કચેરીમાં કયા કયા પ્રકારની ગેરરીતિઓ ધ્યાને આવી, અને

(૪)તે અન્વયે શાં પગલાં લેવાનાં આવ્યા ?

**જવાબ**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ રેવન્યુ ઇન્સ્પેકશન કમિશનર દ્વારા આણંદ જિલ્લાની નીચે મુજબની કચેરીઓની તપાસ કરવામાં આવેલ છે.

| કચેરીનું નામ | તપાસની સંખ્યા |
|---|---|
| કલેક્ટર કચેરી, આણંદ | ૨ |
| મામલતદાર કચેરી, સોજીત્રા | ૧ |
| મામલતદાર કચેરી, બોરસદ | ૧ |
| મામલતદાર કચેરી, આણંદ (ગ્રામ્ય) | ૧ |
| મામલતદાર કચેરી, આણંદ (શહેર) | ૧ |
| મામલતદાર કચેરી, આંકલાવ | ૧ |
| મામલતદાર કચેરી, પેટલાદ | ૧ |
| મામલતદાર કચેરી, સોજીત્રા | ૧ |
| મામલતદાર કચેરી, પેટલાદ, ઈ–ધરા કેન્દ્ર | ૧ |
| જિલ્લા પંચાયત કચેરી, આણંદ | ૨ |
| તાલુકા પંચાયત કચેરી, સોજીત્રા | ૧ |
| તાલુકા પંચાયત કચેરી, બોરસદ | ૧ |
| તાલુકા પંચાયત કચેરી, આણંદ | ૧ |
| તાલુકા પંચાયત કચેરી, આંકલાવ | ૧ |

(૨) સામેલ *પત્રક મુજબ નિયત થયેલ બાબતોની,

(૩) ગેરરીતિઓ ધ્યાને આવેલ નથી, પરંતુ ક્ષતિઓ ધ્યાને આવેલ છે; જે કલેક્ટરશ્રી/કચેરીના વડાને ધ્યાને મૂકેલ છે.

(૪) જવાબ (૩) ની વિગતે પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(*પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

શ્રી અમિત અ. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, જવાબમાં છેલ્લા બે વર્ષમાં જે કચેરીઓની તપાસ કરવામાં આવી છે. મારે માનનીય મંત્રીશ્રીને વિનંતી કરવી છે કે જે ક્ષતિઓ ધ્યાને આવી છે એની વિગત અમને મળી નથી તો બને તો ટેબલ પર મૂકવામાં આવે અને સાથેસાથે મારો એમને એ પ્રશ્ન છે કે કલેકટર કચેરી આણંદ અને મામલતદાર કચેરી આણંદ એમ છેલ્લા બે વર્ષમાં કેટલી તપાસ કરવામાં આવી, કઇ કઇ ક્ષતિઓ ધ્યાનમાં આવી અને એ અંગે શું કાર્યવાહી કરવામાં આવી?

શ્રીમતી આનંદીબેન મ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આમાં પહેલા પ્રશ્ન ના જવાબમાં નીચે લખ્યું છે કે પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.

શ્રી અમિત અ. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, પત્રક જે સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવ્યું છે એમાં કઇ કઇ બાબતની તપાસ કરવામાં આવી એનું લિસ્ટ છે. એમાં કઇ ક્ષતિઓ ધ્યાને આવેલી છે એની કોઇ માહિતી આપવામાં આવેલી નથી.

શ્રીમતી આનંદીબેન મ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, તપાસણી કમિશ્નરે છેલ્લા બે વર્ષમાં કલેકટર કચેરી, મામલતદાર કચેરી બોરસદ, મામલતદાર કચેરી આણંદ (ગ્રામ્ય), મામલતદાર કચેરી આણંદ શહેર, પ્રાંત કચેરી પેટલાદ, મામલતદાર કચેરી સોજીત્રા એની વહીવટી તપાસણી કરી અને એમાં જે ક્ષતિઓ જણાઇ એમાં કલેકટર કચેરી આણંદમાં ૩૪૫ ક્ષતિઓ જણાઇ હતી એમાંથી ૩૨૨ ક્ષતિઓની પૂર્તતા કરી છે અને હવે માત્ર ૨૨–૨૩ પારા બાકી છે. મામલતદાર કચેરી બોરસદમાં ૨૯૫ મુદ્દા નીકળ્યા હતા એમાંથી ૨૬૩ પૂરા કરવામાં આવ્યા છે. મામલતદાર કચેરી આણંદ એમાં ૨૬૦ હતી એમાં બધી જ ક્ષતિઓને પૂર્ણ કરવામાં આવી છે. કલેકટર કચેરી આણંદ એમાં ૩૪૬ એમાંથી ૩૩૦ ક્ષતિઓને પૂર્ણ કરવામાં આવેલ છે. મામલતદાર કચેરી આણંદ શહેર એમાં ૧૬૯ હતી એમાંથી ૧૬૭ પૂર્ણ કરી બે જ બાકી છે. મામલતદાર કચેરી આંકલાવમાં પાંચ બાકી છે ૧૮૧ હતી એમાંથી ૧૭૬ પૂર્ણ કરી અને પાંચ બાકી છે. પ્રાંત કચેરી પેટલાદ એમાં ૧૬૮ હતી એમાંથી ૧૬૩ પૂર્ણ કરી છે એમાં પાંચ બાકી છે. મામલતદાર કચેરી સોજીત્રા એમાં ૭૧ હતી, ૬૩ પૂર્ણ કરી. આઠ બાકી છે. આમ ૧૮૩૫ કુલ પારા હતા એમાંથી ૧૭૭૩ પૂર્ણ કરી છે. ૬૨ બાકી છે.

શ્રી રાજેન્દ્રસિંહ ધી. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવું છે કે બોરસદ તાલુકામાં જે ગંભીર ક્ષતિ જાણવા મળી એમાં કયા પ્રકારની ક્ષતિઓ હતી અને જે બાકી છે એ કયારે પૂર્ણ કરવામાં આવશે?

શ્રીમતી આનંદીબેન મ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, જે ક્ષતિઓ બાકી છે એ એકાદ અઠવાડીયામાં પૂરી કરવામાં આવશે અને જે ક્ષતિઓ નીકળી છે એમાં આવા પ્રકારની ક્ષતિઓ હોય છે. એક તો નોન ક્રિમીલેયર સર્ટીફીકેટ આપ્યા હોય તો એ લોકો શોધી કાઢતા હોય છે કે અપાય કે ન અપાય, નિકાલ થયેલ ફેરફાર નોંધોની ચકાસણી એમાં થતી હોય છે અને એમાં જો કોઇ ફેરફાર થયો હોય તો એન.એ. કરવામાં આવે છે, બીન ખેતીના અભિપ્રાયો જે લેવામાં આવે છે એમાં કોઇ અભિપ્રાય જલ્દી ના આપ્યો હોય, મોડો આપ્યો હોય તો એને પણ અધિકારીને બોલાવીને કહેવામાં આવે છે. ઇ ધરા રોજમેળ અને કેશબુક નિકાલ, મામલતદાર અને સર્કલ ઓફિસરની ડાયરીને તપાસવામાં આવે છે અને એમાં જો ક્ષતિ હોય તો કહેવામાં આવે છે. આવા પ્રકારની ક્ષતિઓ નીકળતી હોય છે અને અધિકારીઓ જો આવી ભૂલ કરતા હોય તો તાલીમ આપીને ફરીથી એવી ભૂલો ન થાય એના માટેની ચિંતા કરવામાં આવે છે.

શ્રી જયંતભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આ જે ક્ષતિઓનું કારણ છે એ મારા જાણવા પ્રમાણે સ્ટાફ ઓછો હોવાને કારણે છે. કામ કરતું ડિપાર્ટમેન્ટ છે પણ સ્ટાફની અછત એટલી બધી છે તો સ્ટાફને વહેલી તકે મૂકવા માગો છો?

શ્રીમતી આનંદીબેન મ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ક્ષતિઓને અને સ્ટાફને કોઇ સબંધ નથી. આમાં જે ભૂલો થાય છે એ કયાંક બેકાળજીને કારણે ભૂલો કરતા હોય છે અથવા તો એના જી.આર.નું અર્થઘટન જુદુ કરીને ભૂલ કરતા હોય છે એટલે ટેકનોલોજી છે ઇધરા અને એ બધું તો કોમ્પ્યુટરથી ચાલતું હોય છે એટલે એમાં કોઇ પ્રશ્ન આવતો નથી.

શ્રી દિલીપભાઇ મ. પટેલ : આપના દ્વારા માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે રેવન્યુ ઇન્સ્પેક્ટરના બાકી પેરાની અદ્યતન વિગતો શું છે?

શ્રીમતી આનંદીબેન મ. પટેલ : મેં અદ્યતન વિગતો વિગતથી આપી દીધી છે. છતા ટૂંકમાં કહું. જે ૮ કચેરીઓની તપાસણી કરવામાં આવી, એમાં ૧૮૩૫ પારા નીકળ્યા હતા. ૧૭૭૩ પૂર્ણ થયા છે અને ૬૨ બાકી છે, જે થોડા સમયમાં પૂર્ણ કરવામાં આવશે.

શ્રી નિરંજન પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે પેટલાદ મામલતદાર કચેરીમાં સ્ટાફ ઓછો છે, વિદેશથી જે લોકો આવે છે, તેમને તરત જ પાછા જવાનું હોય છે અને સ્ટાફ ઓછો હોવાના કારણે તેમના કામ થતાં નથી, એના કારણે મોડું થતું હોવાના કારણે કરપ્શનના બહુ બનાવો બનતા હોય છે. કમ્પ્લેઇન આવતી હોય છે, તો કોઇ કમ્પ્લેઇન આવી છે ખરી?

શ્રીમતી આનંદીબેન મ. પટેલ : આવી કોઇ કમ્પ્લેઇન અમારી પાસે નથી આવી.

શ્રી સી. કે. રાઉલજી : માનનીય અધ્યક્ષશ્રી, ઇ–ધરાના કારણે ભૂતકાળમાં પ્રાઇવેટ એજન્સીને કોન્ટ્રાકટ આપવાથી મોટા ભાગની ભૂલો થઇ છે. હાલ સરકાર સરકારી કર્મચારી તરીકે નિમણૂક કરવા માગે છે કે કેમ? ભૂતકાળમાં ઇ–ધરા કોમ્પ્યુટર મારફતે કેટલી ભૂલો આ જિલ્લામાં થઇ? આખા ગુજરાત રાજ્યમાં કેટલી થઇ તે હું જાણવા માગું છું?

શ્રીમતી આનંદીબેન મ. પટેલ : માત્ર આણંદ જિલ્લાનો પ્રશ્ન છે. આણંદ જિલ્લાની ક્ષતિઓની વાત કરી દીધી છે. આખા રાજ્યનો પ્રશ્ન પૂછશો તો કહીશ. ઇ–ધરાની અંદર સરકારી કર્મચારીને મૂકવા માટેનો નિર્ણય લઇ લીધો છે.

શ્રી સી. કે. રાઉલજી : આ મોટા ભાગની ભૂલો થઇ છે, તે ભૂલોના ભાગરૂપે મારા ગોધરા તાલુકાની અંદર..

અધ્યક્ષશ્રી : આણંદ પૂરતો સવાલ છે. બધાને લાગુ ન પડે. પ્રશ્ન ક્રમાંક–૨. ભાઇ રાઉલજી, આ જે જિલ્લાનો હોય..

શ્રીમતી આનંદીબેન મ. પટેલ : ઇ–ધરામાં ટેકનોલોજીનો ઉપયોગ કરીને વધારેમાં વધારે સારી રીતે મહેસૂલી તંત્ર કામ કરી રહ્યું છે.

અધ્યક્ષશ્રી : કોઇ ચર્ચા નથી. ૭ મિનિટ થઇ ગઇ.

**કચ્છ જિલ્લામાં સામૂહિક વનનિર્માણ યોજનામાં રોપાનું વાવેતર**

* ૧૭૮૮ **શ્રી વાસણભાઇ ગો. આહીર(અંજાર) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
| --- | --- |
| (૧) કચ્છ જિલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સામૂહિક વનનિર્માણ યોજના અંતર્ગત કેટલા રોપાનું વાવેતર કરેલ છે, અને | (૧) ૭.૮૮ લાખ |
| (૨) તેની પાછળ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ? | (૨) રૂ. ૩૦૮.૦૮ લાખ |

શ્રી વાસણભાઇ ગો. આહિર : માનનીય અધ્યક્ષશ્રી, કચ્છ જિલ્લામાં ૩૧–૧૨ ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં કયા કયા રોપાનું વિતરણ કરવામાં આવ્યું છે. અને કેટલા રોપાનું વિતરણ કરવામાં આવ્યું છે? બીજું સામાન્ય વનીકરણ યોજનામાં કયા કયા મોડેલનું વાવેતર કરવામાં આવે છે? આ સામાજિક વનીકરણ યોજના એ ગ્રીન ગુજરાતનું સ્લોગન લઇને ચાલે છે, ત્યારે આ સામાજિક વનીકરણ યોજનામાં ટેરેસ્ટ તલાવડીઓનું કામ કરવા માગો છો કે કેમ?

શ્રી ગોવિંદભાઇ ઉ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ બે પ્રશ્ન પૂછ્યા કે કયા કયા પ્રકારના રોપા? તો જે તે વિસ્તારની જમીનને આનુષંગિક જે ઝાડ ઉછરતા હોય તે પ્રકારના રોપા જે તે વિસ્તારમાં આપવામાં આવે છે. સામાજિક વનીકરણ યોજનામાં કયા કયા મોડેલ હેઠળના રોપાનું વાવેતર કરવામાં આવેલ છે? તો આ યોજના નીચે પટ્ટી વાવેતર રસ્તાની સાઇડમાં પ્રતિ હેકટર ૧૬૦૦ રોપા ૨.૫

મિટરના અંતરે રોપવામાં આવે છે એ જ રીતે ગ્રામ વન પિયત યોજના નીચે ગ્રામ ગૌચર જમીનમાં પ્રતિ હેકટરે ૧૬૬૬ રોપા ૩.૨ મિટરના અંતરે રોપવામાં આવે છે. આ રોપાને પ્રથમ વર્ષે ૩ વખત વીડિંગ અને સોઇલ વર્કીંગ અને ૪ વખત પાણી આપવામાં આવે છે. ગ્રામ વન બિન પિયત યોજના નીચે ગામની ગૌચર જમીનમાં પ્રતિ હેક્ટર ૧૬૦૦ રોપા ૨.૫ x ૨.૫ મિટરના અંતરે રોપવામાં આવે છે. વીડિંગ અને સોઇલ વર્કીંગ પણ તેમને કરવામાં આવે છે. મોડેલ–ઇ પર્યાવરણ વાવેતર, આ મોડેલમાં સ્કૂલમાં સરકારી કમ્પાઉન્ડ, સરકારી પંચાયત ઓફિસ, હોસ્પિટલ, તળાવ કાંઠે, સ્મશાનની જગ્યાએ પ્રતિ હેકટર વિસ્તારમાં ૧૧૧૧ રોપા ૩ x ૩ ના અંતરે રોપવામાં આવે છે. એમાં વિડિંગ અને સોઇલ વર્કીંગ કરવામાં આવે છે. ૪ વખત પાણી આપવામાં આવે છે.

શ્રી છબીલભાઇ ના. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મારો પ્રશ્ન એ છે કે કચ્છની અંદર છેલ્લા દસ વર્ષની અંદર જે ખર્ચ કર્યો અને રોપા આપણે જોઇએ તો કંઇ જ નથી. તો તેવી કોઇ મોર્ડન સિસ્ટમ ઉભી કરવા માગે છે કે રોપા વાવ્યા પછી તેની જાળવણી કરી શકાય અને પ્રાઇવેટ પાર્ટીને આપે તો ૧૦૦ ટકા જે ખર્ચ આવે છે ૩૯ રૂપિયા તેના કરતાં અડધી કિંમતમાં તે રોપાને ઉછેરી નાંખે તેવી કોઇ ઓફરો આવી છે? તેના માટે વિચારણા કરી છે?

શ્રી ગોવિંદભાઇ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય છબીલભાઇને હું જણાવીશ કે કચ્છ જિલ્લામાં સામૂહિક વન નિર્માણ યોજના હેઠળ વર્ષ ૨૦૧૧–૧૨માં વાવેલ રોપા પૈકી લગભગ ૨ લાખ ૯૮ હજાર એટલે કે ૭૮ ટકા જીવંત રહ્યા છે અને ૨૦૧૨–૧૩ના વર્ષમાં ૯૨ ટકા રોપા જીવંત રહ્યા છે. બાકીની આપની વાત છે તે સૂચન છે.

શ્રી રમેશભાઇ વ. મહેશ્વરી : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે આ સામાજિક વનીકરણ એટલે શું? આ યોજના અંતર્ગત કયા કયા કાર્યક્રમોનું અમલીકરણ કરવામાં આવે છે અને બીજો પ્રશ્ન એ છે કે કચ્છ જિલ્લામાં કઇ કઇ યોજનામાં છેલ્લા એક વર્ષમાં કયા રોપાનું વાવેતર થયેલ છે?

શ્રી ગોવિંદભાઇ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીના પ્રશ્નના જવાબમાં જંગલ બહારનો વિસ્તાર જે છે, જેને જંગલમાં આપણે આવરી લીધેલ નથી તેવા વિસ્તાર જે આજદિન સુધી બિલકુલ વેરાન હતા તેવી જગ્યાઓને વનાચ્છાદિત બનાવવા માટેનો પ્રયાસ થયો છે તેનું નામ સામાજિક વનીકરણ છે. આ જમીનની અંદર ગામ લોકોનો આર્થિક ફાળો, વિવિધ સંસ્થાઓ ગૌચરની જમીનો, સરકારી પડતર, રસ્તા, નહેર, રેલવેની બાજુની જમીન, નદી, તળાવના કાંઠા, ખેડૂતોની જમીન પર વૃક્ષો રોપવામાં આવે છે. સામાજિક વનીકરણ અંતર્ગત પટ્ટી વાવેતર જેમાં રસ્તા, નહેર, રેલવે લાઇન, ગૌચરની જમીન, સરકાર પડતર જમીન કે બોરા ડુંગરો ઉપર ટપક સિંચાઇ પદ્ધતિથી પણ રોપાનું વાવેતર કરવામાં આવે છે.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ કહ્યું કે ૭ લાખ ૭૮ હજાર જેટલા છોડ વાવ્યા, તેની ટકાવારી પણ કહી અને કહે છે કે આટલા જીવંત રહે છે. આવા જે જીવીત રહે છે તેને પણ કચ્છમાં મોટા ઉદ્યોગો દ્વારા કાપવામાં આવેલ છે. તે બાબતની સરકારશ્રીને ફરિયાદ મળેલ છે, જો મળી હોય તો સરકાર તેમાં કોઇ પગલાં લેવા માગે છે કે કેમ?

શ્રી ગોવિંદભાઇ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આવી કોઇ ફરિયાદ મારા ધ્યાન ઉપર નથી. આપને હોય તો મને આપજો.

શ્રી વાસણભાઇ ગો. આહિર : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીને મેં પ્રશ્ન પૂછયો કે અત્યારે કચ્છની અંદર જે ડુંગરાળ વિસ્તાર છે અને જે ડુંગર છે ત્યાં ટેરેસ તલાવડીઓ કરવા માગે છે કે નહીં?

શ્રી ગોવિંદભાઇ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ટેરેસ તલાવડીની યોજનાઓ ચાલુ છે. તે પ્રકારના કોઇ ડુંગરા હશે તો તેની ઉપર કરવામાં આવશે.

**નખત્રાણા ગ્રામ પંચાયતને નગરપાલિકામાં ફેરવવા બાબત**

* ૧૯૫૦ **શ્રી છબીલભાઇ ના. પટેલ(અબડાસા) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
| --- | --- |
| (૧) તા. ૩૧–૦૧–૧૩ની સ્થિતિએ કચ્છ જિલ્લાના નખત્રાણા ગ્રામ પંચાયતને નગરપાલિકામાં ફેરવવા સરકાર વિચારે છે તે હકીકત સાચી છે, અને | (૧) નખત્રાણા ગ્રામ પંચાયતને નગરપાલિકામાં ફેરવવાની બાબત હાલ વિચારણામાં નથી. |
| (૨) જો હા, તો કેટલા સમયમાં નગરપાલિકામાં ફેરવવામાં આવશે ? | (૨) ખંડ–૧ ની વિગતે પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

શ્રી છબીલભાઇ ના. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મારે માનનીય મંત્રીશ્રીને પૂછવું છે કે, નગરપાલિકા બનાવવા માટેનું ધોરણ શું છે? કદાચ વસ્તી ઓછી પડતી હોય તો એક–બે કિલોમીટર બાજુમાં જ મોટું વિરાડી ગામ છે તેની પંચાયત પણ અલગ છે, મારો મત વિસ્તાર એટલો મોટો છે અને તેની અંદર એકપણ નગરપાલિકા નથી. તેની અંદર નગરપાલિકા હોય તો થોડો સારો વિકાસ થઇ શકે એટલા માટે માનનીય મંત્રીશ્રી નખત્રાણાને નગરપાલિકા બનાવવા માગો છે કે કેમ?

શ્રીમતી આનંદીબેન મ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હવે દરેકની માગણીઓ આવતી જાય છે કે નગરપંચાયતો હોય તો તેને નગરપાલિકામાં ફેરવો, કારણ કે મુખ્યમંત્રીશ્રી સ્વર્ણિમ યોજના તળે કરોડો રૂપિયા હવે નગરપાલિકાઓના વિકાસ માટે રાજય સરકાર પહેલીવાર આપવા માંડી છે. એટલા માટે માગણીઓ થાય છે.

અધ્યક્ષશ્રી : નખત્રાણાને આપવા માગો છો કે નહીં તે પ્રશ્ન છે.

શ્રીમતી આનંદીબેન મ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, નગરપાલિકા બનશે ત્યારે તે લાભ તેને પ્રાપ્ત થશે. નખત્રાણા નગરપંચાયત છે તેની ૨૦૦૧ની વસ્તી ૧૪,૫૬૮ છે. ૨૦૧૧ની વસ્તીના આંકડા અત્યારે આપણી પાસે આવ્યા નથી. ભારત સરકાર જયારે આંકડાઓ જાહેર કરશે અને તેમાં આ ૧૫ હજારની વસ્તી કરતાં વધારે હશે તો તે નગરપાલિકામાં ફેરવાશે.

શ્રી રમેશભાઇ વ. મહેશ્વરી : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી આપશ્રી મારફતે જાણવા માગું છું કે, નગરપાલિકા બનાવવાના નિયમો શું છે, અને નિયમો કયારે બનેલ છે?

શ્રીમતી આનંદીબેન મ. પટેલ : : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત નગરપાલિકા અધિનિયમ ૧૯૬૩ની કલમ ૫ (૧)ની જોગવાઇ પ્રમાણે ગુજરાત પંચાયત અધિનિયમ ૧૯૯૩ની કલમ ૭ની જોગવાઇ અન્વયે છેલ્લી વસતી ગણતરી મુજબ જે ગ્રામ પંચાયતની વસતિ પંદર હજાર કે તેથી વધુ હોય તેવી ગ્રામ પંચાયતોને નગરપાલિકા બનાવવામાં આવે છે. આ એના નિયમો છે.

શ્રી વાઘજીભાઇ ધ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી આપશ્રી મારફતે જાણવા માગું છું કે, ગ્રામ પંચાયતમાંથી નગરપાલિકા થવાથી શું ફાયદો થાય છે અને નગરપાલિકાઓને કેટલી ગ્રાન્ટ મળે છે?

શ્રીમતી આનંદીબેન મ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, નગરપાલિકા બનવાથી ગ્રામ પંચાયતમાંથી શહેરી વિસ્તારમાં રૂપાંતર થતું હોય એટલે માળખાકીય સુવિધાઓની જરૂરિયાત ઉભી થાય છે, એમાં સફાઇ, પાણી, વીજળી, ગટરની વ્યવસ્થાઓ અને રસ્તાઓ એના નાગરિકોને પૂરા પાડવામાં આવે છે અને એટલા માટે રાજય સરકારે છેલ્લા ચાર પાંચ વર્ષોથી નગરપાલિકાઓને કરોડો રૂપિયાની ગ્રાન્ટ અને સાહેબ, છેલ્લે મને ખબર છે કે ૨૦૦૫–૦૬ની અંદર ૭૦૦૦ કરોડ રૂપિયા આ નગરપાલિકાઓ અને કોર્પોરેશનના વિકાસ માટે સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના દ્વારા અપાઇ હતી, એના તળે મોડેલ નગરપાલિકાને (ડ) વર્ગની હોય તો ત્રણ કરોડ રૂપિયા આપવામાં આવે છે, સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના એટલે પાણી પુરવઠા અને ભૂગર્ભ ગટર એના જે ડીપીઆરની કોસ્ટ બને એમાં ૧૭ કરોડ હોય કે ૧૦ કરોડ હોય એ તમામ રકમ એ રાજય સરકાર સો ટકા આપે છે, એ ઉપરાંત વ્યવસાય કરની આવકની ગ્રાન્ટ એના ૫૦ ટકા આપે છે, મનોરંજન કર ગ્રાન્ટની યોજના છે એના ધોરણો મૂજબ આપવામાં આવે છે, નિર્મળ

ગુજરાત કાર્યરૂપ શૌચાલયોની સુવિધામાં (અંતરાય) કુટુંબોને શૌચાલયની કિટ્સ (અંતરાય) આપવામાં આવે છે. સ્મશાન સુધારણા માટે ૧૫ લાખ રૂપિયા આપવામાં આવે છે. સફાઇ કર જેટલો ઉઘરાવ્યો હોય એની સામે એટલી રકમ આપવામાં આવે છે, એ રીતે નગર સેવા સદન (અંતરાય) બનાવવા માટે એક કરોડની ગ્રાન્ટ આપવામાં આવે છે.

શ્રી વાસણભાઇ ગો. આહિર : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી આપશ્રી મારફતે જાણવા માગું છું કે, કચ્છ જિલ્લામાં ગ્રામ પંચાયતમાંથી નગરપાલિકામાં ફેરવવા માટેની કોઇ દરખાસ્તો મળી છે કે કેમ? અને મળી હોય તો કેટલી મળી છે?

શ્રીમતી આનંદીબેન મ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આ પ્રશ્ન નખત્રાણા પૂરતો જ સીમિત છે, અને એટલા માટે એમને એ માહિતી જોઇતી હોય તો બીજો પ્રશ્ન પૂછવો પડે.

શ્રી જશુભાઇ ધા. બારડ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી આપશ્રી મારફતે જાણવા માગું છું કે, ૧૮૦૦૦ ગામડાં છે, ગ્રામ પંચાયતને તમે ગ્રાન્ટ કઇ રીતે ફાળવો છો અને નખત્રાણા ગામની અત્યારની જે વસતિ છે, ૧૫૦૦૦ની વસતિ થઇ જાય તો એ નગરપાલિકામાં આવી જાય, પણ ૧૫૦૦૦થી ૫૦૦ જેટલી ઓછી વસતિ છે તો એને અત્યારે કેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવે છે?

શ્રીમતી આનંદીબેન મ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આ ગ્રામ પંચાયતનો પ્રશ્ન છે, એટલે એનો જવાબ પંચાયત વિભાગ આપી શકે, અને આ નગરપાલિકા પૂરતો પ્રશ્ન છે અને એટલા માટે એમના પ્રશ્નની માહિતી મારી પાસે ઉપલબ્ધ ન હોય, એના માટે એમણે બીજો પ્રશ્ન પૂછવો પડે.

શ્રી છબીલભાઇ ના. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી આપશ્રી મારફતે જાણવા માગું છું કે, નખત્રાણા માટે આવી કોઇ દરખાસ્ત આવેલી છે ખરી?

શ્રીમતી આનંદીબેન મ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આવી કોઇ દરખાસ્ત નથી આવી.

શ્રી સી. કે. રાઉલજી : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી આપશ્રી મારફતે જાણવા માગું છું કે, ગુજરાત રાજ્યમાં ૫૦૦૦ થી ૧૨૦૦૦ સુધીની ગ્રામ પંચાયતો છે, જેમ નગરપાલિકામાં માનનીય મુખ્યમંત્રી દ્વારા સ્વર્ણિમ જયંતિ દાખલ કરી છે એમ આવી ગ્રામ પંચાયતો જે ૫૦૦૦ થી ૧૨૦૦૦ની વસતિવાળી હોય એવી ગ્રામ પંચાયતોમાં સ્વર્ણિમ જયંતિ દાખલ કરવા માગો છો કે કેમ?

શ્રીમતી આનંદીબેન મ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, એમનું સૂચન છે.

**પાટણ જિલ્લામાં નિરાધાર વિધવાઓને વિધવા સહાય યોજનામાં તાલીમ**

* ૧૭૬૮ **શ્રી નાગરજી હ. ઠાકોર(રાધનપુર) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) પાટણ જિલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી નિરાધાર વિધવાઓને વિધવા સહાય યોજના હેઠળ તાલીમ આપવામાં આવેલ છે, અને | (૧) ૪૨૫ નિરાધાર વિધવાઓને તાલીમ આપવામાં આવેલ છે. |
| (૨) તે પાછળ રાજ્ય સરકારે કેટલો ખર્ચ કરેલ છે ? | (૨) રૂ. ૩૫,૯૦,૧૨૫/– નો ખર્ચ કરેલ છે. |

શ્રી નાગરજી હ. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, ૧–૧–૨૦૧૧ થી ૩૧–૧૨–૨૦૧૨ સુધીમાં પાટણ જિલ્લામાં તાલુકાવાર કેટલી બહેનો વિધવા સહાય યોજના હેઠળ સહાય આપવામાં આવી અને તેમાં કેટલી બહેનો તાલીમ ને પાત્ર હતી? આ તાલીમ પાછળ કુલ કેટલો ખર્ચ થયો અને તાલુકાવાર કુલ કેટલી બહેનોને સાધન સહાય ચૂકવવામાં આવી?

પ્રો વસુબેન ન. ત્રિવેદી : માનનીય અધ્યક્ષશ્રી, એમનો પ્રશ્ન તમામ તાલુકાનો છે. પાટણ તાલુકામાં સહાય મેળવતી બહેનો સંખ્યા ૧૫૮૮ હતી, ૨૮૫ બહેનો એ લાભ મેળવી શકે તેમ હતી, ૧૨૫ બહેનોએ લાભ લીધો અને કુલ તાલીમ નો ખર્ચ રુ.૬,૧૪,૬૫૦ અને લાભાર્થીઓને આપેલ સાધનોની સહાય ૪.૨૫ લાખ હતી. ચાણસ્મામાં ૪૨૬ બહેનોએ સહાય મેળવી. ૧૨૬ બહેનો એમાંથી સહાય મેળવી શકે તેમ હતી,

૮૫ બહેનોને તાલીમ આપી રુ. ૪,૨૬,૮૭૦ નો ખર્ચ થયો અને સાધન સહાય ૩.૮૫ લાખની આપી. હારિજમાં ૨૨૯ સહાય મેળવતી હતી, ૫૬ બહેનો તાલીમ લઇ શકે તેવી હતી, ૨૫ બહેનોને તાલીમ આપવામાં આવી, તાલીમ નો ખર્ચ ૨,૩૮,૦૪૦ થયો, ૨૨ બહેનોને સહાય આપવામાં આવી, ૧.૧૦ લાખ સાધનનો ખર્ચ થયો. રાધનપુરમાં ૧૮૨ બહેનો સહાય મેળવતી હતી, ૬૫ બહેનોને તાલીમ આપી શકાય તેમ હતી તેમાંથી ૪૦ બહેનોએ તાલીમ લીધી અને તાલીમ નો ખર્ચ ૧,૨૫,૫૪૦ રૂપિયા થયો, ૨૦ બહેનોને સાધનો મળ્યા ૧ લાખ રૂપિયાનો સાધનો માટેનો ખર્ચ થયો. સમી તાલુકામાં ૧૨૬ બહેનો સહાય મેળવતી હતી ૭૧ બહેનોને સહાય આપી શકાય તેમ હતી, ૫૦ બહેનોએ તાલીમ લીધી, તાલીમ નો ખર્ચ ૨,૦૦,૮૭૫ રૂપિયા થયો ૩૫ બહેનોને સાધનો આપ્યા અને ૧.૭૫ લાખનો સાધનનો ખર્ચ થયો. સાંતલપુર તાલુકામાં ૧૧૮ બહેનો સહાય મેળવતી હતી, ૪૨ બહેનો તાલીમ લઇ શકે તેમ હતી, ૨૫ બહેનોની તાલીમનો ખર્ચ ૩,૬૩,૬૦૦ થયો, ૩૭ બહેનોને સાધનો આપ્યા અને ૧.૮૫ લાખ સાધનોનો ખર્ચ થયો.

શ્રી કેતન મ. ઇનામદાર : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રીને પૂછવા માગુ છું કે, વિધવા સહાય અંતર્ગત મહિલાઓને આપવામાં આવતી તાલીમ કોના દ્વારા આપવામાં આવે છે? અને આ તાલીમ સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા આપવામાં આવતી હોય તો તેની પસંદગી કેવી રીતે થાય છે અને, તેને કયા કોર્સની તાલીમ આપવામાં આવે છે?

પ્રો વસુબેન ન. ત્રિવેદી : માનનીય અધ્યક્ષશ્રી, દૈનિક વર્તમાન પત્રમાં જાહેરાત આપવામાં આવે છે અને તાલીમ નું કામ કરતી જે બિન–સરકારી સંસ્થાઓ હોય તેની પાસેથી અરજીઓ મંગાવવામાં આવે છે અને આ અરજીઓ પૈકી પસંદગી કરવા માટે મહિલા અને બાળ વિકાસ વિભાગના અગ્ર સચિવની અધ્યક્ષતામાં એક સમિતિની રચના કરેલી હોય છે અને આ સમિતિ દ્વારા સંસ્થાઓની પસંદગી કરવામાં આવે છે. નિરાધાર વિધવા બહેનોના પુનઃસ્થાપન માટે જે તાલીમ આપવામાં આવે છે તેમાં મેન્યુફેકચરીંગ, ટ્રેડીંગ અને સર્વિસીસને લગતી, ગારમેન્ટ્સ, એક્રેલીક પ્રોડકટ, સાડી વેચાણ, ફ્રુટ વેચાણ, કટલેરી, મીલ પ્રોડકટ, કોમ્પ્યુટર જોબવર્ક, ડેકોરેટર્સ, બ્યુટીપાર્લર વગેરે જુદા જુદા પ્રકારની તાલીમ આપવામાં આવે છે.

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફતે માનનીય મંત્રીશ્રીને હું પૂછવા માગુ છું કે, આ યોજનામાં કયા પ્રકારના સાધનો આપવામાં આવે છે?

અધ્યક્ષશ્રી : એ એમણે વાત કરી જેની ટ્રેનિંગ આપે છે અને ટ્રેનિંગને અનુકૂળ હોય એ આપવામાં આવે છે.

શ્રી રણછોડભાઇ મ. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે, દરેક તાલીમાર્થી દીઠ કેટલો ખર્ચ કરવામાં આવે છે?

પ્રો વસુબેન ન. ત્રિવેદી : માનનીય અધ્યક્ષશ્રી, ખર્ચ એ પ્રકારે હોય છે કે, મોડ્યુલ હોય છે અને મોડ્યુલ–૧માં ૧૫ દિવસની તાલીમ હોય છે અને ૧૫ દિવસની તાલીમ માં સંસ્થાને તાલીમાર્થી દીઠ ૨૦૦૦ નો ખર્ચ અને કાચો માલ એમને ખરીદવો પડે તો એના માટે ૬૦૦ રૂપિયાનો ખર્ચ કરવામાં આવે છે. મોડ્યુલ ૨ માં એક માસની તાલીમ આપવામાં આવે છે અને તેમાં તાલીમાર્થી દીઠ સંસ્થાને ૪૦૦૦ અને સાધન ખરીદવા માટે ૧૪૦૦ રૂપિયાનો ખર્ચ કરવામાં આવે છે અને તાલીમાર્થી ઓને સ્થળ ઉપર જવાનું હોય એ જવા આવવા માટે દર અઠવાડિયે ૧૫૦ રૂપિયાનું મહેનતાણું આપવામાં આવે છે.

**જામનગર જિલ્લામાં મહેસૂલી જમીનની માપણી**

* ૧૭૫૬ **શ્રી મેઘજીભાઇ અ. ચાવડા(કાલાવડ) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) જામનગર જિલ્લામાં મહેસૂલી જમીનની માપણી છેલ્લે ક્યારે કરવામાં આવી, અને | (૧) છેલ્લે સને ૧૮૯૦ થી સને ૧૯૧૦ દરમ્યાન. |
| (૨) નવેસરથી માપણી ક્યારે કરવામાં આવનાર છે ? | (૨) નવેસરથી માપણી તા. ૨૦–૦૧–૨૦૧૦ થી શરૂ કરવામાં આવેલ છે. |

શ્રી મેઘજીભાઇ અ. ચાવડા: માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા માનનીય મંત્રીશ્રીને હું પૂછવા માગું છું કે જમીનની માપણીની પદ્ધતિ શું છે?

શ્રીમતી આનંદીબેન મ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, જમીનની જે માપણી કરવામાં આવે છે એના જુદા જુદા તબક્કા હોય છે અને દરેક તબક્કાવાર એની કામગીરી થતી હોય છે. એમાં સૌથી પહેલાં ગ્રામસભા ભરવામાં આવે છે અને એમાં બધા ખેડૂતોને સમજાવવામાં આવે છે અને ત્યારપછી ગ્રાઉન્ડ કન્ટ્રોલ નેટવર્ક ચાલુ કરવામાં આવે છે અને એમાં ૧૬ X ૧૬ કિલોમીટર, ૪ X ૪ કિલોમીટર અને ૧ X ૧ કિલોમીટર સાથે એની હદ, નિશાનો તૈયાર કરવામાં આવે છે. ત્યારપછી ખેતરો અને જમીનની વિગતવાર માપણીની કામગીરીનો આરંભ કરવામાં આવે છે. નકશા સાથે નોટિસ તૈયાર કરવાની કામગીરી કરવામાં આવે છે ખાતેદારોને તેમના ખેતરના નકશાવાળી નોટિસનું વિતરણ કરવામાં આવે છે એ વિતરણ કર્યા પછી જો ફરિયાદો આવે તો એમાં જે વાંધાઓ લીધા હોય તે વાંધાઓનો નિકાલ તેમને સાંભળીને કરવામાં આવે છે, અને રિસરવેના આધારે ત્યારપછી નવું રેકર્ડ તૈયાર કરવા માટે પ્રમોલગેશન કરવામાં આવે છે. પ્રમોલગેશન કર્યા પછી અદ્યતન રેકર્ડ તૈયાર થાય એ કિસાનના હાથમાં આપવામાં આવે છે.

શ્રીમતી પુનમબેન હે. માડમ : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને આ બાબતમાં વધુ વિગત આપવા વિનંતી કરીશ કે જમીન માપણી કરવાના કારણો શું છે અને એનાથી શું ફાયદા થતાં હોય છે?

શ્રીમતી આનંદીબેન મ. પટેલ : એમાં તો મારે એટલું જ કહેવાનું કે, જમીનની માપણી લગભગ ૧૮૬૦ની અંદર શરૂ થઇ હતી અને એમાં જ્યારે વિષય આવ્યો ત્યારે ૧૮૮૬ થી ૧૯૨૦ સુધી સમગ્ર રાજ્યની જમીનની માપણી પૂરી થઇ હતી. હવે, એ સમયે આવા સાધનો નહોતા, અત્યારે જે લેટેસ્ટ સાધનોનો ઉપયોગ કરીએ છીએ એવા સાધનો નહોતા, પરંતુ આંખથી માપણી કરવામાં આવતી હતી, સરકારી કર્મચારી જઇને ઉભો રહે અને એ એમ જૂએ કે આ કેટલી જમીન હશે? અને એ એમ કહે કે આ ૫ એકર જમીન દેખાય છે તો એમાં લખી નાંખવામાં આવતું હતું કે આ ૫ એકર જમીન છે. જ્યારે ટેકનોલોજીનો ઉપયોગ કરીને આપણે જમીનની માપણીની શરૂઆત કરી છે ત્યારે આ જે માપણી થઇ અને અત્યારે જે માપણી કરી રહ્યા છીએ એની અંદર ઘણા બધા ફેરફારો આવે છે એટલે એમાં ઘણા બધા પ્રશ્નો ઉપસ્થિત થતાં હોય છે. જ્યારે જમીનની વહેંચણી કરવાની હોય ત્યારે પ્રશ્નો ઉપસ્થિત થતા હતા એ બધાનો નિકાલ ત્યારે જ થઇ શકે કે જ્યારે આ જે માપણી છે તે અદ્યતન રીતે થાય અને તો જ એ બધા પ્રશ્નોનું આપણે નિરાકરણ કરી શકીએ. ખેતીની જમીનોનું આધુનિક, ચોક્કસ કમ્પ્યુટરાઇઝ્ડ જી.આઇ. બેઝ અને ડીજીટલ જમીન રેકર્ડ આના આધારે ખેડૂતોને મળશે ત્યારપછી ખેડૂત ખાતેદારને હક્કપત્રકના મુખ્ય આધાર જેવા નવા ગામના નમૂના નંબર-૭ સાથે ખેતરના ક્ષેત્રફળ અને માપના નકશા એમને આપવામાં આવશે, આ એક મોટો ફાયદો છે અને ત્રીજું ખેડૂત ખાતેદારને જે નવું રેકર્ડ ઉપલબ્ધ થશે એને કારણે જે ખાતેદારો સાથે છેતરપીંડી થાય છે એના કિસ્સાઓ ઘટશે. સંપૂર્ણ કમ્પ્યુટરાઇઝ્ડ અને ડીજીટાઇઝ રેકર્ડ થવાથી ઈન્ટરનેટ અને જીસ્વાન પરથી આપી શકાશે. રાજયના તમામ તાલુકા ખાતેના જનસેવા કેન્દ્ર અને ઇ-ગ્રામ સેન્ટર પરથી પણ એના નકશાઓ આપવામાં આવશે.

શ્રી છબીલભાઇ ના. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મારે મંત્રીશ્રી પાસેથી એ જાણવું છે કે, જ્યારે આઝાદી મળી એના પહેલાં અને પછી જે તે વખતે કચ્છની અંદર દુષ્કાળ પડતો અથવા લોકો બહાર રહેવા જતા રહ્યા એના માટે કર ઉઘરાવવામાં આવતો, ત્યારે જે તે વખતે ખેડૂત એમ લખાવે કે મારી પાસે ૧૦ એકર જમીન છે પણ ૧૦ એકર જમીનના બદલે એનો કર ઓછો આવે એટલે ૮ એકર જમીન બતાવી હોય એટલે હવે અત્યારે રેકર્ડ ઉપર ૮ એકર જમીન બોલે પણ ફીઝીકલી ત્યાં ૧૦ એકર જમીન છે તો આવો જે માપણી વધારો જેને કહે છે તો આ માપણી વધારાને લઇને મૂળ ખેડૂતને આ જમીન આપવામાં માગે છે કે કેમ?

શ્રીમતી આનંદીબેન મ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આ જવાબ એ જામનગર જિલ્લા પૂરતો છે કચ્છની અંદર જયારે માપણી થઇ રહી છે ત્યારે એ વિષય આવશે ત્યારે તેની ઉપર પણ જોવામાં આવશે.

શ્રી ચીમનભાઇ ધ. સાપરીયા : માનનીય અધ્યક્ષશ્રી,આપના દ્વારા હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે, માપણી જયારે જામનગર જિલ્લાની અંદર થઇ રહી છે ત્યારે ૭ અને ૧૨ની વિગતો શું છે તે મારે જાણવું છે. અને બીજું જાણવું છે કે ૧૨ નંબર અલગ કરવાથી તેના ફાયદા શું થશે ?

શ્રીમતી આનંદીબેન મ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આ જમીનની જયારે માપણી થઇ રહી છે ત્યારે એક ઐતિહાસિક નિર્ણય કર્યો છે કે ગામ નમૂના નંબર–૭/૧૨માં જિલ્લો, તાલુકો, ગામ, સર્વે નંબર, બ્લોક નંબર , સત્તા પ્રકાર, જમીનનો ઉપયોગ, ખેતરનું નામ અને અન્ય વિગતો હોય છે. આ ઉપરાંત જમીનની જાત, ક્ષેત્રફળ, ખાતા નંબર, આકાર, નોંધ નંબર, કબજેદારના નામ, ગણોતિયાની વિગતો, બીજા હક્કો અને બોજાની વિગતો હોય છે જે અત્યારે હાલ આપણી પાસે જે ૭/૧૨ હોય છે તેમાં આ પ્રકારની નોંધો થયેલી હોય છે. હવે આપણે નંબર–૭ અલગ કરીએ છીએ અને નંબર–૧૨ પણ અલગ કરીએ છીએ. હવે નંબર–૭ જે હશે તેમાં ખેતરનો અદ્યતન નકશો. માનનીય અધ્યક્ષશ્રી, મારી પાસે એ માહિતી છે કે ખેતરનો અદ્યતન નકશો કેવી રીતે મળશે. તો આ અદ્યતન નકશો પણ આપણે તેની સાથે જોડવાના છીએ. ખેતરનો સર્વે નંબર અને તેનો બાંધમાપ તેની ચારેબાજુ કયા સર્વે નંબરો આવેલાં હશે એ પણ તેની અંદર દર્શાવવામાં આવશે. ભવિષ્યમાં ભાઇઓ ભાગે વહેંચણી પૈકી વેચાણ, બિન ખેતી, જમીન સંપાદન, સાંથણી કે લીઝ જેવા ફેરફારો સમયે હક્કપત્રકના રેકર્ડ ઉપરાંત જે તે સર્વે નંબરના નકશા અને ગામ નકશામાં તુરંત ફેરફાર થશે જેથી અદ્યતન અને ચોક્કસ રેકર્ડ મળી શકે. ગામ નમૂના નંબર–૧૨ એ અલગ નિભાવવાથી ખેતીની અને પાકની વિગતો તથા અન્ય માહિતી પંચાયત વિભાગ દ્વારા અલાયદી રીતે અદ્યતન રીતે નિભાવવામાં આવશે.

ડો. અનિલ જોષીયારા : માનનીય અધ્યક્ષશ્રી, મારે મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે, અગાઉના વર્ષોમાં મંત્રીશ્રીએ જણાવ્યું કે આંખથી માપણી કરવામાં આવતી હતી. આંખથી માપણી કરવામાં આવતી હોય અને એકઝેટ રેકર્ડ આવતું હોય તો બહુ સારું કહેવાય. પણ મારે એટલું જાણવું છે કે જમીનની માપણીમાં જે વધઘટ થાય છે ધારો કે જમીન વધી ગઇ અને ધારો કે ઘટી ગઇ તો કયાં સુધી ઘટી ગયેલી જમીન હોય તો તમે સરભર કરી આપો છો ?

શ્રીમતી આનંદીબેન મ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ત્યાં જે ખેડૂતો હોય કે જેની વધ હોય કે ઘટ હોય તેમને સાથે બેસાડી અને તેમની સાથે ચર્ચા–વિચારણા કર્યા પછી તેનો નિર્ણય તેમાં કરવામાં આવે છે એટલે કોઇને પણ અસંતોષ ના રહે. (અંતરાય)

અધ્યક્ષશ્રી : આ ટોટલ પ્રશ્ન નથી એક જ જિલ્લાનો છે.

શ્રી મહેન્દ્રસિંહ શં. વાઘેલા : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માંગુ છું કે, આ જે ૭/૧૨,૮–અ અને નકશાઓ અલગથી આપવામાં આવશે તેના કારણે દરેક ખેડૂતને પાંચ–પાંચ રૂપિયાનો ખર્ચ વધુ પડશે તો સરકાર દ્વારા આ જે પાંચ રૂપિયા છે તેમાં કોઇ ઘટાડો કરવા માગે છે કે કેમ ?

શ્રીમતી આનંદીબેન મ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ના.

**અમદાવાદ જિલ્લામાં ઘરદીવડા યોજનામાં મહિલાઓને આર્થિક સહાય**

* ૧૭૨૫ **શ્રી લાલજીભાઇ ચ. કોળીપટેલ(ધંધુકા) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) અમદાવાદ જિલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઘરદીવડા યોજના હેઠળ કેટલી મહિલાઓને આર્થિક સહાય પૂરી પાડવામાં આવેલ છે, અને | (૧) ૨૪૨ |
| (૨) આ સહાયની કુલ રકમ કેટલી આપવામાં આવી ? | (૨) કુલ રૂ. ૧૬,૬૦,૧૦૨/– (અંકે રૂપિયા સોળ લાખ સાઇઠ હજાર એકસો બે પુરા) |

શ્રી લાલજીભાઇ ચ. કોળી પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માંગુ છું કે, ગુજરાત મહિલા આર્થિક વિકાસ નિગમની સ્થાપના કયારે કરવામાં આવી ?

ઘરદીવડા યોજના કયારથી અમલમાં મૂકવામાં આવી ? કેન્દ્ર સરકાર દ્વારા આ યોજનામાં સબસિડી સહયોગ આપવામાં આવે છે કે કેમ ?

શ્રી ગણપતભાઇ વે. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીનો પહેલો જે પ્રશ્ન છે, તો મહિલા આર્થિક વિકાસ નિગમની સ્થાપના ૧૯૮૧માં કરવામાં આવી અને ઘરદીવડા યોજના, ૧૯૯૬થી તેનો અમલ કરવામાં આવેલી છે અને ત્રીજો તેમનો પ્રશ્ન જે છે કે આમાં કેન્દ્ર સરકારની કોઇ સહાય છે કે કેમ ? તો જવાબ છે આ યોજના સંપૂર્ણ રાજય સરકારની છે.

શ્રી બાબુભાઇ જ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માંગુ છું કે, તા. ૩૧-૧૨-૧૨ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષના સમયગાળામાં અમદાવાદ જિલ્લામાં કયા કયા વ્યવસાય અને કેટલાં લાભાર્થીઓને ઘરદીવડા યોજનાનો લાભ મળ્યો ? મારો બીજો પ્રશ્ન છે કે છેલ્લાં બે વર્ષમાં કુલ કેટલાં લાભાર્થીઓને કેટલી સબસિડી આપવામાં આવી ?

શ્રી ગણપતભાઇ વે. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, અમદાવાદ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં ભરતકામ માટે ૪૭ લાભાર્થીઓને લાભ આપ્યો, કરીયાણા માટે ૨૧, રેડીમેઇડ ગારમેન્ટ માટે ૧૧૧, કટલેરી માટે ૨૩, શાકભાજી માટે ૨, બ્યુટી પાર્લર માટે ૭, એમ્બ્રોઇડરી માટે ૩, ચર્મ ઉદ્યોગ માટે ૨, કોમ્પ્યુટર માટે ૩,અગરબત્તી માટે ૨, ઉન વણાટ માટે ૧, સુતરના દડા બનાવવા માટે ૨, રમકડાં બનાવવા માટે ૧, અને કુડની લારી માટે ૨, શરબત બનાવવા માટે ૧, પાપડ બનાવવા માટે ૫.....

અધ્યક્ષશ્રી : બસ બસ, આવી ગયું.

શ્રી ગણપતભાઇ વે. વસાવા : આમ કુલ ૨૪૨ લાભાર્થીઓને લાભ આપવામાં આવેલ છે. માનનીય અધ્યક્ષશ્રી, એમણે સબસિડીનો પ્રશ્ન પૂછેલો છે. તો તેનો જવાબ આપી દઉં. વર્ષ ૨૦૧૧માં કુલ ૭,૨૩,૪૭૭ ની સબસિડી આપવામાં આવેલી છે. અને ૨૦૧૨ માં ૯,૩૬,૬૨૫ ની સબસિડી આપવામાં આવેલી છે.

શ્રી બાવકુભાઇ ના. ઉંઘાડ : માનનીય અધ્યક્ષશ્રી, હું એટલું જાણવા માગું છું કે આ ઘરદીવડા યોજનામાં વ્યકિત દીઠ કેટલી સહાય આપવામાં આવે છે અને આ યોજનાનો લાભ લેવા માટેના ક્રાઇટેરિયા શું છે?

શ્રી ગણપતભાઇ વે. વસાવા : ઘરદીવડા યોજનામાં વ્યકિતદીઠ ૨૦ હજાર રૂપિયાની લોન લેવામાં આવે તો જો એસ.સી સમાજના લાભાર્થી હોય તો ૪૦ ટકા સબસિડી આપવામાં આવે છે અને એસ.ટી. સમાજના લાભાર્થી હોય તો ૪૦ ટકા સબસિડી આપવામાં આવે છે. અન્ય સમાજના લાભાર્થી હોય તો તેમને ૨૫ ટકા સબસિડી આપવામાં આવે છે. અને ૨૦ હજાર રૂપિયાથી ઉપર ૫૦ હજાર સુધીની લોન લેવી હોય તો એસ. સી. સમાજના લાભાર્થીને ૨૫ ટકા, એસ.ટી. સમાજના લાભાર્થીને ૩૦ ટકા અને અન્ય સમાજના લાભાર્થી હોય તો ૨૦ ટકા સબસિડી આપવામાં આવે છે. લાભ લેવા માટે જે પુરાવાની જરૂર પડે છે એમાં ઉંમરનો દાખલો હોવો જોઇએ, ઉંમર ૧૮ થી ૫૦ વર્ષની વચ્ચે હોવી જોઇએ, અને તાલીમનો અનુભવ અને આવડતનું પ્રમાણપત્ર, કવોટેશન, રેશનકાર્ડની ઝેરોક્ષ, લાઇટ બિલ, અને કુટુંબની આવક વાર્ષિક ૩૬ હજારથી ઓછી હોવી જોઇએ. જાતિ અંગેનો દાખલો અને વિકલાંગ હોય તો વિકલાંગ હોવા અંગેનો સિવિલ સર્જનનું પ્રમાણપત્ર હોવું જરૂરી છે.

**આણંદ જિલ્લામાં નિરાધાર વિધવાઓને વિધવા સહાય યોજના નીચે તાલીમ**

* ૧૭૬૭ **શ્રી સંજયકુમાર ર. પટેલ(ખંભાત) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) આણંદ જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી નિરાધાર વિધવાઓને વિધવા સહાય યોજના હેઠળ તાલીમ આપવામાં આવેલ છે, અને | (૧) ૧૭૫ નિરાધાર વિધવાઓને તાલીમ આપવામાં આવેલ છે. |
| (૨) તે પાછળ ઉક્ત સ્થિતિએ રાજ્ય સરકારે કેટલો ખર્ચ કરેલ છે ? | (૨) આ અંગે રાજ્ય સરકારે રૂ. ૬,૬૮,૯૨૫/-નો ખર્ચ કરેલ છે. |

શ્રી સંજયકુમાર ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી હું જાણવા માગું છું કે આણંદ જિલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ તાલુકાવાર કેટલી બહેનોને વિધવા સહાય ચૂકવવામાં આવી, અને તે પૈકી કેટલી બહેનો તાલીમ લેવાને પાત્ર હતી અને કેટલી બહેનોને તાલીમ આપવામાં આવી. અને તે બહેનોને સાધન સહાય માટે કેટલી સહાય ચૂકવવામાં આવેલ છે અને તેના માટે કેટલો ખર્ચ થયેલ છે?

શ્રી વસુબેન ન. ત્રિવેદી : માનનીય અધ્યક્ષશ્રી, એમનો જવાબ તાલુકાવાર છે. પરંતુ આણંદ જિલ્લામાં ૮૭૭ બહેનો આની સહાય મેળવતી હતી. કુલ ૧૭૫ બહેનોને તાલીમ આપવામાં આવી. ૫૨ બહેનોએ એમાંથી તાલીમ લીધી. રૂપિયા ૨,૧૦,૭૫૦ તાલીમનો ખર્ચ થયો છે. મારે કહેવું છે કે આ બહેનોને જે સાધન આપવાના હતા તેમાં આ રાજયમાં ૮૬ દિવસ પહેલા ચૂંટણીની આચાર સંહિતા લગાડી દેવામાં આવી અને તેને કારણે બહેનોને જે સાધન આપવાના હતા તેમાં થોડો વિલંબ થયો છે.

અધ્યક્ષશ્રી : કેટલાને આપી છે તે કહો ને. કયા કારણસર ન આપી શકયા?

શ્રી વસુબેન ન. ત્રિવેદી : સાહેબ નથી આપી શકયા, આચાર સંહિતાને કારણે, કેમ કે વર્ષના અંતે જયારે એમના કોર્સ પૂરા થાય ત્યારે એમને સાધનો આપવાના હોય છે, અને આચાર સંહિતાને કારણે આપણે એ સાધનો આપી શકયા નથી, હવે ગ્રીમકો પાસેથી આપણને સાધનો મળે એટલે તરત જ આપી દેવામાં આવશે.

શ્રીમતી મનિષા રા. વકીલ : માનનીય અધ્યક્ષશ્રી, મારે માનનીય મંત્રીશ્રીપાસેથી જાણવું છે કે વિધવા સહાય અંતર્ગત બહેનોને આપવામાં આવતી તાલીમ કોના દ્વારા આપવામાં આવે છે? જો આ તાલીમ સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા આપવામાં આવતી હોય તો તેની પસંદગી કેવી રીતે કરવામાં આવે છે અને તેમના દ્વારા કયા કોર્સની તાલીમ આપવામાં આવે છે?

પ્રો વસુબેન ન. ત્રિવેદી : અગાઉના પ્રશ્નમાં જણાવ્યું છે એ પ્રમાણે દૈનિકપત્રો, વર્તમાનપત્રોમાં જાહેરાત આપવામાં આવે છે. જે બિન સરકારી સંસ્થાઓ કામ કરતી હોય એની સ્ક્રૂટીની મહિલા અને બાળ વિકાસ વિભાગના અગ્ર સચિવના અધ્યક્ષ સ્થાને એક સમિતિની રચના થઈ હોય એના દ્વારા કરવામાં આવતી હોય છે, એ પછી સંસ્થાની પસંદગી થતી હોય છે. પુનઃ સ્થાપન માટે કોઈપણ તાલીમ આપવાની આવશ્યકતા હોય એ બધી તાલીમ આપવામાં આવે છે. જેવી કે મેન્યુફેકચરીંગ, સર્વિસીસને લગતી, ગારમેન્ટસ , એક્રેલીક પ્રોડકટ, કાર પેન્ટરી, ફ્રુડ વેચાણ, સાડી વેચાણ, કટલરી, ગ્રોસરી, મિલ્ક પ્રોડકટ, કોમ્પ્યુટર જોબવર્ક, ડેકોરેટર્સ, ઇ સ્ટોલ બ્યુટી પાર્લર વગેરે પ્રકારની સાધન સામગ્રી એમને આપવામાં આવતી હોય છે.

શ્રી રામસિંહ પ્ર. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, આણંદ જિલ્લામાં કેટલી વિધવા બહેનો છે અને એ વિધવા બહેનોને તાલીમ આપવામાં આવે છે એમાં કીટો આપવામાં આવે છે એ કીટોનો ઉપયોગ થતો નથી. તેથી એમાં ફેરફાર કરીને ગ્રામ્ય લેવલે વિધવા બહેનોની પરિસ્થિતિ ખરાબ છે એ પશુ પાલનનો ઘંધો સારી રીતે કરી શકે છે તેથી એમને એક ગાય કે એક ભેંસ આપવા માગો છો કે કેમ?

પ્રો વસુબેન ન. ત્રિવેદી : આણંદ જલ્લામાં ૨૯૯૦ વિધવા બહેનો તાલીમ લેવા માટે અમારી પાસે નોંધાયેલી હતી. જેમાંથી લગભગ ૩૮૬ બહેનો તાલીમ માટેની લાયકાત ધરાવતી હતી એમાંથી ૧૭૫ બહેનોને તાલીમ આપી છે. અત્યાર સુધી, છેલ્લા દસ વરસથી વિધવા બહેનોને શું સહાય મળે છે એની ખબર નહોતી. પરંતુ માનનીય મુખ્યમંત્રીશ્રીએ મહિલા અને બાળ કલ્યાણ વિભાગ અલગ કર્યો એ અલગ કર્યા પછી અને મહિલાઓ આર્થિક રીતે પગભર બને.

અધ્યક્ષશ્રી : માનનીય સભ્યશ્રીનો પ્રશ્ન હતો કે ગાય, ભેંસ આપવા માગો છો કે કેમ?

પ્રો વસુબેન ન. ત્રિવેદી : ગાય, ભેંસની લાયકાતમાં આવતું હોય તો આપે.

શ્રી અમિત અ. ચાવડા : આણંદ જિલ્લામાં જે ૧૭૫ વિધવા બહેનોને તાલીમ આપવામાં આવી છે. તો એ કઇ કઇ એન.જી.ઓ. કે એજન્સીઓ મારફતે આપવામાં આવી છે, તાલીમ આપ્યા પછી અને કીટ આપ્યા પછી વિધવા સહાય બંધ કરી દેવામાં આવે છે એ વાત સાચી છે કે કેમ?

પ્રો વસુબેન ન. ત્રિવેદી : કોઇ તાલીમ આપેલીને સહાય બંધ કરવામાં આવેલ નથી. બહેનો પોતાના સામાજીક કારણોસર નથી આવી શકતી અને ન આવે ત્યારે એને તાલીમ આપવામાં (અંતરાય)

અધ્યક્ષશ્રી : માનનીય વસુબેન, એમનો સવાલ છે કે તમે તાલીમ આપી દો અને વિધવા સહાય મળતી હોય એ તાલીમ લીધા પછી બંધ કરી દો છો?

પ્રો વસુબેન ન. ત્રિવેદી : નહિ સર. એની લાયકાત જે છે એ પ્રમાણે એમને સહાય મળી જાય છે.

શ્રી દિલીપભાઇ મ. પટેલ : આણંદ જિલ્લામાં વિધવા સહાયમાં કયા પ્રકારના અને કઇ કિંમતના સાધનો આપવામાં આવેલ છે?

પ્રો વસુબેન ન. ત્રિવેદી : મેં કહ્યું એમ સાધનો આપવામાં આચાર સંહિતાને કારણે વિલંબ થયો છે. નજીકના દિવસોમાં એ સાધન સહાય મળી જશે. આણંદ તાલુકામાં સિલાઇના મશીન ૨૮,હાથલારી ૧૨, અનાજ કરિયાણા માટેના ૨, પશુપાલન માટેના પાંચ, આટલા સાધનો આપવામાં આવનાર છે. આંકલાવમાં સિલાઇ મશીન ૭, હાથલારી ૧, ડેરી ઉદ્યોગ ૧, પશુપાલન બે અને બ્યુટી પાર્લર એક. ઉમરેઠમાં સિલાઇ મશીન ૭, હાથલારી ૬, અનાજ કરિયાણું ૩, પશુપાલન ૨, પેટલાદમાં સિલાઇ મશીન ૧૫, હાથલારી ૧૦, અનાજ કરિયાણું ૧, ડેરી ઉદ્યોગ ૩, સોજીત્રામાં સિલાઇ મશીન ૨૩, હાથલારી ૧, બોરસદમાં સિલાઇ મશીન ૫, હાથલારી ૨, અનાજ કરિયાણું ૧, ડેરી ઉદ્યોગ ૨, પશુપાલન ૨, ખંભાતમાં સિલાઇ મશીન ૧૨, હાથલારી ૩, અનાજ કરિયાણું ૨, ડેરી ઉદ્યોગ ૧, બ્યુટી પાર્લર ૨, અકીક સારવાના મશીન ૧, તારાપુરમાં સિલાઇ મશીન ૧, હાથલારી ૧, આ પ્રકારના સાધન વિતરણની વ્યવસ્થા કરેલી છે.

શ્રી શૈલેષ મ. પરમાર : મારે માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે જે રીતે વિધવા સહાય છે એ રીતે ભૂતકાળની અંદર ત્યકતા બહેનોને પણ સહાય આપવામાં આવતી હતી. ત્યકતા બહેનોને સહાય કઇ સાલથી આ સરકારે બંધ કરી છે અને કયા કારણોસર બંધ કરવામાં આવી છે એ મારે જાણવું છે.

અધ્યક્ષશ્રી : આમાં આણંદ જિલ્લો અને વિધવા બહેનોનો સવાલ છે, તેથી ત્યકતાનો પ્રશ્ન આવતો નથી.

**વડોદરા જિલ્લામાં દૂધ સંજીવની યોજના**

* ૧૮૧૦ **શ્રી બાલકૃષ્ણ ના. પટેલ(ડભોઇ) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) વડોદરા જિલ્લામાં દૂધ સંજીવની યોજના હેઠળ તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુલ કેટલો ખર્ચ થયેલ છે, અને | (૧) રૂ. ૧૩૭.૦૧ લાખ |
| (૨) ઉક્ત સ્થિતિએ કુલ કેટલા બાળકોને આ યોજના હેઠળ લાભ મળેલ છે ? | (૨) ૪૨૫૧૮ |

શ્રી બાલકૃષ્ણભાઇ ના. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફત માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે દૂધ સંજીવની યોજનાનો હેતુ શું છે? આ યોજનામાં કેન્દ્ર સરકાર દ્વારા કોઇ સહાય આપવામાં આવે છે કે કેમ? વડોદરા જિલ્લાના કવાંટ તાલુકામાં છેલ્લા બે વર્ષમાં કેટલા બાળકો પાછળ કેટલો ખર્ચ કરવામાં આવ્યો છે અને આ દૂધમાં કયા પ્રકારના કેટલા તત્વો સમાયેલા છે?

શ્રી ગણપતભાઇ વે. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, આ યોજના રાજય સરકારની છે. આમાં કેન્દ્ર સરકાર કોઇ સહાય કરતી નથી. આદિજાતિ વિકાસ વિભાગ દ્વારા અમલમાં મૂકાયેલ દૂધ સંજીવની યોજના ગુજરાત રાજયમાં કૌલગી સમિતિ દ્વારા જાહેર કરાયેલા પછાત તાલુકામાં અભ્યાસ કરતા આદિવાસી બાળકોને વિટામીન, પ્રોટીન, કેલ્શિયમ જેવા તત્વો તેમને મળી રહે અને તેમની તંદુરસ્તીમાં વધારો થાય તેના માટે રાજય સરકાર દ્વારા દૂધ સંજીવની યોજના શરૂ કરવામાં આવી છે. તેમાં ૨૦૧૧માં રૂ. ૯૯.૩૩ લાખ ખર્ચ થયો

છે. ૨૦,૦૭૦ જેટલા બાળકોએ લાભ લીધો છે. ૨૦૧૨માં ૩૭.૬૮ લાખનો ખર્ચ થયો છે અને ૧૯,૬૬૮ વિદ્યાર્થીઓએ લાભ લીધો છે. આમ કુલ ખર્ચ ૧૩૭.૧ લાખ અને કુલ લાભાર્થી વિદ્યાર્થીઓ ૩૯,૭૩૮ જેટલા છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ વિભાગ દ્વારા આ તાલુકામાં આવતી તમામ પ્રાથમિક શાળા, આશ્રમશાળા, ઉત્તર બુનિયાદી શાળા, નિવાસી શાળા, એકલવ્ય મૉડેલ રેસીડેન્શિયલ શાળાઓ આવી તમામ શાળાઓને દૂધ પહોંચાડવામાં આવે છે. એમનો પ્રશ્ન છે કે કયા પ્રકારના વિટામીન હોય છે તો તેમાં ત્રણ ગ્રામ ફેટ, ટોટલ કાર્બોહાઈડ્રેટ ૨૪ ગ્રામ, પ્રોટીન ૭ ગ્રામ, વિટામીન–એ ૫૦૦ આયુ અને વિટામીન ડી ૪૦ આયુ આપવામાં આવે છે.

ડો. અનિલ  જોષીયારા : માનનીય અધ્યક્ષશ્રી, દૂધ સંજીવની યોજના જે વિસ્તારોમાં કુપોષણનું પ્રમાણ વધારે હોય અને બાળકોમાં ડ્રોપઆઉટ રેટ વધારે હોય એ વિસ્તારમાં શરૂ કરવાની હોય છે. માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે આને ધ્યાનમાં રાખવામાં આવતું નથી, આ જે બાબત છે તેને ધ્યાનમાં રાખ્યા વગર જે કુપોષિત વિસ્તારો છે એ વિસ્તારોમાં આ યોજના કેમ શરૂ નથી કરતા? તેના કારણો શું છે? અને ડ્રોપઆઉટ રેટ વધુ છે એ વિસ્તારોમાં શરૂ નથી કરતા તેના કારણો શું છે?

શ્રી ગણપતભાઇ વે. વસાવા : કુપોષણની વાત અમારા વિભાગમાં આવતી નથી. અન્ય વિભાગ કરે છે. ડ્રોપ આઉટ રેશિયોની વાત કરીએ તો આ દૂધ આપવાના કારણે શાળાઓમાં હાજરી  ૭૦ થી ૭૫ ટકા હતી, હમણાં  ૯૦થી ૯૫ ટકા થાય છે. આમાં કુપોષણને લગતો કોઇ ઇસ્યુ નથી. આ તમામ બાળકોને આપવામાં આવે છે.

શ્રી જયંતિભાઇ સ. રાઠવા : માનનીય અધ્યક્ષશ્રી, મારે જાણવું છે કે આદિજાતિ વિકાસ વિભાગ દ્વારા અમલમાં મૂકવામાં આવેલ દૂધ સંજીવની યોજનાનું માળખું કઇ રીતે ગોઠવાયેલું છે અને જે શાળાઓમાં દૂધ પહોંચાડવામાં આવે છે એ કઇ રીતે પહોંચાડવામાં આવે છે અને આ યોજનાના અમલીકરણથી બાળકો અને વાલીઓ ઉપર શું અસર જોવા મળી છે?

શ્રી ગણપતભાઇ વે. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, પહેલાં જ મેં વાત કરી કે આ યોજના આદિજાતિ વિભાગ દ્વારા જિલ્લામાં પ્રાયોજના વહીવટદાર દ્વારા અમલીકરણ થાય છે. તેમાં દૂધ પેકીંગ, સપ્લાય, ગુણવત્તા નિયંત્રણની કામગીરી સંબંધિત જિલ્લા દૂધ ઉત્પાદક સહકારી સંઘ દ્વારા થાય છે. આ યોજનાની અમલવારી અંગે લાયઝનીંગની કામગીરી જિલ્લા તકેદારી અધિકારી કરે છે. ઉપરાંત શાળાઓમાં દૂધ સમયસર પહોંચે છે કે કેમ? કોઇ ફરિયાદ છે કે કેમ, તેના માટે નાયબ કલેકટર–મધ્યાહ્ન ભોજન, જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી, તાલુકા વિકાસ અધિકારી,  મામલતદારશ્રી દ્વારા તેની ચકાસણી કરવામાં આવે છે અને આ યોજના શરૂ કરવાને કારણે ગામડાંઓમાં ખૂબ સારો પ્રતિસાદ પણ મળ્યો છે. દૂધમાં પોષક દ્રવ્યો ઉપલબ્ધ કરાવી નિયમિત રીતે બાળકોને આપવાથી બાળકોમાં તંદુરસ્તીનો પણ ઘણો સારો વધારો જોવા મળ્યો છે.

શ્રી ધીરુભાઇ ચુ. ભીલ :માનનીય અધ્યક્ષશ્રી, વડોદરા જિલ્લામાં ક્વાંટ તાલુકામાં આ યોજના ચાલે છે. એમાં લખ્યું છે કે, ૪૨૫૧૮ બાળકોને આનો લાભ મળે છે. તો ક્વાંટ તાલુકામાં બીજી અન્ય શાળાઓ બાકી રહી જાય છે એનો સમાવેશ કરવાનું કોઇ આયોજન છે કે કેમ? વડોદરા જિલ્લાનો ક્વાંટ તાલુકો લીધો છે પરંતુ તેમાં બીજા ઘણા તાલુકાઓ અતિ પછાત છે તો એમનો સમાવેશ કરવા માગો છો કે કેમ?

શ્રી ગણપતભાઇ વે. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, અન્ય તાલુકાઓના સમાવેશ બાબતનું આપનું સૂચન છે અને આપે સંખ્યાની વાત કરી તો એમાં ૪૨૫૧૮ નહીં પરંતુ ૩૯૭૩૮ બાળકો છે અને રાજય સરકારની આ યોજનાનો લાભ આ તાલુકામાં આવેલ તમામ પ્રાથમિક શાળાઓને મળે છે. આદિજાતિ વિભાગ દ્વારા ચાલતા છાત્રાલયો, ઉત્તર બુનિયાદી શાળાઓ, આદર્શ નિવાસી શાળાઓ, એકલવ્ય રેસિડેન્સીયલ મૉડેલ શાળાઓ, કન્યા માટેની રેસિડેન્સીયલ શાળાઓ માટે આ યોજના ચલાવવામાં આવે છે.

શ્રી સી. કે. રાઉલજી : માનનીય અધ્યક્ષશ્રી, આ રાજ્ય સરકારની યોજના છે ત્યારે મારે મંત્રીશ્રી પાસેથી એ જાણવું છે કે, આ યોજના સમગ્ર ગુજરાત અને એમાં ટ્રાયબલ અગર બીજા અન્ય તાલુકાઓમાં

ચાલુ કરવા માગો છો કે કેમ? મારા જાણવા મુજબ કેટલાક તાલુકાઓમાં આ દૂધ સંજીવની યોજના બંધ કરવામાં આવી છે. તો ક્યા તાલુકાઓમાં આ યોજના બંધ કરવામાં આવી છે?

શ્રી ગણપતભાઇ વે. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, જે તાલુકાઓમાં શરૂ કરવામાં આવી છે ત્યાં ચાલુ જ છે, એક પણ જગ્યાએ બંધ કરવામાં આવી નથી. અન્ય તાલુકાઓમાં શરૂ કરવાની બાબત છે એ એમનું સૂચન છે. (અંતરાય)

અધ્યક્ષશ્રી : આમાં વડોદરા જિલ્લાની જ વાત છે. વડોદરા જિલ્લામાં બંધ છે કે કેમ?

શ્રી સી. કે. રાઉલજી : આ રાજ્ય સરકારની યોજના છે, મંત્રીશ્રીએ જવાબ આપ્યો કે એક પણ જગ્યાએ બંધ નથી. પરંતુ સંતરામપુર તાલુકામાં આ યોજના બંધ છે... (અંતરાય)

**તાપી જિલ્લામાં ક્ષેત્રિય વનીકરણ યોજનામાં વાવેતર**

* ૧૭૮૫ **શ્રી હર્ષ ર. સંઘવી(મજુરા) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તાપી જિલ્લામાં ક્ષેત્રિય વનીકરણ યોજના હેઠળ તા.૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા હેક્ટરમાં વાવેતર કરવામાં આવેલ છે, અને

(૨) તેની પાછળ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ?

**જવાબ**

(૧) ક્ષેત્રિય વનીકરણ યોજના નામની કોઈ યોજના નથી. પરંતુ ક્ષેત્રિય વન વિભાગની વિવિધ યોજનાઓ હેઠળ નીચેની વિગતે કુલ ૮૨૫૫.૭૬૫ હેક્ટરમાં વાવેતર કરવામાં આવેલ છે.

| **વર્ષ** | **વાવેતર વિસ્તાર (હેક્ટરમાં)** |
|---|---|
| ૨૦૧૧–૧૨ | ૨૭૯૬.૮૬૪ |
| ૨૦૧૨–૧૩ (તા. ૩૧–૧૨–૧૨ અંતિત) | ૫૪૫૮.૯૦૧ |
| **કુલ** | **૮૨૫૫.૭૬૫** |

(૨) નીચેની વિગતે કુલ રૂ. ૧૪૬૦.૦૨ લાખનો ખર્ચ કરવામાં આવેલ છે.

| **વર્ષ** | **વાવેતર પાછળ થયેલ ખર્ચ (રૂ. લાખમાં)** |
|---|---|
| ૨૦૧૧–૧૨ | ૪૮૧.૪૪ |
| ૨૦૧૨–૧૩ (તા. ૩૧–૧૨–૧૨ અંતિત) | ૯૭૮.૫૮ |
| **કુલ** | **૧૪૬૦.૦૨** |

શ્રી હર્ષ ર. સંઘવી : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે, તાપી જિલ્લામાં ક્ષેત્રીય વન વિભાગમાં ક્યા તાલુકાઓમાં કેટલા હેક્ટર વિસ્તારમાં રોપાનું વાવેતર થયું છે, કેટલા રોપા વાવેલ છે તે પૈકી કેટલા રોપા જીવંત છે અને તેની પાછળ કેટલો ખર્ચ થયેલ છે?

શ્રી ગણપતભાઇ વે. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, તાપી જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં ૨૦૧૧–૧૨માં સોનગઢ તાલુકામાં ૧૭૮૩ હેક્ટર વિસ્તારમાં વાવેતર કરેલ છે અને ૧૮.૯ લાખ રોપાનું વાવેતર કરેલ છે અને ૧૬.૨૮ લાખ રોપા જીવંત છે. એની ટકાવારી ગણીએ તો ૯૦ ટકા રોપા જીવંત છે અને ખર્ચની વાત કરીએ તો રૂ.૩૧૫.૪ લાખનો ખર્ચ થયેલ છે. ઉચ્છલ તાલુકાની વાત કરીએ તો ૨૦૧૧–૧૨માં ૫૫૮.૮૬૪ હેક્ટર વિસ્તારમાં વાવેતર કરેલ છે અને ૫.૯૮ લાખ રોપા વાવેલ છે અને ૫.૮ લાખ રોપા જીવંત છે. તેની ટકાવારી જોઇએ તો ૮૫ ટકા થાય છે અને કુલ ખર્ચ રૂ.૧૨૨.૯૪ લાખ છે. વ્યારા તાલુકાની વાત કરીએ તો ૪૫૫ હેક્ટર જમીનમાં રોપા વાવેલ છે અને ૩.૦૧ લાખ રોપાનું વાવેતર થયેલ છે અને ૨.૮૧ લાખ રોપા જીવંત છે. તેની ટકાવારી ગણીએ તો ૯૩.૯૪ ટકા જીવંત રોપા છે અને કુલ ખર્ચ રૂ.૪૩.૬૪ લાખ થયેલ છે. આમ ૨૦૧૧–૧૨માં ૨૭૯૬.૮૬૪ હેક્ટર અને વાવેતર થયેલ રોપા ૨૭.૯ લાખ અને જીવંત રોપા ૨૪.૧૮ અને ટકાવારી ગણીએ તો ૯૮.૨૭ ટકા. આમ કુલ ખર્ચ રૂ.૪૮૧.૪૪ લાખ થયેલ છે.

શ્રી પ્રભુભાઇ ના. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ જવાબમાં જણાવેલ રોપા ખરેખર જીવંત છે એની વાત કરી છે એ આંકડાઓ સાચા છે? અને આજ વાવેતર વિસ્તારમાં આગામી વર્ષમાં કેટલા રોપાનું વાવેતર કરવાનો અંદાજ છે?

શ્રી ગણપતભાઇ વે. વસાવા : આંકડો બિલકુલ સાચો છે અને બાકીનું સૂચન છે.

અધ્યક્ષશ્રી : રોપાનું વધુ વાવેતર કરવાનું આગામી આયોજન શું છે? એમ પૂછે છે.

શ્રી ગણપતભાઇ વે. વસાવા : પાછળના બે વર્ષની માહિતી માગી છે એટલા માટે.

શ્રી મોહનભાઇ ધ. ઢોડીયા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસે હું જાણવા માગુ છું કે તાપી જિલ્લામાં ક્ષેત્રીય વન વિભાગની કઇ કઇ યોજનામાં છેલ્લા બે વર્ષમાં કેટલા હેક્ટર વાવેતર થયેલ છે? અને કેટલી સંખ્યામાં વાવેતર થયેલ છે?

શ્રી ગણપતભાઇ વે. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, તાપી જિલ્લામાં ક્ષેત્રીય વન વિભાગ દ્વારા અલગ અલગ યોજનાઓ મારફતે ભૂમિ અને ભેજ સંરક્ષણ હેઠળ કુલ ૨૫૩૫ હેક્ટર, અને વન સંશોધન હેઠળ કુલ ૧૦ હેક્ટર, ૧૩મા નાણાપંચ હેઠળ ૨૦૦ હેક્ટર, ગુજરાત ફોરેસ્ટ ડેવલપમેન્ટ પ્રોજેક્ટ હેઠળ ૧૨૮૯ હેક્ટર, વળતર વનીકરણ યોજના હેઠળ ૩૬૨.૭૬૫, ફોરેસ્ટ ડેવલપમેન્ટ એજન્સી દ્વારા ૭૫૦ હેક્ટર અને મનરેગા હેઠળ ૩૧૦૯ રોપાનું વાવેતર કરવામાં આવેલ છે.

શ્રી બાવકુભાઇ ના. ઉંધાડ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ હમણાં એમના જવાબમાં જણાવ્યું કે કયા કયા તાલુકામાં કેટલા રોપા જીવંત છે. મારે મંત્રીશ્રી પાસેથી એટલું જાણવું છે કે આ જેણે ટકાવારી આપી એ મેન્યુઅલ ગણતરી થઇ છે કે ઉપગ્રહ દ્વારા થઇ છે? અને ઉપગ્રહ દ્વારા ગણતરી ના થઇ હોય તો ઉપગ્રહ દ્વારા આની ગણતરી કરવા માગે છે કે નહીં?

શ્રી ગણપતભાઇ વે. વસાવા : એમનું સૂચન છે. ગણતરી વર્ષમાં બે વખત થાય છે.

**ગુજરાત આપત્તિ વ્યવસ્થાપન સત્તામંડળે સ્ટાફને ફલડ રેસ્ક્યુ માટે આપેલ તાલીમ**

* ૧૭૯૭ **શ્રી દુષ્યંતભાઇ ર. પટેલ(ભરૂચ) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગુજરાત આપત્તિ વ્યવસ્થાપન સત્તામંડળ દ્વારા પુર–આપત્તિના સમયે અસરકારક બચાવ કામગીરી માટે સ્ટાફને ફલડ રેસ્ક્યુ તાલીમ માટે કેટલા તાલીમ કાર્યક્રમો યોજવામાં આવ્યા, | (૧) તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગુજરાત આપત્તિ વ્યવસ્થાપન સત્તામંડળ દ્વારા પુર–આપત્તિના સમયે અસરકારક બચાવ કામગીરી માટે ફલડ રેસ્ક્યુ તાલીમ માટે ૬ દિવસીય તેમજ ૧૨ દિવસીય કુલ ૪૧ તાલીમ કાર્યક્રમો યોજવામાં આવ્યા, |
| (૨) તેમાં કેટલાને તાલીમ આપવામાં આવી, અને | (૨) ૧૨૧૮ તાલીમાર્થીઓને તાલીમ આપવામાં આવી, અને |
| (૩) તે માટે કેટલો ખર્ચ કરવામાં આવ્યો ? | (૩) રૂા. ૭૪,૧૮,૫૨૨, ૬૪ નો ખર્ચ કરવામાં આવ્યો. |

શ્રી દુષ્યંતભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજય આપત્તિ વ્યવસ્થાપન સત્તામંડળે ફલડ રેસ્કયુ માટે કયા કયા તાલીમ કાર્યક્રમ યોજયા છે અને ભરૂચ શહેરમાંથી જયારે નર્મદા નદી પસાર થતી હોય તો આવો કોઇ તાલીમ કાર્યક્રમ ભરૂચમાં યોજયો છે કે કેમ?

શ્રીમતી આનંદીબેન મ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત આપત્તિ વ્યવસ્થાપન સત્તામંડળ દ્વારા ફલડ રેસ્કયુ તાલીમ કાર્યક્રમ અંતર્ગત જે તાલીમ કાર્યક્રમો યોજવામાં આવે છે એમાં નેવીગેશન અંગેના નીતિ નિયમો જાણવા માટે, હલેસાથી બોટીંગ તેમજ બચાવની કામગીરીની તાલીમ એમને આપવામાં આવે છે. મશીન બોટ અંગેનું યાંત્રિક જ્ઞાન સંચાલન અને બોટ દ્વારા બચાવ કામગીરીની તાલીમ આપવામાં આવે છે. ભયસૂચક સિગ્નલ્સ, હવામાન અંગેની માહિતી અને એની તાલીમ એ લોકોને આપવામાં આવે છે. ફીઝીકલ ફીટનેસ, સ્વીમીંગ, બોટીંગને લગતી કસરતો એમને કરાવવામાં આવે છે. તરણના વિવિધ પ્રકારો અને તરણ દ્વારા બચાવ કામગીરીની તાલીમ પણ એમને આપવામાં આવે છે. પર્વતારોહણમાં ટ્રેકીંગ, રેફલીંગ, ટાઇગર લીફટીંગ, રીવર ક્રોસીંગ લેડરઅપની તાલીમ એ લોકોને આપવામાં આવે છે. પ્રાથમિક સારવારની

પ્રેકટીકલ તાલીમ એમને આપવામાં આવે છે. અવેરનેસ વાઇલ્ડ એન્ડ ડોમેસ્ટીક એનીમલ રેસ્કયુ એની પણ તાલીમ આપવામાં આવે છે. સ્વૈચ્છિક સંસ્થાઓ અને સરકારી મશીનરીઓના સંકલનની માહિતી પણ એમને આપવામાં આવે છે અને રેસ્કયુ ઓપરેશન અને પ્રેકટીકલ ટ્રેનીંગ એન્ડ ઓલ ટાઇપ ઓફ ટ્રેનીંગ, ડેમોસ્ટ્રેશન ઓફ ઓલ ટાઇપ ઓફ ટ્રેનીંગ કેમ્પ એ બધી તાલીમ આપવામાં આવે છે. આપાતકાલીન પરિસ્થિતિઓમાં સાધનો વગર બોટ ચલાવવાની પણ તાલીમ આપવામાં આવે છે. અને મુકત ચર્ચા પણ ગોઠવવામાં આવે છે.

| ૬ | શહેરી સ્વ. રોજગાર યોજના | ૮.૬૦ | ૬.૦૦ |
| ૭ | શહેરી મહિલા સ્વ. સહાય | ૦.૦૦ | ૭.૫૦ |
| ૮ | શહેરી મહિલા (રીવો. ફંડ) | ૦.૦૦ | ૧.૦૦ |
| ૯ | શહેરી વેતન રોજગાર | ૦.૦૦ | ૨.૧૦ |
| ૧૦ | પે એન્ડ યુઝ ટોયલેટ | ૨૮.૦૦ | ૦.૦૦ |
| ૧૧ | ઓકટ્રોય વળતર યોજના | ૭૦૯.૫૯ | ૭૦૯.૫૯ |
| ૧૨ | શિક્ષણ ઉપકર | ૦.૦૦ | ૬.૯૫ |
| ૧૩ | સુવર્ણ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજનામાં પાણી પુરવઠા માટે | ૦.૦૦ | ૨૬૩૮.૦૦ |
| ૧૪ | સુવર્ણ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજનામાં ભૂગર્ભ ગટર યોજના | ૦.૦૦ | ૪૪૦૨.૪૪ |
| | કુલઃ | **૧૨૦૭.૪૬** | **૮૨૭૪.૩૬** |

---------

## રાજકોટ શહેરમાં પીવાના પાણીની સમસ્યા

૧૨૧૭ **શ્રી ઇન્દ્રનિલભાઇ સં. રાજયગુરૂ(રાજકોટ પૂર્વ) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ રાજકોટ શહેરમાં પીવાના પાણીની ગંભીર સમસ્યાઓ ઉભી થઈ છે તે હકીકતથી સરકાર વાકેફ છે, અને

(૨) જો હા, તો રાજકોટ શહેરને દરરોજ નિયમિત પૂરતા પ્રમાણમાં પાણી મળી રહે તે માટે રાજ્ય સરકારે કયા પ્રકારનું આયોજન કરેલ છે?

**જવાબ**

(૧) હા જી

(૨) નર્મદા પાઈપલાઈન દ્વારા રાજકોટ શહેરને અપાતો પાણીનો જથ્થો ૧૧૦ એમ.એલ.ડી. થી વધારી ૧૫૦ એમ.એલ.ડી. કરવામાં આવેલ છે. ઉપરાંત મહાનગરપાલિકાએ ૧૧૯૭ હેડપંપ કાર્યાન્વિત કરેલ છે. તથા જળાશયો નજીક વધારે ઉંડા બોર કરી પાણીનો વધારો જથ્થો મેળવવા આયોજન કરેલ છે. ઉપરાંત હેડવર્કસ ઉપર વિજ પુરવઠાના વિકલ્પે ડિઝલ જનરેટર સેટસ કાર્યાન્વિત કરેલ છે.

---------

## સાબરકાંઠા જિલ્લામાં વનઅધિનિયમ નીચે વ્યકિતગત ખેડૂતોના દાવાઓ અને સામૂહિક દાવાઓ

૧૨૧૨ **શ્રી અનિલ જોષિયારા(ભિલોડા) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧–૨૦૧૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વન અધિનિયમ–૨૦૦૬ અન્વયે સાબરકાંઠા જિલ્લામાં તાલુકાવાર ખેડૂતોના દાવાઓ અને સામૂહિક દાવાઓ જંગલોની જમીનો માટે કેટલા આવ્યા છે,

(૨) તે પૈકી કેટલા વ્યક્તિગત અને સામૂહિક દાવાઓનો નિકાલ કરી જમીનો માટે હુકમો કરવામાં આવેલ છે, અને

**જવાબ**

(૧) તા. ૩૧–૧–૨૦૧૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વન અધિનિયમ–૨૦૦૬ અન્વયે સાબરકાંઠા જિલ્લામાં જંગલોની જમીન માટે કોઈ વ્યક્તિગત અને સામૂહિકદાવાઓ આવેલ નથી.

(૨) દાવાઓના નિકાલ તેમજ હુકમો કરવાનો પ્રશ્ન રહેતો નથી.

| | |
|---|---|
| (૩) બાકીના દાવેદારોના ક્યાં સુધીમાં નિકાલ કરવામાં આવશે? | (૩) પ્રશ્ન રહેતો નથી. |

---------

**અમરેલી જિલ્લામાં પંચાયત અને સ્ટેટ હસ્તકના રસ્તામાં પેચવર્કનું કામ**

૧૯૯૩ **શ્રી બાવકુભાઇ ના. ઉંધાડ(લાઠી) : માનનીય માર્ગ મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| તા. ૩૧–૦૧–૨૦૧૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમરેલી જિલ્લામાં પંચાયત અને સ્ટેટ હસ્તકના પ્લાન અને નોન પ્લાનના એસ.એચ. અને મેઈન ડિસ્ટ્રીક રોડ તેમજ ગ્રામ્ય સ્ટેટ હાઈવે રોડમાં પેચવર્ક માટે કેટલો ખર્ચ કરવામાં આવ્યો? | રૂ. ૭૪૭.૨૫ લાખ. |

---------

**રાજુલા, જાફરાબાદ અને ખાંભા તાલુકાના પંચાયત અને રાજ્ય હસ્તકના ડામર કામ કર્યા વગરના રસ્તાઓ**

* ૨૦૨૯ **શ્રી હીરાભાઇ ઓ. સોલંકી(રાજુલા) : માનનીય માર્ગ મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ અમરેલીના જિલ્લામાં રાજુલા, જાફરાબાદ અને ખાંભા તાલુકાના પંચાયત અને રાજ્ય હસ્તકના રસ્તાઓમાં છેલ્લા ૫ અને ૭ વર્ષથી વધુ સમયના ડામર કામ કર્યા વગરના કેટલા રસ્તાઓ બાકી છે, અને | (૧) ૫ વર્ષ થી વધુ સમયના ૨૯ અને તે પૈકી ૭ વર્ષ થી વધુ સમયનાં ૫ પ્લાન રસ્તા. |
| (૨) આ રસ્તાઓને ક્યાં સુધીમાં ડામર કામ કરવા માટેનું સરકારનું આયોજન છે? | (૨) રસ્તાની સપાટીની સ્થિતિ, વાહન વ્યવહાર અને નાણાકીય ઉપલબ્ધતાને ધ્યાને લઈ ડામર કામ કરવાનું આયોજન કરવામાં આવે છે. |

---------

**જેતપુર–પાવી તાલુકામાં જૂના રસ્તાઓને પહોળા (વાઈડનીંગ) કરવાની દરખાસ્તો**

૧૦૫ **શ્રી મોહનસિંહ છો. રાઠવા(છોટાઉદેપુર) : માનનીય માર્ગ મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સરકારને જેતપુર–પાવી તાલુકાના જુના વખતના રસ્તાઓ પહોળા કરવા માટેની કેટલા રસ્તાની દરખાસ્તો મળી છે, | (૧) ૧૧ રસ્તા |
| (૨) આ દરખાસ્તો પૈકી કેટલા રસ્તાઓને ઉક્ત સ્થિતિએ મંજૂરી આપવામાં આવી છે, | (૨) શુન્ય |
| (૩) આ રસ્તાઓ પાછળ કેટલો ખર્ચ અંદાજવામાં આવેલ છે, અને | (૩) અને (૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૪) આ કામગીરી કેટલા સમયમાં પૂર્ણ થશે? | |

---------

**અમરેલી જિલ્લામાં મહેસૂલી જમીનની માપણી**

૨૦૩૩ **શ્રી પરેશ ધાનાણી(અમરેલી) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અમરેલી જિલ્લામાં મહેસુલી જમીનની માપણી છેલ્લે કયારે કરવામાં આવી, અને | (૧) છેલ્લી માપણી વર્ષ ૧૯૬૯–૭૦માં કરવામાં આવેલ છે. |
| (૨) નવેસરથી માપણી કયારે કરવામાં આવનાર છે? | (૨) નવેસરથી માપણી સને ૨૦૧૩–૧૪માં શરૂ કરવા આયોજન કરેલ છે. |

---------

# તાકીદની જાહેર અગત્યની બાબત (નિયમ – ૧૧૬)

## કમળાના રોગચાળાને અટકાવવા અંગે

**શ્રી માનસિંહ કો. ચૌહાણ(બાલાસિનોર)** : માનનીય અધ્યક્ષશ્રી, હું નિયમ ૧૧૬ અન્વયે નીચે જણાવેલી તાકીદની જાહેર અગત્યની બાબત પર માનનીય આરોગ્ય મંત્રીશ્રીનું ધ્યાન દોરું છું અને તે અંગે તેમને નિવેદન કરવાની વિનંતી કરું છું.

''તાજેતરમાં ખેડા જિલ્લાના બાલાસિનોરમાં કમળાના રોગની અંદાજે ૫૦ જેટલા ઇસમોને અસર થઇ છે. આ રોગચાળાને અટકાવવા તેમજ કમળાના રોગીઓને સઘન સારવાર આપવા સરકારે લીધેલાં કે લેવા ધારેલાં પગલાં.''

**શ્રી નીતિનભાઇ ર. પટેલ(આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, બાલાસિનોર શહેરી વિસ્તારમાં હાલ નવી ગટર લાઇનનું કામકાજ ચાલુમાં છે. પૂરતા ફોર્સથી પાણી આવતું ન હોઇ લોકો દ્વારા મોટર લગાવી પાણી ખેંચવામાં આવે છે. વધુમાં કેટલાક વિસ્તારમાં પાણીની મેઇન પાઇપલાઇનમાંથી ગેરકાયદેસર રીતે પાણીના કનેકશન લીધેલ છે. લીકેજની પરિસ્થિતિ ઉભી થવાના કારણે બાલાસિનોરના નિલમ સોસાયટી, પાયગા વિસ્તાર, પટેલવાડા, પુરા મહોલ્લા, મોચીવાડ, કાછીયાવાડ અને બારોટવાડમાં કમળાનો રોગચાળો ફેલાયો છે.

તા. ૧૯–૨–૨૦૧૩થી આ રોગની શરૂઆત થઇ ત્યારથી તા. ૨૬–૨–૨૦૧૩ સુધીમાં કુલ ૩૯ દર્દીઓ નોંધાયેલ છે. જે પૈકી ૨૧ પૂરૂંષો અને ૧૮ સ્ત્રીઓ છે. ૦ થી ૧૪ વર્ષના ૨૧ બાળકો અને ૧૫ થી ૪૫ વર્ષના ૧૬ વ્યક્તિઓ અને ૪૫ વર્ષથી વધુ ઉમરના ૨ વ્યક્તિઓ છે.

તા. ૧૯–૨–૨૦૧૩ના રોજ કે.એમ.જી. જનરલ હોસ્પિટલ (ગ્રાન્ટ ઇન એઇડ હોસ્પિટલ) તરફથી માહિતી મળતાં જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા ત્વરિત કામગીરી હાથ ધરવામાં આવેલ. આરોગ્ય તંત્રની ૮ ટીમો કે જેમાં ટીમ દીઠ બે વ્યક્તિ એક પૂરૂંષ આરોગ્ય કાર્યકર અને એક સ્ત્રી આરોગ્ય કાર્યકર અને આવી ૪ ટીમની ઉપર એક મેડીકલ ઓફિસર કક્ષાના સુપરવાઇઝરનું ગઠન તા. ૨૦–૨–૧૩ થી ફીલ્ડ સર્વેલન્સ માટે કરવામાં આવેલ છે. જેમાં પ્રથમ બે દિવસમાં કુલ–૨૧ કેસો નોંધાયેલ. જેને કે.એમ.જી. હોસ્પિટલ તેમજ સામૂહિક આરોગ્ય કેન્દ્ર, બાલાસિનોર ખાતે સારવાર પૂરી પાડવામાં આવેલ હતી. ૫ વ્યક્તિઓના સીરમ સેમ્પલ લઇ ડિસ્ટ્રીક્ટ પબ્લિક હેલ્થ લેબોરેટરી, સિવિલ હોસ્પિટલ, નડીયાદ ખાતે મોકલતા હીપેટાઇટીસ–એ પ્રકારનો કમળો, જે મુખ્યત્વે દુષિત પાણી, વાસી ખોરાક થકી ફેલાતો હોય છે તે હોવાનું માલુમ પડેલ છે. આ રોગના મુખ્ય લક્ષણો ભૂખ ન લાગવી, ઉલ્ટી–ઉબ્કા થવા, ઝીણો તાવ આવવો, આંખમાં પીળાશ દેખાવી, થાક લાગવો અને પેશાબ પીળો થવો જેવા હોય છે.

નગરપાલિકા દ્વારા યુદ્ધના ધોરણે કામગીરી પૂર્ણ કરી તમામ લીકેજ રીપેર કરવામાં આવ્યા છે તેમજ ધ્યાને આવેલ ગેરકાયદેસર જોડાણ પણ કાપી નાખવામાં આવ્યાં છે. કે.એમ.જી. હોસ્પિટલ તેમજ સામૂહિક આરોગ્ય કેન્દ્ર, બાલાસિનોર ખાતે ઓ.પી.ડી. તેમજ ઇન્ડોર દર્દી તરીકે કમળાના લક્ષણો ધરાવતાં તમામ દર્દીઓને પૂરતી સારવાર મળી રહે તે અંગેની વ્યવસ્થા કરવામાં આવેલ છે.

પીવાના પાણીમાં કલોરીનેશન જાણવા બાલાસિનોર શહેરના જુદા જુદા વિસ્તારોમાંથી અત્યાર સુધીમાં કુલ ૯૧૨ ટેસ્ટ કરવામાં આવ્યા છે. જે પૈકી ૮૦૨ નમૂનામાં કલોરીનેશન પૂરતા પ્રમાણમાં મળે છે. જ્યારે ૧૧૦ ટેસ્ટ લીકેજના કારણે જે તે સમયે નેગેટિવ હતા. પીવાના પાણીના શુદ્ધિકરણ માટે આરોગ્ય ટીમો દ્વારા ઘરે ઘરે ફરીને કલોરીન ટેબ્લેટનું વિતરણ કરવામાં આવેલ. લીકેજ રીપેર થયા બાદ આજ દિન સુધીના તમામ સેમ્પલ કલોરીન માટે પોઝિટીવ જણાયેલ છે. જે વિસ્તારમાં લીકેજ જોવા મળેલ અને નવી ગટર લાઇનનું કામકાજ ચાલુ છે તેવા વિસ્તારમાં નિયમિત ૫ ટેન્કરો દ્વારા હાલ પીવાનું શુદ્ધ પાણી પુરૂં પાડવામાં આવી રહ્યું છે. આમ, પીવાના પાણીની શુદ્ધતા અંગેની અસરકારક વ્યવસ્થા ગોઠવવામાં તંત્ર સફળ રહ્યું છે.

આ રોગચાળાની અટકાયત માટે જિલ્લા રેપીડ રીસ્પોન્સ ટીમે તા. ૨૦–૨–૨૦૧૩ થી જ સ્થળ ઉપર સતત કામગીરી હાથ ધરી છે અને સ્થાનિક કક્ષાના અધિકારી / કર્મચારીઓને જરૂરી માર્ગદર્શન પૂરૂં પાડવામાં આવેલ છે. વધારાની તકેદારી રૂપે રાજ્ય કક્ષાની એપીડેમિક વિભાગની ટીમ દ્વારા તા. ૨૪–૨–૨૦૧૩ના રોજ અસરગ્રસ્ત વિસ્તારની મુલાકાત લઈ જરૂરી માર્ગદર્શન પૂરૂં પાડવામાં આવેલ છે.

નગરપાલિકાના સેનેટરી ઈન્સ્પેક્ટર સહિત આરોગ્ય વિભાગના કર્મચારીઓ દ્વારા રોગચાળાની શરૂઆતથી જ ખાદ્ય પદાર્થો વેચતાં સ્થળોએ સઘન ચેકીંગ દ્વારા એકંદરે આશરે ૨૦૦ કિલો જેટલા બિન આરોગ્યપ્રદ ખોરાકનો નાશ કરવામાં આવેલ છે. આમ આવા બિનઆરોગ્યપ્રદ ખાદ્ય પદાર્થો દ્વારા પણ રોગચાળો ફેલાતો અટકે તે માટેની સઘન કામગીરી તાત્કાલિક અસરથી કરવામાં આવી છે.

જનજાગૃતિ માટે આ રોગચાળાના અટકાયતી પગલાં અંગે બહોળી પ્રસિદ્ધિ કરવામાં આવેલી છે. અસરગ્રસ્ત વિસ્તારમાં પત્રિકાઓનું વિતરણ, માઈક પ્રચાર દ્વારા લોકોમાં સ્વચ્છતા અને પીવાના શુદ્ધ પાણી અંગે જનજાગૃતિ હાથ ધરવામાં આવેલ છે.

આમ, રોગચાળા માટે તુરત જ આરોગ્ય વિભાગ દ્વારા ત્વરિત અસરકારક પગલાં લેવામાં આવ્યા હોઈ, રોગચાળાના વ્યાપને અટકાવી શકાયો છે અને રોગના કારણે કોઈપણ મરણ થયેલ નથી.

**શ્રી માનસિંહ કો. ચૌહાણ :** માનનીય અધ્યક્ષશ્રી, ખેડા જિલ્લાના બાલાસિનોર શહેરમાં છેલ્લા ૧૦ વર્ષની અંદર ત્રણેક વખત કમળાની અસરો થઈ છે અને એ જીવાણુઓ ત્યાં રહેતા હોય એમ લાગે છે. દર ત્રણ વર્ષે કમળાની અસર આ શહેરમાં થાય છે ત્યારે અવાર–નવાર આ કમળો ન થાય એના માટે સરકારે કોઈ સઘન પગલાં લીધા છે કે કેમ?

**શ્રી નીતિનભાઈ ર. પટેલ :** માનનીય અધ્યક્ષશ્રી, પહેલાં તો કોઈપણ વિસ્તારમાં શહેર હોય, ગામ હોય, રહેઠાણ હોય એમાં સ્વચ્છતાનું પ્રમાણ જેટલું સારું હોય એના આધારે આપણે રોગચાળા ઉપર નિયંત્રણ વધારે રાખી શકીએ છીએ. કેટલાક ગામો, કેટલાક વિસ્તારો, કેટલાક મહોલ્લાઓ કે જેમાં લોકોની રહેણી–કરણી, ત્યાંના સ્થાનિક લોકોનો એવો ગૃહ ઉદ્યોગ ટાઈપનો વ્યવસાય કે જેના કારણે સ્વચ્છતાને અવરોધરૂપ થાય છે. એવી રીતે નગરપાલિકાના જે તે વિસ્તારની કામગીરી અથવા પંચાયત હોય તો પંચાયતની કે ગામની કે શહેરને સ્વચ્છ રાખવાની વ્યવસ્થાની જેટલી સઘનતા વધારે હોય, વધુ સ્વચ્છતા હોય એટલો રોગચાળો સ્વાભાવિક રીતે ઓછો થાય છે. બાલાસિનોરમાં માનનીય માનસિંહભાઈએ કહ્યું કે ત્રણેક વખત આ વિસ્તારમાં રોગચાળો થયો છે. આ વખતે પણ જે ભૂગર્ભ ગટરની કામગીરી નગરપાલિકામાં ચાલે છે એના કારણે કેટલીક લાઈનો તૂટી જવાના પ્રશ્નો ઉભા થયા છે. એવી રીતે કેટલાક લોકોએ ગેરકાયદેસર પાણીના કનેકશનો મેળવ્યા એમાં પણ પાઈપો લીકેજ હોય એના કારણે અને અત્યારે જે સ્વચ્છતાની સઘન કામગીરી ન હોય અને ગટર અને પીવાના પાણીની લાઈનોમાંથી પાણી મિક્સ થઈ જાય તો કમળો થવાનો ભય સ્વાભાવિક વધારે છે. નિવેદનમાં જ બતાવ્યું છે કે ૧૯મી તારીખે તંત્રને જાણકારી થઈ કે આ રીતના કમળાના દર્દીઓ સ્થાનિક હોસ્પિટલમાં આવ્યા છે. એટલે તરત જ આપણે એનો સરવે ચાલુ કર્યો. વિવિધ પ્રકારના આરોગ્ય વિષયક સઘન પગલાં લીધા. કલોરીનની ટીકડીઓ ઘેર ઘેર આપી. લાઉડ સ્પીકરથી રીક્ષા દ્વારા લોકોને ઉકાળેલું પાણી અને કલોરીનવાળી ટીકડીઓ નાખેલું પાણી પીવાની સલાહ આપી. ૨૦ હજાર જેટલી પત્રિકાઓ છપાવી અને ગામને જાણકારી આપી. લારીઓ ઉપર અને અન્ય જગ્યાએ વેચાતો ૨૦૦ કિલો જેટલો બિન આરોગ્યપ્રદ ખાદ્ય પદાર્થનો પણ નાશ કર્યો છે. ચુનાનો પાઉડર ગામમાં છંટકાવવા માટે ૩૫૦ કિલો જેટલો ચૂનો પણ છાંટવામાં આવ્યો છે. ઓ.આર.એસ.ના ૧૨૫ પેકેટો જરૂરી હતા એને આપવામાં આવ્યા છે અને આરોગ્ય વિભાગની જિલ્લા કક્ષાની, રાજ્ય કક્ષાની અને નગરપાલિકાની કામગીરી આપણે ચાલુ કરી છે અને એના કારણે હવે પરિસ્થિતિ કન્ટ્રોલમાં આવી છે.

**શ્રી જસાભાઈ ભા. બારડ :** માનનીય અધ્યક્ષશ્રી, હું આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે ગટરનું પાણી અને એનાથી થતો આ પાણીજન્ય રોગ છે. ગટરનું અને પીવાનું પાણી મિક્સ થઈ જાય છે તો નગરપાલિકા ફિલ્ટર કરેલું પાણી પ્રજાજનોને આપે છે કે કેમ અને આ અંગે ફિલ્ટર કરેલું પાણી અને કલોરીનની વ્યવસ્થા સ્થાનિક લેવલે જરૂરિયાતના પ્રમાણમાં કરવામાં આવી છે કે કેમ?

**શ્રી નીતિનભાઇ ર. પટેલ :** જ્યાંથી પાણી મળતું હોય ત્યાંથી ઉચ્ચ લેવલની ઓવરહેડ ટાંકીમાં ચડાવવામાં આવે અને જ્યારે ગામમાં કે શહેરમાં વિતરણ કરવામાં આવે ત્યારે ક્લોરીનેશન કરાય છે. જસાભાઇ, આપને ખ્યાલ છે કે ઘર આંગણે કનેકશનો લીકેજ હોય,અને એમાં પણ જો ગટરનું કે અન્ય પ્રકારનું કોઇ દુષિત પાણીથી કોઇ કારણ ઉભું થાય તો પેલું ફિલ્ટરવાળું અને ક્લોરીનેશનવાળું પાણી હોય તો પણ ઘર આંગણાનું છેલ્લું જે કનેકશન છે એમાં ઘરમાં, રસોડામાં કે પીવા માટે પાણી ભરવામાં આવે છે ત્યાં સુધી જો કલોરિનેશનવાળું પાણી પહોંચે તો જ એની આરોગ્ય સ્વચ્છતા જળવાઇ રહે. વચ્ચે કોઇ લીકેજમાં દુષિત પાણી આવી જાય તો પ્રશ્ન ઊભો થાય છે.

શ્રી માનસિંહ કો. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, આ બાલાસિનોર શહેરમાં વોટર વકર્સની પાઇપ લાઇનો છે એ વર્ષો જૂની, ૫૦ વર્ષ જૂની અને જર્જરિત થઇ ગઇ છે અને વારંવાર ગટર લાઇનનું કામ કરવામાં આવે છે એના લીધે પાણી મિક્સ થઇ જાય છે. એટલે આ કમળાની અસર થાય છે. આજે પણ નગરપાલિકામાં ગટરો પાણીથી ઊભરાય છે અને મચ્છરોનો વ્યાપ ખૂબ વધ્યો છે તો આના માટે માનનીય મંત્રીશ્રી કોઇ કડક સૂચના આપવા માગે છે કે કેમ?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, નગરપાલિકા સ્વચ્છતાની કામગીરી સારી રીતે કરે એ માટે સંબંધિત અધિકારીઓને કાળજી રાખવા સૂચના આપી છે.

## સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો

૨૦૧૧–૨૦૧૨નો ઇન્ડીયન ઓઇલ કોર્પોરેશન લિમિટેડનો વાર્ષિક અહેવાલ

શ્રી સૌરભભાઇ પટેલ ( ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું ઇન્ડીયન ઓઇલ કોર્પોરેશન લિમિટેડનો સન ૨૦૧૧–૨૦૧૨નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તથા કોર્પોરેશનની કામગીરી અંગેની સરકારની સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ટિપ્પણ તથા સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવી.**

૨૦૧૧–૨૦૧૨નો ગુજરાત ખનિજ વિકાસ નિગમ લિમિટેડનો વાર્ષિક અહેવાલ

શ્રી સૌરભભાઇ પટેલ ( ઉદ્યોગ અને ખાણ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત ખનિજ વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૧૧–૨૦૧૨નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તથા નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ટિપ્પણ તથા સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવી.**

૨૦૧૦–૨૦૧૧નો ગુજરાત જળસંપત્તિ વિકાસ નિગમ લિમિટેડનો વાર્ષિક અહેવાલ

શ્રી બાબુભાઇ બોખીરીયા ( જળસંપત્તિ મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત જળસંપત્તિ વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૧૦–૨૦૧૧ નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તથા આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ટિપ્પણ, સમીક્ષા તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યું.**

૨૦૧૧–૨૦૧૨નો ગુજરાત રાજ્ય બીજ નિગમ લિમિટેડનો વાર્ષિક અહેવાલ

શ્રી બાબુભાઇ બોખીરીયા ( કૃષિ મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત રાજ્ય બીજ નિગમ લિમિટેડનો સન ૨૦૧૧–૨૦૧૨નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને

ઓડિટર જનરલની ટિપ્પણ તથા નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ટિપ્પણ તથા સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવી.**

૨૦૧૧–૨૦૧૨નો ગુજરાત રાજ્ય નાણાકીય નિગમનો વાર્ષિક અહેવાલ

શ્રી સૌરભભાઇ પટેલ ( ઉદ્યોગ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત રાજ્ય નાણાકીય નિગમનો સન ૨૦૧૧–૧૨નો વાર્ષિક અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યો.**

૨૦૧૧–૨૦૧૨નો અમદાવાદ કાપડ બજાર અને દુકાન કામદાર બોર્ડનો અહેવાલ

શ્રી સૌરભભાઇ પટેલ ( શ્રમ અને રોજગાર મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું અમદાવાદ કાપડ બજાર અને દુકાન કામદાર બોર્ડનો સન ૨૦૧૧–૧૨નો વાર્ષિક વહીવટી અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યો.**

૨૦૧૧–૨૦૧૨નો ગુજરાત આદિજાતિ વિકાસ કોર્પોરેશનનો વાર્ષિક અહેવાલ

શ્રી ગણપતસિંહ વે. વસાવા ( આદિજાતિ વિકાસ મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત આદિજાતિ વિકાસ કોર્પોરેશનનો સન ૨૦૧૧–૧૨નો વાર્ષિક અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યો.**

સામાન્ય વહીવટ વિભાગની અધિસૂચના

શ્રી નીતિનભાઇ ર. પટેલ ( સામાન્ય વહીવટ વિભાગના હવાલો ધરાવતા મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું આજના દિવસની કામકાજની યાદી ક્રમાંક–૩ ની પેટા બાબત ૮ અન્વયે સને ૧૯૬૦ના ગુજરાતના મંત્રીશ્રીઓના પગાર અને ભથ્થા અધિનિયમ અન્વયેની તા. ૨૩–૭–૨૦૧૨ની અધિસૂચના ક્રમાંક–ગસ–૨૦૧૨–૧૭–એમટીઆર–૨૦૧૨(૧)–કેયુ સામાન્ય વહીવટ વિભાગની અધિસૂચના વિધાનસભાના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અધિસૂચના સભાગૃહના મેજ પર મૂકવામાં આવી.**

ઉદ્યોગ અને ખાણ વિભાગની અધિસૂચના

શ્રી સૌરભભાઇ પટેલ ( ઉદ્યોગ અને ખાણ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું આજના દિવસની કામકાજની યાદી ક્રમાંક–૩ ની પેટા બાબત ૯ અન્વયે ઉદ્યોગ અને ખાણ વિભાગની –

(૧) સન ૨૦૦૯ના ગુજરાત ખાસ મૂડીરોકાણ પ્રદેશ અધિનિયમ અન્વયેની –

(૧) તા.૨૦–૪–૨૦૧૨ની અધિસૂચના ક્રમાંક–જીએચયુ–૦૯–૧૧–એસ આઇ આર–૧૧–૨૦૧૧–૩૭૭૩૪૪–આઇ.

(૨) તા. ૨૪–૯–૨૦૧૨ની અધિસૂચના ક્રમાંક–જીએચયુ–૨૦૧૨–૨૨– એસઆઇઆર–૧૧૨૦૧૨–૧૨૭૬–આઇ.

(૩) તા. ૧–૧૦–૨૦૧૨ની અધિસૂચના ક્રમાંક–જીએચયુ–૧૨–૨૩–એસઆઇઆર–૧૧૨૦૧૨–૧૨૭૬–આઇ.

(૪) તા.૩–૧૦–૨૦૧૨ની અધિસૂચના ક્રમાંક–જીએચયુ–૧૨–૨૪–એસઆઇઆર–૧૧૨૦૧૨–૩૭૭૩૪૪–આઇ.

(૨) સન ૧૯૬૨ના ગુજરાત ઔદ્યોગિક વિકાસ અધિનિયમ અન્વયેની –

(૧) તા.૧૬–૪–૨૦૧૨ની અધિસૂચના ક્રમાંક–જીઆઇડીસી–ઇએસટી–એલએડબલ્યુ–એએમડી–૧૨(૫)

(૨) તા.૧–૮–૨૦૧૨ની અધિસૂચના ક્રમાંક–જીએચયુ–૧૦૨૦૧૨(૧૭)–જીઆઇડીસી–૧૦૨૦૦૯–૯૬૧–જી.

(૩) તા.૧૯–૧૨–૨૦૧૨ની અધિસૂચના ક્રમાંક–જીઆઇડીસી–ઇએસટી–એલએડબલ્યુ
–એએમડી–૧૬.

(૪) તા.૨૭–૧૨–૨૦૧૨ની અધિસૂચના ક્રમાંક–જીએચયુ–૧૦૨૦૧૨(૨૭) –જીઆઇડી –૧૦૨૦૧૧–૧૪૦૯–જી.

(૩) સન ૧૯૬૩ના ગુજરાત નગરપાલિકા અધિનિયમ અન્વયેની –

(૧) તા.૬–૮–૨૦૧૨ની અધિસૂચના ક્રમાંક જીએચયુ–૨૦૦૮ (૧૮) જીઆઇડી–૧૦૨૦૦૮–૩૦૬૦–જી.

(૨) તા.૨૪–૯–૨૦૧૨ની અધિસૂચના ક્રમાંકજીએચયુ–૧૦૨૦૧૨ (૨૧) જીઆઇડી–૧૦૨૦૦૯–૯૬૧–(પી.એ ફ.–૧)–જી.

(૩) તા.૪–૧૦–૨૦૧૨ની અધિસૂચના ક્રમાંક–જીએચયુ–૧૦૨૦૧૨ (૨૫) જીઆઇડી –૧૦૨૦૦૮–૩૦૬૦–(પી.એફ.૧)–જી.

સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અધિસૂચનાઓ સભાગૃહના મેજ પર મૂકવામાં આવી.**

વૈદ્યાનિક અને સંસદીય બાબતોના વિભાગની અધિસૂચના

શ્રી ગણપતભાઇ વે. વસાવા (સંસદીય બાબતોના મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું આજના દિવસની કામકાજની યાદી ક્રમાંક–૩ની પેટા બાબત ૧૦ અન્વયે વૈદ્યાનિક અને સંસદીય બાબતોના વિભાગની –

(૧) સન ૧૯૬૦ના ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ અને ઉપાધ્યક્ષના પગાર અને ભથ્થા અધિનિયમ અન્વયેની તા.૨૦–૯–૨૦૧૨ની અધિસૂચના ક્રમાંક–૧૧૫/૨૦૧૨–૩૮૩–એ.

(૨) સન ૧૯૭૯ના ગુજરાત વિધાનસભાના (વિરોધપક્ષના નેતા) પગાર અને ભથ્થા અધિનયમ અન્વયેની તા.૨૦–૯–૨૦૧૨ની અધિસૂચના ક્રમાંક–૧૧૫–૨૦૧૨–૩૮૪–એ.

સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અધિસૂચનાઓ સભાગૃહના મેજ પર મૂકવામાં આવી.**

## પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન(બીજો અને છેલ્લો દિવસ)

### કૃષિ અને સહકાર વિભાગ

**માગણી ક્રમાંક: ૫.**

શ્રી નીતિનભાઇ ર. પટેલ (નાણામંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું સહકારને લગતી સેવા અંગેની સહકાર વિભાગની મહેસૂલી ખર્ચ માટે રૂપિયા. ૭૨,૧૭,૯૯,૦૦૦/– અને મૂડી ખર્ચ માટે રૂપિયા ૩,૪૮,૦૦,૦૦૦/–ની પૂરક માગણી ક્રમાંક ૫ રજૂ કરું છું.

**પૂરક માગણી ક્રમાંક ૫ રજૂ કરવામાં આવી.**

શ્રી ધીરુભાઇ ચુ. ભીલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૧ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક ૧ રજૂ કરવામાં આવી.

### અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ

**માગણી ક્રમાંક: ૨૨.**

શ્રી નીતિનભાઇ ર. પટેલ (નાણામંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું નાગરિક પુરવઠાને લગતી સેવા અંગેની અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોના વિભાગની મહેસૂલી ખર્ચ માટે રૂપિયા. ૪,૭૪,૩૦,૦૦૦/–ની પૂરક માગણી ક્રમાંક ૨૨ રજૂ કરું છું.

**પૂરક માગણી ક્રમાંક ૨૨ રજૂ કરવામાં આવી.**

### આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ

શ્રી નીતિનભાઇ ર. પટેલ (નાણામંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું તબીબી અને જાહેર આરોગ્યને લગતી સેવા અંગેની આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગની મહેસૂલી ખર્ચ માટે રૂપિયા. ૩,૫૯,૮૯,૦૬,૦૦૦/-ની પૂરક માગણી ક્રમાંક ૩૯ રજૂ કરું છું.

**પૂરક માગણી ક્રમાંક ૩૯ રજૂ કરવામાં આવી.**

શ્રી જીતુભાઇ હ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૩ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક ૩ રજૂ કરવામાં આવી.

શ્રી છનાભાઇ કો. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૪ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક ૪ રજૂ કરવામાં આવી.

ડો. તેજશ્રીબેન દિ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૫ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક ૫ રજૂ કરવામાં આવી.

શ્રી પ્રવિણભાઇ ઝી. રાઠોડ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૬ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક ૬ રજૂ કરવામાં આવી.

**ઉદ્યોગ અને ખાણ વિભાગ**

શ્રી નીતિનભાઇ ર. પટેલ (નાણામંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રવાસનને લગતી સેવા અંગેની ઉદ્યોગ અને ખાણ વિભાગની મહેસૂલી ખર્ચ માટે રૂપિયા. ૧,૨૦,૦૦,૦૦,૦૦૦/-ની પૂરક માગણી ક્રમાંક ૫૧ રજૂ કરું છું.

**પૂરક માગણી ક્રમાંક ૫૧ રજૂ કરવામાં આવી.**

શ્રી રાજેન્દ્રસિંહ ધી. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૭ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક ૭ રજૂ કરવામાં આવી.

શ્રી પુનાભાઇ ઢે. ગામીત : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૮ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક ૮ રજૂ કરવામાં આવી.

**પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ**

શ્રી નીતિનભાઇ ર. પટેલ (નાણામંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું સમુહ વિકાસને લગતી સેવા અંગેની પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગની મહેસૂલી ખર્ચ માટે રૂપિયા. ૩૩,૧૫,૯૨,૦૦૦/-ની પૂરક માગણી ક્રમાંક ૭૦ રજૂ કરું છું.

**પૂરક માગણી ક્રમાંક ૭૦ રજૂ કરવામાં આવી.**

શ્રી સી. કે. રાઉલજી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૯ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક ૯ રજૂ કરવામાં આવી.

શ્રી નિરંજન પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૧૦ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક ૧૦ રજૂ કરવામાં આવી.

**સન ૨૦૧૧-૨૦૧૨ના વર્ષ માટેની પૂરક માગણીઓ પૈકી શુક્રવાર, તા. ૧-૩-૨૦૧૩ (બીજા દિવસ)ના રોજ ચર્ચા અને મતદાન માટે લેવાનાર માગણીઓ ઉપરની કાપદરખાસ્તોની એકત્રિત યાદી.**

| અ.નં | મુખ્ય સદર અને સંદર્ભ | કાપ દરખાસ્ત | વિષય | પ્રભારી સભ્યશ્રી |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| | **કૃષિ અને સહકાર વિભાગ**<br>**માગણી નં. ૫** | | | |
| ૧. | ૨૪૨૫-સહકાર<br>૦૦૧-નિદેશ અને વહિવટ<br>૦૮-સીઓપી-૨૭-સહકારી<br>... પેકેજ | ૧૦૦ | સહકારી મંડળીઓના ધિરાણ માળખાને સંગીન બનાવવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી બાવકુભાઇ ઉંધાડ (ધીરૂભાઇ ભીલ) |

| | | | | |
|---|---|---|---|---|
| | રૂ. ૭૨,૧૭,૯૯,૦૦૦<br>પા.નં. ૭ | | | |
| **અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ**<br>**માગણી નં. ૫** | | | | |
| ૨.* | ૩૪૫૬–નાગરિક પુરવઠા<br>૧૯૦– જાહેર ક્ષેત્ર... સહાય<br>૦૨–વ્યાજબી ભાવની..ખાદ્ય<br>રૂ. ૪,૬૨,૦૦,૦૦૦<br>પા.નં. ૨૮ | ૧૦૦ | સસ્તા અનાજની દુકાનો મારફતે આમ જનતાને તહેવારોમાં સમયસર અને પૂરતું ખાદ્યતેલ આપવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી જશુભાઇ બારડ (ગૌતમભાઇ ચૌહાણ) |
| **આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ**<br>**માગણી નં. ૩૯** | | | | |
| ૩. | ૨૨૧૦–તબીબી... આરોગ્ય<br>૦૧–શહેરી... એલોપથી<br>૧૧૦–હોસ્પિટલ અને દવાખાના<br>૦૧–સિવિલ.. વહિવટ<br>રૂ. ૨,૦૦,૫૩,૦૦૦<br>પા.નં. ૪૭ | ૧૦૦ | સિવિલ હોસ્પિટલમાં ગરીબ દર્દીઓ સાથે રાખવામાં આવતું ઓરમાયું વર્તન નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી જીતુભાઇ ચૌધરી (ધર્મેન્દ્રસિંહ જાડેજા) |
| ૪. | ૨૨૧૦–તબીબી... આરોગ્ય<br>૦૧–શહેરી... એલોપથી<br>૧૧૦–હોસ્પિટલ અને દવાખાના<br>૦૧–સિવિલ.. વહિવટ<br>રૂ. ૨,૦૦,૫૩,૦૦૦<br>પા.નં. ૪૭ | ૧૦૦ | સિવિલ હોસ્પિટલ પૂરતું મહેકમ અને અદ્યતન મશીનરીઓના અનુભવીઓની ઘટ હોવાને કારણે દર્દીઓને પડતી હાડમારી નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી છનાભાઇ ચૌધરી (રાજેન્દ્રસિંહ ઠાકોર) |
| ૫. | ૨૨૧૦–તબીબી... આરોગ્ય<br>૦૧–શહેરી... એલોપથી<br>૧૧૦–હોસ્પિટલ અને દવાખાના<br>૦૧–સિવિલ.. વહિવટ<br>રૂ. ૨,૦૦,૫૩,૦૦૦<br>પા.નં. ૪૭ | ૧૦૦ | કરોડો રૂપીયાનો ખર્ચ કરવા છતાં સિવિલ હોસ્પિટલોમાં ગંદકીનું પ્રમાણ વધતું અટકાવવામાં તંત્રની નિષ્ફળતા. | ડૉ. તેજશ્રીબેન પટેલ (પરભુભાઇ વસાવા) |
| ૬. | __ " __ | ૧૦૦ | સિવિલ હોસ્પિટલોમાં દર્દીઓના સગાઓ અને ડૉકટરો વચ્ચે વધતા સંઘર્ષના બનાવો અટકાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી મહેશકુમાર પટેલ (પ્રવિણભાઇ રાઠોડ) |
| **ઉદ્યોગ અને ખાણ વિભાગ**<br>**માગણી નં. ૫૧** | | | | |
| ૭. | ૫૪૫૨–પ્રવાસન... જોગવાઇ<br>૦૧–પ્રવાસીઓ .. સવલતો<br>૧૯૦–જાહેર ... રોકાણ<br>૦૧–ટીઆરએસ.–૩૫–ગુજરાત... ફાળો<br>રૂ. ૧,૨૦,૦૦,૦૦,૦૦૦<br>પા. નં. ૭૪ | ૧૦૦ | પ્રવાસીઓને રહેવા જમવાની ઉત્તમ વ્યવસ્થા પૂરી પાડવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી રાજેન્દ્રસિંહ પરમાર (ધારશીભાઇ ખાનપુરા) |
| ૮. | __ " __ | ૧૦૦ | પ્રવાસીઓને જરૂરી સવલતો પૂરી પાડવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી ગ્યાસુદ્દીન શેખ (પુનાભાઇ ગામીત) |
| **પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ** | | | | |

| **માગણી નં. ૭૦** | | | | |
|---|---|---|---|---|
| ૯. | ૨૫૧૫–અન્ય ... કાર્યક્રમો<br>૧૦૧–પચાયતી રાજ<br>ગ્રામ .... અનુદાન<br>રૂ. ૧૫,૪૦,૦૦,૦૦૦<br>પા. નં. ૧૭૫ | ૧૦૦ | પંચાયતોના વિકાસ માટેની ગ્રાન્ટના નાણાં તલાટી–કમ–મંત્રીઓના પગાર પાછળ ચુકવવાના કારણે વિકાસના કામો ઉપર થતી વિપરીત અસરો નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી સી. કે. રાઉલજી<br>(ઇન્દ્રનિલભાઇ રાજયગુરૂ) |
| ૧૦. | __ " __ | ૧૦૦ | તલાટી–કમ–મંત્રીઓનો પગાર ચૂકવવા માટે પૂરતી ગ્રાન્ટ ફાળવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી નિરંજન પટેલ<br>(છબીલભાઇ પટેલ) |

* આ કાપ દરખાસ્ત ગૃહમાં રજૂ થઇ નથી.

શ્રી કેશુભાઇ સ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મારી કાપ દરખાસ્ત આવી નથી.

અધ્યક્ષશ્રી : આપની કાપ દરખાસ્ત જે અહીંયા માગણીઓ છે એના ઉપરની ન હતી. જે માગણીઓ અહીંયા રજૂ થઇ હોય એના ઉપર કાપ દરખાસ્ત રજૂ કરવાની હોય અને જે માગણીઓ હતી જ નહીં એના ઉપર આપની કાપ દરખાસ્ત હતી, એટલે એ દાખલ નથી થઇ.

શ્રી કેશુભાઇ સ. પટેલ : પૂરક બજેટ ઉપર મારી કાપ દરખાસ્ત (અંતરાય)

અધ્યક્ષશ્રી : એ નક્કી કરેલા નિયમો છે. આપની જે વાત છે એ નક્કી કરેલા નિયમો મુજબ કેટલી પૂરક માગણીઓ રજૂ કરવી એ જે નિશ્ચિત થયું હોય એના ઉપરની જ કાપ દરખાસ્તની માગણી થાય. જે પૂરક માગણી તરીકે અહીંયા રજૂઆત નથી થઇ એના ઉપર કાપ દરખાસ્ત રજૂ ન થાય. તમામ પૂરક માગણીઓ ચર્ચા ઉપર લેવાય એવું ન હોય જે ગિલોટીન ઉપર હોય એ ગિલોટીન ઉપરની માગણી પર કાપ દરખાસ્ત રજૂ ન થાય.

શ્રી કેશુભાઇ સ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મારું એમ કહેવું છે કે આ ગિલોટીનમાં કેમ આવે છે? આ બજેટમાં કેમ મૂકાતી નથી?

અધ્યક્ષશ્રી : એ નકકી કરવાનું જે છે, નહીંતર તો ગિલોટીનમાં એક પણ માગણી આવે જ નહીં. તમામ માગણીઓ ઉપર ચર્ચા થાય એટલો પ્રિસિડન્ટ વર્ષોથી આ હાઉસમાં નથી. હાઉસમાં એ પ્રિસિડન્ટ છે કે જે પૂરક માગણીઓ આવે એ માગણીઓ ઉપરની જ કાપ દરખાસ્ત રજૂ થાય (અંતરાય) બસ, પૂરું થઇ ગયું.

## અધ્યક્ષશ્રીની જાહેરાત

અધ્યક્ષશ્રી : પૂરક માગણીઓ ઉપર ચર્ચા અને મતદાન માટે આજે બીજો અને છેલ્લો દિવસ છે. સભાગૃહની આજની બેઠકનો સમય સવારના ૮–૩૦ થી ૧–૦૦ વાગ્યા સુધીનો છે. ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ– ૨૩૪(૪) મુજબ પૂરક માગણીઓની ચર્ચાના છેલ્લા દિવસે સભાગૃહની બેઠક મુલતવી રાખવાના એક કલાક પહેલા પૂરક માગણીઓ ઉપરની સઘળી ચર્ચા પૂરી કરવાની થાય તદ્અનુસાર બપોરના ૧૨–૦૦ વાગ્યે જે પૂરક માગણીઓ ઉપર ચર્ચા ચાલતી હશે તે, તેમજ બાકીની બીજી બધી જ પૂરક માગણીઓ સભાગૃહના મત માટે રજૂ કરવામાં આવશે.

શ્રી શ્રી સી. કે. રાઉલજી (ગોધરા): માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી જે પૂરક માગણીઓ લઇને આવ્યા છે એમાં ૧૨ નંબરની નાગરિક પુરવઠા વિભાગની જે પૂરક માગણી છે એ માગણીમાં હું સંમત થતો નથી. નાગરિક પુરવઠા વિભાગમાં રાજય સરકારની મહેસૂલ ખર્ચની માગણી ૨૪૪.૬૩ કરોડ અને પૂરક માગણી ૪,૭૧,૩૦,૦૦૦/– જેટલી લઇને આ ગૃહમાં આવ્યા છે ત્યારે ગ્રાહક તકરાર નિવારણ પંચની કચેરી માટે ૯૭,૦૦,૪૩,૦૦૦/–ની જોગવાઇ સામે સુધારેલ ખર્ચનો અંદાજ મોંઘવારી ભથ્થાના દરમાં વધારો થવાથી, રજાનુ રોકડમાં રૂપાંતર અને ચૂકવણી, તબીબી ભથ્થુ, પરિવહન ભથ્થાની રકમમાં વધારો થવાથી ફકત ૨૧,૫૭,૦૦૦/–ની જ જરૂરિયાત રહે છે એની સામે ઘણાબધા નિષ્ફળ કારણો એ છે કે આર.ડી.બી. પામોલીન તેલ લગભગ ૧૮૦૦૦ ટન ટી.સી.એ. પાસેથી ખરીદ્યુ. બજારમાંથી ખરીદ્યું હોત તો

સસ્તુ પડત પણ ખરીદી અધિકારીઓની મનમાનીને લીધે આ પૂરક માગણી આટલી રકમની લઇને આવ્યા છે એમાં હું સંમત થતો નથી. આજે આ ગુજરાત રાજયમાં ગરીબોને સમયસર અનાજ મળતું નથી. બારકોડેડ રેશન કાર્ડ પણ અપાતા નથી. આ રાજયના ૩૧ ટકા એટલે કે ૩૨ લાખ ગરીબ કુટુંબોને જે લાભ આપે છે એને સમયસર લાભ મળતો નથી અને આ ૪,૭૧,૩૦,૦૦૦ જે પૂરક માગણી છે, મારા મંતવ્ય મુજબ ઘણી વખત ખોટી જાહેરાતોને લીધે પણ પૂરક માગણી અહીં આવતી હોય છે એટલે આ માગણીની અંદર હું સંમત થતો નથી એટલા માટે કે રાજયની અંદર સસ્તા અનાજની દુકાનની અંદર મોટાભાગનો ભ્રષ્ટાચાર થતો હોય છે. એમને મળતું કમિશન પણ ઓછું હોવાને કારણે સસ્તા અનાજની દુકાનો મહિનાની અંદર છેલ્લા પાંચ દિવસની અંદર ખોલવામાં આવે છે અને એ સમયસર ન મળવાને કારણે સામાન્ય વર્ગને ઘણીબધી મુશ્કેલીઓ પડે છે. માગણી જે છે એના અનુસંધાનમાં જો ગરીબોને સમયસર અનાજ મળતું હોત તો મને સંતોષ થાત પણ આજે મોટાભાગના સસ્તા અનાજના દુકાનદારો છે એ ગૃપીઝમને કારણે કાળાબજાર કરે છે. અવારનવાર વર્તમાનપત્રમાં પણ કાળાબજાર કરતા દુકાનદારોને પકડવામાં આવે છે પણ એની સામે પૂરી કાર્યવાહી ન થવાને કારણે પી.બી.એમ. જેવા કેસો ન થવાને કારણે આજે દુકાનદારો બેફામ બનીને ભ્રષ્ટાચાર કરે છે. એના માટે પણ જો અલગ સ્કવોર્ડ રાખીને આ પૂરક માગણીની જે રકમ છે એમાં આયોજન કરવામાં આવે તો મને આનંદ થશે પણ મોટાભાગે આ ભ્રષ્ટાચારી જે દુકાનદારો છે એને પી.બી.એમ.ના કેસો રાજયમાં ઓછા હોવાના કારણે આ રકમ માટે સ્કવોર્ડ જો રચી હોત તો મને આનંદ થાત.

માનનીય અધ્યક્ષશ્રી, માગણી ક્રમાંક ૫૧ પ્રવાસન માટે લગભગ ૨૪૦ કરોડની જોગવાઇની સામે પૂરક માગણી લગભગ ૧૨૦ કરોડ એટલે કે લગભગ ૫૦ ટકાની પૂરક માગણીઓ. આ વધારો શા માટે? મને એ સમજાતું નથી. અંદાજપત્રની જોગવાઇ મુજબ ૮ મહિનાના ખરેખરના ખર્ચના આંકડાના આધારે વાર્ષિક વિકાસ કાર્યક્રમ માટે આયોજન પંચ દ્વારા ટોચ મર્યાદા વધારે વિસ્તરણ કરવામાં આવ્યું છે. દરિયાઇ પ્રવાસન વિકાસ હેઠળ ગુજરાત પ્રવાસન નિગમ લિ.એ શેર મૂડીના ફાળા પેટે ૧૨૦ કરોડની વધારાની જરૂરિયાત રાજય સરકારે માગી છે. ભૂતકાળની અંદર આ રાજય સરકાર, ઉત્સવપ્રિય સરકારના કારણે રૂપિયા ૮૫ કરોડ તરણેતરના મેળામાં, નવરાત્રિ મહોત્સવ, રણોત્સવ,આંતર રાષ્ટ્રીય પતંગ મહોત્સવમાં ખોટા ખર્ચ કરવામાં, રૂપિયા ૪૦ કરોડ મેળાઓના મેગા ઈવેન્ટનો ખર્ચ કરવામાં આવ્યો. ૧૫ કરોડ જાહેરખબરો અને પ્રચારમાં કરવામાં આવ્યો. ૨૦ કરોડ વિદેશોના પ્રચાર કરવા માટેનો ખર્ચ કરવામાં આવ્યો. ૮ કરોડ વિદેશના પ્રદર્શનોમાં ભાગ લેવા માટે ખર્ચ કરવામાં આવ્યો. આ રાજયની અંદર અભિનેતા અને અભિનેત્રોમાં ૮૩ કરોડ અમિતાભ બચ્ચનની જાહેરાતની પ્રવાસીઓને આકર્ષવા માટે ખર્ચ કરવામાં આવ્યો. મારે રાજકીય અવલોકન ન કરવું જોઇએ, પણ આ સરકાર આજે ૧૨૦ કરોડની જે પૂરક માગણી લાવી છે. ભૂતકાળમાં પણ કહેતી હતી કે મંદિર વહી બનાએંગે. થોડા વખત પછી એમ થયું કે એ હમારે એજન્ડામે નહિ હૈ. આ સરકાર શકિતપીઠો, પ્રવાસનને વિકસાવવા માટેની જે વાતો કરતી હતી એની અંદર આજે મારે દુઃખ સાથે કહેવું પડશે કે આ ૨૦૧૨–૧૩ માં શકિતપીઠ મંદિર અંબાજીની વાત કરું તો અંબાજીમાં મંદિરમાં સંકુલ ડેવલપમેન્ટ માટે અંબાજીના મુખ્ય માર્ગ ઉપર સોલાર હાઈવે લાઇટો માટે અંબાજીના મુખ્ય રસ્તાઓ માટે અને પાલનપુરથી દાંતા રોડથી હડાદ રોડ, ગબ્બર તરફથી રોડ, દાંતા સનાલી હડાદ રોડ, અને અંબાજી બાયપાસ રોડ આજે પણ આ જોગવાઇ હેઠળ આ કામ અધૂરાં છે અને ૧૨૦ કરોડની માગણી લઇને આવ્યા છે. આ કામ હવે પછી થશે કે કેમ? એ મોટો પ્રશ્ન છે. આ વિકાસની વાતો કરવાવાળી સરકાર સૌનો સાથ સૌનો વિકાસ. એ સમજાતું નથી કે પૂરક માગણી અંગે જે તે વખતે વિચાર કર્યો હોત તો ૫૦ ટકા જેટલી પૂરક માગણીઓ આ ગૃહમાં લઇને આવી છે, ત્યારે દુઃખ થાય છે કે કામ કરતી સરકાર સૌનો વિકાસ. મને એવું લાગે છે કે સૌનો વિકાસ નથી. અમુક જ વ્યકિતનો વિકાસ છે. આ રાજ્યમાં એક, બે, ત્રણ, ચાર ઉદ્યોગપતિઓનો વિકાસ છે. સામે બેઠેલા એક, બે, ત્રણ, ચારની વાત નથી કરતો. ગુજરાતની પ્રજા જાણે છે. આજે વિકાસની વાતો કરવાવાળી સરકાર જે પૂરક બજેટ ૧૨૦ કરોડ જેટલી માતબર રકમ ૫૦ ટકા જેટલી રકમ કોઇ સંજોગોમાં ભૂતકાળમાં બજેટ રજૂ થયું છે, અને પૂરક માગણીઓની જે માગણી થઇ છે, તેમાં ૫૦ ટકા જેટલી રકમ કોઇપણ સંજોગોમાં પૂરક માગણીમાં લેવામાં આવી નથી. મને તેનું દુઃખ છે, ત્યારે આ પૂરક માગણી સાથે

સંમત થતો નથી, એટલી વાત કહીને મારી વાત પૂરી કરું છું.

શ્રી ઋષિકેશ ગ. પટેલ(વિસનગર) : માનનીય અધ્યક્ષશ્રી, નાણા મંત્રીશ્રી નીતિનભાઇ પટેલ ગૃહમાં જે સહકાર વિભાગની પૂરક માગણી લઇને આવ્યા છે, તેને મારું સમર્થન કરવા, મારા વિચારો વ્યક્ત કરવા ઉભો થયો છું.

આ સરકાર ખેડૂતોના હિત માટે, ખેડૂતોની પેદાશો વધે અને ખેડૂતો સુખી થાય એના માટે સદૈવ અને કાયમ માટે કામ કરતી રહી છે. કૃષિ વિષયક સહકારી ધિરાણ માળખાને મજબૂત કરવા રાજય સરકાર દ્વારા રીવાઇવલ પેકેજનો સ્વીકાર કરેલ છે. ૨૧-૧૨-૨૦૦૬ ના રોજ કેન્દ્ર સરકાર નાબાર્ડ અને રાજય સરકાર વચ્ચે ત્રિપક્ષીય એમ.ઓ.યુ. કરવામાં આવેલ. આ રીવાઇવલ પેકેજ અંતર્ગત જિલ્લા સહકારી બેન્કો, રાજય સહકારી બેન્કોના સ્પેશ્યલ ઓડિટ પૂરા કરી અને કલેઇમ નાબાર્ડને સુપ્રત કરવામાં આવ્યા છે. આ કલેઇમ એસ.એલ.આઇ.સી. એટલે કે સ્ટેટ લેવલ ઇમ્પ્લીમેન્ટિંગ અને મોનિટરિંગ કમિટી દ્વારા સ્ક્રુટિની કરીને નિર્ણય કરવામાં આવેલ છે. માનનીય અધ્યક્ષશ્રી, મારે કહેવું છે કે, રાજ્ય સરકારે તેના ફાળાની રકમ ૬૦.૭૦ કરોડની સહાય ચૂકવી દીધી છે. રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવેલા એમ.ઓ.યુ. અન્વયે કરવામાં આવેલા વિવિધ બેન્ચમાર્ક સરકારી એકટીવીટી જેમ કે, સહકારી બેંકો તથા રાજય સહકારી બેંકના પેટા કાયદા સુધારવાની કામગીરી કરી અને રાજય સરકારનો ફાળો ૨૫ ટકાથી વધારે હોય તે ઘટાડવા તેમજ અનએલીજીબલ ટેક્સ અંગે રોડમેપ તૈયાર કરવા બાબત તેમજ પ્રોફેશનલ ડીરેકટરશ્રીઓની નિમણૂક કરવા બાબતની કાર્યવાહી પૂરી કરી દીધી છે. આમ તંત્ર તરફથી તમામ એકટીવીટી પૂર્ણ કરવામાં આવી છે. રાજય સરકારે ફાળાની સંપૂર્ણ રકમ ચૂકવી આપી છે છતાં કેન્દ્ર સરકાર દ્વારા અંદાજિત ૨૬૧ કરોડ જેટલી રકમ જે નકકી કરી છે, જે રાજય સરકારને આપવાની થાય છતાં પણ આજદિન સુધી આપવામાં નથી આવી. જેના પરિણામે આ પૂરક માગણી ઉભી થવા પામી છે. પેકેજ અંતર્ગત રાજય સરકાર અને કેન્દ્ર સરકારનો ફાળો નકકી કરવામાં આવ્યો છે. રાજય સરકારે આ ચૂકવવાનું રહેશે, કેન્દ્ર સરકારે આ ચૂકવવાનું રહેશે. તે મુજબ રાજયની ૧૧ જિલ્લા સહકારી બેંકોને ૨૫૩.૮૮ કરોડની સહાય કેન્દ્રએ આપવાની થાય અને આ કલેઇમ મંજૂર થયો હોવા છતાં પણ ભારત સરકારે તેના ફાળાની રકમ રાજય સરકારને આપી નથી. રાજય સરકારની તમામ જિલ્લા સહકારી બેંકોને આર.બી.આઇ. દ્વારા લાયસન્સ મેળવવાની કટ ઓફ ડેઇટ ૩૧-૩-૨૦૧૨ ના રોજ હતી.

શ્રી રામસિંહ પ્ર. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, જયારે માગણી ઉપરની ચર્ચા થતી હોય ત્યારે સભ્યે પોતાના વિસ્તારની અંદરની મુશ્કેલીઓના પ્રશ્નો રજૂ કરતા હોય અને તેની ચર્ચા કરતા હોય ત્યારે માનનીય મંત્રીશ્રીએ તેની નોંધ કરવી જોઇએ. તે વિસ્તારની અંદર શું મુશ્કેલી છે તેની નોંધ કરવી જોઇએ. અહીં તો મંત્રીશ્રી ફાઇલો તપાસે છે. તો નોંધ કોણ કરે?

અધ્યક્ષશ્રી : હવે કયા મંત્રીએ શું કરવું તે નહીં પણ તમે જે કહો છો તેની લેખિતમાં નોંધ કરવી જોઇએ તેવું નથી. માનસિક રીતે યાદ રહેતું હોય તો લખવાની જરૂર નથી. જે મંત્રી જવાબ આપવાના છે, આપ પણ જાણો છો કે જે માગણીઓ રજૂ કરે છે તે મંત્રીશ્રી જવાબ આપશે. આપ આગળ ચલાવો. આ પોઇન્ટ ઓફ ઓર્ડર નથી રહેતો. તમે બેસો.

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, રાજયની ચાર અન લાયસન્સ બેંકો કચ્છ, જુનાગઢ, સુરેન્દ્રનગર અને બરોડા દ્વારા આર.બી.આઇ.નું લાયસન્સ મેળવવાનું રહેતું હતું. આ લાયસન્સ ન મળે તો આ બેંકો બેન્કીંગ કામકાજ કરી શકે નહીં. ખેડૂતોને ધિરાણ આપી શકે નહીં, પાક વાવવાનો સમય થયો હોય તેવા વખતે ખેડૂતોને બીજ, પાણી માટે અને બીજી અન્ય સગવડતા માટે ધિરાણ આવી બેંકોમાંથી લેવાનું થાય તો બેંકો આ ધિરાણ કરી શકે નહીં. પરિણામે ખરા સમયે જયારે તેને મદદ લેવાની હોય ત્યારે તે મદદ મળી શકે નહીં તેવી પરિસ્થિતિમાં આર.બી.આઇ.ના નોર્મ્સ પૂરા થાય તો જ લાયસન્સ મળે અને આ બેંકો આ કામગીરી કરી શકે. રીવાઇવલ પેકેજ અંતર્ગત કેન્દ્ર સરકારના ફાળાની રકમનું ચૂકવણું સમયસર ના થતાં

આ ચાર બેંકો નિયત કરેલ ચાર ટકા સી.આર.એ.આર. જાળવી શકે નહીં. પરિણામે ખેડૂતોના હિતમાં તેમને સમયસર ધિરાણ મળે તે માટે ૮૪ કરોડ જે ચૂકવવામાં આવ્યા છે તેમજ કેન્દ્ર સરકારે તેને આપવાની રકમ ન આપે અને ખેડૂતોને સમયસર મદદ કરવાની હોય, ખેડૂતો માટે રાજયના જિલ્લા સહકારી માળખાને મજબૂત કરવાની વાત હોય ત્યારે રાજય સરકાર તેની પાસેથી આ રકમની ચૂકવણી કરી પૂરક માગણીઓ રજૂ કરે તો મારી દ્દષ્ટિએ આ ગૃહમાં અને સામે બેઠેલા મારા વિપક્ષી મિત્રોને કોઇપણ પ્રકારનો વાંધો હોવો જોઇએ નહીં. ખેડૂતોના હિતમાં જયારે આ પ્રવૃત્તિ થતી હોય ત્યારે આ માગણીને હું મારું સમર્થન આપું છું.

શ્રી શૈલેષ મ. પરમાર(દાણીલીમડા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે આરોગ્ય વિભાગની પૂરક માગણી નંબર ૩૯, તબીબી અને જાહેર આરોગ્ય માટે જે લઇને આવ્યા છે, એમાં મારા કેટલાક વિચારો અને કેટલીક રજૂઆતો માનનીય મંત્રીશ્રીને કરવા માગું છું.

માનનીય અધ્યક્ષશ્રી, રાજય સરકરના બજેટનું જે મહેસૂલ ખર્ચ છે એ મહેસૂલ ખર્ચની અંદર ૨૩૨૦ કરોડ અને ૬૨ લાખ રૂપિયાની જયારે જોગવાઇ કરવામાં આવી છે ત્યારે માનનીય મંત્રીશ્રીએ આ પૂરક માગણીઓની અંદર ૩૫૯ કરોડ અને ૮૯ લાખ રૂપિયાની માગણી લઇને આવ્યા છે. જાહેર ક્ષેત્રની આ માગણીમાં તબીબી શિક્ષણ અને આરોગ્ય હોય અને ખાસ કરીને જયારે આરોગ્યની વાત આવતી હોય ત્યારે આરોગ્યની અંદર માનનીય મંત્રીશ્રી જે પૂરક માગણીઓ લઇને આવ્યા છે અને એની અંદર ખાસ કરીને જે ઉલ્લેખ કરવામાં આવ્યો છે કે, મોંઘવારી ભથ્થુ, નિવૃત્ત અધિકારીઓ, કર્મચારીઓના રજાના રોકડમાં રૂપાંતર, એલ.ટી.સી., ૬ઠ્ઠા પગારપંચનો અમલ અને પ્રવાસન ખર્ચ, આ તમામના અનુસંધાનમાં માનનીય મંત્રીશ્રી લગભગ પંદર ટકા કરતાં વધારે માગણીઓ લઇને આવ્યા છે.

જે રીતે આરોગ્યની વાત હોય અને આરોગ્યની વાતની અંદર ખાસ કરીએ આજની જે પરિસ્થિતિ છે કે ગુજરાત રાજયની અંદર આરોગ્યની પાછળ માથાદીઠ ફકત ૨૭૦ રૂપિયાનો ખર્ચ કરવામાં આવે છે, ૨૭૦ રૂપિયાનો ખર્ચ એટલે ગુજરાત એ દેશના સમગ્ર રાજયોની અંદર ૩૧મા નંબરે છે કે જેમાં ૨૭૦ રૂપિયા આરોગ્યની પાછળ ફાળવવામાં આવે છે. બીજા રાજયોની જો આપણે વાત કરીએ તો આસામમાં ૪૧૭, છતીસગઢમાં ૩૭૧ અને ઝારખંડમાં ૩૨૮ રૂપિયાનું પ્રમાણ જોવામાં આવ્યું છે, અને આ રાજયની અંદર જે રીતની સિવિલ હોસ્પિટલો હોય, રેફરલ હોસ્પિટલો હોય, પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો હોય, સામૂહિક આરોગ્ય કેન્દ્રો હોય, એ તમામ જગ્યાએ સ્ટાફની ઘટ જોવા મળે છે, એમાં ડોકટરની વાત હોય, હેડ નર્સની વાત હોય, નર્સની વાત હોય, લેબોરેટરી ટેકનીશિયનની વાત હોય કે એકસ–રે ટેકનીશિયનની વાત હોય આ તમામ જગ્યાએ ઘટ જોવા મળે છે. આરોગ્ય વિભાગમાં ગત વર્ષની સરખામણીમાં કર્મચારીઓની સંખ્યામાં જયારે ઘટાડો થયો છે ત્યારે ફકત આ માગણીઓમાં ૬ઠ્ઠા પગારપંચ, પ્રવાસન અને એના અનુસંધાને વાત કરી છે ત્યારે આ રાજયની અંદર ખાસ કરીને જે રોગો થાય છે, એનેમિયાનો જે રોગ મહિલાઓને થાય છે, એમાં ૫૫ ટકા મહિલાઓ આ એનેમિયાના રોગથી પીડાતી હોય છે, આ રાજયની અંદર સરકારી હોસ્પિટલોમાં ફકત ૫૬ ટકા જ મહિલાઓ ડીલીવરી કરાવે છે. એના અનુસંધાનમાં ગુજરાત રાજય તેરમા ક્રમે છે. ખાસ કરીને આ રાજયની અંદર પૂરૂષોની સામે સ્ત્રીઓની સંખ્યામાં ઘટાડો થતો જાય છે. સમગ્ર ભારતની અંદર ૧૦૦૦ પૂરૂષોની સંખ્યામાં જયારે ૯૪૦ સ્ત્રીઓ છે, ત્યારે ગુજરાતની અંદર ૧૦૦૦ પૂરૂષોની સંખ્યાની સામે ફકત ૯૧૮ સ્ત્રીઓની સંખ્યા છે. આની કરતાં જે પછાત રાજયો છે, ઝારખંડ છે, છત્તીસગઢ છે, ઝારખંડમાં ૧૦૦૦ની સામે ૯૪૭ છે, છતીસગઢ પછાત રાજય છે ત્યાં ૧૦૦૦ની સામે ૯૯૧ છે, હિમાચલની અંદર ૧૦૦૦ની સામે ૯૭૪ છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ રાજયની અંદર જ્યારે આરોગ્યની વાત થતી હોય ત્યારે આ રાજયનું જે ધન છે એ ઉછરતું બાળક છે અને ઉછરતા બાળકની વાત આવે ત્યારે કુપોષણની વાત આવે અને કુપોષણની દ્દષ્ટિએ આ રાજયમાં કુપોષણનું જે પ્રમાણ છે એ ૨૩.૫ ટકા છે. ખાસ કરીને જે માહિતી માનનીય આરોગ્ય મંત્રીશ્રીએ એમના પ્રશ્નમાં આપી હતી કે ફકત અમદાવાદ જિલ્લાની અંદર જ ૩૪૨૮૦ કુપોષિત બાળકો છે. આ કુપોષિત ૩ થી ૬ વર્ષના જે બાળકો છે એને જે અઠવાડિયામાં બે દિવસ દૂધ આપવામાં આવે છે એનો ખર્ચ થાય છે ફકત ૨ રૂપિયા. એક બાળક પાછળ અઠવાડિયામાં ફકત ૨ રૂપિયા ફાળવવામાં આવે છે. ૩ થી ૬

વર્ષના બાળક માટે જે જમવાની યોજના છે એની પાછળ ૨ રૂપિયાને ૭૫ પૈસાનો ખર્ચ કરવામાં આવે છે. મારે માનનીય મંત્રીશ્રીને કહેવું છે કે, આપ જ્યારે જોગવાઇ લઇને આવ્યા છો ત્યારે એ જોગવાઇમાં જે કુપોષિત બાળકો છે એને માટે અઠવાડિયામાં ફકત ૨.૭૫ પૈસાનો ખર્ચ કરવામાં આવે તો કુપોષિત બાળકને અઠવાડિયામાં બે દિવસ ફકત બે ઘૂંટડા દૂધ મળે. માગણીઓ વધારે લઇને આવો તો એ માગણીઓમાં અમે ટેકો આપવા તૈયાર છીએ, અમારી કોંગ્રેસ પાર્ટી તમને ટેકો આપવા તૈયાર છે, સર્વાનુમતે એ માગણીઓ અમે પસાર કરવા તૈયાર છીએ. પણ જે રીતે કુપોષિત બાળકથી આ ગુજરાત પીડાય છે એના માટે આ માગણીઓમાં વધારો કરવો જોઇએ. (અંતરાય)

અધ્યક્ષશ્રી : આપ બેસી જાઓ, એનો જવાબ નીતિનભાઇ આપશે.

શ્રી પિયુષભાઇ દિ. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, મારો પોઇન્ટ ઓફ ઓર્ડર છે. માનનીય સભ્યશ્રી •(xxxxxx)

અધ્યક્ષશ્રી : (xxxxxx) કહેવાય નહીં. તમારો પોઇન્ટ ઓર્ડર શું છે? એ માહિતી ગમે તે બોલે તમે જે પોઇન્ટ ઓફ ઓર્ડર હોય એ કહો.

શ્રી પિયુષભાઇ દિ. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, મારો પોઇન્ટ ઓફ ઓર્ડર છે એ છે કે આ ટોટલી (xxxxxx) માહિતી છે.

અધ્યક્ષશ્રી : નહીં, નહીં. આપ બસી જાઓ. એવું ન કહી શકો. આપનો પોઇન્ટ ઓફ ઓર્ડર હું એલાઉ કરતો નથી.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય સભ્યશ્રીને કહેવા માગુ છું કે, મેં વિધાનસભા ગૃહમાં જે કુપોષિત બાળકની વાત કરી, ૧૬૧ માં પ્રશ્નમાં માનનીય મંત્રીશ્રીએ આપેલા જવાબ મુજબ જ હું આ સભાગૃહને માહિતગાર કરું છું. માનનીય સભ્યશ્રી, મારી આ ત્રીજી ટર્મ છે એટલે મને ખ્યાલ છે કે મારે શું બોલવું જોઇએ અને શું નહીં? મારે ખાસ કરીને એ કહેવું છે કે, આ રાજયની અંદર ઓછું વજન ધરાવતા બાળકોની સંખ્યાનું પ્રમાણ ૭૫% છે ત્યારે મારે માનનીય મંત્રીશ્રીને કહેવું છે કે, આપ જ્યારે માગણીઓ લઇને આવ્યા છો ત્યારે મારે કહેવું છે કે, આ હોસ્પિટલોની અંદર સીટીસ્કેન મશીનો નથી હોતા, એકસ-રે મશીનો નથી હોતા, એમ.આર.આઇ. મશીનો નથી હોતા ત્યારે જ્યારે માગણીઓ લઇને આપ આવો છો ત્યારે આ કુપોષિત બાળકોની વાત હોય, સ્ત્રી ભ્રૂણ હત્યાની વાત હોય ત્યારે આપણા રાજયની હોસ્પિટલોની અંદર જે સુવિધાઓ અપૂરતી છે એના માટે માગણીઓમાં વધારે દરખાસ્ત કરો તો કોંગ્રેસ પાર્ટી સો ટકા તમને ટેકો આપશે. પણ આજે આપ જે પૂરક માગણીઓ લઇને આવ્યા છે એને અમે કોઇ પણ સંજોગોમાં ટેકો આપી શકીએ તેમ નથી.

શ્રી રજનીકાન્ત મો. પટેલ(અસારવા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી માગણી નંબર-૨૨ નાગરિક પુરવઠા માટે જે ૪ કરોડ ૭૧ લાખ ૩૦ હજારની લઇને આવ્યા છે એને સમર્થન આપવા માટે હું ઉભો થયો છું.

માનનીય સી.કે. રાઉલજીએ કહ્યું કે અનાજ મળતું નથી, બારકોડ રેશનકાર્ડની વ્યવસ્થા નથી, ભ્રષ્ટાચાર થાય છે, આ જે જરૂરિયાત ઉભી થઇ છે એમાં ૪.૬૨ કરોડની રકમ જે ગરીબ માણસો- ૩૨ લાખ કુટુંબો એને તહેવારોની અંદર જન્માષ્ટમી, દિવાળી અને જુલાઇથી ડિસેમ્બર સુધીમાં ૨૦૧૨ દરમિયાન આ મોંઘવારીના સમયની અંદર ગરીબ માણસોને ખાદ્યતેલ સસ્તા ભાવે આપવા માટેની જે પ્રવૃત્તિ હાથ પર લીધી એના માટે ૧૮૦૦૦ ટન ખાદ્યતેલ જે ઉપલબ્ધ કરવામાં આવ્યું, એના કારણે આ ઉભી થયેલી છે. એમણે ભ્રષ્ટાચારની વાત કરી એમાં મારે જણાવવું છે કે આની ખરીદી જે છે એ સિવિલ સપ્લાય કોરપોરેશને ભારત સરકારના એમ.એમ.ટી.સી. મારફતે ખરીદી કરી છે ગુજરાત સરકારે બારોબાર ખરીદી નથી કરી. ભારત સરકારનું જે જાહેર સાહસ છે એના મારફતે ખરીદી કરી છે એટલે ભ્રષ્ટાચારનો કોઇ સવાલ ઉભો થતો નથી. રાજયની અંદર ગ્રામીણ વિસ્તારમાં રૂપિયા ૩૨૪ જેટલી જેની માસિક આવક હોય અને શહેરી વિસ્તારમાં જેની

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા.

૫૦૧ રૂપિયા માસિક આવક હોય એવા ૨૪.૫૦ લાખ બી.પી.એલ. ફેમિલી જે છે એને આ ખાદ્યતેલ આપવામાં આવ્યું છે. રાજ્ય સરકારે જે ૭.૫૫ લાખ અંત્યોદયો છે, જેની અંદર વૃદ્ધો, વિધવા, નિરાધાર લોકોનો સમાવેશ થાય છે એવા લોકોને રાહત દરે આ ખાદ્યતેલ પૂરું પાડ્યું છે. કેન્દ્ર સરકાર જ્યારે સત્તા પર આવી ત્યારે કહેલું કે અમે ૧૦૦ દિવસમાં મોંઘવારી ઘટાડીશું, ૩ વરસ થઇ ગયા, મોંઘવારી વધતી જાય છે, અને મોંઘવારીના સમયની અંદર ગરીબ માણસો જીવી ના શકે અને એને ટકાવી રાખવા માટે રાજય સરકારે એક પગલું લીધું કે એમને રાહત દરે એ લોકો તહેવારોની ઉજવણી કરી શકે, એ લોકો મોંઘવારી હોવા છતાં પણ જીવન જીવી શકે એટલા માટે ૩૨ કરોડ રૂપિયાનો ખર્ચો આ ખાદ્યતેલ ઉપલબ્ધ કરવા માટે આપ્યો છે.

શ્રી રાઉલજીએ એવું કહ્યું કે અનાજ ઉપલબ્ધ કરવામાં આવતું નથી. મારે જણાવવું છે કે ભારત સરકારે પોતે ગુજરાત માટે ગરીબો માટેની જે સંખ્યા નક્કી કરી છે એ સંખ્યા ફક્ત ૨૧.૨૦ લાખ માણસોની નક્કી કરી છે. મેં તપાસ કરી કે આ ૨૧.૨૦ લાખની સંખ્યા કેવી રીતે આવી આ સંખ્યા ભારત સરકારે ૧૯૯૩–૯૪ની અંદર જે ગરીબીનું પ્રમાણ હતું એ ધ્યાનમાં લીધું, ૨૦૦૦ની વસતિ ધ્યાનમાં લીધી અને એ ધ્યાનમાં લઇને ૨૧.૨૦ લાખ માણસોને સહાય આપવાનું નક્કી કર્યું. મને આનંદ એ વાતનો છે કે રાજય સરકારે માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીના નેતૃત્વ નીચે ભારત સરકારના ૨૧.૨૦ લાખ ગરીબોની સામે ૩૨ લાખ ગરીબોને, આનો મતલબ થયો કે ૧૧ લાખ લોકોને રાજય સરકાર પોતાના ખર્ચે, પોતાના ભંડોળમાંથી અન્ન પૂરું પાડવા માટે સહાય કરી રહી છે. એટલે ૩૨ લાખ લોકોને અનાજ ઉપલબ્ધ કરવામાં આવી રહ્યું છે. ભારત સરકારે કહ્યું કે જે અંત્યોદય કુટુંબો હોય એમને ઘઉં બે રૂપિયે કિલો આપો, ચોખા ત્રણ રૂપિયે કિલો આપો, ગુજરાત સરકારે નક્કી કર્યું કે અંત્યોદય નહિ, ઈવન બી.પી.એલ. ને પણ અમે ૫૦ ટકા જથ્થો, ઘઉં બે રૂપિયે કિલો, ચોખા ત્રણ રૂપિયે કિલો આપીશું. મારે રાઉલજીને કહેવું છે કે ગુજરાત સરકારે ચાલુ વરસે ૧૪૫ કરોડ રૂપિયાની જોગવાઇ કરી છે. ૧૪૫ કરોડની જોગવાઇ ગરીબ માણસોને અનાજ ઉપલબ્ધ થાય એના માટે કરી છે. આ રાજ્ય સરકાર કામ કરતી સરકાર છે અને એટલા જ માટે ૧૬૦ કરોડ રૂપિયાની જોગવાઇ આવતા વરસ માટે સૂચવેલી છે, ૧૬૦ કરોડ રૂપિયાની રકમ નાની રકમ નથી. મારે આપના મારફતે આ ગૃહના ધ્યાન પર મૂકવું છે. કે ભારત સરકાર સતત ગુજરાતને અન્યાય કરી રહી છે અને તેનો દાખલો એ છે કે, કેરોસીનનો જે જથ્થો મંજૂર કરવામાં આવતો હતો તેમાં ૨૭ ટકાનો ઘટાડો થયો છે.

માનનીય અધ્યક્ષશ્રી, આજે છેલ્લાં દસ વર્ષની અંદર ગુજરાતમાં ૨૦ ટકા વસતિ વધી છે તેની સામે ભારત સરકારે ૨૭ ટકા, તે વસતિ ધ્યાને નથી લેતાં અને ૨૭ ટકાનો ઘટાડો કરેલો છે. ૨૦૧૧–૧૨ની અંદર ૬,૭૩,૫૮૪ કિલો લિટરની ફાળવણી કરી. જે ૨૦૦૫–૦૬ની અંદર ૯,૫૫,૭૩૦ કિલો લિટરની હતી. હમણાં અગિયાર રાજયો અને કેન્દ્ર શાસિત પ્રદેશોમાં કેરોસીનના વિતરણમાં ૧૫ ટકાનો વધારો કર્યો છે પણ ગુજરાતનો તેમાં સમાવેશ થતો નથી. કેન્દ્ર સરકાર ગુજરાતના ગરીબ માણસોનું ધ્યાન રાખતી નથી તેનાથી મોટો કોઇ પુરાવો આ બાબતે હોઇ ના શકે. માનનીય મંત્રીશ્રી જે પૂરક માગણીઓ લઇને આવ્યાં છે તેને હું મારું સમર્થન આપું છું કારણ કે ભારત સરકાર ભલે અન્યાય કરતી હોય, ભલે ભારત સરકાર પોતે મોંઘવારી ઘટાડી ના શકતી હોય પણ આ ગરીબ માણસોને મદદ કરવા માટે રાજય સરકારની આ પૂરક માગણી ૪ કરોડ ૭૧ લાખ ૩૦ હજારની લઇને આવ્યાં છે તેને હું સમર્થન આપું છું.

શ્રી જસાભાઇ ભા. બારડ(સોમનાથ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે પૂરક માગણી નંબર ૫,૨૨,૩૯, ૫૧ અને ૭૦ લઇને આવ્યાં છે તેમાં મારા વિચારો રજૂ કરવા માટે હું ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, પંચાયત અને ગ્રામ ગૃહ નિર્માણમાં ૩૩,૧૫,૯૨,૦૦૦ની જે માગણી લઇને આવ્યાં છે તે માગણીમાં કર્મચારીઓના પગાર, રજાના પગાર રોકડમાં. પરંતુ એક આઇટમ મેં જોઇ કે ૧૧ કરોડ ૩૯ લાખ, ૩ હજાર રૂપિયા તે તાલુકા કક્ષાના ગરીબ મેળા નગરપાલિકા કક્ષા અને તાલુકા કક્ષાના. તેમાં જે ખર્ચ કરવામાં આવ્યો છે ગયા વર્ષે ચૂંટણીઓનું વર્ષ હતું એટલે તાલુકા કક્ષાના બે મેળા અલગ અલગ કર્યા નગરપાલિકા અને તાલુકા કક્ષાના. તેમાં એસ.ટી.ભાડામાં મારે આપના દ્વારા કહેવું છે કે એસ.ટી.ને આમાં કેટલાં જમા આપવાના છે. તેમજ મારે પ્રવાસન વિશે ૧ અબજ અને ૨૦ કરોડ રૂપિયા પેશગીમાંથી જે

લીધા છે તેમાં આ ટી.વી. અને મિડિયામાં જાહેરાતોનો જે ખર્ચ છે તે એટલો બધો થયેલો છે કે જેની કલ્પના નથી.

માનનીય અધ્યક્ષશ્રી, મારે આપના દ્વારા કહેવું છે કે પ્રવાસી ભારતીય દિવસ તરીકે કેન્દ્ર દ્વારા જે ઉજવાય છે તેના ગુજરાત સરકારના પ્રવાસન વિભાગમાં જે ફાળો મળે છે તે કેટલો મળે છે? ૭૫ ટકા જેટલો ફાળો મળે છે. મારે માનનીય મંત્રીશ્રીને બીજી વાત એ કરવી છે કે, દ્વારકા અંબાજી, સોમનાથ, ડાકોર આ એક સર્કિટ બનાવીને કોરીડોર એક પ્રવાસની વિચારણા આગળ જે જાહેરાત કરી છે તેમાં કેટલે સુધી કામગીરી પહોંચી તે પણ મારે આપના દ્વારા જાણવું છે.

માનનીય અધ્યક્ષશ્રી, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગમાં ૩,૫૯,૮૯,૦૬,૦૦૦ રૂપિયાની જે નેશનલ રૂરલ હેલ્થ સ્કીમ રાષ્ટ્રીય ગ્રામીણ આરોગ્ય કાર્યક્રમ હેઠળ કે જેમાં રાજય સરકારનો ૨૫ ટકા ફાળો છે અને ૭૫ ટકા રકમ કેન્દ્ર સરકાર દ્વારા જયારે આવે છે. ત્યારે તેનો ઉપયોગ કેવી રીતે થાય. કર્મચારીઓનો પગાર, આરોગ્યને લગતી જોગવાઇઓ અહીંયા દવાખાનાઓમાં જોઇએ તો દવા પૂરતી નથી, સ્ટાફ નથી. આખા ગુજરાતમાં એક નમૂનારૂપ દવાખાનું જોઇએ તો હું ૯૦– સોમનાથ મત વિતારમાંથી ધારાસભ્ય તરીકે ચૂંટાઇને આવ્યો છું, ત્યાંનો એકજ દાખલો આપવો છે. વેરાવળ મૂકામે સામૂહિક આરોગ્ય કેન્દ્ર નગરપાલિકા સંચાલિત હતું. સ્વ. અશોકભાઇ જયારે આરોગ્ય મંત્રી હતા ત્યારે સરકાર હસ્તક લીધા પછી ૧૫૦ પથારીની વ્યવસ્થા કરવામાં આવી. આ આરોગ્ય કેન્દ્રમાં ૧૭૯નું મહેકમ છે, અત્યારે ત્યાં મારામારીના કેસો સિવાય એક પણ કેસ લઇ શકાતો નથી કારણ કે ત્યાં ડોકટરો નથી અને સ્ટાફ પણ પૂરતો નથી. કુલ મહેકમ ૧૭૯ છે, એમાં ભરેલી જગ્યાઓ ફકત ૫૯ જ છે, ૧૨૦ જેટલી જગ્યાઓ ખાલી છે. એની સામે પણ અમારો વાંધો નથી કે ડોકટરો હાજર ન હોય, એકાદ ડોકટર ન હોય, એમ.ડી. ન હોય, સર્જન ન હોય પણ સ્ટાફ નર્સનો આ ગુજરાતમાં કયાંય તૂટો નથી. તેમ છતાં આ દવાખાનામાં સ્ટાફ નર્સની ૭૨ જગ્યાઓ છે એમાંથી ફકત ૭ જગ્યાઓ જ ભરાયેલી છે ૬૫ જગ્યાઓ ખાલી છે. ત્યારે આરોગ્ય તંત્ર કઇ રીતે ચાલે છે એનો આ નમૂનો છે. શહેરની બે લાખની વસતિ અને ત્રણ તાલુકાને જોડતું માત્ર એકજ સામૂહિક આરોગ્ય કેન્દ્ર છે ત્યાં અત્યારે કલ્પના ન કરી શકો પશુઓ, કૂતરાં, બિલાડાં ફરે, પણ ત્યાં ડોકટરો અને સ્ટાફ ન મળે એ સ્થિતિ નિર્માણ થઇ છે. તેથી મારી સરકારને વિનંતી છે કે આ બધી સવલતો આપવામાં આવે.

મારે સરકારની બીજી સારી વાત પણ કરવી છે. સહકારી બેંકોની વાત કરવી છે, કૃષિ અને સહકારનો મુદ્દો છે ચાર બેંકોને ૮૪ કરોડની સહાય આપી. હું જુનાગઢ– પોરબંદર જિલ્લા સહકારી બેંકનો ચેરમેન છું એને ૫૧.૬૪ કરોડની મદદ કરી છે , એ પૈસા રાજય સરકારે જરૂરથી આપ્યા છે, ચૂંટણીના વર્ષને તથા ખેડૂતોને ધ્યાને રાખીને મદદ જરૂર કરી છે. મારે એ કહેવું છે કે ભારત સરકારમાં વૈદ્યનાથ કમિટીએ ૪૪ કરોડ રૂપિયા પરત લેવાની શરતે એગ્રીમેન્ટ કરીને પછી ફાળવ્યા છે. આ જુનાગઢ–પોરબંદર, સુરેન્દ્રનગર, કચ્છ અને બરોડા બેંકની પરિસ્થિતિ એવી હતી કે અડધા દિવસમાં રાતના ૧૨–૦૦ વાગ્યે ૩૧–૩–૨૦૧૨ના રોજ, અમે જરૂર સ્વીકારીએ છીએ સરકારની સારી કામગીરી છે, સારી વાત કરવામાં અમને જરાય મુશ્કેલી નથી પણ એમાં જશ નહિ, તમામ પ્રજા માટે વૈદ્યનાથ કમિટીની ભલામણ અનુસાર ૪૪ કરોડ ૫૦ લાખ રૂપિયા ભારત સરકારે અમારી જુનાગઢ–પોરબંદર બેંકને આપવાના છે એ આપશે એટલે પરત રાજય સરકારને જમા કરાવવાના છે. સારી કામગીરી કરી છે એને અમે આવકારીએ છીએ. પરંતુ અમારી જે લાગણી હતી એ પણ સાથે સાથે મેં રજૂ કરી છે એના ઉપર વિચારણા કરવામાં આવે એટલી વિનંતી છે.

ડો. નિર્મલાબેન સુ. વાધવાણી (નરોડા) : Respected Speaker sir, I amsupporting the supplementary demand no. 39 related to medical and public health

services presented by Minister Shri Nitinbhai Patel to this House and its august Members.

As in every other field Gujarat is no.1 in health sector also. Gujarat is no.1 in the country in blood donation, no. 1 in world in body donation, no.1 in world in kidney transplantation, no.1 in world in knee replacement operations.

To be constructive is difficult task, and Gujarat has shown its strength by being constructive. I remember few lines of a poet:

બાત સરલ, બલિદાન કઠીન હૈ, પતન સરલ, ઉત્થાન કઠીન હૈ,
ગાતા હે ખંડહરકા હર પત્થર, ધ્વંસ સરલ, નિર્માણ કઠીન હૈ.

And I congratulate and compliment all those who have contributed this Nirmaan.

In the year 2012-13 budget, provision was made for a total of Rs. 3,924.0238 crores.

Respected Speaker sir, in National Rural Health Mission Gujarat state's share was increased from 15% to 25% in the year 2012-13. Due to this there is an additional burden of Rs.194.33 crores. There had been increase in salary and other allowances as per Sixth pay commission and UGC guidelines. Also, stipend of post-graduate medical students has increased by 40%. Modernization of hospitals which includes sonography, MRI, dialysis machines, ventilators and better equipments and machinery at Food and Drug testing laboratories. Thus there is an increased need of Rs.359.8906 crores.. At village level, Gujarat provides health services at 318 CHC as against 317, 1158 PHC as against 1166, and 7274 sub-centres as against 7236, according to 2001 census.

Through these temples of health, state government tries to provide free medical and health services to villagers, tribal population and people living in distant remote areas without discrimination of any

caste and religion. In this series Gujarat is far ahead of other states including Congress ruled States.

Respected Speaker, sir, in 1960 there were only 3 medical colleges with 280 seats. In the last 40 years of Congress rule only 6 colleges were added with 1125 total seats. But in the last Golden Decade, I repeat Golden Decade, it has increased tremendously to 19 colleges with a total of 2930 seats i.e., 260% increase, under the visionary leadership of Shri Narendrabhai Modi.

Our Chief Minister has given slogan of Sauno Saath, Sauno Vikas and Saunu Aarogya, Sahiyaro Sankalp. For me, C.M. not only means Chief Minister or Common Man, but also Committed Man. Whatever he commits, he fulfills.

In National Blindness Niwaaran Programme, Gujarat has maintained top position in the whole country for the last 7 years. In the year 2011-12, target of 141.47% was achieved with 99.51% IOL surgeries (Netramani) and ...

અધ્યક્ષશ્રી : માનનીય નિર્મળાબેન, વિરામનો સમય થયો છે, આપનું પ્રવચન ચાલુ રહે. છે.

**(વિરામ સવારના ૧૦-૩૦ થી ૧૧-૦૦)**

ડો. નિર્મલાબેન સુ. વાઘવાણી (ક્રમશઃ) : National Blindness Niwaaran Programme got Prime Minister's Award for Administrative Excellence. I salute all those involved in this program for their service towards the ailing humanity. Probably, blessings of such senior citizens have helped Hat-trick win of Shri Narendrabhai Modi in State.

Hon'ble Speaker Sir, to create healthy Gujarat, health of mother and child is important. Under Chiranjivi yojana, 8,35,000 mothers have been benefited with help of 646 private Gynecologists. I am happy to say that

institutional delivery rate of the State is as high as 93%. Now, introduction of Khilkhilat has ensured safe return of mother and baby, back to home, with health education.

'Mukhyamantri Amrutam' or "MA" Yojna, which is as sweet as word "MA", is introduced for BPL families to get medical care for 7 diseases. 5 members of family can get benefits upto Rs. 2 lakhs on cashless basis. Now, all BPL families of Gujarat are saying – '**મેરે પાસ માં હૈ.**' I am sure our Chief Minister Shri Narendrabhai Modi has thoroughly adopted principles of Swami Vivekanandaji. He said – 'May I be born again and again to worship the only God I believe in – the miserable and the poor of all races..' Truly, he is messiah for downtrodden.

Hon'ble Speaker Sir, 108 ambulance is boon for 6 crore Gujaratis. To transfer serious patients, there are 525 ambulances of 108 which were negligible till year 2001. 7,94,945 patients have been benefitted by this Modi–Gaadi. Gujarat is far ahead of other States in the country as far as number and services of ambulance is concerned.

The Tobacco prohibition was implemented by our beloved Chief Minister Shri Narendrabhai Modi on 11th September, 2012 to combat cancer. I am sure he will remove another age old cancer from whole country in the year 2014. The State Government got prizes in medical sector, for example, Sickle Cell Anemia program. Shala Arogya programme. got attention of leaders of whole nation.

I support the supplementary demand. Thanks.

શ્રીમતી વિભાવરીબેન વિ. દવે(ભાવનગર (પૂર્વ)): માનનીય અધ્યક્ષશ્રી, આજની જે માગણીઓ મંત્રીશ્રી લઇને આવ્યા છે તેમાં પ્રવાસનની ૧૨૦ કરોડની જે પૂરક માગણી નં.૫૧ છે તેના ઉપર હું મારા વિચારો વ્યક્ત કરું છું.

આ સરકારે પ્રવાસન ક્ષેત્રે ખૂબ જ વિકાસ કર્યો, તેના કારણે આંતરમાળખાકીય સુવિધાઓ વધારવાની જરૂરિયાત ઉભી થઇ. નિગમોની અંદર હોટલો અને હોટલોને વધારે સુવિધાયુકત બનાવવાની, નવીનીકરણ કરવાનું, વાજબી ભાવે આવાસો અને ભોજનાલયો ઉપલબ્ધ કરાવવા માટે તથા વિદેશી

પ્રવાસીઓને પણ યોગ્ય સગવડ મળી રહે એ બાબતને ધ્યાનમાં રાખીને જે પણ કંઇ ખર્ચ કરવામાં આવ્યો છે એ ખર્ચને આ પૂરક માગણીમાં સમાવવામાં આવ્યો છે. મને યાદ છે, કચ્છમાં જયારે ભૂકંપ આવેલો ત્યારે મારી સામેની પાટલી ઉપર બેઠેલાં લોકોએ ગુજરાતને બદનામ કરવામાં કયાંય પાછીપાની કરેલી નહીં. પરંતુ માનનીય મુખ્યમંત્રીશ્રીએ ગુજરાતનું ગૌરવ વધારતા આજે '' કચ્છ નહીં દેખા તો કુછ નહીં દેખા'' એ વાત જયારે દેશ અને દુનિયામાં પહોંચી છે ત્યારે આ વાતને ધ્યાને લઇને જે પણ કંઇ આયોજનો થયા છે તેને આવકારીએ છીએ. ગુજરાતના બ્રાન્ડ એમ્બેસેડરે તો એવું કહ્યું છે કે, ચાંદ પર.. (અંતરાય)

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, અમારા સભ્યો બોલતા હતા ત્યારે અમને અટકાવતા હતા. તેઓ ફર્સ્ટ ટાઇમ બોલ્યા ત્યારે અમે નહોતા બોલ્યા, અમે અટકાવ્યા નહીં પણ તેઓ પૂરક માગણીઓ ઉપર જ બોલે...

અધ્યક્ષશ્રી : તમે પૂરક માગણીઓ ઉપર જ બોલો. સહકાર, નાગરિક પુરવઠો, તબીબી અને જાહેર આરોગ્ય, પ્રવાસન, સમુહ વિકાસ આટલી મર્યાદામાં જ બોલજો.

શ્રીમતી વિભાવરીબેન વિ. દવે : હું એના ઉપર જ બોલું છું.. આ પ્રવાસનના વિકાસ માટેની બાબતમાં વધારે ખર્ચ કેમ કરવો પડ્યો એની જ વાત કરું છું. આજે કચ્છ બાબતમાં બ્રાન્ડ એમ્બેસેડરે કહ્યું– '' ઇન્સાન ચાંદ પર જાને કી કયૂં મહેનત કરતા હૈ? યહાં કચ્છ મેં ચાંદ ખૂદ ધરતી ઉપર આતે હુયે દેખા હૈ.'' માનનીય નરેન્દ્રભાઇ આ કચ્છના રણને ખીસ્સામાં લઇને નહોતા આવ્યા, સાપુતારાને આંગળીએ પકડીને નહોતા લાવ્યા. અગાઉના સમયના દ્રષ્ટ્રીહીન નેતૃત્વના કારણે આ કોઇને દેખાયું જ નહીં. આ દિર્ઘદ્રષ્ટ્રીવાળા નેતૃત્વના કારણે આ બધા પ્રવાસધામોનો વિકાસ થયો છે અને એના કારણે આ વધારાનો ખર્ચ કરવો પડ્યો છે. સ્વાતંત્ર્ય સંગ્રામના ૧૫૦મા વર્ષની જયંતિ ઉજવતા હતા ત્યારે કેન્દ્ર સરકારની અંદર આ ગુજરાતના પ્રવાસનના અનેક સ્થાનોને જ્યાં સ્વાતંત્ર્ય સંગ્રામના કાર્યો થયા હતા ત્યાંના વિકાસ માટે જયારે માંગણી કરવામાં આવી. દાંડી યાત્રા જ્યાં આગળ ૧૯૩૦માં મીઠાના અસહકારનું આંદોલન કરવામાં આવ્યું હતું. બાપુનું જન્મસ્થાન પોરબંદર, સરદાર પટેલનું જન્મસ્થાન કરમસદ આ બધાને હેરીટેજ તરીકે જાહેર કરવાની માગણી કરી. પણ કેન્દ્રમાં બેઠેલા લોકોને સરદાર અને ગાંધીના નામે મત લેવા છે પણ એના નામે વિકાસ કરવો હોય તો કરવો નથી અને માત્ર મત જ લેવા છે અને તેમના નામનો ઉપયોગ જ કરવામાં આવે છે.

માનનીય અધ્યક્ષશ્રી, ૨૦૦૬ના વર્ષને પ્રવાસન વર્ષ તરીકે ઉજવવાનું નક્કી કર્યું. (અંતરાય) આ પ્રવાસન ધામોને ઉદ્યોગ તરીકેનો દરજ્જો આપવામાં આવ્યો અને મબલખ નાણાંથી આ ઉદ્યોગોનો વિકાસ માટે નાણાં ખર્ચવામાં આવી રહ્યા છે. જ્યાં પોતાના ઉદ્યોગોનો વિકાસ કરતા હોય છે એવી જ રીતે આ પ્રવાસનને ઉદ્યોગ તરીકે નક્કી કરી અને એના માટે મબલખ નાણાં ખર્ચવામાં આવ્યા. એના કારણે જૂનાગઢ, પોરબંદર, સાપુતારા, દ્વારકા એ તમામ વિસ્તારના લોકોને, ત્યાંના રહેવાસીઓને, હોટલ માલિકોને, ટ્રાવેલ્સવાળાઓને, ત્યાં રહેતા નાના–મોટા કામ કરતા રેસ્ટોરન્ટવાળા, લારી ગલ્લાવાળા, ઓટો રિક્ષાવાળા આ બધાની રોજગારી ખૂબ વધી છે અને આવકનું સ્તર ઉંચું આવ્યું છે અને એના કારણે એમનું જીવન ધોરણ ઉંચું આવ્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ સદીના મહાનાયક અમિતાભ બચ્ચનને બ્રાન્ડ એમ્બેસેડર બનાવવાનું આગવું પગલું આ સદીનું મહાન નેતૃત્વ કરનાર નરેન્દ્રભાઇ મોદીએ લીધું અને આ સદીના મહાનાયકને ગુજરાતના બ્રાન્ડ એમ્બેસેડર બનવા માટે વિનંતી કરી અને એમણે વિનામૂલ્યે બ્રાન્ડ એમ્બેસેડર બનવાનું નક્કી કર્યું અને એ બ્રાન્ડ એમ્બેસેડરે જે કોઇ જાહેરાત કરી.. (અંતરાય) તમે તો એમનો બ્રાન્ડ એમ્બેસેડર બનાવવાનો વિરોધ કરતા હતા અને તમારી સાથે શું હતું? આ બ્રાન્ડ એમ્બેસેડરે ગુજરાતની ખુશ્બુને આખા વિશ્વની અંદર પહોંચાડી છે. બ્રાન્ડ એમ્બેસેડરે કહ્યું છે કે,

'' યહાં ખુશ્બુ હૈ બાપુ કી, સ્વાતંત્ર્ય સંગ્રામ કી, રાષ્ટ્રીય ચેતના કી,
બાપુ આજ ભી જીવીત હૈ, ઇસ ચરખે મેં, ઇસ મિટ્ટી મેં. ''
'' બાપુકી જન્મ ભૂમિ હૈ ગુજરાત, કુછ પલ તો ગુજારીએ ઇતિહાસ મેં,
કુછ પલ તો ગુજારીએ ગુજરાત મેં.''

માનનીય અધ્યક્ષશ્રી, અહીંયાં બેઠેલા એક માનનીય સભ્યશ્રીએ એક મંદિરની વાત કરી.

''માકો મિલને કે લીએ કુછ વજહ ચાહીએ? ભલા,
યહાં ખુશ્બુ હૈ ભક્તિ કી, ખુશ્બુ હૈ પ્રસાદ કી,
કભી ન તૂટનેવાલી શ્રદ્ધા કી, યહાં ખુશ્બુ હૈ ક્રિષ્નાકે સંગ રાસ–લીલા કી,
ક્રિષ્ના ભી મથુરા છોડકર દ્વારકા મેં આયે, આપ ભી આયે સબ કે સાથ.''
''બહોત કુછ મિલેગા આશીર્વાદમેં, કુછ દિન તો ગુજારીએ ગુજરાતમેં.'',
'' શેર ઔર ઇન્સાન કા ઘર હૈ યે ગીર,
યહાં ખુશ્બુ હૈ મેલમિલાપ કી, યહાં ખુશ્બુ હૈ શેરદિલ ઇન્સાન કી.
કહાં મિલેગા ઇતના કુછ એકસાથ, કુછ દિન તો ગુજારીએ ગુજરાત મેં.
કબ તક બૈઠે રહેંગે સિમેન્ટ કે મકાનોમેં?, કુછ દિન તો ગુજારીએ ગુજરાત મેં.''

આ રીતે ગુજરાતના પ્રવાસનની ખુશ્બુ દેશ દુનિયા સુધી પહોંચાડી અને એના કારણે આજે મારે ગર્વ સાથે કહેવું છે કે આ ગુજરાતની ખુશ્બુ દુનિયાની બહાર બધે સુધી પહોંચી અને ૨૦૦૬ જયારથી એને પ્રવાસન વર્ષ તરીકે જાહેર કર્યુ એ વર્ષે માત્ર ૧ કરોડ અને ૨૩ લાખ પ્રવાસીઓ આ ગુજરાતનો પ્રવાસ કરવા માટે આવતા હતા. માત્ર ૫–૬ વર્ષમાં આની સંખ્યા કેટલી થઇ છે? ૨૦૧૨–૧૩માં ૧૮ કરોડ ૬૫ લાખની સંખ્યા થઇ છે અને આ ગુજરાતની અંદર આટલો મોટો પ્રવાસનનો એક ઉદ્યોગ તરીકે વિકાસ કરી ગુજરાતની રોજગારી, ગુજરાતના પ્રવાસન સ્થળો અને વિશ્વમાં ગુજરાતનું નામ રોશન કર્યુ છે. અને આ ગુજરાતની અંદર અગાઉના સમયમાં મને યાદ છે એવી પંકિત હતી કે, !! ભોમિયા વિના મારે તો ભમવા હતા ડુંગરા, વન વન મારે જોવા હતા!!. પણ આજે ભોમિયા વગર પણ ગુજરાત આખાની અંદર પહોંચી શકાય એવી રીતની પ્રવાસનની જાહેરાતો ફિલ્મો અને ટી.વી. ઉપર પહોંચાડી ગુજરાતની ખુશ્બુ વિશ્વમાં પહોંચાડી છે અને અને આપ જે પૂરક વિધેયક લઇને આવ્યા છો એને હું મારું અનુમોદન આપુ છું.

શ્રી પુંજાભાઇ ભી. વંશ(ઉના) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી પૂરક માગણી નંબરઃ ૫, ૨૨, ૩૯, ૫૧ અને ૭૦ લઇને આ સભાગૃહ સમક્ષ આવ્યા છે ત્યારે મારા વિચારો વ્યકત કરવા માટે ઉભો થયો છું. માનનીય અધ્યક્ષશ્રી, છેલ્લા વર્ષોમાં જોઇએ તો આ સરકારના વિકાસલક્ષી ખર્ચમાં ઉત્તરોત્તર ઘટાડો થતો જાય છે. બિન વિકાસલક્ષી ખર્ચની અંદર ઉત્તરોત્તર વધારો થતો જાય છે. વિકાસલક્ષી ખર્ચ કરવામાં સરકાર પૂરક માગણીઓ લઇને આ સભાગૃહ સમક્ષ આવે એ સ્વીકારી શકાય પણ દિનપ્રતિદિન બિન વિકાસલક્ષી ખર્ચમાં વધારો થતો જાય અને એ ખર્ચને આધારે પ્રજાને કોઇપણ પ્રકારનો ફાયદો ન થાય અને માત્રને માત્ર સરકારની વાહવાહ થાય એના માટે ખર્ચ કરવામાં આવે અને એના માટે પૂરક માગણીઓ લઇને આવવામાં આવે એમાં સંમત થઇ શકાય નહીં.

નાગરિક પુરવઠાની જે પૂરક માગણીઓ લઇને આવ્યા છે ત્યારે બારકોડેડ રેશનકાર્ડ આપવા માટેની સરકારે ૫ વર્ષ પહેલા જાહેરાત કરી. ગંભીર વાત એ છે કે બારકોડેડ રેશનકાર્ડ આપવાની જાહેરાત કર્યા પછી આજે સ્થિતિ એ નિર્માણ થઇ છે કે નવું રેશનકાર્ડ કઢાવવું હોય તો એ નથી નીકળી શકતું. નામ નવા ચડાવવા હોય તો એ નથી ચડી શકતા. નામ કમી કરાવવા હોય તો એ કમી નથી થઇ શકતા. માનનીય મંત્રીશ્રી પાસેથી હું એ જાણવા માગુ છું કે આ પાંચ વર્ષથી જાહેરાત કર્યા છતાં હજી સુધી પૂર્ણ નથી થયા, જે તે એજન્સીને આ કામ આપ્યા છે એ એજન્સીએ આજ સુધી હજી કામ પૂર્ણ નથી કર્યા, તો આ બારકોડેડ રેશન કાર્ડ તમે કયારે આપવાના? કેટલા સમયમાં આપવાના? અત્યાર સુધી તમે આના ઉપર કેટલો ખર્ચ કર્યો છે? આ વાત સરકાર તરફથી કોઇ કહી શકતું નથી, ત્યારે માનનીય મંત્રીશ્રીને મારે કહેવાનું કે બારકોડેડ રેશનકાર્ડ વહેલામાં વહેલી તકે અપાય, જેના કારણે નવા રેશનકાર્ડ કઢાવી શકે, નામ ચડાવી શકે, નામ કમી કરાવી શકે. ત્યારબાદ રેશનીંગની દુકાનો અને સરકાર બહુ મોટી મોટી જાહેરાતો કરે છે, અમે ઘણું પરિવર્તન લઇ આવ્યા છીએ. ગરીબ લોકોને રેશનિંગનો પુરવઠો પૂરતો મળે છે. મારે દુઃખ સાથે કહેવું પડે છે કે રેશનિંગનો પુરવઠો મોટાભાગે આજે પણ બારોબાર પગ કરી જાય છે. અમરેલીનો દાખલો હોય, તાજેતરમાં જ જુનાગઢના એક દાખલાની વાત કરું કે ઉનામાં ૫૦૦ ગુણી ઘઉં પકડાયા, જે રેશનિંગનો જથ્થો હતો. એની

તપાસ કરવામાં આવી છે અને જે ટ્રકમાંથી આ માલ પકડાયો એના ડ્રાયવરને પી.બી.એમ.માં મોકલ્યો. આ સરકારની નીતિ કયા પ્રકારની છે કે ડ્રાયવરને પી.બી.એમ.માં મોકલ્યો? જથ્થો ક્યાંથી આવ્યો, કોનો હતો એ આજની તારીખે ગુપ્ત છે, સુષુપ્ત છે અને એ વાસ્તવિકતા આજે પણ બહાર આવી નથી. આ પ્રકારે જો સરકાર કામગીરી કરવાનું ચાલુ રાખશે તો ગરીબોની આપણે વાત કરીએ છીએ એ વાત અસ્થાને ગણાશે.

માનનીય અધ્યક્ષશ્રી, આરોગ્યની વાત કરું તો છેલ્લા વર્ષોમાં જે પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો હતા એને સામૂહિક આરોગ્ય કેન્દ્રમાં ફેરવ્યા. પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો નવા બનાવ્યા. વસતિના ધોરણે ફાળવણી કરવામાં આવી. નવા સામૂહિક આરોગ્ય કેન્દ્રોની આપણે જાહેરાત કરી દઇએ છીએ. પણ સામૂહિક આરોગ્ય કેન્દ્રો કર્યા પછી એમાં આપણે શું વ્યવસ્થાઓ કરી? આ ગૃહમાં ડોકટરોની ઘણી ચિંતા થઇ. મોટાભાગની જગ્યાઓ આજે ખાલી રહી છે. જે લોકો આમપ્રજાના આરોગ્ય સાથે સંકળાયેલા હોય અને આરોગ્ય જ્યારે સારું રહેતું ન હોય તો ખરેખર આપણે ગુજરાતની કયા પ્રકારની ચિંતા કરીએ છીએ? ઉનામાં ૨૦૧૦માં સીમર પ્રાથમિક આરોગ્ય કેન્દ્રને સામૂહિક આરોગ્ય કેન્દ્રમાં ફેરવવાનો નિર્ણય કર્યો એ પછી આજે બે વર્ષ થયા, પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં જે સવલતો મળતી એના બદલે એ સામૂહિક આરોગ્ય કેન્દ્રને પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર જેટલી પણ સુવિધા મળતી નથી. નવાબંદર પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર નવું બનાવ્યું તો ત્યાં જે સુવિધાઓ અને સગવડતાઓ ઉભી કરવી જોઇએ એ આજની તારીખે ઉભી નથી થઇ. છતાં આપ પૂરક માગણીઓ શેના અનુસંધાને લાવો છો? આરોગ્ય માટે અથવા વ્યવસ્થાઓ માટે વધારાનો ખર્ચ કરવામાં આવે અને પૂરક માગણીઓ લઇને આવે તો એ સ્વીકાર્ય બની શકે.

માનનીય અધ્યક્ષશ્રી, પ્રવાસનની માગણીઓ પણ લઇને આવ્યા છે. બહેનશ્રી હમણાં પ્રવાસનની ખૂબ સારી વાતો કરતા હતા. ''ખુશ્બુ ગુજરાત કી, કુછ દિન તો ગુજારીએ ગુજરાતમેં'' બ્રાન્ડ એમ્બેસેડરે એ જાહેરાત કરી. મારે આ ગૃહના સન્માનનીય સભ્યશ્રીઓને અને બહેનને કહેવું છે કે પૈસા આપીએ અને પૈસા ખર્ચ કરીએ તો જેવું બોલાવવું હોય એવું બોલાવી શકાય. આ અમિતાભ બચ્ચન બોલે છે, બ્રાન્ડ એમ્બેસેડર નહીં પણ પૈસો બોલે છે. આ ગુજરાતની પ્રજાના પૈસે ખુશ્બુ ગુજરાતકી એડ આપવા માટે આ સરકારે ૮૩ કરોડ રૂપિયાનો ખર્ચ કર્યો છે, થોડી ઘણી રકમ નહીં. પ્રવાસનની અંદર જાણે ખૂબ વિકાસ થઇ ગયો. અમારા જુનાગઢ જિલ્લામાં ગીર આવ્યું છે. ગીરમાં એશિયાની અંદર પ્રખ્યાત સિંહો છે. (અંતરાય)

**અધ્યક્ષશ્રી :** એમણે એમ કહ્યું કે ખુશ્બુ ફેલાવવા માટે પૈસા આપવા જોઇએ, બદબુ ફેલાવવા માટે પૈસા આપવા જોઇએ એવી વાત નથી કરી. એમને બોલવા દો. કોઇ કાર્યવાહી વિરુદ્ધ નથી.(અંતરાય) તમે નીતિનભાઇને લખીને આપી દો. એ જવાબ આપી દેશે.

**શ્રી પુંજાભાઇ ભી. વંશ :** એમાં માનનીય સભ્યશ્રીઓને કાંઇ તકલીફ થતી હોય (અંતરાય) આપણે બધા જાણીએ છીએ કે પૈસા આપીએ તો શું ખરીદી શકાતું નથી? પૈસાથી બધું ખરીદી શકાય. માનનીય અધ્યક્ષશ્રી, ગીરની અંદર એશિયાટિક સિંહો આવેલા છે. પ્રવાસન ક્ષેત્રે એમ કહેવામાં આવે છે કે અત્યારે જ પ્રવાસીઓની સંખ્યા વધી છે. ભૂતકાળની અંદર પણ આ સિંહોને જોવા માટે ઘણા બધા પ્રવાસીઓ આવતા હતા પણ ગીરના સિંહોમાંથી અમુક સિંહો •(xxxxxx) (અંતરાય)

અધ્યક્ષશ્રી : ભાઇ, (xxxxxx) એ શબ્દ કાઢી નાખું છું. આજે તો તમે સિંહની વાત કરી, કાલે તમે બીજા પ્રાણીની વાત કરશો.

શ્રી પુંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, પ્રવાસન ક્ષેત્રે જૂનાગઢ જિલ્લાની અંદર અહેમદપૂર માંડવી દીવને અડીને આવેલું છે એના વિકાસ માટે હજુ સુધી કોઇ નાણાકીય વ્યવસ્થા નથી કરવામાં આવી. શાણાનો ડુંગર, બૌદ્ધની ગુફાઓ, ગુપ્ત પ્રયાગ, સહજાનંદ સ્વામી ભગવાન ત્યાં એક રાત વસેલા એનો વિકાસ આજની તારીખ સુધીમાં કરવામાં આવ્યો નથી.

માનનીય અધ્યક્ષશ્રી, ગ્રામ ગૃહ નિર્માણને લાગે વળગે છે ત્યાં સુધી સરદાર આવાસ યોજના રાજ્ય સરકારની છે. છેલ્લા પાંચ વર્ષની અંદર એક પણ મકાન ના ફાળવ્યું અને ચૂંટણીઓ આવતા એક સાથે એક

---

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યાં.

હજાર મકાનો ફાળવી દીધા. કેન્દ્ર સરકારની ઇન્દિરા આવાસ યોજનાની અંદર એની જે યુનિટ કોસ્ટમાં ૪૫૦૦૦/- રૂપિયા કરવામાં આવ્યાં ત્યારપછી રાજ્ય સરકાર પોતાની જે સહાય આપતી હતી એ ગ્રામ વિકાસ વિભાગે તા.૬-૯-૨૦૧૦થી પૂરક સહાય ૮૫૦૦/- રૂપિયા આપતા હતા એ સંપૂર્ણપણે બંધ કરી છે. આ ગરીબોને અન્યાય કર્તા છે અને જો ગરીબોને મદદ કરવી હોય તો એમાં તમે મદદરૂપ થઇ શકો.

શ્રી મોહનભાઇ ક. કુંડારિયા(ટંકારા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી નાણા જે પૂરક માગણીઓ લઇને આવ્યાં છે એમાં હું ટેકો આપવા માટે ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, હમણાં પુંજાભાઇ બોલી રહ્યાં હતા કે, પૈસા આપીને ગમે તેવું બોલી શકાય છે. બે મહિના પહેલાની જ વાત છે પેલી બેનશ્રી તુલિકા, 'દિશા બદલો, દશા બદલો' આ ગુજરાતની જનતાએ કે દિવસની દિશા બદલી દીધી છે એના કારણે તો દશા બદલાણી છે. આજ સુધી કોંગ્રેસની જે નીતિઓ હતી ભાગલા પાડીને રાજ કર્યા સિવાયની નીતિ નહોતી. આ ગુજરાતના મુખ્યમંત્રી આદરણીયશ્રી નરેન્દ્રભાઇએ ગામડાની અંદર સદભાવનું વાતાવરણ ઊભું થાય, ભાઇચારાનું વાતાવરણ ઊભું થાય એના માટે સમરસ ગામ યોજના લાવ્યાં. કોંગ્રેસના મિત્રો કહેતા હતા કે સમરસ ગામ યોજના અમારા વખતની હતી. ૧૦૦% તમારા વખતમાં હતી પણ તમે ત્યારે ૩૦૦૦ રૂપિયા આપતા હતા. બીજી તમારી •(xxxxxx) કે, ગામડામાં જો ચૂંટણી થાય અને બે ભાગ થાય તો (અંતરાય)

અધ્યક્ષશ્રી : (xxxxxx) એ શબ્દ કાઢી નાખું છું.

શ્રી મોહનભાઇ ક. કુંડારિયા : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતની અંદર આ સમરસ ગામ યોજનાની અંદર બે લાખ રૂપિયાથી ત્રણ-ચાર લાખ રૂપિયા અને જો મહિલા ગામ જો સમરસ ગામ થાય તો એને ત્રણ લાખથી પાંચ લાખનો પુરસ્કાર આપવામાં આવે છે. આ ગુજરાતની અંદર ૧૦૭૩ ગ્રામ પંચાયતો સમરસ થયેલ છે. એમાંથી ૩૬૨ ગ્રામ પંચાયતમાં આખી બોડી મહિલાની. જ્યારે ગુજરાત વિધાનસભાની અંદર આપણે ખરડો લાવવા માગતા હોય કે મહિલા ૫૦% અનામત હોય છે ત્યારે ગુજરાતના મુખ્યમંત્રી આદરણીયશ્રી નરેન્દ્રભાઇએ નિર્ણય કર્યો કે ગામડાની અંદર ૧૦૦% બોડી બહેનોની બને, ગામડાનો વહીવટ, સંચાલન બહેનો દ્વારા કરવામાં આવે તો એને ૫ લાખ રૂપિયા સુધીની એને સમરસ ગામ યોજનામાંથી ગ્રાન્ટ આપવામાં આવે છે તેના કારણે આ ૩૬૨ ગ્રામ પંચાયત સમરસ થઇ. ત્યાંથી મારે આગળ વધીને ગામડાની અંદર પાવન ગામ છે. તિર્થગામ બનાવવા માટે ગામડાની અંદર કોઇપણ જાતના કેસ-કબાડા ના થાય, એક બીજાને વેરભાવ ઊભો ના થાય એના માટે આ ગુજરાતની અંદર આ વખતે ૨૨૨ ગ્રામપંચાયતને પાવન ગામ બનાવવામાં આવ્યાં છે અને ૧ લાખ રૂપિયાનો એને પુરસ્કાર આપવામાં આવે છે. તિર્થગામની વાત કરીએ તો ગામડાની અંદર સમૂહ વાતાવરણ સારું બને એના માટે ૮૬૧ ગ્રામપંચાયત તિર્થગામ બની અને ૨ લાખનો પુરસ્કાર આપવામાં આવે છે. એનાથી આગળ વધીએ તો માનનીય અધ્યક્ષશ્રી, કે, ગામડાની અંદર એક શહેર જેવું વાતાવરણ ઉભું થાય. ગ્રામ પંચાયત, તાલુકા કક્ષાની ગ્રામ પંચાયત હોય કે દસ હજારથી વધારે વસ્તીવાળી ગ્રામ પંચાયત હોય રર્બન ડેવલપમેન્ટ યોજના નીચે ગામડાની અંદર ભૂગર્ભ ગટરની યોજના નીચે દસ-દસ કરોડ રૂપિયા, એક-એક ગામને પંચાયતને આપ્યા. ત્યાંથી આગળ ચાલીએ તો ગામમમાં પંચવટી બને, ગામના બાળકોને રમવા માટે એક બગીચો બને, એમને રમવા માટેના સાધનો મળે એના માટે પંચવટી યોજના પણ દાખલ કરવામાં આવી.

માનનીય અધ્યક્ષશ્રી, એનાથી પણ આગળ, ગામડાની અંદર ઇ-ગ્રામ યોજના, કદાચ ભારતની અંદર, ગુજરાત રાજ્ય એક એવું રાજ્ય છે કે, ૧૩,૬૮૫ ગામોની અંદર ઇ-ગામને કોમ્પયુટરના સાધનો પૂરા પાડવામાં આવ્યા. એમાં ૨૦૦૮માં ૫,૩૩,૦૦૦/-, ૭ x ૧૨ અને ૮-અના ઉતારા કાઢવામાં આવ્યા. ૨૦૦૯માં ૧૨,૪૪,૦૦૦/-, ૨૦૧૦માં ૨૭,૧૭,૦૦૦/-,૨૦૧૧માં ૮૧ લાખ અને ચાલુ વર્ષમાં આ ડિસેમ્બર સુધીમાં ૫૮ લાખ લોકોએ આ ઇ-ગ્રામની અંદર પોતાનો ઉપયોગ, ૭ x ૧૨ અને ૮-અના દાખલ કાઢયા. પછી જન્મ મરણના દાખલા હોય, ચારિત્ર્યના દાખલા હોય કે આઠમા કે દસમા ધોરણના

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યાં.

વિદ્યાર્થીઓને એનું ત્યાં રિઝલ્ટ જોવું હોય, આ સુવિધા ગામડાની અંદર પૂરી પાડવામાં આવી છે. જયારે આ ગુજરાતમાં ખેલ મહાકુંભનું આયોજન કરવામાં આવ્યું, એનું રજીસ્ટ્રેશન પણ ગામડાની અંદર આ ઈ–ગ્રામ પંચાયતમાં કરવામાં આવતું હતું.

માનનીય અધ્યક્ષશ્રી, ખાસ કરીને મારે એ વાત કરવી છેકે, હમણાં વાત કરી કે, ઈંદિરા આવાસ યોજના હોય, કે સરદાર આવાસ યોજના હોય કે, ગામડાના ગરીબ માણસને પોતાને મળતો લાભ લેવા માટેની કોઈપણ યોજના હોય, એના માટે આ ગુજરાતના મુખ્યમંત્રીશ્રીએ ગામડાની અંદર ૯૭૧ સ્થળ ઉપર ગરીબ કલ્યાણ મેળાનું આયોજન કર્યું. આ એકે એક તાલુકાના કર્મચારી, અરજદારોના ઘરે ગયા, ગામડા–ગામડાની અંદર ફર્યા, અરજદારોને શોધ્યા, એના ફોર્મ ભરવાથી માંડીને એને સહાય અપાવવા માટે, તાલુકા સ્થળે જયાં ગરીબ કલ્યાણ મેળો હોય ત્યાં સુધી એને લાવવા માટેનું આયોજન કરવામાં આવ્યું હતું અને આમાં ૭૪ લાખ, ૪૭ હજાર લાભાર્થીઓએ આનો લાભ લીધો. આ કોઈ નાની વાત નથી. વચેટિયાઓને દૂર કરી અને લોકોના હાથમાં સહાય મળે એના માટે ગુજરાતના મુખ્યમંત્રીશ્રીએ આયોજન કર્યું. એક વખત સ્વર્ગસ્થ વડાપ્રધાનશ્રી કહેતા હતા કે, હું દિલ્હીથી રૂપિયો મોકલું છું, પણ બધા પંજામાં ફરતો ફરતો જાય તો અહીંયા ઘસાઈ જાય અને પંદર પૈસા થઈ જાય છે. આજે એક રૂપિયાના બદલામાં સવા રૂપિયો લાભાર્થીના હાથમાં કઈ રીતે મળે એના માટેનું ગરીબ કલ્યાણ મેળાના માધ્યમથી આયોજન કરવામાં આવ્યું છે.

ગામડાની અંદર ગ્રામ પંચાયત અસ્તિત્વમાં હોય, ગામડાની પંચાયત બેસે કયાં ? તો કહે કે, પેલા વજેરીના મકાનમાં, હોય તો બેસેને? એની બાજુમાં તલાટી મંત્રી, સરપંચ બેસે. આ સ્થિતિ ગુજરાતના ગામડાની હતી. દરેક ગામડામાં પંચાયત ઘર બનાવવા માટે પાંચ લાખ રૂપિયાનું આયોજન, તાલુકા પંચાયતનું મકાન બનાવવા માટે ૮૦ લાખ રૂપિયાનું આયોજન, જિલ્લા પંચાયતનું ભવન બનાવવા માટે ચાર કરોડનું આયોજન. માનનીય અધ્યક્ષશ્રી, ગામડાની શું દુર્દશા હતી એની મને ખબર છે. હું નાનો હતો, ભણતો હતો મને યાદ છે કે, અમારા ગામમાં પાણીની ટાંકી બનાવવાની હતી. સરપંચે ગામમાં સાદ પડાવ્યો કે, કાલે આપણા ગામમાં પાણીની ટાંકીનું ભૂમિ પૂજન છે, ગામ આખાએ હાજર રહેવાનું. તાલુકા પંચાયતના ટી.ડી.ઓ, પ્રમુખ બધા આવવાના છે. સવારે ગામના બધા લોકો હાજર થયા, ભૂમિ પૂજન કરવામાં આવ્યું પછી જયારે એણે અહેવાલ વાંચ્યો તો કહે કે, પાંચ હજાર રૂપિયાની લીચી માંડલ ગામમાં પાણીની ટાંકી બનાવવા માટે આ પાંચ હજાર રૂપિયા ફાળવવામાં આવ્યા છે. આખા પંચાયતના સરપંચની પાંચ વર્ષની ટર્મ પૂરી થાય ત્યાં સુધીમાં પાંચ હજારની નાની એવી ટાંકી બની હતી. (સમયસૂચક ઘંટડી) આજે ગામડાની અંદર તલોદ તાલુકાનું પુંસરી ગામ, એક વાર જઈને વિઝિટ તો કરો કે, ગામડામાં કઈ જાતની સુવિધા છે. બારડોલી તાલુકાનું બબીર ગામ હોય, આ ગામડાઓને પ્રોત્સાહિત કરવા માટે તમામ સરપંચોનું સન્માન કરવામાં આવે, એને પુરસ્કાર આપવામાં આવે, એક લાખથી માંડી પચાસ હજાર સુધીના પુરસ્કાર ગ્રામ પંચાયતને મળ્યા હોય તો એ આ આખા ભારતની અંદર ગુજરાત એક પ્રથમ રાજય છે.

ખાસ કરીને જયારે આ ગ્રામ પંચાયતોની સુવિધા માટે રાજય સરકાર આટલા પ્રયત્નો કરી રહી હોય, પંચાયતના સરપંચોથી માંડી, ચૂંટાયેલી તમામ બોડીને માર્ગદર્શન આપવા માટે શિબિરો ગોઠવવામાં આવે, આ સરપંચોને ગામડામાં કઈ રીતે કામ કરવું તેનું માર્ગદર્શન આપવામાં આવે, તાલુકા પંચાયતના સભ્ય હોય કે, જિલ્લા પંચાયતના સભ્ય હોય. માણસને બોલવું સહેલું છે, કરવું અઘરું છે. ૧૯૯૭માં મને યાદ છે કે, આ ફ્લોર ઉપરથી બોલીને જતા રહ્યા હતા કે, અમે આટલી તાલુકા પંચાયતને જુદી કરીએ છીએ કે અમે આટલી તાલુકા પંચાયતને જુદી કરી છે. આટલી જિલ્લા પંચાયત નવી કરી છે. એ બોલીને જતા રહ્યાં. પાછળની કામગીરી બધી અમે કરી કારણ કે ખર્ચા કરવાના બાકી હતા. મકાન બનાવવાના હતા, સ્ટાફ ભરવાનો હતો. આ બધું કામ ભારતીય જનતા પાર્ટીની સરકારે કર્યું. જયારે મંત્રીશ્રી પૂરક માગણી લઈને આવ્યા છે ત્યારે એને હું સમર્થન આપું છું.

/ શ્રી નીતિનભાઈ ર. પટેલ (નાણા મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, આજે અમારા કૃષિ સહકાર વિભાગ, અન્ન અને નાગરિક પુરવઠા ગ્રાહક બાબતનો વિભાગ, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, ઉદ્યોગ ખાણ વિભાગ અને પંચાયત, અને ગ્રામ ગૃહ નિર્માણ વિભાગની પૂરક માગણી સન્માનનીય સભાગૃહ

સમક્ષ અમે રજૂ કરી છે. એના ઉપર આઠ માનનીય સભ્યશ્રીઓએ એમના સૂચનો અને એમના વિચારો રજૂ કર્યા. ખરેખર તો હું એમ કહું કે માનનીય ઋષિભાઇ, માનનીય શ્રી આર.એમ.પટેલ, માનનીય નિર્મલાબેન, માનનીય વિભાવરીબેન અને માનનીય મોહનભાઇએ જે જે વિગતવાર વાતો એમના વકતવ્યમાં કરી એને જો આપણે સ્વીકારી લઇએ તો મારે લગભગ કાંઇ કહેવાનું રહેતું નથી એટલી સુંદર છણાવટ અમારા માનનીય સભ્યશ્રીઓએ આ બજેટ વધારે કેમ રજૂ કરવું પડ્યું, પૂરક માગણીઓ કેમ લાવવી પડી તે એમણે ખૂબ સારી રીતે બતાવ્યું છે છતાં પણ (અંતરાય) નહીં, તમારું સાંભળ્યું હવે તમારી વાત ઉપર આવું ને રાઉલજી. છતાં પણ અમારા નવા નવા સભ્યશ્રીઓએ ખૂબ સારું કહ્યું, પણ રાઉલજી તો ખૂબ સુંદર, જૂના, સિનિયર સભ્ય છે, મંત્રીશ્રી પણ રહી ચૂકયા છે. સી.કે. રાઉલજીએ એવું કહ્યું કે અન્ન અને નાગરિક પુરવઠા વિભાગ દ્વારા જે ગરીબોને સરકાર દ્વારા તહેવારોમાં તેલ આપવામાં આવે છે સસ્તા દરે, રાહત દરે રાજય સરકાર તરફથી, એનો ખર્ચો એમને બહુ યોગ્ય ન લાગ્યો. એમાં એમણે સૂચન એવું કર્યું કે આની ખરીદી ખાનગી સંસ્થા પાસેથી કરવી જોઇએ. મારે એમને પૂછવું છે કે તમારી કેન્દ્રની કોંગ્રેસની સરકાર,જે સતત મોંઘવારી, ભાવવધારો (અંતરાય)સાહેબ, મોંઘવારી વધી રહી છે.

અધ્યક્ષશ્રી : એક મિનિટ, કોઇ ટીકા નથી કરતા. (અંતરાય)

શ્રી નીતિનભાઇ ર. પટેલ : નહીં, નહીં, હું કોઇ ટીકા નથી કરતો પણ કેમ મારે વધારાની માગણી રજૂ કરવી પડી એ ગૃહને જણાવવાની મારી ફરજ છે. જે રીતે સતત મોંઘવારી વધી રહી છે. ગરીબ માણસ, મધ્યમ વર્ગની કેડ તૂટી રહી છે અને આખા દેશની પ્રજા જયારે ત્રાહિમામ પોકારી ગઇ હોય ત્યારે આ નરેન્દ્રભાઇની ભા.જ.પા.ની સરકારની ફરજ છે કે મધ્યમ વર્ગના લોકો તહેવારો સારી રીતે ઉજવી શકે એ ભાવે અમારે તેલ આપવું જોઇએ. અમે તેલ આપીએ છીએ. (અંતરાય)

અધ્યક્ષશ્રી : એ નાગરિક પુરવઠા વિશે બોલે છે.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : બધું સળંગ જ હોવાનું. (અંતરાય)

અધ્યક્ષશ્રીઃ એક મિનિટ, પોઇન્ટ ઓફ ઓર્ડર છે.

શ્રી સી. કે. રાઉલજી : માનનીય અધ્યક્ષશ્રી, આ જે તેલની નીતિ છે એ રાજય સરકારની છે અને આ તેલની નીતિ કેન્દ્ર સરકારની નથી અને કેન્દ્ર સરકારની ટીકા કરી છે.

અધ્યક્ષશ્રી : કોઇ ટીકા આમાં આવતી નથી. એવું થશે તો હું સામેથી બંધ કરાવી દઇશ.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ગરીબોને મદદરૂપ થવા માટે તહેવારો દરમિયાન ૧૮૦૦૦ ટન પામોલીન તેલનું રાજયમાં વિતરણ કરીએ છીએ બીજું, એમની થોડી ગેરસમજ છે એ દૂર કરું. (અંતરાય) નહીં, નહીં, તમે ખુશ થાવ એવું કહું છું રાઉલજી,

અધ્યક્ષશ્રી : ભારત સરકારની મદદથી પામોલીન તેલ મળે છે એમ કહે છે.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : ભારત સરકારની સબસિડીનો આપણે ઉપયોગ કરીએ છીએ એમ કહું છું. તમે એમ કહ્યું કે ખાનગી લોકો પાસેથી આપણે આ પામોલીન કેમ નથી ખરીદતા? તો મારે આપને કહેવું છે કે ભારત સરકારની પોતાની શરત છે કે અમે સબસિડી ત્યારે જ આપીશું કે આ ભારત સરકારની પોતાની

સંસ્થા છે એની પાસેથી તેલ ખરીદો તો જ અમે તમને સબસિડી આપીશું અને ભારત સરકારની આ જે કંપની છે એની પાસેથી જ આપણે તેલ ખરીદીએ છીએ. કોઇ ખાનગી વ્યકિત પાસેથી આપણે ખરીદતા નથી અને મિનરલ એન્ડ મેટર્સ ટ્રેડીંગ કોર્પોરેશન જે ભારત સરકારની માલિકીનું છે એની પાસેથી આપણે આ તેલ ખરીદીએ છીએ એટલે ભારત સરકારની શરત છે એ પ્રમાણે આપણે આમાં કરીએ છીએ. તમે શા માટે ખાનગી લોકો પાસેથી તેલ ખરીદવાનો અમને આગ્રહ કરો છો એ મને સમજાતું નથી.

બીજું મને બહુ નવાઇ લાગી, ચર્ચા થઇ, દુઃખી થયો. રાઉલજીએ કહ્યું મંદિરોનો વિકાસ પ્રવાસનમાં થતો નથી. આખા ગુજરાત, આખા ભારતમાંથી દર્શન કરવા આવનારા તમામ લોકો જાણે છે કે ભૂતકાળમાં બીજી સરકારો હતી, ત્યારે પવિત્ર મંદિરો, પવિત્ર યાત્રાધામોની શું સ્થિતિ હતી? ગંદકી, પાણી ન મળે એનો અભાવ, વ્યવસ્થાનો અભાવ હતો. આજે અમારી સરકાર આવ્યા પછી આપણા મંદિરોની વ્યવસ્થાને વિકસાવી, મંદિરોને સુંદર રીતે સજાવ્યા. અનેક રીતે વ્યવસ્થાઓ કરી. પાવાગઢનું કર્યુ, ડાકોર મંદિરનું કર્યુ, અંબાજી, ધોળકા, સોમનાથ મંદિરનું કર્યું. ૬ કરોડ ગુજરાતીઓ લાખો લોકો પૂનમ ભરવા માટે અને તહેવારોમાં દર્શન કરવા માટે જાય છે. મને દુઃખ એ છે કે કમસે કમ આપણા પવિત્ર મંદિરોમાં ભગવાન, માતાજીની સુંદર વ્યવસ્થાઓ થઇ છે, એને તો વખાણો. એને શા માટે નથી વખાણતા?, એનું મને દુઃખ છે. ટુરિઝમ બધા એમના સભ્યશ્રીએ(અંતરાય) તમે મને એમ કહો સી.કે. રાઉલજી, રેકર્ડ ઉપર પૂછવા માગું છું કે અંબાજી, સોમનાથ, દ્વારકાનો વિકાસ નથી થયો? હું રાજીનામું આપી દઉં. તમે એમ કહો કે વિકાસ નથી થયો. હું રાજીનામું આપી દઉં.

અધ્યક્ષશ્રી : એક મિનિટ. અંદરો અંદર ચર્ચા નહિ કરો. નીતિનભાઇ ચાલુ રાખો. આપનું પ્રવચન ચાલુ રાખો.(અંતરાય) એમને બોલવા દો. વચ્ચે બોલો નહિ. એક મિનિટ. તમારે જે કહેવાનું હતું તે કહી દીધું હવે એમને બોલવા દો. કોઇ પણ સંસદીય બાબતની વિરુદ્ધમાં બોલશે તો તેને અટકાવીશ.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : હું બહુ ગંભીર રીતે કહું છું. કોંગ્રેસના શાસનમાં આ પવિત્ર મંદિરોની જે સ્થિતિ હતી. એમાં અનેકગણો સુધારો વધારો વ્યવસ્થાનો ન થયો હોય, તમે એમ કહો કે ન થયો હોય તો આપણે જ્યૂરી નીમીએ અને એમાં જો હું ખોટો પડું તો રાજકારણ છોડી દેવા તૈયાર છું. ચલો તૈયારી કરો (અંતરાય) તમે ટીકા કરવાની મર્યાદા રાખો.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય મંત્રીશ્રી જે કહે છે . અમારા સભ્ય એટલું જ કહે છે કે મંદિરોના ખર્ચ કરતા ૩ ગણી ખાલી પોતાની જાહેરાત માટે ૮૬ કરોડ રૂપિયા અમિતાભ બચ્ચનના ખર્ચ્યા છે એની વાત કરે છે.

અધ્યક્ષશ્રી : કાંઇ વાંધો નહિ. ખૂશ્બુ ગુજરાતની વાત થઇ ગઇ. ખૂશ્બુ કરવી હોય તો પૈસા ખર્ચવા પડે. કેટલા ખર્ચવા પડે એ વાત જુદી છે. નીતિનભાઇ, તમે ચલાવો.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : સાહેબ મને ડિસ્ટર્બ કરે છે.

અધ્યક્ષશ્રી : તમને ડિસ્ટર્બ કરે તો હાઉસમાં કોઇ રહે નહિ. તમારું ચલાવો.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : મારે મિત્રોને પૂછવું છે કે તમને અમિતાભ બચ્ચનની જાહેરખબર ટીવી ઉપર દેખાય છે. કેન્દ્ર સરકાર દ્વારા શાહરુખ ખાનની અને આમીરખાનની જાહેર ખબરો ભારત સરકાર આપે છે તે કેમ નથી દેખાતી? આવે છે. ટીવી ઉપર આપણે બધા જોઇએ છીએ. આમીરખાન અને

શાહરુખખાનની એમ્બેસેડર તરીકે જાહેર ખબર કેન્દ્ર સરકાર આપે એમાં તમને કોઇ વાંધો નથી. ગુજરાતનો વિકાસ થાય, ગુજરાતનું ટુરિઝમ વધે, ગુજરાતમાં લાખો લોકોની રોજગારી વધે, ગરીબોનો ધંધો વધે એમાં અમિતાભ બચ્ચનનો વાંધો પડે છે. અમને ખબર છે. અમીરખાન એ પણ આપણા લોકપ્રિય અભિનેતા છે. સૌરવ ગાંગુલી હોય, સહેવાગ હોય, ક્રિકેટરો હોય, આ બધી સેલીબ્રિટી છે. સેલીબ્રિટીને જોઇને લોકો આકર્ષાતા હોય છે. એ રીતે અમિતાભ બચ્ચન એ સદીના મહાનાયક છે. એમને જોઇને લાખો લોકો અહીયા આવે છે. એનો આનંદ અમને છે. હું આભાર માનું છું.

શૈલેષભાઇએ એમ કહ્યું કે આરોગ્ય વિભાગની માગણી ઉપર શૈલેષભાઇ કયાં ભણ્યા છે મને ખબર નથી. એમણે એમ કહ્યું કે વ્યક્તિદીઠ ૨૭૦ રૂપિયા જ ગુજરાતમાં ખર્ચ થાય છે. ૬૬૦૦ કરોડ રૂપિયાના પ્લાન, નોન પ્લાનનું ગુજરાતનું આયોજન છે, એટલે ૬ કરોડ ભાગ્યા આટલા કરી દો. તો ૧૧૦૦ રૂપિયાથી વધુ રકમ આપણે આરોગ્ય વિભાગમાં ગુજરાતના નાગરિકોની સેવા અને આરોગ્ય વિભાગ દ્વારા વાપરીએ છીએ. મારે વધારે સમય નથી લેવો. માનનીય અધ્યક્ષશ્રી, પ્રવાસનની બીજી વાત કરું, અમે તો ખર્ચ કરીએ છીએ, આપીએ છીએ અને ગુજરાતનો વિકાસ કરીએ છીએ, દુનિયામાં ગુજરાતને પ્રતિષ્ઠા અપાવીએ છીએ અને ગુજરાતની ખુશ્બુ વધારીએ છીએ.

થોડા વખત પહેલાં કેન્દ્રના મંત્રી માનનીય સુબોધકાંત સહાય જે પ્રવાસન મંત્રી છે તે નર્મદા જિલ્લામાં આવ્યા હતા, તે ભાષણ કરી ગયા. ચૂંટણી પહેલાંની વાત કરું છું. કહી ગયા કે હું દસ કરોડ રૂપિયા ભારત સરકારની ગ્રાન્ટ નર્મદા જિલ્લામાં આપીશ. આજ સુધી એક કાણી પાઇએ ભારત સરકારે આપી નથી. તમારું ચાલતું હોય તો મંગાવી આપજો. દસ કરોડ આવશે તો હું તમારો આભાર માનીશ.

અધ્યક્ષશ્રી : નટવરસિંહ, મગાવી લેજો પૈસા. નીતિનભાઇ મારફત સરકારમાં આપી દેજો.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, નાની વાતો છોડો. મહાત્મા ગાંધીજીની ૧૫૦મી જન્મ જયંતિ વખતે ભારતના માનનીય વડાપ્રધાન માનનીય મનમોહનસિંહ દાંડી આવ્યા હતા અને ત્યાં જાહેરાત કરી હતી કે આટલા કરોડ રૂપિયા હું ગુજરાતના રસ્તા માટે, દાંડી સર્કિટ વિકસાવવા માટે આપીશ. તેમાં આજ સુધી લગભગ મોટા ભાગની રકમ આવી નથી. તમે જાઓ તો અમારા વતી યાદ કરાવજો.

બીજી અગત્યની વાત સહકાર વિભાગની ખેડૂતલક્ષી છે તેમાં મારે આભાર માનવો છે માનનીય જશાભાઇનો કે જેમણે સારી રીતે આ વાતને લીધી છે. સહકારી માળખા દ્વારા ખેડૂતોને રાજયમાં અબજો રૂપિયાનું ધિરાણ કરવામાં આવે છે. તેમાં ચાર જિલ્લાની બેંકો જે છે તે બેંકો જુદા જુદા કારણસર, બેંકોના સ્થાનિક વહીવટના કારણે તેના લાયસન્સ રીન્યુ થયા ન હતા. તેમને નાણાંકીય કટોકટી હતી. તેના માટે જો રાજય સરકાર મદદ ન કરે અને વૈદ્યનાથન કમિટીની ભલામણો કરી હતી તે ભલામણો પ્રમાણે જો અમલ ન થાય તો આ ચાર જિલ્લાની બેંકો બંધ થઇ જાય તેવી પરિસ્થિતિમાં હતી. તે બેંકો બંધ થાય તો તે બેંકો દ્વારા સહકારી મંડળીઓ મારફત કરોડો રૂપિયાની જે લોનો લાખો ખેડૂતોને લેતા હોય તેમને સીધું નુકસાન થાય એટલા માટે અમારી સરકારે હું ફરી આભાર માનું છું માનનીય જસાભાઇનો કે તેમણે વાત સ્વીકારી. આ સરકાર એવી છે કે જે દિવસે તો કામ કરે છે પણ એમના શબ્દોમાં કહું કે રાત્રે બાર વાગે ઓર્ડર કરી આ સરકારે આ ચાર બેંકો વતી ભારત સરકારને, રિઝર્વ બેંકને આ અંગેની રકમ આપી. કેન્દ્ર સરકારને પણ આમાં પોતાનો ફાળો જોડવાનો હતો. ૮૪ કરોડ રૂપિયા ગુજરાત સરકારે આપ્યા. તે સિવાય ભારત સરકાર વતી વહેલા પૈસા આપણે ચૂકવ્યા. જેથી આ ચારેય સહકારી બેંકોનું, જિલ્લા બેંકોનું લાયસન્સ રીન્યુ થયું અને લાખો ખેડૂતોને કરોડો રૂપિયાનું ધિરાણ મળ્યું.

હવે મારે સભાગૃહના ધ્યાન ઉપર મૂકવું છે, અહીં મોટી વાત કરી સરકારની અને બીજી, પણ હજુ ભારત સરકારે ૨૬૧ કરોડ રૂપિયા જે આ વૈદ્યનાથન કમિટીના અભિપ્રાય પ્રમાણે ગુજરાત સરકારને લેવાપાત્ર થાય છે, જે અમે તેમના વતી ૨૬૧ કરોડ રૂપિયા ચૂકવ્યા છે. ભારત સરકારે આજ સુધી આપણને ચૂકવ્યા નથી. મારી વિનંતી છે કે પેલા દસ કરોડની જેમ આનું પણ તમે લિસ્ટ બનાવજો અને ત્યાં જાઓ અને લેતા આવો તો હું તમારો આભાર માનીશ. બીજા વિભગોમાં તો કર્મચારીઓના પગાર ભથ્થા, તેની ભરતી, તેના કારણે જે પગાર ખર્ચ વધ્યો છે આ બધા જ કારણે અમે આ જે પૂરક માગણીઓ લાવ્યા છીએ તેને આ વિધાનસભા ગૃહના માનનીય સભ્યશ્રીઓ મંજૂર કરે તેવી વિનંતી છે. સૌ સભ્યોએ આમાં જે ટેકો આપ્યો છે અને સૂચનો કર્યા છે અને માનનીય પુંજાભાઇ વંશે જે ધ્યાન દોર્યુ છે જુનાગઢમાં કે ૫૦૦ બોરી ઘઉંનો પ્રશ્ન છે તે મેં નોંધ્યો છે અને તેના વિશે ચોકકસ તપાસ કરાવીશું. જે લોકો તેમાં ખોટું કરનાર હશે, બીજાને બદલે ડ્રાયવરે કર્યુ હશે તેવા લોકો સામે કાર્યવાહી કરવા અમે તંત્રને સૂચના આપીશું.

**કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧ અને ૩ થી ૧૦ મત માટે મૂકવામાં આવી અને નામંજૂર કરવામાં આવી.
પૂરક માગણી ક્રમાંક : ૫, ૨૨, ૩૯, ૫૧ અને ૭૦ મત માટે મૂકવામાં આવી અને
મંજૂર કરવામાં આવી.**

**શ્રી નીતિનભાઇ ર. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, સને ૨૦૧૨-૧૩ના પૂરકપત્રકમાં કુલ ૬૧ માગણીઓ સમાવિષ્ટ છે, આમાંથી કુલ ૧૦ માગણીઓ આ ગૃહમાં ચર્ચા દ્વારા પસાર થઇ છે. આથી, બાકીની ૫૧ માગણીઓ પૈકી ૭ માગણીઓ બિનમતપાત્ર હોવાથી તે સિવાયની ૪૪ માગણીઓ હું ગિલોટીનથી મતદાન માટે રજૂ કરું છું. એમાં માગણી ક્રમાંક આ મુજબ છેઃ ૨, ૩, ૬, ૯, ૧૪, ૧૮, ૨૬, ૩૦, ૩૧, ૩૩, ૩૪, ૩૫, ૪૦, ૪૨, ૪૩ ,૪૬, ૪૮, ૪૯, ૫૦, ૫૨, ૫૪, ૬૦, ૬૬, ૬૭, ૬૯, ૭૧, ૭૩, ૭૫, ૮૨, ૮૩, ૮૪, ૮૫, ૮૬, ૮૭, ૮૮, ૯૦, ૯૨, ૯૫, ૯૬, ૯૮, ૧૦૨, ૧૦૩, ૧૦૬ અને ૧૦૭ આ ગિલોટીનથી મંજૂર કરવા મારી દરખાસ્ત છે.

**પૂરક માગણી ક્રમાંકઃ ૨, ૩, ૬, ૯, ૧૪, ૧૮, ૨૬, ૩૦, ૩૧, ૩૩, ૩૪, ૩૫, ૪૦, ૪૨, ૪૩, ૪૬, ૪૮, ૪૯, ૫૦, ૫૨, ૫૪, ૬૦, ૬૬, ૬૭, ૬૯, ૭૧, ૭૩, ૭૫, ૮૨, ૮૩, ૮૪, ૮૫, ૮૬, ૮૭, ૮૮, ૯૦, ૯૨, ૯૫, ૯૬, ૯૮, ૧૦૨, ૧૦૩, ૧૦૬ અને ૧૦૭ મત માટે મૂકવામાં આવી અને મંજૂર કરવામાં આવી.**

**સભાગૃહનું કામકાજ બપોરના ૧૧.૪૮ વાગ્યે પૂરું થતાં સભાગૃહ અધ્યક્ષશ્રીના આદેશાનુસાર સોમવાર, તા. ૪-૩-૨૦૧૩ના રોજ બપોરના ૧૨-૦૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહ્યું.**

# ગુજરાત વિધાનસભા
## સોમવાર, તા. ૪થી માર્ચ, ૨૦૧૩
## ફાલ્ગુન ૧૩, ૧૯૩૪ શાકે
## સભાગૃહ બપોરના ૧૨–૦૦ કલાકે મળ્યું
## અધ્યક્ષશ્રી, વજુભાઇ વાળા અધ્યક્ષસ્થાને

## તારાંકિત પ્રશ્નો

અધ્યક્ષશ્રી : ઓર્ડર, ઓર્ડર.

**પાટણ જિલ્લામાં નિરાધાર વૃધ્ધ સહાય યોજનાની અરજીઓ**

* ૧૯૮૧ **શ્રી દિલીપકુમાર વી. ઠાકોર(ચાણસ્મા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) પાટણ જિલ્લામાં નિરાધાર વૃધ્ધ સહાય યોજના અન્વયે તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલી અરજીઓ મળેલ છે, | (૧) ૧૧૯. |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવેલ છે, અને | (૨) ૫૭. |
| (૩) કેટલી અરજીઓમાં સહાય ચૂકવવામાં આવી? | (૩) ૫૬ |

દિલિપકુમાર વી. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, પાટણ જિલ્લામાં ૧૧૯ અરજીઓ આવી, તે પૈકી ૫૭ અરજીઓ મંજૂર થઇ છે અને ૫૬ કેસોમાં ચૂકવણું કરવામાં આવ્યું છે. એક વ્યકિતને ચૂકવવાના બાકી છે તો કયારે ચૂકવવામાં આવશે? આ સહાય ચૂકવવાના ધોરણો શા છે?

શ્રી રમણલાલ ઇ. વોરા : માનનીય અધ્યક્ષશ્રી, એક અરજી પડતર હતી, તે પણ મંજૂર કરી દેવામાં આવી છે. આ સહાય ચૂકવવા માટે રાજય સરકારે જે નક્કી કર્યુ છે તે પ્રમાણે વૃદ્ધને ૨૧ વર્ષનો કમાતો પુત્ર ન હોવો જોઇએ. એમની વાર્ષિક આવક ગ્રામ્ય વિસ્તાર માટે ૨૭,૦૦૦ અને શહેરી વિસ્તાર માટે ૩૬૦૦૦ હોવી જોઇએ. ૨૧ વર્ષનો કમાતો પુત્ર ન હોવો જોઇએ અને આ પ્રમાણે આ ધોરણોમાં ૬૦ વર્ષની મર્યાદામાં જે વૃદ્ધ આવતા હોય તેમને આ સહાય ચૂકવવામાં આવે છે.

શ્રી રણછોડભાઇ મ. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, મારે આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે નિરાધાર વૃદ્ધ સહાય યોજના અંતર્ગત કોને લાભ મળવાપાત્ર છે?

શ્રી રમણલાલ ઇ. વોરા : મેં પહેલાં કહ્યું તે પ્રમાણે ૬૦ વર્ષ સુધીની ઉંમર હોય, ૨૧ વર્ષનો પુત્ર ન હોય, પુત્ર ૪૫ વર્ષની ઉંમરનો હોય, પરંતુ અશક્ત હોય, વિકલાંગ હોય તો આ યોજનામાં લાભ મળવાપાત્ર છે. વાર્ષિક આવક ગ્રામ્ય વિસ્તારમાં ૨૭,૦૦૦ અને શહેરી વિસ્તારમાં ૩૬૦૦૦ રૂપિયા હોય અને માસિક ૨૦૦ રૂપિયા લેખે વાર્ષિક ૨૪૦૦ રૂપિયાની આવક હોવી જોઇએ અને કુટુંબની આવક ૪૫૦૦ની મર્યાદામાં હોવી જોઇએ.

શ્રી ધારશીભાઇ લ. ખાનપુરા : માનનીય અધ્યક્ષશ્રી, આ પેન્શન ચૂકવાય છે, તે મહિલાઓને ચૂકવાય છે કે વૃદ્ધ પુરૂષને ચૂકવાય છે?

શ્રી રમણલાલ ઇ. વોરા : દર મહિને ચૂકવવામાં આવે છે. નિરાધાર વૃદ્ધ એટલે મહિલા પણ હોઇ શકે, પુરૂષ પણ હોઇ શકે.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા મંત્રીશ્રીને પૂછવા માગું છું કે વૃદ્ધ સહાયમાં માસિક કેટલી રકમ આપીએ છીએ. તેમાં વધારો કરવા માગો છો કે કેમ?

શ્રી રમણલાલ ઇ. વોરા : આ ખૂબ જૂની યોજના છે. એટલે આ યોજનાની શરૂઆત કરી ત્યારે સહાયના ધોરણ ૩૦ રૂપિયા હતા. પછી ૬૦ રૂપિયા થયા, પછી ૧૨૦ રૂપિયા થયા. અત્યારે સહાયના ધોરણ

૨૦૦ રૂપિયા છે.

શ્રી નાગરજી હ. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે નિરાધાર વૃદ્ધ સહાય યોજના ક્યારથી શરૂઆત કરવામાં આવેલ છે અને આ યોજના હેઠળ કેટલી સહાય ચૂકવવામાં આવે છે. આ યોજનામાં સહાયના ધોરણોમાં ક્યારે ક્યારે વધારો કરવામાં આવેલ છે?

શ્રી રમણલાલ ઈ. વોરા : આ યોજના ૧૯૭૮ થી શરૂ કરવામાં આવી. એમણે કહ્યું તે પ્રમાણે સહાયના ધોરણો જ્યારે યોજના શરૂ કરવામાં આવી, ત્યારે ૩૦ રૂપિયાથી શરૂ કરવામાં આવી. ૧૯૮૬ માં ૬૦ રૂપિયા થયા. ૧૯૮૯ માં ૧૨૦ રૂપિયા થયા અને અત્યારે રાજય સરકારે માસિક ૨૦૦ રૂપિયા લેખે આ વૃદ્ધ સહાયની યોજના ચલાવે છે.

શ્રી શંકરભાઇ લ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, પાટણ જિલ્લામાં જે અરજીઓ આવી, તે તમામ અરજીઓનો નિકાલ થઇ ગયો અને તમામને સહાય મળવાની વ્યવસ્થા કરી તે બદલ અભિનંદન..

અધ્યક્ષશ્રી : અભિનંદન દેવાની જરૂર નહિ. પ્રશ્ન પૂછો તમારો.

શ્રી શંકરભાઇ લ. પટેલ : અભિનંદનીય કામ કર્યું એટલા માટે. મારો પ્રશ્ન એટલો ઉંમરનો દા.ત. જે એઇજ નક્કી કરી છે તે એઇજ પૂરી થઇ છે પરંતુ એ લોકો એપ્લીકેશન ન કરી શક્યા હોય, આવું બનતું હોય તો ગવર્નમેન્ટ તેના માટે ઇનિશિયેટિવ લઇને સામે ચાલીને આ યોજનાથી વધારે ઉંમર થઇ હોય તો તેમને ઓટોમેટિક વૃદ્ધ સહાય પેન્શન મળે તે પ્રકારની કોઇ વ્યવસ્થા વિચારવા માગો છો કે કેમ?

શ્રી રમણલાલ ઈ. વોરા : માનનીય અધ્યક્ષશ્રી, આ રાજય સરકારની યોજના છે. ૧૮ વર્ષથી શરૂ કરીને ૬૦ વર્ષ સુધીના નિરાધાર વૃદ્ધોને આપવાની આ યોજના છે. માનનીય ધારાસભ્યશ્રીએ કહ્યું તે પ્રમાણે કયાંક ક્ષતિપૂર્તિ રહી ગઇ હોય અથવા કોઇ રહી ગયું હશે તો પણ આ રાજય સરકાર તે મંજૂર કરે છે.

**જામનગર જિલ્લામાં સાતફેરા સમૂહલગ્ન યોજનાની અરજીઓ**

* ૧૯૨૧ **શ્રી પૂનમબેન હે. માડમ(ખંભાલીયા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૧૨ની સ્થિતિએ નાણાકીય વર્ષ ૨૦૧૨-૨૦૧૩માં જામનગર જિલ્લામાં સાતફેરા સમૂહ લગ્ન યોજના હેઠળ વિકસતી જાતિના અરજદારોને લાભ આપવા માટે કેટલી સંસ્થાઓની અરજીઓ મળી, | (૧) સંસ્થા :- ૦૩<br>લાભાર્થી :- ૧૫૧ |
| (૨) અરજીઓ પૈકી કેટલા લાભાર્થીઓને લાભ આપવામાં આવ્યો, અને | (૨) સંસ્થા :- ૦૩<br>લાભાર્થી :- ૧૫૧ |
| (૩) તે પૈકી કેટલી સહાય ચૂકવવામાં આવી ? | (૩) સંસ્થા :- રૂ. ૩૦,૦૦૦/-<br>લાભાર્થી :- રૂ. ૭,૫૫,૦૦૦/-<br>કુલ :- રૂ. ૭,૮૫,૦૦૦/- |

શ્રીમતી પુનમબેન હે. માડમ : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે જામનગર જિલ્લામાં ખનિજ ખાણકામ ક્ષેત્રે પારદર્શકતા લાવવા માટે, ચોરી અટકાવવા અને આવક વધારવા માટે કઇ કઇ ટેકનોલોજીનો ઉપયોગ કરવામાં આવે છે**?** અને સાથે સાથે ખાણ ખનિજ વિભાગ...

અધ્યક્ષશ્રી : આ પ્રશ્ન નંબર.૨ છે. જામનગર જિલ્લામાં સાતફેરા સમૂહ લગ્ન યોજનાને લગતો છે.

શ્રીમતી પુનમબેન હે. માડમ : માનનીય અધ્યક્ષશ્રી, સોરી, મારી પાસે પેટા પ્રશ્ન આવ્યો હતો એટલે મેં ભૂલથી પૂછયો.

શ્રી ચીમનભાઇ ધ. સાપરીયા : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે સાતફેરા સમૂહ લગ્ન યોજનામાં આજની સ્થિતિએ કેટલી રકમ ચૂકવવામાં આવી છે અને કેવી રીતે ચૂકવવામાં આવે છે**?**

શ્રી રમણલાલ વોરા : માનનીય અધ્યક્ષશ્રી, આ યોજના જયારે શરૂ કરવામાં આવી ત્યારે એક હજાર રૂપિયાના નર્મદા બોન્ડ આપવામાં આવતા હતા. પરંતુ આદરણીય નરેન્દ્રભાઇ મોદીની સરકારમાં પહેલાં યુગલદીઠ એક યુગલને પાંચ હજાર રૂપિયા આપવામાં આવતા હતા તેના બદલે દસ હજાર રૂપિયાની રકમ આપવામાં આવે છે. આ સમૂહ લગ્ન યોજનામાં દસ યુગલો હોવા તે ફરજિયાત છે. દસ યુગલ ફરજિયાત હોય તો જે સંસ્થા આ કામ કરતી હોય તે સંસ્થાને પણ પ્રોત્સાહન આપવા માટે એક યુગલદીઠ બે હજાર રૂપિયા એટલે યુગલ પ્રમાણેની મર્યાદામાં આ સહાય ચૂકવવામાં આવે છે.

શ્રી મોહનભાઇ ક. કુંડારિયા : માનનીય અધ્યક્ષશ્રી, સાતફેરા સમૂહ લગ્ન યોજના હેઠળ સહાય મેળવવા માટે પાત્રતાના માપદંડો શું છે**?**

શ્રી રમણલાલ વોરા : માનનીય અધ્યક્ષશ્રી, જે નિયમો છે તે પ્રમાણે કન્યાની એટલે કે દીકરીની ઉંમર ૧૮ વર્ષ અને દીકરાની ઉંમર ૨૧ વર્ષ હોવી ફરજિયાત છે. સમૂહ લગ્નમાં જોડાનાર દસ યુગલોની સંખ્યા ફરજિયાત છે. આ સંસ્થાએ ૧૫ દિવસ અગાઉ અરજી કરી હોય તો જે દિવસે સમૂહ લગ્ન કરવામાં આવે તે જ દિવસે આ સહાય ચૂકવી આપવામાં આવે છે.

શ્રી મેઘજીભાઇ અ. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, મંત્રીશ્રીને પૂછવા માગું છું કે સાતફેરા સમૂહ લગ્નની યોજના કયારથી શરૂ થઇ તેમજ આ યોજના અંતર્ગત કેટલી સહાય ચૂકવવામાં આવે છે**?**

શ્રી રમણલાલ વોરા : માનનીય અધ્યક્ષશ્રી, મેં પહેલાં કહ્યું તે પ્રમાણે આ યોજના ૧૯૯૮માં શરૂ કરવામાં આવી હતી. તે વખતે સહાયનું ધોરણ એક હજાર રૂપિયા હતું. આજે આ યોજના જયારે અમલમાં છે ત્યારે એક હજારને બદલે બે હજાર રૂપિયાની સહાય આ રાજય સરકાર ચૂકવે છે.

શ્રી રાઘવજીભાઇ હં. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે આ યોજના હેઠળ દસ કરતાં ઓછા લગ્નો હોય તો સરકાર આ યોજનાનો લાભ આપવા માગે છે કે કેમ**?** આ યોજનાના લાભ હેઠળ સમૂહ લગ્નનું આયોજન કરનારને અપાતી સહાયમાં વધારો કરવા માગે છે કે કેમ**?**

શ્રી રમણલાલ વોરા : માનનીય અધ્યક્ષશ્રી, આખી આ યોજના તે ગરીબ વર્ગ ખોટા ખર્ચાથી બચે અને આ યોજનામાં જોડાય તે રાજય સરકારની અપેક્ષા છે. એટલા માટે ઓછામાં ઓછા દસ યુગલ હોવા ફરજિયાત છે. નવ યુગલ હોય તો રાજય સરકાર તેમાં મદદ કરતી નથી. જે સંસ્થાઓ આવા સામાજિક કામો કરે છે, અને સમૂહ લગ્નના કાર્યક્રમો કરે છે એ સંસ્થાઓને મેં પહેલાં કહ્યું એ પ્રમાણે એક હજાર રૂપિયા એ સંસ્થાને મળતા હતા અત્યારે યુગલ દીઠ બે હજાર રૂપિયા કરવામાં આવ્યા છે, ૨૫ યુગલની મર્યાદામાં પચાસ હજાર રૂપિયાની સહાય જે તે સંસ્થાને આ રાજય સરકાર ચૂકવે છે.

**દાહોદ જિલ્લામાં ઐતિહાસિક વાવોની મરામત**

* ૧૬૩૦ **શ્રીમતી ચંદ્રીકાબેન છ. બારીયા(ગરબાડા) : માનનીય પ્રવાસન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં દાહોદ જિલ્લામાં ઐતિહાસિક અને જુની અનેક વાવો ખંડેર હાલતમાં છે તે માટે આવી વાવોની મરામત માટે વર્ષવાર કેટલી રકમ ફાળવી છે, અને | (૧) તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં દાહોદ જિલ્લામાં ઐતિહાસિક અને જુની વાવોની મરામત માટે કોઈ રકમ ફાળવવામાં આવેલ નથી. |
| (૨) અને કેટલી વાવોનું મરામત કામ હાથ ધરાયું ? | (૨) લાગુ પડતું નથી. |

શ્રીમતી ચંદ્રિકાબેન છ. બારીયા : માનનીય અધ્યક્ષશ્રી, આપશ્રી મારફતે માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, અગાઉ કોઇ મરામત માટે રકમ ફાળવવામાં આવી છે કે કેમ? બીજો પ્રશ્ન એ છે કે,

ઐતિહાસિક અને જૂની વાવોની મરામતનું કામ કરવા માટે સરકાર કોઇ રકમ ફાળવી કામગીરી હાથ ઉપર લેવા માગે છે કે કેમ, અને પ્રશ્ન નંબર ત્રણ એ છે કે, રકમ ન ફાળવવાના કારણો શાં છે?

શ્રી સૌરભભાઇ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આ જિલ્લાની અંદર કોઇ પ્રોટેકટેડ મોન્યુમેન્ટ તરીકે નથી અને એના કારણે કોઇ એમાઉન્ટ ફાળવેલી નથી.

શ્રી વજેસિંહભાઇ પા. પણદા : માનનીય અધ્યક્ષશ્રી, આપશ્રી મારફતે માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, મારા મત વિસ્તાર દાહોદ શહેર અને ગ્રામ્યમાં કુલ કેટલી ઐતિહાસિક વાવો આવેલી અને તે પૈકી આ વાવોની મરામતની કામગીરી માટે સરકાર કોઇ આયોજન કરવા માગે છે કે કેમ?

શ્રી સૌરભભાઇ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, એના માટે જુદી નોટિસ આપવી પડશે, કારણ કે એ બીજા વિભાગમાં આવે છે.

શ્રી હીરાભાઇ હ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપશ્રી મારફતે માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, ઓરીજીનલ પંચમહાલ જિલ્લામાં આવી કેટલીક ઐતિહાસિક જૂની પુરાણી વાવો છે અને એ અંગે ધ્યાન દોરવા છતાં આ ઐતિહાસિક વાવોની મરામત ન કરવાનું શું વાજબી કારણ છે?

શ્રી સૌરભભાઇ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આ તારાંકિત પ્રશ્ન દાહોદ જિલ્લાનો છે, પણ એમણે જે સૂચન કર્યું એ મોકલી આપે. એની હું તપાસ કરીશ.

શ્રીમતી ચંદ્રિકાબેન છ. બારીયા : માનનીય અધ્યક્ષશ્રી, આપશ્રી મારફતે માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, જે વાવો આવેલી છે તે જગ્યાએ ભોલેનાથના મંદિરોની સાથે સંકળાયેલી છે તો મંદિરોની અંદર બગીચા કે એવી મરામત કરવા માગો છો કે કેમ?

શ્રી સૌરભભાઇ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીને મારે વિનંતી કરવાની કે, સરકારની ઘણી બધી યોજનાઓ છે, એમને જે કંઇ વિષય હોય, આ મરામત કરાવવામાં એ મોકલી આપે, તાલુકા પંચાયત, કલેકટર અને એટીવીટી ઘણી બધી યોજનાઓ દ્વારા કામ હાથમાં લઇ શકાય, અત્યારે આ વિભાગ માટે સૂચન છે.

શ્રી અરવિંદસિંહ દા. રાઠોડ : માનનીય અધ્યક્ષશ્રી, આપશ્રી મારફતે માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, ઐતિહાસિક વાવો માટે કેટલી રકમ ફાળવવામાં આવે છે અને દાહોદ અને પંચમહાલમાં રકમ ફાળવવા માગો છો કે કેમ?

શ્રી સૌરભભાઇ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મેં પહેલાં કહ્યું કે, એ પણ ખંડેર પ્રોટેકટેડમાં છે નહીં આ જિલ્લાની અંદર, એટલે એક પણ રૂપિયો આની અંદર આ વિભાગ દ્વારા ફાળવવામાં આવ્યો નથી

**જામનગર જિલ્લામાં લીઝ ધારકોની ગેરરીતિ**

* ૧૬૫૧ **શ્રી ધર્મેન્દ્રસિંહ મે. જાડેજા(જામનગર ઉત્તર) : માનનીય ખાણ ખનિજ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ જામનગર જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કયા પ્રકારની જમીનોમાં, કેવા પ્રકારના, કેટલા ટન ઉત્ખનન માટેની લીઝો મંજૂર કરવામાં આવી, | (૧) (૧) વર્ષ ૨૦૧૧માં મુખ્ય ખનિજની કોઈ લીઝ મંજૂર કરવામાં આવેલ નથી તથા વર્ષ ૨૦૧૨માં મુખ્ય ખનિજની સરકારી જમીનમાં ચાર (૪) લીઝ ૧૦૯૩૯૯૪ મે.ટન ઉત્ખનન માટે મંજૂર કરવામાં આવેલ છે.<br>(૨) વર્ષ ૨૦૧૧માં ગૌણ ખનીજની ખાનગી જમીનમાં ચાર (૪) અને સરકારી જમીનમાં સીત્યોતેર (૭૭) ક્વોરી લીઝ ૧,૦૯,૩૨,૩૩૧ મે.ટન ઉત્ખનન માટે તથા વર્ષ ૨૦૧૨માં ખાનગી જમીનમાં પાંચ(૫) ક્વોરી લીઝ ૫૨૯૭૮૫ મે.ટન ઉત્ખનન માટે |

મંજુર કરવામાં આવેલ છે.

(૨) આવી લીઝો મંજૂર થયા પછી વર્ષવાર કેટલી વખત સ્થળ તપાસ કરવામાં આવી અને સ્થળ તપાસ વખતે કેટલા લીઝ ધારકો સામે ગેરરીતિ સામે આવી, અને

(૨) મંજૂર અને કરારખત થયેલ લીઝો પૈકી વર્ષ ૨૦૧૧માં છ (૬) ક્વોરી લીઝમાં સ્થળ તપાસ કરવામાં આવેલ છે. વર્ષ ૨૦૧૨ માં કોઇ ક્વોરી લીઝમાં સ્થળ તપાસ કરેલ નથી. તમામ છ (૬) લીઝ ધારકો સામે ગેરરીતિ સામે આવેલ છે.

(૩) આવી ગેરરીતિઓ આચરનાર લીઝ ધારકો સામે શી કાર્યવાહી કરવામાં આવી ?

(૩) ગેરરીતિઓ આચરનાર સામે કરારખત શરતભંગ બદલ છ (૬) કિસ્સામાં નોટીસ આપવામાં આવેલ તે પૈકી બે (૨) લીઝો રદ કરવામાં આવેલ તથા ચાર (૪) કિસ્સામાં રૂ. ૨૦,૦૦૦/– ની દંડકીય વસુલાત કરવામાં આવેલ છે.

શ્રી ધર્મેન્દ્રસિંહ મે. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, આપશ્રી મારફતે માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, જામનગર જિલ્લામાં ૨૦૧૧માં ખનિજમાં છ વખત સ્થળ તપાસ કરતાં છએ છ વખત ગેરરીતિ સામે આવેલ છે, આખા વર્ષ દરમિયાન, અને ૨૦૧૨માં એક પણ વખત તપાસ નહીં કરવાના કારણો શાં છે? બીજો પ્રશ્ન એ છે કે, લાલપુર તાલુકાના મીઠોઇ ગામમાં ગૌણ ખનિજની કેટલી ચોરી, કેટલા રૂપિયાની ચોરી થયાનું તંત્ર સામે આવેલ છે, અને આવી ચોરી કોના દ્વારા કરવામાં આવી છે અને કેટલી રકમ વસૂલવામાં આવી છે?

શ્રી સૌરભભાઇ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આ છેલ્લા બે વર્ષની અંદર જે લીઝો આપી છે, એ લીઝોની ચકાસણીના વિષયનો પ્રશ્ન છે, એટલે ૨૦૧૧ની અંદર, છેલ્લા બે વર્ષમાં લીઝો આપી એમાં છ લીઝો ઉપર ચકાસણી કરવામાં આવી છે, અને બીજુ , ૨૦૧૨ની અંદર આ જે લીઝો આપી છે એમાંથી કોઇની ચકાસણી કરી નથી પરંતુ બીજામાં ચોકકસ ચકાસણી કરી હશે, અને એમણે જે લાલપુર તાલુકાની વાત કરી એ લાલપુર તાલુકાની અંદર આ છ લીઝોમાં સમાવેશ થતો નથી, એટલે અત્યારે મારી પાસે એની કોઇ માહિતી નથી.

શ્રીમતી પુનમબેન હે. માડમ : માનનીય અધ્યક્ષશ્રી, આપશ્રી મારફતે માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, જામનગર જિલ્લામાં ખનિજ ખાણ કામ ક્ષેત્રે પારદર્શકતા લાવવા માટે ચોરી અટકાવવા અને આવક વધારવા માટે કઇ કઇ ટેકનોલોજીનો ઉપયોગ કરવામાં આવે છે તથા ખાણ ખનિજ વિભાગ દ્વારા ઓડિટ સીસ્ટમ શું છે?

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, દેશની અંદર ખનિજ ચોરી અટકાવવા માટે એક પારદર્શક સિસ્ટમનું ઓડિટ કામ આપણે ઉપાડ્યું છે આનું મૂળ કારણ એ છે કે જે રેકર્ડ હોય છે વેરીફિકેશન કરવાના એની અંદર કેટલું પ્રોડકશન થાય છે, કેટલા માલનું ડિસ્પેચ થાય છે, રોયલ્ટી રોયલ્ટીના રેટ પ્રમાણે ભરી છે કે કેમ, રોયલ્ટી અને જે પ્રોડકશન કર્યું છે એના આંકડામાં સરખામણી છે કે નહીં? હેટ રેન્ટ ભરાયું છે કે નહીં, સરફેસ રેન્ટ ભરાયું છે કે નહી? આ સંપૂર્ણપણે માહિતી આપણા ચાર્ટર્ડ એકાઉન્ટન્ટો ત્યાં જઇને જૂએ છે. આ ઉપરાંત નિયમોમાં જે મન્થલી રીટર્ન ભરવાના હોય, એન્યુઅલ રીટર્ન ભરવાના હોય, ટ્રીપ્લીકેટ પાસીસ ઇસ્યુ કર્યા છે કે નહીં, વેટના રેકર્ડ ચેક કરી અને જેટલું ખાણમાં ઉત્પાદન થયું છે એના વેટ ભર્યા છે કે નહીં? આ બધી જ માહિતી સંપૂર્ણપણે એ લોકો ચકાસણી કરે છે. આ ઉપરાંત ફિઝિકલ વેરીફિકેશન પણ કરવામાં આવે છે કે જેની અંદર પીલર્સ લગાડ્યા છે કે નહીં, સાઇન બોર્ડ લગાડ્યા છે કે નહીં, સરવે બરાબર કર્યો છે કે કેમ? કે એમની જ જગ્યામાં એ લોકો ખનિજ ઉત્પાદન કરી રહ્યા છે કે નહીં? એના ગ્રેડ વાઇસ સ્ટોક મૂકવામાં આવે છે કે નહીં, સબ ગ્રેડ મીનરલ સ્ટોક મૂકવામાં આવે છે કે નહીં? અને એજ પર માઇનીંગ પ્લાન જે એણે સબમીટ કર્યો છે એ માઇનીંગ પ્લાન પ્રમાણે કામગીરી કરવામાં આવે છે કે નહીં? એ બધી જ માહિતી આ સિસ્ટમ ઓડિટ દ્વારા કરવામાં આવે છે.

માનનીય અધ્યક્ષશ્રી, એવી જ રીતે જે બીજો સવાલ પૂછ્યો કે ઇ–ટેકનોલોજીનો કઇ રીતે આપણે ઉપયોગ કર્યો છે? મારે જણાવવું છે કે આપણે આખા રાજયમાં ઇ–રોયલ્ટી પાસ ફરજિયાત કર્યા છે, ઇ–ડિલવરી ચલણ કર્યા છે, ઇ–રીટર્ન કર્યા છે, ઇ–પેમેન્ટ કર્યા છે અને ઇ–વે બ્રીઝ સિસ્ટમનું આપણે કામ ચાલુ

કર્યું છે. આ ઉપરાંત ઇ–રોયલ્ટી પાસ રીમોટ એરિયાની અંદર ઇ–હેન્ડ હેન્ડ ડિવાઇસીસ ઇન્ટ્રોડ્યુસ કરી અને આપણે કામ હાથમાં લીધું છે. આ ઉપરાંત બાર કોડીંગ, યુઝ ઓફ હોલોગ્રામ, ટ્રાન્સપોર્ટ પરમિટ આ બધું જ ઇ–રીટર્નની અંદર આપણે કામ હાથ પર લેવાથી રાજય સરકારને ખૂબ મોટા ફાયદા થયા છે અને નોટ ઓન્લી ધેટ મારે જણાવવું છે કે, આના કારણે આપણને હમણા જ ઘણાં બધા એવોર્ડ આમાં પ્રાપ્ત થયા છે અને ઇ ગવર્નન્સની અંદર સારામાં સારા કેન્દ્ર સરકારના જે એવોર્ડ મળતા હોય છે એમાં ગુજરાતને કાયમ માટે એવોર્ડ મળેલા છે.

શ્રી છબિલભાઇ ના. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મારે એ જાણવું છે કે, કોઇ કંપની વાળાને લિઝ આપી હોય અને એ આપી હોય એની લિમિટ કરતા બાજુમાં નદી નાળું આવી જાય છે તો એ નદી નાળાને પણ ખાય છે તો એ નદી નાળાથી અમુક એરીયા છોડવાની કોઇ જોગવાઇ રાખવામાં આવી છે કે નહીં?

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આની અંદર નિયમો તો ચોક્કસ હશે પણ અત્યારે આપણે સ્પષ્ટપણે જેટલી લિઝ આપેલી હોય એ પ્રમાણે આપણે એને કામગીરી કરવાની મંજૂરી આપીએ છીએ. એ એની બહાર જાય તો આપણે એને મંજૂરી આપતા નથી અને એની અંદર ૫૦ મીટરની મંજૂરી હોય ત્યાં સુધી આપણે એને મંજૂરી આપીએ છીએ.

શ્રી ચીમનભાઇ ધ. સાપરીયા : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે જામનગર જિલ્લામાં ખાણ ખનિજની છેલ્લા બે વર્ષમાં મંજૂર થયેલ લિઝમાંથી તાલુકાવાર કેટલું ઉત્પાદન થયું અને રાજય સરકારને કેટલી આવક થઇ? બીજો મારો પ્રશ્ન છે કે જામનગર જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં લિઝની તાલુકાવાર કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને આ અરજીઓ કયા કયા ખનિજો માટેની હતી?

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, છેલ્લા બે વર્ષની અંદર આપણે જેટલી લિઝો આપી એમાં ભાણવડમાં ૧૪.૯૧ લાખ, ધ્રોળમાં ૨.૭ લાખ, જામજોધપુરમાં ૧.૯૦ લાખ, જામનગરમાં ૨.૯૯ લાખ, જોડિયામાં ૬૭.૨૦ લાખ, કાલાવાડમાં ૧૯.૨૪ લાખ, કલ્યાણપુરમાં ૯૨.૨૪ લાખ, ખંભાળીયામાં ૫.૫૧ લાખ, લાલપુરમાં ૪૦.૭૪ લાખ આમ ૨,૪૬,૮૧,૮૦૦ રૂપિયાની આવક થઇ છે.

શ્રી જસાભાઇ ભા. બારડ : માનનીય અધ્યક્ષશ્રી, મારે આપના દ્વારા મંત્રીશ્રીને વાત કરવી છે કે, ૬ વખત સ્થળ તપાસ કરતા ગેરરીતિઓ પકડાઇ છે. હવે રોજકામ ૧૨–૫–૨૦૧૨ના રોજ કરવામાં આવ્યું અને ફરિયાદ છે એ ૨૦–૧–૨૦૧૩માં કરવામાં આવી તો આ ૭ મહિનાનો ગાળો શા માટે રહ્યો, ફરિયાદ તાત્કાલિક કેમ ન કરી? બીજુ આમાં કોઇ એસ્સાર લિમિટેડ કંપનીનું નામ આવે છે તો એના સામે કાયદેસરની કાર્યવાહી કરવાના બદલે અન્ય ઉપર અજાણ્યા શખ્સો વિરૂદ્ધ ફરિયાદ દાખલ કરી છે કે જે તે સ્પેસિફિક કંપની સામે ફરિયાદ દાખલ કરી છે?

અધ્યક્ષશ્રી : ગુનેગાર ઉપર ફરિયાદ કરી છે કે બીજા ઉપર કરી છે?

શ્રી સૌરભભાઇ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, છ વ્યક્તિઓ છે એમના નામ આપી દઉં. શ્રી કારૂભાઇ ચાવડા બ્લેક ટ્રેપ હતો, એમને ૨–૧૧ના રોજ ઇન્સ્પેક્શન કર્યું, પરબતભાઇ ગોજીયા, પરબત રામસિંહ, જગા ગોજીયા, રાજેશભાઇ બોરીચા, બચકણ ડોસાભાઇ આ વ્યક્તિઓ ઉપર આપણે ફરિયાદ કરી છે અને મારે આપને જણાવવું છે કે, આમાં કોઇ લીઝ એસ્સાર માટે આપેલી ન હોવાના કારણે કોઇ ઇન્સ્પેક્શન થયેલું નથી.

શ્રી ધર્મેન્દ્રસિંહ મે. જાડેજા : આપના દ્વારા માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે જામનગર જિલ્લામાં લીઝ સિવાયની જગ્યામાં ખનિજ ચોરીના કેટલા કેસો પકડવામાં આવેલ છે એમાંથી કોની કોની પાસેથી કેટલી રકમ વસૂલવામાં આવેલ છે? અને મીઠોઇ ગામમાં આના ઉપર કોઇ કેસ થયો છે કે નહિ?

શ્રી સૌરભભાઇ પટેલ : મેં કહ્યું કે જેટલી લીઝ બે વર્ષમાં આપેલી છે એના પર જ આ સવાલ પૂછાયેલો છે આના માટે સભ્યશ્રી બીજી નોટિસ આપે.

અધ્યક્ષશ્રી : પ્રશ્ન ક્રમાંક–૬ (અંતરાય) કોણ બોલે છે તક નથી આપતા. તમારામાંથી ૬ જણાને તક આપી છે અહીંયા બધાયને તક આપવાની? (અંતરાય) સાંભળો તમે બેસો, પાંચ મિનિટનો સમય હોય, ૧૨–૧૩ કલાકે આ પ્રશ્ન શરૂ થઇને ૧૨–૨૧ કલાકે પૂરો થયો છે. કોઇએ બોલવાની જરૂર નથી.

**સમરસતા દિને કાર્યક્રમોનો વ્યાપક વધારવા બાબત**

* ૧૯૭૦ **શ્રી પિયુષ દિ. દેસાઇ(નવસારી) : માનનીય રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં સમરસતા દિન (૧૪મી એપ્રિલ) ડૉ. બાબાસાહેબના જીવનકવન આધારિત કાર્યક્રમોનો વ્યાપ વધારવામાં આવનાર છે તે હકીકત સાચી છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તે માટે તા. ૩૧–૧૨–૨૦૧૨ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં શાં શાં પગલાં લેવામાં આવ્યા ? | (૨) સામાજીક સમરસતા સપ્તાહની ઉજવણી રાજ્યભરની મહાનગરપાલિકા/નગરપાલિકા અને જીલ્લા કલેક્ટરશ્રીની કચેરી દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ યોજી કરવામાં આવે છે. |

શ્રી પિયુષભાઇ દિ. દેસાઇ : ભારતના બંધારણના ઘડવૈયા અને ભારતના સપૂત ડો. બાબાસાહેબ આંબેડકરના ૧૪મી એપ્રિલના જન્મદિવસને સમરસતા દિન તરીકે સમગ્ર દેશમાં આપણે ઉજવીએ છીએ અને તેમાંય ગુજરાત રાજ્યમાં વધુમાં વધુ કાર્યક્રમો કરવામાં આવે છે.

અધ્યક્ષશ્રી : તમારા પ્રશ્ન ઉપર આવી જાઓ.

શ્રી પિયુષભાઇ દિ. દેસાઇ : મારો પ્રશ્ન એ છે કે સમરસતા દિને ડો. બાબાસાહેબ આંબેડકરના જીવન કથન આધારિત કાર્યક્રમોનો વ્યાપ વધારવામાં આવનાર છે તે હકીકત સાચી છે અને તે માટે તારીખ ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ છેલ્લાં એક વર્ષમાં આપણે કયા કયા પગલાં લીધા?

શ્રી રમણલાલ વોરા : માનનીય અધ્યક્ષશ્રી, ડો. બાબાસાહેબ આંબેડકરને ધ્યાનમાં રાખીને સામાજિક સમરસતાનો કાર્યક્રમ આ રાજ્ય સરકાર ઉજવે છે આઝાદીના આટલા વરસો સુધી તો કોંગ્રેસે *(xxxxxx) ની નીતિ અપનાવી.

અધ્યક્ષશ્રી : તમે એ રહેવા દો, પોલિટિકલ લેંગ્વેજના બદલે સીધો જવાબ આપો. એ તમને સીધો લાગે છે. (xxxxxx) એ શબ્દ હું કાઢી નાખું છું. માનનીય મંત્રીશ્રી જવાબ આપો તમે.

શ્રી રમણલાલ વોરા : માનનીય અધ્યક્ષશ્રી, સામાજિક સમરસતા એ ભારતીય જનતા પાર્ટીની દેન છે, ૧૯૯૫માં ભારતીય જનતા પાર્ટીનું શાસન આવ્યું ત્યાં સુધી સમગ્ર રાજ્યમાં ક્યાંય ડો. બાબાસાહેબ આંબેડકરનું નામ નહોતું અને એટલા માટે આ સરકાર તરફથી ડો. બાબાસાહેબ આંબેડકરને ધ્યાનમાં રાખીને એક સપ્તાહ સુધી આ સામાજિક સમરસતા સપ્તાહ ઉજવવામાં આવે છે. આ અંગે લોકડાયરા કરીને ડો. બાબાસાહેબ આંબેડકરના જીવન અને કવનના કાર્યક્રમો કરવામાં આવે છે, શાળાઓમાં આ અંગેની વકતૃત્વ સ્પર્ધા, નિબંધ સ્પર્ધા, લોકડાયરા, પ્રભાતફેરી આ બધા કાર્યક્રમો કરીને સમગ્ર સમાજમાં સામાજિક સમરસતા કેવી રીતે આવે એના માટે આ રાજ્ય સરકાર પ્રયત્ન કરે છે.

શ્રી મુકેશભાઇ ઝી. પટેલ : આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે આ યોજનાનો આશય શું છે?

શ્રી રમણલાલ વોરા : આ યોજનાનો આશય મેં કહ્યું એ પ્રમાણે એક સમાજનો બીજા સમાજ સાથે કોઇપણ પ્રકારે વેરભાવ ન થાય બધાજ સમાજો એકબીજાની સાથે હળીમળીને રહે સૌનો સાથ, સૌનો વિકાસનું જે સૂત્ર આ રાજય સરકારે આપ્યું છે, જે ડો. બાબાસાહેબ આંબેડકરનું સ્વપ્ન હતું એ આ રાજય સરકારે ચરિતાર્થ કરવાનો પ્રયાસ કર્યો છે.અને એટલા માટે ગ્રામ્ય કક્ષાએ, નગરપાલિકા કક્ષાએ, મહાનગરપાલિકા કક્ષાએ વિવિધ કાર્યક્રમો કરીને આ વ્યાપ વધે અને સમગ્ર ગુજરાતમાં સમરસતા કેળવાય તે આ સરકારનો આશય છે.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, મારે માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે જે રીતે સામાજિક સમરસતા સપ્તાહ મુજબ માનનીય મંત્રીશ્રીએ કહ્યું કે ભૂતકાળની સરકારોમાં ડો.બાબાસાહેબ

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો રેકર્ડ પરથી દૂર કરવામાં આવ્યા.

આંબેડકરને યાદ નહોતા કરવામાં આવ્યાં. ભૂતકાળની સરકાર જયારે હતી ત્યારે વિરોધપક્ષમાં જે લોકો હતા તે લોકો (xxxxxx) તે રેકોર્ડ ઉપર આધારિત છે અને ભૂતકાળની અંદર ચીમનભાઇ પટેલની સરકાર વખતે ડો.બાબાસાહેબ આંબેડકરની શતાબ્દી પણ ઉજવવામાં આવેલી.

અધ્યક્ષશ્રી : શૈલેષભાઇ, તમારો સવાલ પૂછો.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, તેઓ ગૃહને (xxxxxx) માહિતી આપી રહ્યાં છે. (અંતરાય)

અધ્યક્ષશ્રી : તમારો સવાલ પૂછો, શૈલેષભાઇ.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, સમરસતાની વાત કરીને આ ગૃહને *(xxxxxx) માહિતી આપી રહ્યાં છે.(અંતરાય)

પોઇન્ટ ઓફ ઓર્ડર

શબ્દો રેકર્ડમાંથી દૂર કરવા અંગે.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, તેમણે કહ્યું કે આ સરકારના લોકો (xxxxxx) તે શબ્દો રદ થવા જોઇએ.

અધ્યક્ષશ્રી : તે શબ્દો રેકર્ડ ઉપરથી કાઢી નાંખીએ છીએ.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, (xxxxxx)

અધ્યક્ષશ્રી : નીતિનભાઇ બેસો. જો ભાઇ, તેમણે જે સવાલ પૂછયો તેમાંથી તમારે જવાબ આપવાની જરૂર નથી. તમે સીધે સીધો સવાલ પૂછો.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, તેમણે કહ્યું કે ભૂતકાળની સરકારોમાં આંબેડકરજીને યાદ નથી કરવામાં આવ્યાં એ આ વિધાનસભાની ચોપડીઓમાં લખેલું છે.

અધ્યક્ષશ્રી : તે (xxxxxx) જે વાત હતી તે મેં પણ કાઢી નંખાવેલ છે. .(અંતરાય). તમારે પ્રશ્ન પૂછવો છે ? તમે પ્રશ્ન જે પૂછવો હોય તે પૂછો. (અંતરાય)

શ્રી નીતિનભાઇ ર. પટેલ : તમે કયાં દલિતમાં આવો છો ?

શ્રી શૈલેષ મ. પરમાર : તમારી સરકારે હાઇકોર્ટની અંદર એફિડેવિટ કરીને આપેલું છે. (અંતરાય)

અધ્યક્ષશ્રી : શૈલેષભાઇ, બેસો તમે.અંતરાય.. સવાલ પૂછોને કોણ ના પાડે છે ? કોઇએ જે કહ્યું તેનો જવાબ આપવાની જરૂર નથી તમે તમારો સવાલ પૂછો. તેની તમને છૂટ છે. (અંતરાય). તેણે ખોટુ કહ્યું કે સાચું કહ્યું એ તમારે નક્કી કરવાનું નથી ? સવાલ પૂછો એ પ્રવચનમાં કહેજો તમતમારે.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, આ સામાજિક સમરસતા સપ્તાહ મુજબ કુલ કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

શ્રી રમણલાલ ઈ. વોરાઃ માનનીય અધ્યક્ષશ્રી, આ દેશમાં સૌથી વધારેમાં વધારે જો આંબેડકર ભવન બાંધવામાં આવ્યાં હોય તો આ ગુજરાત સરકાર દ્વારા બાંધવામાં આવ્યાં છે. સામાજિક સમરસતાનું ઉત્તમ ઉદાહરણ. સમગ્ર હિન્દુસ્તાનભરમાં પહેલી વખત હાથીની અંબાડી ઉપર ડો.બાબાસાહેબ આંબેડકરનું બંધારણ મૂકીને એક લાખ લોકોની રેલીની અંદર આદરણીય મુખ્યમંત્રીશ્રીએ પગે ચાલીને સાચા અર્થમાં શ્રધ્ધાંજલિ અર્પવાનું કામ કર્યુ છે.

અધ્યક્ષશ્રી : તેમણે એમ પૂછયું છે કે આની પાછળ ખર્ચ કેટલો થયેલો છે ? સવાલ એટલો છે કે આમાં ખર્ચ કેટલો કરેલો છે.

શ્રી રમણલાલ ઈ. વોરા : માનનીય અધ્યક્ષશ્રી, કોમન વેલ્થ ગેઇમમાં ૭૪૮ કરોડ રૂપિયા સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો ભ્રષ્ટાચાર કોંગ્રેસના શાસનમાં થયો છે. એ ખર્ચાની કયાં વાત કરે છે ? એ ખર્ચા કેવી રીતે પૂછે ?

---

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો રેકર્ડ પરથી દૂર કરવામાં આવ્યા.

અધ્યક્ષશ્રી : માનનીય રમણભાઇ, તમને જે સવાલ પૂછયો છે તે એટલો જ છે કે આના માટે કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

શ્રી રમણલાલ ઈ. વોરા : માનનીય અધ્યક્ષશ્રી, હું ખર્ચાની જ વાત કરૂં છું. ૭૪૮ કરોડનો ભ્રષ્ટાચાર(અંતરાય).

અધ્યક્ષશ્રી : દિલ્હીમાં શું થયું છે તે કહેવાની કંઇ જરૂર નથી. તમારા બાકીના પ્રવચન ઉપર તમે કહેજો. (અંતરાય). તમને સીધો સવાલ પૂછયો છે.(અંતરાય). એક મિનિટ. માનનીય, રમણભાઇ તમે અહીંયા જુઓ. તેની પાછળ ખર્ચ કેટલો થયો છે તે આંકડો જો હોય તો આપો.

શ્રી રમણલાલ ઈ. વોરા : માનનીય અધ્યક્ષશ્રી, નગરપાલિકા વિસ્તારની અંદર જયારે કાર્યક્રમો કરવામાં આવે છે ત્યારે આ રાજય સરકાર ૧૫ હજાર રૂપિયા આપે છે. મહાનગરોની અંદર જયારે કાર્યક્રમો કરવામાં આવે છે ત્યારે ૫૦ હજાર રૂપિયા આ રાજય સરકાર આપે છે.

શ્રી પ્રફૂલભાઇ છ. પાનશેરીયા : અધ્યક્ષ મહોદય, આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે આ યોજનાનું સ્વરૂપ કેવી રીતનું છે? (અંતરાય)

શ્રી રમણલાલ ઈ. વોરા : હું થાનની પણ વાત કરીશ, ગોલાણાની પણ વાત કરીશ, સાંબરડાની પણ વાત કરીશ. તમે જે માહિતી માગશો એ બધી જ મળશે. તમે થાનની વાત કરો છે ત્યાંની પાંચે પાંચ વિધાનસભાની સીટો ભારતીય જનતા પાર્ટીની સરકારે જીતી છે.

**સિક્કા વીજ મથક માટે રેલ્વે ભાડા વધારવાના કારણે આર્થિક બોજો**

* ૧૯૮૯ **શ્રી જેઠાભાઇ દા. સોલંકી(કોડીનાર) : માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) રાજ્ય સરકાર હસ્તકના કોલસા આધારિત વીજ ઉત્પાદન કરતા સિક્કા વીજ મથક માટે કોલસાના પરિવહન માટે રેલ્વે ભાડામાં નાણાંકીય વર્ષ ૨૦૧૧–૧૨માં અને નાણાંકીય વર્ષ ૨૦૧૨–૧૩માં તા. ૩૧ ડીસેમ્બર–૧૨ની સ્થિતિએ ક્યારે અને કેટલો ભાવ વધારો થયો,

(૨) તેના કારણે કેટલો આર્થિક બોજ પડ્યો, અને

(૩) વીજ ઉત્પાદન ખર્ચમાં કેટલો વધારો થયો ?

**જવાબ**

(૧) અને (૨) : રાજ્ય સરકાર હસ્તકના કોલસા આધારિત વીજ ઉત્પાદન કરતા સિક્કા વીજ મથક માટે સાઉથ ઈસ્ટર્ન કોલ ફિલ્ડમાંથી કોલસો ફાળવવામાં આવે છે. તેના રેલ્વે પરિવહન ભાડાનો દર તા. ૩૧–૩–૨૦૧૧ના રોજ ૧૬૪૮ પ્રતિ મેટ્રિક ટન હતો. તા. ૩૧–૧૨–૨૦૧૨ સુધીમાં તે વધીને ૨૩૧૬ પ્રતિ મેટ્રિક ટન થયો. આમ, પ્રતિ મેટ્રિક ટન રૂા. ૬૬૮/–નો ભાવ વધારો નીચે દર્શાવ્યા પ્રમાણે થયેલ છે.

તા. ૧–૪–૨૦૧૧ના ભાવ રૂા. ૧૬૪૮ પ્રતિ મેટ્રિક ટન

| ભાવ વધારાની તારીખ | ૧૫–૧૦–૨૦૧૧ | ૬–૩–૨૦૧૨ | ૧–૧૦–૨૦૧૨ |
|---|---|---|---|
| ભાવમાં થયેલ વધારો | રૂા. ૧૩૩/– મે. ટન | રૂા. ૪૧૦/– મે. ટન | રૂા. ૧૨૫/–મે. ટન |
| કુલ વધારો | રૂા. ૬૬૮/– મે. ટન | | |

સિક્કા વીજ મથક ખાતે વર્ષ દરમિયાન સરેરાશ ૮ લાખ મેટ્રિક ટન કોલસો વાપરવામાં આવે છે. જેથી રેલ્વે ભાડાના વધારાના કારણે વાર્ષિક રૂા. ૫૩/– કરોડનો આર્થિક બોજો પડે. ઉપર્યુક્ત ભાવ વધારો નાણાકીય વર્ષના વચગાળાના સમયમાં થયેલ હોઈ, રેલ્વે ભાડામાં થયેલ વધારાને કારણે કુલ રૂા. ૨૫.૮૯ કરોડનો આર્થિક બોજો પડેલ છે.

(૩) તેના કારણે વીજ ઉત્પાદનના ખર્ચમાં નાણાકીય વર્ષ ૨૦૧૧–૧૨માં ૯ પૈસા પ્રતિ યુનિટ અને વર્ષ ૨૦૧૨–૧૩માં ડિસેમ્બરની સ્થિતિએ ૪૬ પૈસા પ્રતિ યુનિટનો વધારો

થયો છે. આમ, કુલ ૫૪ પૈસા પ્રતિ યુનિટનો વધારો થવા પામેલ છે.

સિક્કા વીજ મથક ખાતે વર્ષ દરમિયાન સરેરાશ ૮ લાખ મેટ્રિક ટન કોલસો વાપરવામાં આવે છે. જેથી રેલવે ભાડાના વધારાના કારણે વાર્ષિક રૂપિયા ૫૩/– કરોડનો આર્થિક બોજો પડે. ઉપર્યુકત ભાવ વધારો નાણાકીય વર્ષના વચગાળાના સમયમાં થયેલ હોઇ, રેલવે ભાડામાં થયેલ વધારાને કારણે કુલ રૂપિયા ૨૫.૮૯ કરોડનો આર્થિક બોજો પડેલ છે.

(૩) તેના કારણે વીજ ઉત્પાદનના ખર્ચમાં નાણાકીય વર્ષ ૨૦૧૧–૧૨માં ૯ પૈસા પ્રતિ યુનિટ અને વર્ષ ૨૦૧૨–૧૩માં ડિસેમ્બરની સ્થિતિએ ૪૬ પૈસા પ્રતિ યુનિટનો વધારો થયો છે. આમ, કુલ ૫૪ પૈસા પ્રતિ યુનિટનો વધારો થવા પામેલ છે.

શ્રી જેઠાભાઇ દા. સોલંકી : સિક્કા વીજ મથક ઉપર છેલ્લા બે વર્ષમાં રેલવે ભાડામાં કેટ કેટલો વધારો થયો અને એના લીધે કેટલું કુલ ભારણ વધ્યું. સિક્કા વીજ મથક માટે કોલસો કયાંથી આપવામાં આવે છે?

શ્રી સૌરભ પટેલ : છેલ્લા બે વર્ષની અંદર આ યુ.પી.એ. સરકારના ભાવ વધારાના કારણે વીજળીના ભાવ ઉપર અસર પડી છે અને મારે માનનીય સભ્યશ્રીઓને જણાવવાનું છે કે તા. ૩૧–૩–૨૦૧૧ના રોજ પર મેટ્રિક ટન ભાવ ૧૬૪૮ રૂપિયા હતો એમાં ૧૫–૧૦ ના રોજ ૧૩૩ રૂપિયાનો વધારો કરવામાં આવ્યો. એમાં બીઝી સીઝન સરચાર્જ તરીકે પાંચના દસ ટકા કર્યા અને ડેવલપમેન્ટ સરચાર્જના બે થી પાંચ ટકા કર્યા. આમ ૧૩૩ ટકાનો વધારો આવ્યો. તા. ૬–૩–૨૦૧૨ એટલે કે પાંચ મહિના પછી ૨૩ ટકાનો એટલે કે ૪૧૦ રૂપિયાનો વધારો કેન્દ્ર સરકારે કર્યો. એ પછી તા. ૧–૧૦–૨૦૧૨ એટલે કે સાત મહિનાની અંદર ફરીથી ૧૨૫ રૂપિયાનો વધારો કર્યો અને કુલ આજની તારીખમાં ૧૬૪૮ રૂપિયા હતો એનો ૨૩૧૬ રૂપિયા થયો, એટલે ૬૬૮ રૂપિયાનો વધારો બે વર્ષની અંદર રેલવેના ભાડામાં જ કરવામાં આવ્યો છે. આના કારણે જે કોસ્ટ ઓફ જનરેશન હતી એ ૨ રૂપિયા ૯૬ પૈસા સિકકાની હતી એ વધીને આજની તારીખમાં ખાલી વેરીયેબલ કોસ્ટ ગણીએ તો ૩ રૂપિયા ને ૮૦ પૈસા થવા આવી છે. મારે સભ્યશ્રીને જણાવવાનું છે કે આ ૧૫૦૦ કિલોમીટરમાંથી ડબલ્યુ.સી.એલ. માંથી કોલસાની માગણી સિક્કા માટે કરી છે. આજની તારીખમાં ડબલ્યુ. સી. એલ. માંથી એક પણ ટન મળતો નથી. એસ.ઇ.એલ. એટલે કે સર્ઘન કોલ ફિલ્ડમાંથી આપણને કોલસો મળે છે. મારે સભ્યશ્રીને બીજા સમાચાર આપવા છે કે બે દિવસ પહેલાં રેલવે બજેટ ગયું એમાં ૫.૭ ટકાનો બીજો વધારો આવ્યો છે. આના કારણે રાજયને ૧૨૦ કરોડનો બોજો પડશે અને ૬ પૈસા પર યુનિટના ભાવ વધશે. આ તો હું માત્ર રેલવેની વાત કરૂં છું. કોલસાનો ભાવ વધારો પણ બજેટમાં કર્યો છે એટલે એની પણ અસર પડવાની છે. મારે સભ્યશ્રીને કહેવું છે કે આ સિક્કા યુનિટ આટલું દૂર આવેલ છે. આપણી જરૂરિયાત, સાહેબ, વિચાર કરો આ કેન્દ્ર સરકારની કઇ રીતની નીતિ છે. કોલસો સર્ઘન કોલ ફિલ્ડમાંથી લઇ આપણે એને ધોવડાવીએ છીએ, વોશ કરીએ છીએ એટલે ૧૨ લાખ મેટ્રિક ટન કોલસો લઇએ એને ધોવડાવીએ એટલે ૨૦–૨૫ ટકા એશ કર્ટેઇન જાય છે એની પણ ઘટ આવે છે.

ડો. અનિલ જોષીયારા : માનનીય મંત્રીશ્રીએ જણાવ્યું કે રેલવે ભાડામાં વધારો થવાથી, તો મારે મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે ગુજરાતમાં અલગ રેલવેના ભાડાનો દર છે? આખા દેશમાં જુદા જુદા રાજયો માટે જુદો દર છે અને ગુજરાત માટે વધારે દર લેવામાં આવે છે? અને બીજુ છેલ્લા ત્રણ વર્ષમાં ફયુઅલ સરચાર્જ અને સરચાર્જના નામે તમે ભાવમાં કેટલો વધારો કર્યો છે?

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું અભિનંદન આપું, આભાર વ્યકત કરૂં. માનનીય સભ્યશ્રીએ સવાલ પૂછયો. આ નાઇટ વોચમેનવાળી સરકાર પાસે કંઇ અપેક્ષા ન રખાય. (અંતરાય) આમાં શું ખોટું કહ્યું? નાઇટ વોચમેનવાળી સરકારમાં આપણે શું અપેક્ષા રાખીએ? હું કહું, કારણ કેમ ન રખાય તે પણ

સમજાવું. મારે આપના દ્વારા સભ્યશ્રીઓને કહેવું છે કે વેસ્ટર્ન કોલ ફીલ્ડમાંથી આપણે કોલસો લાવીએ તો આપણને ભાડામાં ઘટાડો થાય. મહારાષ્ટ્રને ૮૫ ટકા અપાય છે અને રાજસ્થાનને ૧૦૦ ટકા અપાય છે. સીક્કાને એકેય ટન અપાતો નથી. તેના કારણે આપણે જે વોશ કરીએ છીએ એ ૧૨ લાખ ટન ઉપાડીએ છીએ. (અંતરાય)

અધ્યક્ષશ્રી : એમ જ કહે છે. બલવંતસિંહ, તેનો સવાલ એ છે કે આ ફકત ગુજરાતને જ લાગુ પડે છે. તેનો જવાબ કહે છે. મહારાષ્ટ્રને એટલે લાગુ નથી પડતો, રાજસ્થાનને એટલે લાગુ નથી પડતો અને સીક્કાને લાગુ પડે છે. એ ત્રણેય કહે છે.

શ્રી સૌરભ પટેલ : મારી વાત સાંભળો. મારે આપને સ્પષ્ટપણે કહેવું છે કે મહારાષ્ટ્રની નીતિ જો ગુજરાતને માટે અપનાવે, રાજસ્થાનની નીતિ જો ગુજરાતને માટે અપનાવે તો વર્ષે એક હજાર કરોડ રૂપિયાનું ગુજરાત સરકારનું ભારણ બચે. એટલે અમે કહીએ છીએ કે આ સરકાર, આ નાઇટ વોચમેનવાળી સરકાર પાસેથી કોઇ અપેક્ષા નથી.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, એક તો આ નાઇટ વોચમેન શબ્દ રેકર્ડ ઉપરથી કાઢી નાખવો જોઇએ. (અંતરાય)

અધ્યક્ષશ્રી : એ જનરલ શબ્દ છે.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, મારે આપના દ્વારા માનનીય મંત્રીશ્રીને પૂછવું છે કે જે પ્રમાણે એમણે એમ કહ્યું કે રેલવેના ભાડાથી આ કોસ્ટ વધે છે. તો મારે મંત્રીશ્રીને પૂછવું છે કે પ્લાન્ટની કેપેસિટી કેટલી અને કેપેસિટી મુજબ એ ચાલે છે કે નહીં?

શ્રી સૌરભ પટેલ : સાહેબ, અગર આપ મને મંજૂરી આપો તો મારે આજે હાઉસને એક અગત્યનો વિષય કહેવો છે.

અધ્યક્ષશ્રી : અગત્યનો નહીં, આટલાનો જ જવાબ કહો ને.

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આજે અમે દૂરથી કોલસો લાવીને સંપૂર્ણપણે સારામાં સારો પી.એલ.એફ. અને મારે આ હાઉસને કહેવું છે કે જૂનો પ્લાન્ટ થયો, તમારા વખતે પ્લાન્ટના પાયા નાખવામાં આવ્યા હતા. તમારા સમયમાં એ પ્લાન્ટ ચાલુ કરવામાં આવ્યો હતો. પરંતુ તમારા સમયમાં જે પ્લાન્ટ લોડ ફેકટર હતું તેના કરતા આજે એ જૂના પ્લાન્ટમાં અમે વધારે પ્લાન્ટ લોડ ફેકટર લઇએ છીએ. (અંતરાય)

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : સૌથી મોટો ખર્ચ આ પ્લાન્ટ નહીં ચાલવાના કારણે વધુમાં વધુ આવે છે.

અધ્યક્ષશ્રી : એ રહેવા દો, એ કોણે પ્લાન્ટ નાખ્યો અને કેવી રીતે નાખ્યો તેને એક બાજુ રાખી દો. પ્રશ્ન ક્રમાંક–૮.

**રાજકોટ જિલ્લામાં લીઝ ધારકોની ગેરરીતિ**

* ૧૬૪૫ **શ્રી ભોળાભાઇ ગોહેલ(જસદણ) : માનનીય ખાણ ખનિજ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | | જવાબ |
|---|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ રાજકોટ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કયા પ્રકારની જમીનોમાં, કેવા પ્રકારના, કેટલા ટન ઉત્ખનન માટેની લીઝો મંજૂર કરવામાં આવી, | (૧) | (૧) વર્ષ ૨૦૧૧માં મુખ્ય ખનિજની કોઈ લીઝ મંજૂર કરવામાં આવેલ નથી. વર્ષ ૨૦૧૨માં ખાનગી જમીનમાં એક (૧) લીઝ ૫,૫૦,૦૦૦ મે.ટન ઉત્ખનન માટે મંજૂર કરવામાં આવેલ છે.<br>(૨) વર્ષ ૨૦૧૧માં ગૌણ ખનીજની સરકારી જમીનમાં એકત્રીસ (૩૧) ક્વોરી લીઝ ૨૮,૫૫,૦૦૦ મે.ટન ઉત્ખનન માટે તથા વર્ષ ૨૦૧૨માં ખાનગી જમીનમાં એક(૧) અને સરકારી જમીનમાં ત્રણ (૩) મળી કુલ |

| | |
|---|---|
| | ચાર (૪) ક્વોરી લીઝ ૬,૬૦,૦૦૦ મે.ટન ઉત્ખનન માટે મંજુર કરવામાં આવેલ છે. |
| (૨) આવી લીઝો મંજૂર થયા પછી વર્ષવાર કેટલી વખત સ્થળ તપાસ કરવામાં આવી અને સ્થળ તપાસ વખતે કેટલા લીઝ ધારકો સામે ગેરરીતિ સામે આવી, અને | (૨) લીઝો મંજુર કર્યા પછી સ્થળ તપાસ કરેલ ન હોઈ ગેરરીતિની માહિતી મળેલ નથી. |
| (૩) આવી ગેરરીતિઓ આચરનાર લીઝ ધારકો સામે શી કાર્યવાહી કરવામાં આવી ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

શ્રી ભોળાભાઈ ભી. ગોહેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે રાજકોટ જિલ્લાની અંદર જે બ્લોક સિસ્ટમ દાખલ કરવામાં આવી પછી કોઈ લીઝ ધારકોની લીઝ મંજૂર કરવામાં આવી કે નહીં અને ક્યારે લીઝ મંજૂર કરવા માગો છો?

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, પહેલાં શું હતું એ સિસ્ટમમાં કે પહેલો અરજી કરે તેને મળતું હતું. આ સરકારે પારદર્શક વહીવટ આપવા માટે એક નવી પ્રથા જાહેર કરી અને એ પ્રથા એવી જાહેર કરી કે કોઈપણ અરજી કરે, ગમે ત્યાં કરે પણ એને પબ્લિક ડોમેનમાં આપણે મૂકવાનું, પબ્લિક ડોમેનમાં આપણે મૂકીએ એટલે એની છાપામાં જાહેરખબર આપવાની આવે. છાપામાં જાહેરખબર આપ્યા પછી એક વ્યક્તિએ આપ્યું હોય તો પણ એની જાહેરખબર આપવામાં આવે, બેએ આપ્યું હોય તો પણ એની જાહેર ખબર આપવામાં આવે અને સરકારે નક્કી કર્યું કે આ નદીની અંદર વધારે બ્લોક એરિયા છે તો તેને પારદર્શક રીતે આપણે ઓકશનમાં મૂકીએ છીએ. આ પ્રમાણે એના કારણે ખૂબ બધા લાભો થાય છે. આ વહેલો તે પહેલોના ધોરણો નીકળી જવાના છે અને સરકારને આવક પણ થાય છે. આ બ્લોકની અંદર અત્યારે બ્લોક નોટીફાઇડ કર્યા છે. એમાં ૫૧ સેન્ડ સ્ટોનના વડુસર, વેડા, પાલજ અને ચોડીની એપ્રૂવલ સરકારમાંથી આપી છે. પરંતુ હજુ બ્લોક સિસ્ટમની અંદર ધીમે ધીમે આગળ વધીશું. રાજકોટ જિલ્લામાં કોઇ બ્લોક સિસ્ટમ આપવામાં આવી નથી.

શ્રીમતી ભાનુબેન મ. બાબરીયા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે, રાજકોટ જિલ્લામાં તાલુકાવાર લીઝ માટે કેટલી અરજીઓ આવી? કેટલી મંજૂર કરવામાં આવી અને કેટલી નામંજૂર કરવામાં આવી અને નામંજૂર કરવાના કારણો શું હતાં? અને ક્યા ખનિજો માટે મંજૂર કરવામાં આવી?

શ્રી સૌરભભાઇ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, જે લીઝ અરજીઓ મંજૂર કરવામાં આવી છે એ ખનિજવાર જોઇએ તો કુલ ૩૬ મંજૂર કરવામાં આવી છે. એમાં ગૌણ ખનિજમાં ફાયર કલે, બ્લેક ટ્રેપની ૬, બિલ્ડીંગ લેન ૧૬, હાર્ડ મોરમની ૩, રેડ કલેની ૬, સાદી માટી ૧, સાદી રેતીની ૩ આમ ૩૫ માઇનોર અને ૧ આમ ૩૬ આપવામાં આવી છે. વાંકાનેરની અંદર ૧, ધોરાજી ૧, ગોંડલ ૨, જસદણ ૧, જેતપુર ૯, મોરબી ૬, રાજકોટ ૨, ઉપલેટા ૭, આમ કુલ ૩૬ મંજૂર કરવામાં આવી છે. ઘણા કારણોસર નામંજૂર થતી હોય છે. એમાં મુખ્ય કારણ ઓવર લેપીંગ થતું હોય કે મામલતદાર દ્વારા પરમિશન મળતી ન હોય એવા સંજોગોમાં મંજૂરી આપવામાં આવતી નથી.

શ્રી બાવકુભાઇ ના. ઉંધાડ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ એમના જવાબમાં કહ્યું છે કે, ૨૦૧૨માં ચાર અરજીઓ મંજૂર કરવામાં આવી. મારે મંત્રીશ્રી પાસેથી એ જાણવું છે કે, કુલ કેટલી અરજીઓ આવી હતી? એના જવાબમાં કહ્યું છે કે, લીઝો મંજૂર કર્યા પછી સ્થળ તપાસ કરેલ ન હોઇ ગેરરીતિની માહિતી મળેલ નથી. સ્થળ તપાસ ન કરી હોય એટલે ગેરરીતિ ન થઇ હોય? જસદણમાં બેફામ ગેરરીતિ થાય છે. (અંતરાય) મારે એટલું જાણવું છે કે, બિન કાયદેસર હપ્તાથી આ લીઝો ચાલુ છે, એની તપાસ થતી નથી તો એની તપાસ કરવા માગો છો કે નહીં? કેટલી અરજીઓ આવી અને ગેરરીતિઓ માટે કોઇને પાસા કરવામાં આવ્યા છે કે નહીં?

શ્રી સૌરભભાઇ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મળેલ અરજીઓ કુલ ખનિજવાર ૧૬૯૬ અરજીઓ આવી છે એમાંથી ૧૫૩૪ પડતર છે અને ૧૫૯ નામંજૂર થઇ છે અને ૨ મંજૂર થઇ છે.

શ્રી તારાચંદ જ. છેડા : માનનીય અધ્યક્ષશ્રી, મારે મંત્રીશ્રી પાસેથી એ જાણવું છે કે, જે બ્લોક સિસ્ટમ અત્યારે રાજ્ય સરકારે દાખલ કરી છે એના કારણે અનેક ફાયદો લીઝધારકોને છે અને રાજ્ય સરકારની આવક પણ વધી છે. આ બ્લોક સિસ્ટમ હજુ અદ્યતન કરવા માગો છો કે કેમ?

શ્રી સૌરભભાઇ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આ ટ્રાયલ પ્રોસેસ ઉપર હતી, ઘણી જગ્યાએ તેના સારા પરિણામો આવ્યા હતા. ઘણી જગ્યાએ વધારે ભાવ મૂકવામાં આવ્યા હતા, જેથી કોઇ ખરીદવા આવ્યું નહીં. હવે ફરીથી નવા ભાવ મૂકીને આગળ વધીશું. સરકારની ઇચ્છા છે કે, પારદર્શક રીતે લીઝનું ઓક્શન થાય. કોઇપણ વ્યક્તિ સાચો હશે એ જ આવશે. ફર્સ્ટ કમ ફર્સ્ટ સર્વ બેઝીસ હતું એ નીકળી જવાનું છે.

શ્રી રાઘવજીભાઇ હં. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મારે મંત્રીશ્રી પાસેથી એ જાણવું છે કે, આ બ્લોક સિસ્ટમના હિસાબે લીઝ ધારકોની અરજીઓ મંજૂર થતી નથી. મારા જિલ્લામાં બેથી અઢી હજાર અરજીઓ થઇ છે તેમાંથી માત્ર ૪૦-૫૦ મંજૂર થઇ છે. એનો સીધો ફાયદો મોટા ઉદ્યોગગૃહો અને ખેલાડીઓને થતો હોય છે. નાના લીઝ ધારકોને એનાથી અન્યાય થાય છે અને આવી અરજીઓ પડતર રહે છે અને એના કારણે ગેરકાયદેસર ખોદકામ થાય છે. બ્લોક સિસ્ટમ હતી એ દૂર કરી જૂની જે સિસ્ટમ હતી એ મુજબ તમે લીઝ આપવા માગો છો કે કેમ? નંબર વન અને બીજુ સાહેબ, ગાડીઓ ગેરકાયદેસર ખનિજમાં કયાંય પકડાય તો એને રાખી દે છે, પછી એનો દંડ ભરવા જયારે માલિક સંમત હોય છતાં પણ છ-છ મહિના એમને એમ રાખે છે. નિયમ એવો છે કે દંડ ભરી દે તો છોડી દઇએ. તો આ બાબતમાં માનનીય મંત્રીશ્રી કંઇ કાર્યવાહી કરવા માગે છે કે કેમ?

શ્રી સૌરભભાઇ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, સભ્યશ્રી કોના તરફી છે એ જ ખબર નથી પડતી. (અંતરાય)

અધ્યક્ષશ્રી : એ એમ કહે છે કે સભ્યશ્રી બ્લોક સિસ્ટમ આપવી કે ના આપવી એના તરફી છે કે પકડાય એને છોડી મૂકવા એના તરફી છે, બે જ સવાલ છે એના, બ્લોક સિસ્ટમ ચાલુ રાખવા માગો છો?

શ્રી સૌરભભાઇ પટેલ : ના, ના,પહેલી વસ્તુ મારે સભ્યશ્રીને કહેવું છે કે અરજીઓ જયારે પેન્ડિંગ હોય ત્યારે એક એક બ્લોકમાં એક એક એરીયાની અંદર ૮-૮, ૧૦-૧૦ અરજીઓ આવે, હવે જેવુ બ્લોક સિસ્ટમની અંદર ઓકશન થશે એટલે આ ૧૫૦૦ની સીધી ૫૦ થશે. એટલે એક સાથે બધી અરજીઓનો નિકાલ થશે. માનનીય અધ્યક્ષશ્રી પહેલાં કોંગ્રેસના સમયમાં રાજકીય વગ વાપરી જે લીઝો લેતા હતા એ આ સરકાર કરવા માગતી નથી. એટલે બ્લોક સિસ્ટમ બનાવી છે. અને બીજુ ખટારા જે પકડાય છે એમાં વધારે મેઇન વાતો કરે છે એ સીઝન ગુનેગારો હોય એ સીઝન ગુનેગારો માટે આપણે કડકમાં કડક પગલાં લઇએ છીએ. પાસા પણ કરવાની આપણે કોશિશ કરીશું. આવતા દિવસોની અંદર જો એ નહીં આવે એટલે નોર્મલ કોર્સની અંદર આપણે દંડ ભરાય અને એ લોકોને માયનોર પેનલ્ટી રાખી અને કરીશું. પણ જે રેગ્યુલર ગુનેગાર હોય એને મહેરબાની કરીને કોઇ બચાવવા માટે રજૂઆત કરતા નહીં.

**દાહોદ જિલ્લામાં નિરાધાર વૃધ્ધ સહાય યોજનાની અરજીઓ**

* ૧૯૭૮ **શ્રી બચુભાઇ મ. ખાબડ(દેવગઢબારીયા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) દાહોદ જિલ્લામાં નિરાધાર વૃધ્ધ સહાય યોજના અન્વયે તા. ૩૧-૧૨-૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલી અરજીઓ મળેલ છે, | (૧) ૫૦ |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવેલ છે, અને | (૨) ૧૭ |
| (૩) કેટલી સહાય ચૂકવવામાં આવી ? | (૩) રૂ. ૧૨,૮૦૦/- |

શ્રી બચુભાઇ મ. ખાબડ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી હું જાણવા માગુ છું કે દાહોદ જિલ્લામાં નિરાધારવૃદ્ધ સહાય યોજના અંતર્ગત ૩૧-૧૨-૨૦૧૨ની સ્થિતિએ ૫૦ અરજીઓ આવી

હતી તે પૈકી માત્ર ૧૭ અરજીઓ મંજૂર કરવામાં આવી છે બાકી ૩૩ અરજીઓ પેન્ડિંગ છે એમાંથી નામંજૂર કેટલી કરવામાં આવી છે, નામંજૂર કરવાના કારણો શું છે અને બાકીની ક્યારે મંજૂર કરવામાં આવશે.

શ્રી રમણલાલ વોરા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ કહ્યું એ પ્રમાણે ૫૦ અરજીઓ નામંજૂર કરવામાં આવી છે. આમાં નામંજૂર કરવા માટેના જે કારણો છે, એના જે ધોરણો આપવામાં આવેલા છે એ પ્રમાણે નિયત આવક કરતા વધુ આવક હોવાના કારણે ૨૧ અરજીઓ નામંજૂર કરવામાં આવી છે. ૨૧ વર્ષથી વધુ પુખ્ત વયનો પુત્ર હોય તેવી અરજી નામંજૂર કરવામાં આવે એવા ૪ છે. ઓછી ઉંમરના લાભાર્થીને લાભ મળતો નથી એવી અરજીઓ ૬ છે અને જે લાભાર્થીએ જ્યાં અરજી કરી છે એ સ્થળ ઉપર નહીં રહેવાના કારણે એ અરજી નામંજૂર કરવામાં આવી છે. કુલ ૩૩ અરજી નામંજૂર કરવામાં આવી છે.

શ્રી જવાહરભાઇ પે. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી આ તો એના જેવી વાત થઇ કે ઘોડાને ઘાસ અને ગધેડાને ચ્યવનપ્રાશ.

અધ્યક્ષશ્રી : કાંઇ કહેવાની જરૂર નથી. તમને શું જોઇએ છે એ કહોને, ઘોડા ગધેડાની વાત મૂકો તમારો સવાલ સીધો પૂછો. તમારે જોઇતું હોય એ માગોને.

શ્રી જવાહરભાઇ પે. ચાવડા : સાહેબ ઉદ્યોગપતિઓને લાખો કરોડોની સહાય થાય છે. એક નિરાધાર અને વૃદ્ધ સહાય માટે ૫૦ અરજીઓ થઇ, ૧૭ મંજૂર થઇ, રકમ ફકત ૧૨,૮૦૦ રૂપિયા આમ તો પર હેડ મેં હિસાબ કર્યો ૭૫૨ રૂપિયા વાર્ષિક થયા, આ સહાય બહુ ઓછી કહેવાય. થોડીક ઉદ્યોગપતિઓને ઓછી કરીને આ સહાય વધારવા માગો છો કે નહીં?

શ્રી રમણલાલ વોરા : માનનીય અધ્યક્ષશ્રી, આન પહેલાં કહ્યું છે મે કે જયારે આ યોજનાની શરૂઆત કરવામાં આવી હતી ત્યારે માત્ર ૩૦ રૂપિયા સહાયના આપવામાં આવતા હતા. આ તમારી સરકારની જ વાત કરુ છું. (અંતરાય) તમારી સરકારમાં માત્ર ૩૦ રૂપિયા આપવામાં આવતા હતા એ વધારીને નરેન્દ્રભાઇ મોદીની સરકારે ૨૦૦ રૂપિયા માસિક આપવાની વાત કરી છે.

અધ્યક્ષશ્રી : હજી એમાં વધારો કરવા માગો છો કે નહીં જે અપાય છે એમાં?

શ્રી રમણલાલ વોરા : માનનીય અધ્યક્ષશ્રી,એ એમનું સૂચન છે. ગરીબો માટે અમારૂં મન ખુલ્લું છે.

શ્રી વજેસિંહભાઇ પા. પણદા : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમ દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે દાહોદ તાલુકામાં નિરાધાર વૃદ્ધ સહાયની કુલ કેટલી અરજીઓ આવી અને તે પૈકી કેટલી મંજૂર કરવામાં આવી?

**શ્રી રમણલાલ ઈ. વોરા :** માનનીય અધ્યક્ષશ્રી, આખા દાહોદ જિલ્લામાં ૮૧૪ લાભાર્થીઓને આ લાભ આપવામાં આવ્યો છે અને એની પાછળ ૧૪.૧૯ લાખ રૂપિયા ચૂકવવામાં આવ્યા છે.

**શ્રી કેતન મ. ઈનામદાર :** માનનીય મંત્રીશ્રી પાસેથી હું જાણવા માગું છું કે વૃદ્ધ પેન્શન યોજના હેઠળ અરજી કર્યા બાદ કેટલા સમયમાં એ અરજીનો નિકાલ કરવામાં આવે છે?

**શ્રી રમણલાલ ઈ. વોરા :** વૃદ્ધ સહાયની અંદર માનવતાના ધોરણે અરજી આવે કે તરત જ બને તો એ જ મહિને અરજી મંજૂર કરાવી અને સહાય ચૂકવવામાં આવે છે.

**શ્રી બાવકુભાઇ ના. ઉંધાડ :** માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે આપણે મોંઘવારીની વાતો કરીએ છીએ ત્યારે આ રાજ્યના સિનિયર સિટિઝન છે. અહીંયા ધારાસભ્યનો પગાર પણ ૫૦ હજાર છે, તો જે લોકો નિરાધાર છે અને તકલીફ છે એ આમાં આવવાના છે. ૨૦૦ રૂપિયામાં એક મહિનામાં શું થાય? માનનીય મંત્રીશ્રી પાસે મારી માગણી છે કે તમે ઓછામાં ઓછા ૧૦૦૦-૧૫૦૦ રૂપિયા વૃદ્ધ સહાય કરવા માગો છો કે કેમ?

**શ્રી રમણલાલ ઈ. વોરા :** મેં પહેલાં પણ જવાબમાં કહ્યું એ પ્રમાણે ૩૦ રૂપિયા હતા એમાંથી માનનીય નરેન્દ્રભાઇ મોદીની સરકારમાં ૨૦૦ રૂપિયા કરવામાં આવેલ છે. (અંતરાય) કેન્દ્ર સરકારની નિરાધાર વૃદ્ધ સહાય યોજનામાં પણ આજે માત્ર રૂ. ૨૦૦ આપવામાં આવે છે. જો કેન્દ્ર સરકાર એમાં વધારો કરશે તો રાજ્ય સરકાર આ અંગે જરૂરી વિચારણા કરશે.

**શ્રી અરવિંદકુમાર ગાં. પટેલ :** આમ તો મારા પ્રશ્નનો જવાબ મળી ગયો છે. પણ કેન્દ્ર સરકાર કેટલી

સહાય આપે છે અને ગુજરાત સરકાર કેટલી આપે છે?

**અધ્યક્ષશ્રી :** એ વાત થઇ ગઇ. પ્રશ્ન ક્રમાંક–૧૦.

**ભાવનગર જિલ્લામાં વિકલાંગ સાધન સહાયની અરજીઓ**

*૧૯૪૯ **શ્રીમતી ભાવનાબેન રા. મકવાણા(મહુવા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ભાવનગર જિલ્લામાં વિકલાંગ સાધન સહાય યોજના હેઠળ તા. ૩૧–૧૨–૧૨ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલી અરજીઓ આવી, | (૧) ૫૪૦. |
| (૨) તે પૈકી કેટલી મંજૂર કરવામાં આવી, અને | (૨) ૫૩૨. |
| (૩) કેટલી રકમ ચૂકવવામાં આવી ? | (૩) રૂ. ૧૬,૬૨,૭૧૪/– . |

**શ્રીમતી ભાવનાબેન રા. મકવાણા :** માનનીય અધ્યક્ષશ્રી, હું આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે વિકલાંગ વ્યક્તિઓને સાધન સહાય આપવાની યોજના ક્યારથી શરૂ કરવામાં આવી અને વિકલાંગ સાધન સહાય યોજના હેઠળ કોને લાભ મળવાપાત્ર થાય છે. મારા મત વિસ્તાર મહુવા તાલુકામાં તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ કેટલી અરજીઓ આવી, કેટલી મંજૂર કરવામાં આવી અને કેટલી રકમ ચૂકવવામાં આવી?

**શ્રી રમણલાલ ઇ. વોરા :** સને ૧૯૭૦ના વર્ષથી આ વિકલાંગ સાધન સહાય યોજના શરૂ કરવામાં આવી છે. આ યોજનાના જે લાભાર્થીઓ છે એ લાભાર્થીઓએ સમાજ સુરક્ષા અધિકારી પાસેથી વિનામૂલ્યે ફોર્મ લેવાનું રહે છે. વિના મૂલ્યે શબ્દ ઉપર એટલા માટે ભાર મૂક્યો છે કે ભૂતકાળમાં ફોર્મના વિતરણમાં પણ ભ્રષ્ટાચાર થતો હતો એટલે આ ફોર્મ વિનામૂલ્યે આપીએ છીએ. એના માટે વિકલાંગનું ઓળખકાર્ડ માગીએ છીએ, ઉંમરનો પુરાવો માગીએ છીએ અને એ નાણાકીય વર્ષમાં એની જે આવક હોય એ આવકનો દાખલો આપવાથી આ યોજનામાં મંજૂર કરવામાં આવે છે.

**શ્રી આત્મારામ મ. પરમાર :** માનનીય અધ્યક્ષશ્રી, પ્રશ્નના જવાબમાં છે કે ૫૪૦ અરજીઓ આવી એમાં ૫૩૨ જેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી છે એટલે લગભગ ૯૮ ટકા અરજીઓ મંજૂર થઇ છે. મારે માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે કયા પ્રકારના સાધનો માટે સહાય આપવામાં આવે છે? બીજુ કે મારા મત વિસ્તારમાં ત્રણ તાલુકા છે, ગઢડા, ઉમરાળા અને વલ્લભીપુર. આ ત્રણ તાલુકામાંથી કેટલી અરજીઓ આવી, કેટલી મંજૂર થઇ અને આ અરજીઓ મંજૂર કરવાની કાર્યપદ્ધતિ શું છે?

**શ્રી રમણલાલ ઇ. વોરા :** માનનીય સભ્યશ્રીએ કહ્યું એ પ્રમાણે આ યોજના અંતર્ગત ઘણા બધા એના લાભો આપવામાં આવે છે. કોઇકને કૃત્રિમ અવયવ હોય અને ઘોડીની જરૂરિયાત હોય, બુટ, પગના કલેપર્સ આપવામાં આવે છે, ત્રણ પૈડાંવાળી સાઇકલ, બે પૈડાંવાળી સાઇકલ આપવામાં આવે છે, કોઇ સ્વરોજગાર કરવા માગતું હોય તો એમને હાથલારી આપવામાં આવે છે. સિલાઇ મશીન, મોચી કામ માટેના સાધનો, ઇલેક્ટ્રિકના સાધનો, કોમ્પ્યુટર રીપેરીગના સાધનો, સાઇકલ રીપેરીંગના સાધનો, ભરત–ગૂંથણના મશીન, એમ્બ્રોયડરી, સુથારી કામના સાધનો, બહેરા–મુંગા હોય તો એના માટેના હિયરીંગ એઇડ આપવામાં આવે છે. અંધ વ્યક્તિ હોય તો એને બ્રેઇલ લીપીના સાધનો, બ્રેઇલ કીટ, ફોલ્ડિંગ સ્ટીક આપવામાં આવે છે. મંદબુદ્ધિનું બાળક હોય તો ચાઇલ્ડ કિટ આપવામાં આવે છે. ઘણી બધી યોજનાઓમાં લાભાર્થીને જે પ્રકારે જોઇએ એ પ્રકારના બધા સાધનો આપવામાં આવે છે. એમણે વાત કરી છે, એમના મતવિસ્તાર ગઢડાની અંદર ૩૩ અરજીઓ આવેલી અને ૩૩–૩૩ અરજી મંજૂર કરવામાં આવી છે. ૧૦૬૪૦૯/– રૂપિયા ચૂકવવામાં આવ્યા છે.

શ્રી જીતેન્દ્રભાઇ સ. વાઘાણી : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી જાણવા માગુ છું કે, આદરણીય નરેન્દ્રભાઇની સંવેદનશીલ સરકારમાં જ્યારે ખૂબ મોટી સહાય વિકલાંગોને સરકાર આપી રહી છે ત્યારે એ યોજના હેઠળ કેટલી રકમ સુધીની મર્યાદામાં સહાય આપવામાં આવે છે? આ વિકલાંગોને સાધન–

સહાય સરળતાથી મળી રહે તે માટે તેમના અરજી ફોર્મ મેળવવાની અને સ્વીકારવાની કોઇ સરળ પદ્ધતિ છે કે કેમ? અને વ્યવસ્થા હોય તો કેવા પ્રકારની છે?

શ્રી રમણલાલ ઇ. વોરા : માનનીય અધ્યક્ષશ્રી, આ યોજના જ્યારે શરૂ કરવામાં આવી ત્યારે આની અંદર ૩૦૦ રૂપિયાની મર્યાદા હતી. માનનીય નરેન્દ્રભાઇ મોદીની સરકારમાં આ મર્યાદા ૬૦૦ રૂપિયાથી વધારીને ૬૦૦૦ રૂપિયા કરવામાં આવી છે અને જ્યારે ૬૦૦૦ રૂપિયા કરવામાં આવી છે ત્યારે આ લોકોને સહેલાઇથી એમનું કામ ચાલે એટલા માટે માત્ર મેં કહ્યું એ પ્રમાણે સમાજ સુરક્ષા અધિકારીને પોતાને સરકાર પાસેથી મળેલ વિકલાંગનું કાર્ડ મળે, એમની ઉંમરનો પુરાવો મળે અને એમની વાર્ષિક આવકનો દાખલો આપવામાં આવે એટલે એમને જેમ બને તેમ જલદી આ યોજનામાં સહાયરૂપ થવા માટે મંજૂર કરવામાં આવે છે.

**કલોલ તાલુકામાં અનુસુચિત જાતિના અને સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોના આવેલ સરકારી છાત્રાલયો**

* ૨૫૨૪ **શ્રી બળદેવજી ચં. ઠાકોર(કલોલ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ કલોલ તાલુકામાં અનુસુચિત જાતિ તથા સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના કેટલા અને કયા કયા સરકારી ગ્રાન્ટેબલ છાત્રાલયો કાર્યરત છે,<br><br>એચબી–૭૩૧–૨ | (૧) કુલ ૧૧ છાત્રાલય કાર્યરત છે.<br>(૧) ડૉ. આંબેડકર કુમાર છાત્રાલય, ૩૮, મથુરેશનગર સોસાયટી, કલોલ<br>(૨) શિવમ કુમાર છાત્રાલય, પ્રથમ માળ, તિરૂપતિ કોમ્પ્લેક્ષ, વિમા હોસ્પિટલની સામે, કલોલ.<br>(૩) નુતન ભારતી કન્યા છાત્રાલય, ૧/ માનવ મંદિર સોસાયટી, પાણીની ટાંકી પાછળ, રેલવે પૂર્વ, કલોલ.<br>(૪) જયોતિબા કુમાર છાત્રાલય, શ્રીજી સોસાયટી, કલોલ.<br>(૫) વૈભવ કુમાર છાત્રાલય, તિરૂપતિ કોમ્પ્લેક્ષ, વિમા હોસ્પિટલની સામે, કલોલ.<br>(૬) દિવ્યસોમ કુમાર છાત્રાલય, સિધ્ધાર્થ સોસાયટી, કલોલ.<br>(૭) બાબુશ્રી જગજીવનરામ કુમાર છાત્રાલય, મુ.પો. વેડા, તા. કલોલ.<br>(૮) ભગિની કન્યા છાત્રાલય, મુ. નારદીપુર, તા. કલોલ.<br>(૯) લીંબચ કુમાર છાત્રાલય, કલોલ.<br>(૧૦) બક્ષીપંચ કુમાર છાત્રાલય, પલસાણા.<br>(૧૧) વિચરતી વિમુક્ત કન્યા છાત્રાલય, નારદીપુર. |
| (૨) આ છાત્રાલયોમાં વર્ષવાર ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવ્યો, અને | (૨) વર્ષ ૨૦૧૧–૧૨: ૩૩૧<br>વર્ષ ૨૦૧૨–૧૩: ૪૧૨ |
| (૩) આ છાત્રાલયોને વર્ષવાર કેટલી સહાય ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ચૂકવવામાં આવી? | (૩) વર્ષ ૨૦૧૧–૧૨: રૂ. ૨૧,૭૨,૮૭૦<br>વર્ષ ૨૦૧૨–૧૩: રૂ. ૨૭,૮૪,૬૦૧ |

શ્રી બળદેવજી ચં. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના દ્વારા મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગુ છું કે, એમના જવાબમાં જણાવ્યું છે કે વર્ષ ૨૦૧૧–૧૨માં ૩૩૧ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવ્યો છે

અને વર્ષ ૨૦૧૨–૧૩માં ૪૧૨ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવ્યો છે. હવે એનો ખર્ચ રૂ.૨૧,૭૨,૮૭૦ એટલે મારા માનવા પ્રમાણે મહિને ૫૦૦ રૂપિયા જેવો ખર્ચ એક વિદ્યાર્થી પાછળ કરવામાં આવે છે. કરોડો રૂપિયા ઉદ્યોગપતિઓને આપી દેવામાં આવે છે. (અંતરાય) આ બક્ષીપંચનો પ્રશ્ન છે, સાંભળવાનો?

અધ્યક્ષશ્રી : એ સાંભળે જ છે, બોલો તો સાંભળેને?

શ્રી બળદેવજી ચં. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, ૫૦૦ રૂપિયા જેવી માતબર રકમનો ખર્ચ વિદ્યાર્થીદીઠ આપવામાં આવે છે. આ નરેન્દ્રભાઇ મોદીની સરકારમાં આ ખર્ચ વધારી સરકાર વિદ્યાર્થીને વધારે સહાય કરવા માગે છે કે કેમ?

શ્રી રમણલાલ ઈ. વોરા : માનનીય અધ્યક્ષશ્રી, આ યોજના જ્યારે શરૂ કરવામાં આવી ત્યારે વિદ્યાર્થીદીઠ ૫૦ રૂપિયા આપવામાં આવતા હતા. નરેન્દ્રભાઇ મોદીની સરકારમાં વિદ્યાર્થીદીઠ ૧૦૦૦ રૂપિયાની સહાય આપવામાં આવે છે. એટલે આ રાજ્ય સરકાર સંવેદનશીલ છે. દલિત, આદિવાસી, બક્ષીપંચના વિદ્યાર્થીઓને ભણવામાં કોઇપણ પ્રકારની તકલીફ ના પડે એના માટે પૂરતી જોગવાઇ કરવામાં આવી છે. (અંતરાય)

અધ્યક્ષશ્રી : એક મિનિટ, હવે એ કહે છે કે ૧૦૦૦ રૂપિયા આપીએ છીએ. જે હશે એ. (અંતરાય) એ અત્યારે કહે છે. તમે ૨૦૧૧–૧૨નું પૂછ્યું છે. ૨૦૧૨–૧૩ની અંદર ૫૦૦ અને ૧૦૦૦ રૂપિયાની સ્પષ્ટતા કરજો. માનનીય ભરતભાઇ.

શ્રી ભરતસિંહજી શં. ડાભી : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગુ છું કે, અનુસૂચિત જાતિના કલોલ તાલુકાના ગ્રાન્ટ ઇન એઇડ છાત્રાલયોમાં તા.૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ વર્ષવાર કેટલી ગ્રાન્ટ ચૂકવવામાં આવી?

શ્રી રમણલાલ ઈ. વોરા : માનનીય અધ્યક્ષશ્રી, કુલ કલોલ તાલુકાની અંદર ૧૧ છાત્રાલયો ચાલે છે એમાં અનુસૂચિત જાતિના ૮ છાત્રાલયો છે, બક્ષીપંચના ૩ છાત્રાલયો ચાલે છે અને આ છાત્રાલયો માટે કુલ અનુસૂચિત જાતિના ૫૯૧ છાત્રાલય પૈકી ૨૭૦૦૦ બાળકો જે કામ કરે છે એ બાળકોને મેં કહ્યું એ પ્રમાણે એક બાળકદીઠ ૧૦૦૦ રૂપિયા આ રાજ્ય સરકારે નક્કી કર્યા છે.

અધ્યક્ષશ્રી : પ્રશ્નોત્તરીનો સમય પૂરો થાય છે. નેકસ્ટ.

## અતારાંકિત પ્રશ્નો

## **તારાંકિત પ્રશ્નોમાંથી ફેરવવામાં આવેલ.**

### **ખેડૂતોને વીજબીલમાં સબસીડી**

* ૧૯૬૯ **શ્રી જેઠાભાઇ ઘે. આહીર(શહેરા) : માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
| --- | --- |
| (૧) રાજ્ય સરકાર દ્વારા કૃષિ વિષયક વીજ જોડાણ ધરાવતા ખેડૂતોને વીજ બીલમાં કોઈ રાહત આપવામાં આવે છે કે કેમ, અને | (૧) હા જી, નામદાર વીજ નિયમન પંચ દ્વારા મંજુર થયેલ કૃષિ વિષયક વીજ દરનો સંપૂર્ણ બોજો ખેડૂતો પર નાખવામાં આવતો નથી પરંતુ, નક્કી કરેલ વીજ દરો કરતાં ઘણા ઓછા દરે ખેડૂતોને વીજળી આપવામાં આવે છે; અને આ નિર્ણયના અમલીકરણને કારણે મહેસૂલી આવકના નુકશાન માટે વીજ કંપનીઓને સહાયકી આપવામાં આવે છે. હોર્સપાવર આધારિત વીજ ગ્રાહકો માટે નામદાર આયોગે તારીખ ૦૬–૦૯–૨૦૧૧ના ટેરીફ ઓર્ડર મુજબ રૂપિયા ૨૧૦૦ પ્રતિ હોર્સપાવર પ્રતિ વર્ષ નક્કી કરેલ છે. પરંતુ સરકારે નક્કી કરેલ નિતી મુજબ કૃષિ વિષયક ગ્રાહકો પાસેથી રૂ. ૬૬૫/– પ્રતિ હોર્સપાવર પ્રતિ વર્ષ ૭.૫ હોર્સ |

પાવર સુધી અને રૂ. ૮૦૭.૫૦ પૈસા પ્રતિ હોર્સ પાવર પ્રતિ વર્ષ ૭.૫ હોર્સ પાવરથી વધુ માટે મેળવવામાં આવે છે. બાકીની રકમ સરકાર સબસીડીના સ્વરૂપે ભોગવે છે. આ ઉપરાંત મીટર આધારિત ગ્રાહકો પાસેથી રૂ. ૧૦/– પ્રતિ હોર્સ પાવર પ્રતિ માસ ફીક્ષ ચાર્જ તથા રૂ. ૦.૫૦ પ્રતિ યુનિટ વીજ દર મેળવવામાં આવે છે. આ ઉપરાંત, વીજ ઉત્પાદન માટે વપરાશમાં લેવાતા કોલસો, ગેસ, ઓઈલ, નેપ્થા જેવા બળતણમાં કેન્દ્ર સરકાર દ્વારા કરવામાં આવતા ભાવ વધારાને કારણે વીજ કંપનીઓને થતા વધારાના ખર્ચને પહોંચી વળવા માટે વીજ ગ્રાહકો પાસેથી નામદાર ગુજરાત વીજ નિયમન આયોગની ફોર્મ્યુલા મુજબ ફ્યુઅલ સરચાર્જની વસુલાત કરવાની થાય છે. ખેડૂતોના કિસ્સામાં ફ્યુઅલ સરચાર્જ તેમની પાસેથી વસૂલ ન કરવાનો સરકારે નિર્ણય લીધેલ હોઈ, તે અંગેની રકમ પણ સહાયકી તરીકે વીજ કંપનીઓને ચૂકવવામાં આવે છે.

આ ઉપરાંત તા. ૧–૧૦–૨૦૧૨ના ઠરાવથી સરકારે લીધેલ નિર્ણય મુજબ, ખેડૂતોને તેમના વીજ વપરાશના બિલમાં એક વર્ષ માટે ૫૦% રાહત આપવાનો સરકારે નિર્ણય લીધેલ છે.

(૨) જો હા, તો તા. ૩૧મી ડીસેમ્બર, ૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા બે નાણાકીય વર્ષમાં કેટલી સબસીડી આપવામાં આવી ?

(૨) આ અંગેના હિસાબો નાણાકીય વર્ષમાં જાળવવામાં આવતા હોઈ, ડીસેમ્બર–૨૦૧૨ સ્થિતિએ છેલ્લા બે નાણાકીય વર્ષ દરમ્યાન ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લી. ને આપવામાં આવેલી સબસીડી તથા કૃષિ વિષયક વીજ ગ્રાહકોની વિગતો **પત્રક "અ"** માં સામેલ છે.

**પત્રક– અ**

**છેલ્લા બે નાણાકીય વર્ષ દરમ્યાન રાજ્ય સરકાર દ્વારા ખેડૂતોને આપવામાં આવેલી રાહત તથા વીજ ગ્રાહકોની સંખ્યાની વિગતો દર્શાવતું પત્રક**

**(રૂ. કરોડમાં)**

| **અનુ.** | **વિગત** | **૨૦૧૧–૧૨** | **૨૦૧૨–૧૩ ડીસે.–૨૦૧૨ સુધી** |
|---|---|---|---|
| ૧ | હોર્સપાવર આધારિત વીજ દરો માટે સહાયકી – GUVNL | ૧૧૦૦.૦૦ | ૮૨૫.૦૦ |
| ૧–એ | હોર્સપાવર આધારિત વીજ દરો માટે સહાયકી– Torrent Power Limited | ૨.૨૦ | –– |
| ૨ | જીઈઆરસી પ્રશુલ્કમાં રાહત માટે સહાયકી | ૮૩૦.૦૦ | ૬૦૦.૦૦ |
| ૩ | બળતણ ખરીદી તથા વીજળી ખરીદી માટે સહાયકી | ૯૬૨.૦૦ | ૬૦૦.૦૦ |
| ૪ | ૫૦% વીજ બીલમાં રાહત (એપ્રિલ ૨૦૧૨ થી ડીસેમ્બર–૨૦૧૨) | –– | ૨૨૭.૦૦ |
| | કુલ | ૨,૮૯૪.૨૦ | ૨૨૫૨.૦૦ |
| ૫ | સબસીડીનો લાભ મેળવનાર કૃષિ વિષયક વીજ ગ્રાહકોની સંખ્યા | ૯,૦૨,૮૧૫ | ૯,૬૬,૨૮૯ |

**રાજ્યની વીજ ઉત્પાદન ક્ષમતામાં વધારો**

* ૧૯૫૭ **શ્રી તારાચંદ જ. છેડા(માંડવી) : માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્યની વીજ ઉત્પાદન ક્ષમતામાં કેટલો વધારો થયો છે, અને

(૨) આગામી બે નાણાકીય વર્ષમાં તેમાં કેટલો વધારો કરવાનું આયોજન છે?

**જવાબ**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્યની વીજ ઉત્પાદન ક્ષમતામાં નીચે દર્શાવ્યા પ્રમાણેનો વધારો થયેલ છે.

| | |
|---|---|
| પરંપરાગત ઉર્જા સ્ત્રોત | ૩૪૯૪ મેગાવોટ |
| બિન પરંપરાગત ઉર્જા સ્ત્રોત | ૧૯૧૨ મેગાવોટ |
| **કુલ** | **૫૪૦૬ મેગાવોટ** |

(૨) આગામી બે નાણાકીય વર્ષ એટલે કે વર્ષ ૨૦૧૩–૧૪ અને વર્ષ– ૨૦૧૪–૧૫ માં કુલ ૨૪૮૬ મેગાવોટની વીજ ક્ષમતા વધારવાનું આયોજન કરવામાં આવેલ છે.

**પવન ઉર્જાની સ્થાપિત ક્ષમતા**

* ૧૯૬૨ **શ્રી રમણલાલ ના. પાટકર(ઉમરગામ) : માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ રાજ્યની પવન ઉર્જાથી સ્થાપિત વીજ ઉત્પાદન ક્ષમતા કેટલી છે, અને

(૨) નાણાકીય વર્ષ–૨૦૧૩–૧૪માં તેમાં કેટલો વધારો કરવાનું આયોજન છે?

**જવાબ**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ રાજ્યની પવન ઉર્જાથી સ્થાપિત વીજ ઉત્પાદન ક્ષમતા ૩૦૦૯.૯૦ મેગાવોટ છે.

(૨) નાણાકીય વર્ષ–૨૦૧૩–૧૪માં આશરે ૫૦૦ મે.વો. ની ક્ષમતાનો વધારો કરવાનું આયોજન છે.

---------

**ડૉ. બાબાસાહેબ આંબેડકરના જીવનકવન કાર્યક્રમોનો વ્યાપ વધારવા બાબત**

* ૧૯૨૪ **શ્રીમતી સંગીતાબેન રા. પાટીલ(લીંબાયત) : માનનીય રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા
કરશે કે.–

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં સમરસતા દિન (૧૪મી એપ્રિલ) ડૉ. બાબાસાહેબના જીવનકવન આધારિત કાર્યક્રમોનો વ્યાપ વધારવામાં આવનાર છે તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો તે માટે તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં શાં પગલાં લેવામાં આવ્યા?

**જવાબ**

(૧) હા, જી.

(૨) સામાજીક સમરસતા સપ્તાહની ઉજવણી રાજ્યભરની મહાનગરપાલિકા/નગરપાલિકા અને જીલ્લા કલેકટરશ્રીની કચેરી દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ યોજી કરવામાં આવે છે.

---------

**નર્મદા જિલ્લામાં સત્યવાદી રાજા હરીશચંદ્ર મરણોત્તર સહાય યોજનાની અરજીઓ**

* ૧૯૧૧ **શ્રી મોતીલાલ પુ. વસાવા(ડેડીયાપાડા) : માનનીય સામાજીક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) નર્મદા જિલ્લામાં સત્યવાદી રાજા હરીશચન્દ્ર મરણોત્તર સહાય યોજના હેઠળ તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં તાલુકાવાર કેટલી અરજીઓ

**જવાબ**

(૧)

| ક્રમ | તાલુકો | મળેલ અરજીઓ |
|---|---|---|
| ૧ | રાજપીપળા | ૦૦ |

મળી,

| | | |
|---|---|---|
| ૨ | નાંદોદ | ૦૮ |
| ૩ | તિલકવાડા | ૦૮ |
| ૪ | ડેડીયાપાડા | ૦૦ |
| ૫ | સાગબારા | ૦૦ |
| | **કુલ** | **૧૬** |

(૨) તે પૈકી કેટલી મંજૂર કરી, કેટલી સહાય ચૂકવી,

(૨)

| **ક્રમ** | **તાલુકો** | **મંજૂર કરેલ અરજીઓ** | **ચૂકવેલ સહાય (રૂપિયા)** |
|---|---|---|---|
| ૧ | રાજપીપળા | ૦૦ | ૦૦ |
| ૨ | નાંદોદ | ૦૮ | ૨૦૦૦૦ |
| ૩ | તિલકવાડા | ૦૮ | ૨૦૦૦૦ |
| ૪ | ડેડીયાપાડા | ૦૦ | ૦૦ |
| ૫ | સાગબારા | ૦૦ | ૦૦ |
| | **કુલ** | **૧૬** | **૪૦૦૦૦** |

(૩) કેટલી પડતર છે, અને

(૩) શૂન્ય.

(૪) પડતર અરજીઓ ક્યારે મંજૂર કરવામાં આવશે?

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**રાજ્યની વીજ ઉત્પાદન ક્ષમતામાં વધારો**

* ૧૯૫૬ **શ્રી ભરતભાઇ કી. પટેલ(વલસાડ) : માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્યની વીજ ઉત્પાદન ક્ષમતામાં કેટલો વધારો થયો છે, અને

(૨) આગામી બે નાણાકીય વર્ષમાં તેમાં કેટલો વધારો કરવાનું આયોજન છે?

**જવાબ**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્યની વીજ ઉત્પાદન ક્ષમતામાં નીચે દર્શાવ્યા પ્રમાણેનો વધારો થયેલ છે.

| | |
|---|---|
| પરંપરાગત ઉર્જા સ્ત્રોત | ૩૪૯૪ મેગાવોટ |
| બિન પરંપરાગત ઉર્જા સ્ત્રોત | ૧૯૧૨ મેગાવોટ |
| **કુલ** | **૫૪૦૬ મેગાવોટ** |

(૨) આગામી બે નાણાકીય વર્ષ એટલે કે વર્ષ ૨૦૧૩–૧૪ અને વર્ષ ૨૦૧૪–૧૫ માં કુલ ૨૪૮૬ મેગાવોટની વીજ ક્ષમતા વધારવાનું આયોજન કરવામાં આવેલ છે.

---------

**જૂનાગઢ જિલ્લામાં કુંવરબાઈનું મામેરૂ યોજનાની અરજીઓ**

* ૧૯૨૨ **શ્રી અરવિંદભાઇ કે. લાડાણી(કેશોદ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ જૂનાગઢ જિલ્લામાં વર્ષ ૨૦૧૨–૧૩ના નાણાકીય વર્ષમાં કુંવરબાઈનું મામેરૂ યોજના હેઠળ વિકસતી જાતિના અરજદારોની કેટલી અરજીઓ મળી,

(૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને

(૩) તે પૈકી કેટલી સહાય ચૂકવવામાં આવી ?

**જવાબ**

(૧) ૩૧૫.

(૨) ૩૦૧.

(૩) રૂ. ૧૭.૭૫ લાખ.

---------

## દાહોદ જિલ્લામાં લીઝ ધારકો સામે ગેરરીતિ

* ૧૬૫૨ **શ્રી વજેસિંગભાઇ પા.પણદા(દાહોદ) : માનનીય ખાણ ખનિજ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ દાહોદ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કયા પ્રકારની જમીનોમાં, કેવા પ્રકારના, કેટલા ટન ઉત્ખનન માટેની લીઝો મંજૂર કરવામાં આવી, | (૧) (૧) વર્ષ ૨૦૧૧માં મુખ્ય ખનિજની કોઈ લીઝ મંજૂર કરવામાં આવેલ નથી. વર્ષ ૨૦૧૨માં મુખ્ય ખનિજની સરકારી જમીનમાં એક (૧) લીઝ ૧,૩૮,૦૦૦ મે.ટન ઉત્ખનન માટે મંજૂર કરવામાં આવેલ છે. (૨) વર્ષ ૨૦૧૧માં ગૌણ ખનીજની સરકારી જમીનમાં છ (૬) અને ખાનગી જમીનમાં બે (૨) મળી કુલ આઠ (૮) ક્વોરી લીઝ ૨૪,૪૦,૦૦૦ મે.ટન ઉત્ખનન માટે તથા વર્ષ ૨૦૧૨માં સરકારી જમીનમાં બાવીસ (૨૨) ક્વોરી લીઝ ૭,૮૫,૦૦૦ મે.ટન ઉત્ખનન માટે મંજુર કરવામાં આવેલ છે. |
| (૨) આવી લીઝો મંજૂર થયા પછી વર્ષવાર કેટલી વખત સ્થળ તપાસ કરવામાં આવી અને સ્થળ તપાસ વખતે કેટલા લીઝ ધારકો સામે ગેરરીતિ સામે આવી, અને | (૨) મંજૂર થયેલ અને કરારખત થયેલ લીઝો પૈકી વર્ષ ૨૦૧૧માં એક (૧) અને ૨૦૧૨માં છ (૬) મળી કુલ સાત (૭) ક્વોરી લીઝમાં સ્થળ તપાસ કરવામાં આવેલ છે. જેમાં કોઈ લીઝ ધારકો સામે ગેરરીતિ સામે આવેલ નથી. |
| (૩) આવી ગેરરીતિઓ આચરનાર લીઝ ધારકો સામે શી કાર્યવાહી કરવામાં આવી ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

## જૂનાગઢ જિલ્લામાં ખનીજ ચોરીના દંડની વસૂલાત બાબત

* ૧૬૬૧ **શ્રી પુંજાભાઇ ભી. વંશ(ઉના) : માનનીય ખાણ ખનિજ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા. ૩૦–૩–૨૦૦૬ થી તા. ૩૦–૩–૨૦૦૯ સુધીમાં જૂનાગઢ જિલ્લામાં ખનીજ ચોરીના ૧૧૩ અને પોરબંદર જિલ્લામાં ખનીજ ચોરીના ૮૬ કેસોમાં કુલ મળીને રૂ. ૬૫૮/– કરોડ વસૂલવાના થતાં હતાં. તે પૈકી તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર જિલ્લાવાર કોના કોના પાસેથી કેટલી રકમ વસૂલવામાં આવી, અને | (૧) **પત્રક–૧** મુજબ. |
| (૨) ખનીજ ચોરીની રકમ સમયસર ચૂકવતા ન હોય તો ક્યારે–ક્યારે શી કાર્યવાહી કરવામાં આવી? | (૨) **પત્રક–૨** મુજબ. |

**(* પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)**

---------

## નવસારી જિલ્લામાં લીઝ ધારકોની ગેરરીતિ

* ૧૬૪૪ **શ્રી છનાભાઇ કો. ચૌધરી (વાંસદા) : માનનીય ખાણ અને ખનિજ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ નવસારી જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કયા પ્રકારની જમીનોમાં, કેવા પ્રકારના, કેટલા ટન ઉત્ખનન માટેની લીઝો મંજૂર કરવામાં આવી, | (૧) (૧) વર્ષ ૨૦૧૧ તથા વર્ષ ૨૦૧૨માં મુખ્ય ખનિજની કોઈ લીઝ મંજૂર કરવામાં આવેલ નથી. (૨) વર્ષ ૨૦૧૧માં ગૌણ ખનીજની સરકારી જમીનમાં એક (૧) અને એક (૧) ખાનગી |

જમીનમાં કવોરી લીઝ ૧૧,૯૫,૨૬૦ મે.ટન ઉત્ખનન માટે તથા વર્ષ ૨૦૧૨માં ખાનગી જમીનમાં એક (૧) અને સરકારી જમીનમાં દસ (૧૦) ક્વોરી લીઝ ૨૪,૦૪,૧૬૦ મે.ટન ઉત્ખનન માટે મંજુર કરવામાં આવેલ છે.

(૨) આવી લીઝો મંજૂર થયા પછી વર્ષવાર કેટલી વખત સ્થળ તપાસ કરવામાં આવી અને સ્થળ તપાસ વખતે કેટલા લીઝ ધારકો સામે ગેરરીતિ સામે આવી, અને

(૨) લીઝો મંજૂર કર્યા પછી સ્થળ તપાસ કરેલ ન હોઈ ગેરરીતિની માહિતી મળેલ નથી.

(૩) આવી ગેરરીતિઓ આચરનાર લીઝ ધારકો સામે શી કાર્યવાહી કરવામાં આવી ?

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

## જામનગર જિલ્લામાં ખેતી વિષયક વીજ જોડાણ

* ૧૦૮૩ **શ્રી રાઘવજી હં. પટેલ(જામનગર ગ્રામ્ય) : માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) જામનગર જિલ્લામાં ખેતી વિષયક વીજ જોડાણ મેળવવા માટે કેટલી અરજીઓ ડીસેમ્બર–૨૦૧૨ની સ્થિતિએ પડતર છે,

(૨) આ અરજીઓ વર્ષવાર કેટલા સમયથી પડતર છે,

એચબી–૭૩૧–૩

**જવાબ**

(૧) અને (૨)

જામનગર જિલ્લામાં કૃષિ વીજ જોડાણ માટેની ડીસેમ્બર ૨૦૧૨ની સ્થિતિએ વર્ષવાર પડતર અરજીઓની માહિતી **પત્રક ''અ''** માં સામેલ છે.

**પત્રક–અ**

| વર્ષ | પડતર અરજીઓ |
|---|---|
| ૧૯૯૨ | ૮૧ |
| ૧૯૯૩ | ૨૦૧ |
| ૧૯૯૪ | ૩૩૫ |
| ૧૯૯૫ | ૧૯૮૪ |
| ૧૯૯૬ | ૧૮૬૭ |
| ૧૯૯૭ | ૧૮૧૦ |
| ૧૯૯૮ | ૨૦૪૫ |
| ૧૯૯૯ | ૧૪૩૭ |
| ૨૦૦૦ | ૧૦૬૭ |
| ૨૦૦૧ | ૩૩૮ |
| ૨૦૦૨ | ૮૮૦ |
| ૨૦૦૩ | ૧૧૨૮ |
| ૨૦૦૪ | ૬૬૦ |
| ૨૦૦૫ | ૧૫૮૬ |
| ૨૦૦૬ | ૨૪૮૪ |
| ૨૦૦૭ | ૩૭૦૭ |
| ૨૦૦૮ | ૮૭૪૮ |
| ૨૦૦૯ | ૭૬૮૩ |
| ૨૦૧૦ | ૫૩૧૩ |
| ૨૦૧૧ | ૭૪૩૯ |
| ૨૦૧૨ | ૮૧૫૦ |
| | |

(૩) પડતર રહેવાના શા કારણો છે, અને

(૪) તમામ અરજીઓનો ક્યાં સુધીમાં નિકાલ કરવામાં આવશે ?

(૩) અને (૪)

કૃષિ વીજ જોડાણની નોંધણી અને મંજૂરી એ સતત ચાલતી પ્રક્રિયા છે. રાજયના ખેડૂતોને ગુણવત્તાસભર વીજ પૂરવઠો સાતત્યપૂર્ણ રીતે મળી રહે તે બાબત ધ્યાને લઈ ઉપલબ્ધ વીજ પુરવઠો, માળખાગત સુવિધા, નવી ઉભી કરવાની માળખાગત સુવિધા, વીજતંત્ર પર પડનાર બોજો, નાણાકીય ફાળવણી વગેરે પાસાઓને ધ્યાને લઈ, અગ્રતાક્રમ મુજબ શક્ય તેટલા વધુ વીજ જોડાણો આપવામાં આવે છે.

---------

### વડોદરા જિલ્લામાં અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓના ટ્યુશન સહાય યોજનાની અરજીઓ

* ૧૯૦૦ **શ્રી દિનેશભાઇ બા. પટેલ(પાદરા) : માનનીય સામાજીક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) વડોદરા જિલ્લામાં ટ્યુશન સહાય યોજના હેઠળ તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં તાલુકાવાર અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓની કેટલી અરજીઓ મળી,

**જવાબ**

(૧)

| અ. નં. | તાલુકાનું નામ | મળેલ અરજીઓ |
|---|---|---|
| ૧ | સાવલી | ૦૨ |
| ૨ | વડોદરા | ૨૮ |
| ૩ | કરજણ | ૦૩ |
| | **કુલ** | **૩૩** |

(૨) તે પૈકી કેટલી મંજૂર કરી છે, અને — (૨) ૧૭

(૩) કેટલી અરજીઓમાં સહાય ચૂકવી ? — (૩) ૧૭

---------

### સુરેન્દ્રનગર જિલ્લામાં સંકટ મોચન યોજનાની અરજીઓ

* ૧૯૮૫ **શ્રી પુનમભાઇ કા. મકવાણા(દસાડા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** — **જવાબ**

(૧) સુરેન્દ્રનગર જિલ્લામાં સંકટમોચન યોજના અંતર્ગત તા.૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલી અરજીઓ મળેલ છે, અને — (૧) ૩૧૮

(૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવેલ છે ? — (૨) ૯૮

---------

### અમદાવાદ જિલ્લામાં અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓના ટ્યુશન સહાય યોજનાની અરજીઓ

* ૧૯૦૧ **શ્રી લાલજીભાઇ ચ. કોળીપટેલ(ધંધુકા) : માનનીય સામાજીક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) અમદાવાદ જિલ્લામાં ટ્યુશન સહાય યોજના હેઠળ તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં તાલુકાવાર અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓની કેટલી અરજીઓ મળી,

**જવાબ**

(૧)

| અ. નં. | તાલુકાનું નામ | મળેલ અરજી |
|---|---|---|
| ૧ | અમદાવાદ | ૨૫૩ |
| ૨ | વિરમગામ | ૦૧ |
| ૩ | ધોળકા | ૦૬ |
| ૪ | ધંધુકા | ૦૧ |
| ૫ | સાણંદ | ૦૨ |
| ૬ | માંડલ | ૦૧ |
| ૭ | દસક્રોઈ | ૦૨ |
| ૮ | બાવળા | ૦૩ |
| ૯ | દેત્રોજ | ૦૧ |
| | **કુલ** | **૨૭૦** |

(૨) તે પૈકી કેટલી મંજૂર કરી છે, અને — (૨) ૧૨૬

(૩) કેટલી અરજીઓમાં સહાય ચૂકવી ? (૩) ૧૨૬

---------

**રાજકોટ અને કચ્છ જિલ્લામાં ઝુંપડપટ્ટી યોજના અન્વયે અરજીઓ**

* ૨૫૧૮ **શ્રી મહમદજાવી અ. પીરઝાદા(વાંકાનેર) : માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) રાજકોટ અને કચ્છ જિલ્લામાં ઝૂંપડપટ્ટી વિદ્યુતીકરણ યોજના અંતર્ગત તા. ૩૧–૦૧–૨૦૧૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલી અરજીઓ મળેલ છે,

(૨) તે પૈકી વર્ષવાર કેટલાને વીજ જોડાણ આપવામાં આવેલ છે, કેટલા નામંજૂર કરવામાં આવ્યા છે તેના કારણો શા છે, અને

(૩) બાકીના અરજદારોને કેટલા સમયમાં વીજ જોડાણ આપવામાં આવશે ?

**જવાબ**

(૧) અને (૨)

રાજકોટ અને કચ્છ જિલ્લામાં ઝૂંપડા વીજળીકરણ યોજના અંતર્ગત તારીખ ૩૧–૦૧–૨૦૧૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મળેલ અરજીઓ તથા તે પૈકી આપવામાં આવેલ વીજ જોડાણોની વર્ષવાર માહિતી નીચે મુજબ છે.

| જિલ્લો | વર્ષ ૨૦૧૧–૧૨ | | વર્ષ ૨૦૧૨–૧૩ (તારીખ ૩૧–૦૧–૨૦૧૩ની સ્થિતિએ) | |
|---|---|---|---|---|
| | મળેલ અરજીઓ | આપવામાં આવેલ વીજ જોડાણો | મળેલ અરજીઓ | આપવામાં આવેલ વીજ જોડાણો |
| રાજકોટ | ૧૮૨૨ | ૧૭૭૨ | ૪૯૫૨ | ૪૩૩૪ |
| કચ્છ | ૮૮૪ | ૮૮૪ | ૧૦૧૩ | ૧૦૦૭ |

ઝૂંપડા વીજળીકરણ માટે મળેલ અરજીઓની મોજણી દરમ્યાન અરજદારોના મકાન ન હોય, મકાન પાકા હોય, વીજ જોડાણ ચાલુ હોય, પાછલા બીલની રકમ ભરપાઈ ન કરેલ હોય, અરજદારે જરૂરી દસ્તાવેજો પૂરા પાડેલ ન હોય, યાદીમાં અને અસલમાં નામો જુદા હોય અથવા ખેતરમાં ઝૂંપડું હોય વગેરે કારણોસર અરજીઓ રદ કરવામાં આવે છે. તદ્અનુસાર રાજકોટ જિલ્લામાં ૬૬૮ અરજીઓ રદ થયેલ છે. જયારે કચ્છ જિલ્લામાં એક પણ અરજી રદ થયેલ નથી.

(૩) શક્ય તેટલા ઝડપથી વીજ જોડાણ આપવામાં આવશે.

---------

**પવન ઉર્જાની સ્થાપિત ક્ષમતા**

૧૯૬૩ **શ્રી રમેશભાઇ વ. મહેશ્વરી(ગાંધીધામ) : માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ રાજયની પવન ઊર્જાથી સ્થાપિત વીજ ઉત્પાદન ક્ષમતા કેટલી છે, અને

(૨) નાણાકીય વર્ષ–૨૦૧૩–૨૦૧૪માં તેમાં કેટલો વધારો કરવાનું આયોજન છે ?

**જવાબ**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ રાજયની પવન ઊર્જાથી સ્થાપિત વીજ ઉત્પાદન ક્ષમતા ૩૦૦૯.૯૦ મેગાવોટ છે.

(૨) નાણાકીય વર્ષ ૨૦૧૩–૨૦૧૪માં આશરે ૫૦૦ મે.વો.ની ક્ષમતાનો વધારો કરવાનું આયોજન છે.

---------

**વડોદરા જિલ્લામાં નિરાધાર વૃધ્ધ સહાયની અરજીઓ**

૧૯૮૨ **શ્રી જયંતિભાઇ સ. રાઠવા(જેતપુર) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** — **જવાબ**

(૧) વડોદરા જિલ્લામાં નિરાધાર વૃધ્ધ સહાય યોજના અન્વયે તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલી અરજીઓ મળેલ છે, — (૧) ૬૭૫

(૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવેલ — (૨) ૨૮૧

છે, અને

(૩) કેટલી સહાય ચૂકવવામાં આવી ? | (૩) રૂ. ૪,૪૦,૦૫૦/-.

---------

**પંચમહાલ જિલ્લામાં લીઝ ધારકો સામે ગેરરીતિ**

૧૬૫૫ **શ્રી સી. કે. રાઉલજી(ગોધરા) : માનનીય ખાણ ખનિજ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૧૨ની સ્થિતિએ પંચમહાલ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કયા પ્રકારની જમીનોમાં, કેવા પ્રકારના, કેટલા ટન ઉત્ખનન માટેની લીઝો મંજૂર કરવામાં આવી, | (૧) (૧) વર્ષ ૨૦૧૧માં મુખ્ય ખનિજમાં સરકારી જમીનમાં એક(૧) લીઝ ૪,૪૬,૧૭૦ મે. ટન ઉત્ખનન માટે મંજૂર કરવામાં આવેલ છે. તથા વર્ષ ૨૦૧૨માં કોઈ લીઝ મંજૂર કરવામાં આવેલ નથી.<br>(૨) વર્ષ ૨૦૧૧માં ગૌણ ખનીજમાં ખાનગી જમીનમાં ચાર(૪) તથા સરકારી જમીનમાં અઢાર(૧૮) ક્વોરી લીઝ મળીને કુલ બાવીસ(૨૨) ક્વોરી લીઝ ૩૯,૭૮,૯૦૦ મે. ટન ઉત્ખનન માટે તથા વર્ષ ૨૦૧૨માં સરકારી જમીનમાં બાવીસ (૨૨) ક્વોરી લીઝ ૧૧,૫૩,૮૦૦ મે. ટન ઉત્ખનન માટે મંજૂર કરવામાં આવેલ છે. |
| (૨) આવી લીઝો મંજૂર થયા પછી વર્ષવાર કેટલી વખત સ્થળ તપાસ કરવામાં આવી અને સ્થળ તપાસ વખતે કેટલા લીઝ ધારકો સામે ગેરરીતિ સામે આવી, અને | (૨) વર્ષ ૨૦૧૧માં કોઈ લીઝની સ્થળ તપાસ કરવામાં આવેલ નથી.<br>(૨) વર્ષ ૨૦૧૨ માં નવ(૯) લીઝની સ્થળ તપાસ કરવામાં આવેલ, જેમાં લીઝધારકો સામે કોઈ ગેરરીતિ સામે આવેલ નથી. |
| (૩) આવી ગેરરીતિઓ આચરનાર લીઝ ધારકો સામે શી કાર્યવાહી કરવામાં આવી ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી |

---------

**અમદાવાદ જિલ્લામાં આવેલ ઔદ્યોગિક એકમોમાં સ્થાનિકોને રોજગારી બાબત**

૨૪૫૩ **શ્રી શૈલેષ મ. પરમાર(દાણીલીમડા) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અમદાવાદ જિલ્લામાં આવેલ ઔદ્યોગિક એકમોમાં તા. ૩૧-૧૨-૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા સ્થાનિક લોકોને રોજગારી આપવામાં આવી, અને | (૧) તા. ૩૧-૧૨-૨૦૧૧ની સ્થિતિએ ૪૪૪૩૨<br>તા. ૩૧-૧૨-૨૦૧૨ની સ્થિતિએ ૫૧૭૧૭ |
| (૨) કયા કયા ઔદ્યોગિક એકમોએ સ્થાનિક લોકોને રોજગારી આપવામાં સરકારી પરિપત્રનો ભંગ કરેલ છે ? | (૨) કેન્દ્ર સરકાર હસ્તકના જાહેર સાહસો :<br>(૧) રાષ્ટ્રીય કેમિકલ્સ એન્ડ ફર્ટીલાઈઝર લી. અમદાવાદ<br>(૨) સેન્ટ્રલ વેરહાઉસીંગ કોર્પોરેશન, અમદાવાદ<br>(૩) ભારતીય કપાસ નિગમ લી, અમદાવાદ<br>(૪) નેશનલ હોલ્ટ્રીકલ્ચર બોર્ડ આંબાવાડી, અમદાવાદ<br>(૫) એરપોર્ટ ઓથોરીટી ઓફ ઈન્ડિયા, અમદાવાદ<br>(૬) ધી સ્ટેટ ટ્રેડીંગ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા |

લી. અમદાવાદ
(૭) સ્ટીલ ઓથોરીટી ઓફ ઈન્ડિયા લી. અમદાવાદ
(૮) મેટલ એન્ડ મીનરલ ટ્રેડીંગ કોર્પોરેશન લી. (એમ.એમ.ટી.સી.), આશ્રમ રોડ, અમદાવાદ
(૯) નેશનલ સીડસ કોર્પોરેશન લી. અમદાવાદ
(૧૦) કોલ ઈન્ડીયા લી., આશ્રમ રોડ, અમદાવાદ
(૧૧) ઓઈલ એન્ડ નેચરલ ગેસ કોર્પોરેશન લી. ચાંદખેડા, અમદાવાદ
(૧૨) ઓઈલ એન્ડ નેચરલ ગેસ કોર્પોરેશન લી. ઈન્સ્ટીટ્યુટ ઓફ રેસીવોર સ્ટડીઝ, ચાંદખેડા

**ખાનગી ક્ષેત્રના ઉત્પાદનલક્ષી એકમો :**
(૧૩) ડાયમંડ ટેક્ષટાઈલ મીલ પ્રા. લી. નિકોલ
(૧૪) જેએચટી પાવર એન્જીનીયરીંગ પ્રા.લી. મૌરૈયા તા. સાણંદ
(૧૫) મેકફાર્માસ્યુટીકલ એન્ડ કેમીકલ્સ પ્રા. લી. ઈયાવા, તા. સાણંદ
(૧૬) એસકેએફ ટેકનોલોજીસ ઈન્ડીયા પ્રા.લી. કેરાલા, તા. બાવળા
(૧૭) સ્વસ્તિક ટેક્ષટાઈલ એન્જીનીયરીંગ પ્રા.લી, અમરાઈવાડી, અમદાવાદ
(૧૮) ઈન્ડો કોલકેમ લી. જી.આઈ.ડી.સી. વટવા
(૧૯) ટી– મેટલ ફોર્મીનીંગ, નોર્થકોર્ટપુરા તા. સાણંદ
(૨૦) જય ઈન્ડસ્ટ્રીઝ, રખીયાલ, અમદાવાદ
(૨૧) ટાટા ઓટોકોમ્પ સીસ્ટમ લી. નોર્થકોર્ટપુરા તા. સાણંદ, જી. અમદાવાદ.
(૨૨) જૈનિક ઈન્ડસ્ટ્રીઝ, વટવા, અમદાવાદ
(૨૩) ધારીયાલ પોલીમર્સ પ્રા. લી., નારોલ
(૨૪) કોનોકોર્ડ બાયોટેક લી. ધોળકા
(૨૫) કોમ્પ–વેક ટેકનોલોજી પ્રા.લી. નારોલ રોડ, અમદાવાદ
(૨૬) ઝાયડ્સ ટેકનોલોજીસ લી., મટોડા, તા. સાણંદ
(૨૭) ટાટા મોટર્સ લી., નોર્થ કોર્ટપુરા, તા.સાણંદ
(૨૮) જી પંપ, જીઆઈડીસી ઓઢવ,

અમદાવાદ

(૨૯) રોહન ડાઇસ એન્ડ ઈન્ટરમીડીયેટ લી. વટવા

(૩૦) ગુજરાત ટેકનોકાસ્ટીંગ પ્રા.લી., નરોડા.

---------

### સુરત જિલ્લામાં વિવેકાધીન જોગવાઈ હેઠળ ફાળવણી

૧૯૩૭ **શ્રી મોહનભાઇ ધ. ઢોડીયા(મહુવા) : માનનીય આયોજન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) વર્ષ ૨૦૧૦–૧૧ અને ૨૦૧૧–૧૨ દરમિયાન વિવેકાધીન જોગવાઈ હેઠળ સુરત જિલ્લામાં કેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવી,

(૨) આ કાર્યક્રમ હેઠળ વર્ષ ૨૦૧૦–૧૧ અને વર્ષ ૨૦૧૧–૧૨ દરમિયાન વિવેકાધીન જોગવાઈ સામે ફાળવવામાં આવેલ ગ્રાન્ટ પૈકી કેટલી રકમનો ખર્ચ થયેલ છે, અને

(૩) આ ફાળવેલ ગ્રાન્ટ સામે કેટલાં કામો મંજૂર થયેલ છે અને કેટલાં કામો પૂર્ણ થયેલ છે ?

**જવાબ**

(૧) અને (૨)

વર્ષ ૨૦૧૦–૧૧ અને ૨૦૧૧–૧૨ દરમિયાન સરકાર દ્વારા વિવેકાધીન જોગવાઈ હેઠળ સુરત જિલ્લામાં ફાળવેલ ગ્રાન્ટ અને થયેલ ખર્ચ અંગેની વિગતો નીચે મુજબ છે.

(રૂ઼ા. લાખમાં)

| ક્રમ | વર્ષ | ફાળવેલ ગ્રાન્ટ | થયેલ ખર્ચ |
|---|---|---|---|
| ૧ | ૨૦૧૦–૧૧ | ૧૧૨૫.૦૦ | ૧૦૬૮.૦૨ |
| ૨ | ૨૦૧૧–૧૨ | ૧૩૨૫.૦૦ | ૯૮૪.૫૨ |

(૩) વર્ષ ૨૦૧૦–૧૧ અને વર્ષ ૨૦૧૧–૧૨ દરમિયાન સુરત જિલ્લામાં વિવેકાધીન જોગવાઈ હેઠળ મંજૂર કરેલ કામો અને પૂર્ણ થયેલ કામો અંગેની વિગતો નીચે મુજબ છે.

| ક્રમ | વર્ષ | મંજૂર થયેલ કામો | પૂર્ણ થયેલ કામો |
|---|---|---|---|
| ૧ | ૨૦૧૦–૧૧ | ૯૪૭ | ૯૧૯ |
| ૨ | ૨૦૧૧–૧૨ | ૮૪૫ | ૭૧૩ |

---------

### સંરક્ષણ દળમાં ગુજરાતના યુવાનોની પસંદગી

૧૯૪૪ **શ્રી રણજીતભાઇ મં. ગીલીટવાલા(સુરત–પૂર્વ) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

નાણાકીય વર્ષ ૨૦૧૦–૧૧ તથા ૨૦૧૧–૧૨માં સંરક્ષણ દળોની ભરતીમાં ગુજરાતના કેટલા યુવાનો પસંદગી પામ્યા છે?

**જવાબ**

| નાણાકીય વર્ષ | પસંદગી પામેલ યુવાનો |
|---|---|
| ૨૦૧૦–૧૧ | ૧૮૬૯ |
| ૨૦૧૧–૧૨ | ૨૭૭૫ |
| કુલ | ૪૬૪૪ |

---------

### રાજ્યની સ્થાપિત વીજ ઉત્પાદન ક્ષમતા

૧૯૫૪ **શ્રી જીતેન્દ્રભાઇ સ. વાઘાણી(ભાવનગર પશ્ચિમ) : માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તારીખ ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ રાજ્યની કુલ સ્થાપિત વીજ ઉત્પાદન ક્ષમતા કેટલી હતી,

(૨) નાણાંકીય વર્ષ ૨૦૧૨–૧૩ દરમ્યાન તેમાં કેટલો વધારો કરવાનું આયોજન હતું, અને

**જવાબ**

(૧) તારીખ ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ રાજ્યની કુલ વીજ સ્થાપિત ક્ષમતા નીચે દર્શાવ્યા મુજબ છે.

| | |
|---|---|
| (૧) પરંપરાગત સ્ત્રોત | ૧૬૮૦૮ મેગાવોટ |
| (૨)બિન પરંપરાગત સ્ત્રોત | ૩૮૭૩ મેગાવોટ |
| કુલ | ૨૦,૬૮૧ મેગાવોટ |

(૨) નાણાંકીય વર્ષ ૨૦૧૨–૧૩ દરમ્યાન રાજ્યની વીજ ક્ષમતામાં ૩૩૧૪ મેગા વોટનો વધારો કરવાનું આયોજન

હતું.

(૩) તે પૈકી ડીસેમ્બર–૨૦૧૨ની સ્થિતિએ તેમાં કેટલો વધારો થયો?

(૩) તે પૈકી ડીસેમ્બર–૨૦૧૨ની સ્થિતિએ ઉક્ત આયોજન પૈકી ૧૫૦૨ મે.વો.નો વધારો થયેલ છે.

---------

**ભરૂચ જિલ્લામાં સત્યવાદી રાજા હરીશચન્દ્ર મરણોત્તર સહાય યોજનાની અરજીઓ**

૧૯૦૮ **શ્રી ઇશ્વરસિંહ ઠા. પટેલ(અંકલેશ્વર) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) ભરૂચ જિલ્લામાં સત્યવાદી રાજા હરીશચન્દ્ર મરણોત્તર સહાય યોજના હેઠળ તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં તાલુકાવાર કેટલી અરજીઓ મળી,

(૧)

| ક્રમ | તાલુકો | મળેલ અરજીઓ |
|---|---|---|
| ૧ | ભરૂચ | ૧૧ |
| ૨ | અંકલેશ્વર | ૦૧ |
| ૩ | વાગરા | ૦૨ |
| ૪ | હાંસોટ | ૦૦ |
| ૫ | આમોદ | ૦૭ |
| ૬ | જંબુસર | ૨૪ |
| ૭ | ઝઘડીયા | ૦૫ |
| ૮ | વાલીયા | ૦૧ |
| | **કુલ** | **૫૧** |

(૨) તે પૈકી કેટલી મંજૂર કરી, કેટલી સહાય ચૂકવી,

(૨)

| ક્રમ | તાલુકો | મંજૂર કરેલ અરજીઓ | ચૂકવેલ સહાય (રૂપિયામાં) |
|---|---|---|---|
| ૧ | ભરૂચ | ૧૧ | ૨૭૫૦૦ |
| ૨ | અંકલેશ્વર | ૦૧ | ૨૫૦૦ |
| **૧** | **૨** | **૩** | **૪** |
| ૩ | વાગરા | ૦૨ | ૫૦૦૦ |
| ૪ | હાંસોટ | ૦૦ | ૦૦ |
| ૫ | આમોદ | ૦૭ | ૧૭૫૦૦ |
| ૬ | જંબુસર | ૨૪ | ૬૦૦૦૦ |
| ૭ | ઝઘડીયા | ૦૫ | ૧૨૫૦૦ |
| ૮ | વાલીયા | ૦૧ | ૨૫૦૦ |
| | **કુલ** | **૫૧** | **૧૨૭૫૦૦** |

(૩) કેટલી પડતર છે, અને

(૩) શૂન્ય.

(૪) પડતર અરજીઓ ક્યારે મંજૂર કરવામાં આવશે?

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**વીજ ઉત્પાદન કરતા એકમો બંધ પડવા બાબત**

૯૦૪ **શ્રી ગ્યાસુદ્દીન હ. શેખ(દરીયાપુર) : માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ રાજ્યમાં છેલ્લા બે વર્ષમાં વીજ ઉત્પાદન કરતા કયા કયા વીજ મથકોના ક્યારે અને કેટલાં યુનિટો બંધ પડ્યા હતા છે, અને

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્ય સરકાર હસ્તકના તથા ખાનગી વીજ ઉત્પાદન કંપનીના વીજ મથકો વાર્ષિક સમારકામ તથા યુનિટોમાં તાંત્રિક ખામી ઉભી થવાના તેમજ ડોમેસ્ટીક ગેસ પૂરતો ન હોવાના કારણે બંધ રહેલા હતા. જેની વિગતો **પત્રક અ** મુજબ છે.

**પત્રક અ**

**તારીખ ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્ય સરકાર હસ્તકના તથા ખાનગી વીજ ઉત્પાદન કંપનીના વીજ મથકો બંધ રહેલા તેની વિગતો દર્શાવતું પત્રક**

| વીજમથકનું નામ | બંધ યુનિટના નંબર | કુલ બંધ યુનિટની સંખ્યા | યુનિટ બંધ થયાની તારીખ |
|---|---|---|---|
| વણાકબોરી | ૨ | એક | ૪.૧૦.૨૦૧૨ |
| ગાંધીનગર | ૧,૨,૪ | ત્રણ | ૧.૧૧.૨૦૧૨, ૧.૧૧.૨૦૧૨, ૩૦.૧૨.૨૦૧૨ |
| ઉકાઈ | ૧ | એક | ૨૭.૧૨.૨૦૨ |
| ઉતરાણ સ્ટેજ–૧ | જીટી–૩ | એક | ૨૫.૧૨.૨૦૧૨ |
| ઉતરાણ સ્ટેજ–૨ | જીટી–૪ તથા એસટીજી | એક | ૧૦.૧૧.૨૦૧૨ |
| પાનેન્દ્રો | ૩ | એક | ૨૮.૧૨.૨૦૧૨ |
| ધુવારણ સ્ટેજ–૧ | જીટી–૨ તથા એસટીજી | એક | ૩૦.૧૨.૨૦૧૨ |
| સુજેન | ૧,૩ | બે | ૨૮.૦૯.૨૦૧૨, ૦૧.૧૧.૨૦૧૨ |
| એસ્સાર | ૧,૩ | બે | ૨૫.૧૦.૨૦૧૨, ૧૯.૧૨.૨૦૧૨ |
| સીએલપીઆઈ | જીટી–૧, જીટી–૨, જીટી–૩ તથા એસટીજી | ત્રણ | ૩૧.૧૦.૨૦૧૨, ૩૧.૧૨.૨૦૧૨, ૩૦.૧૧.૨૦૧૨ |
| એ ઈ કંપની | જીટી–૧, જીટી–૨ તથા એસટીજી, એફ | ત્રણ | ૨૯.૧૧.૨૦૧૨, ૨૦.૧૨.૨૦૧૨, ૩૦.૧૧.૨૦૧૨ |
| અદાણી | ૧, ૫ | બે | ૩૧.૧૨.૨૦૧૨, ૨૦.૧૨.૨૦૧૨ |
| અકરીમોટા | ૨ | એક | ૨૪.૧૨.૨૦૧૨ |
| જીઆઈપીસીએલ સ્ટેજ–૨ | જીટી–૪ તથા એસટીજી | એક | ૨૮.૧૨૨૦૨ |

(૨) આ વીજ ખાધ પૂરી કરવા સરકારે કયા કયા દરે કેટલો વીજ જથ્થો બહારથી ખરીદ્યો અને કેટલા ભાવે ?

(૨) રાજ્યની વીજ ઉત્પાદન ક્ષમતા રાજ્યની વીજ માંગ કરતાં વધારે હોઈ, વીજ મથકો બંધ રહેવા છતાં કોઈ ખાધ રહેતી નથી, જેથી બહારથી વીજ ખરીદવાની જરૂરિયાત રહેતી નથી.

---------

**ખેડૂતોને વીજબીલમાં સબસીડી**

૧૯૬૮ **શ્રી શામજીભાઇ ભી. ચૌહાણ(ચોટીલા) : માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) રાજ્ય સરકાર દ્વારા કૃષિ વિષયક વીજ જોડાણ ધરાવતા ખેડૂતોને વીજ બીલમાં કોઈ રાહત આપવામાં આવે છે કે કેમ, અને

(૧) હા જી, નામદાર વીજ નિયમન પંચ દ્વારા મંજુર થયેલ કૃષિ વિષયક વીજ દરનો સંપૂર્ણ બોજો ખેડૂતો પર નાખવામાં આવતો નથી પરંતુ, નક્કી કરેલ વીજ દરો કરતાં ઘણા ઓછા દરે ખેડૂતોને વીજળી આપવામાં આવે છે; અને આ નિર્ણયના અમલીકરણને કારણે મહેસૂલી આવકના

નુકશાન માટે વીજ કંપનીઓને સહાયકી આપવામાં આવે છે. હોર્સપાવર આધારિત વીજ ગ્રાહકો માટે નામદાર આયોગે તારીખ ૦૬-૦૯-૨૦૧૧ના ટેરીફ ઓર્ડર મુજબ રૂપિયા ૨૧૦૦ પ્રતિ હોર્સપાવર પ્રતિ વર્ષ નક્કી કરેલ છે. પરંતુ સરકારે નક્કી કરેલ નિતી મુજબ કૃષિ વિષયક ગ્રાહકો પાસેથી રૂા. ૬૬૫/- પ્રતિ હોર્સપાવર પ્રતિ વર્ષ ૭.૫ હોર્સ પાવર સુધી અને રૂા. ૮૦૭.૫૦ પૈસા પ્રતિ હોર્સ પાવર પ્રતિ વર્ષ ૭.૫ હોર્સ પાવરથી વધુ માટે મેળવવામાં આવે છે. બાકીની રકમ સરકાર સબસીડીના સ્વરૂપે ભોગવે છે. આ ઉપરાંત મીટર આધારિત ગ્રાહકો પાસેથી રૂા. ૧૦/- પ્રતિ હોર્સ પાવર પ્રતિ માસ ફીક્ષ ચાર્જ તથા રૂા. ૦.૫૦ પ્રતિ યુનિટ વીજ દર મેળવવામાં આવે છે. આ ઉપરાંત, વીજ ઉત્પાદન માટે વપરાશમાં લેવાતા કોલસો, ગેસ, ઓઈલ, નેપ્થા જેવા બળતણમાં કેન્દ્ર સરકાર દ્વારા કરવામાં આવતા ભાવ વધારાને કારણે વીજ કંપનીઓને થતા વધારાના ખર્ચને પહોંચી વળવા માટે વીજ ગ્રાહકો પાસેથી નામદાર ગુજરાત વીજ નિયમન આયોગની ફોર્મ્યુલા મુજબ ફ્યુઅલ સરચાર્જની વસુલાત કરવાની થાય છે. ખેડૂતોના કિસ્સામાં ફ્યુઅલ સરચાર્જ તેમની પાસેથી વસૂલ ન કરવાનો સરકારે નિર્ણય લીધેલ હોઈ, તે અંગેની રકમ પણ સહાયકી તરીકે વીજ કંપનીઓને ચૂકવવામાં આવે છે.

આ ઉપરાંત તા. ૧-૧૦-૨૦૧૨ના ઠરાવથી સરકારે લીધેલ નિર્ણય મુજબ, ખેડૂતોને તેમના વીજ વપરાશના બિલમાં એક વર્ષ માટે ૫૦% રાહત આપવાનો સરકારે નિર્ણય લીધેલ છે.

(૨) જો હા, તો તા. ૩૧મી ડીસેમ્બર, ૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા બે નાણાકીય વર્ષમાં કેટલી સબસીડી આપવામાં આવી ?

(૨) આ અંગેના હિસાબો નાણાકીય વર્ષમાં જાળવવામાં આવતા હોઈ, ડીસેમ્બર-૨૦૧૨ સ્થિતિએ છેલ્લા બે નાણાકીય વર્ષ દરમ્યાન ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લી. ને આપવામાં આવેલી સબસીડી તથા કૃષિ વિષયક વીજ ગ્રાહકોની વિગતો **પત્રક અ** માં સામેલ છે.

એચબી-૭૩૧-૫

**પત્રક- અ**

**છેલ્લા બે નાણાકીય વર્ષ દરમ્યાન રાજ્ય સરકાર દ્વારા ખેડૂતોને આપવામાં આવેલી રાહત તથા વીજ ગ્રાહકોની સંખ્યાની વિગતો દર્શાવતું પત્રક**

**રૂા. કરોડમાં**

| અનુ. | વિગત | ૨૦૧૧-૧૨ | ૨૦૧૨-૧૩ ડીસે.-૨૦૧૨ સુધી |
|---|---|---|---|
| ૧ | હોર્સપાવર આધારિત વીજ દરો માટે સહાયકી - GUVNL | ૧૧૦૦.૦૦ | ૮૨૫.૦૦ |
| ૧-એ | હોર્સપાવર આધારિત વીજ દરો માટે સહાયકી- | ૨.૨૦ | -- |

| | | | |
|---|---|---|---|
| | Torrent Power Limited | | |
| ૨ | જીઇઆરસી પ્રશુલ્કમાં રાહત માટે સહાયકી | ૮૩૦.૦૦ | ૬૦૦.૦૦ |
| ૩ | બળતણ ખરીદી તથા વીજળી ખરીદી માટે સહાયકી | ૯૬૨.૦૦ | ૬૦૦.૦૦ |
| ૪ | ૫૦% વીજ બીલમાં રાહત (એપ્રિલ ૨૦૧૨ થી ડીસેમ્બર-૨૦૧૨) | -- | ૨૨૭.૦૦ |
| | **કુલ** | **૨,૮૯૪.૨૦** | **૨૨૫૨.૦૦** |
| ૫ | સબસીડીનો લાભ મેળવનાર કૃષિ વિષયક વીજ ગ્રાહકોની સંખ્યા | ૯,૦૨,૮૧૫ | ૯,૬૬,૨૮૯ |

---------

**આણંદ જિલ્લા આયોજન કચેરીનું મંજૂર થયેલું મહેકમ**

૧૮૭ **શ્રી અમીત ચાવડા(આંકલાવ) : માનનીય આયોજન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૨ની સ્થિતિએ આણંદ જિલ્લા આયોજન કચેરીમાં સંવર્ગવાર મંજૂર મહેકમ કેટલું છે,

(૨) ઉક્ત સ્થિતિએ કેટલી જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે, અને

(૩) કેટલા સમયમાં ખાલી જગ્યાઓ ભરવાનું આયોજન છે?

**જવાબ**

(૧) આણંદ જિલ્લા આયોજન કચેરીમાં તા. ૩૧-૧૨-૨૦૧૨ની સ્થિતિએ સંવર્ગવાર મંજૂર મહેકમ નીચે મુજબ છે.

| **ક્રમ** | **સંવર્ગ** | **મંજૂર મહેકમ** |
|---|---|---|
| ૧ | જિલ્લા આયોજન અધિકારી, વર્ગ-૧ | ૧ |
| ૨ | નાયબ મામલતદાર, વર્ગ-૩ | ૨ |
| ૩ | આંકડા મદદનીશ, વર્ગ-૩ | ૧ |
| ૪ | સંશોધન મદદનીશ, વર્ગ-૩ | ૧ |
| ૫ | નાયબ હિસાબનીશ, વર્ગ-૩ | ૧ |
| ૬ | કારકુન, વર્ગ-૩ | ૧ |
| ૭ | ડ્રાઈવર, વર્ગ-૩ | ૧ |
| ૮ | પટાવાળા, વર્ગ-૪ | ૧ |
| | કુલ.. | ૯ |

(૨) તા. ૩૧-૧૨-૨૦૧૨ની સ્થિતિએ નીચે મુજબની જગ્યાઓ ખાલી હતી.

| ક્રમ | સંવર્ગ | ખાલી જગ્યાની તારીખ |
|---|---|---|
| ૧ | જિલ્લા આયોજન અધિકારી, વર્ગ-૧ | ૧૮-૦૮-૨૦૧૦ |
| ૨ | ડ્રાઈવર, વર્ગ-૩ | ૩૧-૧૨-૨૦૧૨ |

માનનીય અધ્યક્ષશ્રી, બજેટના પહેલાં ગવર્નરનું ભાષણ આવતું હોય છે. એમાંય રાજ્યપાલશ્રીના ભાષણના મુદ્દાઓ ઉપર મેં કીધેલું કે, ઘણું પુનરાર્તન, એમણે પણ એકની એક વાત કરેલી. એ જ બજેટમાં પણ ૨૦૦૭થી લગભગ પાંચ વર્ષ સુધી ઘણી વાતો એ વખતે લીધી હોય, એ ફરી પાછી આ બજેટમાં કહેવામાં આવી છે. રાજ્યપાલશ્રીના ભાષણમાં એવું એક મહત્વનું હોય છે કે, કેટલા બિલો તમે લાવવાના છો? એમાં એક જ બિલનો ઉલ્લેખ હતો, જે સિંચાઇનું. બાપદાદા વખતનું જે એકસો પાંત્રીસ વર્ષ જૂનું બિલ હતું, એ સિવાય કોઇ બિલનો ઉલ્લેખ ન હતો. ભવિષ્યમાં સરકાર આની પણ ચિંતા કરે અને એવું એક ભાષાના શબ્દો વહેતાં કરવામાં આવે છે કે, ૨૦૦૨ પહેલાં દુનિયા હતી જ નહીં, ગુજરાત હતું જ નહીં, ૨૦૦૨થી જ સરકાર શરૂ થઇ અને અમારી સરકારે જ આ બધુ કર્યું આવા એક શબ્દોની માયાજાળ અને ગુજરાતે આટલો બધો વિકાસ કર્યો જયારે બીજા કોઇ રાજ્યોએ વિકાસ કર્યો જ નથી. સાહેબ, આપણા બજેટના આંકડા કરતાં પણ અનેક રાજ્યોએ ઘણા મોટા બજેટ બનાવ્યા છે. પંચવર્ષીય યોજનાઓમાં પણ (અંતરાય)

અધ્યક્ષશ્રી : જેનાથી ન સંભળાતું હોય એ શાંતિ રાખે.

શ્રી શંકરસિંહ લ. વાઘેલા : સાહેબ, અને પંચવર્ષીય યોજના પણ ગુજરાત કરતાં બીજા રાજયોએ મોટી બનાવેલી છે. એટલે આ બધાયમાં ગુજરાત આ હબ બન્યું અને ગુજરાત તે હબ બન્યું અને કેન્દ્ર સરકાર જ અન્યાય કરે છે. એન.ડી.એ.ની સરકાર વરસી પડતી હતી ગુજરાત ઉપર અને યુ.પી.એ. સરકાર •(xxxxxx), આવું એક જાણી જોઇને ઉભુ કરવામાં આવે જે અર્ધસત્ય અથવા અસત્ય છે. હું કહીશ સાહેબ, કે, આ સરકારનું જે આ બજેટ, એમાં મોંઘવારીની વાત કરતા હતા, વેટની આવક ઉપર ગુજરાત સરકાર ચાલે છે, વેટની આવક ઉપર. ગઇ કાલે જે ભાષણ હતું. ભારતીય જનતા પાર્ટીના લોકસભાના નેતાનું, એમણે ગોવાના મુખ્યમંત્રીએ વેટ ઘટાડ્યો એને અભિનંદન આપ્યા. તમે પણ અભિનંદન લો ને, વેટ ઘટાડીને. હું તમને અભિનંદન આપીશ, ઘટાડો. આખા દેશમાં સૌથી વધારે ૨૩ ટકાનો વેટ પેટ્રોલ–ડીઝલ અને એની આવક ઉપર અને એના ઉપર તાગડધીન્ના કરવા, વાહ વાહ કરવી? તમારે મોંઘવારી ઘટાડવી હોય

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા.

તો અહીં ઘટાડો, ઘરેથી શરૂ કરો Charity begins at home. એ કર્યું હોત તો સારું હોત.

આ ૨૦૦૭ના બજેટમાં સરદાર સરોવર યોજના સાથે તમામ નહેરો સાથે પૂર્ણ કરવાનો ગોલ્ડન ગોલ. ગોલ્ડન ગોલ શું હોય એની મને ખબર નથી, તેનાથી અઢાર લાખ હેક્ટર જમીનને સિંચાઇ મળશે. આજે ૬ વર્ષ પછી પણ નહેરોનું કોઇ ઠેકાણું નથી. આજે સૌરાષ્ટ્ર, કચ્છ, ઉત્તર ગુજરાત તરસ્યું છે. એની એ જ સ્પીચ. બજેટની સ્પીચ ૨૦૦૯-૧૦ ના બજેટમાં એ જ વાત કરી કે અમે ફરી પાછા ૨૦૧૦ માં આમ કરીશું, તેમ કરીશું. એવું જ કલ્પસરનું હતું. ૨૦૦૭-૦૮ માં તમે નક્કી કરેલું. કલ્પસર યોજનાનો સરવે અંતિમ તબક્કામાં છે. ઝડપથી કામ શરૂ કરીશું ૨૦૦૭-૦૮ માં અને એવી રીતે ખેડૂતોની વાત, એક લાખ ખેડૂતોને પડતર વીજ કનેક્શનો આપીશું. તે માટે ૫૦૦ કરોડની જોગવાઇ બજેટમાં કરી છે. ૨૦૧૨-૧૩ માં કહ્યું. ફરી પાછું ૨૦૧૨-૧૩ માં સરદાર વલ્લભભાઇ પટેલનું પૂતળું સરદાર સરોવર બંધના સ્થળે મૂકવામાં ૧૦૦ કરોડનું આયોજન. વળી પાછું ભરૂચ પાસે ભાડભૂત જે કઇ એના બાંધકામ માટે નાણાકીય એના વીયરની જોગવાઇ. ગાંધીનગર, અમદાવાદને જોડતી મેટ્રો લીંક. હમણા શ્રીધર આવેલો, જે રેલવે નો, મેટ્રોનો ખાસ જાણકાર એન્જિનિયર છે. એણે કહ્યું કે આ ૧૫૦૦૦ કરોડ કરતા પણ વધારે એનું બજેટ થાય તો નવાઇ નહિ. એણે સરકારને કયાંક જવાબમાં કહ્યું કે ૨૦૨૦ માં થાય તો ઘણું. ખાલી પાટીયા ઉભા કરવાથી મેટ્રો ન થાય સાહેબ. ગાંધીનગરના સેક્ટરમાં મેટ્રો, મેટ્રો, મેટ્રો એક વર્ષથી પાટિયા પડયા છે. જે ફોર્માલિટી કરવી જોઇએ સરકારે, તે કોઇ ફોર્માલિટી કર્યા સિવાય ખાલી મેટ્રોની જાહેરાત. હું માનું કે ગાંધીનગરથી અમદાવાદ મેટ્રો થાય. બધા મેટ્રોમાં બેસે, પણ મેટ્રો માટે ફોર્માલિટી કરવી જોઇએ ભારત સરકાર સાથે કે બાકીના મંત્રાલયો સાથે એની પણ વિધિનો ક, ખ એબીસીડીમાં એ શરૂ થયો હોય તો પણ ઘણું કહેવાય. એવી રીતે દહેજ-ઘોઘા વચ્ચે રો-રો ફેરી સર્વિસ ૨૦૧૨-૧૩ ના બજેટમાં કહ્યું. ગાંધીનગરને સોલાર સિટી બનાવવી છે. એના માટે કોઇ નાણાકીય આયોજન જે કરવું જોઇએ તે નથી કર્યું. ઉત્તર ગુજરાતમાં ૨૦૧૦-૧૧ માં પાટણ, બનાસકાંઠા મહેસાણા સાડા ચાર લાખ હેકટર જમીનમાં પીયત માટે એક હજાર કરોડ, સૌરાષ્ટ્રને પાંચ લાખ હેકટરની સુવિધા માટે ૨૯૦૦ કરોડ, આજે પણ બધુ એમને એમ છે. એવા બીજા જે મુદ્દા છે સાહેબ, ગુજરાતમાં ચિલ્ડ્રન યુનિવર્સિટી, હવે કામધેનું યુનિવર્સિટી, મરીન યુનિવર્સિટી ૨૦૧૦-૧૧ માં કહેવામાં આવેલું. જળસંચય માટે ચોમાસાં પહેલાં લાખો ટેરેસ તલાવડી. સાહેબ મારી સમજણમાં નથી આવતું કે ટેરેસ તલાવડી શું હોય? ટેરેસ ઉપર તળાવ થઇ શકે કે? હું ઇચ્છું કે સરકાર જો પ્રયોગ કરે મંત્રીઓના બંગલા ઉપર તો અમે પણ જોવા આવીશું કે ટેરેસ તલાવડી બતાવો તો ખરા? (અંતરાય)

અધ્યક્ષશ્રી : ભાઇ એ પછી સમજાવજો. અત્યારે સમજાવવાની જરૂર નથી. શાંતિથી સાંભળો.

શ્રી શંકરસિંહ લ. વાઘેલા : પ્રવચન કરાયું. રામ અને હનુમાન સાથે સંકળાયેલા છે, ત્યાં રામ હનુમાન પથ માટે દસ હજાર કરોડ ૨૦૧૦-૧૧ માં કહેલા. એવું સાહેબ એક વિરાટ સંત નગરી માટે દસ કરોડ, કયાં સંત મહા સદીના શ્રેષ્ઠ સંતોના ઉપદેશ. કયાં સંતનગરી? સંત નગરી એ મારી સમજણ બહારનું છે. આવા બધા શબ્દો જેનો કોઇ બહુ મતલબ નથી. ગુજરાતને મતલબ છે ભાજપની સરકાર જે મોંઘવારીની વાત કરે છે તેના ઉપર આવીશ કે કેટલો વેટ લઇને સરકાર આવકના સરવૈયા બતાવે છે. ભ્રષ્ટાચાર જેનાથી સી.એ.જી.નો રિપોર્ટ હમણાં મૂકાયો, તે પણ અંગ્રેજીમાં, ગુજરાતીમાં નથી મૂકાયો. પી.એ.સી.નો રિપોર્ટ મૂકવામાં પણ તકલીફ. * (xxxxxx) (અંતરાય)

અધ્યક્ષશ્રી : આ સબજ્યુડીશ મેટર છે. એક મિનિટ. લોકાયુકતની નિમણૂક માટેના શબ્દો આપણે કાઢી નાખીએ છીએ.(અંતરાય) મેટર સબજ્યુડીશ હોય એ ન બોલાય. નિરંજનભાઇ.

શ્રી શંકરસિંહ લ. વાઘેલા : મારું આટલું જ કહેવું છે કે તમે..

અધ્યક્ષશ્રી : એક જ મિનિટ..

શ્રી નીતિનભાઇ ર. પટેલ : સાહેબ મારો પોઇન્ટ ઓફ ઓર્ડર છે.

* આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી કાઢી નાખવામાં આવ્યા.

અધ્યક્ષશ્રી : મેટર સબજ્યુડીશ હતી. આની નિમણૂક થઇ ગઇ છે.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી લોકાયુક્તની નિમણૂક થઇ ચૂકી છે. સરકારે આમંત્રણ આપ્યુ છે. માનનીય લોકાયુક્તશ્રીએ હજુ ચાર્જ લીધો નથી, તે ધ્યાનમાં હોવું જોઇએ.

શ્રી શંકરસિંહ લ. વાઘેલા : રિવ્યુ પિટિશનમાં કોણ ગયું છે. હું ગયો છું રિવ્યુ પિટિશનમાં?

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : કાયદાની જોગવાઇ મુજબ કોઇપણ નીચલી કોર્ટમાંથી ઉપલી કોર્ટમાં અપીલ કરવાનો કોઇપણને લોકશાહીમાં અધિકાર છે. એ અધિકારના ભાગ રૂપે..(અંતરાય)

અધ્યક્ષશ્રી : કોઇ ના નથી પાડતું. માનનીય ભુપેન્દ્રસિંહ બેસો. આની ચર્ચાનો કોઇ અર્થ નથી. શબ્દો કાઢી નાખ્યા છે. લોકાયુક્ત માટેની બીજી વાત કરવા દો એમને. એમને અડધી કલાક મળી છે.

શ્રી શંકરસિંહ લ. વાઘેલા : માનનીય અધ્યક્ષશ્રી, પ્રજાના કરોડો રૂપિયા વકીલોની ફીમાં જાય છે અને અહીં છુપાવવાનું હોય તેવી બૂ આવે છે. આપણે જો કંઇ છૂપાવવાનું ન હોય તો બધુ વેલકમ કરવું જોઇતું હતું ધેટ્સ ઓલ. રાજય સરકારની કર આવકમાં જંગી વધારો છતાં આપણું દેવું વધ્યું. વેરાની આવક ૨૦૦૬–૦૭માં ૧૮૪૬૫ કરોડની હતી તે ૨૦૧૩–૧૪ માં ૬૦૨૦૮ કરોડ અંદાજાઇ છે. સાત વર્ષમાં સવા ત્રણસો ટકાનો વધારો. સરકારનું દેવું જે ૨૦૦૫–૦૬માં ૬૬ હજાર કરોડ હતું તે ૨૦૧૩–૧૪ માં ૧ લાખ ૫૮ હજાર ૭૭૦ કરોડ. કલ્પના બહારનું દેવું. તે કયું સુશાસન? બસો ટકા, સવા બસો ટકા કરતાં વધારે વધારો દેવામાં થયો છે. હું માનું ત્યાં સુધી આ દેવું કેટલી હદ સુધી વધવાનું છે? ૨૦૧૪–૧૫ અને ૨૦૧૫–૧૬માં તો કદાચ ૨ લાખ ને ૭ હજાર કરોડ કરતાં વધારે, સરકારે તેના માટે ૨૬ હજાર કરોડ રૂપિયા તમારે લોન લેવી પડે છે. ૨૬ હજાર કરોડમાંથી ૧૩–૧૪ હજાર કરોડ રૂપિયા જૂના દેવા પેટે વ્યાજ અને મૂડી પેટે લગભગ ૬–૭ હજાર કરોડની જે વ્યવસ્થા એટલે એક ગુજરાતના નાગિરકે આના લગભગ ૨૦ હજાર કરોડ રૂપિયા, ૨૫ હજાર કરોડ દેવું લીધુ તેના વ્યાજ પેટે અને મૂડી પેટે આમને આમ ચાલશે તો દેવું લઇને દેવું ચૂકવીએ તો પણ આનો અંત નહીં આવે એટલી હદ સુધી ગુજરાત સરકાર દેવામાં આગળ વધી છે. ગુજરાતનો એક નાગરિક ૩૪૪૪૪ રૂપિયાનો દેવાદાર છે. રાજયના બાકી વેરા સરકાર ઉઘરાવતી નથી. તેમાં એસ્સાર બેસ્સારનું ઘણું બધું છે. તેવા ૧૩,૫૪૪ કરોડના વેરા ૨૦૧૨ના રોજ ઉઘરાવવાના બાકી છે. જો આ દસ વર્ષ દરમ્યાન એકપણ નવો વેરો ન નાંખ્યો હોત તોયે આટલામાં ચાલી રહ્યું હોત. જો આ જૂના પૈસા ખાલી ઉઘરાવ્યા હોત તો કદાચ આ દસ વર્ષમાં કદાચ નવા વેરા નાંખવા ન પડત. ૪૯૫૫ કરોડની ઉઘરાણી તો બિન વિવાદીત છે. તે ધારે ત્યારે ઉઘરાવી શકે. તેના કેસ પણ અદાલતમાં નથી. સરકાર છે તેને ઠીક લાગે તે પ્રમાણે પોતાનો કાર્યક્ષમ વહીવટ છે તે આ બહાને સાબિત થાય તો સારું. કેન્દ્ર પાસેથી મળતું અનુદાન લગભગ બમણું થયું છે. હું કેન્દ્ર સરકારને કોઇ પોલિટિકલ પાર્ટીની ગવર્નમેન્ટ છે તેવું માનતો નથી. યુપીએ હોય યા એનડીએ હોય. બ્યુરોક્રેટ્સે જે વિશેષ સ્ટેન્ડર્ડસ બનાવ્યા હોય છે તે પ્રમાણે એલોકેશન થતું હોય છે. પછી તે ઇન્કમટેક્સની હોય, બાકીના બધાની વિધિ હોય, તે તમામ વિધિમાં હું માનું છું ત્યાં સુધી ભારત સરકાર રાજય સરકારોને નાણાં પંચની ભલામણ પ્રમાણે અનુદાન આપતી હોય છે. કેન્દ્ર સરકાર જે બિનશરતી અનુદાન આપે છે તેમાં ૨૦૦૬–૦૭માં લગભગ ૪૪૨૬ કરોડ હતું તે ૨૦૧૩–૧૪માં ૧૦ હજાર કરોડ અંદાજવામાં આવી છે. તે છેલ્લા સાત વર્ષમાં સવા બસો ટકા કરતાં વધી છે. તેમાં ગુજરાતને અન્યાય થાય છે, તમને કઇ રીતે અન્યાય થાય છે? સવા બસો ટકા વધારે કેન્દ્રએ તમને આટલી મદદ કરી હોય તો. સાહેબ, અનુદાન માટેની અન્ય યોજનાઓ છે. સો કરતાં વધારે યોજનાઓ હશે. હું બહુ વિગતમાં તેમાં જવા નથી માગતો. પરંતુ જે વેરાની આવક વધે, દેવું વધે અને ખાધ પણ વધે છે. આ સરકાર દરવર્ષે પુરાંતવાળા બજેટ, મારા ખ્યાલથી આ વર્ષે, ગયા વર્ષે અને જેવું વર્ષ પૂરૂં થાય એટલે પછી ડેફીસીએટ ફાઇનાન્સ. ૨૦૦૪માં જે ફીસ્કલ ડેફીસીટ હતી ૮૯૯૧. ૨૦૧૦–૧૧માં ૧૫ હજાર કરોડ, ૨૦૧૧–૧૨માં ૧૧ હજાર કરોડ, ૨૦૧૨–૧૩માં સુધારેલો અંદાજ ૧૮ હજાર કરોડ અને ૨૦૧૩–૧૪માં સુધારેલો અંદાજ ૨૦ હજાર કરોડ, ૨૦૧૪–૧૫માં ૨૫ કે ૨૮ હજાર કરોડ જે થાય તે. જો તમને પુરાંત ન બતાવો તો હું નથી માનતો કે કોઇ તકલીફ થાય. વિકાસના કામ જ જો કરવા હોય તો તમને ડેફીસીએટ ફાઇનાન્સ વધારે આવે તો કંઇ ખોટું નથી. એક સિસ્ટમ છે. ઓલ ઇન્ડિયાની હોય, બીજા ઘણા રાજયોની હોય. વિકસતા જતા રાજયોમાં આ એક સિસ્ટમ હોય છે. ડેફીસીએટ ફાઇનાન્સ હોય તો

તેના સરવાળા બાદબાકી પુરા કરે, પણ મહેસૂલી આવકમાં જ પુરાંત બતાવાય અને પછી ડેફીસીએટ ફાઇનાન્સ બતાવાય તે મારા ખ્યાલથી એક નવું અર્થશાસ્ત્ર હમણાં અહીં ગુજરાતમાં શરૂ થયું છે તેવું મને લાગે છે. સાત બારની પંચવર્ષીય યોજનામાં ખેતી માટે અને ગ્રામ વિકાસ માટે પણ ઓછું ખર્ચ થયું છે, સામાજિક સોસ્યલ સેકટર જેને કહેવાય એમાં પણ ૫૩ હજાર કરોડની જોગવાઇઓ હતી એના માટે ૫૦ હજાર કરોડ રૂપિયાનું ખર્ચ થયું, અગિયારમી પંચવર્ષીય યોજનામાં, એનો અર્થ કે છ ટકા જેટલો લગભગ ઓછો ખર્ચ, ૩૦૦૦ કરોડ જેટલી રકમ એટલે માનવ વિકાસની બાબતમાં ગુજરાત સરકારની પ્રાથમિકતા નથી, કારણ કે સોશ્યલ સેકટરમાં ઓછો ખર્ચ થાય છે, એમને એવા લોકોમાં રસ નથી.

સરહદી વિસ્તારના પ્રોગ્રામમાં પણ સીરક્રીક અને પાકિસ્તાન અને હા–ના ને જે બધું એ વખતે આવ્યું હતું, એ હું માનું છું ત્યાં સુધી સરહદી વિસ્તારના લોકો માટે જો કંઇ પણ કર્યું હોત તો સારું હતું, જે આ સરકારમાં નથી. જે વિકાસમાં ત્રણ બાબતો મહત્વની હોય છે. તમારો પોતાનો ઇન્ડસ્ટ્રીયલ ઇન્ડેક્ષ, એગ્રીકલ્ચર અને સોશ્યલ સેકટર, આપણે જે ૨૦૦૪–૦૫ને જો બેઝ યર તરીકે લઇએ તો ૨૦૦૯–૧૦માં જીડીપી જે ગુજરાતનું કહેવાય, એ ઉત્તરાખંડ, છતીસગઢ, હરિયાણા, બિહાર, મહારાષ્ટ્ર, દિલ્હી, ઓરિસ્સા, તામિલનાડુ, આંધ્ર અને દસમો નંબર ગુજરાતનો છે અને એવા બણગા મારીએ છીએ કે દસ વર્ષમાં સતત વિકાસ, વિકાસ એગ્રીકલ્ચરમાં થયો નથી કે ઇન્ટસ્ટ્રીયલમાં થયો નથી. દસ ટકા કરતાં કયારેય વધ્યો નથી અને ખાલી ગુજરાત વિકાસ.. વિકાસ.. વિકાસ.. આ આંકડા એમના જ છે, એ કહે છે કે ના. અમે તો દસમા ક્રમે છીએ. જીડીપીમાં, કરન્ટ પ્રાઇઝ જે છે અત્યારે ચાર– પાંચના પ્રમાણમાં ૦૯–૧૦માં, ૨૧૧ ઉત્તરાખંડ જેવું રાજય કે જે ગઇકાલે બન્યું, એ એનો જીડીપી જો આ હોય તો ગુજરાતમાં મહેરબાની કરીને જનતાને દેશ અને દુનિયામાં • (xxxxxx) બંધ થાય તો સારું.

અધ્યક્ષશ્રી : (xxxxxx) શબ્દ કાઢી નાખો.

શ્રી શંકરસિંહ લ. વાઘેલા : માનનીય અધ્યક્ષશ્રી, એમને ગેરમાર્ગે દોરવાનું બંધ થાય તો સારું. એવું એગ્રીકલ્ચર એ પણ ડિક્લાઇન છે. ગુજરાતમાં એગ્રીકલ્ચરની બાબતમાં એક પણ ઠેકાણે, એ પેદાશની y i e l d વાર હોય,અનાજ હોય, ઓઇલસીડઝ હોય, એમાં ૨૦૦૩માં ૬૭ જે હતું, ૨૦૧૧–૧૨માં પણ ૬૭ છે, ઓઇલસીડઝમાં ૫૯ હજાર ટન હતું. એ પણ ૨૦૧૧–૧૨માં ૪૫ હજાર ટન ડાઉન છે. એક માત્ર કોટનમાં ગુજરાત આગળ છે, એનું કારણ ટેકનોલોજી મિશન ઓન કોટન થ્રી ફોર અને અહીંનો પ્રતિનિધિ ટેક્ટાસઇલ મીનિસ્ટર જેના ભાગમાં આ કોટન આવતું હતું, એ જવાબદાર છે, તમે નહીં, એક પણ એક નવા પૈસાનું કોન્ટ્રીબ્યુશન કપાસના ઉત્પાદનમાં તમારૂં હોય તો, મહારાષ્ટ્ર સરકારે ૨૦૦૦ કરોડની ખેડૂતોને મદદ કરવાની વાત કરેલી, તમારે બે રૂપિયાની મદદ કમ સે કમ કરવી હતી? ખેડૂતો બૂમો પાડતા હતા, એટલે એગ્રીકલ્ચરમાં પણ ડીકલાઇન છે, ઘણા રાજયો આગળ છે આપણા કરતા, હું એમાં સમય નહીં લઉં પણ એગ્રીકલ્ચર જે કંઇ પ્રાઇસ બેઝીસ છે એમાં ૫–૬માં ૩૩૯૮૨ કરોડ, ૨૦૧૦–૧૧માં ૩૯૮૩૯ એ પણ લગભગ સરખું છે, બહુ મોટી ધાડ મારી છે એવું એમાં નથી.

એવી રીતે નર્મદામાં હું બહુ સમય નથી લેવા માગતો, નર્મદા અત્યારે એવી જટામાં કન્ફ્યુઝ થઇ ગઇ છે કે એને કયાં જવું? ૨૦૦૬માં કહ્યું કે નર્મદા આવશે, ૨૦૧૦માં નહીં આવી, ૨૦૧૧માં નહીં આવી, ૨૦૧૨માં નહીં આવી, ૨૦૧૩માં નહીં આવી, કયાં ગઇ આ નર્મદા? જે નર્મદા માટે અહીં સાધુસંતોને બોલાવીને અમદાવાદની સાબરમતીમાં પાણી નાખીને દીવા સરગાવ્યા હતા, જે નર્મદા માટે કેનાલ, સબ કેનાલનું આયોજન કર્યુ હતું, જે નર્મદા કચ્છને , ઉત્તર ગુજરાતને, સૌરાષ્ટ્રને અને એમાં સવિશેષ સૌરાષ્ટ્રને બે બે ચાર ચાર દિવસ પીવાનું પાણી મળતું નથી. આ તમામ માટે દોષિત ભારતીય જનતા પાર્ટીની સરકાર છે જેને ખબર નથી કે નર્મદા ક્યાં લઇ જવાની છે અને કેમ લઇ જવાની છે? આટલા બધા રૂપિયાનું બર્ડન અને આટલી બધી આવક હોય તો પણ તમે ૨૫૩ થી આગળ ન વધતા હોય તો આઇ એમ સોરી નર્મદાની હાલત

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા.

શું થશે? કરોડો રૂપિયા ખર્ચયા પછી પણ નર્મદાનું પીવાનું પાણી અને ખેડૂતને સિંચાઇ ન મળે તો બહુ દુઃખ સાથે કહેવું પડે છે કે આવી સરકાર એ લોકો માટે હોય તોય શું અને ન હોય તો શું?

માનનીય અધ્યક્ષશ્રી, એવી રીતે ઇન્ડસ્ટ્રીયલ ગ્રોથ, ફેકટરીઝ એન્ડ એમ્પ્લોયમેન્ટ એમાં પણ ૯૫–૯૬માં અને ૨૦૦૦–૨૦૦૧માં ૧૩૭૭૦ હતા અને ૨૦૦૯–૨૦૧૦માં ૧૫૦૦૦ ખાલી સામાન્ય ૨૦૦૦ લોકોનો વધારો એવી જ રીતે એમ્પ્લોયમેન્ટમાં પણ બહુ ફરક નથી. એમ્પ્લોયમેન્ટમાં સરકાર એવી વાતો કરે છે કે, ગુજરાતમાં બેકારી નથી. ૮ થી ૯ લાખ તો એમના આંકડા છે અને રજિસ્ટર નથી એવા બીજા ૯ લાખ છે એટલે કે ગુજરાતમાં ૨૦ લાખ લોકો બેકાર છે. દર વર્ષે વાઇબ્રન્ટ ગુજરાતમાં કહેવામાં આવે છે કે, ૫ લાખ લોકોને નોકરી મળશે, ૧૦ લાખ લોકોને નોકરી મળશે, ૨૦ લાખ લોકોને નોકરી મળશે, ૪૦ લાખ લોકોને નોકરી મળશે આ સરવાળો ૪૭ લાખ લોકોનો થાય છે જેમાં સરકારનું કમીટમેન્ટ કહેવાય જો એ ભાષણ સાચા હોય તો, ૨૦ લાખ લોકો બેકાર કેમ છે ? આ ગુજરાતના બેકારો છે એને કમસેકમ બેકારી ભથ્થું તો આપો ૨૦૦૦–૫૦૦૦ રૂપિયા આડી અવળી ઉઘરાણી છે એને લઇને આપો તો એના આશીર્વાદ મળશે. કેમ કે આજે પણ એની હાલત એટલી ખરાબ છે.

ઇલેક્ટ્રિસીટી જનરેશનની વાત કરૂં તો સર, વીજળી ઘર વપરાશ માટે પહેલાં પણ એક્સેસ હતી, અત્યારે પણ સરકાર કહે છે કે એક્સેસ છે. પણ જો વીજળી વધારે હોય તો ખેડૂતોને આપોને, જો વીજળી બહારથી લઇને બીજા રાજયોને વેચીને તમે કમાણી કરતા હોવ તો ખેડૂતોને આપો. જે ખેડૂત તરસ્યા છે, જેના ખેતર, જેના ઢોર તરસ્યા છે એ લગભગ ૪ લાખ કરતા વધારે છે અને ડાર્કઝોનમાં સ્પ્રીંકલર વાળું કર્યું છે જો એમાંથી ડાર્કઝોન કાઢવાની એમની દાનત હોય, તાતાની નેનોને ૧.૪૦ લાખ લિટર પાણી જો મફત આપી દેવાતું હોય સસ્તા ભાવમાં તો કમ સે કમ ખેડૂતોને પાણી કાઢવાની પરવાનગી આપો. ડાર્કઝોન કાઢી નાંખીને આ વીજળી ખેડૂતોને આપવી જોઇએ, કોઇ ડાર્કઝોન ગુજરાતમાં નહીં હોવો જોઇએ, ડાર્કઝોન ખેડૂતો માટે તો નહીં જ હોવો જોઇએ અને જો ખેડૂતો માટે હોય તો ઉદ્યોગો માટે પણ રાખો અને તાતા અને બીજા ઉદ્યોગો માટે પણ તમે ડાર્કઝોન રાખો. ખેડૂત હોજમાં ન્હાવા માટે પાણી નથી વાપરતો, ખેડૂત રોશની કરવા માટે વીજળીનો ઉપયોગ નથી કરતો. ખેડૂત એના ખેતરમાં લાઇટ આવે એના માટે અને એ લાઇટ કનેકશન વીજળી એકસેસ હોય તો ખેડૂતોને આપો અને ખેડૂતોના આશીર્વાદ તમે લો અને દર વર્ષે તમે ૧ લાખ કનેકશનો આપવાની વાત કરી એને બદલે ૫૦ હજાર પણ નથી આપ્યા અને દર વર્ષે આંકડો વધતો જાય છે. તમે રજીસ્ટર જ નથી કરતા કે ડાર્કઝોનમાં કેટલા લોકોને વીજળી લેવાની છે. અન્યાય છે આ ખેડૂતો માટે, થોડી પણ માનવતા હોય અને કયાંક તમે ગામડાંમાં જન્મ્યા હોવ, કયાંક તમારે ખેતી સાથે સંબંધ હોય તો ખેડૂતના આશીર્વાદ લો અને ડાર્કઝોન કાઢી નાંખો અને કનેકશન તાતા–બિરલાના બદલે અહીં આપો અહીં.

એવી જ રીતે ઇલેક્ટ્રિસીટી કન્ઝપ્શનમાં૨૦૦૧–૨૦૦૨માં ૧૫૪૮૯ મીલીયન યુનિટ એગ્રિકલ્ચર વીજળી હતી જે ૧૩૨૮૫ મીલીયન યુનિટ ૨૦૧૧–૨૦૧૨માં થઇ એનો અર્થ એ કે ૨૦૦૦ મીલીયન યુનિટ વીજળી ઓછી થઇ એગ્રિકલ્ચર માટે અને એકસેસ અહીં ૩૪૩૨૫, ૨૦૦૧માં હતી આજે ૫૮૬૭૦ થઇ. લોકલ ઘર વપરાશ માટે પૂરતી વીજળી છે તો ખેડૂતોને એમાંથી લઇને આપો એને કેમ તમે ઓછી વીજળી આપો છો? ૨૦૦૧ના પ્રમાણમાં ખેડૂતોને વધારે વીજળી આપવી જોઇએ એમાં પણ ખેડૂતોને ૨૦૦૦ મીલીયન યુનિટ વીજળી અત્યારે ઓછી આપવામાં આવે છે.

માનનીય અધ્યક્ષશ્રી, રસ્તાની બહુ વાતો કરી અને રસ્તા બહુ સારા છે એમ કહેવામાં આવે છે. ભારત સરકારના રસ્તા, નેશનલ હાઇવેઝ જે વધે છે અને સ્ટેટ હાઇવેઝ ઘટે છે. નેશનલ હાઇવે ગુજરાતમાં વધે છે અને સ્ટેટ હાઇવેઝ ઘટે છે. ડિસ્ટ્રીક્ટ, મેજર ડિસ્ટ્રીક્ટ રોડ એવરેજ ઘટે છે. વિલેજના રસ્તા સામાન્ય જેને કહી શકાય એટલો ફરક છે, એનો અર્થ એ કે ૨૦૦૧ અને ૨૦૧૦–૧૧માં રસ્તાની બાબતમાં જ્યાંથી શરૂ કર્યું હતું ત્યાં જ તમે છો. એક કિલોમીટર પણ વધાર્યા નથી, આપણે રોડની શેની વાતો કરીએ છીએ? કયા રોડ? કયા રસ્તા ગુજરાતના સારા? ભારત સરકારના જે હતા તે રસ્તા સારા. ગુજરાત સરકારના હાથમાં જેમાં ખર્ચો કરવાનો આવે છે એ માટે તમે ગામડાંઓમાં જાઓ તો તમને રસ્તો ખબર પડશે કે રસ્તો કેવો છે અને કેવો નથી?

એવી જ રીતે આ સરકાર ૨૦૦૨–૦૩માં જે ગુડ ગવર્નન્સની વાત કરે છે, મારી સરકાર બહુ આદર્શ સરકાર છે, એવું હોય તો એમના જ આંકડા પરથી મને પ્રુવ કરીને બતાવો. આ જે ટોટલ રિસિપ્ટ ૨૦૦૨–૦૩માં ૪૨૪૯૯, ૨૦૦૪–૦૫માં ૨૬૮૫૨, ૨૦૦૬–૦૭માં ૩૮૦૦૦, એપ્રોક્સીમેટલી કહુ છું આપને ૨૦૦૯–૧૦, ૨૦૧૦–૧૧માં ૬૯,૦૦૦, ટોટલ એકસપેન્ડીચર લગભગ વધારે. થોડું વધારે છે એટલે પુરાંતવાળું લોજિક ખોટું છે, એ ટોટલ એકસપેન્ડીચરમાં ફરી પાછું બજેટ ડેફીસીટ ફાયનાન્સ થઇ જાય છે, એવી રીતે રેવન્યુ એકસપેન્ડીચર એ પણ જે હતુ, એના કરતાં પણ ત્રણેક ગણું વધ્યું છે, કેપિટલ એકસપેન્ડીચર, પ્રજાના પરસેવાના રૂપિયા ચાહે વેટમાં આપતા હોય, બીજામાં આપતા હોય, ત્રીજામાં આપતા હોય, હું ઇચ્છું કે ગુજરાત અને દેશની જનતાને સાચો જવાબ મળે. ૨૦૦૨–૦૩માં ૨૦૭૫૨ કેપિટલ એકસપેન્ડીચર હતું, આજે ૧૪૧૮૯, એટલે લગભગ પચાસ ટકા. તમે જો રાજ્યમાં નવી અસ્ક્યામતો ઉભી કરવાના ના હોય, તમે નવા દવાખાના ઉભાં કરવાના ના હોય, નવી કોલેજીસ કે બીજા નવા રોડ કે આ કે બીજુ ન બનાવવાના હો તો તમે આ કેપિટલ એકસપેન્ડીચર પચાસ ટકા ઓછું હોય એ પણ રૂપિયા લઇને, ઉધાર–ઉછીના, દેવું કરીને, સાહેબ આ ગુજરાતને કોઇ ઉધાર નહિ આપે, ૨૫૦૦૦ કરોડ રૂપિયા તમે ઉધાર લો છો એમાંથી ૨૦૦૦૦ કરોડ રૂપિયા પાછા આપો છો ૫૦૦૦ કરોડ રૂપિયા વધ્યા, હવે પછી એવો દિવસ આવશે કે એ ૫૦૦૦ કરોડ પણ નહિ વધે. જે ગતિએ દેવું વધે છે અને જે ગતિએ દેવાનું વ્યાજ વધે છે, તમારે દેવું કરીને દેવું ચૂકવવું પડશે, આ ગુજરાતીને ન પોસાય, કોઇ વાણિયાનો દીકરો આવો ગાંડો ન હોય કે આવી રીતે દેવું ભરવા માટે દેવું લે અને દેવું પાછું આપે અને કેપિટલ એકસપેન્ડીચર પચાસ ટકા ઓછું થઇ ગયું છે, હું ઇચ્છું કે ગુજરાત સરકાર આમાં ચિંતા કરે. ગુજરાતની પ્રોપર્ટી વધે, લોકોને લાગે કે વાહ ગુજરાત સરકાર છે કંઇક તો વધારે સારું એમાં પણ કેન્દ્ર સરકારની મદદ વગર કરશો તો મને બહુ આનંદ થશે.

એ જ રીતે હું હ્યુમન ડેવલપમેન્ટની વાત કરૂં. એમાં તો આપણે આઠમા ક્રમે છીએ, હું આપનો સમય નહિ લઉં, એ ફિગર તો મળશે બધાયને, હ્યુમન ડેવલપમેન્ટમાં આપણે આઠમા ક્રમે છીએ, એવી રીતે બર્થ રેટમાં આપણે નવમાં ક્રમે છીએ. એવી રીતે ઇન્ડીકેટર હ્યુમન ડેવલપમેન્ટ સેન્સસમાં ડિફરન્સ જે છે પ્રોવિઝન્સમાં એમાં પણ આઠમાં છીએ, હ્યુમન ડેવલપમેન્ટમાં અંગ્રેજી. વાંચે ગુજરાત, લાખ્ખો રૂપિયા તમે ખર્ચ્યા હશે, શાળાના છોકરાઓ અંગ્રેજી વાંચવામાં પાંચ વાક્યો સરસ બોલે એમાં ગુજરાતનો નંબર અઠ્ઠાવીસમો છે, શરમ હોવી જોઇએ આપણે જો આ વાંચે ગુજરાત, વાંચે ગુજરાત, વાંચે ગુજરાત

અધ્યક્ષશ્રી : એક મિનિટ, એક મિનિટ, પિયુષભાઇ બેસો તમે, કોઇ પોઇન્ટ ઓફ ઓર્ડર નથી. આ આંકડા સાચા છે કે ખોટાં એનો અત્યારે જવાબ આપવાની જરૂર નથી. તમારો વારો આવે ત્યારે જવાબ આપજો. તમે શાંત રહો. હું બેસાડું છું, કાં તો તમે બેસાડો. હું અહીંયાથી બોલવાનું બંધ કરૂં.

શ્રી શંકરસિંહ લ. વાઘેલા : એવી રીતે જે ડ્રોપ–આઉટ રેશિયો છોકરા અને છોકરીઓમાં ૬૦ ટકા રેશિયો સાથે ગુજરાત ચૌદમા નંબરે છે. એવી રીતે બાકીના બધામાં હું આપનો સમય નહીં લઉં પણ જે રીતે સરકાર પોતાની વાહ વાહ કરવા માટે ખોટા આંકડાઓનો આધાર લે છે ગુજરાતમાં આટલો મોટો, બધા અધિકારીઓને મોકલ્યાં જાવ છોકરાઓને સ્કૂલમાં લઇ આવો ડ્રોપ–આઉટ ના થાય. ડ્રોપ–આઉટમાં ચૌદ રાજયો કરતાં આપણે પાછળ છીએ. આપણાં કરતાં બીજા ચૌદ રાજયો છે તે આગળ છે કે જેમાં ડ્રોપ–આઉટ રેશિયો ગુજરાત કરતાં ઓછો છે. એવી રીતે પાવર ટેરિફમાં ગુજરાત કદાચ હાઇએસ્ટ છે તેના આગળ મધ્યપ્રદેશ, પંજાબ, મહારાષ્ટ્ર, આંધ્રપ્રદેશ, કર્ણાટક, તામિલનાડુ એગ્રીકલ્ચર અને ઘર–વપરાશમાં બન્નેમાં ગુજરાત સૌથી વધારે વીજળીના ભાવ લે છે. તે પછી ખેડૂતના હોય કે ઘર–વપરાશવાળાના હોય. આ આપણો વિકાસ, આ આપણું ડેવલપમેન્ટ જેને આપ સમજો કે કેવી રીતે આ બધું અને બહાર કહેવામાં આવે છે કે ગુજરાતમાં ચોવીસ કલાક વીજળી, વીજળી, વીજળી બસ વીજળીની તો કોઇ વાત જ નહીં ત્યાં તો મજા છે કોઇ ભાવ વધાર્યા નથી. ત્રણ નહીં, છ વખત ભાવ વધાર્યા અને ગેસના ભાવ તો પ્રજાએ અહીં બેસાડ્યા પછી હમણાં થોડાં સમય પહેલાં ગેસના ભાવ વધાર્યા. એવા પાણીના નળ, અને નળની બાબતમાં પણ ગુજરાત ચૌદમો નંબર છે. જે કહે છે કે અમે આદિવાસીઓને આટલા બધા નળ કનેકશન આપી દીધાં. ગુજરાતની

પબ્લિક સીધો નળ ખોલશે અને પાણીના બદલે તેલ આવશે તો અત્યારે પાણી પણ નથી આવતું . આવી જયારે હાલત છે ત્યારે ગુજરાત ચૌદમા નંબરે છે અને ૫૮ ટકા...

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપણા વિધાનસભાના નિયમો એવા છે કે કોઇ સભ્યશ્રી કોઇ આંકડાકીય માહિતી આપે તો એનો અધિકૃત સોર્સ જે છે તે સોર્સ તેમણે બતાવવો જોઇએ. માનનીય વિપક્ષના નેતાશ્રી આમાં ગુજરાતનો ચૌદમો નંબર છે, આમાં પંદરમો નંબર છે એ પ્રમાણે તેઓશ્રી આપી રહ્યાં છે હું ચાહું છું કે તેનો સોર્સ આપે. અને આ ફરજિયાત છે સાહેબ.

અધ્યક્ષશ્રી : તે આપશે.

શ્રી શંકરસિંહ લ. વાઘેલા : માનનીય અધ્યક્ષશ્રી, આ સોર્સની આખી અને આખી ચોપડી હું આપના મેજ ઉપર આપીશ. સોર્સ પ્રિન્ટેડ છે. (અંતરાય) તમે જોજોને.

અધ્યક્ષશ્રી : એક મિનિટ, કોના આંકડા છે? તે ગવર્નમેન્ટના જ છે.

શ્રી શંકરસિંહ લ. વાઘેલા : આ Directorate of Economics and Statistics, Govt. of Gujarat, ભારત સરકારના આ નથી. મહારાષ્ટ્રના નહીં કે રાજસ્થાનની સરકારના નથી.

અધ્યક્ષશ્રી : આપણે બધાય કહીએ છીએ આમાં પહેલાં, આમાં પહેલાં અને એ કહે છે તમે ચૌદમા છો પછી તમે જવાબ આપજો ને. આમાં બહુ એટલો ડિસ્પ્યુટ કરવાની જરૂર નથી. (અંતરાય). ચાલો, અરે, હું તમને ટાઇમ વધુ આપીશ. .(અંતરાય) એક મિનિટ સૌરભભાઇ, અત્યારે તેમને બોલવા દો પછી જે કહેવું હોય તે કહેજો.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આ રેકર્ડ ઉપર રહે એટલા માટે કે સૌરભભાઇના ડિપાર્ટમેન્ટ વિશે માનનીય વિપક્ષના નેતાશ્રીએ આ બુકનો હવાલો લઇને કહ્યું અને પછી સૌરભભાઇએ નિયમ–૪૪ હેઠળ નિવેદન કર્યુ ત્યારે ખોટું પડયું હતુ. વિપક્ષના નેતા પણ અહીંયા હતા ત્યારે તેમણે કોઇ સ્પષ્ટતા કરી નહોતી. એટલે • (xxxxxx)બોલીને જતાં રહેવાનું અને પછી સ્પષ્ટતા સાંભળવા માટે આવવાનું નહીં .(અંતરાય) એ નિવેદનમાં હતું સાહેબ.

અધ્યક્ષશ્રી : તમે બધાય બેસો, બધાએ ઉભા થવાની કંઇ જરૂર નથી. ભાઇ, તમે બેસો બધા. કોઇ જરૂર નથી (અંતરાય). તેના આંકડા જે કંઇ હશે તે પદ્ધતિ મુજબ થશે. તમે બેસો. (અંતરાય). એક મિનિટ...(અંતરાય). માનનીય શંકરસિંહ આપનું જે કંઇ હોય તે અહીંયા રેકર્ડ ઉપર સચિવશ્રીને આપી દેજો. અત્યારે બોલવાનું ચાલુ રાખો.

શ્રી શંકરસિંહ લ. વાઘેલા : માનનીય અધ્યક્ષશ્રી, તે હું આપી દઇશ અને એ જે માનનીય મંત્રીશ્રીએ ખુલાસો કર્યો તેમાં ઇન્ડસ્ટ્રીના તો ૪૦ ટકા કરતાં વધારે છે. (અંતરાય). આપીશ.

અધ્યક્ષશ્રી : તમે જવાબ આપજો,અત્યારે જવાબ દેવાની જરૂર નથી. જુઓ સૌરભભાઇ, વિધાનસભાની એવી પદ્ધતિ નથી કે એ બોલે તેનો તરત જવાબ દેવો. તમે તમારા પ્રવચનમાં જવાબ આપજો અત્યારે તેમને બોલવા દો.

શ્રી શંકરસિંહ લ. વાઘેલા : માનનીય અધ્યક્ષશ્રી, તમે ખર્ચો કરો તેમાં ૩૦.૯ ટકા બે વર્ષ રાહ જોઇ હોત તો પણ ૩૨ ટકા થઇ જાત. તમારે રૂપિયા આપવા હોય એને આપો. થર્ટી નાઇન તો તમે આપ્યા છે.

અધ્યક્ષશ્રી : જે કંઇ હશે એનો જવાબ માનનીય નીતિનભાઇ તમે આપજો ને? ખોટી વાત હોય તો તમે સાચી કહેજો. (અંતરાય) અંદરો અંદર સવાલ જવાબ નહિ. માનનીય વિરોધ પક્ષના નેતાશ્રી બોલે છે એમને બોલવા દો.

શ્રી શંકરસિંહ લ. વાઘેલા : એવી રીતે જી.ડી.પી.માં દસ વર્ષનો વિકાસ દર બતાવ્યો છે એ ખોટો છે. છેલ્લા પાંચ–છ વર્ષનું છે એમાં એક પણ વર્ષ એવું નથી જેમાં આંકડા સાચા હોય. સતત દસ

---

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા.

વર્ષમાં દસ ટકાનો આર્થિક વિકાસ થયો નથી. એમાં ગુજરાતનું સ્થાન પાંચમાં ક્રમે છે અને ૨૦૧૦–૧૧ અને સન ૨૦૧૧–૧૨માં તો બીજા રાજયો કરતાં આપણે ઘણા પાછળ છીએ. જે રીતે અત્યારે હાલ વિકાસની આ વાતો છે એમાં લગભગ ૧.૬૨ ટકા જ છે. એગ્રીકલ્ચરમાં દસ ટકાની વાત પણ ખોટી છે. ૧૭ ટકા વિકાસ દર બતાવીને પાછળથી ૨૫ ટકા એના મૂળમાં સાહેબ મધ્યપ્રદેશની સરકારનો ખેતીવાડીનો વિકાસ દર ૧૮ ટકા આવ્યો હશે એ ૧૮ ટકાની લાહયમાં સન ૨૦૧૦–૧૧માં સરકારે ૧૦ ટકા બતાવ્યું જે ખોટુ બતાવ્યું છે એના આધારે ૧૮ ટકાની નજીક પહોંચવાની કોશિશ કરી છે. સોસીયો ઇકોનોમીક સરવેમાં સન ૨૦૧૦–૧૧માં ઉત્પાદન મૂલ્યના આંકડા કહ્યા છે એ ૩૯૮૦૦ એના બદલે ૪૧,૦૦૦ બતાવવામાં આવ્યા છે એ પણ ખોટા છે એ દાવો કરે છે એ પણ સાચુ નથી. ૨૫.૧૪ ટકાની વૃદ્ધિ થઇ એવી વાત કરે છે. એની સરખામણીમાં ૪૫ હજાર ૮૫ કરોડ જે આંકડા છે એની સરખામણીમાં ૭.૩૯નો વિકાસ દર સરખાવાય છે. ટોટલ ૫.૪ એ પણ ખોટું છે એમાં ૨૫ ટકા ઓછું કરો તો ૧.૬૨ ટકા એગ્રીકલ્ચર રેઈટ છે એ હું આપની માહિતી માટે કહીશ જે ૨ ટકા કરતો નીચો છે. બીજા રાજયો આપણાં કરતાં ઘણા આગળ છે.

ઉર્જા અને પેટ્રો કેમિકલ્સની વાત કરૂં. ગુજરાત સરકારના, ભાજપના ચૂંટણી ઢંઢેરામાં કહેવામાં આવ્યું હતું કે અમે દર વર્ષે ૫૦૦ મેગાવોટનો વધારો કરીશું. ૨૦૦૭–૮માં હશે, ૫૦૦ મેગાવોટ આટલા વર્ષમાં વધાર્યું હોત તો સારુ હતું પણ એ નથી વધાર્યુ. જે રીતે ગુજરાત એનર્જી હબ બની ગયું એ એનર્જી હબ નથી. ગુજરાતમાં ૨૦૦૨માં ૪૫૧૩ મેગાવોટ જી.ઇ.બી. નું ઉત્પાદન હતું એ ૨૦૧૨માં ૪૯૯૬ મેગાવોટ થયું. તેમાં રાજયના બીજા પબ્લિક જી.એમ.ડી.સી. એ બધાય પણ આવે. એમાં ૧૧૩૧ મેગાવોટ, ૨૦૧૨માં ૧૨૧૬ મેગાવોટ. જી.ઇ.બી.નો વધારો ૦.૮૯ ટકા, પ્રાઇવેટ પીયુસીનો વધારો ૦.૬૨ ટકા, જયારે ભારત સરકારના પ્રોજેકટો ૨૦૦૨ માં ૧૫૬૨ મેગાવોટ હતું એ વધીને ૨૦૧૨માં ૩૧૮૦ મેગાવોટ એટલે કે ડબલ કરતાં પણ વધારે ૮.૮૦ ટકા ભારત સરકારનું કોન્ટ્રીબ્યુશન છે. તેમ છતાં આ ગુજરાત સરકાર એને ગાળો બોલે છે એ ભારત સરકારના પ્રોજેકટોની વીજળીમાં ૧.૬૩ ટકાનો વધારો થયેલો છે. એટલે કેન્દ્ર સરકાર આમાં કંઇ છે જ નહિ એવી જે વાતો છે એ કામમાં આવતી નથી એનો આ પુરાવો છે.

એવી રીતે એના ગ્રોથની વાત કરીએ તો સરકારનો ગ્રોથ અને પ્રાઇવેટ ગ્રોથ જોઇએ તો જી.ઇ.બી. ૨૨૯૨૦ મિલિયન યુનિટ, સ્ટેટ પીયુસી ૬૦૯૫ મિલિયન યુનિટ જયારે ભારત સરકારની ૧૫૬૦૫ મિલિયન યુનિટ. પ્રાઇવેટની ૫૯૮૯ મિલિયન યુનિટ આ ૨૦૦૨ની પરિસ્થિતિ હતી. હવે ૨૦૧૨ની વાત કરીએ તો જી.ઇ.બી. ની ૨૮ હજાર થઇ. પીયુસી ૬૩૪૨ થઇ જયારે પ્રાઇવેટની ૩૪૯૪૮ મિલિયન યુનિટ થઇ એટલે એમાં ૪૦ ટકાનો વધારો થયો. આ રીતે પ્રાઇવેટની વીજળીમાં વધારો થયો છે. ગુજરાતના જે પાવર સ્ટેશનો છે એ પછી ગાંધીનગર હોય કે બીજા પાવર સ્ટેશન હોય એનું જનરેશન કેપેસિટી ઓછી કરવામાં આવે છે, મશીનો બંધ રાખવામાં આવે અને પૂરેપૂરી કેપેસિટીથી ગુજરાત સરકાર વીજળી પેદા ન કરે અને ખાનગી લોકોની વીજળી ખરીદવી પડે તેના માટેનું બહુ મોટું કૌભાંડ કહી શકાય તો કહી શકાય એવી હાલત છે આ.

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, સંપૂર્ણપણે આ હાઉસને •(xxxxxx)માહિતી આપી રહ્યા છે...

અધ્યક્ષશ્રી : એ પછી તમે જવાબમાં કહેજો. જે હોય તે. કોઇ (xxxxxx) માહિતી ન આપે. કોઇપણ વ્યક્તિ બોલે એનો તાત્કાલિક જવાબ ન હોઇ શકે. આપનો વારો આવે ત્યારે સાચા આંકડા આપજો અને આ બધા આપેલા આંકડા સાચા નથી એટલું તમે પ્રુવ કરજો ને, તમને પણ ચાન્સ છે. (અંતરાય)

શ્રી શંકરસિંહ લ. વાઘેલા : ૨૦૦૭માં મુંદ્રા ખાતે કોલસા આધારિત..(અંતરાય)

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા.

અધ્યક્ષશ્રી : તમે બેસો પિયુષભાઇ, એમાં કોઇ સવાલ નથી. મને ખબર પડે છે કયાં પોઇન્ટ ઓફ ઓર્ડર આવે એ. દર વખતે ઉભા થવાની કોઇ જરૂર નથી.

શ્રી શંકરસિંહ લ. વાઘેલા : આયાતી કોલસા આધારિત એક પાવર પ્રોજેકટ ૨૦૦૭માં તાતા પાવરને આપ્યો. એનો ભાવ ૨.૨૬ યુનિટ દીઠ. અહીં સરકારની દાનત જૂઓ સાહેબ. ૨૦૦૭માં જે ટેન્ડર બહાર પાડ્યા એમાં આટલા વર્ષમાં એટલે ૩૬ મહિનામાં તમે જો વીજળી આપો તો જ ટેન્ડર ભરવાનું. ૩૬ મહિનાવાળી જે કંપની હતી તેને ટેન્ડર આપ્યું તો પણ ૩૬ મહિનામાં પ્રોડકશન આપ્યું નથી. એનો અર્થ સ્પેશિયલ ફેવરીઝમ. ૩૬ મહિનાનો કલોઝ નાખીને બે વર્ષમાં ઓવરનાઇટ ન બને પાવર પ્રોજેકટ. બધાને ખબર હોય, પણ તમને ખબર હતી કોનો પાવર બની રહ્યો છે પાવર પ્રોજેકટ. માટે થઇને તમે કલોઝ એમાં નાખીને એનો ભાવ પીપીએ-૧, પીપીએ-૨, પીપીએ-૩. ૨૭૯ પર યુનિટ, ૨૨૬ કરતા વધારે. પીપીએ-૨ ૨૩૫ આયાતી કોલસા અને એસ્સારના ૨૪૦. આ ફેબ્રુઆરી મહિનામાં લાંબા ગાળાની ખરીદી માટેના પીપીએ જે કરેલા હતા એમાં એલ.ઓ.આઇ.૧ જે હતું એ ૩૨૪ બતાવવામાં આવ્યું હતું. એની સામે જી.એમ.ડી.સી.માં ૧.૮૮ હતું. એની સાથે બીજા બે લોકો હતા. દિલ્હીવાળા અને એક મધ્યપ્રદેશવાળા, એના ટેન્ડર પણ ઓછા હતા. લગભગ ૨૨૫ની આજુ બાજુ તેમની ઓફર હતી. જો ૧૮૮ ઓફર હતી, ૧૦૦-૧૦૦ મેગાવોટના બે પ્રોજેકટ હતા તેની ૨૨૫ એ એની ઓફર હતી. નેગોશિએટ હોય તો કદાચ ઓછા હોય, તો જે પ્રતિ યુનિટ ૨૨૬ તેના બદલામાં ૨૭૯, ૨૩૫, ૨૪૦, ૨૨૫ના આ કરારો જે હતા તેના કરતાં આપણે વધારે વીજળી કેમ ખરીદી? આ વીજળીના તમારા પાસે કોઇ જવાબ હોય તો અમને આપશો તો સારું રહેશે. જે જલ્દીથી આ પીપીએ કર્યું, એ રીતે એમાં એ પીપીએ થાય તો જ બેંક નાણા આપે. સ્પેશિયલ કંપનીઓને ફેવર કરવા માટે જલ્દી પીપીએ કરીને ટેન્ડરો જે મગાવ્યા એની પ્રક્રિયાની જે પર્ટીકયુલર કંપનીને ફાયદો થાય તેનું ધ્યાન રાખીને આ વસ્તુ બહુ આસ્તે રહીને સ્પેશિયલ ફેવર કરીને વિધિ કરી છે. તેમાં ૩૬ મહિના હતા તેના બાકીના ટેન્ડરમાં પણ એ પચ્થી ૬૦ મહિના રાખવામાં આવ્યા હતા, પણ ૩૬ મહિનામાં આ પ્રોડકશન આપણને મળ્યું નહોતું. જો ૨૦૦૭માં ૩૬ મહિના એટલે ફેબ્રુઆરી ૨૦૧૦માં વીજ પુરવઠો શરૂ થવો જોઇતો હતો, જે નથી થયો તો શેના માટે આ બધું કર્યું? કેમ સ્પેશિયલ ફેવર કરી? કોના માટે આ બધી ફેવરીંગની લાગવગ આપણે કરી હશે આ બધામાં? આ રીતે જે એમની જ આખી વાત છે તેમાં લગભગ સ્પેશિયલ ફેવરીઝમ અને વીજળી વધારે લઇએ અને પ્રાઇવેટ લોકોની લઇએ અને ખાનગી, ખેતીવાડી ક્ષેત્રે કે બીજાં ક્ષેત્રે વધારે ભાવ લઇને આપીએ એ જ એમાં છે અને આટલું મોટું કરપ્શન વીજળીની બાબતમાં, એમાં હું ઇચ્છું કે તમે લોકાયુક્ત આવે ત્યારે તેની ઇન્કવાયરી, તમે સી.એ.જી.નો રિપોર્ટ મૂકવા નથી દેતા, તમે સી.બી.આઇ. અને જોઇન્ટ પાર્લામેન્ટરી કમિટી આની ઇન્કવાયરી કરે, તેનું શું હતું, શું નહીં એ પણ વાતો તેમણે કરવી જોઇએ અને કેગે કહ્યું છે કે ૨૬,૬૭૨ કરોડ રૂપિયા ગવર્નમેન્ટની જે ઇરેગ્યુલરાઇઝેશન છે, એના લગભગ રૂ.૨૬,૬૭૨/- કરોડ, લોકાયુક્ત હોય તો એ શોધી કાઢે

માનનીય અધ્યક્ષશ્રી, છેલ્લે ગેસ, મેં છાપામાં વાંચ્યું હતું. કે.જી.બેઝીનમાંથી ગેસ નીકળ્યો છે. આ ગેસ ત્યાં નીકળ્યો તે પહેલાં જી.એસ.પી.સી. ની વેબસાઇટ ઉપર પહેલાં આંકડા હતા, ૨૦૦૯-૧૦ પછી એના આંકડા નથી અને આ પ્રાઇવેટ કંપનીને ગેસનું ડિસ્ટ્રીબ્યુશન મળે અને બીજી બાજુ ગુજરાતને મુંબઇ અને દિલ્હી કરતાં ગેસ મોંઘો આપે છે. હું નથી માનતો કે જે ગેસ સૌથી ૨૦ ટકા કરતાં વધારે ગેસ આપણને આપે છે એ આપણે લોકોને ગેસ આપવાને બદલે ઉદ્યોગપતિઓને આપી દઇએ છીએ, એની આ મોંકાણ છે. ઉદ્યોગપતિઓને સાચવવા છે, સામાન્ય માણસોને નહીં, આ એની વિધિ છે. એની ખરીદ કિંમતમાં ૨૭થી ૫૧ ટકા એની ઉપર વધારો કરીને એ ગેસનું વેચાણ થાય છે. છેલ્લે હમણાં એમાં ભાવ વધાર્યો. આ જૂન ૨૦૦૫માં જાહેરાત હતી. કે.જી.બેઝીન અંગે જી.એસ.પી.સી.એ જાહેરાત કરેલી, એ ગેસ બ્લોકમાં ૨૦ ટ્રીલીયન ઘન ફૂટ કુદરતી ગેસનો જથ્થો છે. જે એક્સપ્લોરેશન થયા પછી જી.એસ.પી.સી.ને ખાતરી થઇ કે આટલો જથ્થો છે. એક ટ્રીલીયન એટલે ૧૦૦૦બિલીયન, ૧ બિલીયન ઇકવલન્ટ ૧૦૦ કરોડ એટલે કે, ૨૦ લાખ કરોડ ઘન ફૂટ ગેસ કે.જી.બેઝીનમાંથી આપણને મળ્યો. આટલો બધો ગેસ તમને મળે તો જે વીજ મથકો માટે આપણે બૂમો પાડીએ છીએ. ૧૦૦૦ મેગાવોટની ક્ષમતાવાળા ગેસ વીજ મથક માટે ૪.૧૨૮

મિલિયન સ્ટાન્ડર્ડ ક્યૂબીક મીટર એસડીએમડી એટલા ગેસની જરૂરિયાત રહે અને કે.જી. બેઝીનના ગેસનો જથ્થો એ ૧૮૬૦૦ મેગાવોટની ક્ષમતાવાળા ગેસ વીજ મથક માટે ગેસ પૂરતો છે. એ ગેસનો ઉપયોગ ગુજરાત સરકારે અહીં ૧૮૬૦૦ મેગાવોટની ક્ષમતાવાળા ગેસ વીજ મથક માટે કર્યો હોત અને એમાં ગેસ વાપર્યો હોત તો, ભારત સરકાર ગેસ નથી આપતી, ગેસ નથી આપતી એવા બણગાં ફૂંકવા પડત નહીં અને બધે ગેસ... ગેસ... ગેસ જ હોત અને મજા કરો. ૨૦૧૦માં તમે શેના માટે ગેસ માગો છો? રૂ.૧૫૦૦૦/- કરોડનું આંધણ કર્યું છે. આટલો ગેસ નીકળ્યો, તમે દુનિયામાં પેટ્રોલિયમ હબ, એનર્જી હબ, ઓટો મોબાઇલ હબ સિવાય ગુજરાત કાંઇ નથી, માણસ હબ થઇ જાય છે. આ શું થયું. આવી રીતે આનો પાર્ટનર કોણ હતો? જીયો ગ્લોબલ, આનો ખુલાસો થાય તો મને ગમશે. આ જીયો ગ્લોબલ નામની કંપની, જ્યુબિલન્ટ એકસ્પો નામની બીજી એક કંપનીને દસ દસ ટકા ભાગીદાર બનાવ્યા, વગર મૂડીનો ધંધો. જી.એસ.પી.સી.ના દસ દસ ટકાના બે પાર્ટનર. એમાં એક જીયો ગ્લોબલ, જ્યૂબિલિયનટ એકસ્પો ૩ દિવસ પહેલાં જ રજિસ્ટર્ડ થઇ હતી એને પાર્ટનર બનાવ્યો અને એનું નામ જીન પો રોય અને એ દક્ષિણ આફ્રીકાના ગ્વોટેમાલાનો છે, કેનેડીયન સીટીઝનછે. હું એમાં એટલા માટે ડીપમાં જાઉં છું કે, એક રખડતા માણસને, જેનો કોઇ બેઝ નથી, કેટલી મૂડીમાં ભાગીદાર બનાવ્યો? રૂ.૩૦૦૦/-માં એને ભાગીદાર બનાવ્યો. એમાં કરપ્શનની બૂ આવે છે. અહીંયાં કોઇકને બનાવ્યો હોત તો. રૂ.૫૦૦૦/- લઇને ભાગીદાર બનાવ્યા હોત તો. રૂ.૩૦૦૦/-ના મૂડી રોકાણથી એને કરોડો રૂપિયાની ફર્સ્ટ ક્લાસ કંપનીનો ભાગીદાર બનાવ્યો છે. રૂ.૩૦૦૦/- ની મૂડી રોકનારને ફર્સ્ટ ક્લાસ કંપની કહી શકાય, નવરત્ન કંપની કહી શકાય એવી કંપનીનો વગર મતલબનો ભાગીદાર બનાવ્યો. આ જે ગેસ નીકળે એનું વેચાણ થાય, એના નફામાંથી એને ભાગ મળે, એમાં ખર્ચ અને વ્યાજ વગર એને નફો મળે. એને ખર્ચ થાય નહીં, નુકસાન થાય નહીં અને વ્યાજ નહીં, મલાઇ જ મલાઇ, પૂરી મલાઇ તારવી છે મિસ્ટર રોયે. કોણ છે આ રોય, કોનો મિત્ર છે? કોને મળતો હતો? કોની સાથે સંબંધ છે? કેવી રીતે એને ભાગીદાર બનાવ્યો? એને કોઇ ખર્ચ ન કરવો પડે, કોઇ વ્યાજ ભરવું ન પડે અને તોય ૧૦ ટકાનો નફો અને એની કિંમત જે જે ઉપલબ્ધ થાય, એની હાલની બજાર કિંમત છે રૂ.૧૭૭૧૪૨૮૫/- કરોડ ઉપરની રકમના ૧૦ ટકા જી.એસ.પી.સી.ના ભોગે આ ભાગીદાર પેઢીને મળે તો એના નફાની રકમ રૂ.૧૭,૭૧,૪૯૮/- કરોડ થાય છે.તે પૈકી ગ્લોબલને મફત મળવાની નફાની રકમ ૧,૭૭,૧૪૨ કરોડ જી.ટુ કરતા વધારે. જી.ટુ, જી.ટુ એના કરતા વધારે. ૧,૭૭,૧૪૨ કરોડનો માલિક બની ગયો કોઇ જી.ઓ. ગ્લોબલવાળો માણસ અને આજે એ જી.ઓ. ગ્લોબલ એનો પાંચ ટકા નફો અને રોય ગૃપ મૉરેશીયસ, મૉરેશીયસ જે જતા હોય એને માટે રોય ગૃપ મૉરેશીયસને ૫ ટકા શેર વેચી માર્યા. શેર આપી દીધા. એ જે જી.ફોર રોયની સંપૂર્ણ માલિકીની રોય ગૃપ મૉરેશીયસને ૫ ટકા એને વેચી માર્યા અને બાકીના રહેતા ૫૦ ટકા, એટલે ૧૦ ના ૫ અને એના ૫૦ ટકા

શ્રી ગણપતભાઇ વે. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, પોઇન્ટ ઓફ ઓર્ડર. માનનીય સભ્યશ્રી વિપક્ષના નેતા હોવા છતાં અક્ષરશઃ વાંચીને બોલે છે. (સતત અંતરાય) વિધાનસભાના સ્પષ્ટ નિયમો છે.

અધ્યક્ષશ્રીઃ (સતત અંતરાય ) એક મિનિટ તમે બેસોને તમારે જવાબ દેવાનો છે? એ પોઇન્ટ ઓફ ઓર્ડર પણ ના ઉઠાવી શકે? શું છે એ મારે નકકી કરવાનું છે. આપ શાંતિ રાખો. (અંતરાય)

શ્રી ગણપતભાઇ વે. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, નિવેદન સિવાય આપણે કોઇપણ પ્રવચન વાંચી શકતા નથી.

અધ્યક્ષશ્રી : માનનીય ગણપતભાઇ, નિવેદન નથી વાંચતા એ આંકડા વાંચે છે અને નામ વાંચે છે.

શ્રી ગણપતભાઇ વે. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, પહેલાંથી છેલ્લા સુધી અક્ષરશઃ વાંચી ગયા.

અધ્યક્ષશ્રી : એ આંકડા જ વાંચે છે એ ખ્યાલ આવે છે. એવું નથી. એટલું તો ગમે તે સભ્યશ્રી બોલી શકે.

શ્રી શંકરસિંહ લ. વાઘેલા : માનનીય અધ્યક્ષશ્રી, આ ૧૦ ટકામાંથી ૫ ટકા જે વધ્યું એમાં શ્યુટ ૧૦૩ ડોટ કોમ એના નામે ઉત્તર અમેરિકાની એક કંપની એને ટેકઓવર કરી અને જી.ઓ.ગ્લોબલ સાથે થોડા વખત માટે શ્યુટ ૧૦૩ ડોટ કોમ નામની કંપની એવી ઓળખ થઇ. આમ પોતાની મૂડી જે નવા પૈસાની જે ૩ હજાર

રૂપિયા વાળી એ મૂડી સાથે આ માણસે આટલા કરોડના નફાનો હકક પ્રાપ્ત કર્યો અને પાછળથી આનું નામ બદલીને જી.ઓ. ગ્લોબલ બાર્બાડોઝ તરીકે આ કંપની ઓળખાય છે. હું માનુ છું ત્યાં સુધી આ કે.જી. બેજીન જે જી.એસ.પી.સી.એ અત્યાર સુધી શોધખોળ માટે ખર્ચા કરીને લગભગ ૩૫૦ મિલિયન ડોલર ખર્ચ્યા એની અત્યારે હાલત શું હશે, જયુબીલીયન એકસપ્લો, હા, ના અને એના કેટલા રૂપિયા આમાં ગયા હશે એ અને છેલ્લે સૌરભભાઇની જે વાત હતી, એમાં એમના આંકડા તપાસે. ઇન્ડસ્ટ્રી માટે જે એમણે કીધેલું છે ૪૦ ઉપર છે. ૩૨ નહીં. તમે જેના માટે વધારો કર્યો છે ૧૩.૯ બાર મહીના બે વર્ષ રાહ જોઇ હોત આ રૂપિયા આપ્યા વગર ઓટોમેટિક ૩૨ થઇ જાત. એમાં હું ખોટો હોવ તો પ્લીઝ મને આપ કહેજો. હું એના ફીગર આપને મોકલી આપીશ. શાંતિથી આપે મારી વાત સાંભળી અને હું ઇચ્છુ છું કે ગુજરાત સરકાર આવી રીતે ગુમરાહ કરવાનું, વિકાસ અને બાકીની જે કંઇ વાત છે કે આવી રીતે અમે વાત કરીએ છીએ, મોંઘવારી, એમના જ લીધે આ થયું છે, એવું જે કહે છે, પણ જે મેં વાત કીધી એમાં ભ્રષ્ટાચારની બૂ આવે છે અને વિકાસ બીજા રાજયો સાથે જુઓ તો ગઇકાલે બિહાર જેવું રાજય હતું, ઓરિસ્સા જયાં ભૂખમરો હતો એવા રાજયો કરતા, આફ્રિકન કન્ટ્રીઝ કરતા ગુજરાતમાં ભૂખમરો વધારે છે. આપણે જોઇએ છીએ એવું બધે જ નથી. જેટલું દેખાય છે એટલું સફેદ નથી, એટલે આ રીતે ભવિષ્યમાં સરકાર આવી રીતે ગુમરાહ કરવાની કોશિશ ન કરે, એ શબ્દો સાથે હું આપનો અને આપ બધાનો આભાર માનુ છું.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, મારો પોઇન્ટ ઓફ ઓર્ડર..

અધ્યક્ષશ્રી : એક મિનિટ. કંઇ બોલવાનું ના હોય.

શ્રી ગણપતભાઇ વે. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, શરૂ જ નથી થયું ત્યાં શેનો પોઇન્ટ ઓફ ઓર્ડર હોય?...

અધ્યક્ષશ્રી : એક મિનિટ એમની વિનંતી કહે છે.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત :માનનીય અધ્યક્ષશ્રી, માનનીય વિપક્ષના નેતાશ્રી બોલી રહ્યા હતા, એક તો અમને સમય ઓછો મળે છે. દસ મિનિટ પોઇન્ટ ઓફ ઓર્ડરમાં જાય ..

અધ્યક્ષશ્રી : એમાં આપણે કંઇ ના કહી શકીએ બલવંતસિંહભાઇ, એ આઇધર પાર્ટીમાં જતો હોય છે.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : તો અમે પણ આ જ કરીએ ને?

અધ્યક્ષશ્રી : છતાં પોઇન્ટ ઓફ ઓર્ડર તો મેં એલાઉ જ નથી કર્યો એની ચર્ચા જ નથી થઇ. માણસ ઉભા થઇ શકે.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : આજે દસ મિનિટ બગડી ગઇ.

અધ્યક્ષશ્રી : મને ખ્યાલ આવી ગયો. એ દસ મિનિટ અમારી ગઇ એ દસ મિનિટ વધારી દો એવી વાત છે. માનનીય રમણભાઇ.

**શ્રી રમણલાલ વોરા(સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, ''હમકો તો અપનોને લૂંટા હૈ, ગૈરો મેં કહાં દમ થા?'' માનનીય વિરોધ પક્ષના નેતાશ્રીએ રાજ્યપાલશ્રીના પ્રવચનમાં એમ કહ્યું હતું કે, હું ભા.જ.પા.ને સારી રીતે ઓળખું છું. માનનીય બાપુ સાહેબ, અમે પણ તમને નખશિખ સારી રીતે ઓળખીએ છીએ. એક શાયરે કહ્યું છે કે, ''નાદાન ઔર કમ હિંમતવાલે અપના આશિયાના બદલતે હૈ, ક્યા આશિયાના બદલને સે ઇન્સાન બદલ જાતા હૈ? '' ભારતીય જનતા પાર્ટીના શાસનમાં આદરણીય નરેન્દ્રભાઇ મોદીના શાસનમાં આ રાજ્ય સરકારે વિકાસની હરણફાળ ભરી છે. અહીંયા ઘણી બધી વાતો થઇ છે, બધાની વાત હું મારા પ્રવચનમાં કહેવા માગતો નથી. પરંતુ મને બરાબર ખબર છે કે ૧૯૯૫માં પહેલી વખત હું ધારાસભ્ય બન્યો, પહેલી વખત હું મિનિસ્ટર બન્યો. ઉર્જા વિભાગનો મિનિસ્ટર બન્યો અને ઇડરના ગામડાંમાં હું પ્રવાસ કરતો હતો અને એ વખતે મારા ઇડરના લોકો રાતના સમયે ત્યાં ક્યાંક જાઉ, લાઇટ આવે તો કહે રમણભાઇ આવ્યા અને લાઇટ જાય એટલે રમણભાઇ ગયા. ૧૯૯૫માં મારા મત વિસ્તારના લોકો પૂછતા હતા કે રમણભાઇ, વાળુના સમયે તો વીજળી આપો. વાળુના સમયે વીજળી ન હતી એટલું પૂરતુ નથી. ગામડાંનો અભણ માણસ પણ કહેતો હતો કે લોડ શેડીંગ, આ લોડ શેડીંગ શબ્દ ક્યાં ખોવાઇ ગયો? આજે ગુજરાતની જનતા, ગુજરાતની પ્રજા લોડ શેડીંગ શબ્દ ભૂલી ગઇ છે. ગામડાંના ચોકમાં

મોટર બાંધવાવાળાની દુકાનો લાગતી હતી. ટ્રાન્સફોર્મર બળી જાય, બે બે મહિના ટ્રાન્સફોર્મરો મળતા ન હતા. આ દુકાનોવાળા ક્યાંય ખોવાઇ ગયા. આજે ભારતીય જનતા પાર્ટીના શાસનમાં જ્યાં લોડ શેડીંગ ચાલતું હતું, જ્યાં વાળુના સમયે વીજળી મળતી ન હતી ત્યાં આજે ૧૮૬૦૦ ગામો જ્યોતિગ્રામથી ઝળહળતાં થયાં. આજે દિલ્હી, મુંબઇ, કલકત્તા કે ચેન્નૈઇ કોઇપણ મેટ્રોપોલિટન સિટીમાં ૨૪ કલાક વીજળી મળતી નથી. ગુજરાતના ૧૮૬૦૦ ગામડાંમાં ૨૪ કલાક વીજળી મળે છે. જ્યોતિગ્રામ એટલે માત્ર વીજળી નહીં, આજે ભા.જ.પ.ના શાસનમાં ધોરણ–૫માં અભ્યાસ કરનાર વિદ્યાર્થીને કોમ્પ્યુટર શિખવાડીએ છીએ. આ કોમ્પ્યુટર પાંચમા ધોરણના વિદ્યાર્થીને જો શિખવાડવું હોય તો મારે વીજળીની જરૂર પડે. આખા દેશમાં પાંચમા ધોરણથી જો કોમ્પ્યુટરની કોઇએ શરૂઆત કરી હોય તો વીજળીના કારણે માનનીય નરેન્દ્રભાઇ મોદીના શાસનમાં અમે કરી છે. માત્ર વીજળી એટલે અજવાળું નહીં. ગામડાંનો વિદ્યાર્થી હોય, ૧૦માં ૧૨માં ધોરણની પરીક્ષા હોય, શહેરના વિદ્યાર્થીને સુવિધા મળે, ગામડાંના વિદ્યાર્થીને લાઇટ ન હોય. પહેલાં ૧૦ નંબર આવતા હોય એમાં ક્યાંક અમારો એકાદો ગામડાંનો વિદ્યાર્થી આવે. આજે ધોરણ–૧૦ અને ૧૨ની પરીક્ષા થાય છે ત્યારે પહેલાં એક હજાર વિદ્યાર્થીઓમાં ૬૫ ટકા વિદ્યાર્થીઓ ગામડાંના છે. આ જ્યોતિગ્રામના કારણે છે.

પીવાના પાણીની મોટરો, ગામમાં ઘંટીવાળાને અનાજ દળવા માટે બે–ત્રણ દિવસ સુધી રાહ જોવી પડતી હતી. એક દરજી માત્ર બે ઘરનું કામ કરે અને પેટિયું રળતો હતો એ આજે ૧૨ ઘરનું કામ કરે છે અને પોતાનું જીવન સારી રીતે ચલાવે છે. ઝૂંપડપટ્ટીમાં રહેનારો, ગામડાંનો રહેનારો માણસ શહેરની ઝૂંપડપટ્ટીમાંથી ગામડાંમાં આવ્યો. હીરા ઘસવાવાળો પણ ગામડાંમાં પોતાના ઘેર ઘંટી કરે અને અમારા બનાસકાંઠા જિલ્લાનો સુરતની ઝૂંપડપટ્ટીમાં રહેનાર નવયુવાન આજે પોતાના ગામે પાછો આવ્યો, હીરા ઘસવા માંડયો, ખેતી કરવા માંડ્યો અને મા–બાપની સેવા પણ કરવા લાગ્યો. આ પહેલાં અમે જ્યારે રાધનપુરની પેટા ચૂંટણીમાં ગયા હતા અને રાધનપુરની ચૂંટણીમાં સૂત્રો લખવામાં આવ્યા હતા. માનનીય અધ્યક્ષશ્રી, સૂત્ર લખવામાં આવ્યું હતું ''નર્મદાનું પાણી બાપુ લાવશે તાણી'' ક્યારે તાણી લાવશે? ત્યારે તાણી લાવવાની વાત કરતા હતા હજુ સુધી કાંઇ થયું નહિ. નરેન્દ્રભાઇ મોદીના શાસનમાં બનાસકાંઠામાં નર્મદાના નીર વહેતા થયા છે.

લોકાયુકતની એક વાત કરી કે આ સરકાર આમ કરી રહી છે? તમે શું કરવા આગળ ગયા હતા? આગળની કોર્ટમાં ગયા છે આદરણીય ભુપેન્દ્રસિંહજીએ કહ્યું છે ત્યારે મારે માત્ર જૂની વાત યાદ કરાવવી છે. શ્રીમતી ઇન્દિરાબેન ગાંધીને અલાહાબાદ હાઇકોર્ટે ચુકાદો આપ્યો અને એમને ૬ વર્ષ માટે સસ્પેન્ડ કર્યા હતા. હાઇકોર્ટનો ચુકાદો માથે ચઢાવવો હતોને? શું કરવા આ દેશમાં કટોકટી મૂકી? આ દેશમાં પહેલી વખત લોકશાહીનું હનન થયું, કટોકટી આવી અને હજારો લોકો જેલમાં ગયા. માનનીય અધ્યક્ષશ્રી, એમાંના અહીંયા પણ બેઠા છે. માનનીય અધ્યક્ષશ્રી, એમાં આપનો પણ સમાવેશ છે. પંરતુ આપ આ સ્થાને બેઠા છો એટલે બીજી વાત નહિ કરૂં.

માત્ર અને માત્ર તૃષ્ટિકરણ, દેશની નામદાર સુપ્રીમ કોર્ટ, શાહબાનું કેસની અંદર ચુકાદો આપે અને આ ચુકાદાનું તૃષ્ટિકરણ કરવા માટે તમે બંધારણીય સુધારો લાવો. એ વખતે તમને સુપ્રીમ કોર્ટ યાદ આવતી નહોતી? એ વખતે તમને કાયદો આવતો નહોતો? માત્ર અને માત્ર તૃષ્ટિકરણ કરવા માટે શાહબાનુ કેસની અંદર માત્ર બંધારણીય સુધારો આવે છે. લોકશાહીના મંદિર સમી પાર્લામેન્ટની અંદર મિલીટરીના જવાનોને મોતને ઘાટ ઊતારવામાં આવ્યાં. દેશની સુપ્રીમ કોર્ટે અફજલ ગુરુને ફાંસીની સજા આપી. ૧૨–૧૨ વર્ષ શું કરવા રાહ જોઇ? તમે જો એમાં માનતા હતા, લોકાયુક્તની વાત માનો છો અને કાયદાની વાત કરો છો તો ૧૨–૧૨ વર્ષ થયા અફજલ ગુરૂને ફાંસી કેમ ના આપી? માત્ર અને માત્ર તૃષ્ટિકરણની વાતો, માત્ર અને માત્ર દેશ હિતની વાતો. હમણાં માનનીય અધ્યક્ષશ્રી, વાત થઇ રાઉલજીએ કહી દીધુ, લોકાયુક્તની નિમણૂક થઇ ગઇ. આગળ ગયા છે અને તમે સાંભળ્યું નહિ હોય અને અમે જ એટલા માટે ગયા છીએ કે સુપ્રીમ કોર્ટમાં જવાની જરૂરિયાત હતી. તમારા શાસનમાં તો સુપ્રીમ કોર્ટે આપેલા નિવેદન ઉપર બંધારણીય સુધારા કર્યા છે. તમારે અને કાયદાને કાંઇ સ્નાન–સૂતકનો સંબંધ નથી. (અંતરાય) કોંગ્રેસે કાયદાની વાત ક્યારેય કરવાની જરૂર નથી.

અધ્યક્ષશ્રી : માનનીય રમણભાઇ બજેટ ઉપર આવો. (અંતરાય) કાંઇ જરૂર નથી.

શ્રી રમણલાલ ઇ. વોરા : માનનીય અધ્યક્ષશ્રી, હું ગ્રામ્ય વિસ્તારમાંથી આવું છું. બી.ટી. કોટન મારા મત વિસ્તારમાં આવતું હતું ત્યારે કેન્દ્ર સરકારનો પરિપત્ર આવ્યો. આ બી.ટી. કોટન તો નુકસાનકારક છે, હાનિકારક છે, પર્યાવરણને નુકસાન કરે છે, ઊભો પાક સળગાવી નાંખો. આ પરિપત્ર કોણે બહાર પાડ્યો હતો? આ જ દિલ્હીના શાસકોએ બી.ટી. કોટન માટેનો પરિપત્ર બહાર પાડ્યો હતો. (અંતરાય)

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : સાહેબ, આમાં કેન્દ્ર સરકારની વાત કરે છે. (અંતરાય)

અધ્યક્ષશ્રી : એક મિનિટ આ બી.ટી. કોટન માટેનો સવાલ છે. (અંતરાય) બી.ટી.કોટન માટે કેન્દ્ર સરકારે ઊભો પાક સળગાવી નાંખવા માટે થઇને પરિપત્ર બહાર પાડ્યો હતો એ હકીકત છે, એ જ વાત કરે છે અને ગુજરાતમાં બન્યું હતું એ જ વાત કરે છે. એક મિનિટ. બાકીના સભ્યશ્રીઓ શાંતિ રાખો.

શ્રી રમણલાલ ઇ. વોરા : માનનીય અધ્યક્ષશ્રી, બી.ટી. કોટન ઉપર પ્રતિબંધ મૂકયો હતો. મટન માટે સબસિડી અને કાપડની નિકાસ ઉપર નાકાબંધી. આ કોની વાત? આ ખેડૂતોના હિતની વાત નથી. માનનીય અધ્યક્ષશ્રી, આ વખતની વાત કરૂં છું, હમણાં તમારે પણ ખેતીની સાથે, ખેડૂત સાથે કાંઇ લેવાદેવા હોય તો ૧૫ દિવસ પહેલાં જ ગુજરાતના કપાસનો ભાવ ૮૫૦ રૂપિયા હતો. ગુજરાતના ખેડૂતોએ કપાસ વેચી દીધો. વેપારીઓ પાસે ગયો. આજે ભાવ ૧૦૦૦ રૂપિયા છે. ૮૫૦ ખેડૂતો માટે અને જ્યારે વેપારીઓ પાસે ગયો ત્યારે ૧૦૦૦ રૂપિયા.

મારે બે બાબત શિક્ષણ વિભાગની કહેવી છે. શાળા પ્રવેશોત્સવ છેલ્લા ૧૦ વર્ષથી ધોમધખતા તડકામાં રાજ્ય સરકાર મિત્રો આલેખ જગાવીને દલીત, પીડિત, શોષિત સમાજ, આદિવાસી સમાજ અને ગામડાંમાં બેઠેલ ગરીબના બાળકને ભણવાની વ્યવસ્થા કરે છે. સો ટકાનું નામાંકન, અઠ્ઠાણું ટકાનો ડ્રોપ આઉટ રેશિયો અને માનનીય અધ્યક્ષશ્રી, આના પહેલાં વિરોધપક્ષના નેતા, અત્યારે તો નથી, ચૂંટણીમાં હારી ગયા. એમણે એવું કહ્યું હતું કે, આખા દેશમાં તમે શિક્ષણમાં એકવીસમાં ક્રમે છો. આ રેકર્ડની વાત કરૂં છું. આજે વિરોધપક્ષના નેતા એવું કહે છે કે, તમે ચૌદમાં ક્રમે છો. એક કહે, એકવીસમા ક્રમે, બીજા કહે કે, ચૌદમા ક્રમે ?

માનનીય અધ્યક્ષશ્રી, જયારે ભારતીય જનતા પાર્ટીના શાસનની અંદર ગુણોત્સવના કારણે, શાળા પ્રવેશોત્સવના કારણે બાળકો ભણે છે. મારે મિત્રોને પૂછવું છે કે, તમારૂં શાસન હતું ત્યારે દીકરીઓ માટેની એક મુતરડીની વ્યવસ્થા તો કરવી હતી ને ?(અંતરાય, આ તકે સભ્યશ્રી બાવકુભાઇ કાંઇક બોલતાં)

અધ્યક્ષશ્રી : એક મિનિટ, બાવકુભાઇ બોલવા દોને એમને. પછી તમારી વખતે જ આ વારો આવશે.

શ્રી રમણલાલ ઇ. વોરા : સાહેબ, એ ભેગા જ હતા ત્યારની આ વાત કરૂં છું. અમારા ભેગા જ હતા. કુદકો મારેલા લોકો છે અને બે બાંગ વધારે પોકારે એવી સ્થિતિ છે.

અધ્યક્ષશ્રી : ભાઇ, એવું લાગશે તો બીજો કુદકો મારશે. તમે તમારૂં પ્રવચન ચાલુ રાખો ને.

શ્રી રમણલાલ ઇ. વોરા : માનનીય અધ્યક્ષશ્રી, સો ટકા નામાંકન. ડ્રોપ આઉટ રેશિયો કોંગ્રેસના શાસનમાં બેતાલીસ ટકા, આજે માત્ર બે ટકા અને મોટા રાજયોમાં આજે ગુજરાત માનનીય અધ્યક્ષશ્રી, છઠ્ઠા ક્રમે છે. મારે કોંગ્રેસના મિત્રોને પૂછવું છે કે, દીકરીઓ માટે મુતરડીની તો વ્યવસ્થા શાળામાં કરવી હતી. બીજુ તો તમારાથી કાંઇ ના થાય. મુતરડીની તો વ્યવસ્થા કરવી હતી, શાળામાં લાઇટની તો વ્યવસ્થા કરવી હતી, પૂરતા શિક્ષકો તો ભરવા હતા, કમ્પાઉન્ડ વોલ જેવી તો વ્યવસ્થા કરવી હતી. તમે તો આવું કશું ના કર્યું. માનનીય અધ્યક્ષશ્રી, ૨૦૦૧ની સાલમાં ગુજરાતની અંદર ૪૦૦ કોલેજો હતી. આજે શ્રી નરેન્દ્રભાઇ મોદીના શાસનમાં ૧,૭૦૦ કોલેજો છે. ૨૦૦૧માં ગુજરાતમાં ૧૧ યુનિવર્સિટીઓ હતી, આજે ૪૪ યુનિવર્સિટીઓ છે અને એ પણ વિશિષ્ટ પ્રકારની યુનિવર્સિટીઓ. માનનીય અધ્યક્ષશ્રી, વિરોધપક્ષના નેતાશ્રીને મારે પૂછવું છું કે, આ ચિલ્ડ્રન યુનિવર્સિટી શું છે, જરા કહો તો ખરા? ટેરેસ તલાવડીની તમને ખબર નથી, ચિલ્ડ્રન યુનિવર્સિટીની ખબર નથી. તમને ખબર નથી એનો ઉલ્લેખ શું કરવા કરો છો ? (અંતરાય) એ જાણીને બીજા વકતવ્યમાં મને કહેશે તો આનંદ થશે. (અંતરાય)

અધ્યક્ષશ્રી : તમે સમજાવી દો ને એટલે યાદ આવી જશે.

શ્રી રમણલાલ ઈ. વોરા : હવે હોત તો સમજાવત સાહેબ.

અધ્યક્ષશ્રી : ના, ના એ સાંભળે છે બેઠા બેઠા.

શ્રી રમણલાલ ઈ. વોરા : સાહેબ પચાસ, પચાસ વર્ષ સુધી નહીં સમજ્યા, હવે તો શું સમજશે ?

અધ્યક્ષશ્રી : તો કાંઇ વાંધો નહીં, જાવા દો ત્યારે.

શ્રી રમણલાલ ઈ. વોરા : અને આ તો આ લોકોને ખબર નથી. પચાસ વર્ષેય અમારા ન થયા, તમારા ક્યાંથી થશે?(અંતરાય)

અધ્યક્ષશ્રી : તમે બજેટ ઉપર આવી જાવ ને.

શ્રી રમણલાલ ઈ. વોરા : સાહેબ, આ બજેટનું જ આ (અંતરાય)

અધ્યક્ષશ્રી : આમાં એકાદ છાંટો આવી જાય તો વાંધો નહીં (અંતરાય) બેય તરફથી એવું છે. કોઇ વ્યક્તિનું નામ ( અંતરાય) પણ છતાંય એને બોલવા દીધા, એકેયનો પોઇન્ટ ઓફ ઓર્ડર આપણે લીધો નથી.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : આની આ પરિસ્થિતિમાં દસ મિનિટ બગાડી સાહેબ.(અંતરાય)

અધ્યક્ષશ્રી : ના, દસ મિનિટ નથી બગાડી.(અંતરાય) એક મિનિટ, બલવંતસિંહ, બે જણા જ ઉભા થયા હતા. એકવાર અહીંથી અને બીજા પીયુષભાઇ એ બે જ જણાં (અંતરાય) ભાઇ, તમે બેસો ભુષણભાઇ, તમારે દેવાનો છે જવાબ ? શાંતિ રાખો. તમારૂં ચાલુ રાખો.

શ્રી રમણલાલ ઈ. વોરા : માનનીય અધ્યક્ષશ્રી, વિરોધપક્ષના નેતાએ ભ્રષ્ટાચારનો પણ આરોપ કર્યો. માનનીય અધ્યક્ષશ્રી, શાયરે ખૂબ સરસ કહ્યું છે કે,

**"એક હી ઉલ્લુ કાફી હે બરબાદ ગુલીસ્તાં કરને કો,**
**દિલ્હી મેં તો હર શાખા પર ઉલ્લુ બેઠે હૈં,**
**અંજામે ગુલીસ્તાં ક્યા હોગા ?"**

માનનીય અધ્યક્ષશ્રી, મારે રોજગારીની વાત કરવી છે. ગુજરાતની અંદર દસમાં અને બારમાં ધોરણની અંદર ભણતા વિદ્યાર્થીઓની સંખ્યા, દર વર્ષે તેર લાખ વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે. નોંધાયેલા આંકડા બેરોજગારીના કેટલા? એમણે કહ્યું એ પ્રમાણે નવ લાખ બીજા ગણીને એમણે કહ્યું ૧૮ લાખ. ૧૩ લાખ લોકો દર વર્ષે ધોરણ ૧૨ની પરીક્ષામાં બેસે છે અને પાસ થાય છે, એટલા માટે આ રાજય સરકારે ૨૦૦૩ થી શરૂ કરીને આજદિન સુધી(અંતરાય) પાછલા વર્ષોમાં તમે હતા ત્યારે આ લોચો હતો. અત્યારે બધું બરાબર ચાલે છે. માત્ર ૯ લાખની વાત કરે છે, ત્યારે આખા દેશની અંદર ૨૦૦૩ થી શરૂ કરીને ૨૦૦૮ સુધી. દિલ્હીના લેબર ડિપાર્ટમેન્ટના આંકડા પ્રમાણે દિલ્હી સરકારના આંકડા પ્રમાણે આખા દેશમાં ૧૦૦ લોકોને રોજગારી મળે તો એકલા ગુજરાતમાં ૭૨ ટકા રોજગારી મળે છે. જો આ દિલ્હી સરકારના આંકડા ખોટા હોય તો એ સરકાર માટે મારે કાંઇ કહેવાનું નથી. ૨૮ ટકામાં આખો દેશ. આ પ્રકારની સ્થિતિ જ્યારે ચાલી રહી છે, ત્યારે વાંચે ગુજરાતમાં પાંચ વાક્યો અંગ્રેજીમાં તો બોલો? પહેલાં બધા અમે સત્તામાં આવ્યા ત્યારે તમે આખું ગુજરાત અંગ્રેજીમાં બોલતું હતું. અમે આવ્યા એટલે ભૂલી ગયા. ૧૯૯૫ પહેલાં તો લખેલું હતું કે આ જ ગુજરાત સાક્ષરતાના પથે. એ સાક્ષરતાના પંથેવાળા આજે ૨૦૧૩ માં માત્ર ૧૪ માં ક્રમે. એ વખતે તો સાક્ષરતાના પથે ૧૦૦ ટકા હતા. બધા અભણ કેવી રીતે થઇ ગયા? આ તમારા સૂત્રો, મારું જ શાસન. માત્રને માત્ર વાતો કરવાની? જ્યારે વાયબ્રન્ટ ગુજરાતની વાત થઇ છે, ત્યારે આ રાજય સરકાર જાણે છે કે વાયબ્રન્ટ ગુજરાતમાં આવનાર ઉદ્યોગપતિ એ પોતાનો ઉધ્યોગ કરવા માટે આવે છે. આ ઉદ્યોગ કરવા આવે છે, ત્યારે રાજય સરકારનું લક્ષ્ય છે કે તેમાંથી રોજગારી મળે. કોઇપણ મા-બાપ હોય પોતાનાં દીકરાને પેટે પાટા બાંધીને ભણાવે છે કે કાલે મારો દીકરો મોટો થાય અને નોકરી કરે, ધંધો કરે, વ્યવસાય કરે. મારા ઘરડાની લાકડીનો ટેકો બને. મિત્રો, આ પ્રકારનાં મા-બાપનાં બાળકો જ્યારે અભ્યાસ કરતાં હોય, ત્યારે રોજગારી મળવી જરૂરી છે, એટલા માટે વાયબ્રન્ટ ગુજરાત કાર્યક્રમના કારણે એમ.બી.એ., એમ.સી.એ., એમ.ફીલ. કે પી.એચ.ડી. થયેલા વિદ્યાર્થીઓને ઇન્ટરનેશનલ કંપનીઓ આવશે, ત્યારે ગુજરાતના વિદ્યાર્થીઓને એમાં વધારે રોજગારી મળે. આ રોજગારીની વાત આ રાજય સરકારે કરી છે. તમે બધા જાણો છો

તેમ.(અંતરાય)

અધ્યક્ષશ્રી : ( કોંગ્રેસ પક્ષના કોઇ સભ્ય બેઠા બેઠા બોલતા) ભાઇ, તમારે શું છે? બહુ ઇચ્છા છે બોલવાની? શું કામ બેઠા બેઠા બોલો છો. તમારો વારો આવવાનો જ છે. એ નેનો ગાડી આવડી છે એનો જવાબ આવડો આવશે. એના કરતા શાંતિ રાખો ને? રમણલાલ તમારૂં ચાલુ રાખો. નેનો સિવાય બોલશો. મારી સામે જુઓ.

શ્રી રમણલાલ ઇ. વોરા : હમ આહ ભી ભરતે હૈ તો હો જાતે હૈ બદનામ, હમ આહ ભી ભરતે હૈ તો હો જાતે હૈ બદનામ. વો કત્લ ભી કરતે હે તો ઉનકી ચર્ચા નહિ હોતી. હું જે વાત કરતો હતો. ખેલ મહાકુંભની. ગામડાંના સ્તરથી બેઠેલો માણસ, ગામડાંમાંથી શરૂઆત કરીને શહેર સુધી, રાજય સુધી ૨૫ લાખ કરતા વધારે યુવાન મિત્રો આ ધરતીની ધૂળને માથે લલાટ લગાડીને સ્પોર્ટસમેન સ્પિરિટના પાઠ ભણ્યા છે. આ ગુજરાતનો યુવાન સમૃદ્ધ હોય, આ ગુજરાતનો યુવાન તાકાતવાન હોય, એટલા માટે ગુજરાતના મુખ્યમંત્રીએ ખેલ મહાકુંભની શરૂઆત કરી. મારા યુવક સેવા અને સાંસ્કૃતિક વિભાગની આજદિન સુધી કોઇ વાત ન કરે. ચર્ચા ન થાય. આજે ખેલ મહા કુંભના કારણે સમગ્ર ગુજરાતના વિદ્યાર્થીઓ એમાં ભાગ લેતાં થયા અને એની પાછળ કરોડો રૂપિયા આ રાજય સરકારે ખર્ચ્યા છે. એ આપ જાણો છો. વાયબ્રન્ટ ગુજરાતના કાર્યક્રમ પાછળ આ રાજય સરકારની અપેક્ષા છે કે કયો ઉદ્યોગ કયા જિલ્લામાં આવશે, કયા તાલુકામાં આવશે. એ ઉદ્યોગને કેવા માણસો જોઇશે. એને જેવા પ્રકારના માણસો માટે, સ્કિલ લેબર માટે કોઇ જગ્યાએ આઇ.ટી. હોય, કોઇ જગ્યાએ પોલિટેકનિક, કોઇ જગ્યાએ એન્જિનિયર હોય, કોઇ જગ્યાએ મેડિકલ કોલેજ હોય આના માટે સ્કિલની જરૂરિયાત ઉભી થાય. ગુજરાતના આદરણીય મુખ્યમંત્રીએ સ્કિલ્ડ યુનિવર્સિટીની સ્થાપના કરીને ગુજરાતના યુવાનોને એકવીસમી સદીનું એક માર્ગદર્શન આપ્યું છે. એના માટે ગુજરાત સ્કિલ ડેવલપમેન્ટ કોર્પોરેશનની વાત કરી છે. ગુજરાતના આદરણીય મુખ્યમંત્રીશ્રી સંવેદનશીલ મુખ્યમંત્રી છે. તે સંવેદનશીલ મુખ્યમંત્રી હોવાના કારણે તેમણે ગામડાંનો વિચાર કર્યો. ગામડાંના ગરીબોનો વિચાર કર્યો. ગરીબ કલ્યાણ મેળા કર્યા. વચેટીયાઓ નાબૂદ કર્યા. વચેટીયાઓને નાબૂદ કરીને હજારો માણસોની હાજરીમાં, સેંકડો કેમેરાઓની સામે હાથોહાથ ૮૦ લાખ કરતાં વધારે લાભાર્થીઓને લાભ આ ગુજરાતના આદરણીય મુખ્યમંત્રીશ્રીએ આપ્યો છે. આવાસની વાત મારે કરવી છે. આવાસની વાત હું કરૂં છું ત્યારે આપ બધા જાણો છો તેમ આ રાજય સરકારની દસ કરતાં વધારે આવાસ યોજના છે. અહીંયાં જયારે વાત કરે ત્યારે દસમાંથી નવ આવાસ યોજના ગુજરાત સરકાર પોતે ચલાવે છે. એક યોજના માત્ર કેન્દ્ર સરકારની છે. કેટલો ફાળો આપશો, કેમ કરશો, વધારે કરશો, દસ કરીએ છીએ તેમાંથી નવ તો અમારા બલબુતા પર કરીએ છીએ. એકમાં ફાળો આપો છો તેમાંય દાતારી કરતા હોય એમ કેટલો ફાળો આપવાની વાત થતી હોય ત્યારે મારે એ કહેવું છે કે ચૂંટણી પહેલાં તો ગુજરાતની બહેનોને રક્ષાબંધનની ભેટ. ઘરનું ઘર, ૭૦ હજાર રૂપિયા રોકડા ભરો અને પંદર વર્ષની લોન. આ રક્ષાબંધનની ભેટ છે સાહેબ? રક્ષાબંધનના દિવસે ૭૦ હજાર રૂપિયા રોકડા ભરો અને પંદર વર્ષનો હપ્તો. આ કઇ ભેટ? માત્રને માત્ર ઘરના ઘરની યોજનાની વાત કરી અને એટલા માટે કહું છું કે આવાસની અંદર માનનીય મુખ્યમંત્રીશ્રીએ દસ જેટલી યોજનાઓ કરીને આ સંકલ્પપત્રમાં કહ્યું કે ઝૂંપડુ ત્યાં ઘર. તમે પણ જાણો છો કે એક મા-બાપના ચાર દીકરા હોય, કોઇ કંતાન બાંધીને રહે, કોઇ તાડપત્રી બાંધીને રહે, કોઇ વચ્ચે પડદો બાંધીને રહે. આ બધા જ લોકોની વ્યવસ્થા કોણ કરશે? એના માટેની ચિંતા રાજયના મુખ્યમંત્રીએ સંકલ્પ પત્રમાં ઝૂંપડુ ત્યાં ઘરની કરી. છ લાખ કાચા મકાનોને પાકા બનાવવાની યોજનાની વાત કરી. આની પાછળ ૪૪૦૦ કરોડ રૂપિયાની માતબર રકમ ફાળવી છે. મારે જયારે સ્વામી વિવેકાનંદજીની ૧૫૦મી જન્મ જયંતિ ચાલે છે ત્યારે કહેવું છે કે આજે સમગ્ર હિન્દુસ્તાન એ યુવા દેશ છે અને આ યુવા દેશની અંદર ગુજરાતમાં પણ જયારે યુવાનોની વધારે સંખ્યા છે ત્યારે આ યુવાનોને ધ્યાનમાં રાખીને રાજય સરકારે અનેકવિધ યોજનાઓ કરી છે. તેમાંની ઘણીબધી વાત કરી. શિક્ષણની અંદર આમૂલચુર પરિવર્તન કરીને પહેલો ગુજરાતનો વિદ્યાર્થી જે પરપ્રાંતમાં જતો હતો, વિદેશમાં જતો હતો આજે તે વિદ્યાર્થીને તે કક્ષાનું શિક્ષણ ગુજરાતમાં મળવા લાગ્યું છે. ગુજરાતના યુવાધનની ખૂબ મોટી સેવા આ રાજય સરકારે કરી છે. માત્ર શિક્ષણ નહીં. શિક્ષણની સાથે તેને રોજગારી મળે તેના માટેની પણ વાત આદરણીય મુખ્યમંત્રીશ્રીએ

કરી છે. આરોગ્ય, શિક્ષણ નહીં પણ ખેલ મહાકુંભની વાત કરી, તેના કારણે તેનું શરીર સૌષ્ઠવ સારું થાય અને ગુજરાતનો નવયુવાન આગળ ચાલે તેના માટેની વાત કરી છે.

વીજળીની વાત થઇ ત્યારે, સોલારની વાત થઇ. આજે આખા દેશમાં સોલાર પાર્કમાં ગુજરાત સરકાર પહેલાં નંબરે છે. પાટણ જિલ્લામાં સાંતલપુર તાલુકામાં ચારણકા ગામે સોલાર પાર્કનું ઉદ્‍ઘાટન કરીને સ્વર્ણિમ સૂર્ય તીર્થ નામ આપીને આ સોલારની અંદર એક નવી ક્રાંતિ ગુજરાતના આદરણીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીએ કરી છે. અહીં વાત થઇ સ્ટેચ્યુ ઓફ યુનીટીની. સરદાર સાહેબની. સરદાર સેનાના નામે કયાંક વાત ચાલે છે. સરદાર સાહેબના નામે કયાંક યાત્રાઓ ચાલી છે. જયારે ૧૦૦ કરોડના ખર્ચે સરદાર વલ્લભભાઇ પટેલ લોખંડી પુરૂષનું જયારે પૂતળું મૂકવા માટેની વાત કરી છે અને ૧૦૦ કરોડની ફાળવણી થાય તો •(xxxxxx) શાના માટે સરદાર સેનાની વાત કરો છો? ચૂંટણી પહેલાં શાના માટેની યાત્રા લઇને નીકળો છો? માનનીય અધ્યક્ષશ્રી, મારે એ કહેવું છે કે, સ્વર્ગસ્થ સરદાર વલ્લભભાઇ પટેલ, કોઇએ મોટા કર્યા નહોતા, પોતાની જાતે, પોતાની કૂનેહથી, પોતાની બળબુધ્ધિથી એ લોખંડી પુરૂષ બન્યા હતા, ત્યારે મારે એમને પૂછવું છે કે, દેશના નેતાઓના સ્ટેચ્યુ દિલ્હી ખાતે છે, મારે એટલું પૂછવું છે કે, દિલ્હીની અંદર સરદાર વલ્લભભાઇ પટેલનું સ્ટેચ્યુ ૩૩મા ક્રમે શું કરવા? ૩૩મા ક્રમે એ પણ એનડીએ અટલજીની સરકારમાં, જો કોંગ્રેસના હતા તો સરદાર સાહેબનું પુતળું મૂકવું હતું ને? કેમ નહીં મૂક્યું? સારું કામ કરવાવાળા બધા લોકોને ભારત રત્નનો ઇલ્કાબ આપવામાં આવે છે, જયારે ભારત રત્નનો ઇલ્કાબ કોઇ મહાનુભાવને આપવામાં આવે, ત્યારે આપણને આનંદ થાય, સ્વર્ગસ્થ રાજીવ ગાંધીજીને ભારત રત્ન ઇલ્કાબ આપ્યો મિત્રો, આપણને આનંદ થાય, પણ સરદાર સાહેબને કેમ નહીં? સરદાર સાહેબના મરણોત્તર ભારત રત્નનો ઇલ્કાબ બિન કોંગ્રેસી સરકારે આપ્યો છે, આજે દિલ્હીમાં જાઓ તો બધા જ નેતાઓના તમે સ્મારક જોશો. સરદાર સાહેબનું રાષ્ટ્રીય સ્મારક કયાં? તમે જયારે સરદાર સાહેબની વાત કરો છો ત્યારે, એમની વાત તો મેં પહેલાં (અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી, સહૃદયી કેશુભાઇ અમારા આદરણીય નેતા હતા, અને આજે પણ છે, આ ગૃહના સન્માનનીય નેતા છે, એમને ભિષ્મપિતા કરીને ૧૮ દિવસ સુધી બાણશૈયા પર સુવડાવવાવાળા અમે નથી, બાણશૈયા ઉપર સુવડાવવાવાળા લોકો છે એ ભિષ્મપિતાની વાતો કરે છે? શાના માટે? એમની પાછળ પાછળ જે ચાલવાવાળા માનનીય કેશુભાઇના નામે તરી ગયા. (અંતરાય) પીઠ પાછળ ખંજર ભોંકવાવાળા લોકોને કયારેય કેશુભાઇના નામનો ઉલ્લેખ કરવાનો અધિકાર નથી.

સાહેબ, મારે કૃષિ વિકાસની વાત કરવી છે, ગુજરાત આજે બીજી હરિયાળી ક્રાંતિમાં અગ્રેસર છે, કૃષિમાં કયાં છીએ, કેમ હતા, કૃષિ મહોત્સવ કેમ ચાલે છે? માનનીય અધ્યક્ષશ્રી, આ રાજય સરકાર અને એના એક લાખ કરતાં વધારે કર્મયોગી મિત્રો ધોમધખતા તડકામાં કૃષિ મહોત્સવના માધ્યમથી આધુનિક ખેતી થાય, ખેડૂતો એ તરફ વળે, એ માટેનો કાર્યક્રમ આ સરકાર કરી રહી છે અને જયારે આ કૃષિરથની વાત કરીએ છીએ ત્યારે આ સરકાર એના પર્યુમાં છે એના કરતાં વધારે, આજે એવું કહેવાય છે કે, સમગ્ર દેશમાં ગુજરાતના માનનીય મુખ્ય મંત્રીશ્રી સર્વશ્રેષ્ઠ મુખ્યમંત્રી, અન્ય રાજયોના મુખ્યમંત્રીશ્રીઓ પણ કામ કરતાં હશે, સારા કામો કરતા હશે, પરંતુ રાજય સરકાર જે કામ ન કરે, એના કરતાં પણ વધારે સારી રીતે અત્યાર સુધીમાં ગૃહમાં (અંતરાય) અવાજ બંધ, (અંતરાય) •(xxxxxx )એટલે (અંતરાય)

અધ્યક્ષશ્રી : માનનીય બાવકુભાઇ, (અંતરાય) જે કાંઇ હોય એ કરીને, તમે જવાબ દેજો, ઉભા થઇને, એ કોઇ સવાલ નથી, આપ ચાલુ રાખો.

શ્રી રમણલાલ વોરા : માનનીય અધ્યક્ષશ્રી, કૃષિરથના માધ્યમથી..

અધ્યક્ષશ્રી : એક મિનિટ, તમે બેસો, તમે શું કહો છો? એક મિનિટ, તમે શા માટે ઉભા છો? માનનીય બલવંતસિંહ ઉભા છે, શું હકીકત કહેવી છે એ કહે છે.

---

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા.

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, મારો પોઇન્ટ ઓફ ઓર્ડર એ છે કે, માનનીય મંત્રીશ્રી એમ કહે છે કે, (xxxxxx)

શ્રી રમણલાલ ઈ. વોરા : માનનીય અધ્યક્ષશ્રી, હું તો આ નીતિનભાઇ બાજુ જોઇને આમ કહેતો હતો. એ તો સન્માનીય સભ્ય છે મારા પરમ મિત્ર છે. મારાથી એવું કહેવાય જ નહીં.(અંતરાય) મારાથી એવું કેવી રીતે બોલાય? સવાલ જ પેદા નથી થતો.

અધ્યક્ષશ્રી : એક મિનિટ. હવે સ્પષ્ટતા થઇ ગઇ.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, આપ રેકર્ડ ઉપર જુઓ, (xxxxxx )

અધ્યક્ષશ્રી : એક મિનિટ. હવે સ્પષ્ટતા થઇ ગઇ. તમને નથી કહ્યું આ નીતિનભાઇ તરફ જોઇને કહ્યું છે. (અંતરાય) એક મિનિટ, આ શું થાય છે આમાં? આ પાંચ મિનિટ નથી બગડતી? એક મિનિટ, તમે બેસો, જેમણે પોઇન્ટ ઓફ ઓર્ડર ઉઠાવ્યો છે એની સાથે વાત કરૂં છું.(અંતરાય)

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, બે વાત થઇ. એક તો એમણે કહ્યું કે ચૂપ એમ કરીને જે વાત કરી, તો બંધ થઇ ગયા. અમને એમ થયું કે કંઇ નહીં, બરોબર છે વડિલ છે. પણ બીજી વાત એમણે (xxxxxx )એ બરાબર નથી. (અંતરાય)

શ્રી રમણલાલ ઈ. વોરા : (xxxxxx ) બાવકુભાઇ માટે હું કહેતો હોઉં છું સાહેબ! આવી (xxxxxx) વાત કરે એ બરાબર નથી.(અંતરાય)

અધ્યક્ષશ્રી : એક મિનિટ, તમે બેસો એ કહે છે એ સમજવા તો દો. અરે, તમે બેસો જીતુભાઇ, એમનો પોઇન્ટ ઓફ ઓર્ડર શું છે એ નહીં સાંભળવાનો? તમારે બધાએ જવાબ આપવાનો છે એનો? તમે બેસો, બોલો તમે.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, એમણે એમ કહ્યું કે (xxxxxx) એમ કહ્યું, આપને રેકર્ડ ચેક કરાવવું હોય તો કરાવી લેજો.

અધ્યક્ષશ્રી : એક મિનિટ, •(xxxxxx) એ શબ્દો રેકર્ડ ઉપરથી દૂર કરવામાં આવે. આગળ ચલાવો. (xxxxxx ) આગળ ચલાવો.

શ્રી રમણલાલ ઈ. વોરા : માનનીય અધ્યક્ષશ્રી, હું વાત કરતો હતો કૃષિની. માનનીય અધ્યક્ષશ્રી, ફરીથી નીતિનભાઇ કહે છે ત્યારે કહું છું કે, કોઇપણ સન્માનનીય સભ્યશ્રી માટે આવું બોલવા હું ટેવાયેલો નથી. બાવકુભાઇ તો મારા પરમ મિત્ર છે, તમે પણ મિત્ર છો. એવી ભાષામાં ક્યારેય વાત કરી નથી અને એ વાતને દોહરાવવાની જરૂર નથી, આના કારણે મારો સમય જાય છે. માનનીય અધ્યક્ષશ્રી, હું જે વાત કરતો હતો એ કૃષિરથના માધ્યમથી આજ દિન સુધીમાં ગુજરાતની અંદર કોઇ માણસને આંખની તકલીફ થાય તો મોતિયો ઉતરાવવા જાય પણ પશુઓના મોતિયાનું શું? અત્યાર સુધી ક્યારેય કોઇ સરકારને યાદ ન આવ્યું? આ કામ ગુજરાતના મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીને યાદ આવ્યું કે, માણસને મોતિયો ઉતરાવાય તો આ પશુઓના મોતિયાની પણ ચિંતા કરવી પડે, માણસને દાંતની તકલીફ થાય તો માણસ દાંતના ડોક્ટર પાસે જાય પણ આ પશુઓને દાંતની તકલીફ થાય તો શું? એટલા માટે આ પશુ આરોગ્ય મેળાની અંદર આ પશુઓના દાંતની ચિકિત્સાની વાત પણ કરી છે. જીવદયાનું ઉત્તમ કામ આ કૃષિ રથની સાથે ગુજરાતના આદરણીય મુખ્ય મંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીએ કરી છે અને એટલા જ માટે હમણાં થોડાક દિવસો પહેલાં કૃષિ કર્મણ પુરસ્કાર દિલ્હી સરકારે આ ગુજરાત સરકારને એનાયત કર્યો છે. માત્ર આ એક પુરસ્કાર આપ્યો છે એવું નથી અનેક પુરસ્કારો આપ્યા છે. રાજીવ ગાંધી ફાઉન્ડેશને પણ આ સરકારને શ્રેષ્ઠ સરકારનો પુરસ્કાર આપ્યો છે અને એટલા માટે જ્યારે અનેક એવોર્ડો મળ્યા છે ત્યારે છેલ્લી વાત મારે ગામડાંની કરવી છે.

આદરણીય મુખ્યમંત્રીશ્રીનું સ્વપ્ન છે, આત્મા ગામડાંનો હોય અને સુવિધા શહેરની હોય અને એટલા જ માટે અનેકવિધ યોજનાઓ ૧૯૯૫ પહેલાં આ બજેટની અંદર ગામડાંનું નામ ન હતું. ગોકૂળ ગ્રામ યોજના, સમરસ ગ્રામ યોજના, નિર્મળ ગ્રામ યોજના, જ્યોતિગ્રામ યોજના, તીર્થ ગ્રામ યોજના, પાવન ગ્રામ યોજના

• માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો રેકર્ડ ઉપરથી દૂર કરવામાં આવ્યા.

સાહેબ, ગામડાંની આખી કરવટ બદલાઇ ગઇ અને એના કારણે જે ગુજરાતના માઇગ્રેશન કરીને શહેરમાં આવતાં લોકો ગુજરાતની અંદર ગામડાંમાં રહેવા માંડ્યા અને એની પાછળ અનેકવિધ કામો કરીને ઇલેક્ટ્રોનીક ઇ-ગ્રામ સુધીની યોજના ગુજરાતના આદરણીય મુખ્યમંત્રીશ્રીએ શરૂ કરીને ગામડું, તાલુકા કક્ષા, નગરપાલિકા અને મહાનગરપાલિકાને રાજય સુધી આમૂલ પરિવર્તન કરીને વિકાસની એક નવી હરણફાળ આદરણીય મુખ્યમંત્રીશ્રીએ કરી છે ત્યારે આદરણીય નીતિનભાઇ પટેલ જે બજેટ લઇને આવ્યા છે ત્યારે એ બજેટને સમર્થન આપીને હું મારી વાત પૂરી કરૂં છું.

**વિ રા મ ૨-૩૦ થી ૩-૧૫**

**(અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને)**

શ્રી વાસણભાઇ ગો. આહિર(અંજાર) : માનનીય અધ્યક્ષશ્રી, અંદાજ પત્રની સામાન્ય ચર્ચામાં મારા વિચારો રજૂ કરવા માટે અને એને સમર્થન આપવા માટે ઉભો થયો છું ત્યારે આ દેશને આઝાદ થયાને વર્ષો વીતી ગયા અને આ દેશ જયારે આઝાદ થયો ત્યારે પુજ્ય બાપુએ કહ્યું હતું કે, આ દેશમાં ગરીબ, શોષિત, દલિત લોકોના કલ્યાણ માટે અગર જો ગામડું સમૃદ્ધ હશે તો આ દેશ સમૃદ્ધ થશે. એ વખતે આ હિન્દુસ્તાનના ગામડાંઓમાં દૂધ અને ઘીની નદીઓ વહેતી હતી. પરંતુ વર્ષોના વહાણાં વાયા પછી પરિસ્થિતિ આ દેશની એવી થઇ કે ગામડું હતું તેની આખી પરિકલ્પના બદલાઇ ગઇ છે. ગામડું એટલે કોઇ સુવિધા નહીં, ગામડું એટલે કોઇ રસ્તો નહીં, વીજળી નહીં, શિક્ષણ નહીં, રોજગારી નહીં, આરોગ્યની કોઇ સુવિધા નહીં અને દિન પ્રતિદિન આ દેશના અને રાજયના ગામડાંઓ ખાલી થતા ગયા અને પરિસ્થિતિ એ આવી કે સવાર થાય અને ઉચાળા ભરીને ગામડાંમાં વસતા લોકો ગરીબ, શોષિત, ખેડૂત, માલધારી, દલિત એ પોતાનું ગામડું મૂકીને શહેરમાં રોજગારી માટે ભટકવા લાગ્યો.

માનનીય અધ્યક્ષશ્રી, મને આજે કહેતા આનંદ થાય છે કે આ ગુજરાત એવું ભાગ્યશાળી રાજય છે કે ૨૦૦૧માં આ રાજયના પ્રજાવત્સલ મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીએ આ રાજયની શાસન ધૂરા સંભાળી અને હિન્દુસ્તાનના જાહેર જીવનના લોકોને એક સંદેશ આપ્યો અને સામાન્ય રીતે આપણા હિન્દુસ્તાનની એવી પરંપરા રહી છે કે યથા રાજા તથા પ્રજા અને એમણે પહેલો એવો સંકલ્પ જાહેર કર્યો કે આજે જયારે રાજયના મુખ્યમંત્રીશ્રી તરીકે બિરાજમાન થયો છું ત્યારે હું આજે મારો પહેલો સંકલ્પ એ જાહેર કરૂં છું કે જયારે હું ગામડાંની મુલાકાતે જઇશ અને એ વખતે આ રાજયની પ્રજા મને પ્રિય નેતા તરીકે જે ભેટ સોગાદો આપશે એ ભેટ સોગાદો હું આ રાજયના તોષાખાનામાં જમા કરાવીશ. હિન્દુસ્તાનમાં પહેલાં એવા વ્યક્તિ હતા કે જેણે પોતાને મળેલી ભેટ સોગાદો અને જે કાંઇ રકમ આવે એ આપવા માટે આ દેશની ગરીબ, દલિત, શોષિત જે દીકરીઓ હોય એના કલ્યાણ માટે વાપરવાની વાત કરી અને એનું પરિણામ આજે તમે જુઓ છો કે પ્રાયમરી શિક્ષણનું જે સ્તર હતું એ ૩૭ ટકા હતું અને એમાં આ રાજયના માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇએ દર વર્ષે શાળા પ્રવેશોત્સવનો કાર્યક્રમ આખી સરકાર, સરકારના બધા કર્મયોગીઓ, રાજયનું મંત્રીમંડળ, રાજયના મુખ્યમંત્રી પોતે ગરીબની, દલિતની, બક્ષીપંચની દીકરીની આંગળી પકડીને એને સ્કૂલે મૂકવા જાય, આખું ગામ ઢોલ-નગારાથી એનું સ્વાગત કરે અને એમાં પરિણામ એ આવ્યું કે આજે આ રાજયના શિક્ષણનું ડ્રોપઆઉટનું સ્તર ઝીરો પોઇન્ટ સુધી લાવવામાં આ ગુજરાતની સરકાર સફળ થઇ છે એ આપણે જોઇએ છીએ. નહીં તો આ રાજયની પ્રાથમિક શાળાઓમાં, ગામડાંઓની શાળાઓમાં એક દિવસ વિદ્યાર્થીઓ માટલા દ્વારા પાણી પીતા હતા અને એ માટલું અગર જો ફૂટી જાય તો એ શાળાને આચાર્યને કે શાળાના માસ્તરને વિચાર થાય કે આ ૨૦ રૂપિયાનું માટલું કોણ લઇ આપશે? એટલે એ ગામના કોઇ શ્રેષ્ઠીને, ગામના કોઇ વેપારીને વિનંતી કરે અને ૨૦ રૂપિયાનું માટલું લઇને એ નિશાળમાં આપે ત્યારે બાળકો એમાં પાણી પીતા થાય. આજે એ જગ્યાએ તમે જુઓ લાખો રૂપિયાના ખર્ચે નાનામાં નાનું ગામડું હોય, પ્રાથમિક શાળા હોય એમાં કોમ્પ્યુટર વસાવવામાં આવ્યા છે અને આજે આ રાજયની અતિ પછાત ગણાતી મદારી ભાઇઓની જ્યાં વસતિ છે એ મદારીના દિકરાઓ આજે કોમ્પ્યુટરના ટેરવા ઉપર પોતે પોતાનું અંગ્રેજી લખતા વાંચતા થયા છે. ટુડે ઇટ ઇઝ ધ રિયાલીટી. આજે જે પરિસ્થિતિ છે તે વાસ્તવિકતા છે. માત્ર એટલું જ નહીં પણ આ રાજયમાં ૫૪ ટકા જેટલી વસતિ બક્ષીપંચની છે. અને બક્ષીપંચના લોકોએ આજ દિવસ સુધી કયારેય એવું વિચાર્યુ હશે

કે મારા દીકરાને હું વિદેશમાં અભ્યાસ માટે મોકલી શકીશ? માનનીય અધ્યક્ષશ્રી, ક્યારેય તેણે સ્વપ્નમાં પણ વિચાર્યુ નહીં હોય કે સાત પેઢીમાં પણ વિચાર્યુ ના હોય. પરંતુ આ રાજયના પ્રજાવત્સલ્ય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇએ વિદેશ અભ્યાસ માટે ૧૦ લાખ રૂપિયા જેવી માતબર રકમની લોન માત્ર ચાર ટકાના હિસાબે આપીન. જેનાથી આજે ૨૫૪ વિદ્યાર્થીઓ વિદેશની ધરતી ઉપર ગુજરાતનું આવનારું ભવિષ્ય નક્કી કરી રહ્યાં છે.

માનનીય અધ્યક્ષશ્રી, હમણાં વચ્ચે એક દિવસ મારા કચ્છ વિસ્તારનો  રાજેશ કાપડી વિકલાંગ યુવાન. તેણે આવીને મને વાત કરી કે મેં છાપામાં વાંચ્યુ છે કે આવી કંઇક સરકારની યોજના છે. અને તે વિકલાંગ યુવાનને વિદેશ જવા માટે સમાજ કલ્યાણ અધિકારી પાસેથી બધી પ્રક્રિયા પૂરી કરીને સગવડ કરી આપી અને આજથી છ માસ પહેલાં કચ્છમાં ફરી પાછો તે યુવાન આવ્યો અને તે યુવાને આવીને આખા દેશની અંદર જો વધુમાં વધુ વિકાસશીલ રાજય હોય તો એ ગુજરાત છે. અને ગુજરાતમાં પણ ઉદ્યોગોથી ધમધમતો જો જિલ્લો હોય તો એ કચ્છ છે. સાહેબ, સુર્ય ગ્લોબલ કંપનીમાં તેણે અરજી કરી અને બીજા દિવસે તેને નોકરી મળી અને આજે સાહેબ  ૪૫ હજાર રૂપિયાના પગારથી તે યુવાન રોજગારી મેળવી રહ્યો છે. આજે આવી અનેક બાબતો છે.

આજે અમારો કચ્છ જિલ્લો. સાહેબ, દુષ્કાળીયો જિલ્લો પાંચ વર્ષમાં એક વર્ષ સારું આવે બાકી તો અમારે ખામણાં જ ખોદવા પડતા હતા. દર વર્ષે માટી જ ખોદવી પડતી. પરંતુ ૨૦૦૧ પછી આ રાજયના પ્રજાવત્સલ મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ આવ્યા પછી જયારે વિશ્વમાં કયાંય પણ ના આવી હોય એટલી મોટી ભૂકંપની આફત આવી. ભૂકંપ આવ્યા પછી દુનિયા એમ કહેતી હતી કે કચ્છ હવે કયારેય બેઠું નહીં થાય, પરંતુ જે માણસમાં દ્રષ્ટિ અને નિષ્ઠા હોય તે માણસ જ હંમેશા પરિણામ લાવી શકતા હોય છે. બીજા જ દિવસે રાજયના મુખ્યમંત્રીશ્રીએ કચ્છમાં આવીને એમણે જાહેર કર્યુ કે આવનારા દસકાની અંદર જે કચ્છ અત્યારે દ્વસ્ત વસ્ત પડયો છે એને મારે સીંગાપોર બનાવવું છે. અને સદનને કહેતાં મને ખૂબ આનંદ થાય છે કે આજે સીંગાપોરને પણ ઓવરટેક કરી જાય એવો કચ્છ જિલ્લો તમે જોઇ શકો છો.

આજે કચ્છની અંદર વસતો માલધારી બન્નીની અંદર આપે જોયું હશે કે બન્નીની ભેંસ એટલે ખૂબ વખણાતી ભેંસ. આટલા વર્ષ સુધી એ બનીમાં રહેતો પશુપાલક માલધારી વર્ષોથી તેમની એક એવી અપેક્ષા હતી કે બન્નીની ભેંસના જે g e n e t i c  પાવર છે તેવી દુનિયાની કોઇ ભેંસના નથી. પરંતુ તેના માટે માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ જયારે રણોત્સવમાં આવ્યા ત્યારે તેમની પાસે રજૂઆત કરવામાં આવી અને આજે મને કહેતાં આનંદ થાય છે કે તે ૪૦-૫૦ હજાર રૂપિયામાં વેંચાતી સારામાં સારી ભેંસ તેને નેશનલ બફેલો તરીકે અગિયારમી જાતિ તરીકે પ્રમાણિત કરવામાં આવી, તેને નેશનલ બફેલો તરીકે જાહેર કરવામાં આવી. સાહેબ, આજે દર વર્ષે જે પશુઓના મેળા ભરાય છે પશુ મેળાઓ. તેમાં એ ભેંસ આજે નેનો કારની કિંમત એક લાખ રૂપિયા છે જયારે એ બનીની ભેંસની કિંમત ત્રણ લાખ રૂપિયા દેતા પણ તે ભેંસ મળતી નથી. આજે માલધારીઓનું જીવન-ધોરણ ઉંચુ આવ્યું છે.

બક્ષીપંચના લોકો માટે આપણે કોઇ દિવસ વિચાર કરી શકીએ કે અમારો દીકરો કયાંક આસમાનમાં ઉડાવે એવો પાયલોટ બનશે? આ કયારેય શકય જ નહોતું, પણ આ રાજયના પ્રજાવત્સલ મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇએ વિદેશ કોમર્શિયલ પાયલોટ માટેની યોજના આપી અને મને સદનને કહેતાં ખૂબ આનંદ થાય છે કે, ગયા વર્ષ સુધી તેમાં ૧૫ લાખ રૂપિયાની લોન આપવામાં આવતી હતી અને તેમાં ૨૫ ટકાનો વધારો કરીને ૨૦ લાખ રૂપિયા આ માટે બક્ષીપંચના અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિના યુવાનને આજે લોન આપવામાં આવે છે અને તે વિદેશથી કોમર્શિયલ પાયલોટની ટ્રેનિંગ લઇને આવે એટલે સાહેબ તેનું પેકેજ હોય અને તેમાં તેની નોકરીની શરૂઆતના વર્ષના ૩૬ લાખ રૂપિયા તે યુવાન આ ગુજરાતની ધરતી ઉપર કમાતો થયો છે. આ વાસ્તવિકતા છે સાહેબ અને તેના માટે આજે રાજયના તમામ લોકો એમ કહે છે કે નહીં, અગર સરકાર કયાંય જોવી હોય તો હિન્દુસ્તાનના ગુજરાતમાં તમે જાવ. યથા રાજા તથા પ્રજા આ મુખ્યમંત્રીશ્રી માત્ર સરકાર ચલાવવા માટે કે પોલિટીકલી રીતે  કયારેય વિચારતા નથી, પરંતુ આ ગુજરાત માટે તેણે તપ આદર્યુ

છે અને તે તપસ્વી છે તે શબ્દો સાથે હું મારી વાતને સમર્થન આપી મારી વાત પૂરી કરીશ. ધન્યવાદ,જય જય ગરવી ગુજરાત.

શ્રી રણજીતભાઇ મં. ગિલીટવાલા(સુરત (પૂર્વ) : માનનીય અધ્યક્ષશ્રી, અંદાજપત્રની સામાન્ય ચર્ચામાં ભાગ લેતી વખતે માનનીય વિપક્ષના નેતાશ્રીએ કેન્દ્ર સરકાર દ્ધારા જે વીજળી ખરીદવામાં આવે છે એના ભાવ હાઉસમાં મૂકયા ત્યારે એવું કહ્યું કે કેન્દ્ર સરકાર ટાટા પાસેથી ૨.૨૬ રૂપિયાના ભાવે યુનિટ દીઠ વીજળી ખરીદ કરે છે એની સરખામણીએ ૨.૩૫ રૂપિયે અદાણી અને ૨.૪૦ રૂપિયે એસ્સાર પાસેથી રાજય સરકાર વીજળી ખરીદે છે એટલે કે રાજય સરકાર આ રીતે મોંઘી વીજળી ખરીદે છે એવું કહેવાનો માનનીય વિપક્ષના નેતાશ્રીએ પ્રયત્ન કર્યો છે પરંતુ તેઓ ભૂલી ગયા કે ટાટા પાસેથી જે વીજળી ખરીદ કરવામાં આવી છે એ કેન્દ્ર સરકારની અંદર પ્રાઇઝ એકસેલેશન કલોઝ હતું. એનો અર્થ એવો થાય કે જયારે જયારે વેરીએબલ એકસપેન્ડિચરની અંદર ભાવ વધારો થાય એટલે જેટલો પણ ભાવ વધારો થાય એટલી યુનિટ કોસ્ટ વધે એટલો યુનિટ કોસ્ટમાં વધારો ટાટાને ચૂકવવો પડે તેવી એકસેલેશન કલોઝની વાત કહેવી માનનીય વિપક્ષના નેતાશ્રી જાણી જોઇને ભૂલી ગયા છે અને જાણી જોઇને એનો ઉલ્લેખ કર્યો નથી. કોલસાનો ભાવ વધે એટલે ટાટાનો ભાવ વધશે કેન્દ્ર સરકારમાં, ડોલર વીક પડશે. આંતરરાષ્ટ્રીય શેરમાં ડોલર જયારે જયારે વીક પડશે ત્યારે યુનિટની કોસ્ટ ટાટાની વધતી જશે એટલા વધારાના પૈસા કેન્દ્ર સરકારે ટાટાને ચૂકવવા પડશે. એની સરખામણીમાં આ ૨.૩૫ પૈસા અને ૨.૪૦ પૈસા લેવામાં આવે છે એ ૨૬ વર્ષનો કોન્ટ્રાકટ છે. આ એક જ ભાવે ૨૬ વર્ષ સુધી આ બંને કંપનીએ ગુજરાતને પાવર સપ્લાય કરવાનો આ સરકારે એગ્રીમેન્ટ કર્યો છે. આપ સમજી શકો છો કે આ શું ફરક છે. ૨૬ વર્ષ સુધી સેઇમ રેઇટ, નો એકસેલેશન કલોઝ, કોલસાના ભાવ વધે કે ઘટે આ સરકારને આ ભાવે વીજળી આપવાની રહેશે.

માનનીય વિપક્ષના નેતાને ધ્યાને એ વાત મૂકવા માગું છું કે આપ જયારે મુખ્યમંત્રીશ્રી હતા ત્યારે ગુજરાતમાં ખેતીના વીજ જોડાણ હતા એ ૧૫૦૦૦ કરતાં વધારે આપી શકયા નહોતા, મને કહેતા આનંદ થાય છે કે આ સરકાર આ વર્ષે ૮૫ હજાર કરતાં વધુ વીજ જોડાણ આપી રહી છે અને આ વર્ષના અંત સુધીમાં એક લાખ ખેતીના વીજ જોડાણ આપવા જઇ રહ્યા છીએ. અને આવતા વર્ષનું પણ આયોજન છે કે ખેતીના વપરાશકારોને એક લાખ નવા જોડાણ આપવાનું ઓલરેડી આયોજન સરકારે કરી લીધું છે. તમે શું કર્યુ, અમે ૪૦ વર્ષમાં કશું નથી કર્યુ, આ ૧૨ વર્ષમાં બધુ કર્યુ છે એવો વારંવાર ઉલ્લેખ કરવામાં આવ્યો છે ત્યારે હું એમને એ જણાવવા માગું છું કે આ ૪૦ વર્ષની અંદર ખેતીના જે વીજ જોડાણો તમે આપ્યા હતા પર એવરેજ પર ઇયર એવરેજ ૧૬૫૦૦ કનેકશનની ૪૦ વર્ષની ગણીએ તો થાય છે. અમે આ ૧૨ વર્ષના ગાળાની અંદર ૪૨,૫૦૦ કનેકશન પર ઇયર ખેડૂતોને આપ્યા છે. સીધો ડિફરન્સ તમે એક વર્ષમાં ૧૬૫૦૦ અને અમે ૪૨,૫૦૦ પર ઇયર આપ્યા છે આ હું તમને યાદ અપાવવા માગું છું.

વીજળીની કેપેસિટી ઉપર પછી આવીશ. હું કહેવા માગું છું કે તમે ૬૪૨ સબ સ્ટેશનની સ્થાપના ૪૦ વર્ષમાં કરી છે. એટલે એક વર્ષના ૧૬ થયા. અમે ૧૨ વર્ષમાં ૫૯૦ સબ સ્ટેશનોની સ્થાપના કરી છે. એની એવરેજ જોઇએ તો તમે શું કર્યુ, ૧૬ સબ સ્ટેશન. વિરોધપક્ષના નેતાશ્રીને કહીશ કે તમે કામ કર્યુ છે. તમે ૧૬ સબ સ્ટેશન આપ્યા છે જયારે અમે કામ કર્યુ છે તો અમે વર્ષના ૫૦ સબ સ્ટેશનો આપ્યા છે. આવતા પાંચ વર્ષમાં અમે આપવાના છીએ ૧૨૦ સબસ્ટેશન પર એનમ. તમે કરેલું કામ બતાવવા માગું છું. આદિવાસી વિસ્તારમાં ૪૦ વર્ષ દરમ્યાન ૭૫ સબસ્ટેશન તમે નાખેલા. વાર્ષિક સરેરાશ આવી બે સબસ્ટેશન. આદિવાસી, છેવાડાના માણસ માટે વર્ષે બે સબસ્ટેશન સ્થાપેલા. આ ૧૨ વર્ષના ગાળામાં અમે ૮૦ જેટલા સબસ્ટેશન સ્થાપ્યાં છે. વાર્ષિક ૭ની એવરેજ અમારી આવે છે. આવતા પાંચ વર્ષમાં અમે બીજાં ૪૫ સબસ્ટેશન આદિવાસી વિસ્તારમાં નાખીશું એટલે વાર્ષિક ૯ની અમારી સરેરાશ આવવાની છે. બે ની સામે નવ, બે ની સામે સાત.

માનનીય અધ્યક્ષશ્રી, હું સાગરખેડૂ વિસ્તારની પણ વાત કરી લેવા માગું છું. ૪૦ વર્ષમાં ૧૧૨. વર્ષે ૩. ૧૨ વર્ષમાં ૧૦૨ સબસ્ટેશનો અમે સાગરખેડૂ વિસ્તારમાં સ્થાપ્યાં છે. વર્ષે ૯ અને આવતા વર્ષે ૫૪ જેટલા બીજા સબસ્ટેશનો અમે સ્થાપવા માગીએ છીએ. એવરેજ ૧૧ની આવશે. ૩ની સામે ૯. થ્રી ટાઇમ મોર સબસ્ટેશન અમે સાગરખેડૂ વિસ્તારમાં કર્યા છે. તમે સ્થાપ્યાં છે, પણ તમે સ્થાપ્યાં છે ૩, અમે સ્થાપ્યાં છે ૯. This is the difference. આ તફાવત છે. તમે કરેલું છે એની ના નથી પણ તમે શું કરેલું છે તેનો ખ્યાલ આવે છે કે ભૂતકાળમાં આ શાસકો પાવરની પાછળ દોડતા તો હતા. પણ It was a political power. They were just behind the political power.

પ્રજાની કયારેય પણ ચિંતા કરી નહોતી. વીજળી મળશે કે નહીં એની કયારેય ચિંતા કરી નહોતી. તમે કેટલા મેગાવોટ સ્થાપેલા? એક વર્ષમાં ૨૦૦ મેગાવોટ. ૪૦ વર્ષની તમારી એવરેજ આવે છે એક વર્ષમાં ૨૦૦ મેગાવોટ. અમારી ૧૨ વર્ષના નરેન્દ્રભાઇ મોદીના શાસનની એવરેજ છે ૭૪૦ મેગાવોટ. ૨૦૦ અને ૭૪૦ આ તમે કામ કર્યું છે એ તમારા ધ્યાને મૂકવા માગું છું. બિનપરંપરાગત અને પરંપરાગત બન્ને એનર્જી સાથે લઇને વાત કરીએ તો ૪૦ વર્ષની તમારી એવરેજ આવે છે ૨૧૦ મેગાવોટ. અમે ૧૨ વર્ષના ગાળામાં વર્ષે ૧૦૫૦ મેગાવોટ જેટલી વીજળી સ્થાપિત કરી છે. See the difference. ૨૧૦ સામે ૧૦૫૦. ફાઇવ ટાઇમ્સ મોર વિધિન ૧૨ ઇયર્સ. તમે શું કરેલું એનો તમને હવે અંદાજ આવશે કે ૧૨ વર્ષમાં પાંચ ગણી ક્ષમતા અમે વધારી શક્યા હતા મિત્રો. આવતા ૨૦૧૭ના વર્ષ સુધીમાં અમે ૩૦,૦૦૦ મેગાવોટ જેટલી કરવા જઇ રહ્યા છીએ.

વિન્ડ પાવર જનરેશન. You never thought about it. તમે કયારેય કલ્પના નહોતી કરી કે આ રાજયમાં વિન્ડ પાવર જનરેશન પણ થઇ શકે એવી કલ્પના, innovative અને નવી ટેકનોલોજી સાથે તમે કયારેય મેચ નહોતા થયા. તેની સામે રાજયમાં પવન ઉર્જા માટેની અમે ૩૦૧૧ મેગાવોટ ક્ષમતા સ્થાપી છે. સોલાર એનર્જીમાં ૮૨૪ મેગાવોટ જેટલી એનર્જી સ્થાપિત કરવાનું કામ ગુજરાતની સરકારે ૧૨ વર્ષમાં કર્યું છે. પહેલી વખત માનનીય રમણભાઇએ કહ્યું તે પ્રમાણે પાટણ જિલ્લાના સાંતલપુર તાલુકાના ચારણકા ગામે ૫૦૦ મેગાવોટનો સૂર્ય ઉર્જાનો પ્રોજેકટ સ્વર્ણિમ સૂર્યતીર્થ, સોલાર પાર્ક બનાવવાનું એક મહાન કામ પણ જો થયું હોય તો એ ૧૨ વર્ષના અમારા શાસનમાં થયું છે. ૨૧૯ મેગાવોટ પ્રોડકશન આજે એ પ્રોજેકટમાં પણ શરૂ થયું છે અને આ વર્ષના અંત સુધીમાં ૫૦૦ મેવાગોટ સુધીની અમારી તાકાત છે. અમે એને શરૂ કરીને બતાવીશું. સોલાર ઉર્જાની જે નેશનલ ક્ષમતા છે, ૧૧૦૭ મેગાવોટની સામે ૮૨૪ મેગાવોટ સોલાર પાવર એનર્જી ગુજરાતમાં સ્થાપી છે. ૭૧ ટકા. એક બાજુ ગુજરાત ૭૧ ટકા અને ૨૯ ટકામાં આખો દેશ અને અન્ય રાજયો. As far as solar energy is concerned આ કર્યું છે અમે. તમે સોલાર એનર્જીની કોઇ કલ્પના નહોતી કરી. તમારા મગજમાં જે વસ્તુ નહોતી આવી મિત્રો, બીજા એક પ્રોજેકટની તમારી સામે હું વાત કરવા માગું છું. મહેસાણા જિલ્લાના કડી તાલુકાના ચંદ્રાસણ ગામે નર્મદા શાખા નહેર ઉપર એક મેગાવોટનો solar photovoltic plant અમે નાંખ્યો છે. ફર્સ્ટ ટાઇમ ઇન એશિયા. આ એકદમ ઇનોવેટીવ થાય છે, પણ વાપરનાર ઉપભોક્તા નજીક હોવાના કારણે ટ્રાન્સમિશન એન્ડ ડિસ્ટ્રીબ્યુશન લોસ અટકાવી શકાય છે. સંપૂર્ણપણે પ્રદુષણ રહીત પ્રોજેક્ટ છે અને ૯૦ લાખ લિટર પાણીનું બાષ્પીભવન થતું અટકાવી શકાય છે. આ પ્રોજેક્ટ વિશિષ્ટ છે. એક ઇનોવેટીવ અને સૌથી ઝડપથી કામ કોઇ કરતું હોય તો એ શ્રી નરેન્દ્રભાઇ મોદીની સરકાર છે. ૧૬૦૦ કિ.મી. લાંબો ગુજરાતનો દરિયાકાંઠો હોય ત્યારે લાંબા કિનારાના ઉછળતા મોજાંની લહેરોને સમૃદ્ધિની લહેરોમાં ફેરવવા માટે ગુજરાત સરકારે સૌથી પ્રથમ ટાઇડલ ઉર્જા તરફ કદમ માંડ્યા છે.

સાહેબ, મિનિસ્ટ્રી ઓફ રીન્યુએબલ એનર્જી ગવર્નમેન્ટ ઓફ ઇન્ડિયાએ એમ કહ્યું છે કે, ગુજરાતના ૧૬૦૦ કિમી લાંબા દરિયા કિનારે ૮૦૦૦ મેગાવોટ વીજળીનું ઉત્પાદન કરવાની ક્ષમતા છે. ધેટ ઇઝ ઇનોવેશન અને મને જણાવતાં ખૂબ આનંદ થાય છે કે, સરકાર નજીકના સમયમાં કચ્છના અખાતમાં માંડવી

નજીક અને ખંભાતના અખાતમાં હજીરા નજીક ૫૦ મેગાવોટના પ્રોજેક્ટનો પ્રારંભ કરવા જઇ રહી છે. બિન પરંપરાગત જીયો થર્મલ એનર્જી – ભૂગર્ભીય ઉષ્મા અને ઉર્જા એના ઉપર ઇન્ટરનેશનલી ખૂબ મોટા પ્રમાણમાં ઇનોવેશન આવી રહ્યું છે ત્યારે આ રાજ્ય સરકાર પણ આ પ્રોજેક્ટ ગુજરાતમાં દાખલ કરવા માટે સંશોધન કરી રહી છે. ઓફ શોર વિન્ડ મિલ્સનો પ્રોજેક્ટ– ગુજરાતની જગ્યા ઉપર, જમીન ઉપર ગુજરાતના દરિયા કિનારાની નજીકમાં ઓફ શોર વિન્ડ પ્રોજેક્ટ સ્થાપવા માટે ગુજરાત સરકારે ઓલ રેડી તૈયારી કરી લીધી છે. રૂ.૧૦૦૦/– કરોડના ખર્ચે આર્થિક, તાંત્રિક અને પર્યાવરણીય અભ્યાસ શરૂ કરી દેવામાં આવ્યો છે અને આ પાંચ વર્ષના ગાળા દરમિયાન ઓફ શોર વિન્ડ મિલ્સ થકી વીજળીનું પ્રોડક્શન મળવા જઇ રહ્યું છે. ધીસ ઇઝ ઇનોવેશન, આને કન્સેપ્ટ કહેવાય, આને વિઝન કહેવાય. ગાંધીનગર માટે નેતાશ્રી કહેતા હતા કે, ગાંધીનગરને સોલાર સિટી બનાવવાનું કામ થઇ ગયું છે. (અંતરાય) ઓ.કે.

શ્રી નરોત્તમભાઇ ત્રિ. પટેલ(ઉધના) : માનનીય અધ્યક્ષશ્રી, અમારા લોકપ્રિય નાણાં મંત્રી ૨૦૧૩–૧૪નું વિકાસની હરણફાળ ભરતું રૂ.૫૮,૫૦૦/– કરોડનું અંદાજપત્ર લઇને આવ્યા છે તેને હું આવકારૂં છું.

માનનીય અધ્યક્ષશ્રી, મારા સાથી મિત્રો સામેથી બોલતા હતા. એમાં કોંગ્રેસના વિપક્ષના નેતા બોલતા હતા, જોર જોરથી બોલતા હતા, વારંવાર બોલતા હતા. એવું કહેતા હતા કે, કે.જી.બેઝીનમાં જે ગેસનું ઉત્પાદન થાય છે એમાં જીયો ગ્લોબલને ભાગ આપે છે, નાણાં ચૂકવે છે અથવા ચૂકવી રહ્યા છે. સરકાર ઉપર આરોપ કરે એ કોઇપણ રીતે વાજબી નથી. આ વિધાનસભાના ફ્લોર ઉપર જવાબદારીપૂર્વક કહું છું કે, એકપણ રૂપિયો ચૂકવ્યો નથી અને ચૂકવવાનો પણ નથી. આ બાબતની અમારી જાણકારી છે. બહાદુરીપૂર્વક બોલવાથી એ સાચું ઠરતું નથી. વિપક્ષના નેતાશ્રીએ એનો અભ્યાસ કરી લેવો જોઇએ. મારે એ કહેવું છે કે, તમારા વખતમાં ૧૦ કલાક વીજળીનો કાપ આવતો હતો.માનનીય અધ્યક્ષશ્રી, મારે એમને એ કહેવું છે, તમે સાંભળો, તમે વીજળીના કાપની વાત કરી, તો એ પણ અમે તમારા વખતમાં કનેકશન હતા એનાથી ડબલ કનેકશન આપ્યાં. તમે એવો આરોપ કર્યો કે આ સરકારે કંઇ વીજ કનેકશનો આપ્યા નથી. અમે તમારા કરતા રેકર્ડ ઉપર ડબલ કનેકશનો ખેડૂતોને આપ્યા છે અને આ પાવર પ્રોડકશન જો અમારૂં ના થયું હોય તો કેવી રીતે વીજ કનેકશનો અમે આપ્યા? ૨૪ કલાક ગામડાંમાં વીજળી અમે આપી છે. અગર જો અમે પાવર પ્રોડકશન ના થયું હોય તો કેવી રીતે ગામડાંને ૨૪ કલાકની વીજળી અપાતી હશે? ૧૮ હજાર ગામડાંઓમાં ૨૪ કલાક વીજળી અપાય છે એ હકીકત છે. તમારા ઘરમાં, તમારા ગામમાં, તમારા વિસ્તારમાં ૨૪ કલાક વીજળી આવે છે એટલે આ સત્ય હકીકત છે. જે આરોપ કર્યો છે એને અમે વખોડી કાઢીએ છીએ. મારે આ મારા મિત્રોને એમની દુનિયામાં લઇ જવા છે. એમને ગામડાંઓની વાત કરવાનો કોઇ અધિકાર નથી.

રામસિંહભાઇનું મારે ખાસ ધ્યાન દોરવું છે. રામસિંહભાઇ, તમે ગામડાંની વાતો કરો છો, તમોને એમ છે કે અમે લોકો બધા શહેરના લોકો છીએ અને અમે શહેરની જ સેવાઓ કરીએ છીએ. શહેરના જ મતદારો આ અમારા ભા.જ.પ.ના શાસનને ટકાવી રાખે છે અને તમે જાણે કે ગામડાંનો ઉદ્ધાર કર્યો હોય એવી વાતો કરો છો. મારે તમારૂં ધ્યાન દોરવું છે આજે, ફરી વખત, ભૂતકાળમાં હું બોલ્યો હોઇશ પણ આજે મારે તમારૂં ધ્યાન દોરવું છે. આ એ મિત્રો છે જે ૧૯૯૦–૯૧માં શાસનમાં હતા, ગામડાંનો વિકાસ કરવાની આજે જે મોટી શેખી મારે છે એમને મારે ખાસ કહેવું છે કે ૧૯૯૦–૯૧માં અને આજે અમારૂં ૨૦૧૩–૧૪નું, અમારૂં અને તમારૂં બજેટ જુઓ ગામડાંના વિકાસનું. તમે કહો છો કે અમે ગામડાંનો વિકાસ કર્યો, ગામડાંના મતદારો અમારા મતદારો છે અમે એમનો ઉદ્ધાર કર્યો. મારે ગામડાંની બાબતમાં તમને કહેવું છે, માનનીય અધ્યક્ષશ્રી, અમારા નાણામંત્રીશ્રીએ ૨૦૧૩–૧૪માં ગામડાંના વિકાસ માટે પંચાયત અને ગ્રામ્ય વિકાસમાં ૪૦૭૭ કરોડ રૂપિયાનું બજેટ મૂક્યું છે. તમે વિચાર કરો તમારૂં બજેટ કેટલું હતું? તમારૂં શાસન જયારે ચાલતું હતું એ ૫ વર્ષના શાસનનો ઇતિહાસ તમને આપું. ૧૯૯૦–૯૧નું તમારૂં બજેટ ૧૮ હજાર ગામડાં એના એ જ છે. ૧૮ કરોડ અને ૩૧ લાખ. ૧૯૯૧–૯૨માં એમાંથી ઘટાડીને ૧૬ કરોડ ૯૪લાખ રૂપિયા તમારૂં બજેટ. ૧૯૯૨–૯૩માં ગામડાંનો ઉદ્ધાર કરવાની વાતો કરનારા લોકોનું ૨૬ કરોડ ૪૭ લાખ રૂપિયાનું બજેટ. ૯૩–૯૪માં ૨૫ કરોડ અને ૭૪ લાખનું બજેટ આ ગામડાંનો ઉદ્ધાર કરો છો. ૧૮ હજાર ગામડાંનો ૨૫ કરોડમાં ઉદ્ધાર કરો છો? વિપક્ષના નેતા અને પૂર્વ મુખ્યમંત્રીના વખતનો આકડો મેં કાઢ્યો. ૧૯૯૫–૯૬માં ૨૮ કરોડનું હતું

એના પછી એમણે સુધારો કરી ૧૯૯૬-૯૭માં ૧૭ કરોડ અને ૩૬ લાખનો ગામડાંનો ઉદ્ધાર કર્યો. ૧૯૯૦ જેટલું કર્યું.

માનનીય અધ્યક્ષશ્રી, આ પ્રમાણે અમે ગ્રામીણ વિસ્તારનો વિકાસ કરવામાં ૪૦૭૭ કરોડનું બજેટથી કામ કરી રહ્યા છીએ. એટલું જ નહીં ગામડાંનો વિકાસ એમને એમ નથી થતો. અન્ય બીજા વિભાગ દ્વારા, ૪ વર્ષના અમારી પાસે આકડા છે. ૩૦૮૮૬ કરોડ રૂપિયાનો ખર્ચ ૪ વર્ષમાં ગામડાંના વિકાસ માટે કર્યો છે. વિવિધ વિભાગો દ્વારા, કૃષિ વિભાગ દ્વારા, આરોગ્ય વિભાગ દ્વારા, નર્મદા અને પાણી પુરવઠા વિભાગ દ્વારા ગ્રામીણ વિકાસ કરવા, માર્ગ અને મકાન વિભાગ દ્વારા આ અન્ય વિભાગો જે છે ૧૧ એના દ્વારા ૩૦ હજાર કરોડ કરતા વધારે રકમ વાપરીને ગામડાંનો વિકાસ કર્યો છે. અમને અધિકાર છે કહેવાનો. તમે દાવો એવો કરો છો કે ગામડાંની અંદરના લોકો તમને ખૂબ પ્રેમ કરે છે. ગામડાંનો લોકો તમારા છે. હવે તમને તો ગામડાંના લોકોએ બતાવી દીધું કે સ્થિતિ તમારી જે આજની છે એ બદતર થતી જાય છે. એટલે આપના એવા દાવા કરવાનો કોઇ અર્થ નથી. કારણ ભારતીય જનતા પાર્ટીનું શાસન, અમારી સરકારનું શાસન, અમારૂં કામ મિશન છે. અમે જે કામ કરીએ છીએ એનું એક મિશન છે અને તમે જે કામ કરો છો એમાં કમિશન છે. આ તમારા માટે ઉકિત બની ગઇ છે. ભા.જ.પ.નું મિશન, તમારૂં કમિશન. અમે ગ્રામીણ વિસ્તારમાં (અંતરાય) મારી પાસે સમય ઓછો છે. ગરીબ આવાસો માટે અમે મહેનત કરી છે. અમારી સ્વર્ણિમ જયંતિ વખતે અમે ગામડાંના ગરીબ લોકોને સો ટકા મકાનો મળે, ૧૬ થી ૨૦ ના ડિઝિટમાં ગરીબોને મકાનો મળે એ વ્યવસ્થા કરી. ૧૭ થી ૨૦ના ગરીબોને તમે ગરીબ કહેતા નથી, જેને અમે ગુજરાતમાં ગરીબો કહીએ છીએ એવા ૧૭ થી ૨૦ના ગરીબો માટે અમે આટલી વ્યવસ્થા ગોઠવી અને આપણી સરકારે એના માટે મકાનો આપવાનું આયોજન કર્યું. એટલું જ નહીં પરંતુ અમારા માનનીય મુખ્યમંત્રીશ્રીએ એકલા ગરીબ જ નહીં ગામડાંમાં એવા ગરીબો છે જેઓ કાચા અને તૂટેલા ઘરો અને મકાનોમાં રહે છે એના માટે અમે આયોજન કર્યું છે કે, એવા ૫૦ લાખ મકાનોની ગણતરી કરીશું અને પાંચ વર્ષમાં એવા કાચા મકાનોને પાકા કરીને ગામડાંના બધા લોકોને મકાન આપવામાં અમે મદદરૂપ થવાના છીએ ત્યારે તમે કાગળ ઉપર દોરીને મકાનો આપ્યા. બજારમાં વેચતા થયા અને અમને ગભરાવવા માટે તમે આ બધું કર્યું. પણ અમે ગભરાવાના નથી.

ગુજરાતના એક એવા લોકો, હળપતિઓ એવા છે કે તમે ભૂલી ગયા છો. ઝીણાભાઇ દરજી હતા એ વખતે એમને યાદ કરતા હતા અને હળપતિઓના મકાનો બંધાતા હતા. આજે એ મકાનો તુટી ગયા હોય એની કોઇ ખબર લેનાર નથી. ગયા વખતે પંચાયત મંત્રી તરીકે માનનીય મુખ્યમંત્રીશ્રીને મેં વાત કરી ત્યારે એમણે ખૂબ ઉદારતાપૂર્વક કહ્યું કે હળપતિઓને આ ભૂલી ગયા છે. એમના માટે ૫૦ કરોડ રૂપિયા તાત્કાલિક આપ્યા છે અને ૨૦ વર્ષ અગાઉ બંધાયેલા મકાનોને પાકા કરવા માટે અને પૂરા કરવા માટે અમે આયોજન કર્યું છે. ગામડાંનો વિકાસ કરવો એ તમારા વશની વાત નથી. ગામડાંઓ આજે શહેર સમકક્ષ બનતા જાય છે, અમે બનાવી રહ્યા છીએ. અમે એને સુવિધાઓ અને વ્યવસ્થાઓ આપી રહ્યા છીએ. એના માટે અમે રર્બન યોજના લાવ્યા. જેનું મોટું ગામ હશે એને અંદાજ હશે કે ગામડાંઓ આજે મોટા થયા છે અને જેઓ આવતી કાલે શહેરી વિસ્તારમાં ફેરવાવાના છે. એના માટે અમે આયોજન કર્યું. રર્બન યોજના એ ગામડાંઓને શહેર સમકક્ષ બનાવવા માટે છે. ગામડાંઓમાં અમે પાકી ભૂગર્ભ ગટરો નાંખવાની શરૂઆત કરી છે. ૨૫૫ મોટા ગામો અમે પસંદ કર્યા. તાલુકાના બધા સ્થાનો અમે પસંદ કર્યા. એ નાના હોય કે મોટા હોય, આદિજાતિ વસતિવાળા ૭૦૦૦ની વસતિવાળા ગામને પસંદ કરીને એ ગામો માટે અમે આયોજન કર્યું. ૧૦ હજારની વસતિ સામાન્ય લોકો જ્યાં રહે છે એમાં અમે આયોજન કર્યું. આ બધા ૨૫૫ ગામડાંઓને પાકી ગટર આપવા માટે હજારો કરોડ રૂપિયાનું આયોજન થયું. ગયા વર્ષે ૧૨૦ કરોડનું બજેટ આપેલું. આ વર્ષે પણ ૧૨૦ કરોડની બજેટ જોગવાઇ માનનીય નાણામંત્રીશ્રીએ રાખી છે. આના માટે અમારી પાસે પૂરતું આયોજન છે. ગામડાંનો વિકાસ કરવો એની કદાચ એમને સમજ જ નથી. તમને સમજ પણ ન પડે અને તમારી કલ્પના પણ ન હતી કે ઇ-ગ્રામ વ્યવસ્થા આપી શકાય. દરેક ગામને આપણે ઇ-ગ્રામ વ્યવસ્થા આપી છે અને આજે તમે તમારા ગામમાં એની કનેક્ટિવિટી થઇ છે એ જોઇ શકો છો. ગામડાંઓને લડતા બંધ કર્યા. ગામડાં તૂટતા હતા, આવા ગામડાંઓમાં પંચાયતની સમરસતાની આખી વ્યવસ્થા ગોઠવી. એના કારણે ૫૫ કરોડ રૂપિયા કરતાં વધારે ગ્રાન્ટ

આપવામાં આવી. તમારા વખતમાં સરપંચો પાસે એક રૂપિયો ન હતો. ગઇ વખતે માનનીય મુખ્યમંત્રીશ્રીનું ધ્યાન દોર્યું કે સરપંચ પાસે કેશ નથી. એને પ્રવાસ કરવો હોય તો વ્યવસ્થા નથી, એમને વાહનનું ભાડું ભરવું હોય તો રકમ નથી. ખેલદિલીપૂર્વક એમણે કહ્યું કે દરેક સરપંચને ૧૦ હજાર રૂપિયાની રકમ કેશ ઓન હેન્ડ આપીશું અને એ વિવેકબુદ્ધિથી એનો ઉપયોગ કરી શકશે. ગામડાંઓને નિર્મળ કરવાની હરિફાઇ, ગામડાંઓમાં ટોટલ સેનિટેશનની વ્યવસ્થા, ૪૦૦૦ ગામડાંઓમાં ટોટલ સેનિટેશનની વ્યવસ્થા માટે ૮૫ કરોડનું આયોજન માનનીય નાણામંત્રીશ્રીએ કર્યું છે.

મિશન મંગલમ્ વિશે તમને કલ્પના પણ નહીં આવે. અમે ૨૫ લાખ બહેનોને કામે લગાડી છે. ૨.૫ લાખ જેટલા સખી મંડળો બનાવ્યાં છે અને બેન્કોને એની સાથે એન્ગેજ કરી છે. આજે બહેનો કામે લાગી છે એના કારણે બહેનોને વધારે રોજીરોટી મળવા લાગી છે. સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ, ગામડાંની અંદર કચરો પડે, કોઇ વાળનાર નહીં, ઘરમાંથી બહેનો કચરો બહાર નાંખે પણ કોઇ લેનાર નહીં. સોલિડ વેસ્ટને દૂર કરવા માટે પણ નાણામંત્રીશ્રીએ ૪૦ કરોડ રૂપિયાનું આયોજન આપ્યું છે. માનનીય અધ્યક્ષશ્રી, વોટરશેડ મેનેજમેન્ટ અમે કર્યું છે અને વોટરશેડ મેનેજમેન્ટ જે છે એ પણ અમે એવી રીતે કર્યુ છે જી.આઇ.એસ. અને જી.પી.એસ. સિસ્ટમથી આખા દેશને માર્ગદર્શન આપે એવું વોટરશેડ મેનેજમેન્ટ ગોઠવાય છે. આજે ૪૫૦ કરતા વધારે પ્રોજેકટ હાથ પર લીધા છે અને એના કારણે ગામડાંની અંદર ખેડૂતોની આ જમીનોનો વિકાસ થઇ રહ્યો છે. ગામડાંઓની અંદર અંધારું હતું. અમે ગામડાંમાં મોટા થયા છીએ. ગામડાંમાં પાણીની વ્યવસ્થા નહોતી. ઘણીવાર મિત્રો આરોપ કરે છે કે ગામડાંમાં પીવાનું પાણી નથી. તમે પાણી આપ્યું હતું? તમે વિચાર તો કરો તમે શું આપ્યું હતું? કાંઇ જ આપ્યું નહોતું. એની સામે હજારો કરોડો રૂપિયાનો ખર્ચ કરીને સૌરાષ્ટ્ર, કચ્છ, ઉત્તર ગુજરાત અને મધ્ય ગુજરાતના સૂકા વિસ્તારોમાં પીવાના પાણીની ટોટલ વ્યવસ્થા અમે ગોઠવી છે. તમને આ બધી વ્યવસ્થા ગોઠવવામાં સૂઝ પણ નહોતી અને આજે તમે અમારા ઉપર આરોપ કરો છો કે તમે પાણી નથી આપ્યું. હું જ્યારે પાણી પુરવઠા મંત્રી હતો ત્યારે મેં એની જવાબદારી લીધી ત્યારે ૫૦૦૦ ટેંકરો હતા. ૫૦૦૦ ટેંકરો તમે અમને વારસામાં આપ્યાં હતા અને તે વખતના તમારાં સરપંચો એનો ઉપયોગ શું કરતા એનું અમારૂં સંશોધન છે. કરપ્શન અને ભ્રષ્ટાચાર સિવાય ગામડાંમાં કાંઇ ચાલતું નહોતું. એ ટંકરોની દુનિયા બંધ કરી. કોઇ જગ્યાએ દૂર જ્યાં આગળ પાઇપલાઇન તૂટી ગઇ હોય કે જૂની પાઇપલાઇન હોય ત્યાં આગળ કદાચ પાણી ના મળ્યું હોય તો યુ કેન નોટ કુટ ઇટ લાઇક ઘેટ. એવી રીતે કવોટ ના કરી શકો કે ત્યાં પાણી નથી મળતું. કચ્છમાં કોણે મોકલ્યું છે? આ સરકારે મોકલ્યું છે. સૌરાષ્ટ્રમાં પાણી વ્યવસ્થા આ સરકારે ગોઠવી છે. આ લોકોને, જે તરસે મરતી બહેનો માથે બેડું લઇને ૫-૫ કિલોમિટર ફરતી હતી એવા સંજોગોમાં એમના માથેથી બેડું ઊતરાવનાર આ સરકાર છે. નરેન્દ્રભાઇ મોદીના નેતૃત્વ નીચે ગુજરાતમાં ગ્રામીણ વિકાસ થયો છે એને તમે ભૂલી શકો તેમ નથી. અન્ય ખોટા આરોપો કરવાથી કોઇ અર્થ સરવાનો નથી. ધન્યવાદ!

શ્રી રજનીકાન્ત મો. પટેલ(અસારવા) : માનનીય અધ્યક્ષશ્રી, આજે માનનીય વિરોધપક્ષના નેતાશ્રીએ જે પ્રવચન કર્યું અને અવારનવાર વિરોધપક્ષના માનનીય ધારાસભ્યશ્રીઓ જે બાબતનો ઉલ્લેખ્ કરતાં રહ્યાં છે કે, ગુજરાતની અંદર આપણે જે બોરિંગ કરીએ છીએ એના કારણે આપણે ભવિષ્ય માટેની જવાબદારીઓ વધારી રહ્યાં છીએ એવું નિવેદન કરી રહ્યાં છે. જે ખરેખર સમજ વગરના છે, અભ્યાસ વગરના છે અને મારી પાસે નાણા વિભાગે પ્રસિદ્ધ કરેલ ચાલુ વર્ષનાં સ્ટેટમેન્ટની અંદર ગુજરાત સ્ટેટ ફિસ્કલ રિસ્પોન્સિબિલિટી એકટ ૨૦૦૫ છે. મારી સભ્યશ્રીઓને વિનંતી છે કે, ગુજરાત સ્ટેટ ફિસ્કલ રિસ્પોન્સિબિલિટી એકટ-૨૦૦૫ની જોગવાઇઓ વાંચી જવી જોઇએ. આમાં નક્કી કરવામાં આવેલું છે અને લક્ષ્યાંકો દરેક રાજ્ય સરકારો માટે નક્કી કરવામાં આવ્યાં છે. આ ગૃહે આ બિલ પાસ કર્યુ છે અને ગૃહે નકકી કર્યુ છે કે રેવન્યુ ડેફિસિટ ઝીરો હોવી જોઇએ.

અહીંયા વિરોધપક્ષના નેતા ડેફિસીટ ફાયનાન્સની વાત કરી રહ્યાં છે. એકબાજુ આ વિધાનસભાએ પોતે બિલ પાસ કરીને નિર્ણય કર્યો છે કે ડેફિસીટ અર્થતંત્ર વિકાસ માટે સારો માર્ગ નથી. મને કહેતા આનંદ થાય છે કે આ વિધાનસભાની અંદર જે આ બજેટ રજૂ કરવામાં આવ્યું છે એ તમામ આ વર્ષનું, ગયા વર્ષનું

બજેટ એમાં ૩૮૯૭ કરોડની રેવન્યુ પુરાંત બતાવવામાં આવી છે. રેવન્યુ પુરાંત બતાવવી એ ગુનો નથી. આ સમૃદ્ધિની નિશાની છે. ગુજરાતની અંદર છેલ્લા ૧૨ વર્ષની અંદર માનનીય નરેન્દ્રભાઇ મોદીના નેતૃત્વ નીચે ગુજરાતે જે પ્રગતિ કરી છે એ કૃષિ ક્ષેત્રે હોય, ઔદ્યોગિક ક્ષેત્રે હોય, સેવાકીય ક્ષેત્રે હોય એ તમામ ક્ષેત્રોની અંદર જે નમૂનેદાર પ્રગતિ કરવામાં આવી છે એના કારણે આ પુરાંત ઉપસ્થિત થયેલ છે. માનનીય અધ્યક્ષશ્રી, આજે આ દેશ નહીં પરંતુ આખી દુનિયા મોદી મૉડેલની ચર્ચા કરે છે અને એ ચર્ચાના આધારે જ એ શક્ય બન્યું છે કે, આપણે ઝીરો રેવન્યુ ડેફિસિટનો જે ટાર્ગેટ હતો એ ૨૦૦૭ની અંદર આપણે સિદ્ધ કરેલો છે. એવી જ રીતે જે ફીસકલ ડેફિસિટ છે એ જી.ડી.પી.ના ત્રણ ટકાથી વધવી ના જોઇએ. આજે મને કહેતાં આનંદ થાય છે કે, આ રિપોર્ટ પ્રમાણે જે ફીસકલ ડેફિસિટ છે એ ત્રણ ટકાથી ઓછી એટલે કે, ૨.૬૧ ટકા છે. એટલે બીજો લક્ષ્યાંક પણ આ સરકારે સિદ્ધ કર્યો. આ લક્ષ્યાંકો ક્યારે સિદ્ધ થઇ શકે, કે જયારે નેતૃત્વ સબળ હોય અને કુશળ વહીવટકર્તા હોય. આ ગુજરાતના મુખ્યમંત્રીશ્રીએ પોતે નમૂનેદાર, વહીવટતંત્ર ઉપર પોતાની પકડના કારણે, સારા ફીસકલ મેનેજમેન્ટના કારણે આ ફીસકલ ડેફિસિટ જે છે એ ૨.૬ ટકા થઇ છે.

આ લોકો એમ કહે છે કે, ગુજરાતનું દેવું વધી ગયું છે. આજે આ એકટ જે છે, ગુજરાત ફીસકલ રિસ્પોન્સિબિલિટી એકટ–૨૦૦૫ નીચે ૨૭ ટકા સુધી, ગ્રોસ ડોમેસ્ટીક પ્રોડકટસના ૨૭ ટકા સુધી દેવું કરી શકાય એની છૂટ આપવામાં આવેલી છે. છતાં પણ કુશળ વહીવટના કારણે આજે જે પબ્લિક ડેબ્ટથ્ છે એની ટકાવારી જી.ડી.પી.ની છે એ ૧૯.૯૩ ટકા છે. મારી વિનંતી છે, વિરોધપક્ષના નેતાશ્રીને અને વિરોધપક્ષના અન્ય માનનીય સભ્યશ્રીઓને કે, આ ચોપડીની અંદર ક્રમશઃ જે દેવું ઘટતું ગયું છે, એનો પાના નંબરઃ ૧૫ ઉપર એક ચાર્ટ આપવામાં આવેલ છે, એ ચાર્ટ જોવા વિનંતી છે. એ ચાર્ટમાં જણાવ્યા પ્રમાણે ૨૦૦૪માં ૨૮ ટકા, ૨૦૦૫–૦૬માં એ ૨૭.૫૬ ટકા, ૨૦૦૬–૦૭માં ૨૫.૬૦ ટકા, ૨૦૦૭–૦૮માં ૨૪ ટકા, ૨૦૦૮–૦૯માં એ ૨૩.૬૫ ટકા, ૨૦૦૯–૧૦માં ૨૭.૭૭ ટકા, ૨૦૧૦–૧૧માં ૨૦.૯૦ ટકા, ૨૦૧૧–૧૨માં ૨૦.૧૭ ટકા અને ૨૦૧૨–૧૩માં એ ઘટાડો થઇને ૧૯.૯૩ ટકા, દેવું ઘટતું જાય છે. જી.ડી.પી.ના ટકાવારીના પ્રમાણમાં દેવાની ટકાવારી ઘટતી જાય છે એ હકીકત વાંચવા માટે વિનંતી છે.

માનનીય અધ્યક્ષશ્રી, બીજુ, આજની તારીખે આ દેવું ૧,૨૩,૪૦૬/– કરોડ છે. એની અંદર એનાલિસીસ કરતાં આપણને જણાશે કે, માર્કેટ બોરોઇંગ ૪૯.૮૦ ટકા છે. માનનીય સભ્યશ્રીઓને હું પૂછવા માગુ છું કે, તમારા માર્કેટ બોરોઇંગ કયારે શક્ય બને? કે જયારે સરકારમાં વિશ્વાસ હોય. પબ્લિક ગાંડી નથી. ગુજરાતની પ્રજા શાણી છે. હિન્દુસ્તાનની માર્કેટની કેપીટલમાં  શેરો ખરીદનારા માણસો બુદ્ધિશાળી અને અનુભવી છે. એ ગુજરાત સરકારમાં એની વિશ્વસનીયતા, એ ક્રેડિબલીટીને ધ્યાનમાં લઇને ૬૧,૪૫૪/– કરોડ રૂપિયાનું દેવું આ માર્કેટ બોરોઇંગથી મેળવવામાં આવ્યું છે. માર્કેટ એ કોંગ્રેસ પાર્ટી કે ભારતીય જનતા પાર્ટીના કહેવાથી ચાલતું નથી. એ પોતાની સ્વતંત્ર બુદ્ધિથી ચાલતું હોય છે. આખું અર્થતંત્ર જે છે એ પોતાની વિવેકબુદ્ધિ પ્રમાણે ચાલતું હોય છે અને એ સંજોગોમાં ૧,૨૩,૪૦૬/– કરોડમાંથી ૬૧,૪૫૪/– કરોડ માર્કેટ બોરોઇંગથી  મેળવવામાં આવ્યા. મારે દુઃખ સાથે કહેવું પડે છે કે, ભારત સરકાર પોતે એને જે બોરોઇંગ, આપણી પાસે લીધું છે એના લોન અને એડવાન્સ પેટે એ ફક્ત ને ફક્ત ૬ ટકા છે. ખરેખર ભારત સરકારે પોતે રાજ્યને વધારે મદદ કરવી જોઇએ. એની સામે ૮,૪૫૨ એટલે કે ૬.૮૫ ટકાનો ફાળો ભારત સરકારના લોન અને એડવાન્સ લીધા છે. બેન્કો અને ફાયનાન્સિયલ ઈન્સ્ટ્યૂશન દ્વારા ૩.૮૫ ટકા અને એ.એસ.એફ. લોનમાં ૩૯.૫૦ ટકા. મારે બીજુ  કહેવું છે કે ઉત્તરોત્તર જે પ્રમાણે દેવાનો જીડીપી રેશિયો ટકાવારી ઘટતી જાય છે. આમ એની દેવાની કોસ્ટ પણ ઘટતી જાય છે. ૨૦૦૧–૦૨ માં ૧૩.૫૦ ટકા કોસ્ટ હતી, તે ઘટીને ૨૦૧૨–૧૩ માં ૮.૯૨ ટકા થયેલ છે, એટલે દેવું દેવું ના કરો. આ દેવાની જોગવાઇ ગુજરાત ફિસ્કલ રિસ્પોન્સિબિલિટી એકટ ૨૦૦૫ ની જોગવાઇ મુજબ આ સરકારે કાર્યક્ષમ રીતે વહીવટ કરી આ દેવાને મર્યાદામાં રાખેલ છે અને હાલમાં ૧૯.૯૩ ટકા છે, એટલે બહુ ચિંતા કરવાની જરૂર નથી.

એવી જ રીતે  આઉટસ્ટેન્ડિંગ ગેરંટી એક્ટ નીચે ૧૬૦૦૦ કરોડ સુધીની ગેરંટી આપી શકાય, પરંતુ મને કહેતા આનંદ થાય છે કે સરકારે અત્યાર સુધીમાં ૭૨૩૪ કરોડની જ ગેરંટી આપેલ છે. એટલે બહુ કુશળ વહીવટ થઇ રહેલ છે. નાણા મંત્રીશ્રી અને મુખ્યમંત્રીશ્રીને અભિનંદન આપવા છે કે ૧૬૦૦૦ કરોડની

જોગવાઇ હોવા છતા ૭૨૩૪ કરોડની. માનનીય વિરોધ પક્ષના નેતાશ્રી કહેતા હતા કે જીડીપીમાં ગ્રોથ થયો નથી. આજે ગ્રોસ સ્ટેટ ડોમેસ્ટિક પ્રોડક્ટ ૨૦૦૪–૦૫ માં ૨,૦૩,૩૭૩ હતું, તે વધીને અત્યારે ૨૦૧૨–૧૩ માં ૬,૯૭,૨૯૮ કરોડ રૂપિયા થયેલ છે. કોઇને વિકાસ દેખાતો ન હોય તો એમાં અમે શું કરી શકીએ? ગુજરાતના તમામ ક્ષેત્રોની અંદર વિકાસ થયેલ છે. એક રસ્તાની વાત થઇ. મારે કહેવું છે કે ગુજરાતની અંદર ૭૩,૦૦૦ કિ.મી.ના રોડ નેટવર્ક છે. ૯૭ ટકા રસ્તાઓ પાકા અને બારમાસી છે. ઓલ વેધર રોડ છે. ફકત ને ફકત ૨,૩૪૫ કિ.મી. રસ્તાઓ કાચા છે, જેની કામગીરી ચાલે છે. મને કહેતા દુઃખ થાય છે કે ગુજરાતની અંદર ૮૭,૦૦૦ કિ.મી. રોડ વ્હીકલ હોવા છતા રેલવે નેટવર્કની વિચારણા કરીએ તો રેલવે ફક્ત ૫,૨૭૧ કિ.મી. ભારત સરકારે ગુજરાતમાં નાખી છે. ગુજરાતને ખૂબ અન્યાય કર્યો છે અને ગુજરાતની અંદર રેલવે નેટવર્ક ઓછું હોવાના કારણે રસ્તા ઉપર ભારણ વધી રહ્યું છે, છતાં પણ ગુજરાતે રસ્તા બનાવવા માટે પુરતા પ્રયત્નો કરેલા છે. એની નોંધ અમે નથી લેતા. એની નોંધ વિશ્વબેંકે લીધી છે. હમણા વિશ્વબેન્કે અહેવાલ બહાર પાડ્યો. રિફોર્મ્સ ઇન રોડ સેક્ટર લર્નિંગ ફ્રોમ ગુજરાત. માનનીય વિરોધ પક્ષના નેતાશ્રીએ આ રિપોર્ટ વાંચવો જોઇએ. અને આમાં કહેલ છે કે ગુજરાતના રસ્તા રાષ્ટ્રીય કક્ષાના નહિ, પણ આંતર રાષ્ટ્રીય કક્ષાના છે. આ અમે નથી કહેતા આ વર્લ્ડ બેન્કના એકસપર્ટો કહે છે અને એટલા માટે જ ૩,૬૭૫ કરોડ રૂપિયાની એટલે કે ગયા વર્ષ કરતા ૨૫ ટકા રકમ વધારાની ફાળવવામાં આવેલ છે અને આ ૧૦ વર્ષની અંદર રોડ માટે ૪૫૦ ટકા વધારાની રકમ રાજ્ય સરકારે ફાળવેલી છે.

માનનીય અધ્યક્ષશ્રી, બે દિવસ પહેલાં હું દિલ્હી ગયો, દિલ્હીની અંદર ભારતીય જનતા પાર્ટીની રાષ્ટ્રીય કાઉન્સિલની મિટીંગ હતી. તે મિટીંગ દરમ્યાન જયારે હાજરી આપતો હતો ત્યારે માનનીય કેન્દ્રીય મંત્રી ગ્રામીણ વિકાસનો એક પત્ર જે રાજય સરકારને લખવામાં આવ્યો છે તેના અંગેના સમાચારો ગુજરાત સરકારને ૧લી તારીખે કાગળ લખ્યો અને હિન્દુસ્તાન ટાઇમ્સ અને ટાઇમ્સ ઓફ ઇન્ડિયાએ ૨જી તારીખે સવારે એને પ્રસિદ્ધ કર્યો છે. મને કહેતાં દુઃખ થાય છે કે જે પત્ર વ્યવહાર ખાનગી હોય, જેની ઉપર કોન્ફીડેન્શીયલનો સિક્કો હોય તે છાપાની અંદર કેવી રીતે પહોંચી જાય? એ પત્ર એટલા માટે લખવામાં આવ્યો કે સમગ્ર દેશ નરેન્દ્ર મોદી અંગે ચર્ચા કરતો હોય, ભારતીય જનતા પાર્ટીના ૧૬ હજારથી પણ વધારે કાર્યકર્તાઓ જયારે નરેન્દ્ર મોદીને દેશના આશાના કિરણ તરીકે જોતા હોય ત્યારે ગુજરાત સરકારને બદનામ કરવા માટે એક પત્ર લખવામાં આવ્યો. તે પત્રમાં ઇન્દિરા આવાસની યોજના અંગે નબળી કામગીરીનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. આપની રજાથી મારે આ ગૃહને જણાવવું છે કે ભાઇ *(xxxxxx)અને ફેલાવવાનું બંધ કરો. ગુજરાતની અંદર ૨૦૦૨ની અંદર...

અધ્યક્ષશ્રી : એક મિનિટ (xxxxxx) શબ્દ રેકર્ડ ઉપરથી દૂર કરવામાં આવે છે.

શ્રી રજનીકાન્ત મો. પટેલ : સાહેબ હું પાછા ખેંચી લઉં છું. ૨૦૦૨ની અંદર ૧૩ લાખ ૯૨ હજાર જેટલા લોકોને કાચા આવાસ અથવા તો હોમલેસ માણસો હતા, ઇન્દિરા આવાસ યોજના નીચે ૯ લાખ ૯૯ હજાર મકાનો બનાવવામાં આવ્યા. તેની અંદર ગુજરાત સરકારે ૨૫ ટકા લેખે ૫૪૦ કરોડ રૂપિયા આપેલા છે. આપેલા છે ભાઇ આપેલા છે. હવે ૯ લાખ ૯૯ હજાર ઇન્દિરા આવાસ યોજના ઉપરાંત રાજય સરકારે ૦ થી ૧૬ ના ૧ લાખ ૩૩ હજાર લાભાર્થીઓને, સાંભળી લો જોષીયારા સાહેબ, ૧ લાખ ૩૩ હજાર લાભાર્થીને (સમયસૂચક ઘંટડી) પોતાના ખર્ચે ૨,૬૪૩ કરોડ રૂપિયા ખર્ચીને આવાસ આપેલા છે. આખા દેશની અંદર ગુજરાત એક જ એવું રાજય છે કે તેણે ૧૩ લાખ ૯૨ હજારની સામે ૧૧.૩૨ લાખ લોકોને આવાસ આપી દીધા છે. ૨ લાખ ૬૦ હજારને આવાસ આપવાની કામગીરી ચાલુ છે. મને એક રાજય તો બતાવો જયાં સો ટકા કામગીરી પૂરી થઇ ગઇ હોય, છતાં પણ જયરામ રમેશ પોતે નબળી કામગીરી માટે માનનીય મુખ્યમંત્રીશ્રીને પત્ર લખે. મને લાગે છે કે રાજકીય કારણોસર આ જાતની કામગીરી થઇ રહી છે. ૦ થી ૧૬ નહીં પરંતુ ૧૭ થી ૨૦ના લાભાર્થીઓને પણ આવાસ આપવાની કામગીરી ચાલુ કરવામાં આવી છે.

---

* આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર રેકર્ડમાંથી દૂર કરવામાં આવ્યા.

અધ્યક્ષશ્રી : એક મિનિટ. કેન્દ્રીય મંત્રીની ટીકા નથી કરી પણ તેમના પત્રની વાત કરી છે. એક મિનિટ. કેન્દ્રીય મંત્રીના પત્રની વાત કરો છો ને?

શ્રી રજનીકાન્ત મો. પટેલ : હાજી સાહેબ, પત્રની વાત કરૂં છું.

અધ્યક્ષશ્રી : તો એ કરી શકાય. પત્રની તો વાત થઇ શકે.

શ્રી રજનીકાન્ત મો. પટેલ : માનનીય મંત્રીશ્રીએ ગુજરાત સરકારની કામગીરી બિરદાવવાને બદલે *(xxxxxx)માહિતી આપી છે તે ખરેખર (xxxxxx)છે અને ગુજરાત વિરોધી છે.

અધ્યક્ષશ્રી : (xxxxxx) શબ્દ કાઢી નાંખવામાં આવે છે. આપનો સમય પૂરો થાય છે.

શ્રી અમિત અ. ચાવડા(આંકલાવ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણા મંત્રીશ્રી ૨૦૧૩-૧૪નું જે અંદાજપત્ર લઇને આવ્યા છે તેમાં મારા વિચારો વ્યકત કરવા માટે ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, અંદાજપત્ર લઇને આવે, નવી નવી યોજનાઓના નામ લાવે, આંકડાની માયાજાળ રચવામાં આવે અને ગુજરાતની પ્રજાને ભ્રમિત કરવાનો પ્રયત્ન કરવામાં આવે. જયારે અંદાજપત્ર રજૂ કરવામાં આવે ત્યારે પુરાંતવાળું અંદાજપત્ર રજૂ કરવામાં આવે, બીજા વર્ષે જયારે ચોખ્ખો હિસાબ રજૂ કરવામાં આવે ત્યારે એમાં ખાધ જોવા મળે છે. આ પ્રકારની વહીવટી કુશળતા ગુજરાતની પ્રજાને ગેરમાર્ગે દોરવાની તેનાથી લોકોનો વિશ્વાસ દિવસે દિવસે અંદાજપત્ર પરથી ઓછો થતો દેખાય છે. ચૂંટણી આવી, જાત જાતના વચનો આપ્યા, ભાષણો કર્યા, પ્રજાને એમ હતું કે ચૂંટણી પછીનું પહેલું બજેટ છે એટલે જે બોલ્યા છે તે પાળશે. ખેડૂતોને આશા હતી કે અંદાજપત્રમાં ખાતર પરનો વેટ ઘટશે, ખાતર સસ્તુ મળશે. બિયારણ સસ્તુ મળશે. અમને વીજ કનેકશન મળશે. અમારા ખેતરોમાં નહેરો દ્વારા પાણી મળશે. આ બજેટમાં તે આશા ઠગારી નીવડી છે. ખેડૂતોને આશા હતી કે, આ વિવેકાનંદ જયંતિના નામે જે કાર્યક્રમો થયા, જે ભાષણો થયાં, તેમના નામે આ ગુજરાતમાં યુવાનોની વાત કરવામાં આવી તે યુવાનોને એમ હતું કે આ બજેટમાં અમારી રોજગારીની કોઇ વાત કરવામાં આવશે. તેમની આશા પણ ઠગારી નિવડી. આજે લોકો છકડામાં લટકીને સ્કૂલમાં જાય છે. તેમને એમ હતું કે આ બજેટમાં અમારા માટે બસોની સુવિધા થશે. અમને ગામડે ગામડેથી બસ અમારી સ્કૂલ કે કોલેજ સુધી લઇ જશે. એમના માટે આ બજેટમાં કોઇ જોગવાઇ કરવામાં ન આવી. દરેક સરકારી કચેરીઓમાં જઇએ ત્યારે એક જ પ્રશ્ન જોવા મળે કે તલાટી નથી, ગ્રામસેવક નથી, શિક્ષક નથી, ઇન્સ્પેકટર નથી, જમાદાર નથી. લોકોને આશા હતી કે રાજયમાં હજારોની સંખ્યામાં ખાલી જગ્યાઓ છે તેને ભરવા માટેની કોઇ ચોકકસ યોજના આ બજેટમાં લાવવામાં આવશે. મધ્યમ વર્ગની મોંઘવારીની વાત કરે છે, તેની ચિંતા કરવાનો ડોળ કરવામાં આવે છે. આ મધ્યમ વર્ગને આશા હતી કે આ ભારતીય જનતા પાર્ટીની સરકાર જેણે કેન્દ્ર સરકારની આલોચના કરવાની એક ફેશન બનાવી દીધી છે તે સરકાર પેટ્રોલ-ડીઝલ પરનો વેટ ઓછો કરી અને ગુજરાતની પ્રજાને સસ્તુ પેટ્રોલ અને ડીઝલ આપશે. એવું આ બજેટમાં જોવા મળ્યું નહીં. મહિલાઓને આશા હતી કે ભારતીય જનતા પાર્ટીના લોકો પ્રજામાં જાય તો કેન્દ્ર સરકારની મોંઘવારીની વાત કરે છે પણ જે સિંગતેલનો ભાવ નિયંત્રણ કરવાની સત્તા રાજય સરકારને છે, આ મહિલાઓ આશા રાખીને બેઠી હતી કે આ બજેટમાં તેલના ભાવ ઓછા થશે. તેમને તો આશા કાયમી આશા જ રહેવાની તેવું આજે દેખાય છે.

જે વિધવા બહેનો છે, જે વૃદ્ધ લોકો છે તેમને પેન્શનની વાત છે. તેમને એમ હતું કે મોંઘવારીના પ્રમાણમાં અમારા પેન્શનમાં વધારો થશે. અમને પણ નિયમિત પેન્શન મળશે. તેમની આશા ઠગારી નીવડી છે. ચૂંટણીઓ પતી ગઇ, મત લઇ લીધા હવે તો ખાલી વાતો કરવાના દિવસો તેમના માટે આવ્યા છે. હમણાં આર.એમ.પટેલ કહેતા હતા કે ગુજરાત સરકારનું દેવું કોઇ ચિંતા કરવા જેવું નથી. સ્વાયત્ત સંસ્થા કેગ છે તેણે પણ ગુજરાત સરકારના ફાઇનાન્સિયલ ઓડીટ કર્યા પછી તેણે ચિંતા વ્યકત કરી છે કે ગુજરાત સરકાર જે રીતે દિવસે-દિવસે પોતાનું દેવું વધારતી જાય છે તેને વ્યવસ્થિત આયોજન કરીને સમતોલ કરવામાં નહીં આવે તો આવનારા દિવસો ગુજરાતની અર્થવ્યવસ્થા માટે ગંભીર થવાના છે તેવું કેગના રિપોર્ટમાં તેમણે

---

* આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર રેકર્ડમાંથી દૂર કરવામાં આવ્યા.

ઉલ્લેખ કર્યો છે. હમણાં દેવું વધારવાની વાત કરી, તેના વખાણ કર્યા. કોઇ આપણા બાપ–દાદા હોય એમણે સારુ આયોજન કરીને મિલકત ઉભી કરી હોય, ઘર બનાવ્યું હોય, જમીન જાગીર વસાવી હોય પણ કોઇ દિકરો આવે અને તે જમીન જાગીર કે બાપ –દાદાની મિલકતની સામે દેવું લે અને તેમાંથી ફોટા પડાવે, તેમાંથી જાહેરાતો છપાવે, તેમાંથી જાત જાતના લેખો લખાવે તેના કારણે તે દીકરાના વખાણ ન કરાય. આ તો અમારી તાકાત હતી તેના કારણે આપણને કરજ મળે છે. આ ગુજરાત એ આપણી પોતાની મૂડી છે. એક એક ગુજરાતીની મૂડી છે. આખા વિશ્વમાં આ દેશમાં કયાંય પણ કરજ લેવા જાઓ છો ત્યારે ગુજરાતના નામે કરજ મળે છે. નહીં કે ગુજરાતના મુખ્યમંત્રીના નામે કરજ મળે છે.

અહીં પંચવર્ષીય યોજનાની વાત થાય છે. અગિયારમી પંચવર્ષીય યોજનામાં જે ગુજરાતના ખેડૂતોની વાત કરે છે, સામાન્ય લોકોની વાત કરે છે તેના માટે અગિયારમી પંચવર્ષીય યોજનામાં કૃષિ અને સંલગ્ન સેવાઓ માટે જે રકમ ફાળવાઇ હતી તેમાંથી ૨૮૩૬૩ લાખ ઓછા વપરાયા છે. ગ્રામીણ વિકાસની નરોત્તમ કાકાએ ખૂબ વાત કરી. મને લાગે છે કે તેમને જૂના દિવસો યાદ આવ્યા. આજે અગિયારમી પંચવર્ષીય યોજનાનો હિસાબ જોઇએ તો જે રકમ ફાળવવામાં આવી હતી તેમાંથી ૧ લાખ ૨૨ હજાર ૨૯૪ લાખ રૂપિયાની રકમ ઓછી વપરાઇ છે. ગરીબ લોકોની વાત કરવામાં આવે, અનુસૂચિત જાતિ, બક્ષીપંચ, આદિવાસીની વાત કરવામાં આવે તેમના માટે સામાજિક સેવાઓ માટે જે રકમ ફાળવવામાં આવી હતી તેમાં લગભગ ૧૦ ટકા જેટલી રકમ ઓછી ખર્ચ કરવામાં આવી છે. સામાન્ય સેવાઓની વાત કરવામાં આવે તો તેમાં ૨૧ ટકા રકમ ઓછી ખર્ચ કરવામાં આવે છે. આ જ બતાવે છે કે આપણે પંચવર્ષીય યોજનાની મોટી મોટી ફીગર જાહેર કરીએ પણ જયારે પાંચ વર્ષને અંતે તેનો હિસાબ કરીએ ત્યારે જે નાણાં પ્રજા માટે ખર્ચાવા જોઇએ, છેવાડાના માણસ સુધી જે યોજનાઓ પહોંચવી જોઇએ તેમાં નાણાં ખર્ચાતા નથી અને ફકત થોડા લોકો માટે ખર્ચાઇને વાહ વાહ લેવા માટેનો પ્રયત્ન થાય છે.

ગુજરાતમાં દેવાની વાત થઇ કે આજની તારીખે ૧ લાખ ૫૮ હજાર કરોડ જેટલું ગુજરાતનું દેવું થયું છે. ગુજરાતમાં નવું જન્મ લેનાર બાળક પોતાના માથે ૩૪ હજાર જેટલું દેવું લઇને જન્મે છે. કદાચ અહીં બેઠેલા કરોડપતિને તે રકમ નાની લાગતી હશે. જે સામાન્ય ગરીબ વર્ગનો વ્યક્તિ છે તેના માટે આ ૩૪ હજાર જેટલી રકમ આવનારા સમયમાં ખૂબ ભારણ લઇને આવવાની છે. આપણા મુખ્યમંત્રી ભાષણ કરે પણ બીજા રાજયોમાં જાય અને તેમાંય ખાસ કરીને દિલ્હીની થોડી વધારે મનમાં ઇચ્છા જાગી છે ત્યારે દિલ્હી જઇને ભાષણ કરે કે તમારી ચા કે કોફીમાં જે દૂધ વપરાય છે એ અમારા ગુજરાતમાંથી આવે છે. ચોક્કસ એના માટે ગર્વ લઇએ પણ એક સરકારના મુખ્યમંત્રી તરીકે પોતાની સરકારે કે એના વિભાગો દ્વારા જો કોઇ એના માટે રકમ ફાળવીને પોતે યશ લેતા હોય તો બરાબર છે. પણ એ માટેની કોઇ યોજના ના થાય, ગુજરાતમાં દસ વર્ષની અંદર ગોચર ઓછું થતું જાય અને ગોચરની જમીનો વેચવામાં આવે અને છેલ્લા દસ વર્ષની અંદર જે રીતે ગૌહત્યાના બનાવો બને છે ત્યારે મને તો લાગે છે કે આ સરકાર કાં તો આંખ આડા કાન કરે છે કાં તો ચૂંટણી માટે કોઇ એવી સમજૂતી કરવામાં આવી છે કે ચૂંટણી પતે એટલે ગૌહત્યા કરજો અમે તમને ખુલ્લો દોર આપીએ છીએ અને એની આડમાં હિન્દુત્વની વાત થાય છે.

શ્રી જગરૂપસિંહ ગી. રાજપૂત(બાપુનગર) : માનનીય અધ્યક્ષશ્રી, અંદાજપત્રની જે રજૂઆત કરવામાં આવી છે એમાં હું મારો સૂર પૂરાવવા અને ચર્ચામાં ભાગ લેવા માટે કાયદો અને ન્યાયતંત્રની વાત કરવા માગુ છું.

માનનીય અધ્યક્ષશ્રી, આપણા દેશમાં આદિ અનાદિ કાળથી રાજા–રજવાડાઓ વખતથી ન્યાયની વાત થતી રહી છે. આદિ અનાદિ કાળમાં વીર વિક્રમાદિત્ય ન્યાય વખણાયો, મોગલ કાળમાં જહાંગીરના ન્યાયની વાત થઇ અને અંગ્રેજો જ્યારથી આવ્યા ત્યારથી આજે હાલની જે ન્યાય પદ્ધતિ છે એ અમલમાં આવી. આઝાદી પછી પણ આપણે આજ ન્યાય પદ્ધતિ બંધારણીય રીતે સ્વીકારી અને એમાં આપણે કોઇને પણ અન્યાય ન થાય અને એ અન્યાય સામે એની વાત રજૂ કરી શકે એના માટે ફોર ટાયર સિસ્ટમ આપણે સ્વીકારેલી છે. આપણે તાલુકા કક્ષાની કોર્ટો, જિલ્લા કક્ષાની કોર્ટો, હાઇકોર્ટ અને સુપ્રીમ કોર્ટ એ રીતે સાહેબ ન્યાયતંત્રમાં જે કાયદાઓ વિધાનસભાનું ગૃહ હોય કે લોકસભાનું ગૃહ હોય તેમાં બનાવવામાં આવે તેનો

વહીવટી તંત્ર દ્વારા અમલ અને તે અમલમાં કોઇને અન્યાય થાય તો તે કોર્ટમાં જાય તેના માટેનું આખું તંત્ર ગોઠવવામાં આવ્યું છે. જયારે જયારે કંઇપણ એવી વાત થાય, આ દેશમાં જયારે આતંકવાદ ચરમસીમા ઉપર પહોંચ્યો અને પોટાનો કાયદો બનાવવામાં આવ્યો. પોટાના કાયદામાં કેન્દ્રની સરકારે તૃષ્ટિકરણની નીતિ રાખીને તે પોટાનો કાયદો રદ કર્યો. ત્યારે આ ન્યાયતંત્રની ગરિમાને લાંછન લાગે છે. સાથે સાથે ગુજરાતની અંદર આપણે ગુજકોકનો કાયદો આતંકવાદને ડામવા માટે બનાવ્યો. તે જ સાહેબ મહારાષ્ટ્રની અંદર મકોકાનો કાયદો મંજૂર કરવામાં આવ્યો અને ગુજરાતમાં ગુજકોકનો મંજૂર કરવામાં ન આવે. જે કારણે આતંકવાદીઓની અંદર જે ભય હોવો જોઇએ તે કેન્દ્ર સરકારની તૃષ્ટિકરણની નીતિના કારણે તે નથી થતું. સાહેબ તૃષ્ટિકરણની....

અધ્યક્ષશ્રી : અહીંનો જ છે કાયદો ગુજકોકનો. મહારાષ્ટ્રનો મંજૂર કર્યો અને આપણો નથી કર્યો તે જ કહે છે. શાંતિ રાખો. તમે જવાબ આપજો. ચાલુ રાખો.

શ્રી જગરૂપસિંહ ગી. રાજપૂત : સાહેબ તૃષ્ટિકરણની પરાકાષ્ટા તો ત્યાં થાય છે કે આપણે ન્યાયમાં આપણા રામ, શંકર અને કૃષ્ણ કોર્ટોમાં બેઠેલા છે કે અમારો ચુકાદો કયારે આવશે. આ તૃષ્ટિકરણની જે નીતિ છે તેના કારણે આ બધુ થઇ રહ્યું છે સાહેબ. જયારથી ગુજરાતમાં માનનીય નરેન્દ્ર મોદીની સરકાર આવી અને જે કેસોનો ભરાવો થતો હતો અને એક વિચાર આવ્યો. હું ૩૪-૩૫ વર્ષથી વકીલાત કરૂં છું. જિલ્લા અદાલતોમાં અને ટ્રાયલ કોર્ટોમાં. આપ સાહેબ પણ તે જ વ્યવસાયમાંથી આવો છો. કોર્ટોની દશા શું હતી? જે ઇન્ફ્રાસ્ટ્રચર આ સરકારે તૈયાર કર્યુ, કોર્ટોમાં સુવિધા વધારે આપી, તેના કારણે આજે મોટા ભાગની જગ્યાએ નવી બિલ્ડીંગો બની છે. તેના માટે ૨૦૦૧-૦૨માં ૧૨૭ કરોડ રૂપિયાનું આયોજન હતું. આજની તારીખમાં ૨૦૧૩-૧૪માં ૧૧૦૦ કરોડ રૂપિયા ન્યાયતંત્રમાં ફાળવવામાં આવ્યા છે. આજસુધી કોઇપણ સરકારે આટલા પૈસા ફાળવ્યા નથી. સાથે સાથે કોર્ટોમાં કેસોનો ભરાવો દૂર કરવા માટે ઘણી બધી યોજનાઓ જેમ કે લોક અદાલત છે, હાલની તારીખમાં પહેલાં અને ત્રીજા શનિવારે લોક અદાલતનું આયોજન થાય છે. દરવર્ષે આંબેડકર જયંતિ અને ગાંધી જયંતિના દિવસે લોક અદાલતોનું આયોજન થાય છે. તેના મારફતે કેસોનો ભરાવો ઓછો થાય છે. સાથે સાથે પ્રિલીટીગેશન, કેસ દાખલ થાય તેના પહેલાં બંને પક્ષકારો વચ્ચે ચર્ચા કરાવીને તે કેસનું નિરાકરણ કરવામાં આવે છે.

સૌથી મોટી વાત, ઘણી બધી વાત કરી. સાંધ્ય અદાલત આખા હિન્દુસ્તાનમાં સૌથી પહેલાં ગુજરાતમાં ચાલુ કરવામાં આવી. આના કારણે જે ગરીબ, મજદુર વર્ગ કે રિક્ષા ચલાવનારા કે લારી ચલાવનારા લોકોના કેસો સાંધ્ય અદાલતમાં જાય અને તેમના કેસોનું નિરાકરણ કરવામાં આવે. પોતાના ધંધા રોજગારમાં રૂકાવટ ન આવે. તેના માટે આખો નવો કોન્સેપ્ટ આ વિકસાવવામાં આવ્યો. સાથે સાથે જે ચેક રીટર્ન થવાના કેસો થાય તેના માટે નેગોસિએબલ ઇન્સ્ટ્રુમેન્ટ એકટની નવી કોર્ટો ખોલવામાં આવી. જયારે આજે હાઇફાઇ યુગ તરફ આપણે જઇ રહ્યા છે. આપણા જે સરકારી વકીલો છે, એ.જી.પી. છે તેમને સ્કિલ ડેવલપમેન્ટ માટે ટ્રેનિંગ આપવામાં આવી. તેનાથી સારી ટેકનોલોજીના કારણે તે ગુનેગારો છટકી ન જાય તેના માટે એ.જી.પી., પી.પી.પી ને તૈયાર કરવાની આખી યોજના કરી છે. ગુજરાતની અંદર જે લગભગ આપણે ૨૬ જિલ્લા છે દરેક જિલ્લામાં જિલ્લા અદાલત અને નીચે આપણું આયોજન છે. તાલુકા કક્ષાની અદાલત સુધી જવાનું આયોજન છે.

માનનીય અધ્યક્ષશ્રી, હમણાં હું એક જગ્યાએ ગયો હતો. તે તાલુકામાં આખા વર્ષમાં માત્ર ૨૦૦ કેસ થયા. ત્યાંના વકીલે મને કહ્યું કે ૨૦૦ કેસ છે તો કયાં આ નવી અદાલતો ખોલવાની વાત છે તેને બંધ કરો તો સારું. મેં કહ્યું જે પબ્લિક છે, લિટિગન છે તેના વિસ્તારમાં જ ન્યાય મળે તે કન્સેપ્ટ અમારી સરકારનો છે. નરેન્દ્રભાઇ મોદીનો એ કન્સેપ્ટ છે કે એ જયાં રહે છે ત્યાં જ તેને ન્યાય મળે. એટલે તેના માટે ડોર સ્ટેપ જસ્ટીસ એટલે જલ્દી ન્યાય. ગયા વર્ષે સાહેબ જે વાત કરી હતી કે એક વર્ષમાં કેટલાં કેસ બોર્ડ ઉપર આવે, પણ સાહેબ હું તેનાથી આગળ કહું છું કે આ આખા આયોજનથી આજે અમદાવાદમાં સેશન્સ કોર્ટો ૩૫ છે. હું તેમાં વકીલાત કરૂં છું. સાહેબ, દોઢ વર્ષની અંદર જે કસ્ટડીના કેસો છે તે પૂરાં થઇ જાય છે, મર્ડર કેસો એ દોઢ વર્ષની અંદર જજમેન્ટ સાથે પૂરાં થઇ જાય છે. આજે અમદાવાદમાં કસ્ટડીના કેસો એ પૂરાં થવા ઉપર છે.

એટલે ન્યાયતંત્ર માટે ચિંતા કરીને જે ઇન્ફ્રાસ્ટ્રકચર તૈયાર કરવામાં આવેલું છે. આજની તારીખમાં ૧૭૨૭ કોર્ટો મંજૂર કરેલી છે જેમાં ૧૧૨૭ ન્યાયધિશો કાર્યરત છે અને જયાં જયાં પણ એ છે તેની સાથે સાથે..

અધ્યક્ષશ્રી : દોઢ મિનિટ છે.

શ્રી જગરૂપસિંહ ગી. રાજપૂત : સાહેબ, આખા રાજયમાં ચેરિટી કમિશ્નર માટે પણ કરવામાં આવ્યું છે. સાહેબ, સ્વર્ણિમ ગુજરાતની અંદર કેન્દ્ર સરકારે ફાસ્ટ ટ્રેક કોર્ટો શરૂ કરી અને એકદમ બંધ કરી દીધી. સાહેબ, આપણે સ્વર્ણિમ ગુજરાતમાં સો ફાસ્ટ ટ્રેક કોર્ટો ચાલુ કરી. કેન્દ્ર સરકાર એક તરફ યોજના ચાલુ કરે પછી તે બંધ કરે. તેની જગ્યાએ આપણે એડોપ્ટ કરીને કેસ ડિસ્પોઝલ માટે એ કરી. ચેરિટી કમિશ્નરની સાથે સાથે એક એફ.સી.આઇ.મોનીટરીંગ સેલ પણ જે ચાલતું હતું તેને ચેરિટી કમિશ્નર નિયંત્રણમાં જે બહારથી એન.આર.આઇ. અને બધી સંસ્થાઓ જે વિદેશી નાણા નિયમન એકટ છે તેની નીચે કરવામાં આવે છે. સાથે સાથે હું આપને એ કહું કે ટોટલ કોર્ટોની સંખ્યા છે સીટી સિવિલ કોર્ટ જે અમદાવાદમાં છે તે ૨૦૦૧માં ૨૦ની સંખ્યા હતી આજે ૩૫ની સંખ્યા છે. ફેમિલી કોર્ટ એક આખા નવા જ કન્સેપ્ટ સાથે કે જયાં પતિ–પત્નીના ઝગડાં કે પારિવારિક ઝગડાંઓનો નિકાલ આવે તેની સંખ્યા આજે આખા ગુજરાતમાં ૩૩ની છે. જિલ્લા અદાલતોમાં જે એડિશ્નલ સેશન્સ જજ એ બધા જોઇન્ટ કરીએ

શ્રીમતી વર્ષાબેન ન. દોશી(વઢવાણ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી નીતિનભાઇ પટેલ સાહેબ ચાલુ વર્ષ ૨૦૧૩–૧૪માં શ્રમ અને રોજગાર વિભાગની રૂપિયા ૧૦૫૩ કરોડની જોગવાઇ એટલે કે ૭૫ ટકાના માતબર વધારા સાથે રજૂ કરેલ છે તે સંદર્ભે મારા વિચારો રજૂ કરવા માટે ઉપસ્થિત થઇ છું.

માનનીય અધ્યક્ષશ્રી, વિશ્વ ગુરૂ સમાન ભારત દેશ આજે યુવા દેશ તરીકે ઉભરી રહેલ છે ત્યારે વિશ્વમાં સૌથી વધારે યુવાનો આપણાં દેશમાં છે. આ નવોદિત યુવાન/યુવતિઓને એમની ક્ષમતા પ્રમાણે અને સમયસર અનેક તકો ઉભી કરવામાં ગુજરાત સૌથી મોખરે રહ્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, ૨૦૦૩ થી ૨૦૧૧ સુધીના છ વાયબ્રન્ટ સમિટ થવાને કારણે વિશ્વના ખૂણે ખૂણેથી ગુજરાતમાં અનેક ઔદ્યોગિક એકમોની સ્થાપના થઇ જેને કારણે ઔદ્યોગિકરણમાં અભૂતપૂર્વ ગતિ આવી છે. ગુજરાત રાજય એક આંતરરાષ્ટ્રીય ઇન્ડસ્ટ્રીયલ હબ તરીકે સ્થાપિત થઇ ચૂકયું છે. જેના કારણે અનેક તકો ખાનગી ક્ષેત્રમાં ઉભી થઇ, જેનો લાભ માત્ર ગુજરાતના યુવાનો નહીં પણ દેશના અન્ય રાજયોના યુવાનો પણ લાભ લઇ રહ્યાં છે તેમ કહું તો ખોટું નથી.

માનનીય અધ્યક્ષશ્રી, આ એકમો માટે વિવિધ પ્રકારના હુન્નરો ધરાવતા યુવકો/યુવતિઓની એક બહુ મોટી માંગ ઉભી થઇ છે. રાજયમાં પણ કેમિકલ્સ, પેટ્રોકેમિકલ્સ, બંદરો, ટેકસટાઇલ્સ ઇન્ફ્રાસ્ટ્રકચર, એન્જિનિયરીંગ જેવા અનેક ક્ષેત્રોમાં કુશળ માનવબળ પૂરૂં પાડવું ખૂબ જરૂરી હોવાથી યુવાનોને તેમની ક્ષમતા પ્રમાણે રોજગારી મળી રહે.તે માટે ગુજરાત સ્કિલ ડેવલપમેન્ટ કોર્પોરેશનની રચના કરવામાં આવી છે. આમ આવા બોર્ડની રચનાને કારણે નાના અને મધ્યમવર્ગમાં એક આશાનું કિરણ ઉભું થયું છે.

રાષ્ટ્રના નિર્માણ અને વિકાસયાત્રામાં દેશમાં ગુજરાતનું સ્થાન શિરમોર છે. નિરંતર બદલાતી રહેતી ટેકનોલોજી અનુરૂપ ઉદ્યોગગૃહોની માંગ બદલાતી રહે છે. આ ઉદ્યોગોને પ્રતિભાશીલ માનવબળ પૂરૂં પાડવા વડોદરા ખાતે સ્કિલ યુનિવર્સિટી સ્થાપવાનું આયોજન છે. અનેક યુનિવર્સિટીની સ્થાપના કરવામાં ગુજરાતે પહેલ કરી છે તેમ આખા ભારતમાં સૌ પ્રથમ સ્કિલ યુનિવર્સિટી સ્થાપવામાં આ રાજય સરકારે પહેલ કરી છે.

પહેલાં આઇ.ટી.આઇ.માં ખૂબ ઓછા ટ્રેડ હતાં. સંશોધનોની કમી હતી, બેઠકો ઓછી હતી અને ભવનો પણ સુવિધાયુકત નહોતા, પરંતુ છેલ્લા એક દસકામાં અનેક નવા ટ્રેડ શરૂ કરવામાં આવ્યા છે. અનેક નવા કામો માટે રૂપિયા ૧૧૬ કરોડની જોગવાઇ કરી છે. પહેલાં મારા વિસ્તારમાં ચાર આઇ.ટી.આઇ. હતી આજે ૧૧ આઇ.ટી.આઇ. કાર્યરત છે. જેમાં ગત વર્ષે એક મહિલા આઇ.ટી.આઇ. શરૂ થઇ છે. આ જ પ્રમાણે નવા જિલ્લામાં ૩૦ આઇ.ટી.આઇ. માટે પણ રૂપિયા ૧૨.૫૦ કરોડની જોગવાઇ કરેલ છે.

રાજયનું યુવાધન જે ગામડાંમાં વસે છે, તેમને ગ્રામ્ય કક્ષાએ ઘરઆંગણે તાલીમ મળી રહે તે માટે ૩૩૫ જેટલા કૌશલ્ય વર્ધન કેન્દ્રો શરૂ કરવામાં આવ્યા છે. આ કૌશલ્ય વર્ધન કેન્દ્રો નજીકમાં ઉપલબ્ધ થતાં કેન્દ્રમાં તાલીમ લેવી અને સર્ટિફિકેટ મેળવવાનું સરળ થતા સાચા અર્થમાં યુવાનોમાં આત્મ વિશ્વાસ જાગ્યો છે અને જે યુવાનોને જોઇતી હતી તે કારકિર્દીમાં નવી શરૂઆત દેખાઇ રહી છે. આ કેન્દ્રમાં તાલીમ લીધેલો પ્લમ્બર, ઇલેકટ્રીશીયન, નાઇ, કારપેન્ટર, ફીટર, જયારે સર્ટિફિકેટ ધરાવતો હશે ત્યારે શોષણ પણ બંધ થશે અને એની આવકમાં વધારો થશે. આમ જે કૌશલ્ય વર્ધન કેન્દ્રો ઉભા થયા છે એના લીધે આખા રાજયના ગ્રામ્ય યુવાનોને માટે આશિર્વાદરૂપ બન્યા છે.

વિદ્યાર્થી ધોરણ -૧૦ ભણે કે ગ્રેજયુએટ થાય પણ વૈશ્વિક સ્પર્ધામાં ઉભા રહેવા માટે તેણે કોમ્પ્યુટરના અભ્યાસ સુધી સજ્જ થવું પડશે. તે માંગને પહોંચી વળવા અને તેની તાલીમ માટે આ રાજયના માનનીય મુખ્યમંત્રીશ્રીએ એમ પાવરની યોજના શરૂ કરી છે. આ યોજનાને અભૂતપૂર્વ ઉત્સાહ જોવા મળ્યો છે અને રાજયમાં ઓન લાઇન ૩,૯૮,૦૦૦ નું રજિસ્ટ્રેશન થયું જેમાંથી ૨,૮૨,૬૨૮ને તાલીમ મળી છે અને ચાલુ વર્ષે આ યોજના માટે ૨૬ કરોડની જોગવાઇ કરેલ છે.

મારે આ સભાગૃહને એક વાત જણાવવી છે કે રાજયમાં ધોરણ-૧૦ની પરીક્ષા સાતથી સાડાસાત લાખ વિદ્યાર્થીઓ આપે છે. જેનું પરિણામ ૫૦ થી ૫૨ ટકા આવે ત્યારે લગભગ ધોરણ-૧૦માં ફેઇલ થનારા વિદ્યાર્થીઓ નાસીપાસ થઇ જાય અને આ વિદ્યાર્થીઓને ભગવાન ભરોસે છોડી દેવાતા,પરંતુ આ ગૃહને જણાવવું છે કે આજના સમયમાં આ વિદ્યાર્થીઓ ભગવાન ભરોસે નથી પણ આ યુવાધન સરકાર ભરોસે છે.કારણ કે ધોરણ-૧૦ કે ૧૨ ફેઇલ થતા વિદ્યાર્થીઓ કે જેઓ જિંદગી હારી ગયા છે તેમ માનવાને બદલે આ આઇ.ટી.આઇ. એક આશાનું સ્ત્રોત બન્યું છે. નકારાત્મકતા દૂર થઇ સકારાત્મકતા તરફ યુવાન વિચારતો થયો છે. ગુજરાતમાં રોજગારી માટે સરકાર, તાલીમ સંસ્થાઓ અને ઉદ્યોગોના પારસ્પરિક સહકારનો ત્રિવેણી સંગમ ઉભો થયો છે. ત્યારે નવોદિત મધ્યમવર્ગના યુવકો અને યુવતિઓની અનેક અપેક્ષાઓ અને આકાંક્ષા ધરાવનારને સરકારની મદદ અને ઉદ્યોગોમાં તક સમયસર મળતી થઇ છે જે ખૂબ સરાહનીય અને પ્રશંસનીય છે.

શ્રમ અને રોજગાર વિભાગ દ્વારા મહિલાઓને સશકત અને સ્વનિર્ભર બનાવવા માટે અનેક ટ્રેડ વિકસાવવામાં આવ્યા છે. અત્યારે રાજયમાં ૨૩ મહિલા આઇ.ટી.આઇ. આવેલી છે એમાંથી એક આઇ.ટી.આઇ. મારા વિસ્તારમાં પણ ખોલવામાં આવી છે. કૌશલ્ય વર્ધન કેન્દ્રો દ્વારા લગભગ ૩,૯૬,૩૬૧ મહિલાઓએ તાલીમ લીધી છે.

માનનીય અધ્યક્ષશ્રી, સ્વામી વિવેકાનંદની ૧૫૦મી જન્મ જયંતિ ઉજવણી પ્રસંગે ગુજરાતની યુવા શકિતને રોજગારી આપવાના હેતુસર ઔદ્યોગિક ભરતી મેળાની કામગીરી કરવામાં આવી. પ્રથમ તબક્કામાં માનનીય મુખ્યમંત્રીશ્રીની ઉપસ્થિતિમાં તા. ૯ થી ૧૩ સુધીમાં ચાર મહાનગરોમાં આ કાર્યક્રમ થયો. ૬૫,૦૦૦ જેટલા ઉમેદવારોને રોજગારીના ઓર્ડરો અને એપ્રેન્ટીસ તરીકેના પત્રો એનાયત કરવામાં આવ્યા અને બીજા તબક્કામાં ૪૧,૧૯૩ ઉમેદવારોને રોજગારીના ઓર્ડર અને એપ્રેન્ટીસ તરીકેના પત્રો એનાયત કરવામાં આવ્યા. વીઝનરી એવા માનનીય મુખ્યમંત્રીશ્રી અને સરકારના અથાગ પ્રયત્નથી સાચા અર્થમાં છેવાડાના યુવાન માટે વિવિધ તકો ઉભી કરેલ છે. ભારત સરકારના પ્રકાશિત અહેવાલ મુજબ રોજગાર કચેરીઓ મારફતે રોજગારી પૂરી પાડવામાં ગુજરાત સમગ્ર રાષ્ટ્રમાં અગ્રેસર રહ્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણા મંત્રીશ્રી શ્રમ અને રોજગાર માટે જે બજેટ લઇને આવ્યા છે તેને મારું અનુમોદન આપું છું. ધન્યવાદ.

શ્રીમતી પુનમબેન હે. માડમ**(**ખંભાલીયા) : માનનીય અધ્યક્ષશ્રી, આપણાં રાજયની ૧૩મી વિધાનસભાના ગૌરવપૂર્ણ સભાગૃહમાં આજે હું પ્રથમવાર જયારે મારી વાત રજૂ કરૂં છું ત્યારે સૌ પ્રથમ તો પ્રજાતંત્રના આ મંદિરને લોકપ્રતિનિધિ તરીકે સુશોભિત કરતા દરેક સભ્યોને ખૂબ ખૂબ અભિનંદન પાઠવું છું અને વિશેષમાં જેમના લીધે થઇને જેમણે મારા પર આટલો મોટો વિશ્વાસ મૂકી મને આ સભાગૃહ સુધી

પહોંચવાની તક આપી એવા આપણાં માનનીય મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઇ મોદીનો ખૂબ ખૂબ આભાર માની અને માનનીય અધ્યક્ષશ્રી, આપની અનુમતિથી આપણાં નાણામંત્રી માનનીય શ્રી નીતિનભાઇ પટેલ દ્વારા રજૂ થયેલ બજેટમાં રમતગમત, યુવા સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના અંદાજપત્ર વિશે આ સામાન્ય ચર્ચામાં મારા વિચારો રજૂ કરૂં છું.

માનનીય અધ્યક્ષશ્રી, આપણને સૌને આ ૨૧મી સદીમાં જનસેવાનું સૌભાગ્ય પ્રાપ્ત થયું છે. ૨૧મી સદી એટલે યુવા શક્તિની સદી. યુવા શક્તિના જ્ઞાન અને કૌશલ્યની સદી. આ સદીમાં જનસેવા કરવી અને એ પણ એવા દેશમાં કરવી જે દેશ સૌથી વધુ યુવાઓનો દેશ છે, ત્યારે આપણી ગુજરાતની જે સાંસ્કૃતિક ધરોહર છે, જે આપણી વિરાસત છે, આપણું આ યુવાધન છે, એટલું જ વૈભવશાળી છે અને જેના માટે આપણે ગુજરાતની સર્વ પ્રજાએ, ગુજરાતના એક એક નાગરિકે સ્વાભાવિકપણે આ વાતનું ગૌરવ લેવું જોઇએ. પરંતુ આને આપણાં કમનસીબ કહીએ કે કોઇએ ગુમાવેલી તકો કહીએ. ગુજરાતની સ્થાપનાથી જ ૧૯૬૦થી લઇને લગભગ ઘણા વર્ષો સુધી ગુજરાતની આ સાંસ્કૃતિક અસ્મિતા સરકારોમાં ઉપેક્ષિત જ રહી છે. રાજયનો રમતગમત યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓનો વિભાગ તો હંમેશાથી અલગ રહ્યો છે. પરંતુ વ્યવસ્થાની ભાષામાં એને સાઇડલાઇન કહીએ તો તેમાં કંઇ ખોટું નથી.

માનનીય અધ્યક્ષશ્રી, આપણાં માનનીય મુખ્યમંત્રીશ્રીએ પહેલી જ વાર આ વિભાગને યુવા સશક્તિકરણની મુખ્ય પ્રવાહધારામાં નિર્ણાયક ભૂમિકામાં મૂકી દીધો છે. રાજય સરકારના સતત પ્રયત્નથી ગુર્જરી પ્રજાની સમગ્ર વિશ્વમાં પરંપરાગત સાંસ્કૃતિક કળા અને મૂલ્યો દ્વારા આગવી ઓળખ ઉભી કરી છે. રાજયમાં રમતગમતને અપાયેલ પ્રાધાન્યથી યુવાલક્ષી પ્રવૃત્તિઓનું વ્યાપક વિસ્તરણ થયું છે. રાજય સરકારના સતત પ્રયત્નોથી ગુજરાતમાં યોજાતા ભવ્ય ભાતીગળ કાર્યક્રમો દ્વારા રાજયની વિવિધ સાંસ્કૃતિક પ્રવૃત્તિઓને, રમતોને અને કળા કૌશલ્યને વૈશ્વિક સ્તરે પ્રદર્શિત કરવામાં આવી છે. આજે સમગ્ર ભારતમાં યુવાનોમાં એક નિરાશાનું વાતાવરણ છે. યુવા શક્તિને પ્રેરણા આપવાના નેતૃત્વના ખૂબ જ અભાવો છે. માત્ર મોટી મોટી વાત કરવી.યુથની વાત કરવી, અમે યુથ માટે સતત ચિંતિત છીએ. આ રીતે યુવાનોના પ્રશ્નોને વાચા આપતા નથી. પરંતુ આપણા માનનીય નરેન્દ્રભાઇ મોદીના નેતૃત્વની અંદર ભારતીય જનતા પાર્ટીની સરકારે ગુજરાત રાજ્યમાં છેલ્લા ૧૨ વર્ષમાં આયોજનપૂર્વક અનેક યોજનાઓ હેઠળ યુવાનો અને સાંસ્કૃતિક વારસાની પ્રતિભાને વિશ્વ સમક્ષ ઉજાગર કરી છે. જયારે ગુજરાતમાં ખેલ કૂદની પ્રવૃત્તિઓ માત્ર શાળાઓ પૂરતી મર્યાદિત હતી. શાળાઓમાં વ્યાયામ શિક્ષકોના સમર્થન અને તકોનો અભાવ સતત વર્તાતો હતો અને શાળાઓમાં રમત–ગમતના મેદાનો હતા પરંતુ બાળકોને મેદાની રમતોમાં રસ લેતા કરવાનું કોઇ આયોજન ન હતું. માળખાકીય સુવિધાઓ હોય, તાલીમની કોઇ સગવડતાઓ હોય અને રમત–ગમતનો વિકાસ થાય, નવોદિત ખેલાડીઓને પ્રોત્સાહન મળે તેવી સુવિધાઓ નહોતી ત્યારે રાજ્ય સરકાર દ્વારા ખેલ મહાકુંભનું સફળતાપૂર્વક ઘણા વર્ષોથી આયોજન કરવામાં આવ્યું અને અનેક યુવાનોને પોતાની પ્રતિભા ખિલવવાનો સુંદર અવસર પ્રાપ્ત થયો. એટલું જ નહીં પરંતુ ખેલ મહાકુંભ દ્વારા શાળા, કોલેજો, ગ્રામ, નગર, ખેલકૂદના મેદાનો દ્વારા રમશે ગુજરાત, જીતશે ગુજરાતનો મંત્ર ગાજતો થયો. માનનીય મુખ્યમંત્રીશ્રીએ ખેલ મહાકુંભના માધ્યમથી સમગ્ર સમાજમાં ખેલદિલીની ભાવના ઉજાગર કરી છે.

આજે ગ્રામ્ય વિસ્તારમાં જઇએ તો ગ્રામ્ય વિસ્તારની નાની નાની દિકરીઓ, નાના નાના દિકરાઓને રાષ્ટ્રીય લેવલ ઉપર, રાજ્ય લેવલ ઉપર ખો–ખોની ટીમ હોય, કબડ્ડીની ટીમ હોય, એથલેટીક્સની ટીમમાં પ્રતિનિધિત્વ કરવાની તકો મળે છે. રાજ્યના આગેવાનો અને રાષ્ટ્રીય પ્રતિનિધિઓ દ્વારા સન્માનીત કરી અને ક્યાંક અલગ ઓળખ અને પ્રતિભા ઉજાગર થાય છે અને તે દ્વારા તેમને પ્રોત્સાહિત કરવામાં આવે છે. દિલ્હીમાં કોમલવેલ્થ ગેમ્સમાં રમતના નામે થયેલા કૌભાંડે રમતની પવિત્રતાને ક્યાંક કલંકિત કરી હતી ત્યારે ગુજરાત રાજ્યે અને ગુજરાત સરકાર દ્વારા આયોજીત ખેલ મહાકુંભ, ચેસ મહોત્સવ, સૂર્ય નમસ્કાર, યોગ શિક્ષણ, વાંચે ગુજરાત, રમત–ગમત અને શારીરિક, બૌદ્ધિક વિકાસના મહા અભિયાનો ગુજરાતે ખૂબ જ નિષ્ઠાપૂર્વક અને સફળતાપૂર્વક કર્યા છે. સરકારની રચના થયા પછી માત્ર બે અઠવાડીયામાં ત્રીજા મહાકુંભનું સફળતાપૂર્વક આયોજન કરવામાં આવ્યું છે. એમાં ૨૫ લાખથી વધુ ખેલાડીઓએ ભાગ લીધો અને પચ્ચીસ

કરોડ રૂપિયાથી વધુ રકમના ઇનામો અપાયા. જેના પરિણામે નવી નવી પ્રતિભાઓ ઉભરી અને રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય મંચ ઉપર આ લોકોની નોંધ લેવાઇ છે. તેમનામાં શારીરિક સુસજ્જતા અંગે જાગૃતિ લોકોમાં અને યુવાનોમાં આવી છે. ટીમ સ્પિરીટ અને સ્પોર્ટ્સમેન સ્પિરીટની ભાવનાનો ઉદય થયો છે.

શ્રી રામસિંહ પ્ર. પરમાર(ઠાસરા) : માનનીય અધ્યક્ષશ્રી, નાણામંત્રીશ્રી બજેટ લઇને આવ્યા છે. સૌનો સાથ સૌનો વિકાસ એના ઉપર મારા વિચારો રજૂ કરવા માટે ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, આમ તો મને રાજકીય અવલોકન કરવાની ટેવ નથી. પહેલેથી જ રાજકીય અવલોકન બહુ ઓછા કરતો આવ્યો છું, પણ માનનીય મંત્રીશ્રી રમણભાઇ બોલતા હતા ત્યારે તેમણે એવી શરૂઆત કરી કે વિરોધપક્ષના નેતા બોલતા હતા ત્યારે રમણભાઇએ એવું કહ્યું કે, શ્રી શંકરસિંહ બાપુ હું તમને ઓળખું છું. માનનીય મંત્રીશ્રી, ગુફામાં બેઠેલા સિંહને બહુ છંછેડવો નહીં, એમાં બહુ ફાયદો નથી. અહીંયાં બંને બાજુ સિંહો વધારે છે. એ સિંહો ભેગા થઇ જાય તો શું પરિણામ આવે એનો પણ વિચાર કરી લેવો પડે. આ પાંજરાના સિંહ નથી. આ જંગલની ગુફાના સિંહ છે. ઘરની અંદર માતા અને પિતા બન્ને જયારે હોય, આપણી ઉંમર મોટી થઇ હોય, આપણી ફરજમાં આવે છે કે મા–બાપની સેવા કરવી. મા–બાપ જયારે મોટા થાય ઘરડા થાય ત્યારે એને કાઢી ના મૂકાય, એને ઘરડાઘરની અંદર ના મોકલી દેવાય. સવારમાં ઉઠીને એને વંદન કરવા પડે. એના આશીર્વાદ લઇને બહાર નીકળીએ તો આપણો દિવસ સારો જાય, આપણું ભવિષ્ય સારું બને. રમણભાઇ તમે ભૂલી ગયા છો, સામેવાળા ભૂલી ગયા છો કે જે પક્ષનો પાયો નાખનાર મુરબ્બી કેશુબાપા, શંકરસિંહ વાઘેલા, સુરેશ મહેતા, કાશીરામ રાણા, જેમણે પાયો નાંખ્યો હતો, એ વડીલોને તમે બહાર કાઢવાનું (xxxxxx)જો કોઇએ કર્યુ હોય તો તે તમે (xxxxxx) કર્યુ છે. ચિંતા એટલા માટે કરુ છું, રમણભાઇએ કહ્યું એટલા માટે ચિંતા કરુ છું. બાપા અહીંયા બેઠેલા છે એમની ચિંતા કરુ છું. માનનીય નાણામંત્રીશ્રી, તમે તો મને એવું કહેતા હતા કે કેશુબાપા જયારે બોલતા હતા ત્યારે તમે પાટલી થપથપાવતા હતા, એટલો બધો પ્રેમ છે? હા છે પ્રેમ. મને વડીલ ઉપર પ્રેમ છે. એ સામે બેઠેલા હોય કે આ બાજુ બેઠા હોય, પણ મને ખરેખર પ્રેમ છે. એ વડીલોને બહાર કાઢવાનું કામ, એવું •(xxxxxx) તમે કર્યુ છે. મેં તો ખાતું ભોગવી લીધેલું છે. કેબીનેટ મિનિસ્ટર બની ચૂકેલો છું.

અધ્યક્ષશ્રી : એક મિનિટ એ (xxxxxx) શબ્દ કાઢી નાખીએ છીએ.

શ્રી રામસિંહ પ્ર. પરમાર : કાઢી નાખો. માતા પિતા કરી નાખો. (અંતરાય)

અધ્યક્ષશ્રી : તમે અંદરો અંદર વાત ન કરો. એમને બોલવા દો.

શ્રી રજનીકાન્ત મો. પટેલ : પોઇન્ટ ઓફ ઓર્ડર. સાહેબ ચર્ચાની શરૂઆતમાં .(અંતરાય)

અધ્યક્ષશ્રી : એક મિનિટ પટેલભાઇ, તમે એમને બોલવા દો. આમાં કાંઇ નથી ચર્ચામાં . બોલો બોલો ભાઇ તમારૂં બોલો. બેય તરફથી આમ જ ચાલે ચર્ચામાં.

શ્રી રામસિંહ પ્ર. પરમાર : જયોતિગ્રામની જયારે વાત કરતા હતા જયોતિગ્રામની અંદર ૨૪ કલાક અમે લાઇટ આપીએ છીએ. તમારા વખતે લાઇટ નહોતી મળતી, તો ૨૦૦૨ પહેલાં બધા તેલના દિવાથી જ ભણતા હતા? લાઇટ નહોતી? તે વખતે પણ લાઇટ હતી. જયોતિગ્રામની ૨૪ કલાકની વાત કરી તો એ ખેતીવાડીની લાઇટની વાત કરોને કે એગ્રીકલ્ચરની અંદર કેટલા કલાક તમે લાઇટ આપો છો? ચૂંટણી આવે ત્યારે ૧૦ કલાક, ચૂંટણી ગયા પછી ૮ કલાક. આ નીતિને કારણે ખેડૂતોની બરબાદી દહાડે દહાડે થતી જાય છે. માનનીય મંત્રીશ્રી ૮ કલાક તમે લાઇટ આપો છો, જયોતિગ્રામ જે ગામડાંની વાત કરો છો, મુખ્ય ગામની અંદર જ ૨૪ કલાક લાઇટ મળતી હોય છે. પેટા પરાની અંદર કોઇ દિવસ ૨૪ કલાક લાઇટ નથી મળતી. કોઇ પેટા પરામાં લાઇટ નથી મળતી. બાળકોને કોમ્પ્યુટર શિખવવાનું અમારા વખતમાં આવ્યું. તમે

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર સભાગૃહની કાર્યવાહીમાંથી દૂર કરવામાં આવ્યા.

કોમ્પ્યુટર નહોતું શિખવાડયું અમે શિખવાડયું. માનનીય મંત્રીશ્રીને પૂછું છું કે બાળકોને કોમ્પ્યુટર શીખવાડવાની તમે વાત કરો છો ૧ થી ૫ ધોરણના બાળકને અત્યારે એનું નામ લખતા નથી આવડતું. તમારા શિક્ષકો નથી એના કારણે પહેલાં ધોરણથી પાંચમા ધોરણ સુધી પહોંચે તોય એને નામ લખતાં નથી આવડતું. અમારા મંત્રીશ્રી બોલ્યા હતા કે મટન ઉપર સબસીડી ચૂકવવામાં આવે છે. કેન્દ્રની સરકારમાં મને ખબર નથી પણ એમના કહ્યા પ્રમાણે સબસીડી ચૂકવવામાં આવે છે. હું એમને પૂછવા માગુ છું કે કઠલાલની જયારે પેટાચૂંટણી લડાઇ ત્યારે (xxxxxx) કોણે આપી હતી માનનીય અધ્યક્ષશ્રી?

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : સાહેબ મારો પોઇન્ટ ઓફ ઓર્ડર .. કોઇ મંજૂરી આપી હોય તો એ આ સભાગૃહના ટેબલ ઉપર મૂકે. નહીં તો માફી સાથે એમના શબ્દો પાછા ખેંચે. (અંતરાય)

અધ્યક્ષશ્રી : એક મિનિટ તમે બેસો તો ખરા. માનનીય રામસિંહભાઇ, આપે કહ્યું છે કે આની અંદર •(xxxxxx) મંજૂરી કોઇએ આપી હોય તો રેકર્ડ ઉપર હોય તો તમારે મૂકવાનું અને નહીં હોય તો અત્યારે આ શબ્દો કાઢી નાખીએ છીએ રેકર્ડ ઉપરથી. (અંતરાય) જે વસ્તુ રેકર્ડ ઉપર હોય એ જ બોલવાનું. (અંતરાય) એને મંજૂરી આપી હોય તો રેકર્ડ ઉપર તમે મૂકજો. (અંતરાય) એક મિનિટ તમે બેસો. આખા હિન્દુસ્તાનની અંદર આ કાયદો બધે છે અને એ એમ કહે છે કે મંજૂરી આપી. એક મિનિટ (અંતરાય)ભાઇ બેસો, એમને બોલવા દો. પછી તમે બોલજો જે કહેવું હોય એ. (અંતરાય) ગંભીર આક્ષેપ છે એટલે જ કહું છું કે રેકર્ડ ઉપરથી કાઢી નાખો.આવી વાત રેકર્ડ ઉપર ન આવે એટલે કાઢી નાખવાની વાત કરી છે. માફી માગવાની વાત ન હોઇ શકે.

**શ્રી રામસિંહ પ્ર. પરમાર :** લોકાયુક્તની વાત કરી. લોકાયુક્તની અંદર જે કાયદો બનાવાયો એમાં એકેએક રાજ્યે એનો અમલ કર્યો હોય અને ગુજરાત રાજ્યમાં શા માટે એનો અમલ નહીં કરવા માટે ઉપલી કોર્ટમાં જવું પડે? કહેવામાં આવે છે કે લોકસભામાં લોકપાલની નિમણૂક થવી જોઇએ. ત્યાં લોકપાલની નિમણૂક થઇ ગઇ, દરેક રાજ્યમાં અમલ થયો પણ ગુજરાતમાં શા માટે નહીં કરવાનો? તમને કોઇ ડર કે બીક લાગે છે? ખાતો નથી અને ખાવા દેતો નથી એમાં કોઇ તથ્ય તો નથી ને? શા માટે ઉપલી કોર્ટમાં જાઓ છો અને લોકાયુક્તની નિમણૂક થવા દેતા નથી? વાતો મોટી મોટી કરવાની અને બચાવ કરવા માટે કોર્ટનો આશરો લેવાનો તમે પ્રયત્ન કરી રહ્યા છો એ ન કરો. લોકાયુક્તની નિમણૂક થવા દો તો દૂધનું દૂધ અને પાણીનું પાણી થઇ જશે. શા માટે બચાવ કરો છો? મારે બીજુ કાંઇ કહેવું નથી. આ તો માનનીય મંત્રીશ્રીએ ઉલ્લેખ કર્યો હતો એટલા માટે કહું છું.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી બજેટ લઇને આવ્યા છે ત્યારે ગુજરાતની પ્રજાની બહુ અપેક્ષા હતી કે વેરાઓ ઓછા થશે. આપણને સસ્તું મળશે, આપણું જીવન સારું બનશે, મોંઘવારી ઓછી થશે એવી ઘણી અપેક્ષાઓ ગુજરાતની જનતાની હતી. વેરા શેમાં ઓછા થયા? પાટીવાળા પલંગમાં વપરાતી પાટીના હાલના દરમાં ૫ ટકાની માફી આપી છે. ગામડાંની અંદર અસંગઠિત માણસો છે, ગામડાંનો ખેડૂત છે જે મહેનત મજૂરી કરીને જીવે છે એને પાટીનો પલંગ ક્યાંથી લાવવાનો? ડાંગરનું પડાળ ભેગું કરીને નાખે અને ગોદડી લઇને ઉંઘી જતો હોય છે. પાટીનો ખાટલો એને જોઇતો નથી. એના ઉપર વેરો કાઢી નાંખ્યો. બીજી કોઇ જગ્યા મળી જ નહીં? બીજો એક ટેક્સ કાઢી નાંખ્યો અગરબત્તીનું ભૂંસુ. આ ગુજરાતની અંદર આ અગરબત્તીના કારખાના ગામડાંમાં કેટલી જગ્યાએ છે? એમાં વેરો કાઢી નાંખ્યો અને પછી મંત્રીશ્રી એમ કહે કે મેં વેરા માફ કરી દીધા છે. તમે કૃષિ મેળાઓ કરતા હોય, ખેડૂતો અને ગરીબ માણસોની ચિંતા કરતા હોય તો ખાતર પરનો ૧૫ ટકાનો વેટ કાઢી નાંખો. કેમ કાઢતા નથી? મોંઘવારીની વાતો કરતા હોય તો પેટ્રોલ અને ડિઝલ પરના વધારાના વેટને કેમ કાઢતા નથી? બીજા રાજ્યોમાં આ વેરાઓ કાઢી નંખાતા હોય તો ગુજરાત કેમ કાઢતું નથી? અમે ખેડૂત છીએ, ખેડૂતની દ્રષ્ટિએ કહી શકું કે બીજા રાજ્યોમાં ખાતર પર વેટ નથી. ફક્ત ગુજરાતમાં વેટ વધારે હોવાના કારણે ખેતીની અંદર ડી.એ.પી. નાંખતા હતા એ આજે એક પણ ખેડૂત

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર સભાગૃહની કાર્યવાહીમાંથી દૂર કરવામાં આવ્યા.

ડી.એ.પી. લઇ શકતો નથી. ૧૦૦૦ રૂપિયા ઉપર ભાવ થવાના કારણે ખેડૂતો ખાતર વાપરી શકતા નથી. એમાં વેટ કાઢવાનું માનનીય મંત્રીશ્રીને ન દેખાયું? કોઇ જગ્યાએ ખાતર પર વેટ નથી.

માનનીય અધ્યક્ષશ્રી, શિક્ષિત બેરોજગારોની વાત થઇ. મંત્રીશ્રી રમણભાઇએ કહ્યું હતું કે ગુજરાતમાં ૧૦ લાખ યુવાન મિત્રો હશે, વધારેમાં વધારે ૧૨ લાખ મિત્રો બેરોજગાર હશે. અસંગઠિતની વાત કરીએ, બેરોજગારોની વાત કરીએ તો ગુજરાતમાં આજની તારીખે ૧૫ લાખ જેટલા શિક્ષિત બેરોજગારો રોજગારી વગર ફરી રહ્યા છે. મારે ન કહેવું જોઇએ પણ હું અમૂલ ડેરીનો ચેરમેન હોવાના કારણે સવારથી સાંજ સુધીમાં નોકરી લેવા માટે ૫૦ થી ૧૦૦ લોકો આવતા હોય છે. કોઇ જગ્યાએ રોજીરોટી નથી. પહેલાં ગામડાંના યુવાનો પી.ટી.સી. કરતા હતા, તલાટીની પણ નોકરી મળતી હતી. આજે પી.ટી.સી. થયા પછી ટેટની પરીક્ષા પાસ કરી શકતા ન હોવાના કારણે ગામડાંનો એક પણ યુવાન આજે શિક્ષક બની શકવાનો નથી. ખરેખર શિક્ષકોની પરિસ્થિતિ મેં જોઇ એ પ્રમાણે અત્યારે બેકારી એટલી બધી વધતી જાય છે કે ગામડાંમાં જાઓ તો ખબર પડે કે શું પરિસ્થિતિ છે. બેરોજગારોની સંખ્યા દિવસે દિવસે વધતી જાય છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારે બે સૂચનો કરવા છે.  માનનીય મંત્રીશ્રી એનો પૂરેપૂરો વિચાર કરે. યાત્રાધામની વાત કરી છે, રોડ અને માર્ગ મકાનની વાત કરી છે. ડાકોર એક મોટું યાત્રાધામ છે. હું જોઉં છું, ડાકોરમાં રહું છું. દરરોજ એકપણ દિવસ કે રવિવાર એવો નહિ હોય કે હજારોની સંખ્યાની અંદર લકઝરી બસ અને લાખોની સંખ્યાની અંદર યાત્રાળુઓ ના આવ્યા હોય. દરરોજ ટ્રાફિક જામ થઇ જાય છે. ઉમરેઠ–ડાકોર સેવાલીયા બસસ્ટેન્ડ પાસે એક પૂલ હોવાના કારણે, રસ્તો સાંકડો હોઇ દરરોજ ટ્રાફિક જામ થઇ જાય છે. આમાંના મોટાભાગના ધારાસભ્યો એ બાજુ જતા હશે એમને ખબર હશે.  અડધો કલાક નહિ, કલાક કલાક અમારો ટ્રાફિક જામ થઇ જાય છે. ડાકોરની નગરપાલિકાની અંદર બાયપાસ કરવા માટે સરવે કરેલો. એ સરવે કર્યા પ્રમાણે બાયપાસ કરી આપો એવી મારી નમ્ર વિનંતી છે. કારણ કે ટ્રાફિક હોવાને કારણે કલાકો સુધી લોકોને ત્રાહિમામ થવું પડે છે એ બાયપાસ જો નાણામંત્રીશ્રી યાત્રાધામ તરીકે કરી આપો તો હું ખરેખર તમારો આભાર માનીશ.

માનનીય અધ્યક્ષશ્રી, પશુપાલનનો ધંધો જ્યારે ગુજરાતની અંદર અને ખેડા, આણંદ જિલ્લાની અંદર વધુમાં વધુ પશુપાલનનો ધંધો ચાલે છે ત્યારે દરેક ખેડૂત પોતાના ગામની અંદર ખેતરે જગ્યા ના હોવાના કારણે એના પોતાના ખેતરની અંદર એક નાનીરૂમ બનાવીને સીંગલ ફેઇઝનું કનેકશન લઇને ત્યાં રહેતો હોય છે. એક–બે જાનવર પાલવતો હોય છે. ગાય હોય કે ભેંસ હોય એ પાળીને જે કાંઇ બે–પાંચ લિટર દૂધ આવે એ ડેરીમાં ભરીને એનું જીવન ગુજારતો હોય છે. છેલ્લા અઠવાડિયાથી મને યાદ છે ત્યાં સુધી જે બે જાનવર રાખતા હતા જે દૂધમાં ભાવ વધ્યાં એના કારણે પાંચનું યુનિટ બનાવ્યું, દસનું યુનિટ બનાવ્યું એના કારણે ખેડા જિલ્લાની અંદર વધારેમાં વધારે પશુપાલનનો ધંધો ચાલે છે. દૂધ પણ વધારે આવે છે.  સીંગલ ફેઇઝનું કનેકશન જે ઘરની અંદર લીધું છે એ કનેકશન કોમર્શિયલ ગણીને એને મોટામાં મોટો દંડ કરે છે. હું એમને બીજી પણ એક નમ્ર વિનંતી કરૂં છું કે જો એમને મહિનો–બે મહિના રાહત આપો તો કોમર્શિયલ તરીકે અરજી કરીને સ્વીકારી લેશે પણ અત્યારે ૫૦–૫૦ હજારના દંડ કરે છે એ દંડ ના કરે એના માટે સૂચના આપો.

શ્રી હસમુખભાઇ સો. પટેલ(અમરાઇવાડી) : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતના સર્વોચ્ચ અને સન્માનીય સભાગૃહમાં જ્યારે સૌ પ્રથમ વખત બોલવાની તક મળી રહી છે ત્યારે હું આનંદ અને ગૌરવની લાગણી અનુભવું છું.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી નીતિનભાઇ પટેલ એક વિકાસલક્ષી બજેટ લઇને આ ગૃહમાં આવ્યાં છે ત્યારે આ બજેટ આવકારીને અનુમોદન આપું છું.  આ બજેટમાં પાણી પુરવઠા વિભાગને લગતી જોગવાઇઓ વિશે ચર્ચા કરવા માગુ છું.  આપણું રાજ્ય એ પાણીની તંગીવાળું રાજ્ય છે. એકબાજુ ખૂબ વિશાળ ખડકાળ પ્રદેશ,  ખૂબ લાંબો દરિયા કાંઠો પરિણામ સ્વરૂપે ૭૪% જેટલુ ભૂગર્ભજળ આપણે પીવાના ઉપયોગમાં લઇ શકાતું નથી. ગમે તેવા પ્રતિકૂળ સંજોગોમાં પણ સમસ્યાના મૂળમાં જઇને, એનો ઊંડાણથી અભ્યાસ કરીને સમસ્યાનું કાયમી નિરાકરણ કરવા માટે આયોજનબદ્ધ નક્કર કામગીરી કરવી એ આ સરકારની વિશેષતા રહી છે.

માનનીય અધ્યક્ષશ્રી, વર્તમાન સરકાર ગુજરાતના નાગરિકોને શુદ્ધ પીવાનું પાણી પૂરતા પ્રમાણમાં મળી રહે તે માટે કેટલી ગંભીર છે એનો છેલ્લા ત્રણ દાયકાના આ વિભાગ દ્વારા ખર્ચ કરવામાં આવેલ આંકડા જોઇએ તો ખ્યાલ આવી શકે તેમ છે. ૧૯૮૫ થી ૧૯૯૦ ખર્ચ માત્ર ૪૭૩ કરોડ રૂપિયા, ૧૯૯૧ થી ૨૦૦૦ ૧૩૭૬ કરોડ રૂપિયા, જ્યારે ૨૦૦૧ થી ૨૦૧૨માં ૧૧૫૯૨ કરોડ રૂપિયા ૭ થી ૮ ગણો વધારો આ બજેટમાં પણ નાણાકીય વર્ષ ૨૦૧૩-૧૪ માટે રૂ.૨૭૦૦ કરોડ જેટલી જંગી રકમની ફાળવણી માનનીય નાણામંત્રીએ કરી છે હું એમને ખૂબ ખૂબ અભિનંદન આપું છું. નર્મદા કેનાલ આધારિત પાઇપલાઇન દ્વારા આ રાજ્યના આશરે ૧૭ જિલ્લાઓના ૯૬૩૩ ગામોને જોડવામાં આવ્યાં છે અને શુદ્ધ પીવાનું પાણી મળી રહે તેવું આયોજન કરેલ છે. આ યોજના અંતર્ગત પાણીના જથ્થાના વહન માટે કુલ ૨૫૫૬ કિલોમીટરની બલ્ક પાણીની પાઇપલાઇન નાંખવાની કામગીરી પૂર્ણ કરેલ છે અને તેના માધ્યમથી ગુજરાતના આશરે સાત હજાર ગામડાંઓને પાણી વિતરણની વ્યવસ્થાને સુદ્રઢ કરવામાં આવી છે. આવનારા દિવસોમાં આ પાઇપ લાઇનમાં વધારો કરીને સૌરાષ્ટ્રમાં અસરગ્રસ્ત બીજા ત્રણ હજાર ગામડાંઓને જોડવાનું આયોજન કર્યું છે અને એના માટે નાણાકીય વર્ષ ૨૦૧૩-૧૪માં રૂપિયા ૧,૬૫૦/- કરોડની જોગવાઇ માનનીય નાણા મંત્રીશ્રીએ કરી છે તેને હું આવકારું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ જ રીતે જુથ પાણી પુરવઠા યોજના દ્વારા આપણે ગામડે ગામડે, ફળિયા ફળિયામાં પાણી પહોંચાડીએ છીએ. તેના પણ જો પાછલા વર્ષોના આંકડાઓ જોઇએ તો ૧૯૯૦ સુધી આવરી લેવામાં આવેલ ગામો હતા માત્ર ૨,૫૦૦ અને ૨૦૦૦ સુધી ૩,૯૬૬ અને ૨૦૦૧ના અંત સુધીમાં ૧૧,૦૦૩ એટલે ૨૭૭ ટકાનો વધારો. માનનીય અધ્યક્ષશ્રી, આ યોજના અંતર્ગત ડ્યુઅલ સોર્સ, એટલે કે લોકલ સોર્સ અને બહારથી સરફેસ વોટર સોર્સના માધ્યમથી ગામડાંઓને આપણે પાણી પૂરૂં પાડ્યું છે અને આ સમગ્ર યોજનાની મરામત અને નિભાવણીનો ખર્ચ પણ આ સરકાર દ્વારા ઉપાડવામાં આવે છે.

માનનીય અધ્યક્ષશ્રી, એક સમયે ૨૦૦૧ની સાલમાં આપણા રાજયમાં કુલ ૪,૦૫૪ ટેન્કરો દ્વારા ગામડાંઓને છૂટક પાણી પૂરૂં પાડવામાં આવતું હતું. આજે ૨૦૧૨ના અંત સુધીમાં આ સંખ્યા ઘટીને માત્ર ૨૧૨ થઇ ગઇ છે. માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીના નેતૃત્વમાં કામ કરતી આ સરકાર એકવીસમી સદીને અનુરૂપ ગામડે ગામડે, ઘરે ઘરે ટેપ વોટર આપવાની મથામણ કરી રહી હોય ત્યારે બીજી બાજુ આ સન્નમાનીય સભાગૃહના કોંગ્રેસ પક્ષના માનનીય સભ્યશ્રી પરેશભાઇ એમ કહે કે, ટેન્કર રાજ પાછું લાવો. ઓગણીસમી સદીમાં જવાની વાત. કઇ દિશામાં લઇ જવા માગો છો ગુજરાતને ? તમારી અવળી દિશાને લીધે તો ગુજરાતની જનતાએ તમારી દશા બગાડી દીધી છે. હજુ પણ સમય છે વિકાસના મહાયજ્ઞમાં જોડાઇ જાવ, શરૂઆત તો થઇ ચૂકી છે સાહેબ.

માનનીય અધ્યક્ષશ્રી, ગામડાંમાં પાણીની આંતરિક વિતરણ વ્યવસ્થા માટે એક લોક ભાગીદારીનો નવતર પ્રયોગ આ સરકાર દ્વારા હાથ ધરવામાં આવે છે. ગામડે ગામડે પાણી સમિતિની રચના કરવામાં આવે અને આ પાણી સમિતિને સરકાર ટેકનિકલ અને આર્થિક સહાય કરે. આપણે આજ સુધીમાં મહત્તમ ગામડાંઓમાં આવી પાણી સમિતિની રચના કરી ચૂક્યા છીએ અને એ સમગ્ર યોજનાનું અમલીકરણ વાસ્મો દ્વારા કરવામાં આવે છે. માનનીય અધ્યક્ષશ્રી, વાસ્મોને અત્યાર સુધીમાં ત્રણ - ત્રણ એવોર્ડોથી સન્નમાનીત કરવામાં આવ્યું છે. પ્રથમ લોક પ્રશાસનની ઉત્કૃષ્ઠતા બદલ વડાપ્રધાનનો રાષ્ટ્રીય પુરસ્કાર ૨૦૦૮માં પ્રાપ્ત થયો છે, ન્યૂયોર્ક ખાતેના યુનોનો પ્રતિષ્ઠિત પબ્લિક સર્વિસ એવોર્ડ, ૨૦૦૯માં પ્રાપ્ત થયો છે અને છેલ્લે કોમન વેલ્થ એસોસિએશન દ્વારા કાપમ આંતરરાષ્ટ્રીય એવોર્ડ ૨૦૧૦માં પ્રાપ્ત થયો.

માનનીય અધ્યક્ષશ્રી, આંતરિક પાણી પુરવઠા યોજનાના માધ્યમથી હાલમાં ૯,૨૮૯ ગામડાંઓમાં પાણી પહોંચાડવાની કામગીરી પૂર્ણ કરેલ છે અને ૩,૨૬૪ યોજનાઓ પ્રગતિમાં છે. આ યોજના અંતર્ગત ઘરે ઘરે ટેપ વોટર પહોંચાડવાના આંકડાઓ જોઇએ તો, ૨૦૦૨ સુધીમાં પ્રમાણ હતું માત્ર ૨૬.૬૦ ટકા જયારે ૨૦૧૨માં આ પ્રમાણ વધીને પહોંચ્યું છે ૭૬ ટકાએ.(સમયસૂચક ઘંટડી) માનનીય અધ્યક્ષશ્રી, રાષ્ટ્રીય સ્તરે આ ટકાવારી છે માત્ર ૩૪ ટકા. આ ૩૪ ટકાની સામે ૭૬ ટકા, સાહેબ આને કહેવાય વિકાસ. વિકાસની વાત એટલા માટે કરવી પડી છે કે, આ સન્નમાનીય સભાગૃહના કોંગ્રેસના માનનીય સભ્યશ્રીએ વિકાસની વ્યાખ્યા

કરતાં કહ્યું હતું કે, નિષ્ફળતા ઢાંકવાની કળા એટલે વિકાસ. સાહેબ, આ કોંગ્રેસની માનસિકતા છે. ભારતીય જનતા પાર્ટી માટે વિકાસ એટલે આયોજનબદ્ધ ગામડાંના છેવાડાના માનવી સુધી, જન સુવિધાઓમાં મળી સુવિધાઓમાં કરેલો વધારો એટલે વિકાસ અને અમારી આ વિકાસની વ્યાખ્યાને ગુજરાતની જનતાએ સ્વીકારી છે.એટલે તો માનનીય નરેન્દ્રભાઇ મોદી વિજયની હેટ્રિક કરી શક્યા છે. આદિજાતિ વિસ્તારો તેમજ ડુંગરાળ વિસ્તારો કે જ્યાં છૂટીછવાઇ વસ્તી હોય. પાઇપલાઇનથી પાણી પહોંચાડવું શક્ય ન હોય ત્યાં આપણે હેન્ડપંપ બેસાડીએ છીએ. આ હેન્ડપંપના આંકડા જોઇએ તો ૧૯૮૦ થી ૧૯૯૦ ના દાયકામાં માત્ર ૩૮,૪૨૬ હેન્ડપંપ હતા. ૧૯૯૧–૨૦૦૦ ના દાયકામાં માત્ર ૭૧,૪૬૫ હતા. ૨૦૦૧–૨૦૧૨ના દાયકામાં ૧,૦૦,૩૧૦ એટલે ૧૫૦ ટકાનો વધારો. હાલમાં જે હેન્ડપંપના પાણીનું લેવલ નીચું ગયું હોય, માનવબળથી પાણી ખેંચવું અશક્ય હોય ત્યાં આપણે નાના નાના બોરવેલ બનાવીને ઓવરહેડ ટાંકીથી પાણી પહોંચાડવાનું આયોજન કર્યુ છે. આવનારા નાણાકીય વર્ષ ૨૦૧૩–૧૪ માં રૂપિયા ૪૬૦ કરોડની જોગવાઇ નાણામંત્રીશ્રીએ કરી છે. આ અંદાજપત્રને અનુમોદન આપીને આવકારું છું.

શ્રી પિયુષભાઇ દિ. દેસાઇ(નવસારી) : માનનીય અધ્યક્ષશ્રી, નાણા મંત્રીશ્રી ગુજરાતના કાર્યક્ષમ મુખ્યમંત્રીના નેતૃત્વમાં જે બજેટ લઇને આવ્યા છે. જીવનના તમામ ક્ષેત્રોને ન્યાય મળે એવું ક્રાંતિકારી સમતોલ બજેટને હું આવકારું છું.

મારે એક વાત વિરોધ પક્ષના મિત્રોને ખાસ કરવી છે. મારા પોઇન્ટ ઓફ ઓર્ડરના સાથી શૈલેષભાઇને કહેવું છે. મારા ખાસ સાથી છે.

"પૂરી ઉંમર ગલતિયાં કરતે રહે,
પૂરી ઉંમર ગલતિયાં કરતે રહે,
ધૂલ તો થી ખૂદકે ચહેરે પે,
ઓર આઇના સાફ કરતે રહે."

શંકરસિંહ વાઘેલા બાપુને કહેવું છે. શંકરસિંહ ભાઇ, આપ ચલે કે ન ચલે. દેશ નરેન્દ્રભાઇ કે સાથ ચલ રહા હૈ. મારે વિશેષ કહેવું નથી, પરંતુ મિત્રો ૧૯મી સદી બાહુબલની સદી હતી. ૨૦મી સદીમાં જેની પાસે મૂડી હતી એની હતી. ૨૧મી સદી વિજ્ઞાન અને શિક્ષણની છે. નરેન્દ્રભાઇ મોદીના નેતૃત્વમાં આનંદીબેને શિક્ષણ મંત્રીનો કાર્યભાર સંભાળ્યો. પ્રવેશોત્સવનો વિરોધ પક્ષના મિત્રો જ્યારે વિરોધ કરવા જઇ રહ્યા છે. મારે એક વાત કહેવી છે કે મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ માટે જ્યારે જ્યારે ઇતિહાસ લખાશે ત્યારે વિકાસ પુરૂષ તરીકેની વાત થશે. કરોડો જનતાના અને યુવાનોના રાહબર તરીકેની વાત થશે, પરંતુ આ પ્રવેશોત્સવ મારફતે હું એમ કહેવા માગું છું કે ગુરુઋષિ તરીકેનું બિરૂદ ઇતિહાસકારો માનનીય નરેન્દ્રભાઇ મોદીને આપશે એમાં શંકાને સ્થાન નથી. મહર્ષિ વેદ અનુસાર આપણા ૧૦૦ સંસ્કારો પ્રચલિત છે. એ વેદ અને સાંસ્કૃતિક રાષ્ટ્રવાદમાં ભારતીય જનતા પાર્ટી માને છે. એનો વેદ આરંભ સંસ્કાર એટલે પ્રવેશોત્સવ. હું માનું છું કે ગુણોત્સવ હોય આજે વાત થઇ રહી છે. કોઇપણ ડી.ડી.ઓ. હોય, કલેકટર હોય. ૮ થી ૯ વર્ષ એના જિલ્લાની અંદર ડી.ડી.ઓ., કલેકટર તરીકે કામ કરતો હોય, પછી સચિવાલયમાં આવે છે. ગુણોત્સવ તરીકે રાજ્યમાં જાય છે ત્યારે વિશેષ આનંદ એમને આવે છે. એમને કામ કરવાનો અનુભવ છે, તે આજે આપણે ઇન્દુચાચાના અનાવરણની પ્રતિમામાં આપના મારફત આવ્યા, ત્યારે નીચે જે કબાટો હતા એની અંદર વધારેમાં વધારે ઇનામો આ ગુજરાતની સરકારને મળ્યા છે. એમાંથી શિક્ષણના ૨૫ જેટલા એવોર્ડ મળ્યા છે. મારે મિત્રો જ્યારે વાત કરી રહ્યા છે. મતના રાજકારણની. પશ્ચિમ બંગાળ પછીનું આ પહેલું રાજય છે કે જ્યાં ૩ વાર હેટ્રિક કરી હોય એ નેતૃત્વ દુનિયા અને દેશની તમન્નાની તાકાતને નરેન્દ્રભાઇએ સાકાર કરી છે.

મારે ડ્રોપ આઉટ રેશિયાની વાત કરવી છે. ડ્રોપ આઉટ રેશિયો પ્રાથમિક શિક્ષણની અંદર ૨ ટકા થઇ ગયો છે. મારે વિરોધ પક્ષના મિત્રોએ કોઇ દિવસ ડ્રોપ આઉટની ચિંતા નથી કરી. માનનીય અધ્યક્ષશ્રી, તમે સામે જુઓ છો તો એક પછી એક ડ્રોપ આઉટ થઇ ગયા છે. હવે થોડાક બાકી રહ્યા છે. એક પછી એક જોડાઇ રહ્યા છે. મિત્રો મારે એક વાત કરવી છે. અત્યાર સુધીની અંદર આ બાળા સ્કૂલો હોય, ગ્રીન સ્કૂલો હોય, સ્માર્ટ સ્કૂલો હોય કે પ્રજ્ઞા શિક્ષણ હોય મારા વિરોધપક્ષના મિત્રોએ આ વાત કોઇ દિવસ સાંભળી છે કે

આનંદની સાથે બાળા સ્કૂલોને માટે ૧૦૨ કરોડ રૂપિયા ખર્ચી શકે તો આ ગુજરાતમાં નરેન્દ્રભાઇના નેતૃત્વમાં આ સરકાર જ ખર્ચી શકે છે. વાઇબ્રન્ટ ગુજરાતની વાત કરવામાં આવે છે. વાઇબ્રન્ટ ગુજરાતની વાત એ ફકત ઔદ્યોગિક મૂડી રોકાણનો ઉત્સવ નથી. આ વખતે માનનીય મુખ્યમંત્રીએ નવો ચીલો ચાતર્યો છે. તેમણે આ વખતે કહ્યું છે કે વાઇબ્રન્ટ ગુજરાત મૂડી રોકાણનો વિષય નથી રહ્યો. પરંતુ તેને એક્સચેન્જ ઓફ નોલેજનું પ્લેટફોર્મ એમણે બનાવ્યું છે. એમણે એમ કહ્યું છે કે વાઇબ્રન્ટ ગુજરાત એ મારે માટે સૌથી મહત્વનું ઇવેન્ટ છે. આ વાઇબ્રન્ટ ગુજરાત તે મારે માટે લ્હાવો લૂંટવાનો અવસર નથી. મિત્રો મારે વિશેષ વાત એટલા માટે કરવી છે, વિદ્યા સહાયકોની ભરતીની અંદર કોંગ્રેસના સમયમાં લાખો રૂપિયાનો ભ્રષ્ટાચાર થતો હતો તેમ કહું તો ખોટું નથી. એકપણ વખત ઓન રેકર્ડ ૨૧ હજાર વિદ્યા સહાયકોની ભરતી કોઇએ કરી હોય તો આ ભારતીય જનતા પાર્ટીની સરકારે કરી છે. હવે મારી પાસે બે મિનિટ છે. આ વિરોધપક્ષના મિત્રો જે વાત કરી રહ્યા છે તેમને એક વાર્તા કરવાનું મન થાય છે. મને પરમિશન આપજો. આપ વાર્તા કરવાની પરમિશન નથી આપતા. મારે વિરોધપક્ષના નેતા અને મિત્રો જે વાત કરી રહ્યા છે અને તેઓ પણ પોતાના વિસ્તારમાં ફરી રહ્યા છે ત્યારે તેઓ પણ વિકાસ જોઇ રહ્યા છે. પરંતુ એક વાત આપને પણ માનનીય અધ્યક્ષશ્રી ગમશે.

માનનીય અધ્યક્ષશ્રી, એક શેઠ જયારે મૃત્યું પામ્યા અને મૃત્યું પામીને જયારે ચંદ્રગુપ્તના દરબારમાં તેમને લાવવામાં આવ્યા ત્યારે તેમને કહેવામાં આવ્યું કે સ્વર્ગ અને નરક માટે તમે શું કામ કર્યુ છે? ત્યારે એમણે એક વાત સ્પષ્ટ કરી, એમણે એમ કહ્યું કે મેં સારામાં સારું પુણ્યનું કામ એવું કર્યુ છે કે હું પોતે દૂધ પીતો નહોતો, સારામાં સારું પુણ્યનું જો કોઇ કામ કર્યુ હોય આટલા વર્ષો સુધી તો મેં બિલાડીને દૂધ પાવાનું કામ કર્યુ હતું. કારણ કે તે મૂંગુ જાનવર છે. જયારે બિલાડીને બોલાવવામાં આવી ત્યારે બિલાડીએ એમ કહ્યું કે હું જાણતી હતી કે રોજ સવારે મને દૂધ પાતા હતા, પરંતુ કોણ પાતું હતું તેની મને ખબર નથી. કારણ કે હું જયારે દૂધ પીતી હતી ત્યારે આંખ બંધ કરીને દૂધ પીતી હતી. મારા કોંગ્રેસના મિત્રોએ આંખ બંધ કરેલ છે એટલે આ વિકાસ નથી દેખાતો. જયારે આ સરકાર સતત વિકાસલક્ષી કામો કરતી હોય, વિકાસને વરેલી છે ત્યારે ખૂબ ખૂબ ધન્યવાદ સાથે માનનીય નાણા મંત્રીશ્રીને અભિનંદન આપવા છે, ગુજરાતના મુખ્યમંત્રીને અભિનંદન આપવા છે. ફરીથી આભાર સાથે વિરમું છું. આભાર, જય હિન્દ.

**સભાગૃહનું કામકાજ સાંજના ૫.૧૩ વાગ્યે પૂરૂં થતાં સભાગૃહ અધ્યક્ષશ્રીના આદેશાનુસાર મંગળવાર તા.૫-૩-૨૦૧૩ના રોજ બપોરના ૧૨.૦૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહ્યું.**

**ગુજરાત વિધાનસભા**
**મંગળવાર, તા. ૫મી માર્ચ, ૨૦૧૩**
**ફાલ્ગુન૧૪,૧૯૩૪ શાકે**
**સભાગૃહ બપોરના ૧૨.૦૦ વાગ્યે મળ્યું**
**અધ્યક્ષશ્રી વજુભાઇ વાળા અધ્યક્ષ સ્થાને**

# તારાંકિત પ્રશ્નો

અધ્યક્ષશ્રી : ઓર્ડર ઓર્ડર, તારાંકિત પ્રશ્નોત્તરી. પ્રશ્ન ક્રમાંકઃ ૧

**સર્વ શિક્ષા અભિયાન યોજના હેઠળ રાજ્ય સરકારે કેન્દ્ર સરકાર તરફથી કામો માટે મળવાપાત્ર રકમ**

* ૯૩૩ **શ્રીમતી તેજશ્રીબેન દિ. પટેલ(વિરમગામ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સર્વ શિક્ષા અભિયાન યોજના હેઠળ તા. ૩૧-૧૨-૨૦૧૨ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં વર્ષવાર રાજ્ય સરકારને કેન્દ્ર સરકાર તરફથી કયા કયા કામો માટે કયા દરથી કેટલી રકમ મળવાપાત્ર હતી**,** અને

(૨) તે પૈકી કેટલી રકમ કેન્દ્ર સરકાર તરફથી ક્યારે મળી અને ઉક્ત સ્થિતિએ તેને માટે કેટલી રકમ વપરાઇ ?

**જવાબ**

(૧) સર્વ શિક્ષા અભિયાન હેઠળ તા. ૩૧-૧૨-૨૦૧૨ ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં વર્ષવાર રાજ્ય સરકારને કેન્દ્ર સરકાર તરફથી આ સાથે સામેલ એનેક્ષર-*૧ના કામો માટે સને ૨૦૧૧-૧૨ તેમજ સને ૨૦૧૨-૧૩માં ૬૫% ના દરથી નીચે મુજબની રકમ મળવાપાત્ર હતી.

(રૂ઼. લાખમાં)

| કેન્દ્ર સરકાર તરફથી મળવાપાત્ર રકમ | | |
|---|---|---|
| **યોજના** | **૨૦૧૧-૧૨** | **૨૦૧૨-૧૩ (તા. ૩૧-૧૨-૧૨ ની સ્થિતિએ)** |
| એસએસએ | ૧૧૧૦૩૯.૯૪ | ૨૦૮૯૪૧.૨૦ |
| એનપીઇજીઇએલ | ૬૫૪.૫૫ | ૪૯૧.૧૨ |
| કેજીબીવી | ૩૯૨૩.૬૦ | ૩૧૯૭.૨૫ |
| કુલ | ૧૧૫૬૧૮.૦૯ | ૨૧૨૬૨૯.૫૭ |

(૨) કેન્દ્ર સરકાર તરફથી સને ૨૦૧૧-૧૨ અને ૨૦૧૨-૧૩ (૩૧-૧૨-૨૦૧૨ ની સ્થિતિએ) મળેલ રકમની વિગતો એનેક્ષર-*૨ આ સાથે સામેલ છે અને તેમાંથી થયેલ કામો અને વપરાયેલ રકમની વિગતો એનેક્ષર-*૩માં આ સાથે સામેલ છે.

**(*એનેક્ષર સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)**

ડો. તેજશ્રીબેન દિ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, સર્વ શિક્ષા અભિયાન અંતર્ગત કેન્દ્ર સરકારે કરોડો રૂપિયા કોમ્પ્યુટર માટે આપ્યા. ગુજરાત સરકારે એક આઇ.ટી. કંપની એજ્યુકોમ્પને સી.ડી. તૈયાર કરવા કરોડો રૂપિયા આપ્યા, તે સી.ડી. તૈયાર થઇને આઠ મહિને આવી. ધોરણઃ ૫-૬-૭ના અભ્યાસક્રમો તે વખતે બદલાઇ ગયા હતા તે વાત સાચી છે? બીજુ એ પૂછવા માગું છું કે આ પુસ્તકોમાં આટલો બધો ખર્ચ થયો તો પુસ્તક વગર રહી ગયા હોય તેવા વિદ્યાર્થીઓની સંખ્યા કેટલી અને આ પુસ્તકો પર વિના મૂલ્યે તેવું જે લખાણ હતું તેના પર કાળી શાહી લગાવી અને સ્ટીકર માર્યા કે ગુજરાત રાજ્ય પાઠ્ય પુસ્તક મંડળ અને બજારમાં મૂકવામાં આવ્યા હતા તો શું આ વાત સાચી છે?

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, પાઠ્ય પુસ્તકોનો ખર્ચ કેન્દ્ર સરકાર આપતી નથી. તે રાજય સરકાર જ આપે છે. જે કંઇ ખર્ચ થાય તે રાજય સરકાર આપે છે. સી.ડી.ની વાત છે કે મોડી આવી છે તે વાત સાચી નથી.

ડો. નિર્મલાબેન સુ. વાઘવાણી : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે સર્વ શિક્ષા અભિયાન અંતર્ગત પ્રાથમિક શિક્ષણના શિક્ષકોને પગાર પેટે રાજય સરકારને કેન્દ્ર સરકારની કોઇ ગ્રાન્ટ મળે છે કે કેમ? અને ગુજરાતને અન્ય રાજયોની સરખામણીમાં પૂરતી ગ્રાન્ટ આપવામાં આવે છે કે કેમ?

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, સર્વ શિક્ષા અભિયાન સને ૨૦૦૧-૦૨માં શરૂ થયું. ગુજરાત સરકારે રાજય તરીકે એસ.એસ.એ.ની શરૂઆત સૌથી પહેલાં કરી. આ માટેની ભરતી પણ કરી. મફત પુસ્તકો પણ આપ્યા. યુનિફોર્મનો લાભ પણ આપ્યો. એમ.એચ.આર.ડી.ની ગાઇડ લાઇન મુજબ એસ.એસ.એ.ની જે રાજયોએ યોજના શરૂ કરી દીધી હોય તેમાં ગુજરાત રાજય પહેલું છે. આર.ટી.ઇ એકટ હેઠળ નવા શિક્ષકો મળવાપાત્ર છે, તેમાં ૨૦૧૦-૧૧માં જે ટીચર્સ સેલરી મંજૂર થયેલી છે. આ બાબતમાં કેન્દ્ર સરકાર આપણને મળવાપાત્ર રકમ કરતાં ખૂબ જ ઓછી રકમ આપે છે. ગુજરાતે ટીચર સેલરી પેટે ચૂકવેલ તેમાં ૨૭.૮૧ કરોડનો ખર્ચ આપણને મળવાપાત્ર નીકળે છે. આટલી રકમ કેન્દ્ર પાસેથી લેવાની બાકી નીકળે છે. આમ મળવાપાત્ર રકમ કરતાં પણ કેન્દ્ર સરકાર આપણને ઓછી આપે છે. બજેટ જેટલું મંજૂર કરે તે બજેટ પૂરતી રકમ પણ રાજયને આપવામાં આવતી નથી.

શ્રી હીરાભાઇ હ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, સવાલ એ છે કે આમાં કેન્દ્ર અને રાજયનો હિસ્સો શું છે? કેન્દ્ર ઓછી રકમ આપે છે, મળવાપાત્ર રકમ આપતી નથી, તો તેમાં સીધો પ્રશ્ન એ છે કે કેન્દ્ર અને રાજયનો હિસ્સો શું છે?

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, કેન્દ્ર અને રાજયનો હિસ્સો ૬૫:૩૫ પ્રમાણે છે. ૨૦૧૧-૧૨માં કુલ બજેટ ૧૮૬૩ કરોડનું હતું તેમાંથી કેન્દ્ર સરકારે ફાળવવાપાત્ર, મળવાપાત્ર ૧૧૫૬.૧૮ કરોડ હતા. આ સભાગૃહને જણાવવા માગું છું કે કેન્દ્ર સરકાર તરફથી ૬૫ ટકા પ્રમાણે ૧૧૫૬માંથી માત્ર ૮૮૦ કરોડ મળ્યા છે. ૩૫ ટકા પ્રમાણે રાજય સરકાર તરફથી ૭૦૭ કરોડ મળવાપાત્ર હતાં, તેમાંથી ૬૩૫ મળ્યાં.

શ્રીમતી વર્ષાબેન ન. દોશી : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, કેન્દ્ર સરકાર તરફથી ગુજરાતને સર્વ શિક્ષા અભિયાન માટે કરેલી દરખાસ્ત મુજબ પૂરેપૂરી રકમ ફાળવવામાં આવે છે કે કેમ અને ગ્રાન્ટ સમયસર ફાળવવામાં આવે છે કે કેમ?

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, ૨૦૧૨-૧૩ ના બજેટમાં એસ.એસ.એ. માટે ૬૬૩૩ કરોડની દરખાસ્ત કરેલ. તેમાં કેન્દ્ર સરકારે કોઇપણ વાજબી કારણ આપ્યા સિવાય ૨૯૬૪ કરોડનો મોટો કાપ મૂકયો. તેમાં ૩૩૬૯ કરોડ મંજૂર કરવામાં આવ્યા. કેન્દ્ર સરકાર તરફથી હમણાં કહ્યું તેમ જે આપવાપાત્ર હિસ્સો છે તે પણ આપતા નથી. ગઇકાલની જ વાત કરું તો ૨૦૧૩-૧૪ માટે ૬૭૪૩ કરોડ રૂપિયાનું યોગ્ય બજેટ આપણે લઇને ગયા હતા, એમાંથી માત્રને માત્ર ૧૬૫૧ કરોડ રૂપિયા જ મંજૂર કર્યા છે, ત્યારે હું સામેવાળા મિત્રોને કહેવા માગું છું કે, કેન્દ્ર સરકાર R T E એક્ટ મંજૂર કરે છે. મંજૂર કરીને જશ પોતે લે છે, આટલી ઓછી રકમ મંજૂર કરવાના કારણે અસર શું થવાની? (અંતરાય) સભાગૃહને જણાવવું જરૂરી છે એટલા માટે કહું છું.

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી, સભ્યશ્રીએ સવાલ પૂછયો હોય એટલો જ જવાબ આપો અને જરૂરિયાત હશે એ સવાલ પૂછશે. સભ્યશ્રી પૂછે એટલાનો જ જવાબ આપો.

ડો. અનિલ જોષીયારા : માનનીય અધ્યક્ષશ્રી, આ RTE ની યોજના હેઠળ આઠમું ધોરણ છે એ પ્રાઇમરીમાં ગયું છે, પ્રાઇમરીમાં અંગ્રેજી અને ગણિતના શિક્ષકો ભરાતા નથી, છેલ્લા બે વર્ષથી આ શિક્ષકો ન ભરાવાના કારણે શિક્ષણ કથળ્યું છે, એટલે આ ગણિત અને અંગ્રેજીના શિક્ષકો આપ વહેલામાં વહેલી તકે

ક્યારે ભરવા માગો છો? કારણ કે આ શિક્ષણ સાથે જોડાયેલી બાબત છે,તો આ શિક્ષકો આપ ક્યારે ભરવા માગો છો?

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, વહેલામાં વહેલીતકે.

શ્રી આત્મારામ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, ૨૦૧૨ અને ૨૦૧૩ની કેન્દ્ર સરકાર તરફથી મળવાપાત્ર રકમનો સવાલ છે ત્યારે મારે માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવું છે કે, શું ૨૦૧૨ અને ૨૦૧૩માં સુપ્રીમ કોર્ટે એક ચૂકાદા દ્વારા R T E માં તમામ સુવિધાઓ રાજય સરકારને પૂરી પાડવાનો આદેશ આપેલો છે કે કેમ અને તે અંગે કેન્દ્ર સરકારે કોઇ હકારાત્મક અભિગમ આપ્યો છે કે કેમ? સર્વ શિક્ષા અભિયાનને લગતી જ વાત છે એટલા માટે હું કહું છું.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, સુપ્રીમ કોર્ટના આદેશ પછી પણ કેન્દ્ર સરકારે ગુજરાતને મળવાપાત્ર રકમ આપી નથી.

શ્રી જોઇતાભાઇ ક. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, રાજયની અંદર કેન્દ્ર સરકાર મારફત ગ્રાન્ટ આપીને શાળાના મકાનો તૈયાર બાંધેલા છે, એ મકાનો અવાવરું પડ્યા છે,એમાં શિક્ષકોની નિમણૂક કરીને શાળા શરૂ કરવામાં આવતી નથી, એનું કારણ શું અને આ શાળાઓ ક્યારે શરૂ કરવામાં આવશે?

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : : માનનીય અધ્યક્ષશ્રી, આવી શાળાઓ જર્જરિત થઇ હશે અને ધ્યાનમાં આવશે તો અમે એ તાત્કાલિક રીપેર કરીએ છીએ અને તાત્કાલિક ધોરણે એને શરૂ પણ કરીએ છીએ.

અધ્યક્ષશ્રી : માનનીય સભ્યશ્રી, કઇ કઇ શાળાઓ છે એ તમે કહેજો. આ ખંડેર શાળા પડી છે અને જે શિક્ષકના અભાવે ચાલુ નથી થતી.

શ્રી જોઇતાભાઇ ક. પટેલ : : માનનીય અધ્યક્ષશ્રી, શાળાના જે નવા મકાન બાંધ્યા છે એ શાળાઓ ચાલુ જ કરતા નથી.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : : માનનીય અધ્યક્ષશ્રી, આજના દિવસે એવી કોઇ ફરિયાદ આપણી પાસે આવી નથી. માની લો કે, હોઇ શકે જ નહીં.

અધ્યક્ષશ્રી : માનનીય સભ્યશ્રી, પણ એવી કોઇ હોય તો તમે કહેજો.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીને હું આપના દ્વારા પૂછવા માગું છું કે,...

અધ્યક્ષશ્રી : ના, ના, આપે નહીં પૂછવાનું,

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, સભ્યશ્રી નામ મને આપે.

અધ્યક્ષશ્રી : એ નામ આપે.

શ્રી જોઇતાભાઇ ક. પટેલ : : માનનીય અધ્યક્ષશ્રી, બનાસકાંઠા જિલ્લાના ધાનેરા તાલુકાના અનાપુરગઢ ગામે બે સાલથી શાળાનું મકાન તૈયાર છે, પણ એક પણ શિક્ષક એમાં નથી.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : : માનનીય અધ્યક્ષશ્રી, પ્રાથમિક કે માધ્યમિક?

શ્રી જોઇતાભાઇ ક. પટેલ : : માનનીય અધ્યક્ષશ્રી, ધોરણ ૧૧ અને ૧૨.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : : માનનીય અધ્યક્ષશ્રી, આ પ્રશ્ન છે એ સર્વ શિક્ષા અભિયાન યોજના અંગેનો છે, આ પ્રશ્ન માનનીય સભ્યશ્રી કહી રહ્યા છે એ અત્યારે લાગુ પડતો નથી.

અધ્યક્ષશ્રી : આ પ્રશ્ન ધોરણ એક થી આઠ સુધીનો છે.

**કચ્છ જિલ્લામાં વોટર શેડના પ્રોજેક્ટો**

* ૨૨૦૦ **શ્રી રમેશભાઇ વ. મહેશ્વરી(ગાંધીધામ) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) કચ્છ જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૧૨ની સ્થિતિએ વોટર શેડના પ્રોજેક્ટો કયા કયા તાલુકામાં ચાલે | (૧) કચ્છ જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૧૨ની સ્થિતિએ અબડાસા, અંજાર, ભચાઉ, ભુજ, લખપત, |

છે,

માંડવી, મુંદરા, નખત્રાણા અને રાપર તાલુકામાં વોટર શેડના પ્રોજેક્ટો ચાલે છે,

(૨) તે પૈકી તા. ૩૧-૧૨-૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કઈ કઈ સંસ્થાઓના કુલ કેટલા પ્રોજેક્ટ મંજૂર કરવામાં આવેલ છે, અને

(૨) તે પૈકી તા. ૩૧-૧૨-૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સ્વૈચ્છિક સંસ્થાઓના કોઈ પ્રોજેકટ મંજૂર કરવામાં આવેલ નથી. પરંતુ તમામ પ્રોજેક્ટ સરકારી સંસ્થાઓ જેમાં જિલ્લા જળસ્ત્રાવ વિકાસ એકમને ૧૨ તથા વન વિભાગને ૦૧, તેમ કુલ ૧૩ પ્રોજેક્ટ મંજૂર કરવામાં આવેલ છે.

(૩) તાલુકા દીઠ કેટલો ખર્ચ થયેલ છે ?

(૩) તાલુકા દીઠ થયેલ ખર્ચની વિગત નીચે મુજબ છે.

| ક્રમ | તાલુકાનું નામ | થયેલ ખર્ચ (રૂ. લાખ) |
|---|---|---|
| ૧ | અબડાસા | ૧૩૬.૨૬ |
| ૨ | અંજાર | ૫૩.૭૨ |
| ૩ | ભચાઉ | ૧૮૨.૩૫ |
| ૪ | ભુજ | ૨૭૨.૫૦ |
| ૫ | લખપત | ૫૨૨.૬૪ |
| ૬ | માંડવી | ૧૧૭.૪૨ |
| ૭ | મુન્દ્રા | ૬૮.૦૫ |
| ૮ | નખત્રાણા | ૧૧૩.૭૫ |
| ૯ | રાપર | ૧૫૭.૩૪ |

શ્રી રમેશભાઇ વ. મહેશ્વરી : માનનીય અધ્યક્ષશ્રી, મારા પ્રશ્નના જવાબમાં તા. ૩૧-૧૨-૨૦૧૨ની સ્થિતિએ કચ્છ જિલ્લામાં નવ તાલુકામાં આ વોટરશેડમાં ખર્ચ થયેલ છે, ત્યારે આપશ્રીના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, કચ્છ જિલ્લામાં વોટરશેડ યોજના અન્વયે કેવા પ્રકારની બીજી કામગીરી કરવામાં આવે છે?

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, કચ્છ જિલ્લામાં આ યોજના હેઠળ ૧૪ પ્રકારની કામગીરી કરવામાં આવે છે. સૌથી પહેલી કામગીરી, માનનીય અધ્યક્ષશ્રી, માનનીય વિપક્ષના નેતાશ્રી આજે ગેરહાજર છે. ગઈ કાલે એમના પ્રવચનની અંદર ...

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી, તમે પ્રશ્નનો જવાબ જ આપો.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : ટેરેસ તલાવડી, એની હાંસી ઉડાડવી, એની શંકા વ્યકત કરવી •(xxxxxx) વિકાસનું કામ રાજય સરકારે કર્યું છે.

અધ્યક્ષશ્રી : (xxxxxx) એ શબ્દો હું રેકર્ડ ઉપરથી દૂર કરું છું.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : કોઈના વિચારમાં ન આવે એવું કામ રાજય સરકારે કર્યું છે. નવા ગામ તળાવ કરવા, મોટા માટીના પાળા કરવા, પીવાના પાણીની વ્યવસ્થા કરવી, હવાડા કરવા, એટલે હું કહેતો હતો કે ટેરેસ તલાવડી જે છે એ ઉંચાણવાળા વિસ્તારમાંથી પાણી વહી જતું હોય એને રોકવા માટેની આ ઇનોવેટિવ યોજના છે.

અધ્યક્ષશ્રી : માનનીય વાઘજીભાઇ,

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, મારો જવાબ હજુ અધૂરો છે સાહેબ.

અધ્યક્ષશ્રી : ના, ના. જે પૂછ્યું છે એનો તમે હજુ જવાબ જ શરૂ નથી કર્યો એટલે એ પૂરું કરો. માનનીય વાઘજીભાઇ,

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : કેવા પ્રકારની કામગીરી કરે છે એ હું કહેવા માગુ છું.(અંતરાય)

• માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો રેકર્ડ ઉપરથી દૂર કરવામાં આવ્યા.

અધ્યક્ષશ્રી : ભૂપેન્દ્રસિંહજી, જવાબ તુરત જ આપી દેવાનો છે જે સવાલ પૂછ્યો હોય એનો. માનનીય વાઘજીભાઇ.

શ્રી વાઘજીભાઇ ધ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજયમાં વોટરશેડ યોજનાની મોડેલરૂપ કઇ કામગીરી કરવામાં આવી છે? અને આ કામગીરીની જાણકારી આપવા માટે કેટલા રાજયમાં પ્રતિનિધિઓને મોકલવામાં આવ્યા છે?

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, ફરીવાર કહું છું કે, ગુજરાતે ઇનોવેટિવ વિકાસના કામમાં વોટરશેડ યોજનામાં જી.આઇ.એસ. એ સેટેલાઇટ દ્વારા આ વોટરશેડના કાર્યક્રમ ક્યાં ક્યાં થઇ શકે એની આખી માહિતી મેળવીને એને અગ્રિમતા આપી છે. આપણે આ કરેલું મોડેલ કામ એ દેશમાં માત્ર ગુજરાતે જ કર્યું છે. આ કામગીરી ૨૦૦૧-૨૦૦૨થી શરૂ થઇ અને બહારના લોકો અહીંયા આવ્યા છે. ગુજરાત બહારના લોકો આંધ્રપ્રદેશ, રાજસ્થાન, મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ, હિમાચલ પ્રદેશ, ત્રિપૂરા, તામિલનાડુ, કર્ણાટક અને ઉત્તરપ્રદેશના લોકો અહીંયા જોવા આવ્યા છે.

શ્રી છબીલભાઇ ના. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મંત્રીને પૂછવા માગુ છું કે, વોટરશેડનો પ્રોજેકટ ખરેખર સારો છે પણ એની અંદર એટલી બધી ગેરરીતિઓ થાય છે. એમાં કમિટી બનાવવામાં આવે છે અને એની અંદર સરપંચને અને ગામના લોકોને સત્તા આપવામાં આવે છે ત્યારે •(xxxxxx)આ પોજેકટ પૂરો નથી થતો. આ બધા પોજેકટ આને કારણે પૂરા નથી થતા.

અધ્યક્ષશ્રી : (xxxxxx) એ શબ્દો રેકર્ડ ઉપરથી કાઢી નાંખવામાં આવે છે. તમે તમારો સીધો પ્રશ્ન પૂછો.(અંતરાય)

શ્રી છબીલભાઇ ના. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, વોટરશેડમાં જે ગામ આવે એના ધોરણો ક્યા અને, એમાં કન્દ્ર સરકારનો અને રાજય સરકારનો હિસ્સો કેટલો છે?

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, આ સરપંચોનું અપમાન કરે છે.

અધ્યક્ષશ્રી : એ હવે શબ્દો કાઢી નાંખ્યા પછી એનો જવાબ દેવાની જરૂર શું છે?

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : સારુ થયું. પણ માનનીય અધ્યક્ષશ્રી, જો કોઇ ફરિયાદ આવી હોય તો મારા ધ્યાન પર મૂકજો અને આવી કોઇપણ ફરિયાદ આવી હોય તો એ તંત્રના ધ્યાન પર મૂકવામાં આવે અને આનો રેશિયો ૯૦/૧૦ નો છે. કેન્દ્ર સરકારના ૯૦ અને ૧૦ રાજય સરકારના.

**વડોદરા જિલ્લામાં ગોકુળ ગામ યોજનામાં ઓઇલ એન્જીન ખરીદીમાં ગેરરીતિ**

* ૯૯૭ **શ્રી મોહનસિંહ છો. રાઠવા(છોટાઉદેપુર) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૧૫-૦૧-૨૦૧૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વડોદરા જિલ્લામાં ગ્રામ વિકાસ એજન્સી હેઠળ ગોકુળ ગામ યોજનામાં ઓઇલ એન્જીન ખરીદીમાં કેટલા રૂપિયાની નાણાંકીય ગેરરીતિ બહાર આવેલ છે, | (૧) પ્રસ્તુત બાબતની પ્રાથમિક તપાસ થયેલ છે. તકેદારી આયોગ સંદર્ભ હોવાથી પ્રસ્તુત પ્રકરણે ગુજરાત તકેદારી આયોગના પરામર્શમાં કાર્યવાહી ચાલુમાં છે. |
| (૨) તેમાં કયા કયા અધિકારીશ્રીને જવાબદાર ઠેરવવામાં આવ્યા છે,અને | (૨) ઉપર મુજબ. |
| (૩) દોષિત સામે શાં પગલાં લેવામાં આવેલ છે ? | (૩) ઉપર મુજબ. |

શ્રી મોહનસિંહ છો. રાઠવા : માનનીય અધ્યક્ષશ્રી, મારે એટલું જ જાણવું છે કે આ મારા પ્રશ્નના જવાબમાં એવું જણાવ્યું છે કે, પ્રસ્તુત બાબતની પ્રાથમિક તપાસ થયેલ છે અને તકેદારી આયોગ સંદર્ભ હોવાથી પ્રસ્તુત પ્રકરણે તકેદારી આયોગના પરામર્શમાં કાર્યવાહી ચાલુ છે. સવાલ એટલો જ છે કે, ૨૦૧૧માં

• માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો રેકર્ડ ઉપરથી દૂર કરવામાં આવ્યા.

૪૧૯ જેટલા ઓઇલ એન્જિનો જે ગોકૂળ ગ્રામ યોજનામાંથી ખરીદાયા એ પાંચ હોર્સ પાવર્સના હતા એની કિંમત હતી રૂપિયા ૨૩,૦૦૦ની અને ખર્ચો પાડ્યો રૂપિયા ૩૬,૫૦૦–૦૦ નો. જે તે ૪૧૯ લાભાર્થીઓ પાસેથી ચાર ચાર હજાર રૂપિયા લીધા, આની તપાસ કરવા માટે એ.જી. રાજકોટને લખ્યું, તકેદારી આયોગને લખ્યું ૨૦૧૧માં. ત્યારથી આજ સુધીમાં એની કોઇ કાર્યવાહી થતી નથી. જે આ ગેરરીતિઓ થઇ છે તેની સામે પગલાં લેવા માગો છો કે કેમ?

અધ્યક્ષશ્રી : ભાઇ તમે શું કામ બોલો છો, શાંતિ રાખોને નિરંજનભાઇ, બહુ બોલવાનું મન થાય છે? તમને કહુ છું.

શ્રી નિરંજન પટેલ : સાહેબ હું બોલ્યો જ નથી.

અધ્યક્ષશ્રી : એ તમારા અવાજમાં બોલતા લાગે છે. અવાજ તમારો લાગે છે.

શ્રી મોહનસિંહ છો. રાઠવા : માનનીય અધ્યક્ષશ્રી, આ જે ગામડાના બી.પી.એલ. લાભાર્થીઓને મફત ઓઇલ એન્જિનો આપવાના હતા તેની જગ્યાએ ૩૬,૬૦૦ રૂપિયાનો ખર્ચ પાડીને કરોડો રૂપિયાનું કૌભાંડ કર્યું છે તેની તપાસ કરવા માટેની જવાબદારી જે તે અધિકારીઓ કેટલા સમયમાં પૂરી કરવા માગે છે?

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, આમાં કોઇપણ પ્રકારનું કૌભાંડ થયું નથી, જે ફરિયાદ મળી, ત્યારબાદ ક્રોનોલોજિકલ જે કંઇ પ્રોસીજર અધિકારીશ્રીએ કરી છે, એમાં જિલ્લા વિકાસ અધિકારીએ જિલ્લા નિયામકશ્રી, ખેતીવાડી અધિકારી, કાર્યપાલક ઇજનેર, સિંચાઇ, કાર્યપાલક ઇજનેર, પુરવઠા આ ચાર અધિકારીશ્રીઓને એમણે તરત જ કમિટી બનાવી અને એમાં એવું તારણ આવ્યું કે ખરીદ કરવામાં આવેલ ઓઇલ એન્જિનો સરકાર માન્ય છે, તેની ખરીદી ઇ–ટેન્ડરથી કરવામાં આવી છે, ભાવ ઇ–ટેન્ડરથી મંગાવવામાં આવ્યા છે અને જે પાંચ એજન્સીઓ આવી એમાં જેના ભાવ લોએસ્ટ હતા એને આપણે કામ આપ્યું છે, જે તે વખતે ફરિયાદ આવ્યા પછી, ફરિયાદ મોહનસિંહભાઇએ કરી, પછી પ્રફુલભાઇ બારોટ કરીને કોઇ છે એમણે કરી છે, નસવાડી તાલુકાના ગામ લોકોએ પણ કરી. ધીરૂભાઇએ ફરિયાદ કર્યા પછી, આ ગૃહને મારે જણાવવું છે કે, તારીખ ૬–૫–૨૦૧૧નો એમનો પત્ર ઓઇલ એન્જિન પૂરા પાડવાની કામગીરી બાબત. આ પત્ર મને વાંચવા દેજો. જયભારત સહ ઉપરોકત વિષય અન્વયે જણાવવાનું કે,

અધ્યક્ષશ્રી : એનો ભાવાર્થ જ કહી દો ને.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : ના સાહેબ પ્લીઝ, પ્લીઝ,

અધ્યક્ષશ્રી : આખો કાગળ ના વંચાય.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : આટલો જ છે બે જ પાના છે, બે પૅરેગ્રાફ છે.

અધ્યક્ષશ્રી : આપો, એનો ભાવાર્થ જ કહી દો ને તમે.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : અમોએ ખરીદ થયેલ ઓઇલ એન્જિન બાબતે ઉંડાણપૂર્વક તપાસ કરેલ છે, જે અંગે આપેલા એન્જિન જોતાં તેની ગુણવત્તા ઉત્તમકક્ષાની જણાય છે, તથા આપેલ એન્જિનની કંપની આઇ.એસ.ઓ. જણાયેલ છે તથા તેની કિંમત વાજબી જણાયેલ છે. ઉપરોક્ત બાબત ધ્યાને લઇ ઇ–ટેન્ડરીંગ દ્વારા થયેલ ખરીદીની પ્રક્રિયામાં અમને સંપૂર્ણ સંતોષ છે.

શ્રીમતી મનિષા રા. વકીલ : મારે આપના દ્વારા મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે, વડોદરા જિલ્લામાં છેલ્લાં બે વર્ષમાં ગોકુળ ગ્રામ યોજના અંતર્ગત વનબંધુ કલ્યાણ યોજના હેઠળ તાલુકાવાર કેટલા ઓઇલ એન્જિન આપવામાં આવ્યા છે?

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : જેતપુર–પાવીમાં ૭૫, કવાંટમાં ૧૨૭, નસવાડીમાં ૧૨૭, છોટાઉદેપુરમાં ૯૦ એમ કુલ મળીને ૪૧૯ ઓઇલ એન્જિન આપવામાં આવ્યા છે.

શ્રી જયંતિભાઇ સ. રાઠવા : આપના માધ્યમ દ્વારા માનનીય મંત્રીશ્રીને મારો પ્રશ્ન એ છે કે, વડોદરા જિલ્લામાં ગોકુળ ગ્રામ યોજના હેઠળ ઓઇલ એન્જિનની ખરીદીમાં ગેરરીતિ અંગે સૌપ્રથમ ફરિયાદ કોણે કરી, ક્યાં કરી અને તે અંગે શું પગલાં લેવાયા?

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા :માનનીય અધ્યક્ષશ્રી, ગવર્નીંગ બોડીમાં માનનીય સભ્યશ્રી ધીરૂભાઇ ભીલે સૌપ્રથમ આ ફરિયાદ કરી અને ત્યારપછી માનનીય સભ્યશ્રી જાણવા માગે છે કે શું પગલાં લીધા, તો

જિલ્લા વિકાસ અધિકારીએ મેં હમણાં કહ્યું તેમ તાત્કાલિક ચાર અધિકારીઓની નિમણૂંક કરી. વિજિલન્સમાં પણ ફરિયાદ કરવામાં આવી, એટલે જયાં સુધી વિજિલન્સનો નિર્ણય ના આવે ત્યાં સુધી બીજી કોઇ કાર્યવાહી થઇ શકે નહીં અને વિજિલન્સ જે કંઇ ભલામણ કરશે તેનો રાજય સરકાર અમલ કરશે.

શ્રી ધીરુભાઇ ચુ. ભીલ : માનનીય અધ્યક્ષશ્રી, આમાં પ્રશ્ન પૂછયો છે તેમાં મારા નામનો ઉલ્લેખ થયો છે ત્યારે હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માંગુ છું કે, ગોકુળ ગામની યોજનામાં ઓઇલ એન્જીન ખરીદ્યા હતા અને વિકાસશીલની ગ્રાન્ટમાંથી પણ ઓઇલ એન્જીન ખરીદ્યા હતા. આ ગોકુળ ગામની યોજનામાંથી જે ઓઇલ એન્જીન ખરીદ્યા હતા તે અલગ હતા અને વિકાસશીલની ગ્રાન્ટમાંથી જે ઓઇલ એન્જીન ખરીદ્યા હતા તે પણ અલગ હતા. વિકાસશીલની ગ્રાન્ટમાંથી મારા નસવાડીમાં જે એન્જીનો આપ્યાં હતા તે ખરેખર સારા હતા અને આઇ.એસ.ઓ. કક્ષાના હતા. તેમાં મારે એ જાણવું છે કે, આ ગોકુળ ગામની યોજના હેઠળ જે એન્જીનો ખરીદ્યા તેમાં તેની અપસેટ કિંમત ૩૬ હજાર આપની ગવર્નમેન્ટની જે કિંમત છે તેનો રેશિયો ૨૩ હજારનો હતો. આ પાંચ હોર્સ પાવરના એન્જીનની કિંમત આજે પણ બજારમાં ૨૩ હજાર રૂપિયા અને આપના સરકારના ખેતીવાડીના રેઇટ પણ ૨૩ હજારના હોય તો આ ગ્રામ વિકાસ એજન્સીએ જે ૩૬ હજારનું ટેન્ડર મંજૂર કર્યુ તે કઇ દિશામાં મંજૂર કર્યુ ?

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, ઓન લાઇન ટેન્ડરીંગ કરીને આઠ એચ.પી.ના એન્જીન ગોકુલ ગામ યોજના હેઠળ જ ખરીદવામાં આવ્યાં છે. તેમાં જે લોએસ્ટ આવેલ છે તે અમદાવાદનું શ્રીનાથજી સેલ્સ તેને જ સૌથી ઓછાં ભાવ જેણે ભર્યા છે તે જ કંપનીને રાજય સરકારે નિર્ણય કરીને ઓર્ડર આપ્યો છે.

શ્રી બાલકૃષ્ણભાઇ ના. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફતે માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માંગુ છું કે, ઓઇલ એન્જીન આપવાનો હેતુ શું છે ? અને તેનાથી કોઇ ખેડૂતોને ફાયદો થયો હોય તો વિગતો છે ?

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, ઓઇલ એન્જીનની ગુણવત્તા ખૂબ સારી હોય છે અને તેના આધારે બીપીએલ લાભાર્થીઓને આપવાની યોજના છે. અને બીપીએલ લાભાર્થી આના ઉપયોગ દ્વારા પોતાના પાકને પાણી પાઇ અને તેનું જીવન-ધોરણ ઉંચુ લાવે આવા અનેક પ્રકારના ફાયદા થાય છે.

શ્રી મોહનસિંહ છો. રાઠવા : માનનીય અધ્યક્ષશ્રી, મારે એટલું જ જાણવું છે કે અમે ત્યાંના સ્થાનિક અને મને નવ ટર્મ ધારાસભ્ય તરીકે થયા ત્યારે આ બધા પ્રશ્નોથી હું માહિતગાર છું. આ જે ૪૧૯ બી.પી.એલ.લાભાર્થીઓને ઓઇલ એન્જીનો મળ્યાં તેમાં સેકશન પાઇપ અને ડિલીવરી અને ફૂટવાલ પણ કોઇને મળ્યાં નથી.(અંતરાય) કોઇને મળ્યાં નથી. અને એટલા માટે તો આ બધી ફરિયાદ કરી. હવે જો સેકશન પાઇપ, ડિલીવરી પાઇપ નહીં મળે અને ૩૬,૫૦૦ રૂપિયાનો આમાં ખર્ચ બતાવે, એકચ્યુલી એન્જીન ૨૩ હજારમાં જ મળે છે. તો આની તપાસ કરીને કાયદેસરની કાર્યવાહી આગળ કરવા માગો છો કે નહીં ? નહીંતર ગરીબોની *(xxxxxx) જશે.

અધ્યક્ષશ્રી : વાંધો નહીં, કાંઇ વાંધો નહીં. (xxxxxx) ભલે રહી, તે શબ્દો આપણે કાઢી નાંખીએ છીએ. તમે પ્રશ્નમાં આવો.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, રાજય સરકારે તો તપાસ કરાવી તેમાં તારણ આવ્યું કે ઓન લાઇન કરાવેલ છે, આઇ.એસ.ઓ. માર્કા છે, જે ઓછાં ભાવ આવેલાં છે તેને જ આપેલું છે. છતાંય જયારે વિજિલન્સ કમિશનમાં આ તપાસ હેઠળ હોય એવા સંજોગોમાં હું ફરી વખત કહું છું કે વિજિલન્સ કમિશનનું જે કોઇ તારણ આવશે તે તારણ મુજબ કોઇને પણ અમે બક્ષવા માગતા નથી અને તે પ્રમાણે અમે કાયદેસરની કાર્યવાહી કરીશું અને ભલામણનો અમલ કરીશું.

---

* આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર કાર્યવાહીમાંથી દૂર કરવામાં આવ્યાં.

તા. ૫મી માર્ચ, ૨૦૧૩
તારાંકિત પ્રશ્નો

**ખેડબ્રહ્મા, વિજયનગર, ભિલોડા અને મેઘરજ તાલુકામાં પ્રાથમિક શાળામાં ગણિત, વિજ્ઞાન અને અંગ્રેજીના શિક્ષકોની મંજૂર જગ્યાઓ**

* ૨૮૪૮ **શ્રી અશ્વિન કોટવાલ(ખેડબ્રહમા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** — **જવાબ**

(૧) સાબરકાંઠા જિલ્લાના ખેડબ્રહ્મા, વિજયનગર, ભિલોડા અને મેઘરજ તાલુકામાં પ્રાથમિક શાળામાં ગણિત, વિજ્ઞાન અને અંગ્રેજીના તાલુકાવાર તા. ૩૧–૧–૧૩ની સ્થિતિએ કેટલા શિક્ષકોની જગ્યાઓ મંજૂર થયેલ છે,

(૧)

| ક્રમ | તાલુકાનું નામ | ગણિત વિજ્ઞાન | અંગ્રેજી (ભાષા) |
|---|---|---|---|
| ૧ | ખેડબ્રહ્મા | ૧૨૩ | ૧૨૩ |
| ૨ | વિજયનગર | ૫૨ | ૫૨ |
| ૩ | ભિલોડા | ૧૩૦ | ૧૩૦ |
| ૪ | મેઘરજ | ૮૭ | ૮૭ |
| | **કુલ** | **૩૯૨** | **૩૯૨** |

(૨) તે પૈકી તાલુકાવાર કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને કેટલી ખાલી છે,

(૨)

| ક્રમ | તાલુકાનું નામ | ગણિત વિજ્ઞાન | | | અંગ્રેજી (ભાષા) | | |
|---|---|---|---|---|---|---|---|
| | | મંજૂર થયેલ | ભરાયેલ | ખાલી | મંજૂર થયેલ | ભરાયેલ | ખાલી |
| ૧ | ખેડબ્રહ્મા | ૧૨૩ | ૬૩ | ૬૦ | ૧૨૩ | ૧૨૩ | ૦૦ |
| ૨ | વિજયનગર | ૫૨ | ૧૬ | ૩૬ | ૫૨ | ૫૨ | ૦૦ |
| ૩ | ભિલોડા | ૧૩૦ | ૫૬ | ૭૪ | ૧૩૦ | ૧૩૦ | ૦૦ |
| ૪ | મેઘરજ | ૮૭ | ૩૧ | ૫૬ | ૮૭ | ૮૫ | ૦૨ |
| | **કુલ** | **૩૯૨** | **૧૬૬** | **૨૨૬** | **૩૯૨** | **૩૯૦** | **૦૨** |

(૩) જગ્યાઓ ખાલી રહેવાના શા કારણો છે, અને

(૩) નામદાર વડી અદાલત દ્વારા વિદ્યાસહાયક ભરતીની કાર્યવાહીમાં મનાઈ હુકમ આપેલ હોવાથી અને ગણિત વિજ્ઞાનના પૂરતા ઉમેદવારો ઉપલબ્ધ ન થવાથી જગ્યાઓ ખાલી રહેવા પામેલ છે.

(૪) આ જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે ?

(૪) જેમ બને તેમ જલ્દી

શ્રી અશ્વિન કોટવાલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માંગુ છું કે, આદિવાસી વિસ્તારના શિક્ષણનો મેં પ્રશ્ન પૂછ્યો છે અને શિક્ષકોના ઘટનો પ્રશ્ન પૂછ્યો છે, પણ મને જવાબમાં એવું લાગે છે કે આ સરકાર આદિવાસીઓની વિરોધી...

અધ્યક્ષશ્રી : તમે સવાલ પૂછો, જવાબમાં કેવું લાગે છે એ નહીં. તમે શું પૂછવા માગો છો ?

શ્રી અશ્વિન કોટવાલ : માનનીય અધ્યક્ષશ્રી, ગાડી થોડી પાટા પર તો ચડવા દો.

અધ્યક્ષશ્રી : તમે ગાડી પાટા પરથી ઉતારી નાખો છો, સવાલ પૂછો.

શ્રી અશ્વિન કોટવાલ : માનનીય અધ્યક્ષશ્રી, આદિવાસી વિસ્તાર માટેનો શિક્ષણનો પ્રશ્ન છે. એટલા માટે વાત કરું છું.

અધ્યક્ષશ્રી : તો પ્રશ્ન પૂછો.

શ્રી અશ્વિન કોટવાલ : માનનીય અધ્યક્ષશ્રી, ૧૨ મહિને બાવો બોલતો હોય એમ આજે પહેલીવાર નંબર લાગ્યો છે.

અધ્યક્ષશ્રી : હું ઇચ્છું કે તમારો રોજ નંબર લાગે અને રોજ બોલો. પ્રશ્ન પર આવી જાઓ.

શ્રી અશ્વિન કોટવાલ : માનનીય અધ્યક્ષશ્રી, ખેડબ્રહ્મા તાલુકાનું મંજૂર થયેલ મહેકમ ૧૬૬૩નું છે, અને તેમાં ૩૯૧ શિક્ષકોની ઘટ છે. આ ૨૦૧૨ના જુલાઇથી ઘટ છે. અને આ ઘટ હોવા છતાં શિક્ષકોની બદલીઓ માટેના કેમ્પ કરવામાં આવે છે. ૧૮–૮–૧૨ના રોજ કેમ્પ કરવામાં આવ્યો, ૨૧–૮–૧૨ના રોજ કેમ્પ કરવામાં આવ્યો, ૨૨–૮–૧૨ના રોજ અને ૨૫–૮–૧૨ના રોજ પણ કેમ્પ કરવામાં આવ્યો છે. આ

ટ્રાયબલ વિસ્તારમાંથી શિક્ષકો ઉઠાવી લેવામાં આવે છે, જુલાઇ ૨૦૧૨ થી શિક્ષકોની ઘટ હોવા છતાં શિક્ષકો ઉઠાવી લીધા છે. આમ ૧ વર્ષથી આદિવાસી વિસ્તારમાં બાળકોનું શિક્ષણ બગડી રહ્યું છે. મને જવાબ એવો આપવામાં આવે છે કે.....

અધ્યક્ષશ્રી : તમે તમારો સવાલ પૂછો, આમાં જ બે મિનિટ ગઇ છે.

શ્રી અશ્વિન કોટવાલ : મને જવાબ એવો આપ્યો છે કે નામદાર વડી અદાલત દ્વારા મનાઇ હુકમ આપેલ હોવાથી જગ્યાઓ ખાલી રહેવા પામેલ છે. મારે એ જાણવું છે કે કોને અન્યાય થયો હતો અને કયા લોકો કોર્ટમાં ગયા હતા? અને હાલમાં આ કેસની સ્થિતિ શું છે? અને આ જગ્યાઓ કયારે ભરવામાં આવશે?

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, વિકલાંગ ઉમેદવારોએ નામદાર વડી અદાલતમાં દાદ માગેલી છે. ૩ ટકા વિકલાંગો માટેની જગ્યાઓ ખાલી રાખવી જોઇએ તેવી તેમણે દાદ માગેલી છે. ૧ ટકા અલ્પ દ્રષ્ટિ વાળા માટે, ૧ ટકા ઓર્થોપેડીક વાળા માટે અને ૧ ટકા બહેરા-મૂંગા માટે રાખવાની દાદ માગતી અરજી તેઓએ હાઇકોર્ટમાં કરેલી છે. હાઇકોર્ટે સ્ટે આપેલો છે. તેના કારણે આપણે ભરતી કરી શકયા નથી. આ ઉપરાંત ટેટની પરીક્ષા રાજય સરકાર દ્વારા લેવામાં આવે છે એમાં એસ.ટી. ના અને ઓ.બી.સી.ના પૂરતા ઉમેદવારો નહીં મળવાને કારણે એ જગ્યાઓ ખાલી રહેવા પામેલી છે. આમ એક સ્ટે હોવાને કારણે ભરતી નહીં થઇ શકવાને કારણે અને બીજુ પૂરતાં ઉમેદવારો એસ.ટી. અને ઓ.બી.સી.ના નહીં મળવાને કારણે આ જગ્યાઓ ખાલી રહેલી છે. નામદાર હાઇકોર્ટમાંથી જે હુકમ થશે તે પ્રમાણે તાત્કાલિક અમે અમલ કરીશું.

શ્રી અશોકકુમાર ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું એ જાણવા માગું છું કે સાબરકાંઠા જિલ્લામાં તમામ પ્રાથમિક શિક્ષકો તાલીમ પામેલા છે કે કોઇ શિક્ષક તાલીમ લીધા વગરના છે?

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, સાબરકાંઠા જિલ્લામાં કોઇ શિક્ષક તાલીમ લીધા વગરના નથી તમામ શિક્ષકો તાલીમ પામેલા છે.

શ્રી બાવકુભાઇ ના. ઉંધાડ : માનનીય મંત્રીશ્રી પાસેથી હું એ જાણવા માગું છું કે ગણિત અને વિજ્ઞાનના શિક્ષકોની ૨૨૬ જગ્યાઓ ખાલી છે, તો અત્યાર સુધી આ ગણિત અને વિજ્ઞાન આ વિદ્યાર્થીઓને કોણે શીખવાડયું? અને તેમના માટે શું વ્યવસ્થા કરવામાં આવી હતી?

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : જે તે સમયે બીજા શિક્ષકોએ શીખવાડયું હતું.

અધ્યક્ષશ્રી : શીખવાડયું, એટલે શીખેલા છે તે તમે કબૂલ કરો છો બાવકુભાઇ, એમણે જવાબ એ આપ્યો કે એક શિક્ષકના બદલે બીજા શિક્ષકો હોય તે ભણાવે છે.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : તાલીમ પામેલા શિક્ષકો જ ભણાવે છે માનનીય અધ્યક્ષશ્રી.

શ્રી મહેન્દ્રસિંહ શં. વાઘેલા : માનનીય મંત્રીશ્રીએ કહ્યું કે એક,બે અને ત્રણ ટકા માટે થઇને કોર્ટમાં ગયા એને લીધે સ્ટે આવેલ છે, પરંતુ જો નિયમસર ભરતી થઇ હોય તો કોઇને કોર્ટમાં જવું ન પડ્યું હોત. આદિવાસી વિસ્તારમાં ૫૦ ટકા જગ્યાઓ ખાલી છે. મારા બાયડ, માલપુર વિસ્તારમાં પણ આ પરિસ્થિતિ છે. એકબાજુ તમે વિકાસની વાતો કરતા હોય, ઇનોવેટીવની વાત કરતા હોય ત્યારે આ ગરીબ સામાન્ય માણસોના બાળકો ભણશે કેવી રીતે? કારણ કે આ ગણિત વિજ્ઞાનનો પ્રશ્ન છે, સામાન્ય માણસોનો પ્રશ્ન છે. આમાં ભરતીમાં કોઇ ગેરરીતિ થઇ હોય એના કારણે કોર્ટે સ્ટે આપેલ છે કે કેમ?

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : ભરતી થાય એ પહેલા જ સ્ટે આપેલ છે. એટલે કોઇ ગેરરીતિનો સવાલ જ નથી.

શ્રી શંભુજી ચે. ઠાકોર : પ્રાથમિક શિક્ષકોની ભરતી માટે જાહેરાત આપવામાં આવે છે. જો જાહેરાત આપવામાં આવી હોય તો કેટલા શિક્ષકોની ભરતી માટે જાહેરાત આપવામાં આવી?

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : રાજય સરકાર દ્વારા પ્રાથમિક શિક્ષણ પસંદગી સમિતિ દ્વારા ૧૩ હજાર જગ્યાઓ ભરવા માટે ૧૫-૭-૨૦૧૧ના રોજ જાહેરાત આપવામાં આવેલ હતી. એ પૈકી ૬૫૦૦ ગણિત અને વિજ્ઞાનના અને ૬૫૦૦ ભાષાના, એની ભરતી ઓન લાઇન અરજી મંગાવીને ૧૩

હજાર પૈકી ૧૧૬૫૩ વિદ્યા સહાયકો હાજર થયેલા, ત્યારબાદ ૨૪–૯–૨૦૧૨ના રોજ ૮૮૦૦ શિક્ષકો માટે જાહેરાત આપવામાં આવેલી અને પછી નામદાર વડી અદાલતે સ્ટે આપ્યો.

શ્રી જશુભાઇ ધા. બારડ : માનનીય મંત્રીશ્રીએ જવાબમાં જણાવ્યું છે કે ગણિત અને વિજ્ઞાનના શિક્ષકોની ૨૨૬ જગ્યાઓ મહેકમની સામે ખાલી છે. ત્યારે આ પ્રાયમરી વિભાગ છે, પ્રાયમરી વિભાગમાં અભ્યાસક્રમ કરાવવા માટે હું સીધો સવાલ પૂછવા માગું છું કે આ પ્રાયમરી શાળામાં ગણિત અને વિજ્ઞાનના શિક્ષકો નહિ હોવાને કારણે અને શિક્ષણ વિભાગનો એક પરિપત્ર હોવાને કારણે બધાને પાસ કરી દેવા. શું સરકારનો પરિપત્ર છે કે બધાને પાસ કરી દેવા કોઇને નાપાસ ન કરવા બધાને આગળના ધોરણમાં મૂકી દેવા એ વાત સાચી છે? આ જે ૨૨૬ જગ્યાઓ ગણિત અને વિજ્ઞાનના શિક્ષકોની ખાલી છે જે મહત્વના વિષયો છે તેથી જયાં આ જગ્યાઓ ખાલી છે ત્યાં શિક્ષકો નથી અને સરકાર કહે છે કે બીજા શિક્ષકો ભણાવે છે, તો બીજા શિક્ષકોની કયારથી વ્યવસ્થા કરેલી છે?

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : ૧૩ હજાર શિક્ષકો માટે ૧૬–૭–૨૦૧૧ થી ૨૫–૭–૨૦૧૧ ઓનલાઇન જાહેરાત આપીને પછી ભરતી કરવામાં આવેલી. આ ૧૩ હજારમાંથી ૧૧૬૫૩ વિદ્યા સહાયકો હાજર થયેલા એટલે આ એક વર્ષનો સવાલ છે. ત્યારપછી ૨૪–૯–૨૦૧૨ના રોજ ૮૮૦૦ શિક્ષકોની જાહેરાત આપવામાં આવેલ હતી. એટલે સવાલ માત્ર ૧૦–૧૧ મહિનાનો બાકી રહ્યો એટલે એ સમય દરમિયાન તાલીમ પામેલા શિક્ષકો હતા એમણે ગણિત અને વિજ્ઞાન બાકીના વિદ્યાર્થીઓને ભણાવ્યા છે.

**ભાવનગર જિલ્લામાં મંજૂર કરેલ ઈન્દિરા આવાસો**

* ૨૦૪૫ **શ્રી ઠાકરશીભાઇ દે. માણીયા(બોટાદ) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) ભાવનગર જિલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર કેટલા ઈન્દિરા આવાસો મંજૂર કરવામાં આવ્યા,

(૨) તે અન્વયે કેટલા આવાસો પૂર્ણ કરી અરજદારોને તેનો કબજો સોંપવામાં આવ્યો, અને

(૩) બાકી આવાસોના કામ કેટલા સમયમાં પૂર્ણ થશે?

**જવાબ**

(૧)ભાવનગર જિલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ૮૩૧ ઈન્દિરા આવાસો મંજૂર કરવામાં આવેલ, જેની વિગત નીચે મુજબ છે.

| ક્રમ | તાલુકો | મંજૂર કરેલ આવાસો |
|---|---|---|
| ૧ | ભાવનગર | ૬૫ |
| ૨ | બોટાદ | ૧૨૨ |
| ૩ | ગઢડા | ૨૮ |
| ૪ | ગારીયાધાર | ૧ |
| ૫ | ઘોઘા | ૨૦ |
| ૬ | મહુવા | ૧૫૦ |
| ૭ | પાલીતાણા | ૬૭ |
| ૮ | સિહોર | ૨૨૪ |
| **ક્રમ** | **તાલુકો** | **મંજૂર કરેલ આવાસો** |
| ૯ | તળાવા | ૫૭ |
| ૧૦ | ઉમરાળા | ૭૨ |
| ૧૧ | વલભીપુર | ૨૫ |
| | **કુલ** | **૮૩૧** |

(૨) તે અન્વયે ૧૦૨ આવાસો પૂર્ણ થયેલ છે લાભાર્થી જાતે જ આવાસનું બાંધકામ કરી પૂર્ણ કરતા હોઈ કબજો સોંપવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) ભારત સરકારની ઈન્દિરા આવાસ યોજનાની માર્ગદર્શનની માર્ગદર્શિકા મુજબ લાભાર્થી જાતે જ મકાન બાંધતા હોવાથી આવાસો સત્વરે પૂર્ણ કરવા પ્રયત્ન કરવામાં આવશે.

ડો. ઠાકરશીભાઇ દે. માણીયા : હું આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે મારા બોટાદ તાલુકામાં ૦ થી ૧૬માં કુલ લાભાર્થીઓની સંખ્યા કેટલી અને એ પૈકી કેટલા લાભાર્થીઓને લાભ આપવામાં આવેલ છે અને કેટલા લાભાર્થીઓને લાભ આપવાનો બાકી છે?

શ્રી જયંતિભાઇ રા. કવાડીયા : બોટાદ તાલુકાની અંદર ૦ થી ૧૬ના લાભાર્થીઓની સંખ્યા ૩૦૬૮ હતી તેમાંથી ૧૭૬૦ લાભાર્થીઓને લાભ આપવામાં આવ્યો છે. જયારે ૧૧૮૦ લાભાર્થીઓ પાત્રતા ધરાવતા ન હોવાથી બાકી છે. જયારે ૧૨૮ લાભાર્થીઓનું સિલેકશન થઇ ગયું છે એને લાભ આપવામાં આવશે.

ડો. ભારતીબેન ધી. શ્યાળ : ઇન્દિરા આવાસ યોજનાનો લાભ કોઇપણ લાભાર્થી લે છે ત્યારે એણે બીજી કોઇ યોજનામાંથી આવાસ લીધું છે કે કેમ એની ચકાસણી કરવામાં આવે છે કે કેમ?

શ્રી જયંતિભાઇ રા. કવાડીયા : માનનીય અધ્યક્ષશ્રી, જે લાભાર્થીની અરજી આવે છે તે લાભાર્થીની પૂરતી ચકાસણી કરવામાં આવે છે અને તેનું સોગંદનામુ લઇને, ખરાઇ કરીને કયાંય ડુપ્લીકેશન ન થાય તેની સાવચેતી રાખીને ભાર આપવામાં આવે છે.

શ્રી અમિત અ. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે થોડા દિવસ પહેલાં અહીં વાત થઇ, ઇંદિરા આવાસની યુનિટ કોસ્ટ ૪૫,૦૦૦ છે. સરકાર દ્વારા તા. ૧૧–૮–૨૦૧૦ના ઠરાવથી તા. ૧–૪–૨૦૧૦થી નવા મંજૂર થયેલા ઇંદિરા આવાસમાં રાજય સરકારની પૂરક સહાય જે ૮,૫૦૦ રૂપિયા હતી એ ચૂકવવાની નથી એવો પરિપત્ર કરવામાં આવેલ છે કે કેમ અને આજની તારીખમાં રાજય સરકાર તરફથી કોઇ પૂરક સહાય ચૂકવવામાં આવે છે કે કેમ?

શ્રી જયંતિભાઇ રા. કવાડીયા : હાલમાં કોઇ પૂરક સહાય ચૂકવવામાં આવતી નથી. જયારે ૨૫,૦૦૦ની યોજનાની કોસ્ટ હતી ત્યારે રાજય સરકાર ૧૧,૦૦૦ રૂપિયા પૂરક સહાય તરીકે ચૂકવતી હતી. ૨૫,૦૦૦ના ૩૫,૦૦૦ રૂપિયા થયા ત્યારે ૮,૫૦૦ રૂપિયા પૂરક સહાય તરીકે ચૂકવવાનું નકકી થયું હતું. જયારે ૪૫,૦૦૦ કોસ્ટ થઇ ત્યારથી રાજય સરકારનો ૧૧,૨૫૦ કાયદેસરનો ૨૫ ટકાનો હિસ્સો આવે છે એ ચૂકવવામાં આવે છે.

શ્રીમતી વિભાવરીબેન વિ. દવે : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે ઇંદિરા આવાસ યોજના સિવાય રાજય સરકાર દ્વારા કોઇ અન્ય સહાયિત આવાસ યોજનાઓ અમલમાં છે કે નહીં અને બીજુ, ઇંદિરા ગાંધી સિવાય રાષ્ટ્રીય આગેવાનો, રાષ્ટ્રીય નેતાઓના નામથી કોઇ યોજનાઓ હાલ અમલમાં છે?

શ્રી જયંતિભાઇ રા. કવાડીયા : ઇંદિરા આવાસ યોજના છે તેમાં ૨૫/૭૫નો હિસ્સો છે. પણ રાજય સરકાર આધારિત ૧૦૦ ટકા ગ્રાન્ટ આપતી યોજનાઓ સરદાર આવાસ યોજના, ડો. આંબેડકર યોજના છે. પંડિત દિનદયાળ યોજના છે. આંબેડકર સફાઇ કામદાર યોજના છે. અનુસૂચિત જનજાતિ ઇસમોને વ્યક્તિગત ધોરણે પૂરા પાડવાની યોજના છે. અનુસૂચિત જનજાતિ આદિમજૂથ માટે વ્યક્તિગત ધોરણે પૂરા પાડવાની યોજના છે. હળપતિ ગૃહ નિર્માણ યોજના છે. માછીમારો માટેની યોજના છે અને અગરીયા આધારિત કામદારો માટેની યોજના છે.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીને મારો સીધો સવાલ છે. બે સવાલ પૂછું છું. જે રીતે પહેલાં જે કેન્દ્ર સરકારમાં સહાય આપવામાં આવતી હતી ૨૫ ટકા હિસ્સો હતો એ રાજય સરકારનો હિસ્સો ૧૧,૦૦૦ હતો તે ઘટાડીને કેન્દ્ર સરકારે સહાય વધારી તેમાં રાજય સરકારે હિસ્સો ઘટાડ્યો. એક તો ઘટાડવાના કારણો શું અને બીજુ, રાજય સરકાર દ્વારા તા. ૬–૯–૨૦૧૦ના રોજ મારી પાસે આ પરિપત્ર છે એ રાજય સરકારે ઇંદિરા આવાસમાં ૮,૫૦૦ રૂપિયા ચૂકવવાના હતા એ ચૂકવવાના રહેતા નથી એ વાત સાચી છે કે ખોટી?

શ્રી જયંતિભાઇ રા. કવાડીયા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી પૂછે છે તેની કોસ્ટનો ઉલ્લેખ મારા પહેલાંના જવાબમાં કરી દીધો છે કે ૪૫,૦૦૦ જયારે ચૂકવવાના થયા ત્યારે રાજય સરકારનો

૧૧,૨૫૦નો હિસ્સો છે અને એ ઉંચામાં ઉંચો હિસ્સો છે. પહેલા ૧૧,૦૦૦ ચૂકવતા હતા. ૮,૫૦૦ સહાય તરીકે ચૂકવતા હતા. અત્યારે ૧૧,૫૦૦ રાજય સરકારનો આમાં હિસ્સો છે જ.

અધ્યક્ષશ્રી : એ પરિપત્ર હશે, એ પછીની લેટેસ્ટ વાત કરે છે.

**ગાંધીનગર જિલ્લામાં મંજૂર કરેલ ઈન્દિરા આવાસો**

* ૨૦૫૬ **શ્રી શંભુજી ચે. ઠાકોર(ગાંધીનગર-દક્ષિણ) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ગાંધીનગર જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર કેટલા ઈન્દિરા આવાસો મંજૂર કરવામાં આવ્યા,

(૨) તે અન્વયે કેટલા આવાસો પૂર્ણ કરી અરજદારોને તેનો કબજો સોંપવામાં આવ્યો, અને

(૩) બાકી આવાસોના કામ કેટલા સમયમાં પૂર્ણ થશે?

**જવાબ**

(૧) ગાંધીનગર જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર નીચેની વિગતે ઈન્દિરા આવાસો મંજૂર કરવામાં આવ્યા,

| ક્રમ | તાલુકો | મંજૂર કરેલ આવાસો |
|---|---|---|
| ૧ | માણસા | ૫ |
| ૨ | કલોલ | ૧૩૬ |
| ૩ | ગાંધીનગર | ૨૦ |
| ૪ | દહેગામ | ૨૫ |
| | **કુલ** | **૧૮૬** |

(૨) તે અન્વયે ૧૩૬ આવાસો પૂર્ણ થયેલ છે અને લાભાર્થી જાતે જ આવાસનું બાંધકામ કરી પૂર્ણ કરતા હોઈ કબજો સોંપવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) ભારત સરકારની ઈન્દિરા આવાસ યોજનાની માર્ગદર્શનની માર્ગદર્શિકા મુજબ લાભાર્થી જાતે જ મકાન બાંધતા હોવાથી આવાસો સત્વરે પૂર્ણ કરવા પ્રયત્ન કરવામાં આવશે.

શ્રી શંભુજી ચે. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે ગાંધીનગર જિલ્લામાં તાલુકાવાર ૦થી ૧૬ના કુલ કેટલા લાભાર્થીઓને અત્યાર સુધી ઇંદિરા આવાસ યોજના હેઠળ લાભ આપવામાં આવેલ છે અને મારો બીજો પ્રશ્ન છે કે શું એ વાત સાચી છે કે ગાંધીનગર જિલ્લામાં પાત્રતા ધરાવતા ૦થી ૧૬ સ્કોર ધરાવતા તમામ લાભાર્થીઓને આવાસની ફાળવણી કરવામાં આવેલ છે.

શ્રી જયંતિભાઇ રા. કવાડીયા : માનનીય અધ્યક્ષશ્રી, સભ્યશ્રીએ પૂછેલા પ્રશ્નનો જવાબ છે, લાભાર્થીની ગાંધીનગરમાં સંખ્યા. માણસામાં ૩,૫૪૪ છે. એમાંથી ૨૭૨૧ને લાભ આપવામાં આવે છે, કલોલમાં ૩૦૫૫ની સામે ૨૨૨૨ને લાભ આપવામાં આવે છે, ગાંધીનગરમાં ૩૩૫૨ની સામે ૨૪૫૩ને લાભ આપવામાં આવે છે, દહેગામમાં ૩૮૮૫ છે એમાંથી ૩૦૯૫ને લાભ આપવામાં આવે છે. ગાંધીનગર જિલ્લાના ટોટલ ૧૩૮૩૬ લાભાર્થીઓની સામે ૧૦૪૯૧ને લાભ આપવામાં આવ્યો છે, બાકી રહેતા ૩૩૪૫ લાભાર્થીઓને રાજ્ય સરકારની અન્ય યોજનાઓમાંથી લાભ આપવામાં આવે છે. હાલમાં કોઇ બાકી નથી.

શ્રી અશોકકુમાર ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મંત્રીશ્રી પાસેથી એ જાણવું છે કે, ગાંધીનગર જિલ્લામાં વર્ષ ૨૦૧૧ની સ્થિતિએ તાલુકાવાર બાકી આવાસોની પ્રગતિની વિગતો શું છે?

શ્રી જયંતિભાઇ રા. કવાડીયા : માનનીય અધ્યક્ષશ્રી, માણસા તાલુકામાં ઝીરો છે, કલોલ તાલુકામાં લીંટલ સુધીના ૨૨ અને રૂફ સુધીના ૯, ગાંધીનગર તાલુકામાં લીંટલ સુધીના ૪ રૂફ સુધીના ૬, દહેગામમાં લીંટલ સુધીના ૩ અને રૂફ સુધીના ૯ અને ટોટલ લીંટલ લેવલના ૨૯ છે અને રૂફ લેવલના ૨૧ છે.

શ્રી હીરાભાઇ હ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ઈન્દિરા આવાસ યોજનામાં કેન્દ્રનો ફાળો કેન્દ્ર આપે છે, રાજ્યનો ફાળો રાજ્યે યથાવત રાખ્યો છે. જેમને નથી ચૂકવ્યો એમને ચૂકવવા માગો છો કે કેમ?

શ્રી જયંતિભાઇ રા. કવાડીયા : માનનીય અધ્યક્ષશ્રી, રાજ્યનો ફાળો યથાવત નથી, જ્યારે કેન્દ્ર તરફથી ૩૫ ટકા ચૂકવવામાં આવતા હતા ત્યારે ૨૫ ટકા ચૂકવવામાં આવ્યા છે અને એના ૪૫ થયા ત્યારે ૪૫ ટકા ચૂકવવામાં આવે છે. રાજ્ય સરકારનો કોઇ ફાળો ચૂકવવાનો બાકી નથી.

શ્રી બાવકુભાઇ ના. ઉંધાડ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ એમના જવાબમાં જણાવ્યું છે કે, ૧૮૬ મંજૂર કરવામાં આવ્યા છે અને ૧૩૬ આવાસોના કામ પૂર્ણ થયા છે. મારી એટલી અપેક્ષા છે કે, આ ગરીબ માણસોને રૂ.૧૧૨૫૦/–ની સહાય કરો છો તેમાં કાંઇ વધારો કરવા માગો છો કે નહીં? બીજુ, મંત્રીશ્રીએ રાજ્ય સરકારની આવી બીજી યોજનાઓના નામ આપ્યા. એમાં રાજ્ય સરકાર દ્વારા કઇ કઇ યોજનાઓ ક્યા ક્યા વર્ષમાં શરૂ કરવામાં આવી?

અધ્યક્ષશ્રી : એનો સવાલ નથી. રકમમાં વધારો કરવા માગો છો કે કેમ? એટલું જ છે.

શ્રી જયંતિભાઇ રા. કવાડીયા : માનનીય અધ્યક્ષશ્રી, આની અંદર એ પ્રશ્ન લાગુ થતો નથી. સહાય વધારવા માગો છો કે કેમ? એ આપનું સૂચન છે.

શ્રી તારાચંદ જ. છેડા : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા મંત્રીશ્રીને એ પૂછવા માગું છું કે, આ બીપીએલના લાભાર્થીઓ કેન્દ્ર સરકારની નીતિના કારણે આવી અનેક યોજનાઓથી વંચિત રહેતા હોય છે. કેન્દ્ર દ્વારા બીપીએલ માટે ગાઇડલાઇન આપવામાં આવી છે એનાથી વંચિત રહેલા લાભાર્થીઓને બીજી યોજનામાં સમાવેશ કરીને એને લાભ આપવામાં આવે છે કે કેમ?

શ્રી જયંતિભાઇ રા. કવાડીયા : માનનીય અધ્યક્ષશ્રી, કેન્દ્ર સરકારની નીતિ એ છે કે, ઝીરોથી સોળમાં આવતા લોકોને અતિ ગરીબ ગણવામાં આવે છે અને સત્તરથી વીસવાળા લોકોને ગરીબ તરીકે ગણવામાં આવે છે. રાજ્યના મુખ્યમંત્રીએ આને પણ સમાવવા કહ્યું છે અને ૧૭થી ૨૦માં સમાવેશવાળા લોકોને પણ રાજ્ય સરકાર આધારિત ૧૦૦ ટકા ગ્રાન્ટવાળી યોજનામાં તેમનો સમાવેશ કરવામાં આવ્યો છે.

**પાટણ જિલ્લામાં પ્રાથમિક શાળાઓમાં પીવાનું પાણી, લાઇટ અને શૌચાલયની સુવિધાઓ**

* ૧૦૦૧ **શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત(સિધ્ધપુર) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) પાટણ જિલ્લામાં તાલુકા પ્રમાણે તા. ૩૧–૧૨–૧૨ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી પ્રાથમિક શાળાઓમાં પીવાનું પાણી, લાઇટ, શૌચાલય જેવી સુવિધાઓ ઉપલબ્ધ નથી, અને | (૧) એક પણ નહીં. |
| (૨) કેટલા સમયમાં આ સુવિધાઓ ઉપલબ્ધ કરવાનું આયોજન છે ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂતઃ માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે, મને જવાબમાં એવું જણાવવામાં આવ્યું છે કે, બધા જ ઠેકાણે બધું જ છે. મારૂં એટલું કહેવું છે કે, રાજ્ય સરકારના નોર્મ્સ પ્રમાણે જે ખંડો છે, પાણીની સુવિધા છે એ નોર્મ્સ મુજબ છે કે કેમ? પ્રાથમિક શાળામાં જે બોરનું પાણી ત્યાં આગળ આપવામાં આવે છે એ સાડા ત્રણથી ચાર ફલોરાઇડનું ત્યાં આગળ અમારા જિલ્લામાં પ્રમાણ છે તો સરકાર આ ફલોરાઇડ સિવાયનું પાણી આપવા માગે છે કે કેમ?

અધ્યક્ષશ્રી : ફલોરાઇડયુકત અપાય છે કે નહી? અપાતું હોય તો એને બદલે બીજુ છે કે નહીં એ સવાલ છે.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, મને કહેતા આનંદ છે..

અધ્યક્ષશ્રી : એમને પૂછતા ય આનંદ અને તમને કહેતા પણ આનંદ, ભાઇ સાંભળવાવાળાને શું થાય છે?

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, પ્રાથમિક શાળાઓમાં પહેલા આ બધી સુવિધાઓ નહોતી. શૌચાલય નહોતા જ. વીજળી નહોતી, પીવાના પાણીની વ્યવસ્થા નહોતી, વરંડા નહોતા. આ રાજય સરકારે આ બધી સુવિધા પૂરી પાડી છે અને ગુજરાતમાં તમામ પ્રાથમિક શાળાઓમાં પીવાનું પાણી, લાઇટની વ્યવસ્થા ઉપરાંત આ લાઇટનું બિલ પણ રાજય સરકાર ભરે છે.

અધ્યક્ષશ્રી : માનનીય ભૂપેન્દ્રસિંહજી, એમનો સવાલ એટલો જ છે કે પીવાનું પાણી આપે છે એ બોરનું પાણી ફ્લોરાઇડયુકત છે, તો ફલોરાઇડવિહોણું પાણી આપવા માગો છો કે કેમ?

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, પાણી પુરવઠા યોજના હેઠળ અમે આ નર્મદાનું પાણી આપીએ છીએ.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધયક્ષશ્રી, ૪૦ બોર હમણાં અમારા સિદ્ધપુરમાં મંજૂર કર્યા. એનો અર્થ એવો છે કે નર્મદાનું પાણી, ધરોઇનું પાણી આજે પણ ત્યાં આગળ આવતું નથી માટે આ બોર ત્યાં આગળ મંજૂર કર્યા છે અને આજે પણ છોકરાઓ જે પાણી પીવે છે એ ફલોરાઇડયુકત જ પાણી પીવે છે.

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી એમ કહે છે કે વિદ્યાર્થી પાણી પીવે છે એ ફલોરાઇડયુકત પાણી છે.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : ના, માનનીય અધ્યક્ષશ્રી, શુદ્ધ પાણી પીવે છે.

અધ્યક્ષશ્રી : એટલે ટૂંકમાં પાણી ટેસ્ટ કરાવીને પછી આપો છો ને પીવા માટે?

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : હા, જી.

શ્રી રણછોડભાઇ મ. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફત માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે પાટણ જિલ્લામાં પ્રાથમિક શાળામાં અગાઉ વીજળીના બીલ ભરવાની શું સુવિધા હતી અને હાલમાં વીજ બિલ ભરવાની પદ્ધતિ શું છે?

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, પહેલા ગામડાઓમાં પ્રાથમિક શાળાઓમાં લોકફાળાથી વીજળી બિલ ભરવામાં આવતું હતું. કેટલીક વખત શિક્ષકો ભરતા હતા. આગેવાનો ભરતા હતા. આજે આ બિલ રાજય સરકાર ભરે છે, અને દર ત્રણ માસે ૨૫૦ લાખ જેટલી માતબર રકમ ગુજરાત રાજય ઉર્જા વિકાસ નિગમને ચૂકવવામાં આવે છે અને વર્ષાંતે એકંદરે બિલની રકમ સરભર કરવામાં આવે છે. જયોતિગ્રામની યોજના હેઠળ ચોવીસ કલાક આ બધી શાળાઓમાં વીજળી ઉપલબ્ધ છે.

શ્રી રામસિંહ પ્ર. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, અહીંયા કહેવામાં આવ્યું કે બધી સ્કૂલોની અંદર જે જણાવ્યું છે એ બધી સુવિધા છે, અગાઉના વર્ષોની અંદર પણ શૌચાલય હતું, પીવાના પાણીની ટાંકી પણ બનાવી આપતા હતા અમે. .(અંતરાય)

અધ્યક્ષશ્રી : તમારો સવાલ પૂછો સીધો.

શ્રી રામસિંહ પ્ર. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, મંત્રીશ્રીએ એમ કહ્યું કે અમને જણાવતા આનંદ થાય છે તો મારે એમને કહેવું જોઇએ કે આ સુવિધાની અંદર તમારી ખોડખાંપણ હોવાને કારણે, તમારી બેદરકારી હોવાને કારણે કઠલાલની અંદર કઠાણાની અંદર વીજળીના વાયરથી એક દીકરીનું મૃત્યું થયું.

અધ્યક્ષશ્રી : આ સવાલ પાટણ જિલ્લાનો છે. એના વિશે પૂછો.

શ્રી રામસિંહ પ્ર. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, પાટણનો નહીં સમગ્ર રાજયનો છે. એ છોકરીનું કરંટ લાગવાથી મૃત્યું થયું છે.

અધ્યક્ષશ્રી : એક મિનિટ રામસિંહભાઇ, પાટણ જિલ્લાના....

શ્રી રામસિંહ પ્ર. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હા, પણ એ એવું કહે છે કે સમગ્ર રાજયની અંદર પૂરેપૂરી સુવિધા છે. પણ સુવિધા ..

અધ્યક્ષશ્રી : આખા રાજયની નહીં અત્યારે પાટણ વિશે પૂછવું છે આપને કંઇ?

શ્રી રામસિંહ પ્ર. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, એક છોકરી મરી ગઇ. કરંટ લાગવાથી કઠલાલના, કઠાણાની એક છોકરી મરી ગઇ. આખા રાજયની વાત કરે છે.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, એમના વખતમાં કોઇ પાણી, વીજળીની સુવિધા નહોતી, ચોવીસ કલાક વીજળીની અને પાણીની વ્યવસ્થા આ રાજય સરકારે કરી છે.

શ્રી દિલીપકુમાર વી. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગુ છું કે ૩૧-૧૨-૨૦૧૨ની સ્થિતિએ પાટણ જિલ્લાના તાલુકાઓની અંદર પ્રાથમિક શાળાઓની અંદર પાણી,

વીજળી અને શૌચાલયની સુવિધાઓ કયા તાલુકાની અંદર કેટલી કેટલી સુવિધાઓ આપવામાં આવી છે અને શૌચાલયોની જયાં સુવિધા છે ત્યાં સફાઇ માટે ચૂકવણું કરવામાં આવે છે કે કેમ?

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, પીવાનું પાણી, લાઇટ અને શૌચાલયની સુવિધા પાટણમાં ૨૫૫, સિદ્ધપુરમાં ૭૫, ચાણસ્મામાં ૭૯, હારીજમાં ૬૬, સમીમાં ૧૨૬, રાધનપુરમાં ૯૮, સાંતલપુરમાં ૯૬ એમ કુલ મળીને ૭૯૫ અને શૌચાલયનો ખર્ચ આવે છે એના માટે ૪૦૦ રૂપિયા માસિક ભોગવવામાં આવે છે.

**આણંદ જિલ્લામાં મંજૂર કરેલ ઈન્દિરા આવાસો**

* ૨૦૪૪ **શ્રી સંજયકુમાર ર. પટેલ(ખંભાત) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) આણંદ જિલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર કેટલા ઇન્દિરા આવાસો મંજૂર કરવામાં આવ્યા,

(૨) તે અન્વયે કેટલા આવાસો પૂર્ણ કરી અરજદારોને તેનો કબજો સોંપવામાં આવ્યો, અને

(૩) બાકી આવાસોના કામ કેટલા સમયમાં પૂર્ણ થશે ?

**જવાબ**

(૧) આણંદ જિલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર ઈન્દિરા આવાસો મંજૂર કરવામાં આવ્યા, જેની વિગત નીચે મુજબ છે.

| ક્રમ | તાલુકો | મંજૂર કરેલ આવાસો |
|---|---|---|
| ૧ | આણંદ | ૨૬૦ |
| ૨ | ઉમરેઠ | ૩૬૦ |
| ૩ | બોરસદ | ૬૩૯ |
| ૪ | આંકલાવ | ૨૮૬ |
| ૫ | પેટલાદ | ૪૦૯ |
| ૬ | સોજીત્રા | ૨૧૦ |
| ૭ | ખંભાત | ૫૬૧ |
| ૮ | તારાપુર | ૪૮૪ |
| | **કુલ** | **૩૨૦૯** |

(૨) તે અન્વયે ૧૮૨૦ આવાસો પૂર્ણ થયેલ છે લાભાર્થી જાતે જ આવાસનું બાંધકામ કરી પૂર્ણ કરતા હોઈ કબજો સોંપવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) ભારત સરકારની ઈન્દિરા આવાસ યોજનાની માર્ગદર્શનની માર્ગદર્શિકા મુજબ લાભાર્થી જાતે જ મકાન બાંધતા હોવાથી આવાસો સત્વરે પૂર્ણ કરવા પ્રયત્ન કરવામાં આવશે.

**શ્રી સંજયકુમાર ર. પટેલ :** માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે આણંદ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ ૩૨૦૯ જેટલા આવાસો મંજૂર થયા હતા એમાંથી ૧૮૨૦ આવાસોના કામો પૂર્ણ કરવામાં આવ્યા છે તો બાકીના આવાસો છે એના બાંધકામની પ્રગતિ શું છે? એ સિવાય આ જે આવાસો મંજૂર થયા છે એમાં મહિલાઓના નામે કેટલા આવાસો છે, પુરુષોના નામે કેટલા આવાસો છે અને પતિ–પત્નીના સંયુક્ત નામે કેટલા આવાસો મંજૂર થયા છે?

**શ્રી જયંતિભાઇ રા. કવાડીયા :** ૩૨૦૯માંથી મહિલાઓના નામે ૨૧૮૧, પતિ–પત્નીના નામે ૫૮૪ અને ફકત પુરુષના નામે ૪૪૪ આવાસો મંજૂર થયા છે. બીજો પ્રશ્ન છે કે બાકીના ક્યારે પૂરા કરવામાં આવશે? તો જેમ બને તેમ જલ્દી પરંતુ આની અંદર વિષય એવો છે કે લાભાર્થી પોતે મકાનો બનાવે છે. એમાં વિભાગ દ્વારા સાવચેતી રાખીને દર મહિને મળતી મિટિંગમાં વારંવાર મંત્રીઓને સૂચના આપીએ છીએ કે જલ્દી પૂરું કરાવો. એમાં જલ્દી પૂરા કરવામાં આવશે.

**શ્રી નિરંજન પટેલ :** માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે કેન્દ્ર સરકારના પૈસા હોય કે રાજ્ય સરકારના પૈસા હોય, પૈસા પ્રજાના છે અને એ પૈસાથી ગરીબોને ઘર મળે એ આશીર્વાદરૂપ બાબત છે. આની અંદર લાભાર્થીઓ પાસેથી લોકલ લેવલે મંજૂર કરવા માટે ૪ હજાર રૂપિયા ઉઘરાવવામાં આવ્યા છે અને મકાનો છૂટાછવાયા બનાવે છે એટલે જમીન પણ વધારે વપરાય છે. આવા સંજોગોમાં સરકાર

પોતાના ખર્ચે મલ્ટીસ્ટોરીડ બિલ્ડીંગ બનાવીને સારા મકાનો આપવા માગે છે કે કેમ?

**શ્રી જયંતિભાઈ રા. કવાડીયા :** પહેલો સવાલ કર્યો છે કે ૪ હજાર રૂપિયા આપવામાં આવ્યા છે તો એ ભૂતકાળમાં આપની સરકારમાં આવા ઉઘરાણા થતા હતા. મારે કહેવું છે કે સભ્યશ્રીને આવી ફરિયાદ મળે તો અમારું ધ્યાન દોરે. ગરીબ કલ્યાણ મેળાઓમાં લાભાર્થીઓને (અંતરાય) આ રાજ્ય સરકારે ગરીબોને ઘેર ઘેર જઈને, બોલાવી બોલાવીને ગરીબ મેળામાં એને લાભો આપવામાં આવ્યા છે. બાકીનું આપનું સૂચન છે.

**શ્રી દિલીપભાઈ મ. પટેલ :** માનનીય અધ્યક્ષશ્રી, આણંદ જિલ્લામાં લક્ષ્યાંક કેટલો હતો અને તા ૩૧–૧૨–૨૦૧૨ સુધીમાં કેટલા હપ્તા ચૂકવાયા છે?

**શ્રી જયંતિભાઈ રા. કવાડીયા :** તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ લક્ષ્યાંક ૨૦૦૦નો હતો જેની સામે ૨૦૨૯ અરજીઓ મળેલ છે અને તે પૈકી ૧૪૩૯ અરજીઓ મંજૂર કરવામાં આવેલ છે. ૨૯ અરજીઓ નામંજૂર કરવામાં આવેલ છે, ૫૬૧ અરજીઓ ચકાસણી હેઠળ છે. બીજો પ્રશ્ન છે કે કેટલા ચૂકવાયા તો પહેલા હપ્તાના ૩૪૫ લાખ, બીજા હપ્તાના ૨૨૯ લાખ અને ત્રીજા હપ્તાના ૩૬ લાખ ચૂકવાયા છે.

**શ્રી પુંજાભાઈ ભી. વંશ :** માનનીય અધ્યક્ષશ્રી, ઈન્દિરા આવાસ યોજનાની આ ગૃહમાં ઘણી બધી ચર્ચાઓ થઈ. કેન્દ્ર સરકારનો ફાળો અને રાજ્ય સરકારનો ફાળો માનનીય મંત્રીશ્રીએ પોતાના આગલા સવાલના જવાબમાં જણાવ્યું કે જ્યારે યુનિટ કોસ્ટ ૨૫ હજાર હતી ત્યારે આટલી પૂરક સહાય આપવામાં આવતી હતી. યુનિટ કોસ્ટ ૩૫ હજાર થઈ ત્યારે આટલી પૂરક સહાય આપવામાં આવતી હતી. કેન્દ્ર સરકારે યુનિટ કોસ્ટ ૪૫ હજાર કરી એટલે રાજ્ય સરકારે પૂરક સહાય હતી તે બંધ કરી. મારે મંત્રીશ્રી પાસેથી એ જાણવું છે કે ભાવ વધારાના કારણે ઉત્તરોત્તર યુનિટ કોસ્ટમાં વધારો થતો જાય છે તો ૪૫ હજાર યુનિટ કોસ્ટ કેન્દ્ર સરકારે કરી તો રાજ્ય સરકારે પૂરક સહાય જે ૮૦૦૦ અપાતી હતી એ બંધ કરી છે. એ ચાલુ કરવા માગો છો કે કેમ? આ પૂરક સહાય બંધ કરવાના કારણો શું છે?

અધ્યક્ષશ્રી : પૂરક સહાય બંધ કરી છે? અને બંધ કરી હોય તો એના કારણો શું? એ જ કહે છે.

શ્રી પુંજાભાઈ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, સભ્યશ્રીના જવાબની અંદર હું સંપૂર્ણપણે કહુ છું અત્યારે ૪૫૦૦૦ છે એમાં રાજ્ય સરકારના મેં કીધું એમ ૧૧૨૫૦ (અંતરાય)

અધ્યક્ષશ્રી : પૂરક સહાય ૨૫% અને ૭૫%ની યોજના છે. એમણે કહ્યું (સતત અંતરાય) એક મિનિટ.

શ્રી જયંતિભાઈ રા. કવાડીયા : માનનીય અધ્યક્ષશ્રી, પૂરક સહાય ૭૫૦૦ આપતા હતા એના અમે ૧૧૨૫૦ આપીએ છીએ પણ મારે પુંજાભાઈને એમ કહેવું છે કે ભારત સરકાર આ કોસ્ટમાં ગમે એટલા એમાં રાજ્યના મુખ્યમંત્રીશ્રીએ ભારત સરકારને પત્ર લખ્યો છે કે, આ મોંઘવારી વધી છે, આની કોસ્ટ ૯૦૦૦૦ કરવી જોઈએ એની સામે અમારી તૈયારી છે. ભારત સરકાર જેટલી કોસ્ટ વધારે એટલો હિસ્સો રાજ્ય સરકાર આપવા માટે મુખ્યમંત્રીશ્રીએ તૈયારી બતાવી છે, દલીલ સાથે (અંતરાય) એક મિનિટ(અંતરાય)
સ્પષ્ટતા થવા દો (અંતરાય)

શ્રી પુંજાભાઈ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, ગ્રાન્ટ છે એ અલગ છે અને પૂરક સહાય પણ અલગ છે. આ બંને બાબતોને સાંકળીને માનનીય મંત્રીશ્રી વાત કરે છે. પૂરક સહાય બંધ કરવાના કારણો શા છે?

અધ્યક્ષશ્રી : પૂરક સહાય પહેલાય નહોતા આપતા. (અંતરાય) એક મિનિટ, ૨૫% અને ૭૫%નો રેશિયો હતો એમ એમણે કહ્યું. પ્રશ્ન ક્રમાંક(૯)(અંતરાય) એ ભલે રહ્યો કાગળ. (અંતરાય) એક મિનિટ, તમે પ્રશ્નનો જવાબ સાંભળો, પશ્નનો ખોટો જવાબ આપ્યો હોય તો એના નિકાલ માટે પદ્ધતિ છે. અત્યારે નિકાલ ના થાય. પ્રશ્ન ક્રમાંક(૯) (સતત અંતરાય) આપે ત્યારે તમે વાંધો ઊઠાવજો. પ્રશ્નનો જવાબ ખોટો આપ્યો હોય, એના માટે પ્રોસીજર આપણા વિધાનસભાના નિયમોમાં છે એ પ્રમાણે તમે કહેજો (અંતરાય) પ્રશ્ન ક્રમાંક(૯) માનનીય કનુભાઈ દેસાઈ. (અંતરાય) તમે બેસો.

**વલસાડ જિલ્લામાં મંજૂર કરેલ ઈન્દિરા આવાસો**

* ૨૦૩૬ **શ્રી કનુભાઇ મો. દેસાઇ(પારડી) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) વલસાડ જિલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર કેટલા ઇન્દિરા આવાસો મંજૂર કરવામાં આવ્યા,

(૨) તે અન્વયે કેટલા આવાસો પૂર્ણ કરી અરજદારોને તેનો કબજો સોંપવામાં આવ્યો, અને

(૩) બાકી આવાસોના કામ કેટલા સમયમાં પૂર્ણ થશે

એચબી–૭૩૬–૨

**જવાબ**

(૧) વલસાડ જિલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર નીચેની વિગતે ઈન્દિરા આવાસો મંજૂર કરવામાં આવ્યા,

| ક્રમ | તાલુકો | મંજૂર કરેલ આવાસો |
|---|---|---|
| ૧ | વલસાડ | ૧૪૫ |
| ૨ | પારડી | ૦ |
| ૩ | ઉમરગામ | ૦ |
| ૪ | ધરમપુર | ૧૨૬૦ |
| ૫ | કપરાડા | ૦ |
| | **કુલ** | **૧૪૦૫** |

(૨) તે અન્વયે ૧૦૦૪ આવાસો પૂર્ણ થયેલ છે અને લાભાર્થી જાતે જ આવાસનું બાંધકામ કરી પૂર્ણ કરતા હોઈ કબજો સોંપવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) ભારત સરકારની ઈન્દિરા આવાસ યોજનાની માર્ગદર્શનની માર્ગદર્શિકા મુજબ લાભાર્થી જાતે જ મકાન બાંધતા હોવાથી આવાસો સત્વરે પૂર્ણ કરવા પ્રયત્ન કરવામાં આવશે.

શ્રી કનુભાઇ મો. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, (સતત અંતરાય) ( કોંગ્રેસના મોટાભાગના સભ્યો પોતાની જગ્યા પરથી ઊભા થઇ જતા)

અધ્યક્ષશ્રી : ના, ના, તમે બેસો. (અંતરાય) જે હશે એ (અંતરાય) ના, ના. ખોટો જવાબ આપ્યો હોય તો એના માટે કાર્યવાહી કરવા માટે હકદાર છો. તમે ખોટા જવાબની કાર્યવાહી કરી શકો. (અંતરાય) અત્યારે એનું કોઇ નિરાકરણ ના થાય. એ કાગળિયા રાખો. જે પરિપત્ર હોય એ. એમણે સ્પષ્ટતા કરી ૭૫૦૦ વાળાને એટલે ૧૧૦૦૦ કર્યા છે. (અંતરાય,) એક મિનિટ, કોઇ સવાલ નથી. તમે માગો એવો જવાબ ના મળે. પ્રશ્ન ક્રમાંક ૯. બીજાને પૂછવા દો હવે. તમારો સવાલ પૂરો થઇ ગયો. (સતત અંતરાય) પ્રશ્ન ક્રમાંક: ૯ માનનીય કનુભાઇ. (અંતરાય) ભાઇ, બીજાને પૂછવા દો. તમારે કાંઇ કહેવાની જરૂર નથી. એમણે પ્રશ્ન પૂછ્યો છે એનો જવાબ આપ્યો.(સતત અંતરાય) પુંજાભાઇએ પ્રશ્ન પૂછ્યો એનો જવાબ આપ્યો. ખોટો જવાબ આપ્યો હોય તો આમાં તમે નિયમ પ્રમાણે કાર્યવાહી કરી શકો છો.

શ્રી કનુભાઇ મો. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, મારા પારડી તાલુકામાં (અંતરાય)

અધ્યક્ષશ્રી : બેસો ભાઇ.

શ્રી કનુભાઇ મો. દેસાઇ : ઈન્દિરા આવાસ હેઠળ કેટલા લાભાર્થીઓને આવાસનો લાભ આપવામાં આવ્યો છે? શું એ વાત સાચી છે કે ગામડાના ગરીબોને આવાસ (અંતરાય, ઘોંઘાટ )

અધ્યક્ષશ્રી : પૂર્ણ જ હોયને. અરે, એ ખોટો જવાબ હોય તો નિયમ પ્રમાણે તમને કાર્યવાહી કરવાની છૂટ છે. (અંતરાય) અરે, ખોટો જવાબ આપ્યો હોય તો આપણા નિયમોની મુજબ તમને કાર્યવાહી કરવાની છૂટ છે. એ કાર્યવાહી કરજો. એનો અર્થ એવો નહિ કે આપણે ઊભા થઇને બધુ મંજૂર કરાવીએ. (અંતરાય)

શ્રી શંકરસિંહ લ. વાઘેલા : માનનીય અધ્યક્ષશ્રી, (અંતરાય) ગુજરાતની જનતા (અંતરાય)

અધ્યક્ષશ્રી : નહિ. એવું નહિ ચાલે. જવાબ આપોને.

શ્રી જયંતિભાઇ રા. કવાડીયા : આપું છું ને, માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ જે માહિતી માગી છે એમાંથી ૬૪૫૧ લાભાર્થીઓને લાભ આપવામાં આવેલ છે. બાકીના લાભાર્થી લાભપાત્ર ગણાતા

નથી. એમને અન્ય યોજનામાંથી લાભ આપવામાં આવશે. (સતત અંતરાય) માનનીય ભરતભાઇ (સતત અંતરાય) પ્રશ્નોત્તરી વખતે કાંઇ નહિ.

શ્રી ભરતભાઇ કી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, વલસાડ અને ધરમપૂર તાલુકામાં (સતત અંતરાય) તા.૧-૧-૨૦૧૨ થી ૩૧-૧૨-૨૦૧૨ સુધીમાં બાકી આવાસોની પ્રગતિ શું છે? (અંતરાય)

અધ્યક્ષશ્રી : એક મિનિટ, ભાઇ, હું કહું છું બધાને (અંતરાય)

શ્રી શંકરસિંહ લ. વાઘેલા : માનનીય અધ્યક્ષશ્રી, પોઇન્ટેડ પ્રશ્ન જ્યારે પૂછવામાં આવે (અંતરાય, ઘોંઘાટ) એનો જવાબ નથી.

અધ્યક્ષશ્રી : જ્યારે પ્રશ્ન પૂછયો એનો જવાબ સાચો ના હોય તો આપણા નિયમોની અંદર એના માટે કાર્યવાહી કરવાની પદ્ધતિ છે. (અંતરાય) એ એમણે સ્પષ્ટતા કરી કે ૭૫૦૦ હતા એ ૨૫% પહેલા હતા.

શ્રી શંકરસિંહ લ. વાઘેલા : આ ખોટું છે. (અંતરાય) ૨૫% અને (અંતરાય)

અધ્યક્ષશ્રી : એના ૧૧૨૫૦ કર્યા છે. (અંતરાય) એ જ છે. (સતત અંતરાય)

અધ્યક્ષશ્રી :**પ્રશ્નોત્તરીનો સમય પૂરો થાય છે. નેકસ્ટ.** (અંતરાય)

## અતારાંકિત પ્રશ્નો

# તારાંકિત પ્રશ્નોમાંથી ફેરવવામાં આવેલ

### કલોલ તાલુકામાં અંત્યોદય કાર્ડ આપવા બાબત

*૨૫૨૧ **શ્રી બળદેવજી ચં. ઠાકોર(કલોલ) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૨ની સ્થિતિએ કલોલ તાલુકામાં બારકોડેડ રેશનકાર્ડ આપવાની કામગીરી કયા તબક્કે છે,

(૨) બી.પી.એલ. યાદીમાં નામ ધરાવતા તમામ કુટુંબોને અત્યોદય કાર્ડ આપવામાં આવેલ છે કે કેમ, અને

(૩) જો ના તો બાકી રહેવાના કારણો શા છે ?

**જવાબ**

(૧) કલોલ તાલુકામાં તા. ૩૧-૧૨-૨૦૧૨ની સ્થિતિએ કાર્ડધારકોના ફોટા અને બાયોમેટ્રીક મેળવીને બારકોડેડ રેશનકાર્ડ વિતરણ કરવાની કામગીરી પ્રગતિમાં છે.

(૨) અને (૩) બી.પી.એલ. યાદી પૈકી ૦ થી ૧૬ આંક ધરાવતા કુટુંબોને બી.પી.એલ રેશનકાર્ડ મળવાપાત્ર છે અને તે પૈકી અતિગરીબ કુટુંબોને અંત્યોદય રેશનકાર્ડ આપવામાં આવે છે. ગ્રામ વિકાસ વિભાગની બીપીએલ યાદી પ્રમાણે કલોલ તાલુકામાં ૩૦૫૪ બીપીએલ કુટુંબો છે, પરંતું અન્ન સુરક્ષાના હેતુસર સરકાર દ્વારા જાહેર વિતરણ વ્યવસ્થા હેઠળ કલોલ તાલુકામાં ૧૦૮૩૨ બીપીએલ રેશનકાર્ડ ધારકોને તેમજ ૩૦૭૫ એએવાય રેશનકાર્ડ ધારકોને એમ કુલ ૧૩૯૦૭ ગરીબ કુટુંબોને રાહતદરનું અનાજ વિતરણ કરવામાં આવે છે. તેમ છતાં તા. ૧૯-૨-૧૧ના ઠરાવથી ૦ થી ૧૬ આંક ધરાવતા બી.પી.એલ. યાદીના કુટુંબોને બીપીએલ રેશનકાર્ડ આપવાની સૂચના અમલમાં છે.

---------

### ગાંધીનગર જિલ્લામાં પ્રાથમિક શાળાઓમાં ધોરણ-૮ શરૂ કરવા અંગે

* ૨૨૩૫ **શ્રી અશોકકુમાર ર. પટેલ(ગાંધીનગર ઉત્તર) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વર્ષ ૨૦૧૧ અને વર્ષ-૨૦૧૨માં ગાંધીનગર જિલ્લાની કેટલી પ્રાથમિક શાળાઓમાં ધોરણ-૮ શરૂ કરવામાં આવ્યું,

**જવાબ**

(૧) નીચે મુજબની પ્રાથમિક શાળાઓમાં ધોરણ-૮ શરૂ કરવામાં આવ્યું.

| ક્રમ | તાલુકાનું નામ | વર્ષ-૨૦૧૧ | વર્ષ-૨૦૧૨ |
|---|---|---|---|
| ૧ | ગાંધીનગર | ૨૦ | ૭૦ |

| | | | |
|---|---|---|---|
| ૨ | કલોલ | ૧૮ | ૩૭ |
| ૩ | માણસા | ૧૭ | ૩૩ |
| ૪ | દહેગામ | ૪૮ | ૫૦ |
| **કુલ** | | **૧૦૩** | **૧૯૦** |

(૨) કેટળી શાળાઓમાં ધોરણ-૮ શરૂ કરવાનું બાકી છે, અને

(૨) નીચે મુજબની પ્રાથમિક શાળાઓમાં ધોરણ-૮ શરૂ કરવાનું બાકી છે.

| ક્રમ | તાલુકાનું નામ | પ્રાથમિક શાળાઓની સંખ્યા |
|---|---|---|
| ૧ | માણસા | ૦૨ |
| ૨ | કલોલ | ૦૧ |
| **કુલ** | | **૦૩** |

(૩) બાકી શાળાઓમાં ધોરણ-૮ ક્યાં સુધીમાં શરૂ કરવામાં આવશે?

(૩) નિયત માપદંડ ધરાવતી શાળાઓમાં જૂન-૨૦૧૩ થી ધોરણ-૮ શરૂ કરવામાં આવનાર છે.

---------

**જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીઓના હિસાબોનું ઓડિટ ખાનગી સંસ્થાના ઓડિટરો દ્વારા કરવા બાબત**

* ૧૪૮૫ **શ્રી મણીલાલ જે. વાઘેલા(વડગામ) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીઓના હિસાબોનું ઓડિટ ખાનગી સંસ્થાના ઓડિટરો દ્વારા કરાવવામાં આવે છે તે હકીકત સાચી છે,

(૧) હા, હકિકત સાચી છે.

(૨) જો હા, તો ખાનગી ઓડિટરો દ્વારા ઓડિટ ક્યારથી કરાવવામાં આવે છે,

(૨) જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીની શરૂઆતથી.

(૩) સરકારી ઓડિટરોના બદલે ખાનગી એજન્સીના ઓડિટરો દ્વારા ઓડિટ કરાવવાના કારણો શા છે, અને

(૩) જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીની રચના મુંબઈ સાર્વજનિક ટ્રસ્ટ અધિનિયમ-૧૯૫૦ ની કલમ ૧૮ મુજબ કરવામાં આવેલ હોય, ગુજરાત સરકારશ્રીના ઠરાવ નં. ડીએપી/૧૦૭૩/(૨૯૭૮) /જી. તા. ૧૮/૦૫/૭૪ ના પારા નં. ૪.૫ તથા ભારત સરકારશ્રીના ગ્રામિણ મંત્રાલયની ડી.આર.ડી.એની હિસાબી પધ્ધતી (૨૦૦૧ મા સુધારેલી)ની ગાઈડલાઈનના ચેપ્ટર XIII ના મુદ્દા નં. ૧ થી નિયત થયેલ હોવાથી ખાનગી એજન્સીના ઓડીટરો (ચાર્ટડ એકાઉન્ટન્ટ પેઢીઓ) દ્વારા ઓડિટ કરાવવામાં આવે છે. (સામેલ છે)

(૪) આ પધ્ધતિથી જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીઓના ઓડિટ કરાવવાથી નાણાકીય શું ફાયદો કે સરળતા થઈ?

(૪) જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીઓના હિસાબો કોર્મશિયલ પધ્ધતિથી રાખવામાં આવે છે. જેથી કોર્મશિયલ ઓડિટર એટલે કે ચાર્ટડ એકાઉન્ટન્ટસ પેઢી દ્વારા ઓડિટ કરાવવામાં આવે છે.

જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીઓ ખાતે કેન્દ્ર પુરસ્કૃત ગ્રામિણ વિકાસની વિવિધ યોજનાઓના અમલીકરણની કામગીરી હાથ ધરવામાં આવે છે. કેન્દ્ર સરકાર દ્વારા જે તે યોજનાની ગ્રાન્ટ રીલીઝ કરતા પહેલા કેન્દ્ર સરકારને ઓડિટ રિપોર્ટ મોકલવો ફરજિયાત હોય છે, અને નાણાકિય વર્ષના અંતે સી.એ. ફર્મ દ્વારા સમય મર્યાદામાં ઓડિટની કામગીરી પૂર્ણ કરાવી ભારત સરકારને યોજનાકિય ગ્રાન્ટ દરખાસ્ત મોકલી આપવામાં આવે છે, આમ વહિવટી સરળતાને ધ્યાને રાખી તથા હિસાબોની પારદર્શકતા તેમજ થયેલ ખર્ચની ચકાસણી અને સમયસર ગ્રાન્ટ મળી રહે તે આશયથી જિલ્લા

તા. ૫મી માર્ચ, ૨૦૧૩
અતારાંકિત પ્રશ્નો

ગ્રામ વિકાસ એજન્સીઓના હિસાબોનું ઓડિટ ખાનગી સંસ્થાના ઓડિટરો દ્વારા કરાવવામાં આવે છે.

---------

**રાજયકક્ષાના વિજ્ઞાન મેળાનું નિયમિત આયોજન**

* ૨૧૯૮ **શ્રી રમણલાલ ના. પાટકર(ઉમરગામ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજયકક્ષાના વિજ્ઞાન મેળાનું નિયમીત આયોજન દર વર્ષે કરવામાં આવે છે તે હકીકત સાચી છે, | (૧) હા. |
| (૨) જો હા, તો વર્ષ ૨૦૧૨-૨૦૧૩માં આ મેળાનું આયોજન ક્યાં કરવામાં આવેલ, | (૨) રાજકોટ ખાતે. |
| (૩) તેમાં કેટલી શાળાઓએ ભાગ લીધો હતો, અને | (૩) ૩૫૦ શાળાઓએ ભાગ લીધેલ હતો. |
| (૪) આ વિજ્ઞાન મેળામાં કેટલા મુલાકાતીઓએ મુલાકાત લીધી હતી? | (૪) અંદાજિત ૪ લાખ કરતા વધુ. |

---------

**રાજ્યમાં વોટર શેડના પ્રોજેકટો**

* ૨૨૦૬ **શ્રી જીતેન્દ્ર ર. સુખડીયા(સયાજીગંજ) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજયમાં વોટર શેડ કાર્યક્રમ હેઠળ સને ૨૦૧૦-૧૧ના નાણાકીય વર્ષમાં કેટલા પ્રોજેકટ મંજૂર કરવામાં આવ્યા, અને | (૧) રાજયમાં વોટરશેડ કાર્યક્રમ હેઠળ સને ૨૦૧૦-૧૧ ના નાણાકીય વર્ષમાં ૧૪૧ પ્રોજેકટ મંજૂર કરવામાં આવ્યા. |
| (૨) તે અન્વયે ભારત સરકાર તરફથી કેટલી ગ્રાન્ટ મળેલ છે? | (૨) તે પૈકી ભારત સરકાર તરફથી રૂ. ૪૪૫૩.૬૫ લાખ ગ્રાન્ટ મળેલ છે. |

---------

**સરકારી પોલિટેકનિક કોલેજોમાં નવી હોસ્ટેલ સુવિધા**

* ૨૧૯૨ **શ્રી કિશોરભાઇ શિ. કાનાણી(વરાછા રોડ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૧૨ની સ્થિતિએ કેટલી સરકારી પોલિટેકનિક કોલેજોમાં છેલ્લા બે વર્ષમાં કેટલી નવી હોસ્ટેલો શરૂ કરવામાં આવી, અને | (૧) ૩(ત્રણ) સરકારી પોલીટિકનીક કોલેજો ખાતે છેલ્લા બે વર્ષમાં ૨(બે) કુમાર છાત્રાલય અને ૨(બે) કન્યા છાત્રાલય એમ મળી ૪ (ચાર) નવા છાત્રાલય(હોસ્ટેલો) શરૂ કરવામાં આવી. ૧૨(બાર) સરકારી પોલીટિકનીક કોલેજો ખાતે છેલ્લા બે વર્ષમાં ૨૧(એકવીસ) નવી હોસ્ટેલો પૈકી ૧૨ (બાર) હોસ્ટેલોનું બાંધકામ ચાલુ છે. જયારે ૯(નવ) હોસ્ટેલોનું બાંધકામ શરૂ થયેલ નથી. |
| (૨) હજુ કેટલી નવી હોસ્ટેલો બનાવવામાં આવનાર છે? | (૨) હજુ કુલ-૯ હોસ્ટેલો વર્ષ ૨૦૧૩-૧૪ માં બનાવવા આયોજન કરવામાં આવેલ છે. |

---------

**અમરેલી જિલ્લામાં ઉચ્ચ પ્રાથમિક શાળાઓમાં વિષયવાર વિદ્યાસહાયકોની નિમણૂક**

* ૨૨૩૭ **શ્રી વલ્લભભાઇ વ. વઘાસીયા(સાવરકુંડલા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) અમરેલી જિલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ ઉચ્ચ પ્રાથમિક શાળાઓમાં કટલા વિષયવાર વિદ્યાસહાયકોની નિમણૂક કરવામાં આવી, અને

(૨) બાકી રહેલ ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે?

**જવાબ**

(૧) ઉચ્ચ પ્રાથમિક શાળાઓમાં વિષયવાર નીચે મુજબ વિદ્યાસહાયકોની નિમણૂક કરવામાં આવી.

| ક્રમ | વિષય | સંખ્યા |
|---|---|---|
| ૦૧ | ભાષા | ૪૮૦ |
| ૦૨ | ગણિત/વિજ્ઞાન | ૪૧૯ |
| | **કુલ** | **૮૯૯** |

(૨) જેમ બને તેમ જલ્દીથી.

---------

**ભાવનગર જિલ્લામાં ઉચ્ચ પ્રાથમિક શાળાઓમાં વિષયવાર વિદ્યાસહાયકોની નિમણૂક**

* ૨૨૩૮ **શ્રી આત્મારામ મ. પરમાર(ગઢડા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) ભાવનગર જિલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઉચ્ચ પ્રાથમિક શાળાઓમાં કેટલા વિષયવાર વિદ્યાસહાયકોની નિમણૂક કરવામાં આવી, અને

(૨) બાકી ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે?

**જવાબ**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ ભાવનગર જિલ્લામાં ઉચ્ચ પ્રાથમિક શાળાઓમાં વિષયવાર નીચે મુજબ વિદ્યાસહાયકોની નિમણૂક કરવામાં આવી.

| ક્રમ | વિષય | સંખ્યા |
|---|---|---|
| ૦૧ | ભાષા | ૨૫૮ |
| ૦૨ | ગણિત/વિજ્ઞાન | ૧૯૧ |
| | **કુલ** | **૪૪૯** |

(૨) જેમ બને તેમ જલ્દીથી.

---------

**સુરત જિલ્લામાં ડીગ્રી ઈજનેરી અભ્યાસક્રમની સરકારી, અનુદાનિત અને સ્વનિર્ભર કોલેજોની બેઠકો**

* ૨૧૮૭ **શ્રી મુકેશભાઇ ઝી. પટેલ(ઓલપાડ) : માનનીય શિક્ષણમંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ સુરત જિલ્લામાં કુલ કેટલી ડીગ્રી ઈજનેરી અભ્યાસક્રમની સરકારી, અનુદાનિત અને સ્વનિર્ભર કોલેજો આવેલી છે, | (૧) ૧૦ સંસ્થાઓ. |
| (૨) આ કોલેજોની મંજૂર થયેલ ડીગ્રી ઈજનેરી અભ્યાસક્રમની બેઠકો કેટલી છે, | (૨) ૪૧૯૦ બેઠકો. |
| (૩) તે પૈકી ૨૦૧૨–૧૩ના વર્ષે થયેલ પ્રવેશ પ્રક્રિયા માં કુલ કેટલી બેઠકો ભરાઈ, અને | (૩) ૩૯૫૬ બેઠકો. |
| (૪) કેટલી ડીગ્રી ઈજનેરીની બેઠકો ખાલી રહેવા પામેલ છે? | (૪) ૨૩૪ બેઠકો. |

---------

**રાજકોટ જિલ્લામાં ૧૦૦ ચો. વારના પ્લોટ મંજૂર કરેલ અરજીઓ**

* ૧૦૬૮ **શ્રી મહમદજાવી અ. પીરઝાદા(વાંકાનેર) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર રાજકોટ જિલ્લામાં તાલુકાવાર ૧૦૦ ચો.વા. જમીન મેળવવા કેટલી અરજીઓ મળી,

(૧) ૧૦૦ ચો.વા. જમીનની મળેલ અરજીઓ

| તાલુકો | વર્ષ ૨૦૧૧–૧૨ | વર્ષ ૨૦૧૨–૧૩ (તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ) |
|---|---|---|
| મોરબી | ૪૬ | ૧૭૫ |
| માળીયા | ૦ | ૨૯ |
| ટંકારા | ૧૮૮ | ૨૨૩ |
| પડધરી | ૦ | ૬૧ |
| વાંકાનેર | ૨૩૩ | ૨૭૮ |
| જસદણ | ૦ | ૫૨૭ |
| રાજકોટ | ૯૫૨ | ૪૫૦ |
| કોટડાસાંગાણી | ૪૧૪ | ૨૯૧ |
| લોધીકા | ૯૦ | ૧૨૩ |
| ગોંડલ | ૦ | ૦ |
| જેતપુર | ૪૨૮ | ૩૯૫ |
| ધોરાજી | ૨૮૨ | ૪૧૬ |
| જામકંડોરણા | ૧૫૮ | ૧૨૦ |
| ઉપલેટા | ૧૦૨ | ૩૦૮ |
| **કુલ** | **૨૮૯૩** | **૩૩૯૬** |

એચબી–૭૩૬–૩

(૨) તે પૈકી કેટલા અરજદારોના ૧૦૦ ચોરસવારના પ્લોટ મંજૂર કરવામાં આવ્યા,

(૨) ૧૦૦ ચો.વા. પ્લોટ મંજૂર કરેલ

| તાલુકો | વર્ષ ૨૦૧૧–૧૨ | વર્ષ ૨૦૧૨–૧૩ (તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ) |
|---|---|---|
| મોરબી | ૪૬ | ૮૩ |
| માળીયા | ૦ | ૦ |
| ટંકારા | ૧૦૩ | ૯૭ |
| પડધરી | ૦ | ૩૧ |
| વાંકાનેર | ૧૨૮ | ૯૭ |
| જસદણ | ૦ | ૭૦ |
| રાજકોટ | ૦ | ૫૮૭ |
| કોટડાસાંગાણી | ૨૧૩ | ૦ |
| લોધીકા | ૪૪ | ૦ |
| ગોંડલ | ૦ | ૦ |
| જેતપુર | ૮૬ | ૧૫૯ |
| ધોરાજી | ૨૦૪ | ૨૩૭ |
| જામકંડોરણા | ૧૦૩ | ૪૪ |
| ઉપલેટા | ૮૧ | ૧૫૩ |
| **કુલ** | **૧૦૦૮** | **૧૫૫૮** |

(૩) કેટલી અરજીઓ પડતર છે, અને

(૩) પડતર અરજીઓ.

| તાલુકો | વર્ષ ૨૦૧૧–૧૨ | વર્ષ ૨૦૧૨–૧૩ (તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ) |
|---|---|---|
| મોરબી | ૦ | ૦ |
| માળીયા | ૦ | ૦ |
| ટંકારા | ૦ | ૦ |
| પડધરી | ૦ | ૦ |
| વાંકાનેર | ૦ | ૮૮ |
| જસદણ | ૦ | ૦ |
| રાજકોટ | ૦ | ૩૨૫ |
| કોટડાસાંગાણી | ૦ | ૨૯૧ |
| લોધીકા | ૦ | ૧૨૩ |
| ગોંડલ | ૦ | ૦ |
| જેતપુર | ૦ | ૦ |

| | | |
|---|---|---|
| ધોરાજી | ૦ | ૦ |
| જામકંડોરણા | ૦ | ૦ |
| ઉપલેટા | ૦ | ૦ |
| **કુલ** | **૦** | **૮૨૭** |

(૪) ઉક્ત પડતર અરજીઓનો નિકાલ કેટલા સમયમાં કરવામાં આવશે?

(૪) સત્વરે.

---------

**મહેસાણા જિલ્લામાં પ્રાથમિક શાળાઓમાં ધોરણ-૮ શરૂ કરવા અંગે**

* ૨૨૩૪ **શ્રી ઋષિકેશ ગ. પટેલ(વિસનગર) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** | **જવાબ**

(૧) વર્ષ ૨૦૧૧ અને વર્ષ-૨૦૧૨માં મહેસાણા જિલ્લાની કેટલી પ્રાથમિક શાળાઓમાં ધોરણ-૮ શરૂ કરવામાં આવ્યું,

(૧) નીચે મુજબની પ્રાથમિક શાળાઓમાં ધોરણ-૮ શરૂ કરવામાં આવેલ છે.

| **ક્રમ** | **તાલુકાનું નામ** | **વર્ષ-૨૦૧૧** | **વર્ષ-૨૦૧૨** |
|---|---|---|---|
| ૧ | મહેસાણા | ૪૫ | ૪૯ |
| ૨ | વિસનગર | ૩૦ | ૩૧ |
| ૩ | વિજાપુર | ૩૦ | ૩૭ |
| ૪ | ઉંઝા | ૧૨ | ૨૧ |
| ૫ | ખેરાલુ | ૩૦ | ૨૧ |
| ૬ | વડનગર | ૨૪ | ૨૫ |
| ૭ | સતલાસણા | ૧૭ | ૧૬ |
| **ક્રમ** | **તાલુકાનું નામ** | **વર્ષ-૨૦૧૧** | **વર્ષ-૨૦૧૨** |
| ૮ | કડી | ૩૨ | ૩૦ |
| ૯ | બેચરાજી | ૧૮ | ૧૫ |
| | **કુલ** | **૨૩૮** | **૨૪૫** |

(૨) કેટલી શાળાઓમાં ધોરણ-૮ શરૂ કરવાનું બાકી છે, અને

(૨) નીચે મુજબની પ્રાથમિક શાળાઓમાં ધોરણ-૮ શરૂ કરવાનું બાકી છે.

| **ક્રમ** | **તાલુકાનું નામ** | **પ્રાથમિક શાળાઓની સંખ્યા** |
|---|---|---|
| ૧ | મહેસાણા | ૦૯ |
| ૨ | વિસનગર | ૦૧ |
| ૩ | વિજાપુર | ૦૩ |
| ૪ | ઉંઝા | ૦૪ |
| ૫ | ખેરાલુ | ૦૧ |
| ૬ | સતલાસણા | ૦૫ |
| ૭ | કડી | ૦૧ |
| ૮ | બેચરાજી | ૦૨ |
| | કુલ | **૨૬** |

(૩) બાકી શાળાઓમાં ધોરણ-૮ ક્યાં સુધીમાં શરૂ કરવામાં આવશે?

(૩) નિયત માપદંડ ધરાવતી શાળાઓમાં જુન-૨૦૧૩ થી ધોરણ-૮ શરૂ કરવામાં આવશે.

---------

તા. ૫મી માર્ચ, ૨૦૧૩
અતારાંકિત પ્રશ્નો

**જામનગર જિલ્લામાં પ્રાથમિક શાળામાં આચાર્યની ભરતી**

* ૨૨૪૪ **શ્રી ચીમનભાઇ ધ. શાપરીયા(જામજોધપુર) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) જામનગર જિલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પ્રાથમિક શાળામાં કેટલા આચાર્યની ભરતી કરવામાં આવેલ છે, અને

(૨) બાકી રહેતી પ્રાથમિક શાળાઓમાં આચાર્યની ભરતી ક્યાં સુધીમાં કરવામાં આવશે?

**જવાબ**

(૧) ૪૯ આચાર્યની ભરતી કરવામાં આવેલ છે.

(૨) જેમ બને તેમ જલ્દીથી.

---------

**સુરત જિલ્લામાં નિર્મળ ભારત અભિયાન યોજનામાં બી.પી.એલ. કુટુંબો માટે બનાવેલ શૌચાલય**

* ૨૨૨૧ **શ્રી પ્રફુલભાઇ છ. પાનશેરીયા (કામરેજ) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) સુરત જિલ્લામાં નિર્મળ ભારત અભિયાન યોજના અંતર્ગત તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષ દરમ્યાન બી.પી.એલ. કુટુંબો માટે કેટલા વ્યક્તિગત શૌચાલયો બનાવવામાં આવ્યા, અને

(૨) તેની પાછળ કેટલો ખર્ચ કરવામાં આવ્યો?

**જવાબ**

(૧) સુરત જિલ્લામાં નિર્મળ ભારત અભિયાન યોજના અંતર્ગત તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષ દરમ્યાન બી.પી.એલ. કુટુંબો માટે ૫૬૪૬ વ્યક્તિગત શૌચાલયો બનાવવામાં આવ્યા.

(૨) તેની પાછળ રૂ. ૧૫૬.૮૩૨ લાખનો ખર્ચ કરવામાં આવ્યો.

---------

**આહવા તાલુકામાં પ્રાથમિક અને માધ્યમિક શાળામાં મંજૂર થયેલ મહેકમ**

* ૧૬૨૦ **શ્રી મંગળભાઇ ગં. ગાવિત(ડાંગ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ ડાંગ જિલ્લાના આહવા તાલુકામાં પ્રાથમિક અને માધ્યમિક શાળાના સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ સામે કેટલી જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે, અને

(૨) આ ખાલી જગ્યાઓ કેટલા સમયમાં ભરવામાં આવશે?

**જવાબ**

(૧) પ્રાથમિક અને માધ્યમિક પ્રભાગની મંજૂર થયેલ તેમજ ખાલી જગ્યાઓની વિગતો **પત્રક ૧** મુજબ છે.

(૨) પ્રાથમિક અને માધ્યમિક પ્રભાગની ખાલી જગ્યાઓ જેમ બને તેમ જલ્દીથી ભરવામાં આવશે.

**પત્રક ૧**

**આહવા તાલુકામાં પ્રાથમિક અને માધ્યમિક શાળામાં મંજૂર થયેલ મહેકમ**

(૧) પ્રાથમિક પ્રભાગમાં શિક્ષકો/વિદ્યાસહાયકની મંજૂર થયેલ ૧૮૪૬ જગાઓ સામે ૨૦૦ જગ્યા જુન–૨૦૧૨થી ખાલી છે.
(૨) માધ્યમિક પ્રભાગની મંજૂર થયેલ જગ્યાઓ તથા ખાલી જગ્યાઓની વિગતો નીચે મુજબ છે.

| **સંવર્ગનું નામ** | **સરકારી માધ્યમિક શાળાઓ (ધોરણ–૯ અને ૧૦)** | | |
|---|---|---|---|
| | **મહેકમની વિગત** | | |
| | **મળવાપાત્ર મહેકમ** | **ખાલી જગ્યા** | **કેટલા સમયથી ખાલી છે.** |
| આચાર્ય | ૦૩ | ૦૦ | |
| સરકારી શાળાઓ મદદનીશ શિક્ષક | ૪૨ | ૦૪ | જૂન–૨૦૧૨થી |
| (RMSA શાળાઓ) મદદનીશ શિક્ષક | ૩૦ | ૧૨ | ૦૯ જગ્યા જુન–૦૯ થી |

| **સંવર્ગનું નામ** | **સરકારી માધ્યમિક શાળાઓ (ધોરણ–૯ અને ૧૦)** | | |
|---|---|---|---|
| | **મહેકમની વિગત** | | |
| | **મળવાપાત્ર મહેકમ** | **ખાલી જગ્યા** | **કેટલા સમયથી ખાલી છે.** |
| | | | ૦૩ જગ્યા જુન–૧૧ થી |
| ઓડીટર ગૃપ–૧ | ૦૨ | ૦૦ | |
| મુખ્ય કારકુન | ૦૨ | ૦૧ | જુલાઈ–૧૧થી |
| સીનીયર કારકુન | ૦૬ | ૦૩ | ૦૨ જગ્યા જુન–૦૯ થી<br>૦૧ જગ્યા માર્ચ–૧૧ થી |
| જુનીયર કારકુન | ૧૯ | ૧૯ | ૧૦ જગ્યા જુન–૦૭ થી<br>૦૯ જગ્યા જુન–૦૯ થી |
| પટાવાળા | ૩૨ | ૦૯ | ૦૨ જગ્યા જુન–૦૭ થી<br>૦૭ જગ્યા જુન–૦૯ થી |

| **સંવર્ગનું નામ** | **બીન સરકારી ગ્રાન્ટેડ માધ્યમિક શાળાઓ (ધોરણ–૯ અને ૧૦)** | | |
|---|---|---|---|
| | **મહેકમની વિગત** | | |
| | **મળવાપાત્ર મહેકમ** | **ખાલી જગ્યા** | **કેટલા સમયથી ખાલી છે.** |
| આચાર્ય | ૧૬ | ૦૬ | ૦૩ જગ્યા નવે–૨૦૦૦થી<br>૦૩ જગ્યા જુલાઈ–૧૨ થી |
| મદદનીશ શિક્ષક | ૭૦ | ૧૩ | ૦૩ જગ્યા જુન–૨૦૦૯થી<br>૦૪ જગ્યા જુન–૧૦થી<br>૦૨જગ્યા જુન–૧૧થી<br>૦૪ જગ્યા જુન–૧૨થી |
| કચેરી અધિક્ષક | ૦૧ | ૦૦ | |
| મુખ્ય કારકુન | ૦૧ | ૦૦ | |
| સીનીયર કારકુન | ૦૧ | ૦૦ | |
| જુનીયર કારકુન | ૧૬ | ૦૯ | ૦૯ જગ્યા જુન–૧૨ થી |
| પટાવાળા | ૨૫ | ૦૨ | ૦૨ જગ્યા જુન–૧૨ થી |

---------

## અમદાવાદ જિલ્લામાં પ્રાથમિક શાળામાં આચાર્યની ભરતી

* ૨૨૪૦ **શ્રી બાબુભાઈ જ. પટેલ(દસક્રોઈ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) અમદાવાદ જિલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પ્રાથમિક શાળામાં કેટલા આચાર્યની ભરતી કરવામાં આવેલ છે, અને | (૧) ૧૬૧ આચાર્યની ભરતી કરવામાં આવેલ છે. |
| (૨) બાકી રહેતી પ્રાથમિક શાળાઓમાં આચાર્યની ભરતી ક્યાં સુધીમાં કરવામાં આવશે? | (૨) જેમ બને તેમ જલ્દીથી. |

---------

તા. ૫મી માર્ચ, ૨૦૧૩
અતારાંકિત પ્રશ્નો

**સુરેન્દ્રનગર જિલ્લામાં પ્રાથમિક શાળામાં આચાર્યની ભરતી**

* ૨૨૪૨ **શ્રી શામજીભાઇ ભી. ચૌહાણ(ચોટીલા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સુરેન્દ્રનગર જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પ્રાથમિક શાળામાં કેટલા આચાર્યની ભરતી કરવામાં આવેલ છે, અને | (૧) ૧૩૮ આચાર્યની ભરતી કરવામાં આવેલ છે. |
| (૨) બાકી રહેતી પ્રાથમિક શાળાઓમાં આચાર્યની ભરતી ક્યાં સુધીમાં કરવામાં આવશે? | (૨) જેમ બને તેમ જલ્દીથી. |

---------

**અમદાવાદ જિલ્લામાં નિર્મળ ભારત અભિયાન યોજનામાં એ.પી.એલ. કુટુંબો માટે બનાવેલ શૌચાલય**

૨૨૨૪ **શ્રી લાલજીભાઇ ચ. કોળીપટેલ(ધંધુકા) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અમદાવાદ જિલ્લામાં નિર્મળ ભારત અભિયાન યોજના અંતર્ગત તા. ૩૧-૧૨-૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષ દરમ્યાન એ.પી.એલ. કુટુંબો માટે કેટલા વ્યક્તિગત શૌચાલય બનાવવામાં આવ્યા, અને | (૧) અમદાવાદ જિલ્લામાં નિર્મળ ભારત અભિયાન યોજના અંતર્ગત તા. ૩૧-૧૨-૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષ દરમ્યાન એ.પી.એલ. કુટુંબો માટે કુલ ૨૧૯૫૪ વ્યક્તિગત શૌચાલય બનાવવામાં આવ્યા. |
| (૨) તેની પાછળ કેટલો ખર્ચ કરવામાં આવ્યો? | (૨) નિર્મળ ભારત અભિયાન યોજનાની તા. ૦૧-૦૪-૨૦૧૨થી અમલી બનેલ નવી ગાઇડ લાઇનમાં નિયત કરાયેલ કેટેગરીના એ.પી.એલ. લાભાર્થીઓ માટે પ્રોત્સાહક રકમ પેટે રૂા. ૪૬૦૦/-ની જોગવાઈ કરવામાં આવતા તા. ૦૧-૦૪-૨૦૧૨ બાદ બનાવવામાં આવેલ વ્યક્તિગત શૌચાલયો માટે રૂા. ૧૨.૬૫ લાખનો ખર્ચ કરવામાં આવ્યો. |

---------

**આણંદ જિલ્લામાં ઉચ્ચ પ્રાથમિક શાળાઓમાં વિષયવાર વિદ્યા સહાયકોની નિમણૂક**

૨૨૩૯ **શ્રી દિલીપભાઇ મ. પટેલ(આણંદ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

એચબી-૭૩૬-૪

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) આણંદ જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૧૨ની સ્થિતિએ ઉચ્ચ પ્રાથમિક શાળાઓમાં કેટલા વિષયવાર વિદ્યાસહાયકોની નિમણૂક કરવામાં આવી, અને | (૧) ઉચ્ચ પ્રાથમિક શાળાઓમાં વિષયવાર નીચે મુજબ વિદ્યાસહાયકોની નિમણૂક કરવામાં આવી. |

| ક્રમ | વિષય | સંખ્યા |
|---|---|---|
| ૦૧ | ભાષા | ૨૯૪ |
| ૦૨ | ગણિત/વિજ્ઞાન | ૨૮૪ |
| | **કુલ** | **૫૭૮** |

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૨) બાકી રહેલ ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે? | (૨) જેમ બને તેમ જલ્દીથી. |

---------

**અમદાવાદમાં રેશનીંગ દુકાનોમાંથી ઘઉં-ચોખા અને કેરોસીનનો બારોબાર જથ્થો વેચી દેવાના નોંધાયેલ કેસો**

૨૪૪૯ **શ્રી શૈલેષ મ. પરમાર(દાણીલીમડા) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૧-૪-૧૨ થી તા. ૩૧-૧-૧૩ સુધીમાં અમદાવાદ શહેરમાં કઈ કઈ રેશનીંગ દુકાનોમાંથી ઘઉં-ચોખા અને કેરોસીનનો બારોબાર જથ્થો વેચી દેવાના કેટલા | (૧) તા. ૧-૪-૧૨ થી તા. ૩૧-૧-૧૩ સુધીમાં અમદાવાદ શહેરમાં નીચે મુજબની પાંચ રેશનીંગ દુકાનોનો ઘઉં-ચોખા અને કેરોસીનનો જથ્થો બારોબાર વેચી દેવાનો |

કેસો નોંધવામાં આવ્યા,

એક કેસ નોંધવામાં આવેલ છે.
(૧) રાજકુમાર ગેહીમલ ગીદવાણી સંચાલિત વ્યાજબી ભાવની દુકાન
(૨) દોલતરામ ચેલારામ સંચાલિત વ્યાજબી ભાવની દુકાન
(૩) ગોપાલદાસ રૂપચંદ સંચાલિત વ્યાજબી ભાવની દુકાન
(૪) પાર્શ્વનાથ કન્ઝ્યુમર્સ કો.ઓ.સો.લી. શાખા-૧ સંચાલિત વ્યાજબી ભાવની દુકાન
(૫) પાશ્વનાથ કન્ઝ્યુમર્સકો.ઓ.સો.લી. શાખા-૨ સંચાલિત વ્યાજબી ભાવની દુકાન

(૨) તે અન્વયે પકડાયેલ અનાજનો જથ્થો કેટલો છે, અને

(૨) નીચે મુજબનો રેશનીંગ ચીજ વસ્તુઓનો જથ્થો પકડવામાં આવ્યો.

ઘઉં-૨૬,૫૫૦ કિલો

ચોખા-૧,૯૦૦ કિલો

ખાંડ- ૭૫૦ કિલો

કેરોસીન-૯,૭૪૪ લીટર

(૩) આ અનાજનો જથ્થો બારોબાર વેચી દેવાના કેસમાં કયા કયા ઈસમો સામે કઈ કઈ કલમો લગાવી કેસો કરવામાં આવ્યા?

(૩) નીચે મુજબના ૬ ઈસમો સામે કેસો કરવામાં આવ્યા.
(૧) કનૈયાલાલ ગેહીમલ ગીદવાણી
(૨) રાજકુમાર ગેહીમલ ગીદવાણી
(૩) હરીશકુમાર ગેહીમલ ગીદવાણી
(૪) કીશન છોટાલાલ ખટીક
(૫) દોલતરામ ચેલારામ
(૬) ગોપાલદાસ રૂપચંદ

ઉક્ત ૬ ઈસમો સામે નીચે મુજબની કલમો લગાવી કેસો કરવામાં આવ્યા.
(૧) જાહેર વિતરણ વ્યવસ્થા (નિયંત્રણ) હુકમ-૨૦૦૧ની કલમો-૨(ડ) (ઠ), ૫ પરિચ્છેદ-૩, ૬(૪), પરિચ્છેદ-૪(૪) (૭), (૯), (૧૦) ૭(૩).
(૨) ગુજરાત આવશ્યક ચીજવસ્તુઓ (વાજબી ભાવની દુકાનોને લાયસન્સ આપવા બાબતો) હુકમ-૨૦૦૪ ની કલમો ૧૪, ૧૪(૧), ૧૪(૨) ૧૪(૩) તથા પરવાનાની શરતો ૧,૨ (ક) (અ) ૪, ૬(૧), (૩), ૭,૮,૯,૧૧ અને કરારનામાની શરતો ૭(ગ) (અ) (જ) સુચના ૧,૨,૮(ક) (ગ), (ચ), ૫ નો ભંગ

તદુપરાંત ઉક્ત ઈસમો પૈકી અનુ. નં. ૧ થી ૪ ની સામે નીચે મુજબની પણ કલમો લગાવીને કાર્યવાહી કરવામાં આવી.
(૧) આવશ્યક ચીજવસ્તુઓ અધિનિયમ-૧૯૫૫ની કલમ ૩ અને ૭
(૨) ઈન્ડીયન પીનલ કોડની કલમ-૪૦૬, ૪૨૦, ૧૧૪ મુજબની કલમો લગાડી પોલીસ કેસ કરી જવાબદાર ઈસમો સામે કોર્ટ કાર્યવાહી કરવામાં આવી
(૩) આવશ્યક ચીજવસ્તુના કાળાબજાર થતા અટકાવવા

અને તેનો પુરવઠો જાળવી રાખવા બાબત અધિનયમ-૧૯૮૦ હેઠળ અટકાયત.

---------

**જૂનાગઢ જિલ્લામાં ઉચ્ચ પ્રાથમિક શાળાઓમાં વિષયવાર વિદ્યાસહાયકોની નિમણૂક**

૨૨૩૬ **શ્રી અરવીંદભાઇ કે. લાડાણી(કેશોદ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જૂનાગઢ જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઉચ્ચ પ્રાથમિક શાળાઓમાં કેટલા વિષયવાર વિદ્યાસહાયકોની નિમણૂક કરવામાં આવી, અને

(૨) બાકી રહેતી ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે?

**જવાબ**

(૧) ઉચ્ચ પ્રાથમિક શાળાઓમાં વિષયવાર નીચે મુજબ વિદ્યાસહાયકોની નિમણૂંક કરવામાં આવી.

| **ક્રમ** | **વિષય** | **સંખ્યા** |
|---|---|---|
| ૦૧ | ભાષા | ૩૧૯ |
| ૦૨ | ગણિત/વિજ્ઞાન | ૨૮૧ |
| | **કુલ** | **૬૦૦** |

(૨) જેમ બને તેમ જલ્દીથી.

---------

**ખેડા જિલ્લામાં ગ્રાન્ટેડ માધ્યમિક શાળાઓમાં વિજ્ઞાન પ્રવાહનું શિક્ષણ**

૧૮૩૭ **શ્રી માનસિંહ કો. ચૌહાણ(બાલાસિનોર) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૨ની સ્થિતિએ ખેડા જિલ્લામાં તાલુકાદીઠ કેટલી ગ્રાન્ટેડ માધ્યમિક શાળાઓમાં વિજ્ઞાન પ્રવાહનું શિક્ષણ અપાય છે, અને

(૨) વિજ્ઞાન પ્રવાહના વર્ગો ઓછા હોય અથવા તો વિજ્ઞાન પ્રવાહની શાળાઓ ન હોય તો સરકાર વધારાની મંજૂરી આપવા માંગે છે કે કેમ?

**જવાબ**

(૧)

| **ક્રમ** | **તાલુકો** | **શાળાઓની સંખ્યા** |
|---|---|---|
| ૧ | નડીયાદ | ૦૮ |
| ૨ | મહુધા | ૦૧ |
| ૩ | કપડવંજ | ૦૨ |
| ૪ | કઠલાલ | ૦૧ |
| **ક્રમ** | **તાલુકો** | **શાળાઓની સંખ્યા** |
| ૫ | મહેમદાવાદ | ૦૧ |
| ૬ | ખેડા | ૦૧ |
| ૭ | ઠાસરા | ૦૩ |
| ૮ | બાલાસિનોર | ૦૨ |
| ૯ | વિરપુર | ૦૧ |

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**રાજકોટ જિલ્લામાં મંજૂર કરેલ ઈન્દિરા આવાસો**

૨૦૪૯ **શ્રી જયરાજસિંહ ટે. જાડેજા(ગોંડલ) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજકોટ જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર કેટલા ઈન્દિરા આવાસો મંજૂર કરવામાં આવ્યા,

**જવાબ**

(૧) રાજકોટ જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ૩૩૨૨ ઈન્દિરા આવાસો મંજૂર કરવામાં આવેલ છે, જેની વિગત નીચે મુજબ છે.

| ક્રમ | તાલુકો | મંજૂર કરેલ આવાસો |
|---|---|---|
| ૧ | ધોરાજી | ૯૩ |
| ૨ | ગોંડલ | ૬૬૨ |
| ૩ | જામકંડોરણા | ૧૮૩ |

| | | |
|---|---|---|
| ૪ | જસદણ | ૧૬૬ |
| ૫ | જેતપુર | ૧૨૫ |
| ૬ | કોટડા સાંગાણી | ૩૯૪ |
| ૭ | લોધીકા | ૫૯ |
| ૮ | માળીયા મીયાણા | ૧૨૮ |
| ૯ | મોરબી | ૨૭ |
| ૧૦ | પડધરી | ૯૧ |
| ૧૧ | રાજકોટ | ૨૫૩ |
| ૧૨ | ટંકારા | ૧૨૦ |
| ૧૩ | ઉપલેટા | ૧૦૧ |
| ૧૪ | વાંકાનેર | ૬૫૦ |
| | કુલ :- | ૩૩૨૨ |

(૨) તે અન્વયે કેટલા આવાસો પૂર્ણ કરી અરજદારોને તેનો કબજો સોંપવામાં આવ્યો, અને

(૨) તે અન્વયે ૨૦૬૧ આવાસો પૂર્ણ થયેલ છે લાભાર્થી જાતે જ આવાસનું બાંધકામ કરી પૂર્ણ કરતા હોઈ કબજો સોંપવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) બાકી આવાસોના કામ કેટલા સમયમાં પૂર્ણ થશે ?

(૩) ભારત સરકારની ઈન્દિરા આવાસ યોજનાની માર્ગદર્શનની માર્ગદર્શિકા મુજબ લાભાર્થી જાતે જ મકાન બાંધતા હોવાથી આવાસો સત્વરે પૂર્ણ કરવા પ્રયત્ન કરવામાં આવશે.

---------

## મહેસાણા જિલ્લામાં મંજૂર કરેલ ઈન્દિરા આવાસો

૨૦૫૪ **શ્રી ભરતસિંહજી ચં. રાજપૂત(ખેરાલુ) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) મહેસાણા જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર કેટલા ઈન્દિરા આવાસો મંજૂર કરવામાં આવ્યા,

(૧) મહેસાણા જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર નીચેની વિગતે ઈન્દિરા આવાસો મંજૂર કરવામાં આવ્યા.

| ક્રમ | તાલુકો | મંજૂર કરેલ આવાસો |
|---|---|---|
| ૧ | બેચરાજી | ૧૦૦ |
| ૨ | ખેરાલુ | ૪૧૫ |
| ૩ | કડી | ૨૦૮ |
| ૪ | મહેસાણા | ૧૭૮ |
| ૫ | સતલાસણા | ૧૪૭૯ |
| ૬ | ઉંઝા | ૭ |
| ૭ | વડનગર | ૬૬ |
| ૮ | વિસનગર | ૩૮૨ |
| ૯ | વિજાપુર | ૧૪૪ |
| | કુલ :- | ૨૯૭૯ |

(૨) તે અન્વયે કેટલા આવાસો પૂર્ણ કરી અરજદારોને તેનો કબજો સોંપવામાં આવ્યો, અને

(૨) તે અન્વયે ૧૬૨૬ આવાસો પૂર્ણ થયેલ છે અને લાભાર્થી જાતે જ આવાસનું બાંધકામ કરી પૂર્ણ કરતા હોઈ કબજો સોંપવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) બાકી આવાસોના કામ કેટલા સમયમાં પૂર્ણ થશે ?

(૩) ભારત સરકારની ઈન્દિરા આવાસ યોજનાની માર્ગદર્શનની માર્ગદર્શિકા મુજબ લાભાર્થી જાતે જ મકાન બાંધતા હોવાથી આવાસો સત્વરે પૂર્ણ કરવા પ્રયત્ન કરવામાં આવશે.

તા. ૫મી માર્ચ, ૨૦૧૩

અતારાંકિત પ્રશ્નો

---------

## અમરેલી જિલ્લામાં નવા બારકોડેડ રેશન કાર્ડ

૨૫૨૭ **શ્રી પરેશ ધાનાણી(અમરેલી) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) અમરેલી જિલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર અને વર્ષવાર કેટલા નવા બારકોડેડ રેશનકાર્ડ ફાળવવામાં આવેલ છે,

**જવાબ**

(૧) નીચે મુજબ બારકોડેડ રેશનકાર્ડ ફાળવવામાં આવેલ છે.

| અ.નં. | તાલુકાનું નામ | ફાળવવામાં આવેલ બારકોડેડ રેશનનકાર્ડની સંખ્યા | | કુલ |
|---|---|---|---|---|
| | | ૨૦૧૧ | ૨૦૧૨ | |
| ૧. | અમરેલી | ૪૦૨ | ૭૯૯૩ | ૮૩૯૫ |
| ૨. | ખાંભા | ૮૩ | ૪૦૬૪ | ૪૧૪૭ |
| ૩. | જાફરાબાદ | ૪૧૮ | ૮૪૫૭ | ૮૮૭૫ |
| ૪. | ધારી | ૧૪૩ | ૧૨૪૧૩ | ૧૨૫૫૬ |
| ૫. | બગસરા | ૪૨૧ | ૩૬૮૩ | ૪૦૪ |
| ૬. | બાબરા | ૪૯૭ | ૭૬૭૬ | ૮૧૭૩ |
| ૭. | રાજુલા | ૨૮૯ | ૭૯૨૯ | ૮૨૧૮ |
| ૮. | લાઠી | ૩૨૧ | ૧૪૬૭૯ | ૧૫૦૦૦ |
| ૯. | લીલીયા | ૨૫૮ | ૬૯૭૩ | ૭૨૩૧ |
| ૧૦. | વડીયા | ૫૮૮ | ૨૯૩૧ | ૩૫૧૯ |
| ૧૧. | સાવરકુંડલા | ૩૧૧ | ૧૩૮૦૮ | ૧૪૧૧૯ |
| | કુલ | ૩૭૩૧ | ૯૦૬૦૬ | ૯૪૩૩૭ |

એચબી-[illegible] (૨) ઉક્ત સ્થિતિએ તાલુકાવાર કેટલા બારકોડેડ રેશનકાર્ડ ફાળવવાના બાકી છે,

(૨) નીચે મુજબ બારકોડેડ રેશનકાર્ડ ફાળવવાના બાકી છે.

| અ.નં. | તાલુકાનું નામ | ફાળવવાના બાકી બારકોડેડ રેશનકાર્ડની સંખ્યા |
|---|---|---|
| ૧. | અમરેલી | ૫૩૮૯૭ |
| ૨. | ખાંભા | ૧૮૦૨૦ |
| ૩. | જાફરાબાદ | ૧૧૧૧૩ |
| ૪. | ધારી | ૨૬૨૫૮ |
| ૫. | બગસરા | ૨૦૨૬૨ |
| ૬. | બાબરા | ૨૫૧૧૭ |
| ૭. | રાજુલા | ૩૨૨૮૮ |
| ૮. | લાઠી | ૧૬૬૪૪ |
| ૯. | લીલીયા | ૯૯૦૪ |
| ૧૦. | વડીયા | ૨૪૮૬૨ |
| ૧૧. | સાવરકુંડલા | ૪૬૨૪૬ |
| | **કુલ** | **૨૮૪૬૧૧** |

અત્રે સ્પષ્ટ કરવાનું કે, ઉપરોક્ત કાર્ડધારકોને હયાત રેશનકાર્ડ ઉપર રાહત દરે ધોરણસર મળવાપાત્ર ચીજવસ્તુઓનો જથ્થો વિતરણ કરવામાં આવે છે.

(૩) ઉક્ત સ્થિતિએ બારકોડેડ રેશનકાર્ડ ફાળવવામાં કેટલો ખર્ચ થયેલ છે, અને

(૩) અમરેલી જિલ્લામાં બારકોડેડ રેશનકાર્ડ ફાળવવામાં કુલ રૂા. ૩૮,૨૪,૩૦૮/–નો ખર્ચ થયેલ છે.

(૪) બારકોડેડ રેશનકાર્ડ ફાળવવાની કામગીરી ક્યારે પૂર્ણ કરવામાં આવશે ?

(૪) રેશનકાર્ડ ધારકોના ફોટા તેમજ બાયોમેટ્રિક લઈ રેશનકાર્ડ વિતરણ કરવાની પ્રક્રિયા ચાલુમાં હોઈ બનતી ત્વરાએ પૂર્ણ કરવામાં આવશે.

---------

**રાજકોટ જિલ્લામાં નિર્મળ ભારત અભિયાન યોજનામાં એ.પી.એલ. કુટુંબો માટે બનાવેલ શૌચાલય**

૨૨૨૫ **શ્રીમતી ભાનુબેન મ. બાબરીયા(રાજકોટ-ગ્રામ્ય) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજકોટ જિલ્લામાં નિર્મળ ભારત અભિયાન યોજના અંતર્ગત તા. ૩૧-૧૨-૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષ દરમ્યાન એ.પી.એલ. કુટુંબો માટે કેટલા વ્યકિતગત શૌચાલય બનાવવામાં આવ્યા, અને

(૨) તેની પાછળ કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

**જવાબ**

(૧) રાજકોટ જિલ્લામાં નિર્મળ ભારત અભિયાન યોજના અંતર્ગત તા. ૩૧-૧૨-૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષ દરમ્યાન એ.પી.એલ. કુટુંબો માટે ૧૫૧૩૦ વ્યક્તિગત શૌચાલય બનાવવામાં આવ્યા.

(૨) નિર્મળ ભારત અભિયાન યોજનાની તા. ૦૧-૦૪-૨૦૧૨થી અમલી બનેલ નવી ગાઇડ લાઇનમાં નિયત કરાયેલ કેટેગરીના એ.પી.એલ. લાભાર્થીઓ માટે પ્રોત્સાહક રકમ પેટે રૂ઼. ૪૬૦૦/- ની જોગવાઈ કરવામાં આવેલ છે. પરંતુ દર્શાવેલ સમયગાળા દરમ્યાન બનાવેલ એ.પી.એલ. વ્યક્તિગત શૌચાલયો માટે ઉક્ત યોજનામાંથી કોઈ ખર્ચ કરવામાં આવ્યો ન હોવાથી ખર્ચનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**માણસા તાલુકાના મંડાલી ગામમાં ગૌચરની જમીનમાં દબાણો**

૨૩૨૭ **શ્રીમતી કામીનીબા ભુ. રાઠોડ (દહેગામ) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ગાંધીનગર જિલ્લાના માણસા તાલુકાના ગામ મંડાલીમાં ગૌચરની જમીનમાં સને ૧૯૯૨ થી થયેલા દબાણો દૂર કરવા માટે સરકારે શી કાર્યવાહી કરી, અને

(૨) સરકાર આ દબાણો કેટલા સમયમાં દુર કરશે ?

**જવાબ**

(૧) નામ. સીવીલ કોર્ટ માણસામાં દાવા નં. ૧૨૫/૦૫ તથા ૧૨૭/૦૫ દાખલ થયેલ હોઈ તથા જિલ્લા પંચાયત અપીલ સમિતિમાં કેસ દાખલ થયેલ હોઈ દબાણો દૂર કરવામાં આવેલ નથી.

| | | ખેડબ્રહ્મા | વિજયનગર | ભિલોડા | મેઘરજ | કુલ તપાસેલ દુકાનો | વિજયનગર | મેઘરજ | કુલ તપાસેલ દુકાનો | |
| ૧ | પુરવઠા નીરીક્ષક | ૩ | ૪ | ૪ | ૮ | ૧૯ | ૨ | ૧ | ૩ | ૨૨ |
| ૨ | મામલતદાર | ૧ | – | ૨ | ૧ | ૪ | – | – | – | ૪ |
| ૩ | ના. મામલતદાર | ૩ | ૨ | ૧ | – | ૬ | – | – | – | ૬ |
| | **કુલ** | **૭** | **૬** | **૭** | **૯** | **૨૯** | **૨** | **૧** | **૩** | **૩૨** |

---

**પાટણ જિલ્લામાં મહાત્મા ગાંધી રાષ્ટ્રીય રોજગાર ગેરંટી યોજના હેઠળ જોબ કાર્ડ આપવા બાબત**

૧૦૦૨ **શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત(સિધ્ધપુર) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પાટણ જિલ્લામાં તાલુકાવાર મહાત્મા ગાંધી રાષ્ટ્રીય રોજગાર ગેરંટી યોજના અન્વયે કેટલાંને જોબકાર્ડ આપવામાં આવેલ છે,

(૨) તે અન્વયે ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલા જોબકાર્ડવાળાઓને રોજગારી આપી,

**જવાબ**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પાટણ જિલ્લામાં તાલુકાવાર મહાત્મા ગાંધી રાષ્ટ્રીય રોજગાર ગેરંટી યોજના અન્વયે ૪૧૨૧ જોબકાર્ડ આપવામાં આવેલ છે, જેની વિગત નીચે મુજબ છે.

| તાલુકો | જોબકાર્ડ અપાયેલ કુટુંબોની સંખ્યા | | |
|---|---|---|---|
| | વર્ષ–૨૦૧૧ | વર્ષ–૨૦૧૨ | કુલ |
| પાટણ | ૧૮૭ | ૧૯૭ | ૩૮૪ |
| સિધ્ધપુર | ૧૭ | ૧૮ | ૩૫ |
| ચાણસ્મા | ૩૧૩ | ૧૨૧ | ૪૩૪ |
| હારીજ | ૨૪૩ | ૧૬૯ | ૪૧૨ |
| સમી | ૬૩૦ | ૧૯૩૫ | ૨૫૬૫ |
| રાધનપુર | ૩૩ | ૧૯૧ | ૨૨૪ |
| સાંતલપુર | ૬૪ | ૩ | ૬૭ |
| **કુલ** | **૧૪૮૭** | **૨૬૩૪** | **૪૧૨૧** |

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ૩૫૪૦૧ જોબકાર્ડ ધારક કુટુંબોને રોજગારી આપવામાં આવેલ છે, જેની વિગત નીચે મુજબ છે.

| તાલુકો | વર્ષ ૨૦૧૨માં રોજગારી આપેલ જોબકાર્ડ ધારક કુટુંબોની સંખ્યા |
|---|---|
| પાટણ | ૫૨૯૫ |
| સિધ્ધપુર | ૧૪૫૦ |
| ચાણસ્મા | ૨૧૭૩ |
| હારીજ | ૪૦૬૬ |
| સમી | ૧૪૩૨૪ |
| રાધનપુર | ૪૨૪૫ |
| સાંતલપુર | ૩૮૪૮ |
| **કુલ** | **૩૫૪૦૧** |

(૩) જોબકાર્ડ ધરાવતા હોય છતાં પણ રોજગારી ન મળી હોય તેવા કેટલા લોકો છે, અને

(૩) મનરેગા યોજના માંગ આધારિત હોઈ, વર્ષ ૨૦૧૨માં ૩૫૪૦૧ જોબકાર્ડ ધારક કુટુંબો રોજગારીની માંગણી કરેલ, તે તમામને રોજગારી પૂરી પાડવામાં આવેલ છે. જેથી રોજગારી ન આપવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) રોજગારી પૂરી પાડવાના સંદર્ભમાં ઉક્ત સ્થિતિએ કેટલો ખર્ચ થયો ?

(૪) રોજગારી પૂરી પાડવાના સંદર્ભમાં ૨૨૩૧.૬૩ લાખ ખર્ચ થયેલ છે. જેની વિગત નીચે મુજબ છે.

| **તાલુકો** | **વર્ષ ૨૦૧૨માં થયેલ ખર્ચ (રૂ. લાખમાં)** |
|---|---|
| પાટણ | ૪૦૨.૧૨ |
| સિધ્ધપુર | ૧૧૮.૯૪ |
| ચાણસ્મા | ૧૮૧.૬૬ |
| હારીજ | ૩૫૨.૪૯ |
| સમી | ૬૯૯.૯૭ |
| રાધનપુર | ૨૫૮.૪૬ |
| સાંતલપુર | ૨૧૭.૯૯ |
| **કુલ** | **૨૨૩૧.૬૩** |

---------

**કલોલ તાલુકામાં સસ્તા અનાજની દુકાનોમાં ગેરરીતિઓ**

૨૫૨૨ શ્રી બળદેવજી ચં. ઠાકોર(કલોલ) : **માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.−

**પ્રશ્ન**

(૧) તા. ૩૧−૧૨−૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કલોલ તાલુકામાં સસ્તા અનાજની દુકાનોમાં ક્ષતિઓ અંગેની કેટલી ફરિયાદો સરકારને મળી, અને

(૨) સરકારે તપાસ દરમિયાન કેટલા દુકાનદારોની ક્ષતિઓ પકડવામાં આવી, અને સરકારે શાં પગલાં ભર્યા ?

**જવાબ**

(૧) ૧ (એક)

(૨) એક વ્યાજબી ભાવની દુકાનની તથા બે કેરોસીન વિક્રેતાની ક્ષતિઓ પકડવામાં આવી, જેમાં પરવાના હેઠળની અનામતની રકમ રૂ. ૧૧૨૫/− રાજ્યસાત સહિત કુલ રૂ. ૩૭૨૨/−નો દંડ કરવામાં આવેલ છે.

---------

**અમદાવાદમાં રાઇટ ટુ એજ્યુકેશન અને સુપ્રિમ કોર્ટના આદેશ મુજબ ગરીબ પરિવારના બાળકો માટે ૨૫ ટકા અનામત બેઠકો**

૧૪૮૬ **શ્રી મણીલાલ જે. વાઘેલા(વડગામ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.−

**પ્રશ્ન**

(૧) રાઇટ ટુ એજ્યુકેશન અને સુપ્રિમ કોર્ટના આદેશ અનુસાર તા.૩૧−૧૨−૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ શહેરની કેટલી શાળાઓએ ગરીબ પરિવારના બાળકો માટે ૨૫ ટકા બેઠકો અનામત રાખવાના આદેશનો અમલ કરેલ છે,

(૨) કેટલી શાળાઓએ તે આદેશ/એક્ટ તથા સુપ્રિમ કોર્ટના આદેશને અવગણીને તેનો અમલ કરેલ નથી,

(૩) આવી શાળાઓ સામે સરકારે શિક્ષાત્મક શી કાર્યવાહી કરી, અને

(૪) ઉક્ત જોગવાઇ / આદેશનો દરેક ખાનગી શાળાઓ ચુસ્તપણે અમલ કરે તે માટે સરકારે શી કાર્યવાહી કરેલ છે ?

**જવાબ**

(૧) આર.ટી.ઈ. એક્ટ હેઠળના નિયમોના નિયમ−૧૧(૧) હેઠળ ખાનગી શાળામાં ગરીબ પરિવારના બાળકોને પ્રવેશ આપવા અંગેની કાર્યરીતિ નક્કી કરવાની કાર્યવાહી ચાલુ છે.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**રાજકોટ જિલ્લામાં ગરીબી રેખા નીચે જીવતા કુટુંબોને રેશનીંગ કાર્ડ આપવા બાબત**

૧૦૬૯ **શ્રી મહમદજાવી અ. પીરઝાદા(વાંકાનેર) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) રાજકોટ જિલ્લામાં તાલુકાવાર તા.૩૧–૧૨–૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગરીબી રેખા નીચે જીવતા કુટુંબોની સંખ્યા કેટલી છે,

(૨) ઉક્ત સમયગાળામાં કેટલા કુટુંબોના નામો રદ કરવામાં આવ્યા, અને આવા ગરીબી રેખા નીચે જીવતા કુટુંબોને રેશનીંગ કાર્ડ પૂરા પાડવામાં આવ્યા છે કે કેમ, અને

(૩) કેટલા કુટુંબોને રેશનીંગ કાર્ડ પૂરા પાડવાનાં બાકી છે ?

**જવાબ**

(૧) વિગત નીચે મુજબ છે.

| અ.નં. | તાલુકાનું નામ | ગરીબી રેખા નીચે જીવતા કુટુંબોની સંખ્યા |
|---|---|---|
| ૧ | જસદણ | ૫૦૫૮ |
| ૨ | પડધરી | ૪૮૮૪ |
| ૩ | ટંકારા | ૩૮૧૭ |
| ૪ | મોરબી | ૧૦૩૪૦ |
| ૫ | ગોંડલ | ૧૦૧૪૫ |
| ૬ | માળીયા (મીંયાણા) | ૪૪૦૯ |
| ૭ | ધોરાજી | ૯૪૨૦ |
| ૮ | લોધિકા | ૪૬૨૯ |
| **અ.નં.** | **તાલુકાનું નામ** | **ગરીબી રેખા નીચે જીવતા કુટુંબોની સંખ્યા** |
| ૯ | વાંકાનેર | ૪૮૨૯ |
| ૧૦ | ઉપલેટા | ૧૦૬૨૪ |
| ૧૧ | કોટડા–સાંગાણી | ૫૨૩૩ |
| ૧૨ | ઝોનલ–૧ | ૧૮૪૭૩ |
| ૧૩ | ઝોનલ–૨ | ૨૨૭૩૯ |
| ૧૪ | રાજકોટ | ૮૩૮૭ |
| ૧૫ | જેતપુર | ૧૦૩૮૦ |
| ૧૬ | જામકંડોરણા | ૧૮૮૬ |
| | **કુલ** | **૧૩૫૨૫૩** |

(૨) ઉક્ત સમયગાળામાં કોઈ કુટુંબોના નામો રદ કરવામાં આવ્યા નથી. તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિના ૧૩૫૨૫૩ ગરીબ કુટુંબો પૈકી ૩૦૨૬૫ કુટુંબોને અંત્યોદય/બીપીએલ કેટેગરીના હયાત રેશનકાર્ડ પરત મેળવી બોરકોડેડ રેશનકાર્ડ ઈસ્યુ કરવામાં આવેલ છે. અત્રે સ્પષ્ટતા કરવાની કે બાકીના કાર્ડધારકોને હયાત રેશનકાર્ડ ઉપર રાહતદરે મળવાપાત્ર ચીજવસ્તુઓનો જથ્થો વિતરણ કરવામાં આવે છે. જ્યારે તદન નવા રેશનકાર્ડ માટે મળેલ અરજીઓ પૈકી ૭૧૫ કુટુંબોને અંત્યોદય/બીપીએલ કેટેગરીના બારકોડેડ રેશનકાર્ડ ઈસ્યુ કરવામાં આવેલ છે.

(૩) ૧૦૪૯૮૮ ગરીબ કુટુંબોને બારકોડેડ રેશનકાર્ડ આપવાના બાકી છે.

---------

**અમદાવાદમાં ખાદ્યતેલ–અનાજના સંગ્રહખોરો ઉપર દરોડાઓ**

૨૪૫૦ **શ્રી શૈલેષ મ. પરમાર(દાણીલીમડા) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ અમદાવાદ શહેરમાં છેલ્લા બે વર્ષમાં ખાદ્યતેલ–અનાજના સંગ્રહખોરો ઉપર કેટલા દરોડાઓ પાડવામાં આવ્યા,

**જવાબ**

(૧) નીચે મુજબના દરોડાઓ પાડવામાં આવ્યા.

| અ.નં. | વિગત | દરોડાની સંખ્યા |
|---|---|---|
| ૧ | ખાદ્યતેલ | ૧૦૧ |

| | કુલ | ૧૪૦ |
|---|---|---|

(૨) તે અન્વયે કેટલો જથ્થો કેટલી કિંમતનો પકડવામાં આવ્યો, અને

(૨) નીચે મુજબનો જથ્થો પકડવામાં આવ્યો.

| વિગત | જથ્થો (કિ.ગ્રામ) | કિંમત રૂ. |
|---|---|---|
| ખાદ્યતેલ | ૬૨૦૩૬ | ૪૪,૭૨,૮૪૫/- |
| અનાજ | ૨૪૪૯૭૨ | ૨૨,૦૪,૨૩૭/- |
| કઠોળ | ૧૦૭૫ | ૪૩,૭૫૦/- |
| **કુલ** | **૩૦૮૦૮૩** | **૬૭,૨૦,૮૩૨/-** |

(૩) કેટલા સંગ્રહખોરો સામે શી કાર્યવાહી કરવામાં આવી ?

(૩) ૮૫ કેસોમાં નીચે મુજબનો જથ્થો રાજ્યસાત કરવામાં આવ્યો.

| વિગત | જથ્થો (કિ.ગ્રામ) | કિંમત રૂ. |
|---|---|---|
| ખાદ્યતેલ | ૭૩૯૨ | ૫,૪૦,૯૪૯/- |
| અનાજ | ૮૧૧૨૦ | ૬,૧૭,૦૧૨/- |
| **કુલ** | **૮૮૫૧૨** | **૧૧,૫૭,૯૬૧/-** |

---------

**અમરેલી જિલ્લામાં સરકાર માન્ય દુકાનોમાં ગેરરીતિઓ**

૨૫૨૮ **શ્રી પરેશ ધાનાણી(અમરેલી) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** | **જવાબ**

(૧) અમરેલી જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૧૨ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં સરકાર માન્ય દુકાનોમાં ગેરરીતિઓ અંગે તાલુકાવાર કેટલી તપાસણી કરવામાં આવી,

(૧) અમરેલી જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સરકાર માન્ય દુકાનોમાં ગેરરીતિઓ અંગે તાલુકાવાર નીચે મુજબ તપાસણી કરવામાં આવી.

| અ.નં. | તાલુકાનું નામ | તપાસોની સંખ્યા |
|---|---|---|
| ૧ | અમરેલી | ૯૮ |
| ૨ | લાઠી | ૧૧૬ |
| ૩ | લીલીયા | ૬૫ |
| ૪ | બાબરા | ૫૦ |
| ૫ | વડીયા | ૭૬ |
| ૬ | બગસરા | ૨૨ |
| ૭ | ધારી | ૮૦ |
| ૮ | ખાંભા | ૬૧ |
| ૯ | સાવરકુંડલા | ૭૪ |
| ૧૦ | રાજુલા | ૯૨ |
| ૧૧ | જાફરાબાદ | ૬૫ |
| | **કુલ** | **૭૯૯** |

(૨) તે પૈકી કેવા પ્રકારની ક્ષતિઓ પકડાઈ, અને

(૨) તે પૈકી નીચે જણાવ્યા મુજબની ક્ષતિઓ પકડાઈ.

૧. બોર્ડ/રજીસ્ટરો નિભાવેલ ન હોય.
૨. આવશ્યક ચીજવસ્તુઓના નમુના રાખેલ ન હોય.
૩. ફરિયાદ બુક રાખેલ ન હોય.
૪. બીલ બુક નિભાવેલ ન હોય.
૫. વેચાણ બીલમાં ગ્રાહકોની સહી, સરનામા અને નામ લખેલ ન હોય.

૬. હાજર જથ્થામાં, હિસાબોમાં વધ–ઘટ.
૭. આવશ્યક ચીજવસ્તુઓના વિતરણમાં ગેરરીતિ.
૮. આવશ્યક ચીજવસ્તુઓની ગેરકાયદેસર હેરફેર.

(૩) કસુરવારો સામે શી કાર્યવાહી કરવામાં આવેલ છે ?

(૩) કસુરવારો સામે નીચે મુજબની કાર્યવાહી કરવામાં આવી.

૧. રૂા. ૪,૮૭,૭૭૯/–ની કિંમતનો આવશ્યક ચીજવસ્તુઓનો જથ્થો કબજે કર્યો.
૨. રૂા. ૨,૦૫,૭૭૬/–ની કિંમતનો આવશ્યક ચીજવસ્તુઓનો જથ્થો રાજ્યસાત કર્યો.
૩. રૂા. ૨,૬૪,૮૬૫/–ની પરવાના અનામત રાજ્યસાત કરી.
૪. રૂા. ૩,૯૫,૪૮૨/–ની રકમનો દંડ કર્યો.
૫. ૧૨ દુકાનોના પરવાના મોકુફ કર્યા.
૬. ૧૧ દુકાનોના પરવાના રદ કર્યા.
૭. ૧ (એક) કેસમાં અટકાયતી ધારા હેઠળ ૧ (એક) ઈસમની અટકાયત કરવામાં આવી.

---------

**જૂનાગઢ જિલ્લામાં તાલુકાવાર તલાટી મંત્રીની મંજૂર થયેલ જગ્યાઓ**

૧૬૪૦ **શ્રી જસુભાઇ ધા. બારડ(તાલાલા)** : **માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ જૂનાગઢ જિલ્લામાં તાલુકાવાર તલાટી મંત્રીની કુલ મંજૂર થયેલ જગ્યાઓ કેટલી છે,

**જવાબ**

(૧)

| **તાલુકાનું નામ** | **તલાટી કમ મંત્રીની કુલ મંજૂર થયેલ જગ્યા** |
|---|---|
| જુનાગઢ | ૬૬ |
| માંગરોળ | ૪૭ |
| કેશોદ | ૪૯ |
| માળીયા | ૪૮ |
| વેરાવળ | ૪૫ |
| વંથલી | ૪૪ |
| ભેંસાણ | ૩૫ |
| મેંદરડા | ૩૯ |
| માણાવદર | ૬૫ |
| વિસાવદર | ૫૫ |
| કોડીનાર | ૪૬ |
| તાલાળા | ૪૪ |
| સુત્રાપાડા | ૩૮ |
| ઉના | ૯૫ |
| **કુલ** | **૭૧૬** |

(૨) તે અન્વયે ખાલી જગ્યાઓ નહીં ભરવાના કારણો શા છે, અને એક તલાટી–મંત્રી એક થી ચાર

(૨) સતત ખાલી પડતી જગ્યાઓ અંગે સીધી ભરતીની ભરતી પ્રક્રિયા કરવાની થતી હોઈ, હા, ૨૬ તલાટી મંત્રી એક થી

ગામો સુધીના કામનો હવાલો ધરાવે છે તે હકીકત સાચી છે, અને

ચાર ગામો સુધીનો હવાલો ધરાવે છે.

(૩) જો હા, તો ખાલી જગ્યાઓ કેટલા સમયમાં ભરવામાં આવશે ?

(૩) બનતી ત્વરાએ ભરવાનું આયોજન છે.

---------

**આણંદ જિલ્લામાં સરકારી માધ્યમિક શાળાઓમાં ખાલી જગાઓ**

૨૫૦૪ **શ્રી અમીત ચાવડા(આંકલાવ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** — **જવાબ**

(૧) તા.૩૧–૧–૨૦૧૩ની સ્થિતિએ આણંદ જિલ્લામાં તાલુકાવાર કયાં કયાં ગામોમાં સરકારી માધ્યમિક શાળાઓમાં કેટલી જગ્યાઓ ભરેલી છે અને કેટલી જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે, અને

(૧) વિગત

| ક્રમ | તાલુકો | ગામનું નામ | મંજુર મહેકમ | ભરેલ જગ્યા | ખાલી જગ્યા |
|---|---|---|---|---|---|
| ૧ | ખંભાત | લણેજ | ૩ | ૩ | ૦ |
| | | મિતલી | ૩ | ૩ | ૦ |
| | | વડગામ | ૩ | ૩ | ૦ |
| ૨ | આંકલાવ | અંબાલી | ૩ | ૩ | ૦ |
| | | હઠીપુરા | ૩ | ૩ | ૦ |
| ૩ | પેટલાદ | ભવાનીપુરા | ૩ | ૩ | ૦ |
| ૪ | તારાપુર | પાદરા | ૩ | ૩ | ૦ |
| | | મહિયારી | ૩ | ૩ | ૦ |
| | | મિલરામપુરા | ૩ | ૩ | ૦ |
| | | વાળંદપુરા | ૩ | ૩ | ૦ |
| | | જાફરગંજ | ૩ | ૩ | ૦ |
| ૫ | ઉમરેઠ | ભાટપુર | ૩ | ૩ | ૦ |

(૨) ખાલી જગ્યાઓ કેટલા સમયમાં ભરવામાં આવશે?

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**સર્વ શિક્ષા અભિયાન હેઠળ કેન્દ્ર સરકાર તરફથી મળેલ ગ્રાન્ટ**

૨૮૪૬ **શ્રી અનિલ જોષિયારા(ભિલોડા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** — **જવાબ**

તા.૩૧–૧–૨૦૧૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર સર્વશિક્ષા અભિયાન અંતર્ગત કેન્દ્ર સરકાર તરફથી કેટલી ગ્રાન્ટ આવી, અને

સને ૨૦૧૧–૧૨ અને ૨૦૧૨–૧૩ માં તા. ૩૧–૧–૧૩ની સ્થિતિએ એસએસએ અંતર્ગત કેન્દ્ર સરકાર તરફથી નીચેની વિગતેની ગ્રાન્ટ ફાળવવામાં આવેલ છે.

(રૂ઼ા. લાખમાં
)

| યોજના | ૨૦૧૧–૧૨ | | ૨૦૧૨–૧૩ | |
|---|---|---|---|---|
| | કેન્દ્ર સરકાર તરફથી ફાળવવાપાત્ર રકમ | કેન્દ્ર સરકાર તરફથી મળેલ ગ્રાન્ટ (ઉઘડતી સિલક સિહત) | કેન્દ્ર સરકાર તરફથી ફાળવવાપાત્ર રકમ | કેન્દ્ર સરકાર તરફથી મળેલ ગ્રાન્ટ (ઉઘડતી સિલક સહિત) (જાન્યુઆરી–૧૩ અંતિત) |

---------

**ધરમપુર તાલુકામાં સરકારી ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં વિષયવાર મંજૂર થયેલ જગ્યા**

૧૬૨૨ **શ્રી ઇશ્વરભાઇ ઢે. પટેલ(ધરમપુર) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** — **જવાબ**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ વલસાડ જિલ્લાના ધરમપુર તાલુકામાં આવેલી સરકારી ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં વિષયવાર મંજૂર થયેલ શિક્ષકોનું તથા વહીવટી કર્મચારીઓની જગ્યાઓ સામે કેટલી

(૧) શિક્ષકોની મંજૂર થયેલ જગ્યાઓ સામે એક પણ જગ્યા ખાલી નથી.

વહીવટી કર્મચારીની મંજૂર થયેલ એક જુનિયર ક્લાર્કની જગ્યા જુન–૨૦૦૯ થી ખાલી છે.

જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે, અને

(૨) આ ખાલી જગ્યાઓ કેટલા સમયમાં ભરવાનું આયોજન છે?

(૨) જુનિયર ક્લાર્કની–૧ (એક) ખાલી જગ્યા જેમ બને તેમ જલ્દી ભરવામાં આવશે.

---------

**ધોરણ–૮ થી ૧૦માં ડ્રોપ આઉટ રેશીયો**

૧૮૩૪ **શ્રી પુંજાભાઇ ભી. વંશ(ઉના) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ધોરણ ૮ થી ૧૦માં ડ્રોપ આઉટ રેશીયો કેટલો હતો,

(૨) ડ્રોપ આઉટ રેશીયો ઘટવાને બદલે વધ્યો છે, તેના કારણો શા છે, અને

(૩) આ ડ્રોપ આઉટ રેશીયો ઉત્તરોત્તર ઘટે તે માટે સરકારે શાં પગલાં લીધાં છે?

**જવાબ**

(૧)

| ડીસેમ્બર–૨૦૧૧ | ડીસેમ્બર–૨૦૧૨ |
|---|---|
| ૬.૮૮ | ૪.૧૪ |

(૨) ડ્રોપ આઉટ રેટમાં ઘટાડો થયેલ છે.

(૩) ૧. રાષ્ટ્રીય માધ્યમિક શિક્ષા અંતર્ગત નવી ૨૩૬ શાળાઓ શરૂ કરવામાં આવી.

૨. સરકારશ્રી તરફથી ૨૫૦૦૦ વિદ્યાર્થીઓને વિદ્યાલક્ષ્મી બોન્ડ આપવામાં આવેલ છે.

૩. સરકારશ્રી દ્વારા નવા વર્ગ–વધારા મંજૂર કરવામાં આવેલ છે.

---------

**જામનગર જિલ્લામાં વર્ગ–૩ની વિસ્તરણ અધિકારીની ખાલી જગ્યાઓ**

૧૦૭૩ **શ્રી રાઘવજી હં. પટેલ(જામનગર ગ્રામ્ય) : તા. ૦૮/૦૭/૨૦૦૯ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંક–૭૬૪૫ (અગ્રતા–૮૬)ના અનુસંધાને માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) જામનગર જિલ્લામાં મે–૨૦૦૯ની સ્થિતિએ વિસ્તરણ અધિકારી વર્ગ–૩ની ખાલી રહેલી જગ્યાઓ ડિસેમ્બર–૨૦૧૨ની સ્થિતિએ પણ ખાલી રહેલ છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો આ પાયાની મહત્વની જગ્યાઓ બઢતીથી ભરવાની કાર્યવાહી વર્ષોથી ન થવાના શા કારણો છે, અને

(૩) આ તમામ જગ્યાઓ ભરવાની કાર્યવાહી ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે?

**જવાબ**

(૧) હા, જી.

(૨) વિસ્તરણ અધિકારી (પંચાયત)ની બઢતી માટે કુલ–૬ જગ્યાઓની મંજૂરી આપવામાં આવેલ છે. પરંતુ ફીડરકેડરના લાયકાત ધરાવતા કર્મચારી ઉપલબ્ધ ન હોવાને કારણે બઢતી આપી શકાયેલ નથી. જે ઉપલબ્ધ થયે બઢતી આપવામાં આવશે. જ્યારે વિસ્તરણ અધિકારી (ખેતી) અને વિસ્તરણ અધિકારી (સહકાર)ની સીધી ભરતી અને બઢતીની ખાલી જગ્યાઓ ભરવા માટેની કામગીરી પ્રગતિ હેઠળ છે.

(૩) બનતી ત્વરાએ ભરવાનું આયોજન છે.

---------

**સુરત જિલ્લામાં પંચાયતના કર્મચારીઓનું સંવર્ગ પ્રમાણે મંજૂર થયેલ મહેકમ**

૨૪૮૩ **શ્રી પરભુભાઇ વસાવા(માંડવી) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ સુરત જિલ્લા પંચાયતના કર્મચારીઓનું સંવર્ગ પ્રમાણે મંજૂર થયેલ

**જવાબ**

(૧) વર્ગ–૩ – ૨૬૦૫

મહેકમ કેટલું છે, | વર્ગ–૪ – ૩૦૬
કુલ : ૨૯૧૧

(૨) તેની સામે કેટલી જગ્યા ભરેલી છે, | (૨) વર્ગ–૩ ની ૧૬૩૨
વર્ગ–૪ ની ૧૭૧ જગ્યા ભરેલી છે.

(૩) કેટલી જગ્યા કેટલા સમયથી ખાલી છે, અને | (૩)

| સમયગાળો | વર્ગ–૩ | વર્ગ–૪ | કુલ |
|---|---|---|---|
| ૧ વર્ષ સુધીની | ૧૮૩ | ૪૩ | ૨૨૬ |
| ૧ થી ૩ વર્ષ સુધીની | ૨૨૩ | ૧૬ | ૨૩૯ |
| ૩ વર્ષ ઉપરની | ૫૬૭ | ૭૬ | ૬૪૩ |
| **કુલ** | **૯૭૩** | **૧૩૫** | **૧૧૦૮** |

(૪) ખાલી જગ્યાઓ ભરવા માટેનું શું આયોજન છે, અને કેટલા સમયમાં ભરવામાં આવશે? | (૪) બનતી ત્વરાએ ભરવાનું આયોજન છે.

---------

## રાજુલા તાલુકામાં તંબુ શાળાઓ

૨૦૫૮ **શ્રી હીરાભાઇ ઓ. સોલંકી(રાજુલા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** | **જવાબ**

(૧) અંતરિયાળ વિસ્તારમાં વસવાટ કરતાં પરિવારના બાળકોને શિક્ષણ મળી રહે તે માટે તંબુ શાળાઓ શરૂ કરવામાં આવે છે કે કેમ, | (૧) ના, જી.

(૨) જો હા, તો રાજુલા તાલુકામાં આવી કેટલી તંબુ શાળાઓ ચાલે છે, અને તે કયા કયા વિસ્તારમાં આવેલી છે, અને | (૨) અને (૩) : પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) તંબુ શાળા વિસ્તારમાં પાકા રૂમો તથા બાળકોને પીવા માટે પાણી મળી રહે તે માટે શું આયોજન છે,

---------

## કચ્છ જિલ્લામાં ગરીબી રેખા નીચે જીવતા કુંટુંબોને રેશનીંગ કાર્ડ આપવા બાબત

૧૦૫૪ **શ્રી છબીલભાઇ ના. પટેલ(અબડાસા) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** | **જવાબ**

(૧) કચ્છ જિલ્લામાં તાલુકાવાર તા.૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગરીબી રેખા નીચે જીવતા કુંટુંબોની સંખ્યા કેટલી છે, | (૧) વિગત નીચે મુજબ છે.

| અ.નં. | તાલુકાનું નામ | ગરીબી રેખા નીચે જીવતા કુટુંબોની સંખ્યા |
|---|---|---|
| ૧ | અબડાસા | ૯૧૯૯ |
| ૨ | મુદ્રા | ૬૨૭૮ |
| ૩ | ભુજ | ૩૭૫૧૫ |
| ૪ | ખાવડા | ૬૭૨૪ |
| ૫ | અંજાર | ૧૦૫૪૩ |
| ૬ | લખપત | ૧૪૯૫ |
| ૭ | નખત્રાણા | ૧૬૨૮૩ |
| ૮ | રાપર | ૨૦૬૩૪ |
| ૯ | માંડવી | ૧૬૪૪૨ |
| ૧૦ | ભચાઉ | ૧૨૬૦૮ |
| ૧૧ | ગાંધીધામ | ૧૬૧૨૫ |
| | **કુલ** | **૧,૫૩,૮૪૬** |

(૨) ઉક્ત સમયગાળામાં કેટલા કુટુંબોના નામો રદ | (૨) ઉક્ત સમયગાળામાં કોઈ કુટુંબોના નામો રદ

કરવામાં આવ્યા અને આવા ગરીબી રેખા નીચે જીવતા કુટુંબોને રેશનીંગ કાર્ડ પૂરા પાડવામાં આવ્યા છે કે કેમ, અને

કરવામાં આવ્યા નથી. તા. ૩૧-૧૨-૨૦૧૨ની સ્થિતિના ૧૫૩૮૪૬ ગરીબ કુટુંબો પૈકી ૪૪૭૧૯ કુટુંબોને અંત્યોદય/બીપીએલ કેટેગરીના હયાત રેશનકાર્ડ પરત મેળવી બારકોડેડ રેશનકાર્ડ ઈસ્યુ કરવામાં આવેલ છે. અત્રે સ્પષ્ટતા કરવાની કે બાકીના કાર્ડધારકોને હયાત રેશનકાર્ડ ઉપર રાહતદરે મળવાપાત્ર ચીજવસ્તુઓનો જથ્થો વિતરણ કરવામાં આવે છે. જ્યારે તદ્દન નવા રેશનકાર્ડ માટે મળેલ અરજીઓ પૈકી ૬૬૫ કુટુંબોને અંત્યોદય/બીપીએલ કેટેગરીના બારકોડેડ રેશનકાર્ડ ઈસ્યુ કરવામાં આવેલ છે.

(૩) કેટલા કુટુંબોને રેશનીંગ કાર્ડ પૂરા પાડવાનાં બાકી છે?

(૩) ૧૦૯૧૨૭ કુટુંબોને હયાત રેશનકાર્ડના બદલામાં રેશનકાર્ડ આપવાના બાકીમાં છે.

---

## #SB / દાહોદ જિલ્લામાં કાર્યરત પ્રાથમિક શાળાઓમાં રમતગમતના મેદાનો

* ૮૬૮ **શ્રીમતી ચંદ્રીકાબેન છ. બારીયા(ગરબાડા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** | **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૨ની સ્થિતિએ દાહોદ જિલ્લામાં તાલુકાવાર કેટલી પ્રાથમિક શાળાઓ કાર્યરત છે, અને

(૧) દાહોદ જિલ્લામાં કુલ ૧૬૩૭ પ્રાથમિક શાળાઓ તાલુકાવાર નીચે મુજબ છે.

| ક્રમ | તાલુકાનું નામ | કાર્યરત શાળાઓ |
|---|---|---|
| ૧ | દાહોદ | ૨૬૧ |
| ૨ | ધાનપુર | ૧૭૪ |
| ૩ | બારીયા | ૨૨૦ |
| ૪ | ફતેપુરા | ૨૪૧ |
| ૫ | ગરબાડા | ૧૩૨ |
| ૬ | ઝાલોદ | ૩૩૭ |
| ૭ | લીમખેડા | ૨૭૨ |
| | **કુલ** | **૧૬૩૭** |

(૨) આવી શાળાઓમાં રમતગમતના મેદાન અને પીવાના પાણીની સુવિધા નથી તેવી કેટલી શાળાઓ છે?

(૨) રમત ગમતના મેદાનની સુવિધા વિનાની તાલુકાવાર શાળાઓની વિગતો

| ક્રમ | તાલુકાનું નામ | મેદાન વિનાની શાળાઓ |
|---|---|---|
| ૧ | દાહોદ | ૯૨ |
| ૨ | ધાનપુર | ૧૧૦ |
| ૩ | બારીયા | ૨૦ |
| ૪ | ફતેપુરા | ૧૨૧ |
| ૫ | ગરબાડા | ૧૨૦ |
| ૬ | ઝાલોદ | ૯૨ |
| ૭ | લીમખેડા | ૨૨૨ |
| | **કુલ** | **૭૭૭** |

તમામ ૧૬૩૭ શાળાઓમાં પાણીની સુચારૂ વ્યવસ્થા છે.

---------

**જૂનાગઢ જિલ્લામાં પંચાયતોને બ્રોડબેન્ડ-ઈ-કનેકટીવીટી જોડાવા બાબત**

૨૮૧૪ **શ્રી જસાભાઇ ભા. બારડ(સોમનાથ) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર જૂનાગઢ જિલ્લામાં કેટલી ગ્રામ પંચાયતોને બ્રોડબેન્ડ–ઈ–કનેકટીવીટીથી જોડવામાં આવી છે, | (૧) જુનાગઢ જિલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા બે–વર્ષમાં કોઈ નવી ગ્રામ પંચાયત જાહેર થયેલ ન હોઈ, બ્રોડબેન્ડ ઈ–કનેક્ટીવીટી આપવામાં આવેલ નથી. હાલ ૮૨૧ ગ્રામ પંચાયતો ખાતે બ્રોડબેન્ડ ઈ–કનેક્ટીવીટી પુરી પાડવામાં આવેલ છે. |
| (૨) કેટલી ગ્રામ પંચાયતોનું બ્રોડબેન્ડ–ઈ–કનેકટીવીટીથી જોડવાની બાકી છે, અને | (૨) કોઈ ગ્રામ પંચાયત બાકી નથી. |
| (૩) બાકી ગ્રામ પંચાયતોને કયાં સુધીમાં ઈ–કનેકટીવીટીથી જોડવામાં આવશે? | (૩) પ્રશ્ન નથી. |

---------

**અમદાવાદ જિલ્લામાં સરકારી ગ્રાન્ટ–ઈન–એઈડ અને સ્વનિર્ભર પ્રાથમિક શાળાઓની બંધ હાલત**

૯૩૫ **શ્રીમતી તેજશ્રીબેન દિ. પટેલ(વિરમગામ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર અમદાવાદ જિલ્લામાં તાલુકાવાર સરકારી, ગ્રાન્ટ–ઈન–એઈડ અને સ્વનિર્ભર કેટલી પ્રાથમિક શાળાઓ બંધ કરવામાં આવી, અને | (૧) સને ૨૦૧૧ માં સરકારી ૧ (એક) શાળા અને સ્વનિર્ભર–૬ (છ) શાળાઓ બંધ કરવામાં આવેલ છે. જ્યારે ૨૦૧૨માં ગ્રાન્ટ ઈન એઈડ ૧ (એક) શાળા સ્વનિર્ભર ૫(પાંચ) શાળાઓ બંધ કરવામાં આવેલ છે આમ કુલ ૧૩ શાળાઓ બંધ કરવામાં આવેલ છે. જેની વિગતો **પત્રક–૧**માં આપેલ છે. |
| (૨) ઉક્ત શાળાઓ બંધ કરવાના કારણો શા હતા ? | (૨) શાળાઓ બંધ થવાના કારણો **પત્રક–૨** માં આપેલ છે. |

**પત્રક–૧**

| **ક્રમ** | **તાલુકા** | **સરકારી** | | **ગ્રાન્ટ ઈન એઈડ** | | **સ્વનિર્ભર** | | **કુલ** | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | ૨૦૧૧–૧૨ | ૨૦૧૨–૧૩ | ૨૦૧૧–૧૨ | ૨૦૧૨–૧૩ | ૨૦૧૧–૧૨ | ૨૦૧૨–૧૩ | ૨૦૧૧–૧૨ | ૨૦૧૨–૧૩ |
| ૧ | સીટી | ૦ | ૦ | ૦ | ૦ | ૦૨ | ૦૪ | ૦૨ | ૦૪ |
| ૨ | દસક્રોઈ | ૦ | ૦ | ૦ | ૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| ૩ | સાણંદ | ૦ | ૦ | ૦ | ૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| ૪ | બાવળા | ૦ | ૦ | ૦ | ૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| ૫ | ધોળકા | ૦ | ૦ | ૦ | ૦ | ૦૧ | ૦૦ | ૦૧ | ૦૦ |
| ૬ | વિરમગામ | ૦ | ૦ | ૦ | ૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| ૭ | માંડલ | ૦ | ૦ | ૦ | ૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| ૮ | દેત્રોજ | ૦ | ૦ | ૦ | ૧ | ૦૦ | ૦૧ | ૦૦ | ૦૨ |
| ૯ | બરવાળા | ૦ | ૦ | ૦ | ૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| ૧૦ | રાણપુર | ૦ | ૦ | ૦ | ૦ | ૦૨ | ૦૦ | ૦૨ | ૦૦ |
| ૧૧ | ધંધુકા | ૧ | ૦ | ૦ | ૦ | ૦૧ | ૦૦ | ૦૨ | ૦૦ |
| | **કુલ** | **૧** | **૦** | **૦** | **૧** | **૦૬** | **૦૫** | **૦૭** | **૦૬** |

**પત્રક–૨**
**(વર્ષ–૨૦૧૧)**

| **ક્રમ** | **શાળાનું નામ** | **શાળાનો પ્રકાર** | **બંધ થવાનું કારણ** |
|---|---|---|---|

| ક્રમ | શાળાનું નામ | શાળાનો પ્રકાર | બંધ થવાનું કારણ |
|---|---|---|---|
| ૧ | વણીતળાવ પ્રાથમિક શાળા મુ પો. વણીતળાવ તા. ધંધુકા જિ. અમદાવાદ | સરકારી | બાળકોની સંખ્યા ઓછી હોવાના કારણે નજીકની શાળામાં સમાવ્યા છે. શાળાનું મકાન ભૌતિક સુવિધા ન હોવાથી |
| ૨ | સરસ્વતી સ્કુલ વેજલપુર રવિનગર પાસે, અમદાવાદ (સીટી) | સ્વનિર્ભર | વિદ્યાર્થીઓની સંખ્યાના ઘટના કારણે સંચાલક મંડળે શાળા બંધ કરેલ છે. |
| ૩ | ફારૂકે આઝમ, સરખેજ મકરબા રોડ, અમદાવાદ (સીટી) | સ્વનિર્ભર | વિદ્યાર્થીઓની સંખ્યાના ઘટના કારણે સંચાલક મંડળે શાળા બંધ કરેલ છે. |
| ૪ | સર્વોદય પ્રાથમિક શાળા તાલુકા પંચાયત પાસે મુ.પો. ધોળકા તા. ધોળકા, જિ. અમદાવાદ | સ્વનિર્ભર | શાળા સંચાલક મંડળના નિર્ણયથી શાળા બંધ કરેલ છે. |
| ૫ | કે. ડી. પરમાર પ્રા. શાળા, રાણપુર તા. રાણપુર, જિ. અમદાવાદ | સ્વનિર્ભર | બાળકોની સંખ્યા ઓછી હોવાના કારણે સંચાલક મંડળે શાળા બંધ કરેલ છે. |
| ૬ | હુસેની પ્રા. શાળા રાણપુર તા. રાણપુર જિ. અમદાવાદ | સ્વનિર્ભર | બાળકોની સંખ્યા ઓછી હોવાના કારણે સંચાલક મંડળે શાળા બંધ કરેલ છે. |
| ૭ | સોહમ ખાનગી પ્રા. શાળા | સ્વનિર્ભર | સંચાલકના અભાવે શાળા બંધ કરેલ છે. |
| | **(વર્ષ–૨૦૧૨)** | | |
| ૧ | પંચશીલ માધ્યમિક શાળા, પ્રાથમિક વિભાગ, કટોસણ રોડ, તા.દેત્રોજ | ગ્રાન્ટ ઈન એઈડ | સંચાલકત મંડળે બંધ કરેલ છે. શાળા બંધ કરવા મંજૂરી આપેલ છે. |
| ૨ | દેવાશિષ (ગુજરાતી) જોધપુર, રામદેવનગર પાસે, (સીટી) | સ્વનિર્ભર | શાળાનું મકાન કટીંગમાં જવાથી સંચાલક મંડળે બંધ કરેલ છે. |
| ૩ | દેવાશિષ (અંગ્રેજી) જોધપુર, રામદેવનગર પાસે, (સીટી) | સ્વનિર્ભર | શાળાનું મકાન કટીંગમાં જવાથી સંચાલક મંડળે બંધ કરેલ છે. |
| ૪ | જ્ઞાનગંગા હિન્દી ઘાટલોડીયા, અમદાવાદ | સ્વનિર્ભર | બાળકોની સંખ્યા ઓછી હોવાના કારણે સંચાલક મંડળે શાળા બંધ કરેલ છે. |
| ૫ | સંસ્કાર વિદ્યાલય, ઘાટલોડિયા, અમદાવાદ | સ્વનિર્ભર | બાળકોની સંખ્યા ઓછી હોવાના કારણે સંચાલક મંડળે શાળા બંધ કરેલ છે. |
| ૬ | મા. વિદ્યાલય પ્રા. શાળા, અશોકનગર તા. દેત્રોજ | સ્વનિર્ભર | બાળકોની સંખ્યા ઓછી હોવાના કારણે સંચાલક મંડળે શાળા બંધ કરેલ છે. |

---------

**પંચાયત વિભાગના વર્ગ–૩ અને વર્ગ–૪ ના ચાલુ નોકરી દરમ્યાન અવસાન પામેલ કર્મચારી**

૯૯૯ **શ્રી મોહનસિંહ છો. રાઠવા(છોટાઉદેપુર) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧–૨૦૧૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પંચાયત વિભાગમાં જિલ્લાવાર વર્ગ–૩ અને વર્ગ–૪ ના કેટલા કર્મચારી ચાલુ નોકરી દરમ્યાન અવસાન પામ્યા,

**જવાબ**

(૧)

| અ. નં. | જિલ્લાનું નામ | અવસાન પામેલ કર્મચારીની સંખ્યા | | |
|---|---|---|---|---|
| | | વર્ગ–૩ | વર્ગ–૪ | કુલ |
| ૧ | ડાંગ | ૦૬ | ૦૧ | ૦૭ |
| ૨ | આણંદ | ૩૩ | ૦૩ | ૩૬ |
| ૩ | ભરૂચ | ૧૫ | ૦૩ | ૧૮ |
| ૪ | મહેસાણા | ૧૮ | ૦૫ | ૨૩ |
| ૫ | જામનગર | ૧૨ | ૦૫ | ૧૭ |
| ૬ | જુનાગઢ | ૩૨ | ૦૫ | ૩૭ |
| ૭ | ખેડા | ૨૧ | ૦૩ | ૨૪ |
| ૮ | અમદાવાદ | ૩૭ | ૦૬ | ૪૩ |
| ૯ | બનાસકાંઠા | ૪૦ | ૦૪ | ૪૪ |
| ૧૦ | પંચમહાલ | ૧૭ | ૦૩ | ૨૦ |

| | | | | |
|---|---|---|---|---|
| ૧૧ | ગાંધીનગર | ૧૬ | ૦૦ | ૧૬ |
| ૧૨ | તાપી | ૦૪ | ૦૦ | ૦૪ |
| ૧૩ | નવસારી | ૧૫ | ૦૦ | ૧૫ |
| ૧૪ | પાટણ | ૧૬ | ૦૧ | ૧૭ |
| ૧૫ | સુરત | ૨૩ | ૦૫ | ૨૮ |
| ૧૬ | વડોદરા | ૪૭ | ૦૮ | ૫૫ |
| ૧૭ | અમરેલી | ૧૬ | ૦૦ | ૧૬ |
| ૧૮ | ભાવનગર | ૨૨ | ૦૬ | ૨૮ |
| ૧૯ | નર્મદા | ૧૯ | – | ૧૯ |
| ૨૦ | પોરબંદર | ૦૨ | ૦૨ | ૦૪ |
| **અ. નં.** | **જિલ્લાનું નામ** | **અવસાન પામેલ કર્મચારીની સંખ્યા** | | |
| | | **વર્ગ–૩** | **વર્ગ–૪** | **કુલ** |
| ૨૧ | દાહોદ | ૩૫ | ૦૨ | ૩૭ |
| ૨૨ | સાબરકાંઠા | ૨૨ | ૦૧ | ૨૩ |
| ૨૩ | રાજકોટ | ૨૦ | ૦૧ | ૨૧ |
| ૨૪ | વલસાડ | ૦૫ | ૦૨ | ૦૭ |
| ૨૫ | સુરેન્દ્રનગર | ૨૦ | – | ૨૦ |
| ૨૬ | કચ્છ | ૩૧ | ૦૩ | ૩૪ |
| | **કુલ** | **૫૪૪** | **૬૯** | **૬૧૩** |

(૨) તે પૈકી કેટલા મૃતકના વારસોએ રહેમરાહે નોકરી મળવા માગણી કરી,

(૨) તે પૈકી મૃતકના ૧૬૩ વારસોએ રહેમરાહે નોકરી મળવા માંગણી કરી.

(૩) કેટલા વારસોને નોકરી આપવામાં આવી, અને કેટલા બાકી છે, અને

(૩) ફક્ત ૧ (એક) જ વારસને નામ. સુપ્રિમકોર્ટના ચુકાદાને આધિન નોકરી આપવામાં આવેલ છે. જ્યારે મૃતકના વારસને નોકરીના બદલામાં ઉચ્ચક રકમ આપવાની સરકારની નવી નીતિ ધ્યાને લઈ બાકીના ૧૬૨ વારસને નોકરી આપવામાં આવેલ નથી.

(૪) સરકારએ મૃતકના વારસને નોકરી બદલામાં ઉચ્ચક રકમ આપવા કરેલ હુકમ મુજબ કેટલા કિસ્સામાં કેટલી રકમ આપી ?

(૪) કુલ ૧૪૫ કિસ્સામાં કુલ ૬ કરોડ ૨૫ લાખની રકમ આપવામાં આવી.

---------

**ખેડબ્રહ્મા, વિજયનગર, ભિલોડા અને મેઘરજ તાલુકામાં પ્રાથમિક શાળાના ઓરડાની ઘટ**

૨૮૫૦ **શ્રી અશ્વિન કોટવાલ(ખેડબ્રહમા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** — **જવાબ**

(૧) સાબરકાંઠા જિલ્લાના ખેડબ્રહ્મા, વિજયનગર, ભિલોડા અને મેઘરજ તાલુકામાં તા.૩૧–૧–૨૦૧૩ની સ્થિતિએ તાલુકાવાર કેટલા પ્રાથમિક શાળાના ઓરડાઓની ઘટ છે,

(૧) તા.૩૧–૧–૨૦૧૩ની સ્થિતિએ

| **ક્રમ** | **તાલુકાનું નામ** | **ખૂટતા ઓરડાની સંખ્યા** |
|---|---|---|
| ૧ | ખેડબ્રહ્મા | ૨૭૭ |
| ૨ | વિજયનગર | ૭૭ |
| ૩ | ભિલોડા | ૧૧૯ |
| ૪ | મેઘરજ | ૬૪ |
| | **કુલ** | **૫૩૭** |

(૨) આ ઘટ કેટલા સમયથી છે, અને

(૨) એક વર્ષથી.

(૩) આ ઘટતા ઓરડાઓ કેટલા સમયમાં બનાવવાનું સરકારનું આયોજન છે ?

(૩) જેમ બને તેમ જલદી.

---------

તા. ૫મી માર્ચ, ૨૦૧૩
અતારાંકિત પ્રશ્નો

**કલોલ તાલુકામાં ગ્રામ પંચાયતના પદાધિકારીઓને હોદ્દા પરથી દૂર કરવા બાબત**

૨૫૨૩ **શ્રી બળદેવજી ચં. ઠાકોર(કલોલ) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કલોલ તાલુકામાં ગ્રામ પંચાયતના કેટલા પદાધિકારીઓને હોદ્દા પરથી દૂર કરવામાં આવ્યા, અને | (૧) શુન્ય (૦). |
| (૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આવી કેટલી ફરિયાદો સરકારને મળી ? | (૨) ૭ (૬) ફરીયાદો જિલ્લા વિકાસ અધિકારીશ્રી ગાંધનગરને મળેલ છે. |

---------

**રાજકોટ જિલ્લામાં નવા રેશનકાર્ડ માટેની અરજીઓ**

૧૦૭૦ **શ્રી મહમદજાવી અ. પીરઝાદા(વાંકાનેર) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાજકોટ જિલ્લામાં તાલુકાવાર નવા રેશનકાર્ડ માટે અને રેશનકાર્ડ જુદા કરવા કેટલી અરજીઓ આવી,

**જવાબ**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાજકોટ જિલ્લામાં તાલુકાવાર નવા રેશનકાર્ડ માટે અને રેશનકાર્ડ જુદા કરવા માટે નીચે મુજબ અરજીઓ આવી,

| અ.નં. | તાલુકાનું નામ | નવા રેશનકાર્ડ | રેશનકાર્ડ જુદા |
|---|---|---|---|
| ૧ | ઉપલેટા | ૬૯૫ | ૦ |
| ૨ | કોટડાસાંગાણી | ૫૬૦ | ૦ |
| ૩ | ગોંડલ | ૧૦૮૨ | ૦ |
| ૪ | જેતપુર | ૧૭૭૯ | ૦ |
| ૫ | જસદણ | ૮૬ | ૦ |
| ૬ | જામકંડોરણા | ૨૮૫ | ૦ |
| ૭ | ઝોનલ–૧ | ૩૩૩૩ | ૦ |
| ૮ | ઝોનલ–૨ | ૪૧૫૯ | ૦ |
| ૯ | ટંકારા | ૧૨૭ | ૦ |
| ૧૦ | ધોરાજી | ૨૯૮ | ૦ |
| ૧૧ | પડધરી | ૪૬૧ | ૦ |
| ૧૨ | માળીયા | ૧૯૭ | ૦ |
| ૧૩ | મોરબી | ૯૪૧ | ૦ |
| ૧૪ | રાજકોટ | ૧૫૧૮ | ૦ |
| ૧૫ | લોધીકા | ૨૧૧ | ૦ |
| ૧૬ | વાંકાનેર | ૫૫૫ | ૦ |
| | **કુલ** | **૧૬૨૮૭** | **૦** |

(૨) કેટલા નવા રેશનકાર્ડ અને રેશનકાર્ડ જુદા કરી આપવામાં આવ્યા,

(૨)

| અ.નં. | તાલુકાનું નામ | નવા રેશનકાર્ડ | રેશનકાર્ડ જુદા |
|---|---|---|---|
| ૧ | ઉપલેટા | ૬૧૦ | ૦ |
| ૨ | કોટડાસાંગાણી | ૪૬૨ | ૦ |
| ૩ | ગોંડલ | ૯૪૩ | ૦ |
| ૪ | જેતપુર | ૧૩૭૮ | ૦ |
| ૫ | જસદણ | ૪૭ | ૦ |
| ૬ | જામકંડોરણા | ૨૪૨ | ૦ |
| ૭ | ઝોનલ–૧ | ૨૨૨૪ | ૦ |
| ૮ | ઝોનલ–૨ | ૨૧૪૩ | ૦ |
| ૯ | ટંકારા | ૧૦૯ | ૦ |
| ૧૦ | ધોરાજી | ૧૪૧ | ૦ |

| | | | |
|---|---|---|---|
| ૧૧ | પડધરી | ૩૮૭ | ૦ |
| ૧૨ | માળીયા | ૭૩ | ૦ |
| ૧૩ | મોરબી | ૩૩૫ | ૦ |
| ૧૪ | રાજકોટ | ૬૩૫ | ૦ |
| ૧૫ | લોધીકા | ૧૭૭ | ૦ |
| ૧૬ | વાંકાનેર | ૨૭૪ | ૦ |
| | **કુલ** | **૧૦૧૮૦** | **૦** |

(૩) કેટલી અરજીઓ બાકી છે, અને

(૩) ૪૫૯૪ અરજીઓ નામંજુર/દફતરે થયેલ છે, અને ૧૫૧૩ અરજીઓ બાકી છે.

(૪) નવા રેશનીંગકાર્ડ અને રેશનીંગકાર્ડ જુદા ન કરી આપવાના કારણો શા છે ?

(૪) નવા રેશનકાર્ડની અરજીઓ ચકાસણી તેમજ પુર્તતાના કારણે બાકીમાં છે જ્યારે રેશનકાર્ડ જુદા કરવાની અરજીઓ શુન્ય હોઈ કારણ આપવાનો પ્રશ્ન નથી.

---------

**અમદાવાદ, વડોદરા, રાજકોટ અને સુરતમાં સીંગતેલના ભાવ વધારાના પગલાં**

૨૪૫૧ **શ્રી શૈલેષ મ. પરમાર(દાણીલીમડા) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ, વડોદરા, રાજકોટ અને સુરતમાં સીંગતેલનો ભાવ શો હતો, અને

(૧) નીચે મુજબ

સીંગતેલ પેક ડબો (૧૫ કીલોગ્રામ)

| | **વર્ષ-૨૦૧૧** | | **વર્ષ-૨૦૧૨** | |
|---|---|---|---|---|
| | **જાન્યુઆરી-૨૦૧૧ થી ડીસેમ્બર-૨૦૧૧** | | **જાન્યુઆરી-૨૦૧૨ થી ડીસેમ્બર-૨૦૧૨** | |
| **જિલ્લો** | **લઘુત્તમ** | **મહત્તમ** | **લઘુત્તમ** | **મહત્તમ** |
| અમદાવાદ | ૧૩૦૦ | ૧૭૪૦ | ૧૬૫૦ | ૨૨૮૦ |
| વડોદરા | ૧૩૧૦ | ૧૭૭૦ | ૧૭૨૫ | ૨૨૬૦ |
| રાજકોટ | ૧૨૫૦ | ૧૭૧૦ | ૧૬૩૦ | ૨૨૧૦ |
| સુરત | ૧૨૮૫ | ૧૬૯૦ | ૧૭૩૫ | ૨૨૧૦ |

(૨) આ ભાવ વધારો ડામવા સરકારે શાં પગલાં લીધા ?

(૨)

(અ) રાજ્યના ગરીબ કુટુંબો (એ.એ.વાય અને બીપીએલ કાર્ડ ધારકો) ને વર્ષ ૨૦૧૧માં કુલ ૧૩૩૦૧ ટન પામોલીન તેલ જથ્થાનું વિતરણ ૧ લીટરના રૂા. ૩૨ થી ૪૦ના ભાવે કર્યું હતું. તેમજ વર્ષ ૨૦૧૨માં કુલ ૧૭૩૪૨ ટન પામોલીન જથ્થાનું વિતરણ ૧ લીટરના રૂા. ૪૦ થી રૂા. ૪૫ના ભાવે કરેલ છે.

(બ) રાજ્ય સરકારે તા. ૫-૪-૧૨ અને તા. ૧૬-૧૦-

૧૨ના વૈધાનિક આદેશ બહાર પાડી ખાદ્યતેલ/ખાદ્યતેલીબિયાંમાં સ્ટોક સંગ્રહ મર્યાદા નક્કી કરેલ છે.

(ક) તપાસણી તંત્ર દ્વારા તા. ૧-૧-૨૦૧૧ થી ૩૧-૧૨-૨૦૧૨ સુધીમાં એટલે કે છેલ્લા બે વર્ષમાં ખાદ્યતેલ/ ખાદ્યતેલીબિયાં/ઉત્પાદકો તેમજ વિક્રેતાઓની ૨૭૫૯ તપાસો કરી ૭.૨૫ કરોડની કિંમતનો જથ્થો કબજે લેવામાં આવેલ છે. અને ૧.૦૫ કરોડની કિંમતનો ખાદ્યતેલ/ખાદ્યતેલીબિયાંનો જથ્થો રાજ્યસાત કરવામાં આવેલ છે.

---------

**અમરેલી અને કુકાવાર-વડીયા તાલુકામાં વાજબી ભાવની દુકાનોમાં અનાજ-તેલ-ખાંડ અને કેરોસીન આપવા બાબત**

૨૫૨૯ **શ્રી પરેશ ધાનાણી(અમરેલી) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વાજબી ભાવની દુકાનો પર જુદી-જુદી યોજનાઓમાંથી અપાતા અનાજ-તેલ-ખાંડ અને કેરોસીનના જથ્થાનું સરકારે કાર્ડદીઠ નક્કી કરેલ પ્રમાણ મુજબ અમરેલી અને કુંકાવાવ-વડીયા તાલુકાને તા.૩૧-૧૨-૨૦૧૨ની સ્થિતિએ છેલ્લાં એક વર્ષમાં મળવાપાત્ર જથ્થો કેટલો થાય છે, અને

(૨) ઉપરોક્ત બંને તાલુકાઓમાં ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ખરેખર કેટલો જથ્થો ફાળવવામાં આવેલ છે ?

**જવાબ**

(૧) અમરેલી જિલ્લામાં અમરેલી અને કુકાવાવ-વડીયા તાલુકાને તા. ૩૧-૧૨-૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં વાજબી ભાવની દુકાનો પર જુદી-જુદી યોજનાઓમાંથી અપાતા અનાજ-તેલ-ખાંડ અને કેરોસીનના જથ્થાનું સરકારે કાર્ડદીઠ નક્કી કરેલ પ્રમાણ મુજબ મળવાપાત્ર જથ્થો નીચે મુજબ છે.

| ક્રમ | આવશ્યક ચીજવસ્તુનું નામ | યોજના | અમરેલી મે. ટન | વડીયા મે. ટન |
|---|---|---|---|---|
| ૧ | ઘઉં | એ.એ.વાય | ૮૦૮ | ૨૫૨ |
| | | બી.પી.એલ | ૩૭૦૪ | ૧૩૨૮ |
| | | એ.પી.એલ | ૮૭૪૫ | ૪૬૧૪ |
| | ચોખા | એ.એ.વાય | ૬૮૩ | ૨૧૪ |
| | | બી.પી.એલ | ૧૨૧૪ | ૪૨૭ |
| ૨ | ખાંડ | એ.એ.વાય તથા બી.પી.એલ | ૩૦૯ | ૯૭ |
| ૩ | પામોલીન તેલ (૧ લીટર પાઉચ) | એ.એ.વાય તથા બી.પી.એલ | ૯૪૨૩૦ | ૩૨૫૭૪ |
| ૪ | કેરોસીન (કિલોલિટરમાં) | તમામ નોન ગેસ | ૩૬૧૯ | ૨૦૩૯ |

(૨) ઉપરોક્ત બંને તાલુકાઓમાં ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં નીચે મુજબ જથ્થો ફાળવવામાં આવેલ છે.

| ક્રમ | આવશ્યક ચીજવસ્તુનું નામ | યોજના | અમરેલી મે. ટન | વડીયા મે. ટન |
|---|---|---|---|---|
| ૧ | ઘઉં | એ.એ.વાય | ૮૦૮ | ૨૫૨ |
| | | બી.પી.એલ | ૩૭૦૪ | ૧૩૨૮ |
| | | એ.પી.એલ | ૫૯૨૧ | ૩૧૨૨ |

| | | | | |
|---|---|---|---|---|
| | ચોખા | એ.એ.વાય | ૬૮૩ | ૨૧૪ |
| | | બી.પી.એલ | ૧૨૧૪ | ૪૨૭ |
| ૨ | ખાંડ | એ.એ.વાય તથા બી.પી.એલ | ૨૮૯ | ૯૫ |
| ૩ | પામોલીન તેલ (૧ લીટર પાઉચ) | એ.એ.વાય તથા બી.પી.એલ | ૯૪૨૩૦ | ૩૨૫૭૪ |
| ૪ | કેરોસીન (કિલોલિટરમાં) | તમામ નોન ગેસ કાર્ડહોલ્ડર | ૩૧૯૯ | ૧૭૯૦ |

---------

**જૂનાગઢ જિલ્લામાં તાલુકાવાર પ્રાથમિક શાળાઓમાં ઓરડાની સંખ્યા**

૧૬૪૧ **શ્રી જસુભાઇ ધા. બારડ(તાલાલા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ જૂનાગઢ જિલ્લામાં તાલુકાવાર પ્રાથમિક શાળાઓમાં ઓરડાઓની સંખ્યા કેટલી છે,

(૨) ઓરડાઓની સંખ્યા ઓછી હોવાનાં કારણે એક ઓરડામાં બે ધોરણનાં બાળકોને અભ્યાસ કરાવવામાં આવે છે તેવી શાળાઓની સંખ્યા કેટલી છે, અને

(૩) ખૂટતા ઓરડાઓ કેટલા સમયમાં ઉપલબ્ધ કરાવવામાં આવશે ?

**જવાબ**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૨ ની સ્થિતિએ

| ક્રમ | તાલુકાનું નામ | ઓરડાઓની સંખ્યા | ક્રમ | તાલુકાનું નામ | ઓરડાઓની સંખ્યા |
|---|---|---|---|---|---|
| ૧ | ભેંસાણ | ૨૭૭ | ૮ | મેંદરડા | ૨૭૬ |
| ૨ | જુનાગઢ | ૭૪૫ | ૯ | સુત્રાપાડા | ૬૮૯ |
| ૩ | કેશોદ | ૪૯૯ | ૧૦ | તાલાલા | ૫૦૧ |
| ૪ | કોડીનાર | ૯૨૨ | ૧૧ | ઉના | ૧૬૧૪ |
| ૫ | માળીયા | ૭૦૯ | ૧૨ | વંથલી | ૩૫૪ |
| ૬ | માણાવદર | ૪૪૩ | ૧૩ | વેરાવળ | ૭૫૮ |
| ૭ | માંગરોળ | ૬૭૭ | ૧૪ | વિસાવદર | ૫૬૨ |
| | **કુલ** | | | | **૯૦૨૬** |

(૨) ૩૭૨

(૩) જેમ બને તેમ જલ્દી

---------

**આણંદ જિલ્લામાં બ્લોક રીસર્ચ કો.ઓર્ડિનેટર અને કલસ્ટર રીસર્ચ કોઓર્ડિનેટરનું મંજૂર મહેકમ**

૨૫૦૫ **શ્રી અમીત ચાવડા(આંકલાવ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૧–૨૦૧૩ની સ્થિતિએ આણંદ જિલ્લામાં બ્લોક રીસર્ચ કો.ઓર્ડિનેટર કલસ્ટર રીસર્ચ કોઓર્ડિનેટરની મંજૂર મહેકમ કેટલું છે,

(૨) ઉક્ત સ્થિતિએ તાલુકાવાર બી.આર.સી. અને સી.આર.સી.ની કેટલી જગ્યાઓ ભરાયેલ છે,

**જવાબ**

(૧) તા. ૩૧–૧–૨૦૧૩ની સ્થિતિએ આણંદ જિલ્લામાં બ્લોક રીસોર્સ કો. ઓર્ડિનેટરનું મંજૂર મહેકમ ૦૮ તથા કલસ્ટર રીસોર્સ કો.ઓર્ડિનેટરનું મહેકમ ૧૬૪ છે.

(૨)

| ક્રમ | તાલુકો | બીઆરસી મંજુર મહેકમ | ભરાયેલ બીઆરસી | સીઆરસી મંજુર મહેકમ | ભરાયેલ સીઆરસી |
|---|---|---|---|---|---|
| ૧ | આણંદ | ૧ | ૧ | ૩૭ | ૧૭ |
| ૨ | ઉમરેઠ | ૧ | ૧ | ૧૬ | ૧૪ |
| ૩ | બોરસદ | ૧ | ૧ | ૩૧ | ૧૬ |
| ૪ | આંકલાવ | ૧ | ૧ | ૧૪ | ૫ |
| ૫ | પેટલાદ | ૧ | ૧ | ૨૪ | ૦૩ |
| ૬ | સોજીત્રા | ૧ | ૧ | ૦૮ | ૦૦ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૮ | તારાપુર | ૧ | ૧ | ૦૮ | ૦૪ |
| | **કુલ** | **૦૮** | **૦૮** | **૧૬૪** | **૭૩** |

(૩) કેટલી જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે, અને

એચબી–૭૩૬–૧૬

(૩)

| ક્રમ | તાલુકો | બીઆરસી મંજુર મહેકમ | ખાલી બીઆરસી | સીઆરસી મંજુર મહેકમ | ખાલી સીઆરસી |
|---|---|---|---|---|---|
| ૧ | આણંદ | ૧ | ૦ | ૩૭ | ૨૦ |
| ૨ | ઉમરેઠ | ૧ | ૦ | ૧૬ | ૦૨ |
| ૩ | બોરસદ | ૧ | ૦ | ૩૧ | ૧૫ |
| ૪ | આંકલાવ | ૧ | ૦ | ૧૪ | ૦૯ |
| ૫ | પેટલાદ | ૧ | ૦ | ૨૪ | ૨૧ |
| ૬ | સોજીત્રા | ૧ | ૦ | ૦૮ | ૦૮ |
| **ક્રમ** | **તાલુકો** | **બીઆરસી મંજુર મહેકમ** | **ખાલી બીઆરસી** | **સીઆરસી મંજુર મહેકમ** | **ખાલી સીઆરસી** |
| ૭ | ખંભાત | ૧ | ૦ | ૨૬ | ૧૪ |
| ૮ | તારાપુર | ૧ | ૦ | ૦૮ | ૦૪ |
| | **કુલ** | **૦૮** | **૦** | **૧૬૪** | **૯૧** |

૯૧ ખાલી સીઆરસીની જગ્યાઓ નીચે મુજબના સમયથી ખાલી છે.

- ૧૧ સીઆરસીની જગ્યા તા. ૨૦–૯–૨૦૧૧ની સ્થિતિએ ખાલી હતી
- ૩૭ સીઆર.સીની જગ્યા તા. ૩૧–૭–૨૦૧૨ની સ્થિતિએ ખાલી છે.
- ૪૩ સી.આર.સી. તા. ૧૨–૨–૨૦૧૩ની સ્થિતિએ ખાલી છે.

(૪) ખાલી જગ્યાઓ કેટલા સમયમાં ભરવાનું આયોજન છે ?

(૪) જેમ બને તેમ જલ્દી.

---------

## જૂનાગઢ જિલ્લામાં પંચવટી યોજના

૧૮૩૫ **શ્રી પુંજાભાઇ ભી. વંશ(ઉના) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** **જવાબ**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ જૂનાગઢ જિલ્લામાં પંચવટી યોજના અંતર્ગત સને ૨૦૧૧–૧૨ અને ૨૦૧૨–૧૩માં તાલુકાવાર કેટલી પંચવટી મંજૂર કરવામાં આવી, અને કેટલી પંચવટી બનાવવામાં આવી, અને

(૧)

| **તાલુકાનું નામ** | **વર્ષ ૨૦૧૧–૧૨** | | **વર્ષ ૨૦૧૨–૧૩ તા.૩૧–૧૨–૧૨ની સ્થિતિએ** | |
|---|---|---|---|---|
| | **મંજુર** | **પૂર્ણ** | **મંજુર** | **પૂર્ણ** |
| ઉના | ૨ | ૨ | ૦ | ૦ |
| કોડીનાર | ૦ | ૦ | ૦ | ૦ |
| સુત્રાપાડા | ૦ | ૦ | ૦ | ૦ |
| વેરાવળ | ૦ | ૦ | ૧ | ૦ |
| તલાળા | ૦ | ૦ | ૨ | ૨ |
| માળીયા | ૧ | ૧ | ૬ | ૦ |
| કેશોદ | ૦ | ૦ | ૦ | ૦ |
| માંગરોળ | ૦ | ૦ | ૨ | ૦ |
| વંથલી | ૦ | ૦ | ૪ | ૨ |
| માણાવદર | ૦ | ૦ | ૧ | ૦ |
| જુનાગઢ | ૦ | ૦ | ૧ | ૦ |
| ભેંસાણ | ૩ | ૨ | ૧ | ૧ |
| મેંદરડા | ૦ | ૦ | ૦ | ૦ |
| વિસાવદર | ૧ | ૧ | ૦ | ૦ |
| **કુલ** | **૭** | **૬** | **૧૮** | **૫** |

(૨) બાકી રહેલ પંચવટી ક્યારે બનાવવામાં આવશે

(૨) સત્વરે.

?

---------

## જામનગર જિલ્લામાં વિકાસ અધિકારીની ખાલી જગ્યાઓ

૧૦૭૪ **શ્રી રાઘવજી હં. પટેલ(જામનગર ગ્રામ્ય) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જામનગર જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૧૨ ની સ્થિતએ છેલ્લા બે વર્ષ તાલુકા વિકાસ અધિકારીની જગ્યા ક્યા ક્યા તાલુકામાં ખાલી છે, | (૧) (૧) દ્વારકા (૨) જોડીયા (૩) જામનગર (૪) કલ્યાણપુર |
| (૨) આ જગ્યાઓ કઇ કઇ તારીખથી ખાલી છે, | (૨) આ જગ્યાઓ નીચેની તારીખથી ખાલી છે. |

| ક્રમ | તાલુકાનું નામ | કઇ તારીખથી ખાલી છે. |
|---|---|---|
| ૧ | દ્વારકા | તા. ૮-૫-૨૦૧૨ |
| ૨ | જોડીયા | તા. ૯-૬-૨૦૧૨ |
| ૩ | જામનગર | તા. ૧-૭-૨૦૧૨ |
| ૪ | કલ્યાણપુર | તા. ૨૯-૯-૨૦૧૨ |

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૩) ઘણા લાંબા સમયથી જગ્યાઓ ખાલી રહેવાના શા કારણો છે, અને | (૩) લાંબા સમયથી ખાલી ન હોવાથી પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૪) આ તમામ ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવનાર છે ? | (૪) વહીવટી અનુકૂળતા મુજબ. |

---------

## અમરેલી જિલ્લામાં ગૌચરની જમીન ઉપર દબાણ

૨૦૫૯ **શ્રી હીરાભાઇ ઓ. સોલંકી(રાજુલા) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૨ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમરેલી જિલ્લામાં તાલુકાવાર ગૌચરની જમીન ઉપર દબાણ કરવા અંગેની ફરીયાદો મળી, | (૧) |

| **અ.નં.** | **તાલુકાનું નામ** | **મળેલ ફરિયાદની સંખ્યા** |
|---|---|---|
| ૧ | બગસરા | ૧ |
| ૨ | ખાંભા | ૧ |
| ૩ | રાજુલા | ૬ |
| ૪ | બાબરા | ૩ |
| ૫ | અમરેલી | ૬ |
| ૬ | ધારી | ૧૩ |
| ૭ | જાફરાબાદ | ૦ |
| ૮ | લીલીયા | ૩ |
| ૯ | લાઠી | ૫ |
| ૧૦ | સાવરકુંડલા | ૯ |
| ૧૧ | કુંકાવાવ | ૦ |
| | કુલ | ૪૭ |

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૨) આવી કેટલી ફરીયાદોનો નિકાલ થયેલ છે, કે કેમ, | (૨) |

| **અ.નં.** | **તાલુકાનું નામ** | **નિકાલ થયેલ ફરિયાદની સંખ્યા** |
|---|---|---|
| ૧ | બગસરા | ૧ |
| ૨ | ખાંભા | ૧ |
| ૩ | રાજુલા | ૫ |
| ૪ | બાબરા | ૩ |
| ૫ | અમરેલી | ૦ |
| ૬ | ધારી | ૦ |

| | | |
|---|---|---|
| ૭ | જાફરાબાદ | ૦ |
| ૮ | લીલીયા | ૦ |
| ૯ | લાઠી | ૦ |
| ૧૦ | સાવરકુંડલા | ૦ |
| ૧૧ | કુંકાવાવ | ૦ |
| | કુલ | ૧૦ |

(૩) નિકાલ ન થયેલ હોઇ તેવા કિસ્સામાં શા કારણો છે, અને

(૩) ડી.આઇ.એલ.આર. દ્વારા માપણી ઉપર બાકી.

(૪) આવી બાકી ફરિયાદોનો કેટલા સમયમાં નિકાલ કરવામાં આવશે ?

(૪) ડી.આઇ.એલ.આર. દ્વારા માપણી કરી દરખાસ્ત થયેથી નિયમાનુસાર કાર્યવાહી કરવામાં આવશે.

---------

**અબડાસા, લખપત અને નખત્રાણા તાલુકામાં નવા રેશનકાર્ડ માટેની અરજીઓ**

૧૦૫૫ **શ્રી છબીલભાઇ ના. પટેલ(અબડાસા) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** **જવાબ**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૨ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં અબડાસા, લખપત અને નખત્રાણા તાલુકાઓમાં નવા રેશનકાર્ડ માટે અને રેશનકાર્ડ જુદા કરવા કેટલી અરજીઓ આવી,

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં અબડાસા, લખપત અને નખત્રાણા તાલુકામાં નવા રેશનકાર્ડ માટે અને રેશનકાર્ડ જુદાં કરવા નીચે મુજબની અરજીઓ આવી.

| અ.નં. | તાલુકો | નવા રેશનકાર્ડ માટે મળેલ અરજીઓ | રેશનકાર્ડ જુદાં કરવાની મળેલ અરજીઓ |
|---|---|---|---|
| ૧ | અબડાસા | ૨૧૧ | ૨૦ |
| ૨ | લખપત | ૨૫૩ | ૦૦ |
| ૩ | નખત્રાણા | ૧૬૯ | ૦૫ |
| | કુલ | ૬૩૩ | ૨૫ |

(૨) કેટલા નવા રેશનકાર્ડ અને રેશનકાર્ડ જુદા કરી આપવામાં આવ્યા,

(૨) નીચે મુજબ નવા રેશનકાર્ડ અને રેશનકાર્ડ જુદાં કરવામાં આવ્યા.

| અ.નં. | તાલુકો | ઈસ્યુ કરેલ નવા રેશનકાર્ડ | ઈસ્યુ કરેલ જુદાં રેશનકાર્ડ |
|---|---|---|---|
| ૧ | અબડાસા | ૧૦૭ | ૨૦ |
| ૨ | લખપત | ૧૩૭ | ૦૦ |
| ૩ | નખત્રાણા | ૧૦૬ | ૦૦ |
| | કુલ | ૩૫૦ | ૨૦ |

(૩) કેટલી અરજીઓ બાકી છે, અને

(૩) બાકી રેશનકાર્ડની અરજીઓ નીચે મુજબ છે.

| અ.નં. | તાલુકો | નવા રેશનકાર્ડ માટે બાકી અરજીઓ | રેશનકાર્ડ જુદાં કરવાની બાકી અરજીઓ |
|---|---|---|---|
| ૧ | અબડાસા | ૧૦૪ | ૦૦ |
| ૨ | લખપત | ૧૧૬ | ૦૦ |
| ૩ | નખત્રાણા | ૬૩ | ૦૫ |
| | કુલ | ૨૮૩ | ૦૫ |

(૪) નવા રેશનકાર્ડ અને રેશનીંગ કાર્ડ જુદા ન કરી આપવાના કારણો શાં છે ?

(૪) સદરહુ બાકી રહેલ અરજીઓ પૂર્તતા અને ચકાસણી ઉપર હોઈ બાકી છે.

---------

**દાહોદ જિલ્લામાં ગુણોત્સવ કાર્યક્રમમાં શાળાઓને ગ્રેડ આપવા બાબત**

૮૬૯ **શ્રીમતી ચંદ્રીકાબેન છ. બારીયા(ગરબાડા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** **જવાબ**

સને ૨૦૧૧–૧૨ ના વર્ષમાં તા.૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ ગુણોત્સવ કાર્યક્રમમાં દાહોદ જિલ્લામાં તાલુકાદીઠ

ગુણોત્સવ–૧૧ દરમ્યાન અધિકારીશ્રીઓ દ્વારા હાથ ધરાયેલ બાહ્ય મૂલ્યાંકન અંતર્ગત દાહોદ જિલ્લાની

કેટલી કઇ શાળાઓ ક્યા ગ્રેડમાં આવી છે ?

શાળાઓએ મેળવેલ ગ્રેડની માહિતી ***પત્રક : ૧** મુજબ છે.

**પત્રક–૧**

| **ક્રમ** | **તાલુકો** | **એ+** | **એ** | **બી** | **સી** | **ડી** | **ઈ** | **કુલ શાળાઓની સંખ્યા** |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | દાહોદ | ૧ | ૨૦ | ૩૫ | ૯ | ૦ | ૦ | ૬૫ |
| ૨ | ધાનપુર | ૦ | ૩ | ૩૬ | ૯ | ૦ | ૦ | ૪૮ |
| ૩ | ગરબાડા | ૦ | ૪ | ૧૬ | ૯ | ૦ | ૦ | ૨૯ |
| ૪ | લીમખેડા | ૦ | ૬ | ૫૬ | ૧૧ | ૦ | ૦ | ૭૩ |
| ૫ | ફતેપુરા | ૦ | ૭ | ૪૬ | ૧૩ | ૦ | ૧ | ૬૭ |
| ૬ | ઝાલોદ | ૦ | ૬ | ૬૩ | ૨૪ | ૨ | ૦ | ૯૫ |
| ૭ | દેવગઢ બારીયા | ૦ | ૭ | ૪૦ | ૮ | ૧ | ૦ | ૫૬ |
| | કુલ | ૧ | ૫૩ | ૨૯૨ | ૮૩ | ૩ | ૧ | ૪૩૩ |

---------

**જૂનાગઢ જિલ્લામાં વોટરશેડના કામો**

૨૮૧૫ **શ્રી જસાભાઇ ભા. બારડ(સોમનાથ) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૨ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર જૂનાગઢ જિલ્લામાં તાલુકાવાર કેટલા વોટરશેડના કામો મંજૂર કરવામાં આવ્યા,

(૨) તે પૈકી કેટલા કામો પૂર્ણ થયા,

(૩) કેટલા કામો પૂર્ણ થવાના બાકી છે, અને

(૪) તે ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે ?

**જવાબ**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર જૂનાગઢ જિલ્લામાં તાલુકાવાર વોટરશેડના કામો નીચે મુજબના કામો મંજૂર કરવામાં આવ્યા.

| તાલુકાનું નામ | તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ | તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ | કુલ |
|---|---|---|---|
| જૂનાગઢ | ૩૬ | ૧૮ | ૫૪ |
| વિસાવદર | ૧૮ | ૧૦ | ૨૮ |
| મેંદરડા | ૪૩ | ૩૧ | ૭૪ |
| તાલાલા | ૩૭ | ૩૦ | ૬૭ |
| ઉના | ૨૪ | ૬૦ | ૮૪ |
| કેશોદ | ૫૬ | ૬૨ | ૧૧૮ |
| **કુલ :–** | **૨૧૪** | **૨૧૧** | **૪૨૫** |

(૨) તે પૈકી ૩૧૪ કામો પૂર્ણ થયા છે.

(૩) ૧૧૧ કામો પૂર્ણ થવાના બાકી છે.

(૪) સત્વરે પૂર્ણ કરવા પ્રયત્ન કરવામાં આવશે.

---------

અધ્યક્ષશ્રી : તમારે બોલવું હોય તો પહેલાં બેસી જાઓ બધા. શું છે ?

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત(વિરોધપક્ષના મુખ્ય દંડકશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, મારે આપની પરમિશનથી ગુજરાત વિધાનસભાની હદમાં ઇલેક્ટ્રોનિક્સ મિડિયાના પ્રતિનિધિઓ ફરજ ઉપર આવતા હોઇ આ સત્તાધારી–વિપક્ષના નેતાને ત્યાં, ધારાસભ્યોને ત્યાં આગળ ચેનલો પ્રસારણ કરતા હતા પણ તાજેતરમાં ઇલેક્ટ્રોનિક્સ મિડિયાના પ્રતિનિધિઓને વિધાનસભામાં તેમના કેમેરા લઇને...

અધ્યક્ષશ્રી : કેમેરા માટે પ્રતિબંધ મૂક્યો છે એની વાત કરવાની છે ?

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : જી સાહેબ. માનનીય અધ્યક્ષશ્રી, અમારી વિનંતી છે કે, (અંતરાય)

અધ્યક્ષશ્રી : એ અધ્યક્ષના વિસ્તારમાં, અધ્યક્ષની સત્તા છે, એ નિયમો મુજબ કર્યું છે. અને અધ્યક્ષની સત્તાને, અહીંયા હાઉસમાં કોઇ ચેલેન્જ ના થાય, કોઇ ચર્ચા પણ ના થાય. વિધાનસભાનો ૨૮૨મો નિયમ વાંચી જજો. એની ચર્ચા પણ ના થાય, આ તો તમારી જાણ માટે કહું છું. નેક્સ્ટ.

**સરકારી વિધેયક**

દાખલ કરવાનું તથા પહેલું, બીજુ અને ત્રીજા વાચન માટેનું વિધેયક.

સન ૨૦૧૩નું ગુજરાત વિધેયક ક્રમાંક :૧૭.

**ગુજરાત(પૂરક) વિનિયોગ વિધેયક, ૨૦૧૩.**

**સન ૨૦૧૩ના માર્ચ મહિનાની એકત્રીસમી તારીખે પૂરા થતા નાણાકીય વર્ષની સેવાઓ માટે ગુજરાત રાજ્યના એકત્રિત ફંડમાંથી અમુક વધુ રકમો આપવાનો અને તેનો વિનિયોગ કરવાનો અધિકાર આપવા બાબત વિધેયક.**

શ્રી નીતિનભાઇ ર. પટેલ (નાણામંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી,* રાજ્યપત્રમાં અગાઉ પ્રસિદ્ધ થયેલ સન ૨૦૧૩નું વિધેયક ક્રમાંક–૧૭–સન ૨૦૧૩નું ગુજરાત (પૂરક ) વિનિયોગ બાબત વિધેયકને આપની અનુમતિથી હું દાખલ કરું છું.

અધ્યક્ષશ્રી : વિધેયક દાખલ કરવામાં આવે છે.

શ્રી નીતિનભાઇ ર. પટેલ (નાણામંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૧૩નું વિધેયક ક્રમાંક–૧૭–સન ૨૦૧૩નું ગુજરાત (પૂરક ) વિનિયોગ વિધેયકનું પહેલું વાચન કરવામાં આવે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

અધ્યક્ષશ્રીની જાહેરાત

પૂરક વિનિયોગ વિધેયક પર ચર્ચા અને મતદાન માટે સમય ઠરાવવા અંગે.

અધ્યક્ષશ્રી : આ અંગે મારે જાહેરાત કરવાની કે, આજે પૂરક વિનિયોગ વિધેયક ચર્ચા માટે હાથ ધરવાનું છે અને આ ચર્ચામાં ભાગ લેવા માટે કુલ ચાર સભ્યશ્રીઓએ મુદ્દા આપેલા છે. આજે ગૃહની બેઠકનો સમય બપોરના ૧૨–૦૦ થી સાંજના ૫–૧૫ વાગ્યા સુધીનો છે. આથી વિધાનસભાના નિયમોના નિયમ–૨૩૮(૩) અન્વયે એક કલાક પહેલાં એટલે કે, સાંજના ૪–૧૫ વાગ્યે પૂરક વિનિયોગ વિધેયકની સમગ્ર ચર્ચા સમાપ્ત કરી, બધી બાબતો સભાગૃહના મત ઉપર મૂકવાની થાય પરંતુ આજરોજ પૂરક વિનિયોગ વિધેયક ઉપરાંત સને ૨૦૧૩–૧૪ના વર્ષના અંદાજપત્ર પરની બીજા દિવસની સામાન્ય ચર્ચા પણ હાથ ધરવામાં આવનાર છે. અંદાજપત્ર પરની સામાન્ય ચર્ચાને વધુ સમય મળે તે હેતુથી, નિયમ–૨૩૯ હેઠળ મને મળેલ સત્તાની રૂએ, નિયમ–૨૩૮(૩)માં છૂટછાટ મૂકીને પૂરક વિનિયોગ વિધેયક પરની ચર્ચા અને મતદાન માટે બપોરના ૧–૩૦ વાગ્યા સુધીનો સમય ઠરાવું છું અને પૂરક વિનિયોગ વિધેયક ઉપર ચર્ચામાં ભાગ લેવા માટે જે ચાર સભ્યશ્રીઓએ મુદ્દા આપ્યા છે તે દરેક સભ્યશ્રીને ચર્ચા માટે ચાર મિનિટનો સમય ઠરાવું છું. તદનુસાર આ મુદ્દા ઉપરની ચર્ચા સમાપ્ત થયા બાદ પૂરક વિનિયોગ વિધેયક સભાગૃહના મત ઉપર મૂકવામાં આવશે. નેકસ્ટ.

શ્રી જસાભાઇ ભા. બારડ(સોમનાથ) : માનનીય અધ્યક્ષશ્રી, હું મારા પૂરક વિનિયોગ વિધેયકના ખર્ચના પૂરક પાના નંબર ૪૨–૪૩માં લોકાયુક્તની કચેરીમાં કેસોનો ભરાવો થતો અટકાવવામાં અને વહીવટી ખર્ચમાં થતો વધારો અટકાવવામાં તંત્રની નિષ્ફળતા બાબતે મારે આપના દ્વારા માનનીય મંત્રીશ્રીને કહેવું છે કે, ગુજરાત રાજ્યમાં છેલ્લા દસ વર્ષથી લોકાયુક્ત જજની જગ્યા ખાલી પડી છે. માનનીય અધ્યક્ષશ્રી, કોઇપણ રાજ્યનું પ્રાથમિક ઓડિટ અને જેના એકે એક પારાની, કોઇના કાન પકડીને તપાસ કરવાની જે જજની જગ્યા છે એ છેલ્લા દસ વર્ષથી ખાલી છે અને જેના કારણે આ રાજ્યમાં લોકાયુક્તને લગતા કેસોનો

---

* વિધેયક તા.૧લી માર્ચ, ૨૦૧૩ના ગુજરાત ગવર્નમેન્ટ ગેઝેટમાં પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

ભરાવો થયો છે. એવા કેસોમાં જજનું એક નામ ન હોવાથી બીજા સ્ટાફ પણ ઘણા બધા હોય છે. અન્ય સ્ટાફ કર્મચારીનો પગાર, ઓફિસના લાઇટ-બિલ, પાણી આ બધા ખર્ચા વધતા જાય છે અને છેલ્લાં ૧૦ વર્ષથી આ ખર્ચા છે. મારે આપના દ્વારા કહેવું છે કે ગવર્નર દ્વારા ભરાયેલ જજની જગ્યાઓ ભરી છે, તો આ રાજ્યના મુખ્યમંત્રીશ્રી પી.એમ. ના ઉમેદવાર તરીકે.(અંતરાય)

અધ્યક્ષશ્રી : આમાં આ વસ્તુ નથી આવતી. તમે ફક્ત લોકાયુક્ત માટે રાખો.

શ્રી જસાભાઇ ભા. બારડ : હું આપને કહેવા માગું છું કે આ લોકાયુક્તની નિમણૂક જો માન્ય ગણી લીધી હોય તો આ ગુજરાતની ૬ કરોડની જનતાએ જે કેસો કર્યા છે અને વેઇટિંગમાં પડ્યા છે, તેનો નિકાલ થઇ શકે અને જે હોય તે કિલયર દેખાય. કોઇપણ રાજ્યમાં લોકાયુક્તની જે પરિસ્થિતિ છે, એમાં રાજ્ય સરકાર ડરે છે કે કેમ? અને જો ન ડરતી હોય તો તાત્કાલિક ગુજરાતમાં લોકાયુક્તના જજની નિમણૂક થાય તે આપના દ્વારા મંત્રીશ્રીને કહેવા માગું છું.

શ્રી બાવકુભાઇ ના. ઉંધાડ(લાઠી) : માનનીય અધ્યક્ષશ્રી, ચૂંટણીની કામગીરી માટે ખાનગી વાહનો જપ્ત થતાં અટકાવવામાં તંત્રની નિષ્ફળતા.

માનનીય અધ્યક્ષશ્રી, ચૂંટણી આવે એટલે પોલીસ ગમે ત્યાંથી રસ્તામાં વાહનો હોય તેને પરબારાં સીધાં ઉપાડી જાય અને પોલીસ સ્ટેશને લઇ જાય. પેસેન્જર બેઠા હોય અને તેમને રવાના કરી ત્યાં ઓર્ડર પકડાવે અને લાયસન્સ લઇ લે. આ વ્યક્તિ જે પસેન્જર લઇ જાય છે એના અંગત કામે જતાં હોય અને અંગત કામે જતાં હોય છતાં તાત્કાલિક કોઇપણ જાતની નોટિસ આપ્યા વગર વાહન જપ્ત કરવામાં આવે છે. આપણો નિયમ છે કે નોટિસ આપીને, જાણ કરીને પછી વાહન જપ્ત કરવાનું થતું હોય છે. છતા સીધેસીધું વાહન જપ્ત કરી અને સીધા ૧૫-૨૦ દિવસ માટે ચૂંટણીનાં કામ માટે રાખે છે. આમાં પ્રવાસન વિભાગમાં ટાવેરા, ઇનોવાનું એક કિ.મી.નું રૂપિયા ૧૧/- લેખે સરકાર ભાડું લે છે, ત્યારે આ લોકોને તો ફક્ત ૩૯૯ રૂપિયા એક દિવસના આપે. ટેમ્પો, ટેક્સી કે મોટી ગાડી હોય એને ૩૯૯ રૂપિયા આપે છે. આમાં પણ એની અનેક ફરિયાદ છે. અમારી પાસે પુરાવો છે કે ૨૦૦૨ ની સાલથી અત્યાર સુધી કેટલા લોકોએ કેટલીય વખત ધક્કા ખાધા કે ચૂંટણીમાં ગાડી જપ્ત કરવામાં આવી હતી, પણ એનું પેમેન્ટ ચુકવવામાં આવ્યું નથી. આ રાજ્યની અંદર વાહન ભલે જપ્ત કરે, પણ નિયમ પ્રમાણે જપ્ત કરે, નોટિસ આપીને જપ્ત કરે. એના બદલે સીધેસીધું જપ્ત કરવામાં આવે છે. જ્યારે કોઇ સામાન્ય માણસ હોય, ગરીબ માણસ હોય, મધ્યમ વર્ગનો માણસ હોય એનું રોજીરોટીનું સાધન હોય અને એમાં ખૂબ ઓછું પેમેન્ટ આપવામાં આવે અને આ પેમેન્ટ પણ એને કેટલા ધક્કા ખાધા હોય ત્યારે આપવામાં આવે છે. એમાંય પૈસા કે ચેક લેવા જાય તો એમાં જો એ કોઇ વહીવટ કરે પછી આપે. ૧૦-૧૨ વર્ષ થયાં. ૧૯૯૦ ના પૈસા બાકી છે, ત્યારે આ રીતે સરકાર આ રીતનાં કાયદામાં વાહનોને જપ્ત કરવામાં સંપૂર્ણ નિષ્ફળ ગઇ છે, એટલે આ સુધારો હું રજૂ કરું છું.

શ્રી કેશુભાઇ સ. પટેલ(વિસાવદર) : માનનીય અધ્યક્ષશ્રી, પૂરક બજેટની ૩૩ નંબરની આઇટમ ઉપર હું મારી વાત રજૂ કરું છું. એ અંગે કહેવા માગું છું. આ વાત એવી છે કે જેમાં નાણાકીય નીચલા લેવલ ઉપર અસંગતતા ઉભી થઇ છે. માનનીય અધ્યક્ષશ્રી, આ ક્રમ ૩૩ની માગણીની અંદર હકીકત એવી છે કે, સદ્ભાવનાના ઉપવાસ માટે થઇને બે વર્ષ પહેલાં કોઇ જોગવાઇ હતી નહી જયારે સદ્ભાવનાના ઉપવાસ શરૂ થયા ત્યારે. એટલે હવે તે ખર્ચ કયા હેડે નાંખવો? એટલે પૂરક બજેટની અંદર એ લાવ્યા. આ માટે ૩ કરોડ રૂપિયા જોઇતા હતા એટલે એક હજાર રૂપિયાની ટોકન જોગવાઇ કરી એટલે એની અંદરથી વિવિધ જગ્યાએથી આ ૩ કરોડ લેવાના હતા. મારો મુદ્દો સ્પષ્ટ છે કે આ હેડે કોઇ રકમ ન હતી તે માટે આ વખતના નહીં, ગયા વખતના પૂરક બજેટની અંદર ૩ કરોડ રૂપિયાની જોગવાઇ થઇ. આ વખતે પાછા પૂરક બજેટમાં તે વાત લઇને આવ્યા. અમને જોઇએ છે ૧૫ કરોડ આ વખતે જોઇએ છે ૧૫ કરોડ એટલે આમાં ચોપડીની અંદર લખેલ છે, છાપેલું છે તે હકીકત છે. હકીકત એ છે કે સરકાર જવાબ આપે છે કે ૧૫ કરોડ જોઇએ છે. અમારી પાસે ૪.૫ કરોડની પુરાંત પડી છે. સાહેબ એક પૈસો નહોતો તેમાંથી તમને ૩ કરોડ રૂપિયા વાપરવા માટે આપ્યા. તેમાં તમારી પાસે ૧૫ કરોડની માગણીમાંથી કાપી લે છે કે ૪.૫ કરોડની પુરાંત અમારી પાસે પડી છે. આ કેવી રીતે હોઇ શકે? એટલે અમે ૧૧ કરોડ આપ્યા. ૪.૫ કરોડ અમારી પાસે છે. ૩ કરોડ મૂળ રકમ તે ન વાપરી

હોય તો ૪.૫ કરોડ રૂપિયા વધે. આ ૪.૫ કરોડ રૂપિયા વહીવટી નાણાંકીય અશિસ્ત છે, અનિયમિતતા છે. અનિયમિતતા તો એવી હોય છે કે બરફ છે ને હાથ અંદર પાણીમાં ડૂબેલો ભાગ હોય. ભાગ્યે જ ટોચકા જેવી વસ્તુ છે તે જ ભાગ બહાર આવે. માટે કદાચ ૩ કરોડ અને ૧૫ કરોડની વાત નાની લાગતી હોય તો પણ અનિયમિતતા એ અનિયમિતતા છે. માટે હું કહીશ કે આવું હોઇ શકે જ નહીં. આપણે ત્યાં કહેવત છે કે ગજની ઘોડી ને સવા ગજનું ભાથુ. આ ૩ કરોડમાં ૪.૫ કરોડ પુરાંત ક્યાંથી નીકળે. આ અનિયમિતતા, આ હકીકત અને આ બાબત ઉદભવી છે સદ્ભાવનાના ઉપવાસમાંથી.

અધ્યક્ષશ્રી : આપની ચાર મિનિટ થઇ ગઇ છે. ચાર મિનિટ બધાને ફાળવી છે. માનનીય બલવંતિસંહ.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત(સિદ્ધપુર) : માનનીય અધ્યક્ષશ્રી, આ રાજયમાં જયારે બાળ હત્યા થતી હોય, બ્રહ્મ હત્યા થતી હોય, સ્ત્રી હત્યા થતી હોય, ગૌ હત્યા થતી હોય તેમજ ચોરી લૂંટફાટ દિન પ્રતિદિન વધી રહ્યા છે. આવી રાજયની પરિસ્થિતનું નિર્માણ થયેલ હોય ત્યારે મારે એ કહેવું છે કે ૨૦૦૧ થી ૨૦૧૧ સુધીના દસ વર્ષમાં ૧૨,૫૫,૬૪૪ ગુનાઓ એટલે દર વર્ષે સવા લાખથી વધારે ગુનાઓનું પ્રમાણ થતું હોય અને રોજના ૪૦૦ ગુનાઓનું નિર્માણ થતું હોય તેવી કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ ગુજરાતમાં બગડી રહી છે. તેવા સંજોગોમાં એમ કહેવામાં આવતું હતું કે તમે એક દિવસ જાગો હું ૩૬૫ દિવસ સુધી જાગીશ. કાયદો અને વ્યવસ્થાની અંદર સમગ્ર ભારતમાં ગુજરાતનો એક જમાનો હતો ગુજરાત એટલે શ્રેષ્ઠ ગુજરાત. આજે ગુજરાતની સ્થિતિ આવી થઇ હોય, કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ બગડતી હોય જેલોમાં, મોટામાં મોટી જેલની અંદર આખીને આખી સુરંગ મારફત, એક વેણ મારફત આખું ખોદાતું હોય, એવી સ્થિતિ કાયદો અને વ્યવસ્થાની થતી હોય અને છતાંય માનનીય મંત્રીશ્રી, એની પૂરક માગણીઓ લઇને આવે, ત્યારે મારું સૂચન છે કે, ગુજરાતમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ સુધરવી જોઇએ, કાયદો અને વ્યવસ્થામાં આજે દિનદહાડે અમદાવાદમાં હોય કે મોટા મોટા શહેરોમાં બહેનો નીકળતી હોય ત્યારે એના ગળામાંથી ચેઇન ખેંચી લેવામાં આવતી હોય એવી સ્થિતિ થતી હોય છે ત્યારે આ સ્થિતિ સુધારે એવું મારું સૂચન છે.

શ્રી નીતિનભાઇ ર. પટેલ (નાણા મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, આમ તો ક્રમ પ્રમાણે જવાબ આપવાની ઇચ્છા હતી, પણ દંડકશ્રી, બલવંતસિંહજી ખૂબ જૂસ્સાભેર બધું બોલ્યા, એટલે મને એમનો પહેલો જવાબ આપવાનું મન થયું છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતમાં અત્યારે છ કરોડની વસતિ છે, ૨૦૦૧માં ૫ કરોડની ગુજરાતમાં વસતિ હતી. ભારત સરકારના અધિકૃત આંકડા, ભારત સરકારના ગૃહ વિભાગના અધિકૃત આંકડા અને જુદી જુદી એજન્સીઓ જે છે, એના અધિકૃત આંકડાના આધારે હું થોડીક વિગતો આ માનનીય સભાગૃહને આપવા માગું છું જેથી ગુજરાત સલામત છે, ગુજરાતની પ્રજા એ કોઇપણ રીતે કે કોઇપણ લુખ્ખા તત્વો દ્વારા, માફિયાઓ દ્વારા, આતંકીઓ દ્વારા ભયભીત નથી એ બતાવવાનો આમાં હું પ્રયત્ન કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ભારત સરકારની જે સંસ્થા છે, NPRB નેશનલ પ્રાઇમ રેકર્ડ બ્યુરોના આંકડા હું આપું છું. ૨૦૧૧ના તાજા જ આંકડા આપું છું. ૨૦૧૧માં દેશની સરખામણીમાં અને ૨૦૦૧ની સરખામણીમાં, સાંભળજો, ૨૦૦૧ની સરખામણીમાં ૨૦૧૧માં ગુજરાતમાં ખૂનનું પ્રમાણ ૨૦.૮ ટકા ઓછું થયું છે, ૨૦૦૧ની વસતિ કરતાં વસતિ વધી, બહારથી લાખ્ખો લોકો રહેવા આવે છે, છતાં ખૂનના ગુનાનું પ્રમાણ ૨૦.૮ ટકા ઘટ્યું. ચોરીના ગુનામાં ૨૦૦૧ની સરખામણીમાં ૧૫ ટકા ઘટાડો થયો, ધાડના ગુનામાં ૩૩.૩ ટકાનો ઘટાડો થયો.

માનનીય અધ્યક્ષશ્રી, હવે દેશની બાબતમાં પણ મારે કહેવું છે. પેલી તો મેં ગુજરાતની ચર્ચા કરી. દેશની સરખામણીમાં ગુજરાતમાં ખૂનના ગુનાનું પ્રમાણ ૪૭ ટકા ઓછું છે, એવી રીતે હિંસક ગુનાઓનું પ્રમાણ ૭૬ ટકા ઓછું છે. બીજુ, માનનીય સભ્યશ્રીએ, મહિલાઓની વાત કરી, દીકરીઓની વાત કરી, દિલ્હીમાં કોંગ્રેસની સરકાર છે, દિલ્હીમાં કેન્દ્ર સરકાર બેઠી છે. આખા દેશને ધ્રુજાવી મૂકે એવા બનાવો સતત દિલ્હીમાં બની રહ્યાં છે, એ તો દેશનું પાટનગર છે, દેશની આખી છબી દુનિયામાં ખરડાઇ છે,

માનનીય રાઉલજી સાંભળો, દેશની સરખામણીમાં બળાત્કારના ગુનાઓમાં ૧૮૫ ટકા ઓછા ગુના ગુજરાતમાં નોંધાય છે. આ ગુજરાતની પ્રજાની એક સદ્ભાવના છે, આપણો એક શિષ્ટાચાર છે અને સરકારની દેખરેખ છે. નવરાત્રી હોય, દીવાળી હોય, જાહેર ઉત્સવો હોય, લગ્નમાં પણ ૫૦ તોલા સોનુ પહેરી રિસેપ્શનમાંથી બાર વાગે દીકરી નીકળે, કોઇ લુખ્ખાની તાકાત નથી કે હાથ અડાડે, અને તમારા દિલ્હીમાં નવ વાગે બધુ બંધ થઇ જાય છે, અમે હમણાં જ જઇને આવ્યા, નવ વાગે તો દિલ્હીમાં સોપો પડી ગયેલો.

માનનીય અધ્યક્ષશ્રી, આ રીતે જોઇએ તો ગુનાઓના પ્રમાણમાં દેશ કરતાં અને ૨૦૦૧ કરતાં ગુજરાતમાં ભારત સરકારના અધિકૃત રેકોર્ડ પ્રમાણે આ પ્રમાણ ઘટ્યું છે છતાં અમારો સતત અને સઘન પ્રયત્ન છે કે રાજયમાં કાયદો અને વ્યવસ્થા દરેક સમાજની આંતરિક સુરક્ષા અને રાજયની અંદર ભાઇચારો સારી રીતે રહે, કોઇપણ જાતના પ્રશ્નો ના થાય, અને બધા હળીમળી અને રાજયના માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇના નેતૃત્વમાં વિકાસ કરે એવી અમારી ભાવના છે. આમાં બલવંતસિંહજી આપને કંઇ કહેવાનું નથી છતાં દિલ્હી જાવ તો થોડી સલાહ આપતા આવજો કે જેનો લાભ ગુજરાતને પણ મળે.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય જશાભાઇએ લોકાયુક્ત વિશે પણ ચર્ચા કરી છે લોકાયુક્તના અધિનિયમની કલમ ૫ પ્રમાણે લોકાયુક્તના ખર્ચ અંગે કોઇ ચર્ચા થઇ શકતી નથી. અત્યારે પણ એ સબજ્યુડિશ મેટર છે અને એમણે ચિંતા વ્યકત કરી ૧૬ અરજીઓ અત્યારે લોકાયુકતની કચેરીમાં પેન્ડીંગ છે અને જ્યારે પણ લોકાયુકત આવશે ત્યારે એના અંગેની કાર્યવાહી કરશે, લોકાયુક્ત કચેરીનો બધો જ સ્ટાફ નીમેલો છે અને એની કાર્યવાહી ચાલુ છે. અહીંયા માનનીય સભ્યશ્રી બાવકુભાઇ ઉંઘાડે ચૂંટણી અંગેની પ્રક્રિયાની વાત કરી અને કહ્યું કે, ખાનગી વાહનોને રીક્વીઝીટ કરી અને મોટા પ્રમાણમાં લેવામાં આવે છે. હું માનું છું ભારત દેશ જ્યારથી આઝાદ થયો અને લોકશાહી દેશ થયો અને ચૂંટણીઓ શરૂ થઇ ત્યારથી આ સતત પ્રક્રિયા છે, તમારી પણ પ્રક્રિયા છે અને તમે કહ્યું કે ૧૯૯૦ના વખતના ભાડા ચૂકવવાના બાકી છે. તો ૧૯૯૦ થી ૧૯૯૫ના સમયમાં તો કોંગ્રેસની જ સરકાર હતી તો કેમ ન ચૂકવ્યા મને ખબર નથી. પછી પણ માનનીય રાઉલજી, રામસિંહભાઇ, માનસિંહભાઇ, જશાભાઇ પોતે તમે પણ મંત્રી રહી ચૂક્યા છો. કેમ ન ચૂકવ્યા એ મને ખબર નથી. પણ માનનીય અધ્યક્ષશ્રી, મારે આ સન્માનનીય સભાગૃહની જાણકારી માટે કહેવું છે કે લોકશાહી પરંપરા પ્રમાણે અને બંધારણ પ્રમાણે ચૂંટણીઓ કરવા માટે રાજય સરકારને, ચૂંટણી તંત્રને એટલે કે ચૂંટણી પંચને આપણે મદદ કરીએ છીએ. રાજયનો તમામ ચૂંટણી ખર્ચ એ ગુજરાત સરકાર ઉપાડે છે અને આપ સૌની જાણકારી માટે કહું અંદાજે જે આંકડો અત્યારે આવ્યો છે હમણા જે ચૂંટણી થઇ એમાં લગભગ ૨૦૦ કરોડ રૂપિયા ગુજરાતની ૧૮૨ સીટોની ચૂંટણી માટે રાજય સરકારે એનો ખર્ચ ભોગવ્યો છે અને ૪૪૫૭૯ મતદાન મથકો, લગભગ ૩ લાખ જેટલા મતદાન સાથે ચૂંટણી પ્રક્રિયા સાથે સંકળાયેલા કર્મચારીઓ/અધિકારીઓ એમના માટે વાહનો, એમના ભાડા ભથ્થાની વ્યવસ્થા તથા રાજયની પોલીસ અને બહારથી ભારત સરકારના ચૂંટણી પંચે પેરા મિલિટરી ફોર્સીસ જે મૂક્યા હોય રાજયની ચૂંટણીના બંદોબસ્ત માટે, એનો પણ આવવા જવાનો ખર્ચ, એમને પણ રાજયમાં જ્યાં મૂકવામાં આવે ત્યાં પહોંચવાનો ખર્ચ આ બધો જ આપણે ઉપાડ્યો છે અને રાજયના ખાનગી વાહન ધારકોને જે વાહન જપ્ત કરીને ભાડાની કાર્યવાહી થતી હતી, હમણા જ મેં ફાઇલ ઉપર મંજૂરી આપી છે કે, ચૂંટણી પંચે નક્કી કરેલી મર્યાદા કરતા વધુ રકમ આવા વાહન માલિકોને ચૂકવવી જેથી એમને વાજબી રીતે એમનો ખર્ચ મળી રહે અને એમના જે ડ્રાઇવર આવે છે એને પણ લઘુતમ દૈનિક વેતનથી ઓછું નહીં એવું વેતન ચૂકવવાની પણ રાજય સરકારે ગુજરાતના હજારો જે વાહન ચાલકો અને વાહન માલિકો હતા એમના તરફ સહાનુભૂતિ રાખી આ મંજૂરી આપી છે અને નામદાર હાઇકોર્ટે પણ આ અંગે રાજય સરકારને માર્ગદર્શન આપ્યું હતું.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય કેશુભાઇએ જે મુદ્દો ઉપસ્થિત કર્યો છે, મને આનંદ છે કે રાજય સરકારની પ્રજાની લોકચાહના, મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇની લોકચાહના જે લોકોએ સદ્ભાવના મિશનના રાજયની અંદર ૩૩ કાર્યક્રમો થયા, શરૂઆત અમદાવાદમાંથી થઇ અને જે પ્રમાણે લોકોનો સહકાર વડિલોના આશીર્વાદ, દરેક જ્ઞાતિ, સમાજ, અબાલ-વૃદ્ધ, બાળકો સહિત ભાઇઓ બહેનો જે લાખોની સંખ્યામાં ઉમટ્યા એના કારણે આનો વ્યાપ વધારી અને ૩૩ જગ્યાએ મહાનગરો અને ૨૬ જિલ્લાઓમાં આ કાર્યક્રમ કરવામાં

આવ્યા અને મને આ સભાગૃહના માધ્યમથી ગુજરાતની પ્રજાને જણાવતા આનંદ થાય છે કે, આ સદ્‌ભાવના મિશનો દરમ્યાન દરેક જ્ઞાતિ–સમાજ, વિવિધ ધર્મ, વિવિધ ઉંમરના લોકો ત્રણ કરોડ કરતા વધુ ગુજરાતીઓ મુખ્યમંત્રીશ્રીને પ્રત્યક્ષ મળ્યા અને અમે તો સાક્ષી છીએ અમે બધા જોડે હતા, માનનીય અધ્યક્ષશ્રી, અમે જોડે ઉભા રહેતા હતા. લાખો લોકો આવ્યા હતા. તમારે જોઇએ તો વિડિયો આપીએ, ફોટોગ્રાફ આપીએ જેમ લોકો સાધુ મહાત્માની પૂજા કરે તેમ પૂજય ભાવનાથી નરેન્દ્રભાઇને જે નમસ્કાર કરતા હતા એ ગુજરાતના વિકાસ પુરુષ તરીકે એમને તમે જુઓ તો તમને તો એમ થાય કે આવા કોઇ નેતા ગુજરાતમાં નહીં આખા દેશમાં કોંગ્રેસ પાસે એક નેતા નથી કે જેને પ્રજા આટલો આવકાર આપે. કોઇ નેતા નથી તમારી પાસે. આવો સદ્‌ભાવના મિશનમાં જ્યારે આવકાર મળ્યો, આદિવાસી સમાજ હોય, દલિત સમાજ હોય, બહેનો હોય, ભાઇઓ હોય, (અંતરાય) સાહેબ આમને કહોને મને ડિસ્ટર્બ થાય છે.

અધ્યક્ષશ્રી : કંઇ વાંધો નહિ, તમે ચાલુ રાખોને,

શ્રી નીતિનભાઇ ર. પટેલ : હું શું કામ ચાલુ રાખું?

અધ્યક્ષશ્રી :તમે એનાથી ડિસ્ટર્બ થાઓ?, ભાઇ શાંતિ રાખો એ ડિસ્ટર્બ થાય છે.બસ.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : સાહેબ સહન નથી થતું, દરેક ધર્મના લોકો આવ્યા, કોઇ ધર્મ એવો નથી. કોઇ પૂજ્ય સાધુ મહાત્મા એવા નથી કે જે ના આવ્યા હોય, કોંગ્રેસવાળાને ના ગમે, મને ખબર છે, કારણ તમે સાફ થઇ ગયા એમાં સદ્‌ભાવના મિશનનો કાર્યક્રમ એક પાયાની ઈંટ સમાન હતો. માટે આ બધું થયું છે. આ માગણીઓ મંજૂર કરવા હું માનનીય સભ્યશ્રીઓને વિનંતી કરું છું.

અધ્યક્ષશ્રી : એના ખર્ચ અંગેની વાત છે ૩ કરોડ અને ૧૧ કરોડની.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : બીજુ, એસ.ટી.ના ઉપયોગની વાત છે. હું પણ અગાઉ સરકારમાં હતો. નર્મદાના બંધની જ્યારે હાઇટ વધારવાનો પ્રસંગ હોય ત્યારે પણ આપણે એસ.ટી.બસો ભાડે લેતા હતા. અન્ય પક્ષોની સરકારો પણ એસ.ટી. બસો ભાડે કરે છે અને અમે ભાડુ આપીએ છીએ. રાજય સરકાર એસ.ટી. તંત્ર પાસેથી મફત એસ.ટી. બસ લેતી નથી, રાજય સરકાર ભાડુ આપે છે, સમજી લેજો તમે, અહીંયા આક્ષેપ કરતાં હતાં કે એસ.ટી. ને નુકસાન કર્યું, એસ.ટી.ને નુકસાન નહિ, એક એક ટીકીટનું ભાડું રાજ્ય સરકારે આપ્યું છે, ગરીબ કલ્યાણ મેળામાં અમે ગરીબોને ગામમાંથી લાવીએ, એને ગરીબ કલ્યાણ મેળામાં લાવીએ, એને ચીજ વસ્તુ આપીએ, અને હસતાં હસતાં એને ઘેર મૂકી આવીએ, એવી પણ સેવાઓ એસ.ટી.એ કરી છે.

અધ્યક્ષશ્રી :હવે હું પ્રસ્તાવ મત માટે મૂકીશ, (અંતરાય) માનનીય કેશુભાઇ આમાં સવાલ ના હોય, કોઇ સવાલ ના હોય આમાં, પોઇન્ટ ઓફ ઓર્ડર પણ ના હોય, તમે બેસો, તમે બેસો રાઘવજીભાઇ, એક મિનિટ સાંભળો, શેનું છે? (અંતરાય) નહિ નહિ આની કોઇ ચર્ચા ન હોય, હવે હું પ્રસ્તાવ મત માટે મૂકીશ.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૧૩નું વિધેયક ક્રમાંક–૧૭, સન ૨૦૧૩નું ગુજરાત (પૂરક) વિનિયોગ વિધેયકનું બીજુ વાચન કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**કલમ–૨ અને ૩, અનુસૂચિ, કલમ–૧, દીર્ઘસંજ્ઞા અને ઇનેકટીંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.**

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૧૩નું વિધેયક ક્રમાંક–૧૭, સન ૨૦૧૩નું ગુજરાત (પૂરક) વિનિયોગ વિધેયકનું ત્રીજું વાચન કરવામાં આવે અને તે પસાર કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

અધ્યક્ષશ્રી : વિધેયકનું ત્રીજું વાચન કરવામાં આવે છે અને વિધેયક પસાર કરવામાં આવે છે.

અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા (બીજો દિવસ)

શ્રી જશુભાઇ ધા. બારડ(તાલાળા) : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજયના બજેટની ચર્ચામાં હું મારા વિચારો વ્યકત કરવા માટે ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, રાજયનું બજેટ એટલે સરકારની આરસી એટલે કે અરીસો. સરકારે માન્યવર રાજયપાલશ્રીના પ્રવચન વખતે જે વિગતોથી આ હાઉસને વાકેફ કર્યા અને રાજય સરકાર તે અંગે પોતે શું કરવા માગે છે તેની વિગતો લઇને બજેટના રૂપમાં હાઉસ સમક્ષ આવે છે. આટલા દિવસથી પ્રશ્નોની ચર્ચા હોય કે અન્ય કોઇ ચર્ચા હોય કે વિધેયકની ચર્ચા હોય તો સતત અને સતત એક જ વાત સરકાર પક્ષેથી કહેવામાં આવી રહી છે કે આ દસ વર્ષમાં બધું અમે જ કર્યુ છે. કોઇપણ મુદ્દો આવે તો એક જ મુદ્દો કે આ બધું અમે કર્યુ છે અને ત્યારે એમ કહેવું હોય તો કહી શકીએ એક પીકચર આવ્યું હતું થ્રી ઇડીયેટ. તેમાં એમ કહેવામાં આવતું કે ઓલ ઇઝ વેલ, એટલે સરકાર ગુજરાતની અંદર બધું જ બરાબર છે અને *(xxxxxx) તે રીતનો વાર્તાલાપ, તે રીતની ચર્ચાઓ આ હાઉસની અંદર સરકાર પક્ષે થઇ રહી છે. સાહેબ, સૌનો સાથ સૌનો વિકાસ. સાહેબ, સાથ સૌનો પણ વિકાસ યા તો...

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી,પોઇન્ટ ઓફ ઓર્ડર.. (xxxxxx) તે શબ્દો અસંસદીય છે તેને દૂર કરવા જોઇએ. (અંતરાય).

અધ્યક્ષશ્રી : તમે બેસો, હું પોઇન્ટ ઓફ ઓર્ડર દાખલ કરું પછી ચર્ચા થાયને ? સરકારને નથી કહ્યું કે સરકાર આમ કરે એની રીતે કહ્યું હોય તો આ ભૂતકાળમાં પણ રદ કર્યા છે. (અંતરાય). એક મિનિટ. આ સરકારને ઉદ્દેશીને કહેલાં હોય એ શબ્દો હું રદ કરું છું, ચલાવો આગળ.

શ્રી જશુભાઇ ધા. બારડ : માનનીય અધ્યક્ષશ્રી, હું તો કાંઇ એવું બોલ્યો જ નથી. નીતિનભાઇને તકલીફ શું છે એ કંઇ સમજ પડતી નથી. સમગ્ર રાજયનો વિકાસ અમારી સરકારે જ કર્યો છે, અમે જ કર્યો છે, દસ વર્ષમાં અમે જ કરેલો છે, પણ જયારે તપાસ કરવા નીકળીએ તો એટલી ઉંચાઇએ જવાની જરૂર નથી. માનનીય અધ્યક્ષશ્રી, જેમ પતંગને આકાશમાં ચગાવવામાં આવે અને તે બહુ ઉંચાઇએ જાય તો પછી એ દેખાતી બંધ થઇ જાય છે. અને એ પતંગને નીચે કંઇ દેખાતું નથી. વિકાસ થયો છે. અમારા માનનીય નેતાશ્રીએ ગઇકાલે હાઉસમાં તેની વિગતો આપી. પાંચ ઉદ્યોગપતિનો વિકાસ, પાંચ વ્યકિતઓનો વિકાસ. હું નામ કોઇનું નહીં આપું, પણ હકીકતો છે અને તે વિકાસની ચર્ચાઓ આજે ગામને ચોરે અને ચૌટે થઇ રહી છે. જો વિકાસ થયો હોય તો આ રાજયની વિકાસ ધારાની અંદર કામ કરનાર અને સહયોગ આપનાર ખેડૂત, મારે પૂછવું છે સરકારને કે આપ કહો છો તે પ્રમાણેનો જો વિકાસ થયો હોય તો આ રાજયનો ગરીબ ખેડૂત તેના કુટુંબ સાથે શા માટે આપઘાત કરે છે? શા માટે તે આપઘાત કરે છે? ગરીબ માણસ દેવાના ડુંગર નીચે એટલો દબાયેલો પડયો છે કે તે પણ પરિવાર સાથે આપઘાત કરે છે. સામાન્ય માણસ રોટી, કપડા અને મકાન માટે ટળવળી રહ્યો છે. ચિંતામાં બેઠો છે, અને શિક્ષિત બેરોજગારોની સંખ્યામાં શા માટે વધારો થઇ રહ્યો છે? મારે તો સરકારને કહેવું છે કે સરકાર પોતે જ દેવાના ડૂંગર નીચે બેઠી હોય તેની પાસેથી લોકો શું અપેક્ષા રાખી શકે? જો સરકાર કહે છે તેમ કામ કર્યુ જ હોય તો ૧૦ વર્ષમાં આ ઓલ ઇઝ વેલની પરિસ્થિતિ નિર્માણ થઇ હોય તો પ વર્ષથી નર્મદા યોજનામાં ૧ ફૂટનું કામ કેમ થયું નથી? નર્મદાના પાણીના વિતરણની કામગીરી શા માટે પૂર્ણ નથી થઇ શકી? નર્મદા યોજનાના કામમાં વધારેમાં વધારે વેગ આપવાનું કામ જો કોઇએ કર્યુ હોય તો એ ચીમનભાઇ પટેલે કર્યુ હતું એટલે એમને હું આજે યાદ કરું છું. આખા ગુજરાતને સાથે લઇને, ગુજરાતના તજજ્ઞોને સાથે લઇને નર્મદા યોજના માટેનું અભિયાન વિશ્વબેંકની સામે શરૂ કરીને લડાઇ લડયા હતા. આજે તો આ સરકાર નર્મદાની ચર્ચા કરવા પણ તૈયાર નથી. સાચું સ્વરૂપ નર્મદાનું બતાવવા માટે પણ તૈયાર નથી.

---

* આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર રેકર્ડ ઉપરથી દૂર કરવામાં આવ્યાં.

મારે એ પૂછવું છે કે આ રાજયની પ્રજા માટે પીવાના પાણીની વ્યવસ્થા માટે તમે કેટલા નવા ડેમ છેલ્લા ૧૦ વર્ષમાં બાંધ્યા? વિગતો તો આપો આ હાઉસમાં. રાજયના ખેડૂતોને સિંચાઇનું સીધું પાણી મળી શકે તેના માટે છેલ્લા ૧૦ વર્ષમાં તમે કેટલા નવા ડેમો બાંધ્યા તેની વિગતો તો આ હાઉસમાં રજૂ કરો. નર્મદાનું પાણી જે એરિયામાં નથી જવાનું અને ૧૮ લાખ હેકટરમાંથી ફકત ૩ લાખ હેકટર ઉપરનું પાણી સૌરાષ્ટ્ર અને કચ્છમાં આવશે, પણ જે વિસ્તારમાં નર્મદાનું પાણી નથી જવાનું એવો સૂકો વિસ્તાર જે દરિયા કાંઠાનો વિસ્તાર છે તેવા વિસ્તારને સિંચાઇની વ્યવસ્થા વધારવા માટે તમે કેટલા ડેમો બાંધીને આપ્યા એ તો જણાવો. જો આટલી જ ચિંતા કરી હોત તો મારે કહેવું પડે છે કે ખેડૂતોને તમે મોંઘા ભાવની વીજળી શા માટે આપો છો? જો તમારો આટલો જ વિકાસ થઇ રહ્યો છે તો પછી ખેડૂતોને તમે બીજા રાજયોની જેમ મફત વીજળી શા માટે નથી આપતા? ૧૯૯૨ થી વીજ કનેકશનો પેન્ડિંગ છે તે કેમ આપી શકતા નથી? બેરોજગાર લોકો ભટકી રહ્યા છે ત્યારે ચિંતા કરવાને બદલે તમે એટલી ઉંચાઇ લઇને નીકળ્યા છો કે તમને ગરીબ માણસ નીચે બેઠો છે તે દેખાતો નથી, કારણ કે તમે એટલો મોટો વિકાસ કર્યો છે એટલા ઉંચા થઇ ગયા છો કે નીચે ઉભેલો ગરીબ માણસ તમને દેખાતો નથી. અને એટલા માટે અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, આદિજાતિ, પછાત વર્ગના લોકો, ઓ.બી.સી. અને ગરીબ માણસો આજે પીડાઇ રહ્યા છે. મારે સરકારનું ધ્યાન દોરવું છે કે આ ગરીબ માણસોને તમારી પાસેથી કંઇ જોઇતું નથી, માત્ર રોટી, કપડા અને મકાન એમને જોઇએ છે, સારું સ્વાસ્થ્ય જોઇએ છે, બાળકોને સારું શિક્ષણ મળે, સારો અભ્યાસ મળે અને તેમના ઘરની બાજુમાં તેમના બાળકો મફત શિક્ષણ મેળવી શકે તે જોઇએ છે. જયારે આજે એમને જાતિનો દાખલો પણ મળતો નથી, આજે તેમની પાસે બી.પી.એલ. કાર્ડ ન હોય તો એ પણ મળતા નથી, રાહત દરના રેશન કાર્ડ પણ મળતા નથી, તેમના રેશન કાર્ડમાં નવું નામ દાખલ કરવું હોય તો એ પણ કરી આપતા નથી. મફત પ્લોટ મળતા નથી, ગામડાંને ગામતળ મળતા નથી, બેરોજગારોને નોકરી મળતી નથી, ત્યારે આ બધી જ સરકારની કામગીરી તપાસવામાં આવે તો હું એમ કહીશ કે મોટાભાગે ચાર્જમાં ચાલે છે. ટી.ડી.ઓ. તો કહે ચાર્જમા ચાલે છે, ઓવરસીયર ચાર્જમાં, તલાટી મંત્રી ચાર્જમાં, પાંચ પાંચ છ છ ગામના ચાર્જમાં, ત્યારે આ ચાર્જમાં ચાલતી સરકારનું ગરીબ માણાસોના મૂળભૂત પ્રકરણો જયાં પડયા હોય છે, તેને સર્કલ પાસે કામ છે, તેમને મામલતદાર પાસે કામ છે, કે તાલુકા વિકાસ અધિકારી પાસે કામ છે, અને તેમની પાસે તેમને જવું પડે છે, ત્યારે તેની વ્યવસ્થા ત્યાં નથી. અને એટલા માટે આ ગરીબ માણસ પીસાઇ રહ્યો છે. સરકારને કદાચ વાત કરીશું તો એમ કહેશે કે તે પણ અમે કર્યુ છે. દેશના તમામ વિસ્તારોને વસતિના પ્રમાણમાં, વસતિની જાતિના અને કામના પ્રમાણમાં આ બધું વર્ગીકરણ તો બંધારણે આપ્યું છે. ડો. ભીમરાવ આંબેડકરે આપેલ છે. એના અધ્યક્ષસ્થાને આ વર્ગીકરણ મળેલ છે. તેમ છતાં તમે એમ કહેશો કે આ વર્ગીકરણ અમારુ કરેલું છે. આ ગરીબ માણસો આજે પીસાઇ રહ્યા છે, હકીકતોને તપાસીએ તો કાંઇક જુદું ફલિત થાય છે. સરકાર કહે છે કે આ રાજયના ખેડૂતોને અમે એટલી બધી મદદ કરી જેથી કરીને ખેતીના ઉત્પાદનના આંકડામાં કિંમતમાં આવડું મોટું થઇ ગયું. ભગવાનની કૃપા છે, ખેડૂત છે એ તો આ જગતનો તાત છે અને જગતના તાતને ભગવાન, ઉપરનો તાત બેઠો છે એણે મદદ કરી છે. આટલા વરસોની અંદર સારા ચોમાસા ગયા છે. સારો વરસાદ પડ્યો છે સારા વરસાદના કારણે આપણી ખેતીનો જે પ્રકાર છે, કયાંક સુકી ખેતી છે, કયાંક બે પાળી ખેતી કરે છે. રવિ પાક અને ખરીફ પાક, કોઇ કોઇ વિસ્તારમાં ત્રણ–ત્રણ પાક લેવામાં આવે છે. અને જયારે લેવામાં આવે છે ત્યારે કુદરત મહેરબાન થતા એક પાક થતો હતો ત્યાં સારો વરસાદ થતાં બે પાક અને બે કામ જયાં લેતા હતા ત્યા ત્રણ પાક અને ત્રણ પાક હતા ત્યાં ઉત્પાદન વધ્યું છે. એનું મૂલ્ય કોણે વધાર્યું, શા માટે બીજા આંકડા નથી આપતાં? મૂલ્યના આંકડા શા માટે નથી આપતાં? આ મૂલ્યના ભાવ આ ટેકાના ભાવ કેન્દ્ર સરકાર દ્વારા વધારવામાં આવે છે. ખેડૂતોની જણસનું વળતર મળી રહે એના માટે કેન્દ્ર સરકારે આ ભાવ વધારો કરેલો છે. તમે ખેડૂતોને મદદ કરી હોય તો મારે સરકારે પૂછવું છે કે તમે વીજળીના નવા કનેકશનો કેટલા આપ્યાં? કનેકશનો મળતા હતા, ૧૯૯૨ની અરજીઓ મંજૂર થઇ, જે તે વખતે કનેકશનો લેવા જાય તો કનેકશનો આપતા હતા. ૧૫૦૦ રૂપિયા, ૧૮૦૦ રૂપિયા અને વધીને ૨૫૦૦

રૂપિયામાં અમારા વખતે કનેકશનો આપવામાં આપતા હતા. આજે નાના અને સિમાંત ખેડૂતોના કનેકશનો મંજૂર થાય તો દોઢ થી બે લાખ રૂપિયા એના ખીસ્સામાંથી લઇ લીધા છે. તમે એને કંઇ આપ્યું નથી. એ પણ મોંઘી વીજળી આપો છો. હોર્સ પાવર દીઠ વીજળી આપતા એ વીજળીના દર પણ મોંઘા કર્યા છે, તમે વચનો આપ્યા હતા કે અમે આટલા કલાક વીજળી આપીશું એની અલગ વાત કરીશ પણ તમે એને આઠ કલાક વીજળી આપો છો ૧૨ કલાક અને ૧૪ કલાકનું તમે વચન આપેલ, પરંતુ ગુજરાતના ખેડૂતોને એ પ્રમાણે વીજળી મળતી નથી. ખેડૂતોની જો કોઇએ ચિંતા કરી હોય તો એ કેન્દ્ર સરકારે કરી છે. દેવાના તળ નીચે ડૂબેલો ખેડૂત એને ઉગારવા માટે ૭૨ હજાર કરોડનું દેવું યુ.પી.એ. ની સરકારે માફ કરેલ છે, તમે કંઇ વધારાનું આપ્યું નથી. એ પછી ખેડૂત સારી રીતે ખેતી કરી શકે એ માટે ૩ લાખ રૂપિયા સુધીનું કરજ સાત ટકાના દરે આપવાનો નિર્ણય કેન્દ્ર સરકારનો છે.

શિક્ષણ સંબંધી વાત પણ મારે કરવી છે. આજની પ્રશ્નોત્તરીમાં પણ શિક્ષણની ઘણી ચર્ચા થઇ હતી. મારો સરકારને સીધો સવાલ છે કે ગરીબ માણસોના દીકરા કે દીકરીને પ્રાઇવેટ શાળામાં અભ્યાસ કરવા જવું હોય તો પણ એ જઇ શકે તેમ નથી કારણ કે એ ઘણું જ મોંઘુ છે. તમે ગુજરાતના ગરીબ બાળકો માટે, દીકરા દીકરીઓ માટે સરકાર સંચાલિત કેટલી નવી પ્રાથમિક શાળાઓ છેલ્લા દસ વર્ષમાં શરૂ કરી, કેટલી માધ્યમિક શાળાઓ અને કેટલી ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ શરૂ કરી એના આંકડા ગુજરાતની પ્રજાને આ હાઉસના માધ્યમથી આપવામાં આવે તેવું હું ઇચ્છી રહ્યો છું. જયારે વિજ્ઞાન પ્રવાહ તરફ બાળકો પોતાની દૃષ્ટિથી ભણવા જાય છે, મારે દુઃખ સાથે કહેવું પડે છે કે સેમેસ્ટર પ્રથા દાખલ થયા પછી વિજ્ઞાન પ્રવાહમાં પહેલું સેમેસ્ટર આવે છે એમાં જેટલા દિવસોની ફાળવણી કરવામાં આવી છે એટલા દિવસોમાં આ સેમેસ્ટરનો અભ્યાસ ભણાવી ન શકાય તેથી એને સેટ કરવો જોઇએ. સેમેસ્ટરના અભ્યાસને દિવસો સાથે સેટ કરવો જોઇએ એ કયારે થવાનું છે એ સરકારને પૂછવા માગું છું.

રાજયની આવકમાં વધારાની વાત થઇ. આ સુધારો કોણે આપ્યો, પી.વી. નરસિંહરાવ વખતે અને નાણામંત્રીશ્રી મનમોહનસિંહવાળી કેન્દ્ર સરકારે એવા કાયદાની પ્રક્રિયા નક્કી કરી અને જે રાજયોએ વેટ સ્વીકારવો હોય એ સ્વીકારે. ગુજરાત સરકારે વેટ સ્વીકાર્યો એના કારણે આવકમાં વધારો થયો છે.

બીજો મુદ્દો એ આવે છે કે વજન ઉપર (સમય સૂચક ઘંટડી) બે જ સેકન્ડમાં હું પૂરું કરીશ.કિંમત ઉપર, વજનના બદલે કિંમત ઉપર તમે વેટ નાખ્યો છે. તેના કારણે આવક વધી છે અને ત્યારે મારે કહેવું પડે કે આ સરકારના બજેટ સાથે સંમત થઇ શકાય નહીં અને ત્યારે અમે શું કરી શકીએ? અમે કરીએ તો ભગવાનને પ્રાર્થના કરીએ. તેનાથી વિશેષ ગાંધી મહાત્મા બેઠાં છે તેને પ્રાર્થના કરીએ કે બધાને સદ્‌બુદ્ધિ આપે. આપનો આભાર.

શ્રી જીતેન્દ્રભાઇ સ. વાઘાણી(ભાવનગર (પશ્ચિમ) : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજયના મુખ્યમંત્રી, સ્થિર અને અડગ સરકાર, નરેન્દ્રભાઇ મોદીની સરકારમાં નાણામંત્રી આદરણીય નીતિનભાઇ પટેલ જે અંદાજપત્ર લઇને આવ્યા છે તેને હું આવકારું છું, અભિનંદન આપું છું અને મારા વિચારો રજૂ કરવા માટે ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, બંદરો ઉપર મારા વિચારો રજૂ કરવાની આપની પાસેથી રજા લઉં છું. નાણામંત્રીશ્રી બંદરો અને વાહનવ્યવહાર વિભાગ માટે, માત્ર એક વિભાગ માટે ૧૬૬૪ કરોડ રૂપિયાની જોગવાઇ લઇને આવ્યા છે. તેમને હું ખૂબ ખૂબ અભિનંદન આપું છું. ૨૦૦૦-૨૦૦૧ની સાલમાં માનનીય નરેન્દ્રભાઇ મુખ્યમંત્રી બન્યા ત્યારે સમગ્ર રાજયનું બજેટ ૬,૦૦૦થી ૭,૦૦૦ કરોડ રૂપિયાનું હતું. આજે માત્ર એક વિભાગમાં ૧૬૮૪ કરોડ રૂપિયા ફાળવી રહ્યા છે. વિકાસનો આ સૌથી મોટો પુરાવો છે. કયાં ૬,૦૦૦ થી ૭,૦૦૦ કરોડનું બજેટ અને ૨૦૦૧૩-૧૪માં ૧,૧૪,૪૫૦ કરોડ રૂપિયાનું બજેટ આજે નાણા મંત્રીશ્રી લઇને આવ્યા છે ત્યારે તેમને અભિનંદન આપવા માગું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ભાવનગર જિલ્લામાં દરિયા કિનારો આવેલો છે એ જિલ્લામાંથી આવું છું. દરિયા કિનારો તો ઘણા બધા રાજયોમાં આવેલો છે. એ પશ્ચિમબંગાળ હોય, આંધ્રપ્રદેશ હોય, તામિલનાડુ હોય, કેરાલા હોય, કર્ણાટક હોય, મહારાષ્ટ્ર હોય આમ છતાં ગુજરાતના બંદરોનો વિકાસ જો શકય બન્યો હોય તો તેનું મૂળ કારણ એ બંદરોની નીતિ અને ખાસ કરીને હમણાં અહીં ઉલ્લેખ થયો છે, કાયદો અને વ્યવસ્થા. કાયદો અને વ્યવસ્થાના કારણે અને સરકારની નીતિઓના કારણે બંદરોનો ખૂબ મોટો વિકાસ થઇ રહ્યો છે. હું અહીં મારા • (xxxxxx)સભ્યશ્રીઓને કહેવા માગું છું,

અધ્યક્ષશ્રી : (xxxxxx) શબ્દ કાઢી નાખીએ છીએ.

શ્રી જીતેન્દ્રભાઇ સ. વાઘાણી : મારા સાથી વિરોધપક્ષના સભ્યશ્રીઓને કહેવા માગું છું કે તમે આવો, બીજા રાજયોમાં પણ મારા ઘણા બધા મિત્રો ઉદ્યોગપતિઓ છે. એમને બંદરના કોઇ ઉદ્યોગો હોય એ સ્થાપવા છે. એમને ગુજરાતમાં મળતી સલામતી, ગુજરાતમાં મળતી સવલતો એ ત્યાં અપાવો, હું તમને પડકાર ફેંકુ છું, મારા બે મિત્રો ત્યાં ધંધો કરવા માટે તૈયાર છે. અહીંથી બીજી પણ વાત કરવામાં આવી. કાયદો અને વ્યવસ્થાની વાતમાં બંદરોના વિભાગ ઉપર જ આવવા માગું છું પણ વિપક્ષના સભ્યશ્રીએ અહીંથી જે વાત કરી, ગુજરાતે નીચું જોવું પડે એવી સ્થિતિ, એમના મંત્રી એમની ગાડીમાં શસ્ત્રોની હેરાફેરી થાય અને એ મંત્રી ન હોય ત્યારે પકડાય એ આ ગુજરાતે જોયું છે. કયા પ્રકારનું શાસન હશે. એ લુખ્ખાઓના નામથી ગુજરાત ઓળખાતું. અમદાવાદ–લતીફ, કચ્છ–ઇભલા શેખ, પોરબંદર કોઇના નામે, વડોદરા–રાજુ રીસાલદાર આ લુખ્ખાઓ, આવારા તત્વોને સાચવનાર આ વિપક્ષી સભ્યો તેમની સરકાર હતી. સમગ્ર દેશમાં સૌથી વધારે કાર્ગો ધરાવતું કોઇ રાજય હોય તો એ ગુજરાત રાજય છે. બંદરોના ઇન્ફ્રાસ્ટ્રકચરમાં હિંદુસ્તાનમાં સૌથી વધારે રોકાણ થયું હોય તો પણ ગુજરાત છે. ભારતીય વેપાર વૈશ્વિકરણ ગુજરાતના ઔદ્યોગિક વિકાસના થનારી વૃદ્ધિના કારણે ૨૧મી સદીની ટ્રાફિકની વધતી જતી માંગને પહોંચી વળવા રાજય સરકાર દ્વારા સંતુલિત બંદર નીતિ જાહેર કરી છે. મોટા ભાગના ઉદ્યોગો બંદર આધારિત હોઇ, બંદરોના વિકાસની ખૂબ જરૂર પડે છે. આ ૧૬૦૦ કિલોમીટરનો દરિયો એ કંઇ રાતોરાત ઉભો થયો નથી. અહીંથી વારંવાર કહેવામાં આવે છે. પહેલાં સરકારો હતી કે નહોતી? પહેલાં પણ સરકારો હતી પણ દ્રષ્ટિ નહોતી. આજે ૧૬૦૦ કિમીના દરિયા કિનારાનો સર્વ શ્રેષ્ઠ ઉપયોગ નરેન્દ્રભાઇ મોદીના નેતૃત્વમાં ગુજરાત રાજ્યમાં થયો છે. ગુજરાત રાજ્યમાં ૪૧ નાના અને મધ્યમ કક્ષાના બંદરો આવેલા છે. બંદર નીતિના સફળ અમલીકરણને કારણે ૨૭ કેપ્ટીવ જેટીઓ, ૧૨ ખાનગી જેટીઓ અને ૪ ખાનગી બંદરોનો વિકાસ કરવામાં આવ્યો છે.

હું બીજુ પણ સભાગૃહના ધ્યાન ઉપર મૂકવા માગું છું. આપણા રાજ્યમાં આયાત–નિકાસમાં પણ બંદર ક્ષેત્રે ખૂબ મોટી વૃદ્ધિ થઇ છે. ૧૯૯૫માં રાજ્યના બંદરો ઉપરથી ૧૭ મિલિયન મેટ્રીક ટન ટ્રાફિકની હેરફેર થઇ હતી. ૨૦૦૪–૦૫માં એમાં પાંચ ગણો વધારે ટ્રાફિક થતાં ૯૭ મિલિયન મેટ્રીક ટનની હેરફેર થઇ છે. ત્યારબાદ વિકાસની યોજના આગળ ધપતાં છેલ્લા સાત વર્ષમાં અનેકગણો વધારો થયો છે. ૨૦૧૧માં ટ્રાફિકની હેરફેરમાં ૨૫૯ મિલિયન મેટ્રીક ટન થવા થઇ રહી છે. રાજ્ય સરકારને હું અભિનંદન આપવા માગું છું કારણ કે આ એની નીતિઓને કારણે શક્ય બન્યું છે. ૨૦૦૪–૦૫માં ગુજરાત રાજ્ય સિવાય દેશના અન્ય બંદરોની વાત કરવા માગું છું. મારા વિપક્ષના સાથી મિત્રો સાંભળો, ગુજરાત રાજ્ય સિવાય દેશના અન્ય બંદરો ઉપરથી ૩૮૪ મિલિયન મેટ્રીક ટન માલની આયાત–નિકાસ થઇ હતી. જેમાં વર્ષ ૨૦૧૧–૧૨માં ૪૬ ટકા જેટલા વધારા સાથે ૫૪૬ મેટ્રીક ટન થયેલ છે. જાન્યુઆરી ૨૦૦૪–૦૫માં ગુજરાત રાજ્યના બંદર ઉપરથી ૯૭ મિલિયન મેટ્રીક ટન ટ્રાફિકની અવરજવર થઇ હતી. એ વધીને ૨૦૧૧–૧૨માં ૨૫૯ મિલિયન મેટ્રીક ટન થયો છે. આ એનો સૌથી મોટો પુરાવો છે. એ બંદર નીતિનો કેવી રીતે ઉપયોગ કરી શકાય એ જોઇ શકાય છે. આ બંદરોને કારણે એલએનજી, પેટ્રોલિયમ પેદાશો, ક્રૂડ ઓઇલ વગેરેની આયાત–નિકાસ માટેની અત્યંત આધુનિક સુવિધા ધરાવતા બંદરોનો વિકાસ કરવામાં આવ્યો છે. મુન્દ્રા, દહેજ, સિક્કા, હજીરા, પીપાવાવનો સમાવેશ છેલ્લા ત્રણ વર્ષમાં કરવામાં આવ્યો છે. જેનાથી કંટેનર કાર્ગો દ્વારા આયાત–નિકાસમાં

• માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દ અહેવાલમાંથી કાઢી નાખવામાં આવ્યો છે.

વૃદ્ધિ થયેલ છે. ઉદારીકરણની ખાનગી નીતિનો કેન્દ્ર સરકારે અમલ કર્યો. ગુજરાત સરકારે બંદરો માટે એનો અમલ કર્યો. એની પારદર્શિતા કોઇપણ રાજ્યે રાખી હોય તો ગુજરાત રાજ્યે રાખી છે. ખાનગી બંદરોના વિકાસ માટે રાજય સરકારે પારદર્શક પદ્ધતિનો અમલ કર્યો છે. એના માટે વૈશ્વિક જાહેરાત આપી, ખાનગી મૂડી રોકાણકારો પાસેથી ઓફરો મંગાવવામાં આવી છે. ઓફરોમાં નાણાકીય સદ્ધરતા, આંતર માળખાકીય બંધારણ, મૂડી રોકાણ વગેરે ધ્યાનમાં રાખવામાં આવે છે. ખાનગીકરણને કારણે હું જે સૌરાષ્ટ્ર પ્રાંતમાંથી આવું છું ત્યાં પીપાવાવ પોર્ટનો જીએમબીના કારણે વિકાસ થયો છે. ત્યાં આજે રૂ.૨૬૦/– કરોડનું રોકાણ થવા જઇ રહ્યું છે. સૌરાષ્ટ્રનું પીપાવાવ ધીકતું ધાગતું બંદર થવા જઇ રહ્યું છે. રીસાઇકલીંગનો મારે ત્યાં શીપ બ્રેકીંગનો ખૂબ મોટો ઉદ્યોગ છે. ત્યાં સૌથી વધારે જહાજો ભાંગવામાં આવે છે અને ૩૮,૫૩,૮૭૯ ટનના ૪૧૫ જહાજો ગયા વર્ષે ભાંગવામાં આવ્યા છે. એમાં કેન્દ્ર સરકાર અનેક વિટંબણાઓ લાવી છે, એનો ઉલ્લેખ કરવા માગતો નથી. એમાં ડ્યૂટીઓ નાંખી છે જેના કારણે અલંગનો ઉદ્યોગ મુસીબતમાં આવી ગયો છે. સૌરાષ્ટ્રના ઘોઘા–દહેજ વચ્ચે રો–રો ફેરી સર્વિસનો વિરોધપક્ષના નેતાશ્રીએ ઉલ્લેખ કર્યો હતો. એમણે આ બાબતે માફી માગવી જોઇએ. રો–રો ફેરી સર્વિસનું કામ રાજ્ય સરકાર કરી રહી છે ત્યારે વિરોધપક્ષના મિત્રોને હું આમંત્રણ આપું છું, મિત્રો વાત નથી, ૫૦ ટકા કરતાં પણ વધારે કામ ત્યાં પૂર્ણ થયું છે, જેટીનું કામ પૂરું થયું છે. એના માટે રોડ, ઇન્ફ્રાસ્ટ્રકચરનું પહેલાં આયોજન કર્યું છે, ચાર માર્ગીય રોડ અત્યારે બની ગયા છે. આ પ્રકારનો વહીવટ કરી રહી છે ત્યારે એક વાત,

‘‘ સીર્ફ આસમાન છૂ લેના હી કામયાબી નહીં હૈ, નાઇટ વોચમેન કી તરહ, અસલી કામયાબી તો વો હૈ કી આસમાન ભી છૂ લો ઔર પાંવ ભી જમીન પર હો, નરેન્દ્ર મોદી કી તરહ.’’

માનનીય અધ્યક્ષશ્રી, આ અંદાજપત્ર લઇને આવ્યા છે એમને હું ખૂબખૂબ આવકારું છું અને ગુજરાતનો વિકાસ એ સમગ્ર દેશ અને દુનિયા આવનારા દિવસોમાં જોવા આવશે.

શ્રી બળદેવજી ચં. ઠાકોર(કલોલ) : માનનીય અધ્યક્ષશ્રી, જયારે નાણામંત્રીશ્રી આ ગૃહની અંદર બજેટ લઇને આવ્યા છે ત્યારે એમાં ભાગ લેવા માટે હું ઉભો થયો છું. આ દેશની અંદર આપણા રાષ્ટ્રપિતા એવા મહાત્મા ગાંધીએ અંગ્રેજોની ચુંગાલમાંથી સમગ્ર દેશને આઝાદી અપાવી છે. એ આઝાદી અપાવનાર •(xxxxxx) (અંતરાય) આ ગાંધીનગરની અંદર મહાત્મા મંદિર બન્યું છે. તમને મહાત્મા ગાંધી મંદિર બનાવતા પણ શરમ આવે છે. (અંતરાય) મહાત્મા મંદિર કહો છો (અંતરાય) જવાબમાં આપજો. મહાત્મા ગાંધી મંદિર નહીં પણ મહાત્મા મંદિર . આ દેશને અંગ્રેજોના શાસનમાંથી આપણને મુકિત અપાવનાર મહાત્મા એ રાષ્ટ્રના પિતા કહેવાય. છતાં ગાંધીનગરની અંદર મહાત્મા ગાંધી મંદિર નામ આપણે આપી શકતા નથી. માનનીય અધ્યક્ષશ્રી, નર્મદાની વાત, જયારથી ભારતીય જનતા પાર્ટીનું શાસન આવ્યું છે. હું કહું છું (અંતરાય)

અધ્યક્ષશ્રી : કોઇ વચ્ચે ન બોલો એમને બોલવા દો. તમને પણ તક આપવામાં આવશે.

શ્રી બળદેવજી ચં. ઠાકોર : જયારથી શાસન આવ્યું છે ત્યારથી મેં કર્યુ, મેં કર્યુ એની વાતો કરવા કરતા ખેડૂતના ખેતર સુધી પાણી પહોંચે એની ચિંતા કરવાની આપણને જરૂર છે. ઘણીબધી નર્મદાની કેનાલો બાકી છે ત્યારે મારે તમને કહેવું છે કે કરોડો રૂપિયા આપણા નાણામંત્રીશ્રીએ બજેટમાં ફાળવ્યા છે. ઝડપથી કામ પૂરું કરવા માટે પણ સાબરમતિ જેલની અંદર ચમચી અને થાળીથી જો બાર ફૂટ લાંબી અને છવ્વીસ ફૂટ પહોળી સુરંગ ખોદાતી હોય તો મારે આ સરકારનું ધ્યાન દોરવું છે કે આ ગુજરાતના તમામ કેદીઓને જો ચમચી અને થાળી આપી દેવામાં આવે તો ખેડૂતોના ખેતર સુધી સુરંગની જગ્યાએ જો નહેર ખોદવાની આવે તો વગર પૈસે નહેર ખોદાશે. ખેડૂતની વાતો કરવાવાળી આ સરકારને મારે કહેવું છે કે ભારતીય જનતા પાર્ટીનું શાસન ગુજરાતમાં જયારથી આવ્યું છે ત્યારથી આઠ કિલોમીટરનો કાયદો ભારતીય જનતા પાર્ટીના શાસનમાં જયારે થયો ત્યારે દરિયા કિનારા સુધી અને છેક કચ્છના રણ સુધી આ રાજયની મોટા ભાગની જમીનો ખેડૂતો પાસેથી હું માનુ છું ત્યાં સુધી ઉદ્યોગપતિઓ પાસે પહોંચી ગઇ છે. આઠ

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા.

કિલોમીટરનો કાયદો આવવાથી ખેડૂતોએ જમીન વેચવાનો વિચાર કર્યો, એના કારણે મોટા ભાગની જમીનો આ રાજયના ઉદ્યોગપતિઓ પાસે કે કરોડપતિઓ પાસે પહોંચી ગઇ છે. આ ખેડૂત માટે ભારતીય જનતા પાર્ટીના શાસનમાં આ કાયદો થયો છે. ખેડૂતોની વીજળીની વાત આવે, ખેડૂતોના બોર બનાવતા હોય એના બિલની વાત આવે ત્યારે જો ખેડૂતો કદાચ બિલ ભરવામાં બે–ત્રણ દિવસ કે અઠવાડિયું મોડા પડી જાય તો પોલીસ બંદોબસ્ત સાથે એનું કનેકશન કાપવા માટે જતા હોય છે. એને હાથકડી લગાવતા હોય છે અને કોઇ મોટા ઉદ્યોગપતિનું બિલ બાકી હોય તો એને રાહત આપી એને હપ્તા કરી આપવાના અને કઇ રીતે એનું કારખાનું ચાલે એની વ્યવસ્થા સરકાર તરફથી કરવામાં આવતી હોય છે ત્યારે ખેડૂતોનું પણ આવું બિલ બાકી હોય ત્યારે એને પણ રાહત આપવામાં આવે, એને ટાઇમ આપવામાં આવે, અને એનો પાક ના સૂકાય એની ચિંતા કરવામાં આવે એવું આપના દ્વારા હું સરકારને કહેવા માગુ છું.

શહેરી વિકાસની વાત આવે છે ત્યારે મારે કહેવું છે કે તમામ નગરપાલિકાઓને રોડ રસ્તા બનાવવા માટે મોટી ગ્રાન્ટ ફાળવવામાં આવે છે. ગરીબોની સોસાયટીમાં કઇ રીતે રોડ ના બનાવે એનું આયોજન આ ભારતીય જનતા પાર્ટીના શાસનમાં થયું છે. આ સરકારના શાસનમાં થયું છે. જે સોસાયટીના લોકો ૨૦ ટકા પૈસા ભરે એને ૮૦ ટકા પૈસા સરકાર આપે છે. સોસાયટીના લોકો રોડ બનાવે છે અને ગરીબ માણસોની જે સોસાયટી હોય એ ૨૦ ટકા પૈસા ન ભરે એટલે એમની સોસાયટીમાં રોડ કે વિકાસ કામો થતા નથી. ખાનગી સોસાયટીમાં પણ આવી ગ્રાન્ટ ફાળવવામાં આવતી હોય છે. સામેથી સભ્ય બોલતા હતા કે આ રાજ્યમાં ગુંડાગીરી ચાલતી હતી, આમ ચાલતું હતું અને તેમ ચાલતું હતું. મારે કહેવું છે કે જ્યારે એન.ડી.એ.નું શાસન હતું ત્યારે એ વખતના તત્કાલિન ગૃહમંત્રી અઝહર મસૂદને વિમાનમાં કરોડો રૂપિયા સાથે કંદહાર મૂકવા ગયા હતા એ વાત યાદ કરાવું છું.

જ્યારે નર્મદાની વાત આવે છે ત્યારે અમારા વિસ્તારમાંથી સૌરાષ્ટ્ર કેનાલ પસાર થાય છે એની નાણામંત્રીશ્રી થોડી ચિંતા કરે. જે સૌરાષ્ટ્ર શાખા નહેર બનાવવામાં આવી છે એ પાકી કેનાલ નહીં પણ ઇંટોથી બનાવવામાં આવી છે. ખરેખર આવડી મોટી કેનાલ હોય, સૌરાષ્ટ્રને પાણી પૂરું પાડવાનું હોય ત્યારે એ આર.સી.સી.ની બનાવવી પડે. પરંતુ એ ઇંટોની કેનાલ બનાવવાના કારણે ઇંટોના કારણે પાણી જમીને ખેડૂતોની આજુબાજુની જમીનમાં ૨૪ કલાક પાણી રહે એટલે એ લોકો ખેતી કરી શકતા નથી. આ બજેટમાં એવી જોગવાઇ કરો અને ફરી આર.સી.સી. કરો કે જેથી આજુબાજુના ખેડૂતોની જમીન બગડતી હોય છે એ ન બગડે એવી વ્યવસ્થા કરવામાં આવે તો ઘણું સારું રહેશે.

માનનીય અધ્યક્ષશ્રી, અમદાવાદની આજુબાજુમાં કરોડોની કિંમતી જમીનો આવેલી છે. ખોટા દસ્તાવેજો કરી જમીન માફિયાઓ આવી જમીન પડાવી લેવાનું કામ કરતા હોય છે. આ એક ચિંતાનો વિષય છે ત્યારે મારે કહેવું છે કે ખેડૂતો ઉપર ખોટા કેસો દાખલ કરી એમાં ઘણા બધા લોકો સામેલ હોય છે, એમાં પોલીસ અધિકારીઓ પણ સામેલ હોય છે. એમનો એમાં ભાગ હોય છે. કિંમતી જમીનોમાં ભાગ કરી ખેડૂતોને દબડાવીને એ જમીનનો કબજો લઇ અને કઇ રીતે પોતાના ધંધાઓ કરતા હોય છે એ આપણે જાણીએ છીએ. આવા સંજોગોમાં આપના દ્વારા ગૃહમંત્રીશ્રીનું ધ્યાન દોરવા માગું છું કે જે આવા અધિકારીઓ જમીનના ધંધાઓ સાથે સંકળાયેલા છે અને ખેડૂતોને ખોટી રીતે ધાક–ધમકી આપીને જમીન પડાવી લેતા હોય છે ત્યારે ગૃહ વિભાગે પણ આની ચિંતા કરવા જેવી છે. મેં કર્યું, મેં કર્યું એ વાતમાંથી બહાર નીકળો. આપણે બધું કર્યું એવું કહેવડાવશો તો સારું કહેવાશે. *(xxxxxx) એ કરોડો રૂપિયા બજેટમાં ગરીબ ખેડૂતોના વિકાસ માટે ફાળવ્યા હોત તો...(અંતરાય)

**અધ્યક્ષશ્રી :** તમારું (xxxxxx) એ આખો પૅરેગ્રાફ કોઇ વ્યક્તિને લગતો હોઇ, કાં તમારે નામ કહેવું જોઇએ. નામ કહેવું હોય તો જેની ટીકા કરો એને જાણ કરવી જોઇએ એ કરેલ નથી, એટલે એ રદ કરીએ છીએ.

---

* આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી કાઢી નાખવામાં આવ્યા છે.

**અધ્યક્ષશ્રીનો નિર્ણય**

**રદ થયેલા શબ્દો છાપાઓમાં પ્રસિદ્ધ ન કરવા અંગે.**

**અધ્યક્ષશ્રી :** એક સૂચના પત્રકાર મિત્રોને છે કે જે શબ્દો રદ થાય કે આમ બોલ્યા અને રદ કર્યું એ પણ છાપામાં ન આવવા જોઇએ એવી પત્રકાર મિત્રોને વિનંતી છે. કારણ કે વિધાનસભાની અંદર રેકર્ડ ઉપર હોય એ જ વસ્તુ બહાર પ્રસિદ્ધ થવી જોઇએ. જે શબ્દો રેકર્ડમાંથી કાઢી નાખ્યા છે એ અત્યાર સુધી થતું હતું પણ હવે રેકર્ડ ઉપરથી કાઢેલ વસ્તુ પ્રસિદ્ધ ન થાય એનો ખાસ ખ્યાલ રાખશો.

**શ્રી બળદેવજી ચં. ઠાકોર :** માનનીય અધ્યક્ષશ્રી, આજે શિક્ષણ બે ભાગમાં વહેંચાઇ ગયું છે. એક ગરીબ લોકોના બાળકો માટેનું અને એક પૈસાદાર લોકોના બાળકો માટેનું શિક્ષણ. ગરીબ લોકોના બાળકો રાજ્યમાં ચાલતી ગ્રાન્ટેબલ શાળાઓમાં ભણતા હોય છે, આ રાજ્યની સરકારી પ્રાથમિક શાળાઓમાં ભણતા હોય છે અને સુખી અને પૈસાદાર લોકોના બાળકો ખાનગી શાળાઓમાં ભણતા હોય છે. (સમયસૂચક ઘંટડી) આ રાજ્યમાં મોટાભાગના ડેમો એ કોંગ્રેસના શાસનમાં બનેલા હતા. આ શાસનમાં ચેકડેમો બન્યા. બોરીબંધ બન્યાં, ચેકડેમમાં કેટલું પાણી સમાય? બોરીબંધમાં કઇ રીતે પાણી સમાય? ૧૦ x ૧૦ ની ખેત તલાવડી કઇ રીતે બને? એ તમામે તમામ ૧૦ x ૧૦ની ખેત તલાવડી અમારા રાજ્યમાં બનેલી છે. ચેકડેમ અમારા રાજમાં બનેલા છે. બોરીબંધ સિવાય આ રાજ્યમાં કાંઇ બન્યું નથી. તમામે તમામ મોટામોટા જે ડેમો બન્યાં છે એ કોંગ્રેસના શાસન સિવાય કોઇ રાજ્યમાં બન્યાં નથી.

શ્રી શંભુજી એ. ઠાકોર(ગાંધીનગર (દક્ષિણ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી ૨૦૧૩-૧૪નું બજેટ લઇને આવ્યાં છે એના વિષે મારી વાત રજૂ કરવા ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, પૂજ્ય બાપુના નામ સાથે સંકળાયેલ ગાંધીનગર આપણાં ગૌરવવંતા પાટનગરના વિકાસ વિષે મારે વાત કરવી છે. આપણાં આ પાટનગર ગાંધીનગરની સ્થાપના ૨જી ઓગષ્ટ ૧૯૬૫ ના દિવસે જી.ઇ.બી.ના ગેસ્ટ હાઉસમાં પ્રથમ ઇંટ મૂકી એની સ્થાપના કરવામાં આવી ત્યારથી અમે ગાંધીનગરવાસીઓ ૨જી ઓગષ્ટને ગાંધીનગરના જન્મદિવસ તરીકે ત્યાં ઉજવીએ છીએ. આ ગાંધીનગરનો અત્યારનો જે વિકાસ છે એ ૨૫ વર્ષ પહેલાના વિકાસ વિષે પણ મારે કાંઇ કહેવું છે. ૧૯૭૮માં ગાંધીનગરના સેકટર-૩૦માં અમે કલોલથી કોર્ટની માગણી કરી લાવેલ હતા ત્યારે આ રહેઠાણના મકાનમાં આ કોર્ટ બેસતી હતી. જ્યારે ઉનાળો હોય, વૈશાખના વાયરા વાતા હોય ત્યારે એટલી બધી આંધી ચઢે તો અમે કોર્ટની બહાર બેસી શકતા નહોતા અને અમારે બારી-બારણાં બંધ કરી દેવા પડતા હતા ત્યારે બીજા દિવસે ગાંધીનગરને ખબર પડે કે આ ગાંધીનગર છે કે આંધીનગર એવું આ ગાંધીનગર હતું. ચોમાસાની સિઝનમાં જ્યારે થોડો વરસાદ પડે તો સેકટર-૩૦ની આજુબાજુ જવા માટે કોઇ રસ્તો ખુલ્લો ના હોય એવું ચારેબાજુ પાણી ભરાય જાય એવું આ ગાંધીનગર હતું સાહેબ, પણ માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી જ્યારથી ગુજરાતના મુખ્યમંત્રી બન્યાં ત્યારથી આ ગાંધીનગરનો જે રીતે વિકાસ થયો છે. સાહેબ, ઘ-રોડ હતો એ સીંગલ રોડ હતો. ચ-રોડ હતો એ પણ સીંગલ રોડ હતો ત્યાંથી વાહનો ના નીકળી શકે એટલું પાણી ભરાતું. આજે આપણે જોઇ શકીએ છીએ કે આ જે સીંગલ રોડ હતા એ રોડ આજે ફોર લેઇન થયા છે, સીકસ લેઇન થયા છે. જયારે ગાંધીનગરમાં વર્ષે આ ગાંધીનગરના વિકાસ માટે વારંવાર બજેટમાં વધારો કરવામાં આવે છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારે એ પણ વાત કરવી છે કે ગાંધીનગરમાં સમાવિષ્ઠ પાંચ ગામો હતા. આ પાંચ ગામોમાં ગાંધીનગરની સ્થાપના થયે ૪૦-૪૨ વર્ષ થયા પણ ત્યાં ગટર લાઇન ન હતી. માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીના નેતૃત્વ નીચેની સરકારે આ પાંચ ગામોમાં ગટર લાઇન કરી છે. રાજ્યના પાટનગર ગાંધીનગરનો સર્વાંગી વિકાસ થાય અને અદ્યતન બનાવવા માટે પાટનગર યોજના વિભાગ દ્વારા છેલ્લા ૧૨ વર્ષમાં આ બજેટમાં ૧૩ ગણો વધારો થયો છે. ૨૦૦૧ અને ૨૦૦૨માં ૧૭ કરોડની સામે ૨૦૧૨-૧૩માં ૨૨૧.૬૬ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. એટલે કે આ જે બજેટ છે એ બજેટ ચાલુ સાલમાં ૩૮૦ કરોડનું બજેટ ફાળવવામાં આવ્યું છે. ગાંધીનગરમાં ઇન્ફ્રાસ્ટ્રકચરના કામો જેવા કે- રસ્તા, પાણી-પુરવઠા, સેન્ટ્રલ વિષ્ટા, ડ્રેનેજ, સ્ટ્રોમ વોટરના નિકાલ માટેના કામો પણ ગાંધીનગરમાં ખૂબ મોટા પ્રમાણમાં થયા છે. માનનીય અધ્યક્ષશ્રી, આ સુધારણા-વધારણાના કામો અત્યારે આપણે જોઇ શકીએ

છીએ કે, ગાંધીનગરના સર્કલો, સાહેબ રાત્રે ફરવા નીકળીએ તો શાંતિથી બેસીએ એવા સર્કલો ચારેય બાજુ આ ગાંધીનગરમાં થયેલા છે. આવા ૧૯ સર્કલોનો પબ્લિક પ્રાઇવેટ પાર્ટનરશીપ નીચે વિકાસ કરવામાં આવ્યો છે.

માનનીય અધ્યક્ષશ્રી, મુખ્ય કામગીરી પૈકી ગત વર્ષોમાં ગાંધીનગર શહેરના કુલ ૨૯.૨ કિલોમીટરના મુખ્ય માર્ગો, ફોર લેન થી સીક્સ લેનના કરવાની કામગીરી રૂપિયા ૬૭૦ લાખના ખર્ચે કરવામાં આવી છે. અને શહેરના ૯૬ કિલોમીટરના માર્ગો પરની ફૂટપાથની કામગીરી પૂર્ણ કરી છે. રેલવે સ્ટેશનથી ચ–રોડ સુધીનું સેન્ટ્રલ વિસ્ટા ભાગ–૧નું કામ રૂપિયા ૨૦.૭૦ કરોડના ખર્ચે પૂર્ણ કરવામાં આવ્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ ગાંધીનગરમાં વારંવાર ગટરો ઉભરાવવાનો પ્રશ્ન હતો પણ માનનીય મુખ્ય મંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબના નેતૃત્વ નીચેની સરકારે ૭૬ એમ.એલ.ડી.નો સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ અને જાસપુરથી હાજીપુર સુધી ૧૫ કિલોમીટરની ડ્રેનેજ લાઇનની કામગીરી પૂર્ણ કરી છે. આ ગાંધીનગરના કર્મચારીઓ માટેના જે મકાનો હતા એ મકાનોના રિનોવેશન માટે ૫૮૬૪ મકાનોની સુધારણાની કામગીરી ૩૩ કરોડના ખર્ચે પૂર્ણ કરેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગાંધીનગર ખાતે ગુજરાત સ્ટેટ ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઇન્સ્ટિટ્યૂટ, કલેકટર કચેરી, સ્ટેટ ઇમરજન્સી ઓપરેશન સેન્ટર અને સરકારી ઇજનેરી કોલેજના મકાનની કામગીરી પણ ૮૬.૭૯ કરોડના ખર્ચે પૂર્ણ કરવામાં આવી છે. આ ગાંધીનગર શહેરને સોલાર સિટી બનાવવા માટે પણ આ બજેટમાં ગ્રાન્ટ ફાળવવામાં આવી છે. ગાંધીનગરના શૈક્ષણિક સંકુલો, ગાંધીનગર આજે શિક્ષણના ધામ તરીકે વિકાસ પામી રહ્યું છે ત્યારે આજે ગાંધીનગરની જે રીતે ઓળખ થઇ છે પૂજ્ય બાપૂના નામ સાથે, અત્યાર સુધી ગાંધીનગરમાં એવું કોઇ મહત્વનું સ્ટેચ્યુ નહતું કે જેથી ગાંધીનગરની આગવી ઓળખ થાય. આ કામ પણ માનનીય મુખ્યમંત્રીશ્રીના નેતૃત્વ નીચેની સરકારે "મહાત્મા મંદીર" બનાવીને ગાંધીનગરની એક આગવી ઓળખ ઉભી કરી છે.

માનનીય અધ્યક્ષશ્રી, કર્મચારીઓ માટે જે નાના કર્મચારીઓ છે એમના ૧,૦૨૫ મકાનોના કામો ૧૭ કરોડના ખર્ચે પૂર્ણ કરવામાં આવ્યા છે. સચિવાલય કેમ્પસના વિકાસનું કામ પણ ૨૩૩૦ કરોડના ખર્ચે, જુદા જુદા સેકટરોમાં વરસાદી પાણીના નિકાલ માટેની લાઇનો અને આ પુનિત વન જેવું વન બનાવી અને ગાંધીનગરની એક સુંદર ઓળખ થાય, ગાંધીનગર સુંદર બને એ માટેની ઓળખ પણ આ સરકારે કરી છે.

માનનીય અધ્યક્ષશ્રી, સંસ્કૃતિ કુંજ, એ કુંજમાં વસંત ઉત્સવ થતો હોય અને આખા દેશની ટીમો આવતી હોય એ માટે ગાંધીનગરમાં દર વર્ષે વાર્ષિકોત્સવ ઉજવવામાં આવે છે ત્યારે આ ગાંધીનગરનો આજે આપણે જે વિકાસ જોઇ રહ્યા છીએ, સુંદર રસ્તાઓ, સુંદર સર્કલો અને સુંદર મકાનો બની રહ્યા છે ત્યારે આ ગાંધીનગર માનનીય મુખ્યમંત્રીશ્રીની દિર્ઘ દ્રષ્ટિ, જે વિકાસશીલ છે એના આધારે આ વિકાસ થયો છે ત્યારે આજે મને અહીં જે બોલવાની તક આપી એ માટે આપ માનનીય અધ્યક્ષશ્રીનો આભાર માની મારી વાત પૂરી કરું છું.

શ્રી મોહનસિંહ છો. રાઠવા(છોટાઉદેપુર) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણા મંત્રીશ્રી ૨૦૧૩–૧૪ ના વર્ષનું જે બજેટ લઇને આવ્યા છે, તેના ઉપર સામાન્ય ચર્ચા કરવા માટે ઊપસ્થિત થયો છું.

અનેક માનનીય ધારાસભ્યશ્રીઓને મેં શાંતિથી સાંભળ્યા છે. ૧૯૬૦ માં ગુજરાતની રચના થઇ. આજે આઝાદીના ૬૪ વર્ષ પછી વિકાસનાં કામોમાં ગુજરાતમાં અનેક રીતે અનેક સરકારોએ જુદાં જુદાં પ્રકારનાં કામો કર્યાં છે. કોઇ એમ કહેતું હોય કે ગુજરાતનો વિકાસ કરવામાં અમે જ બધુ કર્યુ, એવી લાગણી હું જ્યારે આ ચોપડી વાંચતો હતો, ત્યારે જી.ડી.પી.નો વિકાસ દર ૧૯૯૦ થી ૧૯૯૪ ના શાસન દરમિયાન સૌથી ઊંચો ૧૬.૭૩ ટકા જેટલો દર રહ્યો હતો. બીજા ક્રમે આ સૌથી ઊંચો વૃદ્ધિ દર ૧૯૮૧ થી ૧૯૮૫ તે વખતે માનનીય માધવસિંહ સોલંકીના શાસનકાળ દરમિયાન હતો. ત્રીજા ક્રમે તે ૧૯૮૫ થી ૧૯૯૦ મુખ્યમંત્રી અમરસિંહ ચૌધરી હતા ત્યારે તેમના શાસનગાળા દરમિયાન એ વૃદ્ધિ દર ૧૩.૬૪ ટકા રહ્યો હતો. માનનીય નરેન્દ્રભાઇ મોદી ૨૦૦૧ થી ૨૦૦૯ ના ગાળા દરમિયાનનો વૃદ્ધિ દર ૧૦.૩૦ ટકા અને ૨૦૦૫ થી ૨૦૧૧ ના ગાળા દરમિયાનને ધ્યાનમાં લઇએ તો ૯.૩૫ ટકા જેટલો ઊંચો વૃદ્ધિ દર હતો. અત્યારે ૨૦૦૩–

૨૦૦૪ માં ૧૪.૭૭ ટકા વૃદ્ધિ દર થયો છે. સૌથી ઊંચો વૃદ્ધિ દર ૪૦.૧૮ ટકા ૧૯૮૮ થી ૧૯૮૯ ના વર્ષ દરમિયાન સિદ્ધ થયો છે. ૧૯૯૨–૯૩ માં ૩૪.૩૩ ટકા શ્રી ચીમનભાઇના શાસન દરમિયાન આ સિદ્ધ થયો હતો. માધવસિંહભાઇના શાસન દરમિયાન ૧૯૮૩ થી ૧૯૮૪ માં વૃદ્ધિ દર ૬૩.૬ ટકા હતો. એમ ૫૦ વર્ષનો ઇતિહાસ આપણે જોઇએ તો ૧૯૭૦–૭૧ માં ૧૫.૩૫ ટકા, ૧૯૭૩–૭૪ માં ૨૨.૩૩ ટકા, ૧૯૭૫–૭૬ માં ૨૮.૫૦ ટકા, ૧૯૮૧–૮૨ માં ૨૫.૩૨ ટકા, ૧૯૯૬–૯૭ માં ૧૯.૩૩ ટકા અને ૨૦૦૩–૦૪ માં ૧૪.૭૭ ટકા વૃદ્ધિ દર થયો છે. ગુજરાતમાં અત્યાર સુધીની સરકારોમાં, કારણ કે હું પણ એક વખત મંત્રી હતો. અત્યાર સુધીની સરકારોમાં કોઇએ વેટ નાખ્યો નહોતો. વેટ અને સેલ્સ ટેક્સની આવક એકલી ગુજરાતમાં ૪૫,૩૦૦ કરોડ રૂપિયા એટલે કે ૩૯.૯૨ ટકા આ ૨૦૧૩–૧૪ માં ગુજરાતને મળશે. એવી જ રીતે વેચાણ વેરા અને વેટ ઉપર અન્ય વેરા પેટે ૧૪૯૭ કરોડ ૮૧ લાખ રકમ ગુજરાતને મળશે. એમ કરોડો રૂપિયા ગુજરાતને મળશે. પરંતુ હું ગઇ વખત વિચારતો હતો કે ગુજરાતમાં લોકો કહે નર્મદા યોજના બનાવવામાં અમારો મહત્વનો હાથ છે. જે તે વખતે ૧૯૭૧ પહેલા નર્મદા યોજના ગુજરાતમાં બની ન હતી.

માનનીય અધ્યક્ષશ્રી, નર્મદા યોજના બનાવવાનું કામ સ્વ.ચીમનભાઇ પટેલ, સ્વ.અમરસિંહભાઇ ચૌધરી, માનનીય માધવસિંહભાઇ સોલંકી તેમના વખતમાં સમગ્ર ગુજરાતના લોકોએ નક્કી કરેલું કે ગુજરાતની જીવાદોરી નર્મદા યોજના કોઇપણ ભોગે ગુજરાતમાં બનાવીને આપણે રહીશું. ગુજરાતની ૧૮ લાખ હેકટર જમીનને સિંચાઇ મળે, પીવાનું પાણી મળે અને ગુજરાત નંદનવન બને એવું કાર્ય સફળ કરવા માટે સ્વ.ચીમનભાઇએ નક્કી કરેલું. એ દિવસો પણ મને યાદ છે કે બાબા આમ્ટે અને મેધા પાટકર કોઇપણ ભોગે આ નર્મદા યોજનાને નહીં બનવા દેવી, તેના માટે છોટાઉદેપુર તાલુકાના એક ગામડામાં એક મહિનો સુધી ગુજરાતના અનેક આગેવાનો બધા એક મહિનો કડકડતી ઠંડી સહન કરીને આ નર્મદા યોજના બનાવવા માટે મહેનત કરી, તેના કારણે ૮૫ મીટર જેટલો બંધ સ્વ. ચીમનભાઇ, સ્વ. અમરસિંહભાઇ, માધવસિંહભાઇના વખતમાં આ બંધ બન્યો. પછી બીજા લોકો ભલે એમ કહેતા હોય કે નર્મદાનું પાણી અમે લાવ્યા તાણી, નર્મદાનું પાણી અમે લાવ્યા તાણી. જે કરનારા લોકો આ દુનિયામાંથી જતા રહ્યા. એમણે કહ્યું હતું કે આ પૈસા તમે કયાંથી લાવશો તો કહ્યું કે ભીખનું શિકોરું લઇને હું કોઇ જગ્યાએ જવાનો નથી. નર્મદાનો બંધ હું બાંધીને રહીશ. એ શબ્દો કહેનારા સ્વ.ચીમનભાઇ પટેલને પણ મેં સાંભળ્યા છે. ગુજરાતમાં ૪૦ જેટલા બજેટો અમે જોયા છે. એ ૪૦ જેટલા બજેટો જોયા પછી મને એમ લાગે છે કે આ ગુજરાતનું પાટનગર ગાંધીનગર પણ તે વખતે નહીં હતું. ગાંધીનગરને પાટનગર કોણે બનાવ્યું, કેવી રીતે બનાવ્યું તેનો પણ વિચાર કરવાનો ઘટે.

આજે પણ આપણે જુદી જુદી વાતો કરીએ છીએ કે, ૨૦૧૩–૧૪ માં આરોગ્ય માટે ૩૮૦૦ કરોડની જોગવાઇ, આદિવાસી વિસ્તારમાં ૫૦ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો અને ૧૦ સામૂહિક આરોગ્ય કેન્દ્ર બનાવવાના છે. ચાર વર્ષ પહેલાં જે આરોગ્ય કેન્દ્ર બનાવવા માટે એક–એક કરોડ રૂપિયાની રકમ મંજૂર થયેલી છે તેવા આદિવાસી વિસ્તારના છોટાઉદેપુર, જેતપુર, નસવાડી અને કવાંટ તાલુકાના પાંચ જેટલા દવાખાના જે મંજૂર થયેલા છે તે પણ પી.આઇ.યુ. મારફતે બનાવવાના છે, તે કોણ બનાવે તે દવાખાના પણ મંજૂર કરી શકતા નથી. જે સામૂહિક આરોગ્ય કેન્દ્રો ૧૭ જેટલા છે અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો છે. તે સામૂહિક અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોની અંદર વર્ગ–૧નું મહેકમ ૪૬ જેટલી જગ્યાઓ મંજૂર થયેલી છે તેમાંથી ખાલી જગ્યાઓ ૪૦ છે. ૪૬ માંથી ૪૦ જગ્યાઓ ખાલી છે. વર્ગ–૨ની મંજૂર જગ્યાઓ ૭૭ છે તેમાંથી ખાલી જગ્યાઓ ૨૬ છે. વર્ગ–૩ અને ૪ ની ૪૯૮ જગ્યા છે. તેમાંથી ૧૭૨ ભરેલી છે. તેવી જ રીતે પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો ૮૦ છે. તેમાંથી ડોકટરની ૬૦ જગ્યા ખાલી છે. વર્ગ–૩ અને ૪ની કુલ ૬૨૮ જગ્યાઓ ખાલી છે. મારી એટલી જ લાગણી છે કે આ આદિવાસી વિસ્તારમાં ડોકટરોની જગ્યા જલદી ભરાય તો આદિવાસીઓને કોઇપણ પ્રકારની બિમારી હોય તેમાં આવા ડોકટરો સારવાર આપી શકે.

શ્રી જગદીશભાઇ ઇ. પંચાલ(નિકોલ) : માનનીય અધ્યક્ષશ્રી, રાજયમાં કાયદો અને સુવ્યવસ્થાની જાળવણી તથા શાંતિ અને સુસંવાદિતાને સુનિશ્ચિત કરવા પોલીસ તંત્ર અને ગુજરાત રાજયના વિકાસ પુરુષ માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીના સીધા માર્ગદર્શન હેઠળ અનેકવિધ પગલાં લઇ તેને સુદ્રઢ

બનાવવા બદલ તેમને હું લાખ લાખ અભિનંદન આપું છું. માનનીય નાણા મંત્રી ૨૦૧૩-૧૪નું નાણાંકીય બજેટ લઇને આવ્યા છે તેને હું મારું અનુમોદન આપવા માટે ઉભો થયો છું. સુરક્ષિત ગુજરાતની વાત કરવાની જયારે આજે મને તક મળી છે ત્યારે હું ચોક્કસ તે બાબત પર મારા વિપક્ષી મિત્રોનું ધ્યાન દોરવા માગું છું.

જયારે ૧૯૮૫ અને ૧૯૯૦-૧૯૯૫ દરમિયાન જયારે અમે શાળા કોલેજમાં જતા, ત્યારે અમારા પરિવારને- માતા પિતાને સતત ચિંતા રહેતી હતી કે અમારા બાળકો શાળા- કોલેજ ગયા છે એ પાછા આવશે કે કેમ? મારો દીકરો કયારે પાછો આવશે? ગુજરાતની પ્રજા પારેવાની જેમ સતત ફફડતી હતી. ગુજરાતમાં કરફ્યુ, કરફ્યુ, કરફ્યુ, એવું વાતાવરણ સતત છવાયેલું રહેતું હતું. માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇના શાસન દરમિયાન છેલ્લા બાર વર્ષમાં કરફ્યુ નામનો શબ્દ ગુજરાતની પ્રજાએ સાંભળ્યો નથી. ગુજરાતની શાંતિ, સલામતી, સમૃધ્ધિના મૂળમાં જો કોઇ વસતુ હોય તો ગુજરાતનો કાયદો અને વ્યવસ્થા છે. એ વખતે આ જ પોલીસ હતી, આ જ તંત્ર હતું, તો આ જે તફાવત છે એ આપણી નરી આંખે જોઇ શકાય એવો તફાવત છે. એ વખતે પણ આ જ તંત્ર હતું અને આજે પણ આ જ તંત્ર છે. આજે ગુજરાત રાજયની અંદર ૫૯૩ પોલીસ સ્ટેશનો છે, છેલ્લા બાર વર્ષમાં માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીના સુશાસન દરમિયાન ૧૦૪ પોલીસ સ્ટેશનોની સ્થાપના કરવામાં આવી છે. મને જણાવતાં આનંદ થાય છે કે, ગુજરાતની અંદર જે પોલીસ સ્ટેશનો છે એ અદ્યતન, સુસજ્જ, ટેકનોલોજીવાળા, કોમ્પ્યુટરવાળા, ઇન્ટરનેટવાળા, કનેકટીવીટીવાળા છે. આના કારણે ગુજરાતની અંદર ગુનાના ઉકેલ માટે સત્વરે આપણે નિકાલ કરી શકીએ છીએ અને ગુનેગારોને ઝડપથી પકડી શકીએ છીએ. આ માનનીય મુખ્યમંત્રીશ્રીની પ્રબળ રાજકીય ઇચ્છાશકિતને આભારી છે, રાજયની શાંતિ માટે કારણભૂત છે.

માનનીય અધ્યક્ષશ્રી, જણાવતાં આનંદની બાબત છે કે, છેલ્લા બાર બાર વર્ષમાં ગુજરાત રાજયમાં જે શાંતિ સ્થપાઇ છે અને માનનીય મંત્રીશ્રી માનનીય મુખ્ય મંત્રીશ્રી જે વાયબ્રન્ટ ગુજરાત લઇ આવ્યા છે તેના કારણે દેશ અને વિદેશમાંથી રોકાણકારો ગુજરાત રાજયની ધરતી ઉપર આવી રહ્યા છે, કરોડો- અબજો રૂપિયા ખર્ચીને આવી રહ્યા છે, અને ગુજરાતની સમૃધ્ધિને કારણે રોજગારીની તકોમાં વધારો થયો છે. પરિક્ષણ માટે જે ફોરેન્સીક લેબોરેટરી છે એ લેબોરેટરી સમગ્ર હિન્દુસ્તાનમાં અગ્રિમ સ્થાને છે. માનનીય અધ્યક્ષશ્રી, મને જણાવતાં આનંદ થાય છે કે, ફોરેન્સીક લેબોરેટરી પણ અદ્યતન, સુસજ્જ અને હાઇફાઇ સિસ્ટમ દ્વારા સુસજ્જ છે, આજે સમગ્ર દેશમાંથી અને સમગ્ર રાજયોમાંથી પણ ગુજરાતની અંદર પોતાના ગુનાઓ ઉકેલવા માટે ગુજરાતની આ ફોરેન્સીક લેબોરેટરીનો ઉપયોગ કરવામાં આવે છે, અત્યાર સુધીના થોડાક આંકડા આપું તો, રાજય બહારના કેસોમાં ૨૦૧૦માં ૩૧૫ કેસ અને નમૂના ૩૬૧૯, ૨૦૧૧માં ૫૧૧ કેસ અને નમૂના ૩૦૭૧, ૨૦૧૨માં ૬૯૭ અને નમૂના ૩૪૪૩ અને માનનીય વિપક્ષના મિત્રોને હું કહીશ કે, સીબીઆઇના જે કેસો છે એ ૨૦૧૦માં ૭૯, ૨૦૧૦માં નમૂના ૪૦૬૯ અને ૨૦૧૧માં ૧૮૪ અને નમૂના ૧૯૦૮, ૨૦૧૨માં ૧૨૩ અને નમૂના ૨૨૮૪, એમ ફોરેન્સીક લેબોરેટરી દ્વારા આ બધા પરિક્ષણ કરવામાં આવ્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી, એક વિશેષ વાત આ સભાગૃહના ધ્યાન ઉપર મૂકવા માગું છું કે જે સમગ્ર દેશમાં ખૂબ જ ચર્ચિત થયેલા એવા મધુમિતા શુકલ કેસ માટે, સીબીઆઇ દ્વારા તપાસ કરવામાં આપણી ફોરેન્સીક લેબોરેટરીમાં પણ મદદ લેવામાં આવી હતી, અનુરાધા ગુપ્તા સીડી કેસ, જમ્મુ- કાશ્મીર (અંતરાય) ગુટકા કીંગ, સીબીઆઇ દ્વારા તપાસ આપણે N i t h a r i સિરિયલ કાંડ પણ અંતિમ સંવેદનશીલ જે કેસ હતો એ પણ ગુજરાતમાં ફોરેન્સીક લેબોરેટરીમાં થયેલો છે, એવા અનેકવિધ કેસ છે, જેની આંકડાકીય માહિતી તો આપી શકાય એમ નથી. એવા ઘણા બધા કેસો આપણી ગુજરાત રાજયની ફોરેન્સીક લેબોરેટરી દ્વારા સુસજ્જ કરવામાં આવે છે.

રક્ષા યુનિવર્સિટી દેશમાં પ્રથમ રાજયકક્ષાની સુરક્ષા માટેનું કટિબદ્ધ માનવ સંપદાનું પરિક્ષણ કરવામાં નવતર પગલું, નેશનલ લો યુનિવર્સિટી દેશમાં ઉત્તમ દાખલો છે, જે યુનિવર્સિટી દ્વારા આપણા F S L રક્ષા લો અને માધ્યમથી ગુનો બનતો અટકે તેવી માનવ સંપાદન જો ગુનો થયો હોય તો એના ઉકેલ માટે એફએસએલ અને ગુનેગારોને સજા કરાવવા લો નિર્માણ જેવું કે P r e v e n t i o n i s

better than cure. આ બધા કાયદા, માનનીય અધ્યક્ષશ્રી, હું જણાવીશ કે આ બધું જ ગુજરાતમાં શકય છે, અને એ માનનીય નરેન્દ્રભાઇને આભારી છે, સુરક્ષિત સરકારમાં એ શકય છે, વિપક્ષ મિત્રોને હું જાણ કરીશ કે, હમણાં જ ૨૦૧૨માં આપણી ચૂંટણી પતી છે, આ ચૂંટણીની પ્રક્રિયા દરમિયાન સમગ્ર ગુજરાત રાજયની અંદર એકપણ અનિચ્છનીય બનાવ નથી બન્યો, આટલા વર્ષોમાં બાર બાર વર્ષોમાં સુશાસન દરમિયાન અસંતુષ્ટ કિસાન જેવા કોઇ આંદોલન નથી થયા, નથી કોઇ વિદ્યાર્થીઓના આંદોલન થયાં, કે નથી કોઇ...

અધ્યક્ષશ્રી : માનનીય જગદીશભાઇ, આપનું પ્રવચન ચાલુ રહેશે, વિરામનો સમય થયો છે

**(વિરામઃ બપોરના ૨-૩૦ થી ૩-૧૫)**

**અધ્યક્ષશ્રી અધ્યક્ષ સ્થાને**

શ્રી જગદીશભાઇ ઇ. પંચાલ: માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજયના મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીના શાસન કાળ દરમ્યાન ગુજરાતની પ્રજા પર થતા અત્યાચારોમાં ઘણો જ ઘટાડો થયો છે એ નોંધનીય બાબત છે. અનુસૂચિત જાતિ-જનજાતિ પર થતા અત્યાચારોમાં ખૂબ જ નોંધનીય ઘટાડો થયો છે, સરકારી કર્મચારીઓ ઉપરના હુમલામાં પણ નોંધનીય ઘટાડો થયો છે, મહિલાઓ ઉપરના અત્યાચારોમાં પણ ખૂબ જ ઘટાડો થયો છે. હું મારા વિપક્ષના મિત્રોને ચોક્કસ જણાવીશ કે અમદાવાદમાં જ્યારે બોમ્બ ધડાકા થયા હતા અને આતંકવાદી હુમલાની જે ઘટના બની હતી તેમાં માત્ર ૭૨ કલાકમાં યુ.પી.માં જઇને આતંકવાદીઓને દબોચી લેવાનું કામ ગુજરાતની આ પોલીસે કર્યું હતું, ગુજરાતની આ સરકારે કર્યું હતું પરંતુ દુઃખની બાબત એ છે કે આ આપણા વિપક્ષના કોંગ્રેસી નેતાઓ ત્યાં જઇ એમના પરિવારજનો પાસે જઇને • (xxxxxx) આ બાબત નોંધનીય બાબત છે. (અંતરાય)

અધ્યક્ષશ્રી : (xxxxxx) એ શબ્દો બિનસંસદીય છે. આ શબ્દો રેકર્ડ ઉપરથી દૂર કરવામાં આવે છે.

શ્રી જગદીશભાઇ ઇ. પંચાલ : માનનીય અધ્યક્ષશ્રી, આ બાબત છાપાઓમાં નોંધનીય રીતે લેવામાં આવી હતી આ ખૂબ જ શરમજનક બાબત છે. ગુજરાતની રાજય નાનામાં નાના માનવીનો વિકાસ થાય છે, છેવાડાના માનવીનો વિકાસ થાય છે તેવી રીતે માનનીય મુખ્યમંત્રીશ્રી દ્વારા પોલીસ કર્મીઓ, સૈનિકો એ બધાના પરિવારજનોનું પણ ધ્યાન રાખવામાં આવે છે. ગુજરાત રાજયમાં કોઇપણ જાતના અપવાદ કે શરત વગર તમામ માજી સૈનિકોની બે બે દિકરીઓને લગ્નની સહાય આપવાની યોજના સમગ્ર દેશમાં ફકત ગુજરાત રાજયમાં ૨૦૧૦થી અમલી બનાવવામાં આવી છે. અત્યાર સુધીમાં ૫૬૧ દિકરીઓને ૮૬.૮૮ લાખ જેવી માતબર રકમની સહાય આ ગુજરાતની માનનીય નરેન્દ્રભાઇની સરકારે આપી છે. માનનીય અધ્યક્ષશ્રી, પૂર્વ સૈનિકોના આશ્રિતો માટે આ સરકાર ખૂબ જ સંવેદનશીલ છે, બીજા વિશ્વયુદ્ધના સૈનિકોના ધર્મપત્નિશ્રીઓને જે મિલિટરી પેન્શન મળતું નથી, તેમને જમીન તથા પુનઃવસવાટ વગેરેની સવલત મળતી નથી, તેઓને રાજયની આ સરકારે સહાય કરેલ છે. બીજા વિશ્વયુદ્ધના સૈનિકોના આશ્રિતોની અને તેમની ધર્મપત્નિઓની ગરિમા જાળવવામાં આવે છે. સેવાકાળ દરમ્યાન જે અવસાન પામતા સૈનિકોની ધર્મ પત્નિઓને મકાન સહાય પેટે રૂપિયા ૫૦ હજારની રકમ આપવાનો નિર્ણય કરીને ક્રાતિકારી વધારો કરીને ખૂબ જ ઉદાર ધોરણે ગુજરાત રાજયના પોતાના પૂર્વ સૈનિકો તથા તેના આશ્રિતોની સંનિષ્ઠાપૂર્વક કાળજી લેવામાં આ સરકારે ખૂબ જ સફળતાપૂર્વક કામગીરી કરી છે. આમ ગુજરાતનો યુવાન, મહિલા, કિસાન, દલિત, આદિવાસી, સરકારી કર્મચારી સલામત છે કારણ કે ગુજરાત સરકારની અંદર તૃષ્ટિકરણ કોઇનું થતું નથી. સૌનો સાથ-સૌનો વિકાસ એ અમારી સરકારનો મંત્ર છે. જયહિન્દ.!

શ્રી પુનમભાઇ કા. મકવાણા(દસાડા) : માનનીય અધ્યક્ષશ્રી, ગૃહની અંદર પ્રથમવાર અંદાજપત્ર ઉપર વાત કરવાની તક મળી છે. અત્યાર સુધી તો પ્રેક્ષક દિર્ઘામાં બેસીને આ ગૃહની કાર્યવાહી જોતા હતા પણ, માનનીય મુખ્યમંત્રીશ્રીએ દલિતમાં પણ જે નાના સમાજો છે એની ચિંતા કરી અને પરિણામે અંદાજપત્ર

• માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો રેકર્ડ ઉપરથી દૂર કરવામાં આવ્યા.

ઉપર બોલવાની આજે મને તક મળી છે ત્યારે માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇને હું લાખ લાખ વંદન કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, હુ દસાડા વિધાનસભામાંથી ચૂંટાયો છું. મારા દસાડાને ત્યાંના બીજા સ્થાનિક લોકો ખારોપટ કહે છે. આ ખારાપટમાંથી હું જ્યારે ચૂંટાયો છું ત્યારે જે મીઠાં ઉદ્યોગ છે એ મીઠાં ઉદ્યોગના વિષયને લઇને હું જ્યારે ગૃહની અંદર વાત કરું છું. આ દેશનું મીઠાંનું જે કુલ ઉત્પાદન છે એ કુલ ઉત્પાદનના ૭૭ ટકા મીઠાંનું ઉત્પાદન એક માત્ર ગુજરાત કરે છે. વર્ષની અંદર ૧૬૦ થી ૧૭૦ લાખ ટન મીઠાંનું ઉત્પાદન ગુજરાત રાજ્ય કરે છે. મીઠાંના વેપાર સાથે મજૂરો તરીકે જે અગરિયા ભાઇઓ કામ કરે છે. એના આરોગ્ય, એના શિક્ષણ, એની સુરક્ષા, એને પીવાનું પાણી, એની મોબાઇલ રેશનીંગ વાન અને આવાસ એની ગુજરાત સરકારે ખૂબ ચિંતા કરી છે. ૨૦૧૨-૧૩માં આ અગરિયાઓને વીમાનું રક્ષણ પૂરું પાડવા માટે જયશ્રી વીમા યોજના હેઠળ ૩૦,૦૦૦ રૂપિયાનું વીમા રક્ષણ આપવામાં આવે છે. આ અગરિયાઓની સુરક્ષા માટે ૩૪૬૦૦ રક્ષણાત્મક કીટનું પણ વિનામૂલ્યે વિતરણ આ સરકારે કર્યું છે, અગરિયાઓના જે બાળકો છે એ બાળકો માટે ૨૬૫૭૨ જોડી ગણવેશ વિનામૂલ્યે આ સરકારે આપ્યા છે, અગરિયાઓના બાળકો માટે પણ જે શૈક્ષણિક કીટ કહેવાય એ પણ ૧૭૦૫૧ કીટનું વિતરણ વિનામૂલ્યે કર્યું છે, આપણે ત્યાં સરસ્વતી સાધના યોજના હેઠળ સાયકલનું વિતરણ થાય છે એમ રણની અંદર પણ જે અગરિયાઓ છે એમની દીકરીઓ ભણે એ માટે ૧૬૬૭૧ સાયકલોનું વિતરણ પણ આ ગુજરાતની સરકારે કર્યું છે, શ્રમયોગી કલ્યાણ બોર્ડ દ્વારા ૨૪૫૯૧ અગરિયા કુટુંબોને ઓળખકાર્ડ આપવામાં આવ્યા છે. પીવાના પાણીની પણ જે ચિંતા કરી છે સરકારે એમાં પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ મારફતે ૪૦ ટકા પુરવઠા બોર્ડ અને ૬૦ ટકા રાજ્ય સરકાર ખર્ચ ભોગવે છે અને એ પ્રમાણે રણની અંદર જે અગરિયાઓ છે એને પાણી પૂરું પાડવામાં આવે છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારે દુઃખ સાથે એક વાત આ ગૃહના ધ્યાને મૂકવી છે, ૧૬૦ થી ૧૭૦ ટન જ્યારે મીઠાનું ઉત્પાદન એકલું ગુજરાત કરે છે, આખા દેશમાં ૭૭ ટકા, ત્યારે પ્રતિ ટન રૂ.૩.૫૦ જે સેસ કહેવાય, કર કહેવાય એ કેન્દ્ર સરકારે લાગુ કર્યો છે, પ્રતિ વર્ષ રૂપિયા ૩ કરોડ આ રીતે કેન્દ્ર સરકાર લઇ જાય છે પણ અગરિયાઓ માટે એક રૂપિયો પણ ખર્ચો કેન્દ્ર સરકાર કરતી નથી, ચાલુ વર્ષના રેલ્વેના બજેટમાં ૬ ટકા નુર આ મીઠા ઉદ્યોગ ઉપર કેન્દ્રની સરકારે ઝીંકી દીધો છે, અગાઉ ટૂકડે ટૂકડે ૩૬ ટકાનો વધારો આ નૂર ભાડામાં કેન્દ્ર સરકારે કરેલો છે, યુ.પી.એ. સરકારના લગભગ નવ વર્ષ પૂરાં થયાં,

અધ્યક્ષશ્રી : આપણે યુ.પી.એ. સરકારનું રહેવા દો. અહીંયાનું કહો.

શ્રી પુનમભાઇ કા. મકવાણા :માનનીય અધ્યક્ષશ્રી, કેન્દ્ર સરકારના એક પણ બજેટમાં

અધ્યક્ષશ્રી : કેન્દ્ર સરકારની વાત રહેવા દો, થોડી કમ્પેરીઝન કરી લીધી હશે.

શ્રી પુનમભાઇ કા. મકવાણા : આ અગરિયાઓ માટે છેલ્લાં નવ બજેટમાં એક રૂપિયાની પણ જોગવાઇ કરવામાં આવી નથી.

માનનીય અધ્યક્ષશ્રી, આ પ્રસંગે જે વિપક્ષના મિત્રો છે એમને હું અપીલ કરું છું કે એકવાર તમે દિલ્હી જાઓ, અમે હમણાં જ બે ત્રણ દિવસ પહેલાં દિલ્હી જઇ આવ્યા. માનનીય અધ્યક્ષશ્રી, જે ગુજરાતની સુવાસ છે એ દિલ્હીમાં પણ કેટલી પ્રસરી છે એ અમે પ્રત્યક્ષ નિહાળ્યું છે, બે દિવસ પહેલાંની જ વાત છે, એ કાર્યક્રમ એવો હતો, એ કાર્યક્રમ વિશે હું નથી કહેતો. કારણ કે તેમાં પાછી રાજકીય વાત આવે. તે કાર્યક્રમમાં દેશ અને દુનિયાના જે મિડિયા હતા, તમામ પ્રકારના મિડિયા, તમામ પ્રકારની ચેનલો અને જે હોલ હતો તેની બહાર એટલા મિડિયાવાળા ખડકાઇ ગયેલા, એટલા ટી.વી.ચેનલવાળા ખડકાઇ ગયેલા અને જુદા જુદા પ્રદેશમાંથી આવેલાં લોકો તેની સાથે જે ઇન્ટરવ્યૂહ લેતા હતા તેમાં એક જ વાત કે, નરેન્દ્રભાઇ કે બારે મેં આપકી કયા સોચ હૈ ? મોદીજી કે બારે મેં આપ કયા કહેના ચાહતે હો ? આ એક જ પ્રશ્ન અમે દિલ્હીમાં ગુંજતો જોયો છે. ત્યારે હું વિપક્ષના મિત્રોને એટલું જ કહેવા માંગુ છું કે, કુછ દિન તો ગુજારો દિલ્હી મેં. તો ગુજરાતની કેટલી સુવાસ દિલ્હીમાં છે તેની પણ તમને ખબર પડે.

માનનીય અધ્યક્ષશ્રી, આખા દેશની પ્રજા ગુજરાત તરફ મીટ માંડીને બેઠી છે. ત્યારે આ કોંગ્રેસના મિત્રોને હું એ કહેવા માંગુ છું કે, તમને જો ગુજરાતના ગરીબોની, ગુજરાતના અગરિયાઓની ઉપર આભ અને

નીચે જમીન. ધૂળની ડમરીઓ ઉડતી હોય, રણની અંદર કામ કરતાં આ અગરિયાઓની ચિંતા હોય તો મેં શરૂઆતમાં કહ્યું તે પ્રમાણે તમે બધા એક વખત દિલ્હી આંટો મારી આવો અને કેન્દ્ર સરકારને એટલું જ કહો જે આવાસ યોજના અગરિયાઓ માટે ચાલુ હતી અને આ યોજના નમક મજદૂર યોજના કહેવાતી હતી.

અધ્યક્ષશ્રી : આપનો સમય પૂરો થાય છે.

શ્રી પુનમભાઇ કા. મકવાણા : માનનીય અધ્યક્ષશ્રી, એક જ મિનિટ સાહેબ. ૨૦૦૪–૦૫માં નમક મજદૂર યોજના, આવાસ યોજના કેન્દ્ર સરકારની ચાલુ હતી, કેન્દ્ર સરકાર મદદ કરતી હતી. તેનું ૬૦ હજાર રૂપિયાનું બજેટ હતું અને તેનો અમલ ૨૦૦૪–૦૫માં કરેલો. આ યોજના છેલ્લાં એક વર્ષથી કેન્દ્ર સરકારે બંધ કરી છે. એ યોજના એ લોકો ચાલુ કરાવે. સેસ જે ૩ કરોડ રૂપિયા કેન્દ્ર સરકાર લે છે તેમાં પૂરાં નહીં તો ૫૦ ટકાનો ઉપયોગ ગુજરાતના અગરિયાઓ માટે કરે. માનનીય અધ્યક્ષશ્રી, નીતિનભાઇના બજેટને હું આવકારું છું, ધન્યવાદ.

શ્રી રાઘવજીભાઇ હં. પટેલ(જામનગર (ગ્રામ્ય) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રી જે બજેટ લઇને આવ્યાં છે તેમાં મારા વિચારો રજૂ કરવા માટે ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, અમારા ગામડાંની અત્યારે એવી સ્થિતિ છે તેમાંય ખાસ કરીને ખેડૂતના દીકરાને કોઇ દીકરી આપતું નથી. તેમ કહે કે ૫૦ વીઘા જમીન છે, પાણીવાળી જમીન છે, બે વીજ કનેકશન છે. પણ તે એમ કહે કે છોકરો નોકરી કરે છે? સાહેબ, કહેવાની વાત એ છે મારા મિત્રો આ ગુજરાતનો બહુ વિકાસ થયો, આ ગુજરાતના ખેડૂતો સમૃદ્ધ થઇ ગયા, આ ગુજરાતનો ખેડૂત નંબર વન થઇ ગયો. આવી વાતો કરે છે ત્યારે હું એ મિત્રોને કહેવા માગુ છું કે મિત્રો, વાસ્તવિક સ્થિતિ તમે જોઇ આવજો કે ખેડૂતના દીકરાને કોઇ દીકરી દેવા તૈયાર નથી. સાહેબ, એ શું કામ થયું? સાહેબ, એ એટલા માટે થયું કે અમારા ખેડૂતોને કયારેય પોષણક્ષમ ભાવો મળતાં નથી. ગયા વર્ષે કપાસના ભાવ ડાઉન થયા હતા ત્યારે અમે રાજય સરકાર પાસે વારંવાર રજૂઆત કરી કે ખેડૂતને કપાસના પોષણક્ષમ ભાવ મળી રહે તેના માટે થઇને તમે કંઇક કરો. કાંઇ ના કર્યુ સાહેબ. બે વર્ષ પહેલા ડિસાની બજારમાં ખેડૂતોએ બટેકા નાંખી દીધા. તેને રક્ષણ આપવા માટે આ રાજય સરકારે કાંઇ નથી કર્યુ. મારી તો માગણી છે માનનીય નીતિનભાઇ, કે રાજય સરકાર ખેડૂતોને પોષણક્ષમ ભાવો મળી રહે તેના માટે બજેટમાં પૂરતી જોગવાઇ કરશે તે દિવસે જ આ રાજયનો ખેડૂત સુખી થશે. એવો જ અમારા ખેડૂતોનો બીજો એક મોટો પ્રશ્ન છે. ખેડૂતોને ખેતરમાં કૂવો હોય, બોર હોય, પાણી હોય, કનેકશન પણ હોય, તેમ છતાં ખેડૂત ખેતી કરતો નથી. શું કામ ખેતી નથી કરતો? તો રોઝ અને ભૂંડ એટલા બધા હેરાનગતિ કરે છે કે ઉભા પાકનો નાશ કરી નાખે છે. ખેડૂતોનું બિયારણ, મજૂરી, મહેનત બધું જ પાણીમાં જાય છે. અને તેના પરિણામે ખેતી કરવા માટે ખેડૂત તૈયાર નથી. હું રાજય સરકારને અનુરોધ કરું છું કે તમારા બજેટમાં એના માટેની જોગવાઇ લઇને આવ્યા હોત તો આ રાજયનો ખેડૂત સુખી થયો હોત. આ વર્ષે તો દુષ્કાળ છે, સૌરાષ્ટ્રમાં મગફળીનો પાક સદંતર નિષ્ફળ ગયો છે, કપાસનો પાક પણ ફેઇલ ગયો છે. આના માટે પાક વીમા યોજનાના પ્રિમિયમ ભર્યા છે. રાજય સરકાર વાતો ગમે તે કરે, પણ હજુ સુધી સમયસર પાક વીમા યોજનાનાં નાણાં ખેડૂતોને મળી રહે તેના માટે કંઇ કાર્યવાહી કરી નથી. અને વાત તો એવી કરે છે કે અમે તો ખેડૂતોને ન્યાલ કરી દીધા છે.

સાહેબ, આથી વિશેષ હું તમને કહેવા માગું છું કે ૧૯૬૫ થી ૧૯૮૫ દરમિયાન કૃષિ પાકમાં હાઇબ્રીડ કપાસની શોધ થઇ, હાઇબ્રીડ દિવેલાની શોધ થઇ, હાઇબ્રીડ બાજરીની શોધ થઇ, ઉત્પાદન ૩ ગણું વધ્યું, ઘઉં મેકસીકન જાતિના, રાઇ, મગફળી, નવા સુધારેલા બિયારણો આવ્યા. આ સરકારે ૧ કૃષિ યુનિવર્સિટીમાંથી ૪ કૃષિ યુનિવર્સિટી બનાવી, પણ હજુ સુધી આ કૃષિ યુનિવર્સિટીના રાજય સરકારના વૈજ્ઞાનિકોએ એક પણ નવા બિયારણની ખેડૂતો માટે શોધ કરી નથી. હરિયાળી ક્રાંતિ થઇ એ તો ભૂતકાળમાં થઇ છે. અત્યારે થઇ નથી. આ રાજયમાં જી.એસ.એફ.સી. વડોદરા અને ખાવડી, જી.એન.એફ.સી. ભરૂચ, ઇફકો કલોલ અને ગાંધીધામ, આ બધા ખાતરના કારખાના કોના સમય દરમિયાન થયા? આ મિત્રો તો એમ પણ કહેશે કે અમે કર્યા. આ ગુજરાતમાં શ્વેત ક્રાંતિ થઇ એ તમારી સરકારની સ્થાપના પહેલા થઇ, મહેસાણામાં ડેરી હતી, આણંદમાં ડેરી હતી, પાલનપુરમાં ડેરી હતી, સુરતમાં ડેરી હતી, પંચમહાલમાં ડેરી

હતી, અને શ્વેત ક્રાંતિ ગુજરાતમાં થઇ હોય તો એ આ સરકારના જન્મ પહેલા થઇ છે. ભલે એ લોકો જશ લે. કૃષિ મેળાઓ અને કૃષિ મહોત્સવોની વાત કરે છે, પણ હું કહેવા માગું છું કે કૃષિ ક્ષેત્રે રાજયનાં ઘરગથ્થું ઉત્પાદનનો વૃધ્ધિદર ૨૦૦૫–૨૦૦૬ થી ૨૦૧૦–૨૦૧૧નો જોઇએ તો મારી પાસે આંકડાઓ છે એ મુજબ બિહારનો ૧૭.૭, મિઝોરમનો ૧૦.૮૫, અરૂણાચલ પ્રદેશનો ૯.૫૫, પોંડીચેરીનો ૯.૬૧, ઝારખંડનો ૮.૯૪, છત્તીસગઢનો ૮.૬૯, મહારાષ્ટ્રનો ૮.૪૨, અને આઠમાં ક્રમે ૭.૪૩ ટકા સાથે ગુજરાત આવે છે. એ જ રીતે કૃષિ સંલગ્ન ક્ષેત્રમાં રાજયવાર ઘરગથ્થું ઉત્પાદનનો વૃધ્ધિદર ૨૦૦૫–૨૦૦૬ થી ૨૦૧૦–૨૦૧૧ના આંકડા જોઇએ તો બિહારનો ૧૫.૧૭, પોંડીચેરીનો ૯.૧૫, ઝારખંડનો ૭.૯૨, મહારાષ્ટ્રનો ૭.૭૪, છત્તીસગઢનો ૭.૨૭, મિઝોરમનો ૬.૬૧ અને ગુજરાત ૬.૪૭ સાથે સાતમા નંબરે છે. તો મિત્રો કહે છે કે નંબર વન છે, તો હું કહેવા માગું છું કે કયાં છે તેમારો નંબર વન? કયાં ગયો નંબર વન? દક્ષિણ ગુજરાતનો મુખ્ય પાક ડાંગરનો છે, આ ડાંગર માટેની હાઇબ્રિડ જાતનું ૭૦ ટકાથી વધુ બિયારણ ખેડૂતો વાપરે છે તે બિયારણ પ્રાઇવેટ છે, રાજય સરકારની યુનિવર્સિટીએ સંશોધન કરીને બિયારણ બહાર પાડ્યું હોય તેવું બિયારણ નથી. સાહેબ રાજય સરકારે એના બજેટમાં ખાતર ઉપર અને ડીઝલ ઉપર જે ખેડૂતો માટે બહુ ઉપયોગી છે તેના પર પણ વેરાની જોગવાઇ કરી છે અને એમ કહે છે કે અમે ખેડૂતો માટે આમ કર્યુ અમે ખેડૂતો માટે તેમ કર્યુ. તમે ખેડૂતો માટે કર્યુ છે એ તો માત્ર ચૂંટણી ટાણે પ્રચાર માટે કર્યુ છે. બીજા રાજયોમાં જઇને કહે કે અમારા ગુજરાતનો ખેડૂત દર વરસે નવી મારૂતિ કાર લે છે. મારો ગુજરાતનો ખેડૂત ૨૪ કલાક ખેતીમાં વીજળીનો ઉપયોગ કરે છે આવી વાતો થાય છે પરંતુ વાસ્તવિકતા એ છે કે ગુજરાતના ખેડૂતના દીકરાને કોઇ દીકરી દેવા તૈયાર નથી એનુ કારણ માત્રને માત્ર કોઇ હોય તો આ રાજય સરકાર છે.

અધ્યક્ષશ્રી : બજેટમાં દીકરી દેવાની જોગવાઇ રાખજો.

શ્રી રાઘવજીભાઇ હં. પટેલ : મારા પૂછાયેલા પ્રશ્નમાં ઉર્જા મંત્રીશ્રીએ જવાબ આપ્યો હતો. મારા મત વિસ્તારમાં ૧૯૯૨ના વીજ કનેકશનો પેન્ડિંગ છે. આ સરકાર જો ખેડૂતોની વાત કરતી હોય તો કહે કે અમે ખેડૂતો માટે એટલું બધું કરવા માગીએ છીએ તો કમસેકમ ૨૦૧૨ સુધીના ખેડૂતોના વીજ કનેકશનો એક વર્ષમાં આપવા માટે આપે બજેટમાં પ્રોવિઝન કર્યુ હોત તો મને આનંદ થાત. ગુજરાતમાં દુષ્કાળ પડ્યો ત્યારે માનનીય કૃષિ મંત્રીશ્રી અને ઉર્જામંત્રીશ્રીએ જાહેરાત કરી હતી કે આ રાજયનો ખેડૂત જેના ખેતરમાં આવેલ બોર, કૂવામાં પાણી હોય એને અગ્રતાના ધોરણે વીજ કનેકશન આપીશું. આ વાતને આજે છ મહિના થઇ ગયા છે, ચૂંટણીમાં એનો લાભ કદાચ મળ્યો હશે પરંતુ અત્યારે ખેડૂતો રાહ જોઇને બેઠા છે. ખેડૂતો પોતાની અરજીઓ મામલતદારને આપે પછી એની પાસે જાય તો કહે કે જી.ઇ.બી.માં ગઇ છે ત્યાં જાય તો કહેવામાં આવે કે અરજીઓ હેડ ઓફિસમાં ગઇ છે. મારા વિસ્તારમાં આવી સાત હજાર જેટલીઓ અરજીઓ પેન્ડિંગ છે. ખેડૂતો અમને પૂછે છે કે અમારા અછતના વીજ કનેકશનનું શું? આજે ખેડૂતોની હાલત કફોડી થઇ ગઇ છે ખેડૂતોની ઉપેક્ષા થઇ રહી છે, ખેડૂતોના નામે •(xxxxxx ) રહ્યા છે, ખેડૂતોના નામે ખોટી ખોટી વાતો કરીને આ સરકાર પ્રસિદ્ધિ મેળવે છે એટલા માટે માનનીય નાણામંત્રીશ્રી બજેટ લઇને આવ્યા છે એની જોગવાઇ સાથે હું કયાંય સહમત નથી.

શ્રી સૌરભભાઇ પટેલ ( ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ મંત્રી) : માનનીય અધ્યક્ષશ્રી, નાણામંત્રીશ્રી જે બજેટ લઇને આવ્યા છે છેલ્લા બે દિવસથી ઘણા બધા સભ્યશ્રીઓએ એના વિશે પોતાના વિચારો રજૂ કર્યા છે, મારે પણ મારા વિચારો રજૂ કરવા છે.

અહીંયા ઘણું બધું કહેવામાં આવ્યું કે હું કરું છું, હું કરું છું, હું કરું છું. માનનીય અધ્યક્ષશ્રી, ૫૦ વર્ષ પૂરા થયા હતા ત્યારે આ જ વિધાનસભા ગૃહની અંદર આદરણીય મુખ્યમંત્રીશ્રીએ બધા જ મુખ્યમંત્રીશ્રીઓને આમંત્રણ આપીને આખી સરકારમાં જેણે કામ કર્યુ છે એ બધાને યશ

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા.

આપ્યો છે અને મંત્ર છે સૌનો સાથ સૌનો વિકાસ, આ મંત્રથી આપણે આગળ વધીએ છીએ. હા એવું ચોક્કસ બન્યું હશે કે કોઇકના સમયમાં વધારે થયું અને કોઇકના સમયમાં ઓછું થયું. એ જ વિષયની મારે વાત કરવી છે અને દૂધનું દૂધ અને પાણીનું પાણી થયું કોના સમયમાં ઓછું થયું અને કોના સમયમાં વધારે થયું. જયારે આયોજન મંત્રી તરીકે ૨૦૦૨માં ચાર્જ સંભાળ્યો ત્યારે એનું કદ છ હજાર કરોડ રૂપિયા હતું. ૨૦૦૧માં ૬૫૦૦ હતું ભૂકંપના કારણે છ હજાર થયું એ છહજાર કરોડનું આજે ૫૮૫૦૦ કરોડ થયું છે. મારે સભ્યશ્રીને જાણ કરવી છે કે ૧૯૬૦ થી ગુજરાતની સ્થાપના થઇ અને એમાં ૧૯૬૦ થી ૨૦૦૦ વર્ષના એટલે કે ૪૨ વર્ષના બધી સરકારોના પ્લાન સાઇઝનો સરવાળો કરશો તો ૫૦ હજાર કરોડ નહિ થાય અને આ એક વર્ષમાં અમે ૫૮૫૦૦ કરોડ આપ્યા છે. વિકાસ વધારે ઝડપથી થઇ શક્યો હોત. કેન્દ્ર અને સ્ટેટ આ બંનેના કારણે વિકાસ થતો હોય છે એટલે કેન્દ્રની પ્લાન સાઇઝ પણ અગત્યની હોય છે. કેન્દ્રની પ્લાન સાઇઝની ટકાવારીમાં ગુજરાતને પણ થોડી ટકાવારીમાં લાભ મળતો હોય છે. માનનીય અધ્યક્ષશ્રી, ગયા વર્ષે કેન્દ્ર સરકારનો પ્લાન સાઇઝ ૨,૨૧,૦૦૦ કરોડ હતો અને રીવાઇઝ એસ્ટીમેટમાં ૪,૨૯,૦૦૦ કરોડ કર્યો. ૯૨,૦૦૦ કરોડ ઘટાડ્યું. તેના કારણે ગુજરાતને પણ નુકસાન થયું છે. મારે સભ્યશ્રીઓને પૂછવું છે કે માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી આવ્યા અને ૧૦ વર્ષ સુધી આ બજેટ આપ્યા. ગુજરાતની વિધાનસભાએ મંજૂર કરેલ પ્લાન સાઇઝ કેન્દ્રમાં આયોજન પંચે વધાર્યું છે, ઘટાડ્યું નથી અને આ બજેટમાં રીવાઇઝ એસ્ટીમેટમાં ૯૦-૯૦ હજાર કરોડ રૂપિયા જો ઘટી જાય તો ગુજરાત જેવા અનેક રાજયોને નુકસાન થતું હોય છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ પ્લાન સાઇઝ વિષે મારે બીજુ કહેવું છે. ૨૦૦૭થી ૨૦૧૨માં આયોજન પંચે ૧,૧૧,૦૦૦ કહ્યું. અમે ૧,૨૧,૦૦૦નો ટાર્ગેટ ક્રોસ કર્યો. ૨૦૧૨થી ૨૦૧૭ ૨,૮૩,૦૦૦ કરોડ રૂપિયા, આ નાનો ઇસ્યુ નથી. આ રૂપિયા કયાંથી આવે છે? આ રૂપિયા ગુજરાતની પ્રજા આપે છે અને સારા વહીવટના કારણે આ પ્લાન સાઇઝ વધારી શકયા છીએ. મારે આપને કહેવું છે કે દેશનો પર-કેપિટા પ્લાન જે કેન્દ્ર બનાવે છે, જે માથાદીઠ ૪,૬૦૦ છે. ત્યારે આપણે માથાદીઠ ૮,૫૦૦ છે. એટલે સેન્ટરથી ડબલ. આ ગુજરાતની તાકાત છે. બીજાં રાજયોની સાથે સરખામણી કરીએ, આંધ્રપ્રદેશ-૪૮,૦૦૦ કરોડ, મહારાષ્ટ્ર ૪૫,૦૦૦ કરોડ, બિહાર ૨૮,૦૦૦ કરોડ, રાજસ્થાન ૩૩,૦૦૦ કરોડ, યુ.પી. ૫૭,૦૦૦ કરોડ, વેસ્ટબેંગાલ ૨૪,૦૦૦ કરોડ, કેરાલા ૧૪,૦૦૦ કરોડ અને કર્ણાટક ૪૨,૦૦૦ કરોડ બીજા રાજયોની સરખામણીમાં આ તુલના કરીએ છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, આ ઉપરાંત મારે કહેવું છે કે પ્લાન સાઇઝ વધવાના મૂળ કારણો શું હોય છે? એના મૂળ કારણો એની આવક હોય છે અને બીજુ, જયારે પ્લાન સાઇઝ વધારતા હોઇએ છીએ તો કેટલા ટકા નોન પ્લાન એકસપેન્ડીચર આ ૧,૧૪,૦૦૦ના બજેટમાં પ્લાન સાઇઝ કેટલું, નોન પ્લાન સાઇઝ કેટલું એ રાજયની તાકાત બતાવે છે. હું આપને સમજાવું કે ૨૦૦૪-૦૫માં જયારે પ્લાન સાઇઝ ૯,૪૫૦ હતી ત્યારે નોન પ્લાન ૨૯,૬૦૮ હતી. ટકાવારી જૂઓ, ૯,૦૦૦ અને ૨૯,૦૦૦. ૨૦૧૩-૧૪માં સારા વહીવટના કારણે પ્લાન સાઇઝ ૫૮,૫૦૦ અને નોન પ્લાન ૬૪,૩૨૨. સમય દૂર નથી કે પ્લાન સાઇઝ નોન પ્લાનથી વધશે. આની ટકાવારીની સરખામણી કરો. કેન્દ્રનું, Estimate of planned expenditure is placed at Rs. 555322 crores. As a proportion of total expenditure it should be 33.3 per cent. આ કેન્દ્રના નાણામંત્રીશ્રી કહે છે કે ૩૩.૩ ટકા આનો planned ખર્ચો છે. બાકીનો બધો non-planned expenditure છે. ત્યારે આપણે ૪૫-૫૫ અને ૫૮-૫૨ના રેશિયો પર ચાલી રહ્યા છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, મને દુઃખ થતું હતું. જયારે રાજય સરકારની આવકો વિષે વાત કરતા હતા. કેન્દ્ર સરકાર આપે છે, કેન્દ્ર સરકાર આપે છે. હા, આપે છે કેન્દ્ર સરકાર. પણ આંકડા કમ્પેરીઝન કરો. ૧૩મા નાણાપંચની અંદર વાત કરું તો આંધ્રપ્રદેશનો હિસ્સો ૬.૯૩ છે. બિહારનો હિસ્સો ૧૦.૯૧ છે. મહારાષ્ટ્રનો

૫.૧૯ છે. એમ.પી.નો ૭.૧૨ છે. તામિલનાડુનો ૪.૯ છે. યુ.પી.નો ૧૯.૬૭ છે. વેસ્ટ બેંગાલનો ૭.૬૪ છે. ગુજરાતનો ૩.૦૪૧ છે.

માનનીય અધ્યક્ષશ્રી, હમણાં જ બજેટ ગયું. બજેટમાં શું આવ્યું? તેમાં નાણામંત્રીશ્રીએ કહ્યું કે હું સ્ટેટના ૧૯,૦૦૦ કરોડ રૂપિયા વધારું છું. તો ૧૯,૦૦૦ કરોડ રૂપિયામાં ગુજરાતને શું આવ્યું? ગણી કાઢો. કોન્સ્ટીટ્યૂશન પ્રમાણે સરકારને આ ગુજરાતની પ્રજા પૈસા ભરે એમાં રાજયોને ૩૦.૫ ટકાનો હિસ્સો આપવો પડે છે અને એમાં આપણો ૩ ટકા હિસ્સો છે, એટલે જે આપે છે, ઓ.કે. બરાબર છે અને મારે આપને કહેવું છે કે, એમાં બે વસ્તુ છે, સ્ટેટ શેર અને સેન્ટ્રલ શેર, આપણો એક લાખ ચૌદ હજાર કરોડ રૂપિયાનો ટોટલ ખર્ચો છે. આપણી પાસે હિસ્સો કેટલો છે? રૂ.૮૫,૦૦૦/- કરોડ કુલ revenue receipt - ૮૫૦૦૦ કરોડમાં સ્ટેટ શેર ૬૬૦૦૦ કરોડ છે અને કેન્દ્રનો ૧૯,૦૦૦ કરોડ છે. આપણે ત્યાં ગુજરાતના ૭૭ ટકા શેર છે એટલે ૨૩ ટકા બહારથી આવે છે, ૭૭ ટકા આપણા રહે. બીજા રાજ્યોની વાત કરીએ તો આંધ્ર પ્રદેશના ૬૬ ટકા છે, બિહારમાં ૨૭ ટકા છે, એમપીમાં ૫૭ ટકા છે, યુ.પી.માં ૩૭ ટકા છે, પશ્ચિમ બંગાળમાં ૫૨ ટકા છે એ શું બતાવે છે. આપણા પૈસાના કારણે બજેટ બને છે, કેન્દ્રના કારણે બજેટ બનતું નથી. આ ગુજરાતના પૈસાના કારણે બજેટ બને છે. આ વેટ ઇન્કમ એમને એમ નથી થઇ, છેલ્લા ૨૦૦૪-૦૫થી ગણતરી ગણો. એવરેજ વેટનો ગ્રોથ જોશો તો ૨૧.૧૩ ટકા છે. કોઇ રાજ્યનો નથી, બધા જ રાજ્યો એનાથી નીચે ચાલે છે.

માનનીય અધ્યક્ષશ્રી, અહીંયાં સદસ્યો દેવાની વાત કરે છે. દેવું કોને મળે? કડકા માણસને તો મળે નહીંને? સદ્ધર હોય તેને જ મળેને. એમાં તો સાચાને. આ વિધાનસભાગૃહે ફાઇનાન્સિયલ ડિસિપ્લીનનું બિલ રજૂ કર્યું હતું અને પસાર કર્યું હતું. એફઆરબીએમનું બિલ મંજૂર કર્યું હતું. આપણે ભેગા મળીને બિલ મંજૂર કર્યું છે. એની અંદર શું લખ્યું છે? કુલ આઉટ સ્ટેન્ડીંગ દેવું જીડીપી એટલે કે, ગ્રોસ ડોમેસ્ટીક પ્રોડક્શનના ૩૦ ટકાથી વધારે ન હોવું જોઇએ. આ કેન્દ્રનો કાયદો છે. આપણે પસાર કર્યો કે, ૨૭.૧ ટકાથી વધારે ન હોવું જોઇએ. આ આપણે પસાર કર્યું. આજે સાત લાખ કરોડ રૂપિયા GSDP માં ૩૦ ટકા ગણો. રૂ.૨,૧૦,૦૦૦/- જેવું દેવું આશરે થાય. શું આપણું દેવું રૂ.૨,૧૦,૦૦૦/- છે? રૂ.૧,૫૮,૦૦૦/- થયું છે. હજુ જીડીપી આવતા વર્ષે વધશે. એટલે હાલમાં ટકાવારીમાં જોઇએ. બજેટ જુઓ તો ૧૯.૯૩ ટકા છે અને એની સામે આપણે વિચાર કરીએ તો આંધ્ર પ્રદેશનું કેટલું છે? ૨૨.૪ ટકા, મહારાષ્ટ્રનું ૨૧ ટકા, પશ્ચિમ બંગાળ તો હજુ એફઆરડીએમ પસાર કરી શક્યા નથી. એનું ૩૬.૩ ટકા, રાજસ્થાનનું ૨૮.૭ ટકા. કોઇપણ રાજ્ય બતાવો. આપણા ૧૯ ટકા છે. કોઇપણ રાજ્ય સાથે આપણે કમ્પેર કરીએ, કેન્દ્ર સરકાર જોડે કમ્પેર કરીએ. કેન્દ્ર સરકારની ટકાવારીમાં જોઇએ તો ૨૦૦૪-૦૫માં ૪૫ ટકા હતું અને અત્યારે ૩૯ ટકા થયું છે, ત્યારે આપણું ૨૮ ટકા હતું એનું આપણે ૨૦ ટકા કર્યું છે. આપણે આ પ્રમાણેની કાળજી કરીએ છીએ. આપણો એક નિયમ છે કે, ૩ ટકાથી વધારે દર વર્ષે નહીં લેવું. એટલે ગુજરાતે જીએસડીપીના ૩ ટકાથી વધારે એ વર્ષે દેવું ન લેવાય. એ ૩ ટકા લઇએ તો ૨૧૦૦૦ ઉપર થાય છે. આપણે એટલું નથી કરતા, આપણે એના માપમાં રહીએ છીએ અને એને કારણે તમે કોઇપણ એફઆરડીએમના નોમ્સ પકડો. એમાં ગુજરાતે સારામાં સારી કામગીરી કરી છે.

ફિસ્કલ ડેફિસિટના નોર્મ્સ જુઓ. ફિસ્કલ ડેફિસિટ ૨૦૦૦-૨૦૦૧માં ૭.૧૭ ટકા, ભૂકંપના કારણે ૩૦ ટકા હતી. આજે એમાં ઘટાડીને આપણે ૨૦૧૨-૧૩માં ૨.૧૬ ટકા લઇ આવ્યા છીએ. કેન્દ્રના કેટલા છે? ૨૦૦૦-૨૦૦૧માં ૫.૭૫ ટકા હતો અને અત્યારે ૫.૧ ટકા આવે છે અને આજ વિષય ઉપર રોજ તમારા છાપામાં અને ટીવી ઉપર ડિબેટ્સ આવે છે. આ જ વિષય ઉપર કેન્દ્રના નાણામંત્રીશ્રી નાણામંત્રીશ્રીઓની બેઠકમાં ચોખ્ખું કહે છે કે 'આઇ ડોન્ટ હેવ ધ મની ટુ ગીવ ટુ ધ સ્ટેટ' આનું કારણ શું અને અમે લોકો, નીતિનભાઇ પણ હાજર રહ્યાં છે, હું પણ હાજર રહ્યો છું અને એન.ડી.સી.ની મીટીંગમા બધા ટોપ બ્યુરોક્રેટસ મિનિસ્ટર્સ, ફાઇનાન્સ મિનિસ્ટર્સ, પ્રાઇમ મિનિસ્ટર, એની અંદર દેશની આર્થિક પરિસ્થિતિ વિશે વાત થાય. અને શું કહેવામાં આવે છે કે 'States are stronger than the Center. States have more cash reserves than

C e n t e r .‘‘આ વહીવટ કર્યો છે, ને એટલે બેન્કમાં બેલેન્સ છે. એમને એમ નથી. આ દસ વર્ષની મહેનત છે. લોન કોને મળે સસ્તી? જે સક્ષમ હોય, આબરુ હોય એને મળે. ગુજરાતના બોન્ડ આવે એ દિવસે કોઇપણ રાજયના બોન્ડ આવે તો ગુજરાતના બોન્ડને અડધો પોણો ટકા ઓછા પૈસે મળે છે અને લોકો રાહ જુવે છે કે ગુજરાતે નાખ્યું છે આપણે નથી નાખવું આપણને સારા બ્રેક નહીં મળે. એવરેજ કોસ્ટ ઓફ બોરોઇંગ જે ૨૦૦૧–૨૦૦૨ની અંદર સાડા તેર ટકા હતું આજે એવરેજ કોસ્ટ ઓફ બોરોઇંગ ૮.૯૨ ટકા થયું છે હવે આનો તો જશ આપશોને? ઓછા ટકે વ્યાજે લઇએ છીએ.

બીજો વિષય રેવન્યુ સરપ્લસ એટલે આવક અને ખર્ચ બેની વચ્ચે (અંતરાય) રેવન્યુ સરપ્લસની વાત કરુ છું. આવક અને ખર્ચની વાત કરુ છું. આવક અને ખર્ચમાં ૨૦૧૧–૧૨માં અમે આ વિધાનસભામાં કીધું હતું કે ૪૦૦ કરોડનું રેવન્યુ સરપ્લસ લાવીશું. કેટલું આવ્યું? ૩૨૧૫ કરોડ. આ નાનો વિષય નથી. એવી જ રીતે ૨૦૧૨–૧૩માં ૩૬૧૫નું કીધું તો ૩૯૦૦ કરોડ આવી રહ્યું છે અને આવતી સાલ ૪૬૦૨ કરોડના રેવન્યુ સરપ્લસની વાત કરી છે. જવાબદારીપૂર્વક સરકાર ચલાવીએ છીએ. હું આપને દાખલો આપું – ગેરંટીઝ, આંખો મીંચીને ગેરંટી લખાતી હતી. નરેન્દ્રભાઇ મોદી આવ્યાને એ પહેલા ૧૭ હજાર કરોડની ગેરંટી ગુજરાત સરકારે આપી હતી અને મારે આપ સૌને પૂછવું છે કે તમારા કોઇપણ આજુબાજુ કોઇપણ પડોશી રાજયો જોઇ આવો, મહારાષ્ટ્રથી માંડીને કોણે કેટલી ગેરંટી આપી છે? અને ગેરંટી એ સરકારની જવાબદારી હોય છે. આ સરકારે ગેરંટી ૧૬ હજાર કરોડની ઘટાડીને ૭૨૨૦ કરોડ કરી છે અને કહી દીધું છે કે પૈસા આપવા હોય તો આપો ગેરંટી મળશે નહીં એટલે જેવો ગેરંટીનો સમય પૂરો થાય છે કે ગેરંટી પાછી આપી દઇએ છીએ. આ સ્થિરતા કહેવાય.

એવી જ રીતે હાઉસમાં કોઇએ કોન્સોલીડેટેડ, સીંકીંગ ફંડ વિશે સાંભળ્યું છે? કોન્સોલીડેટેડ સીંકીંગ ફંડ. આ શું છે? આપણે દર વર્ષે થોડા થોડા રૂપિયા ૫૦૦–૫૦૦ કરોડ રુપિયા આ બજેટમાં લાયેબીલીટીઝ તરીકે બહાર મૂકીએ છીએ. ખર્ચ તરીકે બહાર મૂકીએ છીએ. નોનપ્લાન એકસપેન્ડીચર તરીકે જાય છે અને એ જૂના દેવાની સામે એને આપણે રીઝર્વ તરીકે મૂકીએ છીએ. આ ૬૭૭૫ કરોડનું ફંડ આ વિધાનસભાએ અત્યાર સુધી મંજૂર કર્યુ છે. આવું કયા રાજયએ કર્યુ છે? આવતા દિવસોમાં સરકારને તકલીફ ના પડે દેવાની, એની સામે અને આ પૈસા રીઝર્વ બેન્ક ઓફ ઇન્ડિયામાં પડયા રહે છે. આર.બી.આઇ. રાખે છે.

વિરોધ પક્ષના નેતાએ કેપીટલ એકસપેન્ડીચર થતા નથી એમ કહ્યું. મને થોડો વિચાર થયો કે આ સાચું સાંભળી રહ્યો છું? મારે તો ખાલી એક જ આકડો કહેવો છે, ૨૦૦૫–૨૦૦૬માં કેપીટલ એકસપેન્ડીચર ૮૭૯૧ હતું એ અત્યારે વધીને ૩૧૫૩૭ થયું છે બરાબર? આ ઓફિસિયલ આંકડા બજેટના છે. જી.ડી.પી.ની વાત કરી અહીંયા બેસીને. આ તો બધું કોઇ જી.ડી.પી., બી.ડી.પી. છે નહીં. કોઇ વધારો નથી. નવમી પંચવર્ષીય યોજના ગુજરાતના ૨.૮ ટકા હતા, ભૂકંપના કારણે અને રાષ્ટ્રના ૫.૫ ટકા હતા.૧૦મી પંચવર્ષીય યોજના એટલે ૨૦૦૨ થી ૨૦૦૭ આદરણીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીના વખતમાં ૧૦.૯૭ છે એની સામે દેશનું ૭.૭ છે. ૧૧મી પંચવર્ષીય યોજના ૨૦૦૭ થી ૨૦૧૨માં ગુજરાતના ૯.૫૧ અને દેશમાં અત્યારે એકઝેટ આંકડા આવ્યા નથી પણ ૭.૫ થી ૮ ટકાની વાતો છે. ૧૦ વર્ષ ૨૦૦૨ થી ૨૦૧૨માં કન્ટીન્યુઅસ એવરેજ કાઢી તો ૧૦.૨૪ ટકાનો ગ્રોથ આવે છે. રાજ્યની સામે દેશની વાત કરીએ તો ૭.૮૭ ટકા છે. એની સાથે કમ્પેર કરો તો ૧૦ વર્ષની અંદર આંધ્રપ્રદેશમાં ૮.૩, મહારાષ્ટ્ર ૮.૬, કર્ણાટક ૭.૬૬, કેરળ ૮.૫, રાજસ્થાન ૭.૩૭, પશ્ચિમ બંગાળ ૬.૬, ઉત્તરપ્રદેશ ૬.૧૮ આ અગત્યના રાજ્યોની વાત કરું છું. એક પણ રાજ્ય ૧૦.૨૪ ટકાથી આગળ ગયું નથી. આ સેન્ટ્રલ સ્ટેટેસ્ટિકલ ઓર્ગેનાઇઝેશન ઓફ સેન્ટ્રલ ગવર્નમેન્ટના ડોક્યુમેન્ટમાંથી બોલું છું.

માનનીય અધ્યક્ષશ્રી, એવી જ રીતે એગ્રીકલ્ચરલ ગ્રોથ રેટની વાત કરું, સોર્સ–એસ.આઇ.નં. ૧ થી ૩૨, ડાયરેકટર ઓફ ઇકોનોમિક્સ એન્ડ સ્ટેટેસ્ટિક્સ ઓફ રિસ્પેકટીવ સ્ટેટ ગવર્નમેન્ટસ એન્ડ ફોર ઓલ ઇન્ડિયા સેન્ટ્રલ સ્ટેટેસ્ટિક્સ ઓફિસના આ પાના નંબર ઉપર લખેલું છે કે એગ્રીકલ્ચર ગ્રોથ રેટ એવરેજ ૨૦૦૨ થી ૨૦૧૨ સુધીની વાત કરું છું. હું બધી વાત કરતો નથી. ખાલી ૧૦ વર્ષના ગ્રોથની વાત કરું છું. ૨૦૦૧ જોશો તો વધારે છે. ૨૦૦૧ના આંકડા જોઇએ તો ૨૦૦૧ થી ૨૦૧૧ સુધીમાં ગુજરાતનો એવરેજ ગ્રોથ ૧૦.૫

છે જ્યારે બીજા રાજ્યોની સરખામણી કરીએ તો આંધ્રપ્રદેશનો ૬.૧, કર્ણાટક ૫.૫, કેરળ ૨.૪, મહારાષ્ટ્ર ૩.૫, રાજસ્થાન ૮.૨, ઉત્તરપ્રદેશ ૩.૯, પશ્ચિમ બંગાળ ૨.૨ એવરેજ ઈન્ડિયા ૩.૨ છે. આ નાણામંત્રીશ્રીની સ્પીચ છે. આ બે દિવસ પહેલાની સ્પીચ છે. The average annual growth rate of agriculture and allied sector during the 11th plan was 3.6 percent as against 2.5 and 2.4 percent respectively in the 9th and 10th plan. સેન્ટરે આ કબૂલ કર્યું છે. એની સામે આ મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈના નેતૃત્વમાં ૧૦.૫ ટકાનો ગ્રોથ લઈને આવ્યા છીએ.

આ વિધાનસભામાં વિરોધ પક્ષના નેતાએ ગેસની વાત કરી. ભારત સરકાર ગેસ નથી આપતું એવું અમે કહીએ છીએ. આજે મારે એ વિશે વાત કરવી છે. બે ટાઈપના ગેસ છે. એક એ.પી.એમ. ગેસ અને એક રિલાયન્સ ગેસ. આજની તારીખમાં રિલાયન્સ ગેસમાં ફર્મ એલોકેશન ૬૧.૬૧૧ છે. આમાં કોર સેકટરમાં છે અને નોન કોર સેકટર છે. નોન કોર સેકટરમાં સ્ટીલ કંપનીઓને આપે છે. મારી પાસે લેખિત કાગળ છે કે એસ્સાર સ્ટીલને ૩.૨૦, ઈસ્પાત ઈન્ડસ્ટ્રીઝને .૫૯, વિક્રમ ઈસ્પાતને .૪ કુલ ૪.૧૯, આ ફર્મ એલોકેશનના કંપનીઓના નામો છે. એ.પી.એમ. ગેસની અંદર કુલ આજની તારીખમાં ૯૬.૧૧ એમ.સી.એમ.ડી. છે એમાં કોર સેકટર કાઢી નાખો. કોર સેકટરમાં ફર્ટિલાઈઝર આવે છે અને એ સારું કામ કરે છે. ચલો સારું કામ કરે છે પણ નોન-કોર સેકટર રિફાયનરીઝમાં ૨.૬૭, પેટ્રોલિયમમાં ૨.૭૮, સ્પન્જ આર્યનમાં ૫.૭૬ નોન-કોર સેકટરમાં ૧૧.૯૭ મીલીયન ક્યુબીક મીટર આપે છે. મારે પૂછવું છે કે, આ ગેસ તમે કોને આપો છો? તમે ઉદ્યોગકારોને આપો છો. કોના પાપે આપો છો? તમે ઉદ્યોગકારોને આપો છો અને ગુજરાતની હાઈકોર્ટનું તા. ૧૫-૩-૨૦૧૨નું જજમેન્ટ આવ્યું. અમદાવાદ અને રાજકોટની પ્રજાને દિલ્હી અને બોમ્બેના ભાવે ગેસ આપો. આ જજમેન્ટ રીટપીટીશન નં.૪૭/૨૦૧૧ તા.૨૫-૭-૨૦૧૧ નાં રોજ જજમેન્ટ આવ્યું. એ જજમેન્ટ હું વાચું છું-

Government of India is directed to allot natural gas for domestic and vehicle usage at the same rate to the city of Ahmedabad at which same is supplied to Delhi and Mumbai to enforce right of equality.

માનનીય અધ્યક્ષશ્રી, મારે આ સભ્યશ્રીઓને કહેવું છે આજની તારીખમાં કેન્દ્ર સરકારની નીતિના કારણે આપણને અમદાવાદમાં અને બીજા બધા નાના શહેરોમાં બોમ્બે અને દિલ્હીના ભાવે ગેસ નથી મળતો ત્યારે સ્પષ્ટપણે આ વિધાનસભાના સભ્યોને કહેવું છે કે આવતા(અંતરાય, ઘોંઘાટ)

અધ્યક્ષશ્રી : ભાઈ, શાંતિથી સાંભળો. એના આંકડા યોગ્ય ના હોય તો તમને જવાબ આપવાની તક છે. એક મિનિટ, શું છે?

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, એ આપની સમક્ષ બોલતા હોય એના બદલે માનનીય મંત્રીશ્રી અમારે જવાબ આપવાનો હોય એ રીતે બોલે છે એટલે સામ સામે જવાબ આપે છે.

અધ્યક્ષશ્રી : એમ નહિ અત્યારે જ સામસામા જવાબ આપે છે આમના આંકડા હોય તો એટલે જ કહું છું કે માનનીય વિપક્ષના નેતા જે રીતે બોલ્યાં હતા ને લગભગ એના જ બધા જવાબ આવે છે.

શ્રી સૌરભ પટેલ : માનનીય સભ્યશ્રી, તમને ખબર ના હોય તો હું તમને કહું અહીંયાથી કેન્દ્ર સરકારની અંદર આપણા ગુજરાતના મંત્રીઓ છે ને એ લોકોએ ભલામણ એપીએમ ગેસ માટે ભલામણ કરી હતી અને ઉદ્યોગોને આપ્યાં હતા. ઉદ્યોગોના નામ પણ મારી પાસે છે.

અધ્યક્ષશ્રી : નામ આપો. તમારે જે કહેવું હોય એ બોલો.

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મારે કહેવું છે કે અગર આ રીટ પિટીશન આ ગુજરાતની હાઈકોર્ટે સુપ્રીમ કોર્ટમાં દાખલ કરી છે. આ હાઉસને હું ખાતરી આપુ છું કે, આવતા દિવસોની અંદર ગેસ

બોમ્બે અને દિલ્હીના ભાવે આવશે તો ઓછામાં ઓછા ૩૦ થી ૩૫ ટકા અમે અમદાવાદના રિક્ષાઓના ભાડા ઘટાડી દઇશું. માનનીય અધ્યક્ષશ્રી, હવે આ સભ્યશ્રીઓને શું કહેવું? આ હાઉસની અંદર હું જે કહેવા જઉં છુંને એ સાંભળીને તમને પણ શોક લાગશે એટલે શાંતિથી સાંભળજો. (અંતરાય)

અધ્યક્ષશ્રી : એક મિનિટ. સૌરભભાઇ, તમારે બોલવું છે?

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપણે ત્યાં ૪૧૭૨ મેગાવોટના વીજમથકો છે. કેટલા હજાર કરોડ રૂપિયનું રોકાણ થયું? આ ૪૧૭૨ ની અંદર ૨૦ એમસીએફટી આપણને ગેસ જોઇએ. આજે કેટલો મળે છે? ૪.૪૦. માનનીય અધ્યક્ષશ્રી, આ પહેલી તારીખથી સંપૂર્ણપણે રિલાયન્સનો ગેસ કેન્દ્ર સરકારે ઝીરો કરી નાંખ્યો અને એના કારણે આજની તારીખમાં ૪૧૭૨ કેપેસિટીમાં ખાલી માત્ર ૫૩૦ મેગાવોટ ચાલુ છે. ૩૬૪૨ મેગાવોટના પ્લાંટ આપણે બંધ કરીને બેઠા અને અત્યારે આખા રાજ્યની અંદર ઇન્સ્ટોલ કેપેસિટીના માત્ર ૧૨ ટકા પાવર પ્રોજેકટ ચાલે છે. હવે આ કોની નીતિ? એકબાજુ સ્પન્જ આર્યનને આપો, એકબાજુ સ્ટીલમાં આપો, એકબાજુ મોટા ઉદ્યોગને આપો, નાના ઉદ્યોગને આપો. આ વીજળીનું ઉત્પાદન ખેડૂતોને આપવા માટે તમે સસ્તો ગેસ કેમ નથી આપતા?

અધ્યક્ષશ્રી : નીતિનભાઇ શાંતિ રાખો. (અંતરાય) તમારો વારો આવે ત્યારે બોલજો. અત્યારે શાંતિથી સાંભળો અને બાજુમાં નીચે કાગળ આપ્યા છે એમાં નોંધ કરી રાખો. નોંધ કરીને તમે બોલજોને.

શ્રી સૌરભ પટેલ : મોંઘવારીની વાત કરી. વિરોધપક્ષના નેતાએ મોંઘવારીની વાત કરી. મારે પૂછવું છે કે સૌથી વધારે દેશમાં મોંઘવારી કોણ વધારે છે? આ કેન્દ્ર સરકારની નીતિઓના કારણે જ. માનનીય અધ્યક્ષશ્રી, (અંતરાય) સૌથી વધારે અણઆવડતના કારણે સત્તર વખત તમે પેટ્રોલ અને ડીઝલના ભાવો વધાર્યા છે. પેટ્રોલમાં ૧૭ અને ૧૮, કેટલા વધ્યા ? ૨૧ રૂપિયા. અને હમણાં જ દોઢ રૂપિયો વધાર્યો જે જુદો એટલે ૨૨ રૂપિયા અને ૫૦ પૈસા. માનનીય અધ્યક્ષશ્રી, તમે પેટ્રોલ અને ડીઝલની વેટની વાત કરો છો. મારે આપ સૌને કહેવું છે,(અંતરાય) હું આપ સૌને અહીંયા કહું છું, સાંભળો અમદાવાદમાં ટેક્સીસ સાથે પેટ્રોલનો ભાવ ૭૨ રૂપિયા અને ૫૪ પૈસા છે(અંતરાય) અરે, ભાઇ બધું ટેક્સ સાથે કહું છું, સાંભળો. માનનીય અધ્યક્ષશ્રી, બોમ્બેમાં ૭૫.૮૯ છે, પુનામાં ૭૬.૧૭ છે, દિલ્હીમાં ૬૯, જયપુરમાં ૭૨. આખા દેશની અંદર ગોવાને બાદ કરો તો બધાની વેટની ટકાવારી સરખી જ છે અને બીજુ હજુ તો છે ને તમે લોકોએ જોયું નથી, આવતા વર્ષમાં આવવાનું છે. પેટ્રોલિયમ સબસિડી, માનનીય અધ્યક્ષશ્રી, ચિંતા કરે છે ને ? આ પેટ્રોલિયમ સબસિડીમાં ૯૬,૦૦૦ કરોડમાંથી આવતા વર્ષે બજેટમાં ૬૫,૦૦૦ કરોડ એલોકેટ કર્યા છે, ૩૧,૦૦૦કરોડ ઓછા કર્યા છે. એક બાજુ ડિમાન્ડ વધશે, સબસિડી વધવી જોઇએ એની જગ્યાએ સબસિડી ઘટાડી છે. એટલે તમે છે ને, ૨૦૧૪ની ચૂંટણી પહેલાં આ ૧૮ વખત અને ૨૪ વખત થઇ જવાના છો, સમજી ગયા. (અંતરાય)

માનનીય અધ્યક્ષશ્રી, અહીંયા આ લોકોને ખ્યાલ નથી. અહીંયા ફૂડ સબસિડીની વાત કરે, ફર્ટિલાઇઝર સબસિડીની વાત કરે, બધી સબસિડીની વાત કરે પણ તમે ખાલી તમારા નાણા મંત્રી દિલ્હીમાં છે. તમે જોજો કે એમણે જે પ્રમાણે સબસિડી કાપી છે એ ગુજરાતની પ્રજાને આવતા દિવસોમાં કેટલા હજાર કરોડ રૂપિયામાં પડવાની છે? આ તો આ સરકાર છે માનનીય અધ્યક્ષશ્રી,(અંતરાય) આ વિધાનસભાની અંદર બધા જ મુખ્યમંત્રીશ્રીઓ, એમાં કોંગ્રેસના પણ આવી ગયા, વર્ષો સુધી રજૂઆતો કરી રોયલ્ટીની અને એ બધા, અહીંયા બેઠેલા બધા આવ્યા અને વાજપાઇજીએ ફોર્મ્યુલા બદલી અને વાજપાઇજીએ મોસ્કર કંપની રાખીને ફોર્મ્યુલા બદલી અને એમણે બેક ડેટેડ આપ્યું. એમણે ૨૦૦૩ની અંદર વિભાજન કર્યું અને ૧૯૯૮થી એનો ચુકાદો આપ્યો. માનનીય અધ્યક્ષશ્રી, આ બધા આપણને મળવાના ચાલુ થયા પણ રાતોરાત ૨૦૦૮-૦૯માં કેબીનેટની એપ્રુવલ વગર જી.આર. ફેરફાર કરી અને ઓલ રોયલ્ટી ઘટાડી નાખી. માનનીય અધ્યક્ષશ્રી, હું આપને સમજાવું કે, આજની તારીખમાં આપણે ત્યાં એવરેજ રોયલ્ટી ૨૦૧૦-૧૧માં (અંતરાય) કે, ભાઇ આ સમજજો, તમને પણ લાગશે કે, આ ગુજરાતના હિતમાં તમારે મહેનત કરવી જોઇએ, એમ.પી.એ કરવી જોઇએ, આપણે આપણી વગ વાપરવી જોઇએ. માનનીય અધ્યક્ષશ્રી, આ ગુજરાત સરકારના બજેટમાં આવક ઓછામાં ઓછા ૨,૦૦૦ કરોડ વધે, જો આપણને આસામની જ સરખામણીમાં

આપે તો ક્રૂડ તો બંનેનું નીકળે છે. રોયલ્ટી પર ટન ૨૦૧૦-૧૧ માં આપણને ૨,૩૨૪ રૂપિયા મળતી હતી. એ જ આસામને ૩,૩૩૦ રૂપિયા મળતી હતી. ૨૦૧૧-૧૨ માં આપણી ૨,૩૨૪ ની ૧,૭૯૮ થઇ. ત્યારે આસામની ૩,૩૩૦ ની ૩,૬૮૨ થઇ. વિચાર કરો. તમે જ કહો કે એક જ ક્રૂડ બે રાજ્ય માટે ક્રૂડના ભાવ જુદા. એક જમાનો હતો. ૨૦૧૧-૧૨ માં રોયલ્ટી ૯૪૧ કરોડ મળી. ૫.૨૩૭ મિલિયન મેટ્રિક ટન પ્રોડક્શન કર્યું. આસામે આપણાથી ઓછું પ્રોડક્શન કર્યું. ૪.૯૬ મિલિયન મેટ્રિક ટન પ્રોડક્શન કર્યું. તો પણ એને ૧,૮૨૮ કરોડ મળી. આપણાથી ઓછું પ્રોડક્શન કર્યુ, તો પણ આપણાથી ડબલ મળી, આ ન્યાય કહેવાય?

રોજગારીની વાત કરવામાં આવી. ગુજરાત રોજગારી નથી આપતું. ૨૦૧૧ માં ગુજરાતે ૨,૨૬,૦૦૦ આપી. ૨૦૧૨ માં ૨,૪૬,૦૦૦ આપી. મારે કહેવું છે કે મિનિસ્ટ્રી ઓફ લેબર, એમ્પ્લોયમેન્ટ, ગવર્નમેન્ટ ઓફ ઇન્ડિયા એમાં એમ્પ્લોયમેન્ટ એક્સચેઇંજ સ્ટેટેસ્ટિક્સમાં ગુજરાત નંબર-૧ રહ્યું છે. આજની તારીખમાં ગુજરાતની અંદર રોજગારી આપીએ છીએ, પણ મારે સભ્યશ્રીઓને કહેવું છે કે તમારી કેન્દ્ર સરકારની કંપનીઓ કેટલા ટકા રોજગારી આપે છે? આ ગુજરાતની અંદર મેં આંકડા ગણાવ્યા. આપણો જી.આર. સ્પષ્ટ કહે છે કે ૮૫ ટકા રોજગારી ગુજરાત ડોમીસાઇલ વાળાને આપવી જોઇએ. ડોમીસાઇલ કોને કહેવાય? ૧૫ વર્ષ અહીયા રહેતો હોય. એની અંદર આજની તારીખમાં રાષ્ટ્રીય કેમિકલ્સ ૨૨ ટકા, કોટન કોર્પોરેશન ૭૫ ટકા, નેશનલ હોર્ટીકલ્ચર બોર્ડ ઝીરો, એરપોર્ટ ઓથોરિટી હું બે દિવસ હતો એક પણ ગુજરાતી દેખાતો નહોતો. સિક્યોરિટીમાં ૪૦ ટકા, ઓ.એન.જી.સી. ૬૪ ટકા, ગેસ ઓથોરિટી ૫૨ ટકા, ઓઇલ ઇન્ડિયા ૫૬ ટકા, નેશનલ ડેરી ડેવલપમેન્ટ ૫૨ ટકા, ઓ.એન.જી.સી. ૬૩ ટકા, એન.ટી.પી.સી. ૫૯ ટકા આ બધાનું કાઢીએ. એક પણ કંપની ૮૫ ટકા આપતી નથી. એની સામે ગુજરાતની બધી કંપનીઓ કાઢો. મારી પાસે યાદી છે. ૧૦૦ ટકા એનું જે ટોટલ જ આપું છું. ૬૮,૩૩૬ ની સામે ૬૭,૬૩૩ એટલે ૯૮ ટકા લોકોનું ડોમીસાઇલ છે. મારે આપશ્રીને કહેવું છે કે મારી પાસે પત્ર છે. ઓ.એન.જી.સી.પેટ્રો એડિશન લિ. ખૂબ મોટું રોકાણ કરી રહી છે. ૨૦,૦૦૦ કરોડનું. કાગળ વાંચું. 'It is observed from the progress report that OPAL has made actual investment of Rs.7298 crores અને ૭,૨૯૮ કરોડનું એણે રોકાણ કર્યુ છે અને આજની તારીખમાં પાંચ વ્યક્તિઓને ગુજરાત ડોમીસાઇલના લીધા છે. આ એનો પત્ર છે.(અંતરાય)

અધ્યક્ષશ્રી : શું કહેવું છે? એનો પત્ર એવો છે કે આટલું રોકાણ કર્યુ ૭,૨૯૮ કરોડ. અને પાંચ માણસોને નોકરી આપી એ કહે છે.(અંતરાય) સૌરભભાઇ તમારું બોલવાનું ચાલુ રાખો. આની ચર્ચા ન હોય. એમને પ્રવચન કરવા દો.

શ્રી સૌરભ પટેલ : આ વિરોધ પક્ષના નેતાશ્રી જેટલા મુદ્દા બોલ્યા, બધા લઇને આવ્યો છું. તમારા વિરોધ પક્ષના નેતા બોલતા હતા, ત્યારે અધ્યક્ષશ્રીએ કહ્યું, ત્યારે હું શાંતિથી બેઠો હતો. આપ શાંતિથી બેસીને વાત સાંભળો.

વીજળીની વાત કરી. પાવર ટેરિફ ખેડૂતોની વધારી છે? નથી વધારી. માનનીય અધ્યક્ષશ્રી, તમે બધા ખેડૂતો છો. ખેડૂતોના પૂત્રો છો અને તમે મને કહો કે છેલ્લા દસ વર્ષની અંદર ૨૧૦૦ રૂપિયાની ટેરીફ કરી છે. આજે ૬૬૫ રૂપિયા ૭.૫ હોર્સ પાવરના લઇએ છીએ. તેના ઉપરમાં ૮૦૭ આપણે લઇ રહ્યા છીએ. આ પ્રમાણે બીજા રાજયોની વાત કરું તો મહારાષ્ટ્રમાં ૧.૭૬ પૈસા, દિલ્હી ૧.૮૦ પૈસા, રાજસ્થાન ૧.૩૬ પૈસા. આ ગુજરાતમાં છેલ્લા દસ વર્ષમાં કોલસાનો ભાવ વધ્યો, ગેસનો ભાવ વધ્યો, બધું જ વધ્યુ પરંતુ વીજળીના ભાવ ખેડૂતો માટે આ સરકારે એક રૂપિયો વધાર્યો નથી. અમારા વિરોધપક્ષના નેતા કહે કે વીજ ઉત્પાદન થતું નથી. મારે એમને કહેવું છે કે, એ જયારે મુખ્યમંત્રી હતા ત્યારે કુલ ઉત્પાદન ૬૬૫૬ મેગાવોટ હતું. એમણે કેટલું વધાર્યુ? ૧૯૯૬-૯૭ થી ૨૦૦૨-૦૩માં માત્રને માત્ર ૨૦૦૦ મેગાવોટ વધ્યું. આ વધ્યું એટલે ૮૬૮૧ મે.વો થયું. ભાઇ, અમે ૩૪૯૪ મેગાવોટ તો માત્ર બે વર્ષમાં વધાર્યુ છે. અહીં બેસીને એમ વાત કરે છે કે ખેડૂતોને કનેકશન નથી આપતા. મારી વાત સાંભળશો. કોંગ્રેસના મુખ્યમંત્રીઓએ. કોંગ્રેસના રાજમાં ૪૦ વર્ષમાં જેટલા મુખ્યમંત્રીઓ આવ્યા તમે વર્ષમાં ટોટલ કાઢશો તો કોઇકનું ૧૨ હજાર નીકળશે, કોઇકનું ૧૪ હજાર નીકળશે, કોઇકનું ૧૫ હજાર નીકળશે.

અધ્યક્ષશ્રી : જવાહરભાઇ શાંતિ રાખો . તમે બહુ બોલ બોલ ના કરો. બધા શાંતિ રાખો. સૌરભભાઇ કહે છે તે સાંભળો. જવાબ આપવો હોય તો આવતીકાલે તમે આપી શકશો. સાંભળવું જોઇએ. વાતમાં તથ્ય છે કે નથી તેનો જવાબ આપવાનો આપને પૂરેપૂરો હકક અને અધિકાર છે. આપ આપી શકશો. આપ આપનું પ્રવચન ચાલુ રાખો.

શ્રી સૌરભભાઇ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આ વર્ષે ઓલરેડી ૮૩ હજાર કનેકશને પહોંચી ગયા છીએ અને આ વિધાનસભામાં કહ્યું હતું કે એક લાખથી વધારે કનેકશન ૩૧ માર્ચ પહેલાં અમે આપીને રહીશું. મારે માનનીય અધ્યક્ષશ્રી, એક આંકડો આપવો છે એટલે આપને ખ્યાલ આવશે. ખેડૂતો માટે આ સરકાર કેટલું કામ કરે છે. આ લોકો કહે છે તે બધુ સમજણ પડે છે. માનનીય અધ્યક્ષશ્રી, આ ૧૯૮૬–૮૭ની વાત કરું છું. ત્યારે વીજળીની પડતર કિંમત ૮૭ પૈસા હતી. એવરેજ રીયલાઇઝેશન આપણે ૫૮ પૈસા લેતા હતા. કેટલું ? ખેડૂતો પાસે આપણે ૫૮ પૈસા લેતા હતા. આ ૨૦૧૧–૧૨માં ૪.૭૯ પૈસા થાય છે અને આપણે ૫૦ પૈસા લઇએ છીએ. માનનીય વિરોધપક્ષના નેતા, આ સભ્યશ્રીઓએ, વિરોધપક્ષના નેતાશ્રીએ એમના પ્રવચનમાં એમ કહ્યું કે પી.પી.એ.માં ભ્રષ્ટાચાર થયો છે. મારે એમને પૂછવું છે પી.પી.એ.ની અંદર, તમે કોઇ દિવસ એગ્રીમેન્ટ વાંચ્યો છે કોઇએ? સૌથી શ્રેષ્ઠ એગ્રીમેન્ટ આખા દેશમાં કોઇએ કર્યો હોય તો તે ગુજરાતે કર્યો છે. હું આપને મુદ્દા બતાવું કે આપણે અદાણી પાસે ૨.૩૫ પૈસે લીધું. એસ્સાર પાસે ૨.૪૦ પૈસે લીધું. અરે ભાઇ, સાંભળોને સમજણ પડે નહીં અને *(xxxxxx) કરો છો.

અધ્યક્ષશ્રી : સાંભળે છે. તમે બોલો. એક મિનિટ (xxxxxx) શબ્દ કાઢી નાંખીએ છીએ, પણ વચ્ચે બોલવાનું બંધ કરો. સાંભળો.

શ્રી સૌરભભાઇ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, પાછો ખેંચી લઉં છું. આ ટાટા અલ્ટ્રા મેગાવોટનો ૨.૨૬ પૈસા હતો. ૨.૨૬ પૈસા અને આપણામાં ફરક કેટલો તો સાહેબ ૦૯ પૈસાનો ફરક. કરારમાં ફરક કેટલો તો આ બેની અંદર ફરક એ કે પેલાની અંદર કોલસાનો ભાવ વધે તો રેટ વધે. ફોરેન ફ્લકચ્યુએશન થાય તો તે આપણા ઉપર પડે. આજે અડતાલીસે કરેલો હમણાં પંચાવન થયો, એટલે એનો ભાવ વધવાનો, ત્યારે ૨.૩૫ અને ૨.૪૦ના કરાર કર્યા છે ને, એ છવ્વીસ વર્ષ સુધી કોઇ વધારો આપણે આપવાનો નથી, આ સમજ્યા? આટલો સારો કરાર કર્યા પછી આખા દેશની અંદર આની ચર્ચા થતી હોય, અને આના કારણે આજે આપણે ખેડૂતોને વીજળી સસ્તી આપી શકીએ છીએ. આપણે જેટલા કરાર કર્યા મોટા ભાગના બધા ત્રણ રૂપિયાની નીચે કર્યા છે. આ જ અદાણીએ મુંદ્રામાં જે આપણને ૨.૩૫એ આપ્યો, આ જ અદાણીએ આપણા મુંદ્રામાંથી મહારાષ્ટ્રને ૩ રૂપિયા અને ૨૮ પૈસે આપ્યો છે અને ચાઇનાના લિગ્નાઇટ બંધ કર્યો, તો યુનિટ બંધ થઇ ગયું, તમારો ગેસ નથી મળ્યો એના કારણે, સમજી ગયા, ગેસ આપ્યો નથી એટલે ગઇકાલથી યુનિટ બંધ થઇ ગયું. બીજુ, રાજસ્થાનને આ જ અદાણીએ ૩ રૂપિયા અને ૨૪ પૈસે આપ્યો છે, મહારાષ્ટ્રને ઇન્ડીયા બુલ્સે ૩ રૂપિયા અને ૨૬ પૈસે આપ્યો છે. એસ્સાર પાવરે ૩ રૂપિયા અને ૬૯ પૈસે બિહારને આપ્યો છે, આ બધાની અંદર તમે આખા દેશના કોઇપણ કરાર જુઓ તો ગુજરાતમાં વીજળીની ખરીદી સૌથી સસ્તી છે.

વીજળીના કનેકશનની વાત કરીએ તો, તમે જયારે કનેકશન આપતા હતાને, ત્યારે શું નીતિ હતી ખબર છે? તમે હતા, ૨૦૦ મીટર મફત, પછી દર મીટરે સો રૂપિયા એટલે ૫૦૦ મીટર કરવું હોય તો એને ૨૦૦૦૦ રૂપિયા આપવા પડે, એ ૨૦૦૦૦ રૂપિયા ચૂકવતો હતો, અને ૫૦૦નું એક કિલોમીટર થાય તો ૭૦૦૦૦ રૂપિયા ચૂકવવા પડે, જયારે આજની તારીખમાં ૧૦ એચ.પી.ના લોડ ઉપર ગમે તેટલું ડિસ્ટન્સ હોય ને, એ ડિસ્ટન્સ આ સરકારે કાઢી નાખ્યું અને ૮૮૨૦ રૂપિયા કર્યું, ૨૦ એચ. પી. હોય ને તો ૧૪૮૨૦ રૂપિયા કર્યું, હમણાં હું સાંભળતો હતો. એક કહેવામાં આવ્યું કે બજેટમાં કોઇ જોગવાઇ નથી કરી, બજેટમાં ૫૫૦ કરોડ રૂપિયા નોર્મલમાં કરી છે, અને ૨૫૦ અને ૩૦૦ કરોડ રૂપિયા આદિવાસીમાં કરી છે. જરા, આંકડા જોજો, બજેટની અંદર ૮૦૦ કરોડ રૂપિયા ઓછામાં ઓછા આપેલા છે, ખાલી ખેડૂતોના વીજળીના કનેકશન પેટે આપેલા છે.

---

* આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા.

આ સરકારમાં હકીકતમાં જોવા જઇએ તો ઓલરાઉન્ડ ડેવલપમેન્ટ થયેલ છે.અલ્યા ભાઇ, ગુજરાત છે ને, ગુજરાત ગેટ વે ટુ નોર્થ ઇન્ડીયા ગણાય છે. આજે ગુજરાતના બંદરો બંધ થઇ જાયને તો આખો દેશ બંધ થઇ જાય, સમજી લેજો, આ ગુજરાતના બંદરોના કારણે આ દેશ ચાલે છે અને હું તમને આંકડા સાથે આપું પણ કમનસીબી એ છે કે, અન્યાય કેટલો? માનનીય નાણા મંત્રીશ્રી લોકસભાની અંદર એમ કહે છે કે, Two new major ports will be established in West Bengal and Andhra Pradesh દશ વર્ષની અંદર એક રૂપિયો પણ આપણા પોર્ટસ માટે આપ્યો છે? (અંતરાય) સમજણ નથી પડતી એટલે જ આપ સામે બેઠા છો.

માનનીય અધ્યક્ષશ્રી, મારે આ સભ્યશ્રીને ખાલી માહિતી આપવી છે કે, બે ટાઇપની પોર્ટસ પોલીસી છે, મેજર અને નોન મેજર, મેજર પોર્ટસ અને નોન મેજર પોર્ટસ, મેજરમાં એકલું કંડલા આવે, અને બાકીના બધા નોન મેજર્સ પોર્ટસ એ ગુજરાતની નીતિના કારણે થયા છે, આજે મેજરનો જે ગ્રોથ છે ને, એ મેજર પોર્ટ કેન્દ્ર સરકાર ચલાવે છે અને એના કારણે ૫૬૧ મિલિયન, ૫૭૦ મિલિયન, ૫૬૦ મિલિયન ગાડુ અટકી ગયું છે, જયારે આપણો ૨૦૬, ૨૩૧, ૨૫૯ આ છેલ્લા ત્રણ વર્ષનો ગ્રોથ આવ્યો છે. હવે મારે એટલું જ કહેવું છે કે, આપણું જયારે પોર્ટ કરીએ, LNG કરીએ, ટર્મિનલ કરીએ, તો એમના બજેટમાંથી પચાસ રૂપિયા અપાય છે? આ કેન્દ્ર સરકારે (અંતરાય) તમે આપો, બેસી જાઉં. માનનીય અધ્યક્ષશ્રી, વિરોધ પક્ષના નેતાશ્રી અત્યારે નથી પણ હાઉસના રેકર્ડ ઉપર હું મૂકવા માગુ છું કે, Statistical Department of Gujarat State, domestic product Industry Group at current price and constant price આ બંને કાગળ આપ્યા હતા I stand by my statement આની અંદર સ્પષ્ટ લખ્યું છે કે, કરન્ટ પ્રાઇસ ઉપર ૨૦૧૧માં જે ૨૬.૭ ટકા છે અને કોન્સ્ટટમાં ૨૮.૨ ટકા છે એટલે જે એમણે નિવેદન કર્યું હતું કે સર્વેમાં ૩૭ ટકાનો ઉલ્લેખ છે ત્યારે ૩૨ ટકા સુધીનો એસ.ઇ.ઝેડનો કોઇ મતલબ નથી. આ જે એમનું નિવેદન છે એ નિવેદન •(xxxxxx) છે. અને આ ડોક્યુમેન્ટ હું હાઉસના રેકર્ડ ઉપર મૂકવા માગુ છું એટલે દૂધનું દૂધ અને પાણીનું પાણી થઇ જાય. એટલી જ વિનંતી કરું કે આવતા દિવસોની અંદર અમે જે વસ્તુ લાવીએ.(અંતરાય)

અધ્યક્ષશ્રી : સૌરભભાઇ, (xxxxxx) એ શબ્દો રેકર્ડ ઉપરથી દૂર કરું છું. સત્ય નથી એમ કહી શકો તમે.

શ્રી સૌરભ પટેલ : સત્ય નથી અને બીજી વાર બરાબર વાંચીને આવજો. માનનીય અધ્યક્ષશ્રી, (અંતરાય) અભ્યાસ કરીને આવજો.

અધ્યક્ષશ્રી : આંકડા તો કહે ને, આ સરકારી આંકડા છે ડિફર થાય તો એ કહે ને.

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ઘણી રાહત થાય જો કેન્દ્ર સરકારની અંદર નીતિમાં આપણને બીજા રાજયોની સરખામણી કરે. (અંતરાય) ૨૦૧૪માં થવાનું જ છે અને યાદ રાખજો. જૂના લઇને આવીશું સમજ્યા? માનનીય અધ્યક્ષશ્રી, કેન્દ્ર સરકારમાં અમે ગયા ઇ.એસ.ટી. ૪ ટકાનો ૩ ટકા અને ૩ ટકાનો ૨ ટકા કર્યો. શું કહ્યું કે તમને રૂપિયા આપીશું. નાણાંમંત્રીશ્રી શું કહે છે કે ૩૪ હજાર કરોડ તમને આપવાના છે હું સંમત છું પણ મારી પાસે રૂપિયા નથી. જોગવાઇમાં કેટલા કર્યા? ૯ હજાર કરોડ હવે વિચાર કરો કે આપણા બીજા ૪ હજાર કરોડ રૂપિયા ક્યારે મળે? આપણા દેશના નાણાં મંત્રીશ્રી એમ કહેતા હોય કે મારી પાસે રૂપિયા નથી. (xxxxxx) આ ઓફિશિયલ રેકર્ડ પર છે. (અંતરાય)

અધ્યક્ષશ્રી : એક મિનિટ તમે બેસો, એમાં ઉભા શા માટે થાઓ છો? (અંતરાય)

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ચિદમ્બરમજીએ સ્પષ્ટપણે નાણાં મંત્રીશ્રીઓને એમ કહ્યું છે કે, મારી પાસે અત્યારે રૂપિયા નથી એટલે હું ત્રણ વર્ષની અંદર તમને ટૂકડે ટૂકડે ઇન્સ્ટોલમેન્ટની અંદર રૂપિયા આપીશ. (અંતરાય)

• માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો રેકર્ડ ઉપરથી દૂર કરવામાં આવ્યા.

અધ્યક્ષશ્રી : એમાં શું ખોટું છે? એક મિનિટ, બલવંતસિંહજી શું કહેવું છે?

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી બજેટમાં કંઇક આપવાની વાત કરે, અથવા ગુજરાતમાં શું છે? કેન્દ્ર સાથે સરખાવીને કેન્દ્રની માત્ર આખીને આખી વાતો કરીને જે મંત્રીશ્રી કહે છે કે, હપતા સિસ્ટમને, આને, તે એવા શબ્દો જે ઉચ્ચારે છે એ બરાબર નથી. કેન્દ્રએ હપતા અંગેનો કાગળ લખીને મોકલ્યો હોય તો બતાવે માનનીય મંત્રીશ્રી.

અધ્યક્ષશ્રી : આમાં માનનીય બલવંતસિંહ, એ કોઇ કેન્દ્રના મંત્રીની ટીકા કરતા નથી. એમાં હપતા કરવાની વાત છે અને ત્રણ હપતે હું તમને આપીશ એટલે એ ટીકા ન થઇ કહેવાય. (અંતરાય) બેસી જાવ તમે રામસિંહભાઇ, બલવંતસિંહજી, તેઓ એમ કહે છે કે હું ત્રણ હપતે તમને આપીશ. ત્રણ હપતે આપવાની વાત કરી એ કોઇ ટીકા નથી. એ તો ત્રણ હપતે શું પાંચ હપતે પણ આપે એનો હક્ક અને અધિકાર છે. આપણે પણ બીજાને મકાન ચણવા માટે આપણે પૈસા હપતે હપતે જ આપીએ છીએ ને? એ પ્રોસિઝર છે એમાં કોઇ ટીકા નથી. તમારું પ્રવચન ચાલુ રાખો. (અંતરાય) બેસો તમે રામસિંહભાઇ, આ ઉભા છે તમારા જ પ્રતિનિધિ.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, એમણે એવી સીધી વાત કરી હોત તો અમે સ્વીકારીને ચાલત. કેન્દ્રના અનેક પૈસા ગુજરાત પાસે માગે છે પણ અમે તો કોઇ દિવસ એ વાત કરતા નથી. એમણે જે વાત કરી છે એ •(xxxxxx) એમ કરીને કેન્દ્રના મંત્રીશ્રીની ટીકા કરી છે. રેકર્ડ તમે તપાસો માનનીય અધ્યક્ષશ્રી. મારુ જે કહેવાનું છે તે આ છે. સાહેબ, તમે રેકર્ડ તપાસશો તો ખ્યાલ આવશે.

અધ્યક્ષશ્રી : એક મિનિટ, (xxxxxx) એવા શબ્દો બોલ્યા હોય તો એ શબ્દો રેકર્ડ પરથી દૂર કરવામાં આવશે. હપ્તે હપ્તે આપીશું એ વાત જુદી છે (xxxxxx) એ વાત જુદી છે. (xxxxxx) એવા શબ્દો હશે તો રેકર્ડ પરથી દૂર થશે.

શ્રી સૌરભભાઇ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મારો વિષય એટલો હતો કે ઓઇલ રોયલ્ટીના ૨૦૦૦ કરોડ રૂપિયા મળ્યા હોત, કેન્દ્રના સી.એસ.ટી.ના ૪૦૦૦ કરોડ રૂપિયા મળ્યા હોત તો અત્યારે આપણા બજેટમાં પ્લાન સાઇઝ ૫૮૦૦૦ કરોડની જગ્યાએ ૬૪૦૦૦ કરોડ હોત મારો વિષય આટલો હતો. એટલે હું કહું છું કે આવતા દિવસોની અંદર અને આ મારો એકલાનો વિષય નથી, કોંગ્રેસના નાણાં મંત્રીશ્રીઓ રાજસ્થાન હોય, મહારાષ્ટ્ર હોય, હરિયાણા હોય આ બધા કહે છે કે અમને અમારું રાજ્ય ચલાવવા માટે ઘણી તકલીફ પડે છે, વચન આપ્યું હતું એ વચન પાળો. એટલો જ વિષય છે.

નર્મદાની વાત કરું, નર્મદાના નાણાંની વાત કરીએ, એ.આઇ.ડી.પી. નામની એક સ્કીમ છે, એમાં ડ્રોટ પ્રોન એરિયા અને ડેઝર્ટ પ્રોન એરિયા, આજની તારીખમાં ૭૫ ટકા ડ્રોટમાં મળે છે અને ડેઝર્ટમાં ૨૫ ટકા મળે છે અને નોર્મલમાં ૨૫ મળે છે, આપણે એમ કહીએ છીએ કે ગુજરાતને બીજા રાજ્યોને જે પ્રમાણે ડેઝર્ટ પ્રોન એરિયા હોય, રણ પ્રદેશ હોય એને પણ તમે બીજા રાજ્યોની સરખામણીમાં આપો. કર્ણાટક અને પંજાબને ૭૫ ટકા મળે છે જ્યાં રણ હોય ત્યાં અને આપણને ૨૫ ટકા મળે છે, આના કારણે નર્મદાની કેનાલ બનાસકાંઠા અને કચ્છની અંદર આપણા પોતાના પૈસે કરીએ છીએ અને કેન્દ્રનો હિસ્સો ૭૫ ટકા છે, આના કારણે પણ ૨૦૦૦ કરોડ રૂપિયાનું નુકસાન જાય છે. આ લોકોને બજેટમાં કંઇ સારું દેખાયું જ નથી, મારે તમને બે ચાર વિષય પર ધ્યાન દોરીને કહેવું છે. ધ્યાન પર એ મૂકવું છે કે સોશિયલ સેક્ટર જે પ્રાયોરિટિનું સેક્ટર છે, આ સોશિયલ સેક્ટર ઉપર પ્લાનના ૪૨ ટકા છે. ૨૪૦૦૦ કરોડ અને ૨૦૦૭ થી ૨૦૧૨ની અંદર પણ ૫૦૬૦૦ કરોડ રૂપિયા ખર્ચ્યા હતા. આ એક વર્ષમાં ૨૪૦૦૦ કરોડ રૂપિયા ખર્ચ્યા છે.

શિક્ષણની વાત કરીએ, તો સ્માર્ટ સ્કૂલ દેખાઇ નહિ તમને, ગ્રીન સ્કૂલ દેખાઇ નહિ, સ્પોર્ટ્સ સ્કૂલ દેખાઇ નહિ, ૪૮ અંગ્રેજી મિડિયમની સ્કૂલ દેખાઇ નહિ. ૭૩ કરોડ રૂપિયા એસ.સી. એસ.ટી. અને ઓ.બી.સી.ને માધ્યમિકમાં જે લાભ આપ્યો છે એ દેખાતો નથી, સાયકલોનું ડિસ્ટ્રિબ્યુશન દેખાયું નહિ. મુખ્યમંત્રીશ્રીની સ્કોલરશીપો દેખાઇ નહિ, તો તમને દેખાયું શું? માનનીય અધ્યક્ષશ્રી, શિક્ષણનું બજેટ

• માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો રેકર્ડ ઉપરથી દૂર કરવામાં આવ્યા.

૨૭૦૦ કરોડથી ૩૮૫૦ કરોડ કર્યું એટલે ૪૩ ટકાનો રાઇઝ આપ્યો છે હવે આ ૪૩ ટકાનો રાઇઝ ઓછો લાગે છે? હેલ્થની અંદર ૨૪ ટકાનો વધારો, ૩૦૦૦ થી ૩૮૦૦ કરોડ, હોસ્પિટલો ૮૧૬ કરોડ, આ કોના લાભાર્થે છે? આ સોશિયલ સેકટર છે. સ્કીલ ડેવલપમેન્ટમાં તમારા નાણાં મંત્રીશ્રીએ ૧૦૦૦ કરોડ રૂપિયા ફાળવ્યા છે, આ સરકારે આ નાણામંત્રીશ્રીએ ૮૪૧ કરોડ રૂપિયા ફાળવ્યા છે, સાચું કે ખોટું? ત્યાં આગળ દેશ માટે ૧૦૦૦ કરોડ અહીંયા ૮૪૧ કરોડ હવે આ સ્કીલ ડેવલપમેન્ટમાં આઇ.ટી.આઇ. ના દેખાઇ, સ્કીલ ડેવલપમેન્ટ યુનિવર્સિટી ના દેખાઇ, મારે આપને પૂછવું છે કે આ ૫૮૫૦૦ કરોડ રૂપિયામાં એમને સારું શું દેખાયું? સૌની યોજના ના દેખાઇ. ખેડૂતોની ૧૦૦૦ કરોડ રૂપિયાની યોજના. ક્યારેય તમે સ્વપ્નેય વિચાર કર્યું હતું કે નર્મદાનું પાણી સૌરાષ્ટ્રમાં જશે. અને મહિના પછી પરેશકુમાર તમે અમરેલી જાઓને ત્યારે બોટાદ ઉભાં રહેજો, આ નર્મદાનું પાણી ત્યાં તળાવમાં પડશે અને સૌની યોજનાની શરૂઆત થઇ જશે.

માનનીય અધ્યક્ષશ્રી, સુખભાદર ડેમ, ગોમા ડેમ.(અંતરાય) નીકળીને જોજો આ સત્ય થઇ રહ્યું છે. તમારા ઘરના ઘરનો ફુગ્ગો ફૂટી ગયો. અને અમે અહીં હાઉસીંગમાં ૪૪૦૦ કરોડ મુખ્યમંત્રીશ્રી આવાસ સમૃદ્ધ યોજના અને યાદ રાખજો આવતા દિવસોમાં જેમ ઘર ફટાફટ ફટાફટ બનશે ત્યારે તમને ખબર પડશે કે આ સરકાર ગરીબો માટે અને n e o mi d d l e c l a s s માટે શું કરી શકે છે. ૫ હજાર કરોડ રૂપિયા પાવર સેકટર, નર્મદામાં ૯ હજાર કરોડ, તમારા જયારે મુખ્યમંત્રીશ્રીનું બજેટ હતુંને તેનાથી વધારે તો અમે એકલા નર્મદામાં આપીએ છીએ. માનનીય વિરોધપક્ષના નેતાશ્રી જયારે મુખ્યમંત્રી હતા ત્યારે ૪ હજાર કરોડ હશે. તેનાથી ડબલ પૈસા તો અમે એકલા નર્મદાના ખેડૂતો પાછળ આપીએ છીએ. (અંતરાય) ભાઇ, તમારે તો બોલવાની જરૂર જ નથી. તમારા જયારે મુખ્યમંત્રી હતા ત્યારે તેણે શેના ઉપર ટેકસ વધાર્યો હતો કહું? વોટર પંપ બેના ચાર ટકા કર્યા હતા. પ્રેશર કુકર , એકના ચાર ટકા કર્યા હતા. અને એ વખતે તમે ગેસના ભાવ ૨૦ ટકા કર્યા હતા ૧૯ના ૨૦ કર્યા હતા તે અમે ઘટાડીને ૧૫ લાવ્યાં છીએ. બજેટના કાગળીયા કાઢીને જોજો એટલે ખ્યાલ આવશે. ખેડૂતોની વાત કરે, મધ્યમ વર્ગની વાત કરે, ગરીબોની વાત કરે, વિકાસની વાત કરે મને ગૌરવ થાય છે ઘણી વખત ...

અધ્યક્ષશ્રી : સૌરભભાઇ, કેટલો ટાઇમ લેશો ?

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, બે મિનિટ. આ પ્રોફેશનલ ટેકસની અંદર ૩ હજારના ૬ હજાર રૂપિયા કર્યા તમારામાંથી કોઇ એક લાઇન બોલ્યું ? એક લાઇન ના બોલ્યાં. કેટલાં લોકોને લાભ થયો ? શું પૂછે છે ખબર પણ નથી તમને ? (અંતરાય) બોલો.

માનનીય અધ્યક્ષશ્રી, કોંગ્રેસના સભ્યોને હું જણાવું કે ટર્ન ઓવર લિમિટ ૫૦ની ૭૫ લાખ કરી તેમાં ૨૩ હજાર વેપારીઓને ફાયદો થયો. પ્રોફેશનલ ટેકસમાં ૩ હજારમાંથી ૬ હજાર કર્યો તેમાં હજારો લોકોને ફાયદો થયો. અને અમે જે ટેકસ વધાર્યો છે તે માત્ર અને માત્ર મોટા ઉદ્યોગોનો વધાર્યો છે. અમે p r o f e s s i o n a l t a x ઉપર વધાર્યો તેમાં કોને લાભ થયો, કોને નુકસાન થયું? તમે આંકડા કાઢો. એકે એક કંપનીઓ ૪૦ પૈસાનું ૫૫ કર્યું. તમારામાં તાકાત નથી આ કરવાની. આ સરકાર કરી શકે છે, મોટા ઉદ્યોગો ઉપર ટેકસ નાખી શકે છે. મારે કહેવું છે કે કેન્દ્ર સરકારે હમણાં એક નવી નીતિ કરી કે ૧૦૦ કરોડ રૂપિયા ઉપર જે ૧-૪-૨૦૧૩ થી ૩૧મી માર્ચ, ૨૦૧૫ સુધીમાં સો કરોડથી વધારે મૂડીરોકાણ કરે તેને ૧૫ ટકા ઇન્વેસ્ટમેન્ટ એલાઉન્સ મળે.

માનનીય અધ્યક્ષશ્રી, મોટા ઉદ્યોગ સો કરોડ ઉપરના બે વર્ષમાં આવે ? અને કોના માટે કર્યુ ભાઇ ? જેના ઉદ્યોગો ચાલુ થઇ ગયા છે તેનું કોમર્શિયલ પ્રોડકશન બે વર્ષમાં આવે ? તેને લાભ આપવા માટે કર્યુ છે. જયારે અમે લોકો વિડિયોકોન, યુનાઇટેડ ફોસ્ફરસ, ઇન્ડિયન રેયોન, ટાટા કેમિકલ, અંબુજા સિમેન્ટ, ઓ.એન.જી.સી., અલ્ટ્રા, એસ્સાર ઓઇલ, એસ્સાર સ્ટીલ્સ આ વીસ જણ આપણને ૨૫૦ કરોડ રૂપિયા આપશે. એટલે આ પાંચ ઉદ્યોગપતિનું છે તેમાં બધા આવી ગયા. આ સરકાર સારી કામગીરી કરે છે . ગઇકાલની વાત કરું તામિલનાડુથી ડેલિગેશન આવ્યું. તેના મંત્રીશ્રી, ચાર આઇ.એ.એસ.ઓફિસર અને

ઓછામાં ઓછાં બીજા નવ અધિકારીઓ ગુજરાતમાં સારી રીતે કામગીરી કેવી રીતે થાય તેના માટે બેથી ત્રણ દિવસ અભ્યાસ કરવા આવ્યા છે. એટલે મારે આપને એટલું જ કહેવું છે કે જરા •(xxxxxx)

અધ્યક્ષશ્રી : એ શબ્દો કાઢી નાખીએ છીએ કે (xxxxxx) સાંભળવામાં વિચાર કરવા દો.

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મને સંપૂર્ણપણે વિશ્વાસ છે કે આ જે બજેટ લઇને આવ્યાં છે તે આવતા દિવસોમાં ગુજરાતનો ગ્રોથ રેઇટ વધારે સારી રીતે આગળ વધશે એ પ્રમાણેનું બજેટ લાવ્યાં છે.

શ્રી પુંજાભાઇ ભી. વંશ(ઉના) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણા મંત્રીશ્રી વર્ષ ૨૦૧૩-૧૪નું બજેટ લઇને આવ્યા છે એમાં મારા વિચારો વ્યક્ત કરવા માટે હું ઉપસ્થિત થયો છું. માનનીય અધ્યક્ષશ્રી, ઉધઇની ભયંકર ઘાતકતા અને તેના દ્વારા જે નુકસાન થાય છે તે સીધું ન દેખાય, પરંતુ ઉધઇ છે તે અંદરથી લાકડાને અને દિવાલને સંપૂર્ણ કોરી ખાય છે અને તે બહારના લોકોને દેખાતી નથી. એવી જ રીતે ગુજરાત રાજયના સુશાસિત વહીવટનું ખોદાણ આ ઉધઇ પ્રમાણે થઇ રહ્યું છે. માનનીય નાણા મંત્રીશ્રીએ ૫૮,૫૦૦ કરોડનું વિકાસ યોજનાનું કદ નિયત કર્યુ છે. હું એ સમાજમાંથી આવું છું તે બક્ષીપંચ સમાજ, ઓ.બી.સી. માટે આ બજેટમાં જે જોગવાઇ કરવામાં આવી છે તે સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના લોકો માટે માત્ર અને માત્ર ૬૨૦ કરોડની જોગવાઇ કરવામાં આવેલી છે. ૫૮,૫૦૦ કરોડની સામે માત્ર ૬૨૦ કરોડની જોગવાઇ એ ગુજરાતના બક્ષીપંચ સમાજના લોકોની ક્રુર મશ્કરી સમાન છે. બક્ષીપંચના લોકોની જે છાત્રાલયો ચાલે છે, આશ્રમશાળાઓ ચાલે છે, આ આશ્રમશાળાઓને માસિક ૧૦૦૦ રૂપિયા નિભાવ ગ્રાન્ટ આપવામાં આવે છે. ૧૦૦૦ રૂપિયાની નિભાવ ગ્રાન્ટ એટલે શું? હું નાણા મંત્રીશ્રીનો આદર કરું છું, પણ જે પ્રકારની વ્યવસ્થા કરવામાં આવી છે આ બજેટમાં જે જોગવાઇ કરવામાં આવી છે એ બક્ષીપંચના વિદ્યાર્થીને નિભાવ ગ્રાન્ટમાંથી નાસ્તો આપવામાં આવે છે. આપણા ઘરે અથવા મુખ્ય મંત્રીશ્રીના બંગલે અથવા બીજા કોઇ સરકારી કાર્યક્રમમાં નાસ્તાની ડીશ કેટલા રૂપિયાની થાય છે? જો આ પ્રમાણે આપવાનું ચાલુ રાખીશું તો કુ-પોષણ તો આપણે જ કરીએ છીએ. એટલે સરકાર પોતે કુ-પોષણને પ્રોત્સાહન આપતી હોય તેવા પ્રકારની જોગવાઇ આ બજેટમાં કરવામાં આવી છે. ગૃહપતિને માત્ર અને માત્ર ૨૩૦૦ રૂપિયા પગાર ચૂકવવામાં આવે છે. જે વ્યક્તિ ૨૪ કલાક પોતાની ફરજ બજાવે છે તેમને પણ લઘુતમ વેતન ધારા પ્રમાણે આ સરકાર પગાર આપતી નથી. અથવા ચૂકવણું કરતી નથી. અને છતાં પણ આપણે વિકાસ, વિકાસ અને વિકાસની વાતો કરીએ છીએ, ત્યારે આપના મારફત માનનીય સરકારને, માનનીય નાણા મંત્રીશ્રીને અને માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રીને હું વિનંતી કરું છું કે રાજયના કુલ બજેટની અંદર, રાજયની કુલ વસતિના ૫૧ ટકા વસતિ ઓ.બી.સી.ની છે અને ૫૧ ટકા લોકો માટે માત્ર ૬૨૦ કરોડ રૂપિયા ફાળવણી એ કોઇપણ સંજોગોમાં ઉચિત નથી, વાજબી નથી. એમાં વધારો કરવામાં આવે તેવી મારી લાગણી હું વ્યકત કરું છું. ગૃહપતિના પગારમાં પણ લઘુતમ વેતન ધારા પ્રમાણેનો વધારો કરવા માટે હું વિનંતી કરું છું.

રાજયની કરોડરજ્જુ સમાન જે વિભાગો છે એમાં સાંપ્રત સ્થિતિ પણ માનનીય નાણા મંત્રીશ્રી જૂએ તો વાસ્તવિકતાનો ખ્યાલ આવશે. એમાં એક મહેસૂલ વિભાગ રાજયની કરોડરજ્જુ સમાન છે. આ વિભાગ જિલ્લાની પણ કરોડરજ્જુ છે. આ મહેસૂલ વિભાગમાં આજે જિલ્લા કક્ષાના અધિકારીઓ અને કર્મચારીઓની જગ્યાઓ ખાલી છે. છેલ્લે આ વિધાનસભામાં કેગનો જે રિપોર્ટ રજૂ કરવામાં આવ્યો તે જોવામાં આવે તો આપણને ખ્યાલ આવશે. એ જ રીતે ભાવનગરથી લખપત સુધીનો ૧૬૦૦ કિલોમિટરનો લાંબો દરિયા કિનારો આવેલો છે, ગંભીર ચિંતાનો વિષય એ છે કે દરિયાના ખારા પાણી દિન પ્રતિદિન આગળ આવતા જાય છે અને તેના કારણે ખેડૂતોની કિમતી જમીન ખારી બનતી જાય છે. એકબાજુ ઉદ્યોગોને સસ્તા ભાવે જમીન આપવામાં આવે, માનનીય મુખ્યમંત્રીશ્રી એમ કહે કે અમે સસ્તા ભાવે જમીન આપીએ છીએ. આ સરકાર ક્ષાર નિયંત્રણ અટકાવવા સંપૂર્ણપણે નિષ્ફળ ગઇ છે. પરિણામે ખેડૂતોની જમીન ખારી બની ગઇ છે અને એ જમીન ઉદ્યોગોને પધરાવવાની વાત કરીને ખેડૂતોને નુકસાન પહોંચાડવામાં આવે

• માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો રેકર્ડ ઉપરથી દૂર કરવામાં આવ્યાં.

છે. ૧૯૭૪–૭૮માં હાઇલેવલ કમિટીની રચના કરવામાં આવેલ હતી એ વખતે આ કમિટીએ સૂચનો કર્યા હતા કે દરિયાનું ખારું પાણી દિનપ્રતિદિન આગળ વધી રહ્યું છે એને કેવી રીતે અટકાવી શકાય એના માટેની આ કમિટીએ ભલામણો કરેલી હતી એ ભલામણોની અંદર જે મારી પાસે વિગતો છે એમાં ભરતી નિયંત્રકો ૫૩ કરવાના હતા. બંધારા ૧૨૭ કરવાના હતા. આડબંધ ૧૫૭૫ કરવાના હતા. રીચાર્જ તળાવો ૧૨૨ કરવાના હતા, રીચાર્જ કૂવાઓ ૧૪૮૦ કરવાના હતા. સ્પેન્ડિંગ કેનાલ પર૬ કિલોમીટરની કરવામાં આવે એવી ભલામણો કરવામાં આવી હતી. પરંતુ આટલા વરસો પછી માત્ર ક્ષાર નિયંત્રણ અટકાવવા માટે ૪૧ ટકા જ કામ થયું છે. મારે મંત્રીશ્રીને કહેવું છે કે આ બજેટની અંદર ક્ષાર આગળ વધતો અટકાવવા માટે માત્રને માત્ર ૬૭ કરોડ રૂપિયાની જ જોગવાઇ કરવામાં આવી છે. જો વધારે રકમ ફાળવવામાં નહિ આવે, ક્ષાર આગળ વધતો અટકાવવામાં નહિ આવે તો આપણા કાંઠા ઉપર આવેલા ખેડૂતો છે એની કિમતી જમીનો સંપૂર્ણપણે ખારાશવાળી થઇ જશે અને ભવિષ્યની અંદર એને ન પોસાય તેવું નુકસાન થશે તેવી સ્થિતિનું નિર્માણ થયું છે.

છેલ્લે કેગનો અહેવાલ આવ્યો એ પ્રમાણે ખારા પાણીના કારણે દરિયાઇ પટ્ટી ઉપર ક્ષારને કારણે પથરીના રોગમાં વધારો થયો છે. ગેસનું પ્રમાણ રોગોની અંદર વધતું જાય છે અને એના કારણે આરોગ્ય ઉપર ભયંકર નુકસાન થઇ રહ્યું છે ત્યારે બજેટની અંદર ૬૭ કરોડ રૂપિયાની જોગવાઇ છે એની અંદર વધારો કરવામાં આવે એટલી આપની મારફત માનનીય મંત્રીશ્રીને વિનંતી કરુ છું. આ ગામડાંની અંદર જે ૨૨ લાખ હેકટર જમીન ખારાશવાળી થઇ છે. ૨૦ કિલોમીટર સુધી દરિયાનું ખારુ પાણી આગળ આવતું જાય છે આ પરિસ્થિતિમાં ક્ષાર નિયંત્રણને આગળના દિવસોમાં રોકવામાં નહિ આવે તો કાંઠા વિસ્તારના જે ગામો છે એ ભાવનગર હોય,અમરેલી હોય, જુનાગઢ હોય, જામનગર હોય, દ્વારકા હોય કે કચ્છ હોય ત્યાંના ખેડૂતોને ન ભરપાઇ થઇ શકે એ પ્રકારની સ્થિતિ નિર્માણ થશે.

કાયદો અને વ્યવસ્થાને લાગેવળગે છે ત્યાં સુધી આ ગૃહની અંદર ઘણું બધું કહેવામાં આવ્યું છે. ભાવ વધારા માટે કયાંકને કયાંક કેન્દ્ર સરકારને દોષિત ઠેરવવામાં આવે છે. એનાથી આગળ વધીને ઘણી બધી ચર્ચાઓ આ સભાગૃહમાં થઇ. ત્રીજી વખત મતો આપ્યા છે એના લીધે અમે સત્તામાં આવ્યા છીએ પણ આપની મારફતે કહેવું જોઇએ જર્મનીની અંદર હિટલરને પણ ૯૦ ટકા મત મળતા હતા છતાં જર્મનીનો વિકાસ થયો છે એમ ન કહી શકાય. લંકા રાવણની હતી એ સોનાની હતી એટલે એમ કહીશું કે રાવણે એનો વિકાસ કર્યો છે? કાયદો અને વ્યવસ્થાની આપણે વાતો કરીએ છીએ, ભ્રષ્ટાચારની વાતો શાસક પક્ષના સભ્યશ્રીઓ દ્વારા કરવામાં આવે છે. ભ્રષ્ટાચાર એક કેન્સર જેવું છે, આ પક્ષ હોય કે પેલો પક્ષ હોય, મારે તમને કહેવું જોઇએ કે તમારી પાર્ટીના પ્રમુખ એક લાખની લાંચ લેતા પકડાયા હતા. આખું વિશ્વ જોતું હોય અને આ લોકો એની વાત કરે. કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિને લાગેવળગે છે ત્યાં સુધી આ રાજયના ગૃહમંત્રીશ્રીનું ધોળા દિવસે ખૂન થાય અને છતાં આપણે સુશાસન ગુજરાતની વાત કરીએ, આ રાજયના • (xxxxxx) (અંતરાય)

અધ્યક્ષશ્રી : માનનીય પૂંજાભાઇ, આ શબ્દો આપ પાછા ખેંચી લો.

શ્રી પુંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીઓને તકલીફ થઇ હોય તો મારા શબ્દો પાછા ખેંચી લઉં, પણ જે હકીકત છે (xxxxxx) (અંતરાય)

અધ્યક્ષશ્રી : એક મિનિટ. આ શબ્દો પણ કાઢી નાખો. કોઇપણ વ્યક્તિ ઉપર એલીગેશન કરવું હોય તો પહેલાં મંજૂરી લેવી પડે. સભ્યને પણ કહેવું પડે.

શ્રી પુંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, હકીકત છે એ કહું..

અધ્યક્ષશ્રી : એ કરવું પડે. એ નથી કર્યું . આ શબ્દો પણ રદ કરીએ છીએ. જે બાબતમાં કોર્ટમાં કેસ હોય એ વિષે કંઇ ઉલ્લેખ કે ચર્ચા ન થઇ શકે. આ સબજયુડીશ પણ છે કોઇપણ સભ્યની ટીકા કરવી..

શ્રી પુંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, (xxxxxx) (અંતરાય)

---

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા.

અધ્યક્ષશ્રી : લોકાયુકતની ઓલરેડી નિમણૂંક થઇ ગઇ છે.

શ્રી પુંજાભાઇ ભી. વંશ : (xxxxxx)

પોઇન્ટ ઓફ ઓર્ડર

રેકર્ડ ઉપરથી શબ્દો રદ કરવા અંગે

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, મારો પોઇન્ટ ઓફ ઓર્ડર છે. માનનીય વિપક્ષના સભ્યશ્રી દ્વારા એવું કહેવામાં આવે છે કે (xxxxxx) એટલે આ પ્રકારના ઉલ્લેખો આ સભાગૃહમાં ન કરી શકે. (અંતરાય)

શ્રી પુંજાભાઇ ભી. વંશ : એ જ મેં કહ્યું છે. તેનાથી વિશેષ કંઇ કહ્યું નથી.(અંતરાય)

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, તેમણે ઉલ્લેખ કર્યો છે કે (xxxxxx) અને બીજી બાજુ તેમણે..

અધ્યક્ષશ્રી : એ તો મેં વાત કરી. લોકાયુકતની નિમણૂંક ઓલરેડી થઇ ગઇ છે એટલે એ શબ્દો રદ કરી નાખો.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : (xxxxxx) કોઇ છટકબારી શોધી નથી.

અધ્યક્ષશ્રી : અને કમિશન વિશે, કમિશન જે નિમણૂંક કર્યું છે તેમાં પોઝીટીવ કે નેગેટીવ આપણે એની ટીકા પણ ન કરી શકીએ અને વખાણ પણ ન કરી શકીએ. આ બધા શબ્દો રેકર્ડ ઉપરથી કાઢી નાખીએ છીએ. આપનું પ્રવચન ચાલુ રાખો. વખાણ પણ નહીં કરવાના. એ ભવિષ્યમાં તમારે પણ ધ્યાન રાખવાનું.

શ્રી પુંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, કાયદો અને વ્યવસ્થાની બહુ સારી વાત કરીએ છીએ. ગુજરાતમાં બહુ અસરકારક કાયદો અને વ્યવસ્થા છે. રાજયમાં છેલ્લા બે વર્ષ પહેલાં ગુમ થયેલા ૯૫૦૦ લોકોમાંથી આજે પણ ૫,૦૦૦ લોકો લાપતા છે અને ત્યારે રાજયમાં દરરોજ ખૂન, લૂંટ, બળાત્કાર, આ રોજીંદી પ્રક્રિયા બનતી ગઇ છે. ભ્રુણ હત્યા બંધ થવાનું નામ લેતી નથી. જે હકીકત છે તે આપના સુધી મૂકું છું. આ સરકારની પરિસ્થિતિ એવી રીતે છે કે દિલ્હીમાં રેપ થાય છે ત્યારે દિલ્હી, ઝારખંડ બીજા રાજયો મહિલા ફાસ્ટટ્રેક કોર્ટની નિમણૂંક કરે છે. ગુજરાત રાજયમાં હજી ફાસ્ટટ્રેક કોર્ટની આજની તારીખે નિમણૂંક પણ કરવામાં આવી નથી. ત્યારે આજના આ બજેટને હું • (xxxxxx)

અધ્યક્ષશ્રી : (xxxxxx) એ શબ્દ ન કહેવાય, સંમત નથી થતો એ કહેવાય. (xxxxxx) શબ્દ કાઢી નાખવામાં આવે છે.

શ્રીમતી ભાનુબેન મ. બાબરીયા(રાજકોટ(ગ્રામ્ય)) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રી નીતિનભાઇ જે બજેટ લઇને આવ્યા છે એ બજેટના સમર્થનમાં હું મારા વિચારો રજૂ કરું છું. પહેલાં મારે એક વાત કહેવી છે કે આ ધરતી ઉપર રામ પણ અવતર્યા હતા અને રાવણ પણ હતા. સુશાસન કોનું હતું અને દુઃશાસન કોનું હતું એ બધાને ખબર છે. આપણે એમાંથી કયો રસ્તો પકડવો જોઇએ એ આપણે જ નક્કી કરવાનું હોય છે ત્યારે ગુજરાત રાજયની નરેન્દ્રભાઇ મોદીના નેતૃત્વવાળી લોકપ્રિય સરકાર અને લોક વિકાસને વરેલી સરકારે આજે ગુજરાત રાજ્યે અનેક વિકાસની સિદ્ધિઓ પ્રાપ્ત કરી છે ત્યારે ગુજરાતમાં અત્યારે જે પ્રમાણે વિકાસ થઇ રહ્યો છે, વિકાસની ચર્ચા સમગ્ર દેશ ને વિશ્વમાં થઇ રહી છે ત્યારે ગુજરાત આજે એક વિકાસનું રોલ મોડલ સાબિત થયું છે. આજે હું બજેટના સાયન્સ અને ટેકનોલોજી વિભાગ ઉપર ચર્ચા કરી રહી છું, જે ખૂબ જ અગત્યનો વિભાગ છે. અંદાજપત્રમાં વિજ્ઞાન અને પ્રાદ્યોગિકી વિભાગ માટે રૂ.૨૦૭/- કરોડ જેવી માતબર રકમની જોગવાઇ કરવામાં આવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, આજે આપણે વિશ્વમાં ગ્લોબલ વોર્મિંગની અસરો જોઇ રહ્યા છીએ. જેનાથી આવનારા સમયમાં આ પરિસ્થિતિનો સામનો કેવી રીતે થાય અથવા થઇ રહેલી અસરો કેવી રીતે ઓછી થાય

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા.

અને તેમાંથી કઇ રીતે બહાર આવવું તેના માટે સમગ્ર ભારતમાં પ્રથમ અને અગ્રેસર સંસ્થા –ભૂકંપ સંશોધન સંસ્થા ઇન્સ્ટિટયૂટ ઓફ સિસ્મોલોજીક (આઇએસઆર)ની સ્થાપના કરવામાં આવી. જ્યારે કોઇપણ કુદરતી આપત્તિ આવવાની હોય ત્યારે આપણે એને રોકી તો શકતા નથી પરંતુ વિજ્ઞાન અને ટેકનોલોજીના માધ્યમથી જે આપત્તિ આવવાની હોય એની અસરો ઓછી થાય, જે વિસ્તારમાં આપત્તિ આવવાની હોય ત્યાંના લોકોને કેવી રીતે ઉગારી શકાય તે માટે આ સંસ્થા કામ કરે છે. આ સિસ્મોલોજીક સંસ્થાને, રીસર્ચ સેન્ટરને વધુ આધુનિક બનાવવા માટે ચાલુ વર્ષના બજેટમાં રૂ.૨૧/– કરોડથી વધુ રકમની જોગવાઇ કરવામાં આવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, આજે સમગ્ર વિશ્વ ટેકનોલોજીના માધયમથી ઝડપભેર આગળ વધી રહ્યું છે તેમાં ગુજરાતની આવતીકાલ અને ભવિષ્યને જેના હાથમાં સોંપવાનું છે, તેવા ગુજરાતના યુવાન અને યુવતિઓ પણ તેનાથી માહિતગાર થાય અને જાણકારી મેળવે એવા શુભ હેતુથી ગુજરાતના સ્વપ્નદષ્ટા મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઇ મોદીએ ટેકનોલોજીના માધ્યમને વધુ ઉપયોગી અને વહીવટને વધુ અસરકારક બનાવવાની સરકારની નેમછે. આઇટી અને ઇ–ગવર્નન્સ ક્ષેત્રે ગુજરાતની ભાજપની સરકારને ૫૫ કરતાં પણ વધારે એવોર્ડઝ મળેલ છે. સમગ્ર ગુજરાત રાજયના તમામ જિલ્લાઓ, તાલુકાઓ અને ગામોને જોડતા ગુજરાત સ્ટેટવાઇડ એરિયા એટલે જીસ્વાનને વધુ સુદૃઢ અને લોક ઉપયોગી બનાવવામાં આવેલ છે. જેનાથી ગુજરાતના પ્રત્યેક ગામોના લોકો ગુજરાત સરકારની કામગીરી અને વિકાસને પણ સારી રીતે જોઇ શકશે.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત સાયન્સ સીટી જે અમદાવાદ મુકામે છે, તેના વિશે વાત કરું તો ગુજરાતની આ વિજ્ઞાન નગરી રાષ્ટ્રમાં તેમજ સમગ્ર વિશ્વમાં સારા અને ઉચ્ચ ગુણવત્તા સભર સાયન્સ સેન્ટર તરીકે વિકાસ પામી રહેલ છે. જેની પ્રશંસા આ દેશના પૂર્વ રાષ્ટ્રપતિશ્રી અબ્દુલ કલામે પણ કરી છે. ગુજરાત સાયન્સ સીટી જ્યારે બૌદ્ધિકો અને શિક્ષિતોને ખાસ જાણકારી પૂરી પાડે છે ત્યારે સામાન્ય નાગરિકના દિલો–દિમાગ ઉપર વિજ્ઞાનની પ્રશંસાપાત્ર અને મનોરંજક અનુભવની અમીટ છાપ ઉભી કરે છે. આમ તેના મુખ્ય હેતુઓ એ છે કે,

–વૈજ્ઞાનિક અભિગમ કેળવવો,
–મગજની વૈજ્ઞાનિક રૂચિને પોષવી અને જાગૃત કરવી,
–નવીન અને પ્રયોગાત્મક પ્રવૃત્તિઓને પ્રોત્સાહિત કરવી,
–વિજ્ઞાન અને ટેકનોલોજીની અજાયબીનું પ્રદર્શન કરવું,
–દેશભરમાં નેટવર્કની સ્થાપના કરવી.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત સાયન્સ સીટીમાં આઇ–મેક્સ થ્રીડી થિયેટરમાં ફિલ્મનો અનુભવ અદ્ભૂત છે. એની વાત કરું તો આઇ–મેક્સ વિજ્ઞાનના સિદ્ધાંતો અને રહસ્યો શિખવવા માટે મંચ પૂરો પાડે છે. માનનીય અધ્યક્ષશ્રી, યુવા વર્ગમાં અને વિદ્યાર્થીઓમાં વિજ્ઞાન પ્રત્યે જાગૃતિ કેળવાય અને તે માટે કાર્યરત સાયન્સ સીટીના વિસ્તૃતીકરણ માટે થઇને આ વખતના બજેટમાં રૂ. ૫ કરોડની જોગવાઇ કરવામાં આવેલ છે. ખૂબ જ અગત્યનું અને આજે પણ આપણને અદ્ભુત અનુભૂતિ કરાવી દે જે લોકોએ આ જોયું હોય કે જે ટી–રેકસ થ્રીડી, ફીલ્મના માધ્યમથી ક્રીટેશીયમમાં પાછા જવાની આઇમેકસ થ્રીડી ટેકનોલોજી માટે મહત્વની પ્રગતિ છે ત્યારે જે ફોટો–રિયાલિસ્ટીક થ્રીડી સ્ટીરીયો સ્કોપિક ડાયનાસોરને જીવંત બનાવવામાં આવ્યા છે અને જેમાં ૬૫ મિલિયનથી વધારે વર્ષો પહેલાના જે પ્રાણીઓ હોય એના વિષે માહિતી મેળવવા માટે સંપૂર્ણ વૈજ્ઞાનિક જ્ઞાનનો ઉપયોગ કરવામાં આવ્યો છે. તે ઉપરાંત હોલ ઓફ સાયન્સ વિશે જો હું વાત કરું તો હોલ ઓફ સાયન્સ એક ખુલ્લી પ્રયોગશાળા છે.અને જયાં મુલાકાતીઓ માટે પ્રદર્શિત થયેલી વસ્તુના જાત અનુભવ કરી તેની સાથે સંકળાઇ શકે છે. માનનીય અધ્યક્ષશ્રી, આ જે સાયન્સ સીટી છે ત્યાં જે મુલાકાતીઓ આવતા હોય એ એમની મુલાકાત વખતે જે પ્રયોગો કરે ત્યારે શોધ પ્રક્રિયા દ્વારા વિજ્ઞાન વિશે જાણી શકે છે. તેમજ જુદા જુદા પ્રયોગો ત્યાં રાખેલ વસ્તુઓના સ્પર્શ દ્વારા પ્રયોગોનો જાત અનુભવ કરી શકે છે. તેવી જ રીતે હોલ ઓફ સ્પેસ એ વિશે વાત કરું તો એ મગજને સચેત રાખતું એક પ્રદર્શન છે. આ હોલ ઓફ સ્પેસ એ મુલાકાતીઓ માટે સૌર મંડળની યાત્રાનો આભાસી અનુભવ કરાવે છે અને બાહ્ય અવકાશમાં જીવન છે કે કેમ તે વિશે રોમાંચ જગાવતો પ્રશ્ન કરે છે અને આ વિરાટ જગતમાં આપણે શું એકલા છીએ?

આમ અનેક આયામો આ સાયન્સ સીટીમાં છે ત્યારે જે ભારતનું સૌથી વિશાળ કહી શકાય એવા મ્યુઝિકલ ફાઉન્ટેન પણ ત્યાં છે. પ્રકાશ, નૃત્ય અને સંગીતનો અદ્દભૂત સમન્વય એટલે ત્યાં જે મ્યુઝિકલ ફાઉન્ટેન છે એ. માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત સાયન્સ સીટી ખાતે આવેલ ડાન્સીંગ ફાઉન્ટેન ભારતનો સૌથી વિશાળ ફાઉન્ટેન છે. સાયન્સ સીટીમાં આવેલ સંગીતમય ફુવારો એ સંગીત અને વિજ્ઞાનના સમન્વયનું માનવસર્જીત ઉદાહરણ છે. આ ફાઉન્ટેન પ્રકાશ, ધ્વનિ અને પાણીની ગતિનો અદ્દભૂત સમન્વય છે. ષટકોણીય જાળીના નમૂનામાં નવ હજાર ચોરસ મીટર વિસ્તારમાં આ પથરાયેલ છે. સાથે સાથે ૩૦ મીટર એટલે કે દસ માળના મકાનની ઉંચાઇએ પાણીને છોડવામાં આવે છે. સંગીતની પ્રત્યેક ધૂનને પ્રકાશ, ધ્વનિ અને પાણીના સમન્વયથી અલગ રીતે કંડારવામાં આવેલ છે. તે ઉપરાંત ત્યાં એક વિશાળ એલ.ઇ.ડી. સ્ક્રીન પણ છે. જે વીસ ફૂટ પહોળી અને બાર ફૂટ ઉંચી છે. અને આ વિશાળ એલ.ઇ.ડી સ્ક્રીન કોમ્પ્યુટરના માધ્યમથી ચલાવવામાં આવે છે. ત્યારે આ સભાગૃહમાં બેઠેલા તમામ સન્માનનીય સભ્યશ્રીઓને મારી વિનંતી છે કે ગુજરાત રાજયએ અનેક ક્ષેત્રમાં જયારે વિકાસની સિદ્ધિઓ પ્રાપ્ત કરી છે ત્યારે આ સાયન્સ સીટી છે, પક્ષાપક્ષીથી પર રહી અને આપણા પરિવારને પણ આ સાયન્સ સીટી જોવા લઇ જઇએ. અને આ સાયન્સ સીટી એ વિજ્ઞાનનું કેટલું મોટું માધ્યમ છે એની વિશ્વમાં પણ જયારે ચર્ચા થઇ રહી હોય ત્યારે વિજ્ઞાનનો લાભ આપણા બાળકોને અપાવીએ એવી શુભ વાત સાથે નાણામંત્રીશ્રી જે બજેટ લઇને આવ્યા છે એ બજેટને મારું સમર્થન આપુ છું.

